।। कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ।।

।। अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ।। ।। गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ।।

।। योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ।। ।। चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ।।

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

पुनितप्रेरणा व आशीर्वाद

राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

श्री महावीर जैन आराधना केन्द्र

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
Websiet : www.kobatirth.org
Email : Kendra@kobatirth.org

शहर शाखा

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ભદ્રંકર જિન-ગુણ સ્તવન મંજરી

● સંગ્રાહક ●

મધુરભાષી મરૂધરદેશોદ્ધારક

પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય જિનપ્રભસૂરીશ્વરજી મહારાજા

● સંપાદક ●

પૂ. મુનિરાજશ્રી યુગપ્રભવિજયજી મ.સા.

For Private And Personal Use Only

For Private And Personal Use Only

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ નમુત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ ॥
॥ શ્રીદાન-પ્રેમ-રામચન્દ્ર-ભદ્રંકર
મહોદય-જિનપ્રભ-વારિષેણ વિ. સદ્‌ગુરુભ્યો નમઃ ॥

પરમાત્મસ્તુતિઓ અરિહંતવંદનાવલી રત્નાકર પચ્ચીસી
આદિ ૧૦૦ સ્તુતી, ૧૦૦ ચૈત્યવંદનો, ૧૨૦ થોયો તથા
૩૫૦ જેટલા પ્રાચીન સ્તવનો પર્વના ઢાળીયાના સ્તવનો
૨૦૦થી અધિક પ્રાચીન સજ્ઝાયો
તથા સમકિતના ૬૭ બોલની સજ્ઝાય પુણ્ય પ્રકાશનુ સ્તવન,
પદ્માવતી સંથારો વિ.નો સંગ્રહ

શ્રીભદ્રંકર-જિન-ગુણ સ્તવન મંજરી

સંગ્રાહક

મધુરભાષી મરૂધરદેશોદ્ધારક
પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય જિનપ્રભસૂરીશ્વરજી મહારાજા

સંપાદક

પૂ. મુનિરાજશ્રી યુગપ્રભવિજયજી મ.સા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાપ્તિસ્થાન

૧ શ્રી જૈન પ્રકાશન મંદિર
૩૦૯/૪, ખત્રીની ખડકી,
દોશીવાડાની પોળ, અમદાવાદ-૧
ફોન : (ઓ) ૫૩૫૬૮૦૬
(રહે.) ૬૬૩૯૨૭૫

૨. નરશભાઈ શાંતિલાલ શાહ
૫ ડી.સી. બીલ્ડીંગ, સીધ્ધચક્ર
કોમ્પલેક્ષ, મોટીબંગ્લો, સુરત
ફોન : ૩૨૨૩૫૧૩, ૭૪૧૪૧૨૯
મોબાઈલ : ૯૮૨૫૧ ૭૧૭૩૮

૩. પ્રવિણભાઈ બી. વારિયા
૧૪, યોગેશ્વરનગર સોસાયટી, ધરણીધર
દહેરાસર સામે, પાલડી, અમદાવાદ
ફોન : (પ્રવિણભાઈ)-૬૬૨૧૪૦૨
(મોતીભાઈ) -૭૪૮૨૦૪૮

૪. શાહ ચુનીલાલ સરેમલજી
૧૭, મસ્કતી માર્કેટ, કાલુપુર,
અમદાવાદ-૨
ફોન : ૨૧૩૧૬૭૩, ૭૫૦૧૮૧૭

૫. નેમનાથનગર પાઠશાળા
બસસ્ટેન્ડ પાછળ, નેમનાથનંગર
નવાડીસા ફોન : ૨૦૪૧૮

પુસ્તક માટે પત્ર સંપર્ક ૧-૨-૩-૪ એડ્રેસે કરવો

વિ.સં.	ઈ.સ.	સાતમી આવૃત્તિ	કિંમત
૨૦૫૮	૨૦૦૨	૨૫૦૦ નકલ	રૂા. ૭૫

નામ		વિ.સં.	નકલ
પ્રથમ આવૃત્તિ	જિનગુણસ્તવનમાલા	૨૦૪૩	૭૫૦
દ્વિતીય આવૃત્તિ	શ્રી ભદ્રંકર-જિનગુણ-સ્તવનમાલા	૨૦૪૫	૨૦૦૦
તૃતીય આવૃત્તિ	શ્રી ભદ્રંકર-જિનગુણ-સ્તવનમંજૂષા	૨૦૫૦	૨૦૦૦
ચતુર્થ આવૃત્તિ	શ્રી ભદ્રંકર-જિનગુણ-સ્તવનમંજરી	૨૦૫૪	૨૦૦૦
પંચમ આવૃત્તિ	શ્રી ભદ્રંકર-જિનગુણ-સ્તવનમંજરી	૨૦૫૬	૨૫૦૦
ષષ્ઠ આવૃત્તિ	ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ	૨૦૫૮	૧૫૦૦

પ્રકાશક

શ્રી ભદ્રંકર-જિનપ્રકાશન
નવાડીસા.

મુદ્રક

નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ)
કુવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ-૧ ફોન : (૦૭૯) ૫૬૨૫૩૨૬
મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનિશ્રી યુગપ્રભ વિ.મ.સા.ના સદુપદેશથી

નકલ	નામ	ગામ
	ડીસાનગરે સં. ૨૦૫૬માં મુનિશ્રી યુગપ્રભ વિ.મ.સા.ની નિશ્રામાં થયેલ ઉપધાન તપની અનુમોદનાર્થે	
૧૦૦	શ્રી ઉપધાનતપ સમીતિના આયોજકો તરફથી	નવાર્ડાસા
૧૦૦	પાનીબાઈના ઉપધાન તપ નિમિત્તે લક્ષ્મીલાલ શેઠ	ઉદયપુર
૧૦૦	સ્વ. સંઘવી ચંચીબેન રવચંદભાઈ કકલદાસ	ડીસા
૧૦૦	શાહ ભોગીલાલ સ્વરૂપચંદ	ડીસા
૧૦૦	શાહ જાસુબેન ભોગીલાલ	ડીસા
૧૦૦	ખેમચંદ વરધીચંદ બેડાવાળા પરિવાર	સાબરમતી
૭૫	સ્વ રૂક્ષ્મણીબેન મફતલાલ જેસીંગલાલ	ડીસા
૭૫	વિનોદરાય મણિલાલ દફતરી	સુરેન્દ્રનગર
૫૦	ચંદ્રકાન્તા જૈન	નવી દીલ્હી
૩૦	તગીબેન દીપાજી	ડીસા
૨૫	ચંદુલાલ ધરમચંદ	ધાનેરા
૨૫	કાંતિલાલ સ્વરૂપચંદ	ડીસા
૨૫	સ્વ. વનિતાબેન ફુલચંદ રૂપાજી	માલવાડા
૨૦	શાહ ભીખીબેન લહેરચંદ	ડીસા
૧૦	સંઘવી કીર્તિલાલ કાળીદાસ	ડીસા
૧૦	ગણેશમલ કીષ્નાજી	ડીસા
૧૦	ચીમનલાલ હંસરાજજી	ડીસા
૧૦	સંઘવી બાબુલાલ તારાચંદ	ડીસા
૧૦	રમીલાબેન ચૌધરી	ડીસા
૧૦	સંઘવી વાડીલાલ અમુલખભાઈ	ડીસા
૧૦	ડાહ્યાલાલ ગલબાજી	ડીસા
૧૦	રવચંદ જક્ષીભાઈ	ડીસા
૧૦	નેમીચંદ સરેમલજી	ડીસા
૧૦	સંઘવી સેવંતીલાલ ધરમચંદ	ડીસા
૧૦	સંઘવી પ્રભાબેન સેવંતીલાલ	ડીસા
૧૦	ઘેબરલાલ કીષ્નાજી	ડીસા
૧૦	શાહ રમણીકલાલ ચીમનલાલ	ડીસા
૫	ઘેબરલાલ ધનરાજજી	ડીસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનિશ્રી અર્હપ્રભ વિ.મ.સા.ના સદુપદેશથી

નકલ	નામ	ગામ
૧૦૦	જાસુદબેન મણીલાલ શાહ હસ્તે ડો. પ્રકાશભાઈ, કુમારપાળ, કમલેશભાઈ ભરતભાઈ, શૈલેષભાઈ	ડીસા
૫૦	શ્રી ભાભર જૈન સંઘ	ભાભર
૨૫	સોનેથા જેન્તિલાલ ગંભીરદાસ	ભાભર
૧૫	સંઘવી ફોજાલાલ ખુબચંદભાઈ	ભાભર
૧૧	કોઠારી જીવતલાલ ઝુમકલાલ	ભાભર
૧૧	રોળીયા કપુરચંદ માનચંદ	ભાભર
૧૧	શેઠ જીવતલાલ અમૃતલાલ	ભાભર
૫	મુજપુરા વરધીલાલ ટીલચંદ	ભાભર
૫	શાહ દીનેશભાઈ વાલચંદ	ભાભર
૫	મારવાડી કીશનભાઈ સુલતાનમલ	ભાભર
૫	મુજપુરા હરગોવન રૂપશીભાઈ	ભાભર
૫	સંઘવી શાંતિલાલ વાડીલાલ	ભાભર
૫	રોળીયા હાલચંદ ચુનીલાલ	ભાભર
૫	કોઠારી પન્નાલાલ કાંતિલાલ	ભાભર
૫	વોરા મોહનલાલ દેવશીભાઈ	ભાભર
૫	ગાંધી શાંતિલાલ ભોગીલાલ	ભાભર
૫	ધુડાલાલ કાળીદાસ	ભાભર
૫	સંઘવી રૂપશીભાઈ અનુપચંદભાઈ	ભાભર
૫	ડો. એલ.ટી. શાહ	ભાભર
૫	સંઘવી હીરાલાલ હરગોવનદાસ	ભાભર
૫	સંઘવી બાલચંદ મણીલાલ	ભાભર
૫	ચોકસી નરોત્તમદાસ હરગોવનદાસ	ભાભર
૫	લોલાડીયા હસમુખભાઈ નાથાલાલ	ભાભર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપકારીઓના પવિત્ર ચરણારવિંદે વંદના

કલિકાલમાં પણ ત્યાગી તપસ્વી સુસંયમી શાસનપ્રભાવક શિષ્યરત્નોના ઘડયૈયા, જેમનો ત્યાગ, તપ ઇન્દ્રિયસંયમ ચોથા આરાના મહાત્માઓની યાદ અપાવે તેવો હતો, જેમણે વિશાળ પ્રમાણમાં કર્મગ્રંથના સાહિત્યનું સર્જન કર્યું હતું એવા સિદ્ધાન્ત મહોદધિ, શાસનપ્રભાવક પ.પુ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા..... !

જેમના પગલે પગલે શાસનપ્રભાવના થતી હતી અને તે પ્રભાવના દ્વારા 'રામ ત્યાં અયોધ્યા'ની લોકોક્તિને ચરિતાર્થ કરનારા, સત્યની રક્ષા માટે પ્રાણની પરવા વિના ઝઝુમનારા, ગમે તેવા પ્રલોભનો પણ જેમને સત્યમાર્ગથી ચલાવી શક્યા નહોતા, દીક્ષાની મંદ પડેલ જ્યોતને જ્વલંત બનાવનારા, જિનાજ્ઞાગર્ભિત પ્રવચનો દ્વારા અનેક ભવ્યાત્માઓને સન્માર્ગમાં સ્થિર કરનારા એવા પ.પૂ. સ્વ. સુવિશાલ ગચ્છાધિપતિ **આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા... !**

જાપ અને ધ્યાનનું આલંબન પુરૂં પાડનાર, જેમના રોમરોમમાં નમસ્કાર મહામંત્ર વ્યાપીને રહ્યો હતો, એવા પ્રશાન્તમૂર્તિ અધ્યાત્મયોગી નિસ્પૃહશિરોમણી **પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજા !**

જેમની સેવા ગુરુ ગૌતમની યાદ અપાવે તેવી હતી, જેઓ અગાધ વાત્સલ્યના ધારક હતા. ૧૧ વર્ષ સુધી જેમને સુવિશાળ ગચ્છનું સંચાલન કરેલુ એવા શાસનપ્રભાવક **પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા.... !**

જેમનું વાત્સલ્ય અગાધ હતું, જેમના નિખાલસતા, સરળતા, ગુણાનુરાગ વિ. ગુણોથી અનેક ભવ્યાત્માઓ ધર્મ સન્મુખ થતા હતા, એવા વર્ધમાન તપોનિધિ શાશનપ્રભાવક **પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજા....!**

ઉપધાન ઉજમણા, છ'રિ પાલિત સંઘ, દીક્ષા મહોત્સવ વિગેરે અનુષ્ઠાનો દ્વારા શાસનની અદ્‌ભૂત પ્રભાવના કરનારા, નિર્દોષ સંયમ અને સમતાંનું આલંબન પુરૂં પાડનારા, અપ્રમત્તતા અને ક્રિયાકુશળતા દ્વારા અનેક ભવ્યાત્માઓને ક્રિયામાર્ગમાં જોડનારા સંસારરૂપ કીચડમાં ફસી ગયેલા મારા જેવા અનેકને બહાર કાઢનારા, એવા મરૂધરદેશોદ્ધારક **પ.પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય જિનપ્રભસૂરીશ્વરજી મહારાજા.... !**

નિસ્પૃહતા, નિર્દોષ ગોચરી પાણી ગવેષણાની વૃત્તિ, અને સુવિશુદ્ધ સંયમ જીવન જીવવા દ્વારા ચોથા આરાના મહાત્માઓની ઝાંખી કરાવનારા, જેમની ક્રિયાની મસ્તી જોવી એ એક જીવનનો લ્હાવો ગણાતો, જેમનું મારા પર અપરંપાર વાત્લ્ય હતું એવા **પ.પૂ. મુનિરાજશ્રી વારિષેણવિજયજી મહારાજા.**

વર્ધમાનતપની ૮૯ ઓળીના આરાધક, સતત સ્વાધ્યાય અને જાપના આરાધક, વડિલબંધુ **પ.પૂ. મુનિરાજશ્રી સોમપ્રભવિજયજી મહારાજા**

લિ. મુનિ યુગપ્રભ વિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભક્તિ : મુક્તિની દૂતી

સર્વકર્મના ક્ષયરૂપ તથા અનંતસુખના ભંડાર સ્વરૂપ મોક્ષપ્રાપ્તિ માટે શક્ય પુરુષાર્થ કરવો એજ દુર્લભ મનુષ્યજન્મમાં કરવા લાયક ઉત્તમોત્તમ કાર્ય છે.

મોક્ષપ્રાપ્તિનું બીજ છે, પરમાત્મભક્તિ. જે જે ગુણો આપણે પ્રાપ્ત કરવા છે, તે તમામ ગુણો એક જ જગ્યાએ પરમાત્મામાં પરાકાષ્ઠાએ પહોંચેલા છે. પરમાત્મા એટલે સર્વોત્કૃષ્ટ અનંતગુણોનું એક પવિત્રધામ ! તેમજ જગતમાં જ્યાં પણ કોઈનામાં સદ્‌ગુણરૂપી ગંગાનો પ્રવાહ વહી રહ્યો છે. તે પ્રવાહ પણ પરમાત્મા રૂપી હિમાચલમાંથી જ નીકળેલો છે. આવા પ્રભુ પ્રત્યે ભક્તને ભક્તિ જાગે, એ સાહજીક છે. જેમ જળ વિના માછલી રહી શકે નહીં, તેમ કૃતજ્ઞાત્મા પ્રભુભક્તિ વિના રહી શકતો નથી.

સુંદર ભાવવાહી સ્તવનો પરમાત્મા ભક્તિ માટે પુષ્ટ આલંબન છે. ધીમે ધીમે રાગપૂર્વક અર્થની વિચારણા સાથે બોલાતા સ્તવનો પરમાત્મા ભક્તિ માટે પુષ્ટ આલંબન છે તથા બોલનારા ભક્તાત્માને નવી નવી અનુભૂતિ થાય છે જાણે પરમાત્માની સાથે પોતાની એકાગ્રતા વધતી જતી હોય, દિનપ્રતિદિન જાણે પોતામાં પાપવૃત્તિ ઘટતી હોય, હૃદયમાં પવિત્રતાનો વધારો થતો હોય, બુદ્ધિ નિર્મલ થતી હોય અને અંતઃકરણમાં ધર્મબીજનું વાવેતર થઈ રહ્યું હોય એવો અનુભવ થવા લાગે છે.

પ્રભુ ભક્તિથી દિનપ્રતિદિન શુભભાવની વૃદ્ધિ થાય છે, તેથી ઉપર ઉપરના ગુણસ્થાનકોને પ્રાપ્ત કરી આત્મા મોક્ષનું અનંત સુખ પ્રાપ્ત કરવા સમર્થ બને છે. પ્રભુભક્તિનું તાત્કાલિક ફળ ચિત્તની પ્રસન્નતા છે. અને પારંપરિક ફળ સદ્‌ગતિ અને પ્રાંતે મોક્ષ છે.

સાક્ષાત્ ભગવાનના દર્શનનું સૌભાગ્ય આપણે નથી પામ્યા, પરંતુ પ્રાતિમારૂપે પ્રાપ્ત થયેલ ભગવાન પણ આપણા જોરદાર પુણ્યની નિશાની છે, વળી શાસ્ત્રોમાં જિનપડિમા જિનસારિખી કહી છે. જિનપ્રતિમાને સાક્ષાત્ ભગવાન માની ભક્તિ કરવાથી સાક્ષાત્ ભગવાનની ભક્તિ તુલ્ય ફળ મળે છે આ વાત સમજવા વ્યવહારિક દૃષ્ટાંત સમજીએ.

કાગળનો એક ટુકડો હોય, એની કિંમત ૧૦ પૈસા પણ ન ઉપજે, તેજ કાગળના ટુકડા પર રીઝર્વ બેંકની ૫૦૦ રૂા.ની છાપ પડે તો તેજ ટુકડાની કિંમત ૫૦૦ રૂ. થઈ જાય છે ને ?

વળી છાપ પડ્યા પહેલા તે માત્ર કાગળનો ટુકડો કહેવાય છે, પણ પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે કાગળનો ટુકડો ન રહેતા પાંચસો રૂપીયાની નોટ કહેવાય છે !

કાપડના ટુકડાઓ કાપડીયાની દુકાનમાં પગે અથડાતા હોય છે. તેજ કાપડના યોગ્ય વર્ણના ટુકડાઓ ભેગા કરી રાષ્ટ્રીયધ્વજ બનાવવામા આવે, તો રાષ્ટ્રપતિ, વડાપ્રધાન વિગેરે, સમસ્ત જનતા તે રાષ્ટ્રીયધ્વજને બહુમાનથી સલામ ભરે છે; રાષ્ટ્રીય ગીત ગાય છે, જેમ ધ્વજ બનતા પહેલા તે કાપડના ટુકડા તરીકે ઓળખાતા હોય છે. પછી તે કપડાના ટુકડા ન રહેતા રાષ્ટ્રીયધ્વજ કહેવાય છે !

તેમ પરમાત્માની પ્રતિમા પૂર્વે પાષાણ રૂપે હતી. તેમાંથી પ્રતિમાકાર પામ્યા પછી તેના ઉપર અંજનશલાકાવિધિ વખતે પ્રાણ પૂરાય છે, માટે પછી તે પત્થરરૂપ ન રહેતા પ્રતિમારૂપ ધારણ કરે છે. માટે ભક્ત આત્માને પ્રતિમામાં પણ સાક્ષાત્ પરમાત્માના દર્શન થાય છે. અર્જુન સાક્ષાત્ ગુરુ દ્રોણાચાર્યને પામીને ધનુર્વિદ્યા નહોતો શીખી શક્યો તેથી અધિક ધનુર્વિદ્યા દ્રોણાચાર્યની પ્રતિમાની ભક્તિ કરીને એકલવ્ય સાધી શક્યો હતો !

આપણે પણ પ્રતિમારૂપે રહેલ ભગવાનમાં સાક્ષાત્ ભગવાનના દર્શન કરીને જો ભક્તિ કરીએ, તો મુક્તિ દૂર નથી !

ભક્ત આત્મા પરમાત્માની સુંદર ભક્તિ કરી શકે તે માટે પ.પૂ. મરૂધરદેશોદ્ધારક મધુરભાષી-ભવોદધિતારક ગુરૂદેવ આ.ભ. **શ્રી જિનપ્રભસૂરીશ્વરજી** મહારાજાએ વર્ષો પૂર્વે 'જિનગુણસ્તવનાવલી' અને ત્યાર બાદ 'ભદ્રંકરજિનગુણ સ્તવનાવલી' નું સંપાદન કરેલ. તે પુસ્તકોની ઘણી માંગ હોવાથી આઠ વર્ષ પૂર્વે **મુનિશ્રી તત્ત્વપ્રભવિજયજી**એ 'શ્રી ભદ્રંકર-જિન-ગુણ-સ્તવન મંજૂષા' પુસ્તકનું સંપાદન કરેલ જેની બે હજાર નકલો ચપોચપ ઉપડી જતા ને ફરી માંગ ઉભી થતા તે પુસ્તકમાં કેટલાક સુધારા-વધારા અને યથાયોગ્ય સંકલનપૂર્વક **મુનિશ્રી અમિતપ્રભવિજયજી, મુનિશ્રી અર્હપ્રભવિજયજી** તથા **મુનિશ્રી સંયમપ્રભવિજયજી**ના સુંદર સહયોગથી **'શ્રી ભદ્રંકર-જિનગુણસ્તવન મંજરી'** નું સંપાદન ૫ વર્ષ પૂર્વે થયેલ તેની પણ ૨ વખતમાં ૪૫૦૦ નકલ ખપી જતા હજી લોકોની ઘણી માંગ હોવાથી ફરી આ પુસ્તકમાં કેટલાક સુધારા વધારા કરી સાતમી આવૃત્તિ રૂપે આજે પુનઃપ્રકાશન થઈ રહ્યું છે આ પુસ્તકના આલંબને ભવ્ય જીવો પ્રભુભક્તિમાં તરબોળ બની કર્મનિર્જરાસાધી મુક્તિમાં મ્હાલે એજ શુભેચ્છા-

લિ. મુનિ યુગપ્રભવિજયજી
ઓપેરા જૈન ઉપાશ્રય
વિ.સં. ૨૦૫૮ વૈશાખ વદ ૫,
તા. ૩૧-૫-૨૦૦૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષયાનુક્રમ

વિભાગ-૧ સ્તુતિઓ

નામ	સંખ્યા	પેજ
સંસ્કૃત સ્તુતિઓ	૧૫	૧
પરમાત્મ સ્તુતિઓ	૬૧	૩
શ્રી શત્રુંજયની સ્તુતિઓ	૮	૧૩
શ્રી આદિનાથની સ્તુતિઓ	૮	૧૪
શ્રીશંખેશ્વરપાર્શ્વનાથ સ્તુતિઓ	૮	૧૫
શ્રીસીમંધરસ્વામી સ્તુતિઓ	૪	૧૬
અરિહંત વંદનાવલિ	૪૯	૧૬
રત્નાકર પચ્ચીશી	૨૫	૨૩
પ્રદક્ષિણાના દુહાઓ	૬	૨૭
અષ્ટપ્રકારીપૂજાના દુહાઓ	-	૨૭

વિભાગ-૨ ચૈત્યવંદનો

શ્રી સિદ્ધાચલજીના	૧૨	૩૧
શ્રી ઋષભદેવના	૮	૩૬
બે થી પંદર પરમાત્માના	૧૪	૪૧
શ્રી શાંતિનાથના	૫	૪૬
૧૭ થી ૨૧ પરમાત્માના	૬	૪૮
શ્રી નેમિનાથના	૩	૫૦
શ્રી પાર્શ્વનાથના	૬	૫૧
શ્રી મહાવીર સ્વામીના	૭	૫૫
શ્રી સીમંધર સ્વામીના	૫	૫૯
પર્વતિથિના	૬	૬૨
શ્રી પર્યુષણા પર્વના	૪	૬૬
શ્રી સિદ્ધચક્રના	૭	૬૯
સામાન્ય ચૈત્યવંદનો	૧૨	૭૩

વિભાગ-૩ થોયોનોસંગ્રહ

શ્રી સિદ્ધાચલજીની	૧૧	૮૧
શ્રી ઋષભદેવની	૬	૯૧
શ્રી સુમતિનાથની	૧	૯૫
શ્રી શિતળનાથની	૧	૯૫
શ્રી વાસુપુજયની	૧	૯૬
શ્રી શાન્તિનાથની	૧૧	૯૭
શ્રી નેમિનાથની	૧૨	૧૦૩
શ્રી પાર્શ્વનાથની	૧૪	૧૧૧
શ્રી મહાવીર સ્વામીની	૧૬	૧૨૦
શ્રી સીમંધર સ્વામીની	૪	૧૩૨
શ્રી પર્વતિથિની	૭	૧૩૫
શ્રી પજુસણની	૮	૧૪૦
શ્રી સીદ્ધચક્રની	૧૪	૧૪૯
વિવિધ થોયો	૬	૧૫૯
એક ગાથાની થોયો	૧૨	૧૬૩

વિભાગ-૪ સ્તવન સંગ્રહ

શ્રી શંત્રુજયગિરિ	૩૩	૧૬૬
શ્રી આદિનાથ	૨૩	૧૮૬
શ્રી અજિતનાથ	૯	૨૦૨
શ્રી સંભવનાથ	૬	૨૦૭
શ્રી અભિનંદન	૫	૨૧૧
શ્રી સુમતિનાથ	૨	૨૧૪
શ્રી પદ્મપ્રભ	૫	૨૧૫
શ્રી સુપાર્શ્વનાથ	૪	૨૧૯
શ્રી ચન્દ્રપ્રભ	૩	૨૨૧
શ્રી સુવિધિનાથ	૬	૨૨૩
શ્રી શીતલનાથ	૫	૨૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શ્રેયાંસનાથ	૫	૨૨૯
શ્રી વાસુપૂજ્ય	૫	૨૩૧
શ્રી વિમલનાથ	૪	૨૩૫
શ્રી અનંતનાથ	૩	૨૩૭
શ્રી ધર્મનાથ	૬	૨૩૯
શ્રી શાંતિનાથ	૧૯	૨૪૩
શ્રી કુંથુનાથ	૩	૨૫૭
શ્રી અરનાથ	૨	૨૫૯
શ્રી મલ્લિનાથ	૪	૨૬૦
શ્રી મુનિસુવ્રત	૩	૨૬૩
શ્રી નમિનાથ	૨	૨૬૫
શ્રી નેમિનાથ	૭	૨૬૬
શ્રી પાર્શ્વનાથ	૬૧	૨૭૧
શ્રી મહાવીર	૪૦	૩૦૮
શ્રી સીમંધર સ્વામી	૨૦	૩૩૪
સામાન્ય જિન	૨૬	૩૫૦

વિભાગ-૫

વિવિધ પર્વોના સ્તવનો

શ્રી પર્યુષણ પર્વના	૩	૩૬૬
શ્રી વીરપ્રભુનું હાલરડું	૧	૩૬૯
શ્રી વીરપ્રભુનું ૨૭ ભવનું	૧	૩૭૨
શ્રી છઅઠ્ઠાઈનું સ્તવનઢાળ-૯	૧	૩૭૭
શ્રી મહાવીર સ્વામીનું પંચ કલ્યાણકનું ઢાળ-૧૦	૧	૩૮૪
નવપદજીના સ્તવનો	૧૪	૩૯૩
જ્ઞાનપંચમીની ઢાળ-૬	૧	૪૦૫
કેવળજ્ઞાન કલ્યાણકનુ	૬	૪૧૩
અષ્ટમીના સ્તવન	૨	૪૧૩
શ્રી મૌન એકાદશી ઢાળ-૪	૧	૪૧૮

વિભાગ-૬ સજ્ઝાય સંગ્રહ

વિવિધ ચરિત્રોની સજ્ઝાયો

ક્રમ	સજ્ઝાય	પ્રથમપદ	રચયિતા	ગાથા	પેજ
૧	શ્રી શાલિભદ્રની	બોલો બોલો રે શાલિભદ્ર	ઉદયરત્ન	૮	૪૨૨
૨	શ્રી શાલિભદ્રની	રાજગૃહી નયરી ભલી	લબ્ધિવિ.	૧૨	૪૨૨
૩	શ્રી શાલિભદ્રની	રાજગૃહી નગરી મોઝારોજી	કવિયણ	૫૦	૪૨૩
૪	શ્રી શાલિભદ્રની	શાલિભદ્ર મોહ્યો રે શિવરમણી	મેઘરાજ	૧૧	૪૨૭
૫	શ્રી ધન્નાશાલિભદ્ર	સરસ્વતી સ્વામીને વિનવું રે	માનવિજય	૧૮	૪૨૮
૬	શ્રી સ્થુલિભદ્રની	એક દિન કોશ્યા ચિત્ત રંગે	ખુશાલવિજય	૧૩	૪૨૯
૭	શ્રી સ્થુલિભદ્રની	અહો મુનિવરજી માહરી ઉપર	ધર્મરંગ	૧૧	૪૩૦
૮	શ્રી સ્થુલિભદ્રની	શ્રી સ્થુલિભદ્ર મુનિગણમાં	ઋષભ	૧૭	૪૩૧
૯	શ્રી સ્થુલિભદ્ર-કોશ્યા	વેશ જોઇને સ્વામી આપનો	સુરીન્દુ	૩૪	૪૩૩
૧૦	શ્રી જંબુસ્વામીની	રાજગૃહી નગરી વસે	હેતવિજય	૧૫	૪૩૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રમ	સજ્ઝાય	પ્રથમપદ	રચયિતા	ગાથા	પેજ
૧૧	શ્રી જંબુસ્વામીની	સરસ્વતી સ્વામીને વિનવું	-	૧૦	૪૩૮
૧૨	શ્રી ગજસુકુમાલની	સંવેગરંગમાં ઝીલતો રે	-	૯	૪૩૯
૧૩	શ્રી ગજસુકુમાલની	ગજસુકુમાલ મહામુનિજી	ધર્મરત્ન	૬	૪૩૯
૧૪	શ્રી ગજસુકુમાલની	સોના કેરા કાંગરાને રૂપા કેરો	વિનયવિજય	૧૯	૪૪૦
૧૫	શ્રી રહનેમીની	કાઉસ્સગ ધ્યાને મુનિરહનેમી	રૂપવિજય	૮	૪૪૨
૧૬	શ્રી રહનેમીની	નાજી-નાજી-નાજી છેડોનાજી	જ્ઞાનવિમલ	૬	૪૪૩
૧૭	વિજયશેઠ-વિજ્યાશેઠાણી	શુકલપક્ષ વિજ્યાવ્રત લીનો	રતનચંદ	૮	૪૪૩
૧૮	વિજયશેઠવિજ્યાશેઠાણી	પ્રહઉઠીરે પંચપરમેષ્ઠિ (ઢા-૩)	હર્ષકીર્તિ	૨૪	૪૪૪
૧૯	શ્રીસુદર્શનશેઠની	મોહનગારી મનોરમા	જ્ઞાનવિમળ	૬	૪૪૭
૨૦	શ્રીસુદર્શન શેઠની	શીળ રતન જતને ધરો રે	ક્ષમા કલ્યાણ	૧૧	૪૪૭
૨૧	શ્રીધન્ના અણગારની	ચરણ કમળ નવી વીરના રે	જિનવિજય	૮	૪૪૮
૨૨	શ્રીધન્ના અણગારની	ધન ધન્નો મુનિ વંદીએ રે	વિધાકીર્તિ	૭	૪૪૯
૨૩	શ્રીકૃષ્ણ મહારાજાની	નગરી દ્વારિકામાં નેમિ જિનેસ્વર	ઇન્દ્ર	૧૦	૪૫૦
૨૪	શ્રીકૃષ્ણની ૪ ઢાળની	અરિહંતપદ પંકજ	પદ્મવિજય		૪૫૧
૨૫	શ્રીનંદિષેણની	સાધુજી ન જઇએ રે પરઘર	જિનહર્ષ	૧૦	૪૫૬
૨૬	શ્રીવજસ્વામીની	સાંભળજો તમે અદ્‌ભુત	પદ્મવિજય	૧૪	૪૫૭
૨૭	શ્રીવજસ્વામીની	શ્રી ધનગિરિમુનિ ગોચરી જાતા	દીપવિજય	૧૬	૪૫૮
૨૮	શ્રીદેવાનંદાની	જિનવરરૂપ દેખી	સકળચંદ	૧૧	૪૫૯
૨૯	શ્રીવંકચૂલની	જંબુદ્વીપમાં દીપતું રે લાલ	જ્ઞાનવિમલ	૧૦	૪૬૦
૩૦	શ્રીસુબાહુકુમાર	હવે સુબાહુકુમાર એમ વિનવે	સૌભાગ્યવિજય	૧૭	૪૬૧
૩૧	શ્રીમેતારજમુનિની	શમદમ ગુણના આગરુજી	રાજવિજય	૧૪	૪૬૩
૩૨	શ્રીઇલાચીપુત્રની	નામે ઇલાચી પુત્ર જાણીએ	લબ્ધિ વિજય	૧૪	૪૬૪
૩૩	શ્રીઇલાચીપુત્રની	ઇલાચીકુમાર ચિત્ત ચિંતવે રે	માન વિજય	૧૦	૪૬૬
૩૪	શ્રીકોણિક પુત્રની	કીયા રે ભવનું વૈર કપુત..	-	૧૩	૪૬૬
૩૫	ખંધકમુનિની(ઢા-૨)	નમો નમો ખંધકમહામુનિ	મોહન	૨૦	૪૬૮
૩૬	કુરગડુ મુનિ(ઉપશમ)	ઉપશમ આણો ઉપશમ આણો	ધનવિજય	૧૩	૪૬૯
૩૭	શ્રીઝાંઝરીયા મુનિની	ઝાંઝરીયા મુનિવર જગ જયો	ધર્મરત્ન	૮	૪૭૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રમ	સજ્ઝાય	પ્રથમપદ	રચયિતા	ગાથા	પેજ
૩૮	શ્રી મેઘકુમારની	ધારણી મનાવે રે મેઘકુમારને રે	પ્રીતિવિમળ	૫	૪૭૧
૩૯	શ્રી મૃગાપુત્રની	ભવિ તુમે વંદો રે	રામ	૧૪	૪૭૨
૪૦	શ્રી ભરત ચક્રવર્તીની	મનહી મેં વૈરાગી, ભરતજી	કનકકીર્તિ	૫	૪૭૩
૪૧	શ્રી ભરત ચક્રવર્તીની	આભરણ અલંકાર	રામવિજય	૧૧	૪૭૪
૪૨	શ્રી બાહુબલીની	બહેની બોલે હો બાહુબલી	માણેકમુનિ	૫	૪૭૫
૪૩	શ્રી બાહુબલીની	વીરાજી માનો મુજ વિનંતી	જ્ઞાનસાગર	૯	૪૭૫
૪૪	શ્રી બળદેવની	માસખમણને મુનિવર	સત્યવિજય	૭	૪૭૬
૪૫	શ્રીપાળ મયણાની	સરસ્વતી માતા મયા કરો	વિમલહેમ	૧૨	૪૭૭
૪૬	શ્રીપાળ-મયણા પૂર્વભવ	હિરણ્યપુર નામે નયરમાં રે	અમૃત	૧૪	૪૭૮
૪૭	શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની	પ્રણમું તુમારા પાય	રૂપવિજય	૬	૪૭૯
૪૮	શ્રી ટંટણઋષિની	ટંટણઋષિને કરૂ વંદના	જિનહર્ષ	૯	૪૮૦
૪૯	શ્રી અનાથીમુનિની	બંભસારે વનમાં ભમતા	ઉદયરત્ન	૧૦	૪૮૦
૫૦	શ્રી મનકમુનિની	નમો નમો મનક મહામુનિ	લબ્ધિ	૧૦	૪૮૧
૫૧	શ્રી અરણિક મુનિની	અરણિકમુનિવર ચાલ્યા	રૂપવિજય	૧૦	૪૮૨
૫૨	શ્રી સનતકુમારની	સરસતી સરસવચન	શાંતિકુશળ	૧૮	૪૮૩
૫૩	શ્રીસનતકુમારની	ધન્ય ધન્ય સનતકુમારને	ઉદયરત્ન	૭	૪૮૫
૫૪	શ્રી સીતાસતીની	જનક સુતા સીતા સતી રે	જ્ઞાનવિમલ	૭	૪૮૬
૫૫	શ્રી સીતાસતીની	જનક સુતા હું નામ ધરાવું	ઉદયરત્ન	૮	૪૮૬
૫૬	શ્રી સીતાસતીની	છળે કરી સીતાને ઝાલી	શ્રીભાવપ્રભ	૧૩	૪૮૭
૫૭	શ્રી પૃથ્વીચંદ્ર ૩ ઢાળ	શાશન નાયક સુખકરુ	જીવવિજય	૬૫	૪૮૭
૫૮	શ્રીમરૂદેવીમાતાની	તુજ સાથે નહીં બોલું	રિખવ	૫	૪૯૫
૫૯	શ્રીમરૂદેવી માતાની	મરૂદેવી માતા રે એમ ભણે	વિનયવિજય	૭	૪૯૫
૬૦	દ્રોપદી (કડવા તુંબડા)	સાધુજીને તુંબડુ વહોરાવીયુ	જસ	૧૦	૪૯૬
૬૧	શ્રીદ્રોપદીની	લજ્જા મોરી રાખો રે દેવ	જિન	૭	૪૯૭
૬૨	શ્રી સુલસાની	શીલ સુરંગી રે સુલસા	જ્ઞાનવિમલ	૭	૪૯૮
૬૩	શ્રી સુલસાની	ધન ધન સુલસા સાચી	કલ્યાણવિમળ	૧૦	૪૯૮
૬૪	શ્રીચંદનબાળાની	વીરપ્રભુજી પધારો નાથ	વિનયવિજય	૧૦	૪૯૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રમ	સજ્ઝાય	પ્રથમપદ	રચયિતા	ગાથા	પેજ
૬૫	શ્રીચંદનબાળાની	તારા મુખડા ઉપર જાઉં વારી	પદ્મવિજય	૯	૫૦૦
૬૬	શ્રીઅંજનાસતીની	અંજના વાત કરે છે મારી	માણેકવિજય	૧૮	૫૦૧
૬૭	શ્રીરૂક્ષ્મણિની	વિચરંતા ગામોગામ	રાજવિજય	૧૭	૫૦૩
૬૮	શ્રીસુભદ્રાસતીની	ધનધન જિનદત્ત અંગજા	અમૃત	૮	૫૦૪
૬૯	શ્રીકામલતાની	શી કહું કથની મારી રાજ	સાકળચંદ	૨૫	૫૦૪
૭૦	શ્રીહરિશ્ચંદ્ર	શ્રીગુરુપદપંકજ નમી	નિતિઉદય	૩૦	૫૦૭
૭૧	શ્રીઅમરકુમાર	રાજગૃહી નગરી ભલી	કવિયણ	૫૨	૫૦૯
૭૨	શ્રીઅઇમુત્તા	સંમય રંગે રંગ્યુ જીવન	જ્ઞાનવિમલ	૬	૫૧૪
૭૩	શ્રીઅઇમુત્તા	વીરજીણંદ વાંદિને	રત્નસાગર	૨૩	૫૧૫

વૈરાગ્ય પોષક સજ્ઝાયો

૭૪	વૈરાગ્ય	યા મેલ્યો	ઉદયરત્ન	૭	૫૧૭
૭૫	વૈરાગ્યની	સુરતરૂપની પરે	દેવસુર	૯	૫૧૭
૭૬	વૈરાગ્યની	મુસાફર જીવડા કાયાનો	ચિદાનંદ	૫	૫૧૮
૭૭	વૈરાગ્યની	રે... નર જગ સપને કી માયા	ચિદાનંદ	૫	૫૧૯
૭૮	વૈરાગ્યની	શી કહું કથની મારી	ઉદયરત્ન	૬	૫૧૯
૭૯	વૈરાગ્યની	તે તરીયા ભાઈ તે તરીયા	પદ્મ	૫	૫૨૦
૮૦	વૈરાગ્યની	હતું બાળક પણું	હીરવિજય	૬	૫૨૧
૮૧	વૈરાગ્યની	અમે તો આજ તમારા બે	પદ્મ	૬	૫૨૧
૮૨	વૈરાગ્યની	તન ધન જોબન કારમુંજી	ધર્મરત્ન	૭	૫૨૨
૮૩	વૈરાગ્યની	મારૂં મારૂં મ કર જીવ તું	હર્ષવિજય.	૭	૫૨૨
૮૪	વૈરાગ્યની	તે ગિરુઆ ભાઈ તે ગિરુઆ	લબ્ધિ	૬	૫૨૩
૮૫	વૈરાગ્યની	આપ અજવાળજો આતમા	લબ્ધિ	૬	૫૨૪
૮૬	વૈરાગ્યની	પુણ્ય સંયોગે પામીયો જી રે	ધર્મરત્ન	૭	૫૨૪
૮૭	વૈરાગ્યની	આ સંસાર અસાર છે	ધર્મરત્ન	૧૨	૫૨૫
૮૮	વૈરાગ્યની	સાર નહિ રે સંસારમાં	સૌભાગ્ય	૮	૫૨૬
૮૯	વૈરાગ્યની	જોને તુ પાટણ જેવા	રત્નવિજય	૧૧	૫૨૬
૯૦	વૈરાગ્યની	ઉંચા તે મંદિર માળીયા	ઉદયરત્ન	૮	૫૨૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રમ	સજ્ઝાય	પ્રથમપદ	રચયિતા	ગાથા	પેજ
૯૧	વૈરાગ્યની	જાઉં બલિહારી વૈરાગ્યની	ધર્મરત્ન	૭	૫૨૮
૯૨	વૈરાગ્યની	માનમાં માનમાં માનમાં રે	કેવળ	૧૧	૫૨૮
૯૩	વૈરાગ્યની	મરણ ન છૂટે રે પ્રાણીયા	ધર્મરત્ન	૮	૫૨૯
૯૪	વૈરાગ્યની	કેના રે સગપણ કેની રે માયા	વિનયવિજય	૯	૫૩૦
૯૫	વૈરાગ્યની	આવ્યો ત્યારે મુઠીવાળી	ઉદયરત્ન	૯	૫૩૧
૯૬	વૈરાગ્યની	ભરોસે શું રહ્યા ભુલી	શુભવિજય	૮	૫૩૧
૯૭	વૈરાગ્યની	ખબર નહીં આ જગમેં	અમર	૧૦	૫૩૨
૯૮	વૈરાગ્યની	એ સંસાર અસાર છે	-	૧૦	૫૩૩
૯૯	વૈરાગ્યની	નથી સાર જગતમાં	ધર્મરત્ન	૧૨	૫૩૪
૧૦૦	વૈરાગ્યની	ભુલ્યો મન ભમરા તું	-	૧૬	૫૩૫
		આત્મ શિખામણની સજ્ઝાય			
૧૦૧	સ્વાર્થની	જગત હૈ સ્વાર્થ કા સાથી	ખાન્તિ	૫	૫૩૭
૧૦૨	સંસારના ખોટાસગપણ	સગું તારૂં કોણ સાચુ રે	ઋષભદાસ	૬	૫૩૭
૧૦૩	આત્માની	ક્યાં તન માંજતા રે	આનંદઘન	૬	૫૩૮
૧૦૪	શીખામણની	મોંઘેરો દેહ આ પામી	ચિદાનંદ	૬	૫૩૯
૧૦૫	આપ સ્વભાવની	આપ સ્વભાવમાં રે	જીવ	૭	૫૩૯
૧૦૬	ઉપદેશની	આતમધ્યાનથી રે સંતો	ચિદાનંદ	૮	૫૪૦
૧૦૭	સુકૃતની	જીવડા સુકૃત કરજે	સત્યવિ.	૮	૫૪૧
૧૦૮	શિખામણની	ગરભાવાસમાં ચિંતવે	ખીમાવિજય	૮	૫૪૧
૧૦૯	અધ્યાત્મની	અરે કિસ્મત તું ઘેલુ	શુભવીર	૭	૫૪૨
૧૧૦	ઉત્તરા૦નાદશમાઅધ્ય૦	સમવસરણ સિંહાસનેથી	શ્રીકરણ	૮	૫૪૩
૧૧૧	ભવિષ્યની	ભવિષ્યમાં લખ્યુ હોય તે	માણેકવિજય	૯	૫૪૪
૧૧૨	મનુષ્યભવની	મનુષ્યભવનું ટાણું રે	હિરવિજય	૯	૫૪૫
૧૧૩	ઉપદેશની	વૃથા કરે તું ગુમાન	જ્ઞાન	૧૨	૫૪૫
૧૧૪	ઉપદેશની	ચેતે તો ચેતાવું તને રે	-	૯	૫૪૭
૧૧૫	વણઝારાની	નરભવનગરસોહામણું	પદ્મ	૭	૫૪૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રમ	સજ્ઝાય	પ્રથમપદ	રચયિતા	ગાથા	પેજ
૧૧૬	મનુષ્યની દુર્લભ	પુરવપુણ્ય ઉદયકરી	ચિદાનંદ	૭	૫૪૮
૧૧૭	ઉપદેશની	તુંને સંસાર સુખ કેમ સાંભરે રે	કવિદાસ	૧૨	૫૪૮
૧૧૮	રત્નચિંતામણીની	આ ભવ રત્નચિંતામણી સરિખો	અભય	૧૩	૫૫૦
૧૧૯	સ્ત્રીને શિખામણની	નાથ કહે તું સુણને નારી	ઉદયરત્ન	૧૩	૫૫૧
૧૨૦	ઉત્તમ મનોરથની	ધન ધન તે દિન ક્યારે આવશે	બુધવિજય	૧૪	૫૫૨
૧૨૧	સટોડીયાની	સુણો સટોડીયા ! સટ્ટાના	ઉદયરત્ન	૧૨	૫૫૩
૧૨૨	અનુભવની	અનુભવિયાના ભવિયા રે	ઋષભ	૧૫	૫૫૪
૧૨૩	ઉપદેશની	આપે આપસદા સમજાવે	જ્ઞાનવિમલ	૫	૫૫૫

કર્મના વિપાકની સજ્ઝાય

૧૨૪	કર્મવિડંબનાની	સુખદુઃખ સરજ્યા પામીયે	દાન	૮	૫૫૬
૧૨૫	આઠ કર્મની	પ્રભુજી મારા કર્મો	રત્નવિજય	૯	૫૫૬
૧૨૬	કર્મ પચ્ચીસીની	દેવદાનવ તીર્થંકર	ઋષિહર્ષ	૨૬	૫૫૭
૧૨૭	નરક દુઃખની	સુણ ગોયમજી ! વીર	શુભવીર	૯	૫૫૯
૧૨૮	કરમચંદની	કેઈ કેઈ નાચ નચાવે	આનંદઘન	૭	૫૬૦
૧૨૯	પુણ્યફળની	સરસ્વતી સામિણિ પાય	લાવણ્યસમય	૧૫	૫૬૧
૧૩૦	અધ્યાત્મની	નાવમેં નદીયા	આનંદઘન	૮	૫૬૨
૧૩૧	નાણાવટીની	હે ! નાણાવટી	રૂપવિજય	૮	૫૬૩
૧૩૨	આત્મોપદેશ	હુંતો પ્રણમું	આનંદઘન	૧૧	૫૬૪

આત્મગુણપોષક સજ્ઝાય

૧૩૩	વિનયની	વિનય કરો ચેલા ગુરૂ તણો	વિમલસૂરિ	૫	૫૬૫
૧૩૪	વિનયની	પવયણ દેવી ચિત્ત ધરીજી	ઉદયવાચક	૮	૫૬૬
૧૩૫	વિનયની	શ્રી જંબુ મુનિ વીનવ્યા રે	રામવિજય	૧૧	૫૬૬
૧૩૬	શીયલની	શીયલ સમું વ્રત કો નહિ	ઉદયરત્ન	૬	૫૬૮
૧૩૭	શીયલની	ગીરૂઆ રે ગુણ શીયલના	સુખવિજય	૫	૫૬૮
૧૩૮	શીયળની	શ્રી જીનવાણી હો ભવિયણ	જીવ	૧૧	૫૬૯
૧૩૯	પહેલા મહાવ્રતની	સકલ મનોરથ પૂરવે	કાંતિવિજય	૬	૫૭૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રમ	સજ્ઝાય	પ્રથમપદ	રચયિતા	ગાથા	પેજ
૧૪૦	બીજા મહાવ્રતની	અસત્ય વચન	કાંતિવિજય	૫	૫૭૦
૧૪૧	ત્રીજા મહાવ્રતની	ત્રિજું મહાવ્રત સાંભલો	કાંતિવિજય	૬	૫૭૧
૧૪૨	ચોથા મહાવ્રતની	સરસ્વતી કેરાં રે	કાંતિવિજય	૮	૫૭૧
૧૪૩	પાંચમા મહાવ્રતની	આજ મનહ મનોરથ	કાંતિવિજય	૬	૫૭૨
૧૪૪	જીવદયાની	ગજભવે સસલો ઉગારીયો	ધર્મરત્ન	૯	૫૭૩
૧૪૫	જીવદયાની	આદિ જિનેશ્વર પાય પ્રણમી	શિવસાગર	૨૩	૫૭૪
૧૪૬	સમતાની	જબ લગ સમતા ક્ષણ	સુજશ	૧૨	૫૭૬
૧૪૭	શ્રાવક કરણીની	શ્રાવક તુ ઉઠે પરભાત	હર્ષ વિ.	૨૩	૫૭૭
૧૪૮	દાન-શીલ-તપભાવની	શ્રી મહાવીરે ભાખીયા	ઉદયરત્ન	૫	૫૭૯
૧૪૯	દાનધર્મની	ચોત્રીસ અતિશયવંત	ઉદયરત્ન	૯	૫૭૯
૧૫૦	સુપાત્રદાનની	પ્રણમી શ્રીગોયર ગણધાર	દીપવિજય	૭	૫૮૦
૧૫૧	તપની	કીધા કર્મનિકંદવા રે	ઉદયરત્ન	૭	૫૮૧
૧૫૨	સત્સંગની	સત્સંગનો રસ ચાખ	જ્ઞાનવિમલ	૧૧	૫૮૧
		પાપસ્થાનકની સજ્ઝાયો			
૧૫૩	ક્રોધની	કડવાં ફળ છે ક્રોધના	ઉદયરત્ન	૬	૫૮૨
૧૫૪	ક્રોધની	ક્રોધ તે બોધ નિરોધ છે	યશોવિજય	૮	૫૮૨
૧૫૫	ક્રોધની	ક્રોધ ન કરીએ ભલા પ્રાણી	ભાવસાગર	૯	૫૮૩
૧૫૬	માનની	માન ન કીજે માનવી રે	વીર	૧૦	૫૮૪
૧૫૭	માનની	રે જીવ ! માન ન કીજીએ	ઉદયરત્ન	૫	૫૮૫
૧૫૮	માયાની	સમકિતનું મૂળજાણીએજી	ઉદયરત્ન	૬	૫૮૫
૧૫૯	માયાની	માયા મનથી પરિહરી રે	મણવિજય	૭	૫૮૬
૧૬૦	લોભની	લોભ ન કરીએ પ્રાણીયા	ભાવસાગર	૭	૫૮૭
૧૬૧	લોભની	આસા દાસી વશ પડ્યા	રૂપવિજય	૭	૫૮૮
૧૬૨	હિંસા પાપસ્થાનકની	પાપસ્થાનક પહેલુ કહ્યું રે	સુજશ	૬	૫૮૮
૧૬૩	મૈથુન પાપસ્થાનકની	પાપસ્થાનક ચોથું વર્જિએ	સુજશ	૧૧	૫૮૯
૧૬૪	પરિગ્રહ પાપસ્થાનકની	પરિગ્રહ મમતા પરિહરો	સુજશ	૮	૫૯૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રમ	સજ્ઝાય	પ્રથમપદ	રચયિતા	ગાથા	પેજ
૧૬૫	રાગ પાપસ્થાનક	પાપસ્થનાક દશમુ	સુજસ	૯	૫૯૧
૧૬૬	અભ્યાખ્યાનપાપસ્થા.	પાપસ્થાનક તેરમુ	સુજસ	૫	૫૯૨
૧૬૭	પરપરિવાદપાપસ્થા૦ની	સુંદર ! પાપસ્થાનક તજે	સુજશ	૯	૫૯૨
૧૬૮	આઠ મદની	મદ આઠ મહામુનિ	માનવિજય	૧૧	૫૯૩
૧૬૯	કૃપણ કાઠીયાની	કૃપણપણાથી બીહતો રે	વીર	-	૫૯૪
૧૭૦	ચેતનને ઉપદેશની	સદ્‌ગુરૂ પસાઉલે	ધર્મ	૧૭	૫૯૫
		નવપદની સજ્ઝાય			
૧૭૧	નવપદની	રાજગૃહી ઉદ્યાન	-	૧૦	૫૯૫
૧૭૨	અરિહંતપદની	વારી જાઉં શ્રી અરિહંતની	જ્ઞાનવિમલ	૭	૫૯૭
૧૭૩	સિદ્ધપદની	નમો સિદ્ધાણં બીજે પદે રે	જ્ઞાનવિમલ	૮	૫૯૭
૧૭૪	આચાર્ય પદની	આચારી આચાર્યનુંજી	જ્ઞાનવિમલ	૯	૫૯૮
૧૭૫	ઉપાધ્યાયપદની	ચોથે પદે ઉવજ્ઝાયનું	જ્ઞાનવિમલ	૧૦	૫૯૯
૧૭૬	સાધુપદની	તે મુનિને કરૂં વંદન ભાવે	જ્ઞાનવિમલ	૭	૫૯૯
૧૭૭	મુનિગુણની	સમતા સુખના જે ભોગી	જિનવિજય	૧૧	૬૦૦
૧૭૮	શ્રીદશમાં અધ્યયનની	તે મુનિ વંદો તે મુનિ વંદો	વૃદ્ધિવિજય	૧૧	૬૦૨
૧૭૯	શ્રી મુનિવંદનની	શ્રીમુનિરાજને વંદના	દીપવિજય	૯	૬૦૩
૧૮૦	સાધુ સમુદાયની	પ્રણમું શાસનપતિ શ્રીવીર	નયવિમલ	૧૯	૬૦૪
		વૈવિધ્યસભર સજ્ઝાય			
૧૮૧	સુખીયાની	તે સુખીયા ભાઈ તે સુખીયા	નય	૯	૬૦૬
૧૮૨	સાધુ મહિમાની	અવધૂ નિરપક્ષ વિરલા કોઈ	ચિદાનંદ	૫	૬૦૭
૧૮૩	ધર્મદૃઢતાની	જુઓ રે જુઓ જૈનો કેવા	વીરવિજય	૧૦	૬૦૭
૧૮૪	શ્રી પડિક્કમણાની	કર પડિક્કમણું ભાવશુંજી	રૂપવિજય	૯	૬૦૮
૧૮૫	શ્રી પડિક્કમણાંના ફળની	ગોયમ પૂછે શ્રી મહાવીરને	જસ	૧૩	૬૦૮
૧૮૬	સામાયિક લાભની	કર પડિક્કમણું ભાવસું	ધર્મસિંહ	૬	૬૧૦
૧૮૭	શ્રી નમસ્કાર મહામંત્રની	સમરજીવ ! એક નવકાર	કીર્તિવિમલ	૫	૬૧૦
૧૮૮	સાચા જૈનત્વની	જૈન કહો કયું હોવે	જસ	૧૦	૬૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રમ	સજ્ઝાય	પ્રથમપદ	રચયિતા	ગાથા	પેજ
૧૮૯	મોક્ષની	મોક્ષનગર મારૂં સાસરૂં	જ્ઞાનવિમળ	૫	૬૧૨
૧૯૦	આગમ આશાતનાની	આગમની આશાતના નવિ	શુભવીર	૫	૬૧૨
૧૯૧	છઠ્ઠા આશાતનાની	છઠ્ઠો આરો એવો આવશે	મેઘ	૭	૬૧૩
૧૯૨	નટવાની	હું નટવો થઈને નાટક	ન્યાયસાગર	૯	૬૧૩
૧૯૩	મન વશ કરવાની	મનાજી તું તો જિનચરણે	આનંદઘન	૫	૬૧૪
૧૯૪	મનની	કયાં કરૂં મન સ્થિર	આનંદઘન	૫	૬૧૫
૧૯૫	મુરખાની (જીવનગાડી)	મુરખો ગાડી દેખી મલકાએ	મોહન	૮	૬૧૫
૧૯૬	ઋતુવંતીની	પવયણ દેવી સમરી માત	ન્યાય	૧૬	૬૧૬
૧૯૭	સંગતની	લોઢું લાલ બને અગ્નિસંગથી	રામ	૧૬	૬૧૮
૧૯૮	શ્રીપર્યુષણપર્વની	પર્વપજુસણ આવીયા રે લાલ	હંસ	૧૧	૬૧૯
૧૯૯	અનીત્ય ભાવનાની	મુંઝમાં મુઝમાં		૭	૬૨૦
૨૦૦	અશરણ ભાવનાની	કો નવિ શરણં કો નવિ	સકળચંદજી	૮	૬૨૧
૨૦૧	એકત્વ ભાવનાની	આવ્યો પ્રાણી એકલો રે	-	૭	૬૨૧
૨૦૨	અન્યત્વ ભાવનાની	પાંચમી ભાવના ભાવીયે રે	જયસોમમુનિ	૭	૬૨૨
૨૦૩	પાંચમની	શ્રીગુરુચરણ પસાઉલે	કાંતિવિજય	૭	૬૨૩
૨૦૪	આઠમની	અષ્ટકર્મચુરણ કરીરે	વિજયસેન	૬	૬૨૩
૨૦૫	એકાદશીની	આજ મારે એકાદશી	ઉદયરત્ન	૧૨	૬૨૪
૨૦૬	વાણીયાની	વાણીયો વણજ કરે છે	વિમળ વિ.	૧૦	૬૨૫
૨૦૭	સાડાત્રણસોની ઢાળ૧	શ્રીસીમંધર	યશો	૨૪	૬૨૬
૨૦૮	સાડાત્રણસોની ઢાળ૧૫	ધન્ય તે મુનિવરારે	યશો	૨૪	૬૨૮
૨૦૯	ભાવશ્રાવકના૧૭ગુણ	ભાવશ્રાવકના ભાવીએ	યશો	૧૬	૬૩૦
		સમકિતના ૬૭ બોલની સજ્ઝાય			
૨૧૦	સમકિતની	સુકૃતવલ્લી કાદંબિની	યશોવિજય	૬૮	૬૩૧
		વિભાગ-૭ સમાધિ મરણની ચાવી			
૧	પુણ્યપ્રકાશનું સ્તવન	સકળસીદ્ધી દાયક સદા	વિનય	૮ ઢાળ	૬૪૦
૨	અમૃતવેલની સજ્ઝાય	ચેતન જ્ઞાન અજુવાળીયે	યશોવિ.	૨૯	૬૪૮
3	પદ્માવતી આરાધના	હવે પદ્માવતી	સમય સુંદર	૩૬	૬૫૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ભદ્રંકર જિન-ગુણ સ્તવન મંજરી

વિ ભા ગ

		પેજ નં.
૧	સ્તુતિઓ	૧
૨	ચૈત્યવંદન	૩૧
૩	થોયોનો સંગ્રહ	૮૧
૪	સ્તવન સંગ્રહ	૧૬૬
૫	પર્વોના સ્તવનો	૩૬૬
૬	સજ્ઝાયનો સંગ્રહ	૪૨૨
૭	સમાધિ મરણની ચાવી	૬૪૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિભાગ-૧ સ્તુતિઓ

સંસ્કૃત સ્તુતિઓ

જિનધર્મ વિનિર્મુક્તો મા ભૂવં ચક્રવર્ત્યપિ ।
સ્યાં ચેટોડપિ દરિદ્રોડપિ, જિનધર્માધિવાસિતઃ ॥ ૧

જિને ભક્તિ ર્જિને ભક્તિ ર્જિને ભક્તિ ર્દિને દિને ।
સદા મેડસ્તુ સદા મેડસ્તુ સદા મેડસ્તુ ભવેભવે ॥ ૨

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્ ।
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્ ॥ ૩

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ ! ।
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય ।
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય ।
તુભ્યં નમો જિન ! ભવોદધિશોષણાય ॥ ૪

યૈઃ શાન્તરાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં
નિર્માપિત સ્ત્રિભુવનૈકલલામભૂત !
તાવન્ત એવ ખલુ તેડપ્યણવઃ પૃથિવ્યાં ।
યત્તો સમાનમપરં ન હિ રુપમસ્તિ ॥ ૫

દેવેન્દ્રવંદ્ય ! વિદિતાખિલવસ્તુસાર !
સંસારતારક ! વિભો ! ભુવનાધિનાથ !
ત્રાયસ્વ દેવ ! કરુણાહ્રદ ! માં પુનીહિ !
સીદન્તમદ્ય ભયદઃ વ્યસનામ્બુરાશેઃ ॥ ૬

યદસ્તિ નાથ ! ભવદંધ્રિસરોરુહાણાં ।
ભક્તેઃ ફલં કિમપિ સંતતિસંચિતાયાઃ ।
તન્મે ત્વદેકશરણસ્ય શરણ્ય ! ભૂયાઃ ।
સ્વામી ત્વમેવ ભુવનેડત્ર ભવાન્તરેડપિ ॥ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અદ્ય મે સફલં જન્મ, અદ્ય મે સફલા ક્રિયા ।
અદ્ય મે સફલં ગાત્રં, જિનેન્દ્ર ! તવ દર્શનાત્ ॥ ૮

દર્શનાત્ દુરિતધ્વંસી, વંદનાત્ વાંછિતપ્રદઃ ।
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃસાક્ષાત્ સુરદ્રુમઃ ॥ ૯

પૂર્ણાનન્દમયં, મહોદયમયં, કૈવલ્ય ચિદ્દૃગ્મયં ।
રૂપાતીતમયં, સ્વરૂપરમણં, સ્વાભાવિકી શ્રીમયમ્ ।
જ્ઞાનોદ્યોતમયં, કૃપારસમયં, સ્યાદ્વાદ વિદ્યાલયં ।
શ્રીસિદ્ધાચલ તીર્થરાજમનિશં, વન્દે યુગાદીશ્વરમ્. ॥ ૧૦

અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ ।
તસ્માત્ કારુણ્યભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર ! ॥ ૧૧

પાતાલે યાનિ બિંબાનિ, યાનિ બિંબાનિ ભૂતલે ।
સ્વર્ગેપિ યાનિ બિંબાનિ તાનિ વંદે નિરંતરમ્ ॥ ૧૨

અદ્યાભવત્સફલતા નયનદ્વયસ્ય ।
દેવ ! ત્વદીયચરણામ્બુજ વીક્ષણેન ।
અદ્ય ત્રિલોકતિલક ! પ્રતિભાસતે મે ।
સંસારવારિધિરયં ચુલુકપ્રમાણઃ ॥ ૧૩

નેત્રાનન્દકરી, ભવોદધિતરી, શ્રેયસ્તરોર્મંજરી ।
શ્રીમદ્ધર્મ મહાનરેન્દ્રનગરી, વ્યાપલ્લતા ઘૂમરી ।
હર્ષોત્કર્ષ શુભપ્રભાવલહરી, રાગદ્વિષાં જિત્વરી ।
મૂર્તિઃ શ્રી જિનપુંગવસ્ય ભવતુ, શ્રેયસ્કરી દેહિનામ્ ॥ ૧૪

કિં કર્પૂરમયં સુધારસમયં કિં ચંદ્રરોચિર્મયં ।
કિં લાવણ્યમયં મહામણિમયં કારુણ્યકેલિમયં ।
વિશ્વાનંદમયં મહોદયમયં શોભામયં ચિન્મયં ।
શુકલધ્યાનમયં વપુર્જિનપતેર્ભૂયાદ્ ભવાલમ્બનમ્ ॥ ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુજરાતી સ્તુતિઓ

તથાપિ બાલ તારો છું

પ્રભુ જેવો ગણો તેવો, તથાપિ બાલ તારો છું,
તારે મારા જેવા લાખો, પરંતુ એક મારે તું;
નથી શક્તિ નિરખવાની, નથી શક્તિ પરખવાની,
નથી તુજ ધ્યાનની લગની, તથાપિ બાલ તારો છું. ૧

નથી તપ જપ મેં કીધા, નથી કંઈ દાન પણ દીધાં,
અધમ રસ્તા સદા લીધા, તથાપિ બાલ તારો છું;
અરિહંત દેવ હો પ્યારા, ગુન્હા કર માફ સૌ મારા,
ભૂલ્યો ઉપકાર હું તારા, તથાપિ બાલ તારો છું. ! ૨

દયા કર દુઃખ સહુ કાપી, અભયને શાંતિ પદ આપી,
પ્રભુ હું છું પૂરો પાપી, તથાપિ બાલ તારો છું;
કૃપા કર હું મુંઝાઉ છું, સદા હૈયે રીબાઉ છું,
પ્રભુ તુજ ધ્યાન ઉર ચાહું, તથાપિ બાલ તારો છું ! ૩

દયા સિંધુ ! દયા કરજે

દયા સિંધુ દયા સિંધુ, દયા કરજે દયા કરજે,
મને આ જંજીરોમાંથી, હવે જલ્દી છૂટો કરજે. ૧

નથી આ તાપ સહેવાતો, ભભૂકી કર્મની જ્વાળા,
વર્ષાવી પ્રેમની ધારા, હૃદયની આગ બુઝવજે. ૨

બધી શક્તિ વિરામી છે, તુંહી આશે ભ્રમણ કરતા,
પ્રભુતાના કટોરાથી, ભીતરની પ્યાસ છીપવજે. ૩

ઘવાયા મોહની સાથે, નયનથી આંસુડા સારે,
રૂઝાવી ઘા કલેજાના, મધુરી વાસના ભરજે. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુરાયો હંસ પિંજરમાં, ઊડીને ક્યાં હવે જાશે,
ભલે સારો અગર બૂરો, નિભાવ્યો તેમ નિભવજે. ૫
કરૂં પોકાર હું તારા, જપું છું રાતદિન પ્યારા,
વિનંતિ ધ્યાનમાં લઈને, દુઃખી આ બાળ રીઝવજે. ૬

પરમાત્મ સ્તુતિઓ

દાદા તારી મુખમુદ્રાને, અમીય નજરે નિહાળી રહ્યો,
તારા નયનોમાંથી ઝરતું, દિવ્ય તેજ હું ઝીલી રહ્યો;
ક્ષણભર આ સંસારની માયા, તારી ભક્તિમાં ભૂલી ગયો,
તુજ મૂર્તિમાં મસ્ત બનીને, આત્મિક આનંદ માણી રહ્યો. ૧

આવ્યો શરણે તમારા, જિનવર કરજો આશ પૂરી અમારી,
નાવ્યો ભવ પાર મારો, તુમ વિણ જગમાં સાર લે કોણ મારી;
ગાયો જિનરાજ આજે, હરખ અધિકથી, પરમ આનંદકારી,
પાયો તુમ દર્શ નાસે ભવ ભય ભ્રમણા, નાથ સર્વે અમારી. ૨

દેખી મૂર્તિ શ્રીપાર્શ્વજિનની, નેત્ર મારાં ઠરે છે,
ને આ હૈયું ફરી ફરી પ્રભુ, ધ્યાન તારૂં ધરે છે ;
આત્મા મારો પ્રભુ તુજ કને, આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં, માહરી આશ એ છે ! ૩

છે પ્રતિમા મનોહારિણી દુઃખહરી, શ્રીવીર જિણંદની,
ભક્તોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચાંદની;
આ પ્રતિમાના ગુણ ભાવ ધરીને, જે માણસો ગાય છે,
પામી સઘળાં સુખ તે જગતનાં, મુક્તિ ભણી જાય છે. ૪

શ્રી આદીશ્વર શાન્તિ નેમિ જિનને, શ્રીપાર્શ્વ વીર પ્રભુ,
એ પાંચે જિનરાજ આજ પ્રણમું, હેતે ધરી હે વિભુ ;
કલ્યાણે કમલા, સદૈવ વિમલા, વૃદ્ધિ પમાડો અતિ,
એવા શ્રી ગૌતમ સ્વામી લબ્ધિ ભરીઆ, આપો સદા સન્મતિ. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દૃષ્ટિને પણ ધન્ય છે,
જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે;
પીએ મુદા વાણી સુધા, તે કર્ણ યુગલને ધન્ય છે,
તુજ નામ મન્ત્ર વિશદ ધરે, તે હૃદયને પણ ધન્ય છે. ૬

યાચક થઇને હું માંગુ છું, હે વીતરાગી તારી કને.
મહાવિદેહ ક્ષેત્રમાં જાવું છે શ્રી સીમંધર સ્વામી કને.
આઠ વર્ષની નાની વયમાં, સંયમ લેવું તારી કને.
ઘાતી અઘાતી કર્મ ખપાવી, ક્યારે પહોંચું તારી કને. ૭

સુંદર તારી આંગી દીપે, મુખ મુદ્રા અનુપમ ઝલકે
મૂર્તિ તાહરી મોહનગારી, શશી સમ તેજે ઝલકે.
મુખડું તારું અતિ સોહામણું, મલક મલક મુખ મલકે.
નિર્વિકારી નયણોમાંથી, અમીરસના પૂર છલકે. ૮

રુપ તાહરું એવુ અદ્‌ભુત, પલક વીણ જોયા કરું,
નેત્ર તાહરાં નીરખી નીરખી, પાપ મુજ ધોયા કરું
હૃદયના શુદ્ધ ભાવ પારખી, ભાવના ભાવિત બનું.
ઝંખના એવી જ મુજને, હું જ તુજ રુપે બનું. ૯

આનંદ આપે દુઃખ કાપે આપની પ્રતિમા ભલી
ને ભવ્યને શાતા કરે નિહાળતા નયણો ઠરે
ને પૂણ્યની રાશી વધે નમસ્કાર કરતા જે ક્ષણે
આવી ક્ષણો માંગુ સદા ઘટમાળને સાર્થક કરે. ૧૦

ખસવુ લગી રે ના ગમે લાચાર થઈ ખસવુ પડે
મન ભાંગી ભાંગી જાય સમજણ તને શાની પડે
કાળજુ કેવુ કઠણ કે કર્મો તણા બંધન વડે
પીંજર પુરાએલ હંસને બોલાવને તારી કને ૧૧

અજબ તારી મૂરતિ નિહાળી અમિયરસના ઝરણાં વહે
ચાંદશી સોહે સુરત તાહરી, અનાદિ કર્મના બંધ હરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેજ ભરેલા નયનો તારા જુગજુગ જુના ભાવકહે
એ જીનવરના દર્શન કરવા હૈયુ મારૂ ગહગહે. ૧૨

ભાવવાહી સ્તુતિઓ

છો આપ બેલી દીનનાં, ઉદ્ધારવામાં દીનને,
આજે ઉપેક્ષા આચરો છો, ઉચિત એ શું આપને ?
મૃગબાળ વનમાં આથડે, તિમ ઘોર ભવ માંહે મને,
મૂક્યો રખડતો એકલો, આપે કહો શા કારણે ? ૧

હે દેવ ! તારા દિલમાં, વાત્સલ્યનાં ઝરણાં ભર્યા,
હે નાથ ! તારા નયનમાં, કરૂણા તણાં અમૃત ભર્યા,
વીતરાગ તારી મીઠી મીઠી, વાણીમાં જાદુ ભર્યો,
તેથી જ તારા ચરણમાં, બાળક બની આવી રહ્યો. ૨

સંસાર ઘોર અપાર છે, તેમાં ડુબેલા ભવ્યને,
હે તારનારા નાથ શું, ભૂલી ગયા નિજ ભક્તને,
મારે શરણ છે આપનું, નવી ચાહતો હું અન્યને,
તો પણ પ્રભુ મને તારવામાં, ઢીલ કરો શા કારણે ! ૩

બહુ કાળ આ સંસાર સાગરમાં પ્રભુ હું સંચર્યો,
થઈ પુણ્યરાશિ એકઠી, ત્યારે જિનેશ્વર તું મળ્યો,
પણ પાપકર્મ ભરેલ મેં, સેવા સરસ નવ આદરી,
શુભયોગને પામ્યા છતાં, મેં મૂર્ખતા બહુએ કરી. ૪

હે નાથ ! આ સંસાર, સાગર ડુબતાં એવા મને,
મુક્તિપુરીમાં લઈ જવાને, જહાજ રૂપે છો તમે,
શિવરમણીના શુભ સંગથી, અભિરામ એવા હે પ્રભુ,
મુજ સર્વ સુખનું મુખ્ય કારણ, છો તમે નિત્ય વિભુ. ૫

હે ! ત્રણ ભુવનના નાથ મારી, કથની જઈ કોને કહું ?
કાગળ લખ્યો પહોંચે નહીં, ફરિયાદ જઈ કોને કરૂં ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તું મોક્ષાની મોઝારમાં, હું દુઃખ ભર્યા સંસારમાં,
જરા સામું પણ જુઓ નહીં, તો ક્યાં જઇને હું ઠરું ? ૬

અરિહંત હે ભગવંત તુજ, પદપદ્મ સેવા મુજ હજો,
ભવો ભવ વિષે અનિમેષ નયને, આપનું દર્શન થજો,
હે દયાસિંધુ, દિનબંધુ, દિવ્ય દૃષ્ટિ આપજો,
કરી આપ સમ સેવક તણા, સંસાર બંધન કાપજો. ૭

જે ભવ્ય જીવો આપને ભાવે નમે સ્તોત્રો સ્તવે,
ને પુષ્પની માળા લઈને, પ્રેમથી કંઠે ઠવે;
તે ધન્ય છે કૃતપુણ્ય છે, ચિન્તામણિ તેને કરે,
વાવ્યો પ્રભો ! નિજ કૃત્યથી, સુરવૃક્ષને એણે ગૃહે. ૮

ક્યારે પ્રભો નિજ દ્વાર ઊભો, બાળને નિહાળશો ?
નિતનિત માંગે ભીખ ગુણની, એક ગુણ કબ આપશો ?
શ્રધ્ધા દીપકની જ્યોત ઝાંખી, ક્યારે જ્વલંત બનાવશો ?
સૂના સૂના મુજ જીવન ગૃહમાં, ક્યારે આપ પધારશો ? ૯

પ્રતિમા નહિ તું ભગવાન સાચો, અંતર આ પોકાર કરે,
અદ્‌ભુત તારું રૂપ અનોખું, દેખી આંખો મારી ઠરે;
હું તારો ને તું મારો, એ સ્વાર્થના સગપણ દૂર ટળે,
હું તું વચ્ચે અભેદ કેરો, ભાવ હૃદયમાં વહ્યા કરે. ૧૦

રૂપ તારું એવું અદ્‌ભુત, પલક વિણ જોયા કરું,
નેત્ર તારા નિરખી નિરખી, પાપ મુજ ધોયા કરું,
હૃદયના શુભ ભાવ પરખી, ભાવના ભાવિત બનું,
ઝંખના એવી મને કે, હું જ તુજ રૂપે બનું. ૧૧

લાખ ચોરાશી યોનિ ભટક્યો, પણ ના આવ્યો આરો,
દેવ અનેરા જગના સેવ્યા, પણ ના પામ્યો કિનારો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતે આવ્યો તુજ શરણે હું, હે પ્રભુ લેને તારી,
ભવજલમાં ડુબતી નૈયા, હે વિભુ લેને ઉગારી. ૧૨

શક્યતા તુજમાં ઘણી, પણ ભવ્યતા મુજમાં નથી,
દિવ્યતા તુજમાં ઘણી, પણ યોગ્યતા મુજમાં નથી,
ધૈર્યતા તુજમાં ઘણી, પણ નમ્રતા મુજમાં નથી,
તેથી કરી ભવસાગરે, રખડી રહ્યો હે નાથજી. ૧૩

ભલે કાંઈ મુજને ના મળે, બસ તું મળે તો ચાલશે,
ભલે આશ મુજને ના ફળે, બસ તું મળે તો ચાલશે,
વિશ્વાસ કીધો વિશ્વમાં, વ્હાલા જિનેશ્વર આપથી,
છૂટવા મથું છું અંતરે, ભવોભવ તણા સંતાપથી. ૧૪

સાગર દયાનો છો તમે, કરૂણા તણા ભંડાર છો,
અમ પતિતોને તારનારા, વિશ્વના આધાર છો,
તારે ભરોસે જીવન નૈયા, આજ મેં તરતી મૂકી,
લાખ-લાખ વંદન કરું, જિનરાજ તુજ ચરણે ઝૂકી. ૧૫

ધનવંતરી છો, વૈદ્ય છો મારા જીવનના હે પ્રભુ,
ભવરોગના વળગાડને મુજ દૂર કરજો હે વિભુ,
ઉપકાર કરી વીતરાગ મુજને જ્ઞાન દરિશન આપજો,
ચારિત્રમાં નિશદિન રહું, એવી સુબુદ્ધિ આપજો. ૧૬

હે નાથ નજરે મેં નીહાળ્યો, આશ ધરીને આપને,
મા બાપ માન્યા મેં તને, મુજ ટાળ ભવના તાપને,
મુજ જીંદગી પ્રજળી રહી છે વાસનાની આગમાં,
આપો પ્રભુ બળ એટલું, રમતો બનું વિરાગમાં. ૧૭

અરિહંત તારી પરાર્થ રસિકતા સાંભળી છે જ્યારથી,
ક્યારે બનું પ્રભુ એહવો, લાગી લગન મને ત્યારથી,
સ્વાર્થાંધ બની સંસારમાં, ભમું છું અનાદિ કાલથી,
તુજ ગુણનો એક અંશ આપો, વીતરાગ વત્સલ ભાવથી. ૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીતરાગ તારા દર્શને, આવ્યો છું હું શુભ ભાવથી,
લાવ્યો છું ભક્તિ ભેટણું, સ્વીકારજો શુભ ભાવથી,
ધન્ય ઘડી આ ધન્ય દિવસે, આવ્યો હું તારી કને,
કર જોડીને વિનવું વિભુ, તારો પ્રભુ તારો મને. ૧૯

આ સંસારે ડૂબી રહ્યો છું, નથી કિનારો મળતો,
સુમતિ આપો કુમતિ કાપો, ભવજલ પાર ઉતારો,
કેટલા ભવ મેં કર્યા પ્રભુજી, કેટલા ભવ હવે કરવાના,
આ ભવ તાહરૂં શરણું મલ્યું છે, ભવથી પાર ઉતરવાના ૨૦

મૂરતિ અલૌકિક નીરખી તારી, નયન યુગલ મુજ ઠરે,
અમૃત જેવી વાણી તારી, સુણી મારૂં ચિત્ત ઠરે,
રાજ્ય લેવા શિવનગરનું, હું આવ્યો અહીં તારી કને,
કૃપા કરીને હે વીતરાગી, આપો પ્રભુ આપો મને. ૨૧

પરમ કૃપાળુ હે પરમેશ્વર ! પાવન કરજો હે સ્વામી,
ભવ વનમાં હુ ભૂલો પડ્યો છું, શિવ નગરીનો હું કામી,
માર્ગ બતાવો હે જગદીશ્વર ! જીવન મારૂં વીતી રહ્યું,
શરણ આપજો દુઃખ કાપજો, અંતર મારૂં રડી રહ્યું. ૨૨

જનને સુખનો રાહ બતાવી, કહેવાયા છો જગબંધુ,
દીનોના ઉદ્ધારક માટે, આપ બન્યા છો દીનબંધુ,
તારે પુનિત પગલે ચાલી, તરવો મારે ભવસિંધુ,
અભિલાષા અંતરની એવી, અર્પો અમને જ્ઞાનબિંદુ. ૨૩

જ્યાં નિત્ય સાચી પૂર્ણ શાંતિ તેવા મુક્તિ સ્થાનને,
શોભાવનારા સાત રાજના, દૂર છો આ ભક્તને,
હે નાથ થૂણતાં આપને, આનંદ ઉછળે બહુ મને,
તેથી જ જાણું હૃદયમાં, પ્રત્યક્ષ ઉભા આપને. ૨૪

જીમ ભૂંડ અશુચિ સ્થાન કે, દોડે જ નીજ અભ્યાસથી,
ચલચિત્ત દોડે તેમ વિષયમાં, ભૂરી ભવ અભ્યાસથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાતાં નિવારૂં તો ય પણ, દરરોજ દોડી જાય છે,
તેને તમે અટકાવજો, દિલડું અપાર દુભાય છે. ૨૫

સંસાર સાગરને તરેલા, પૂજય પ્રભુજી આપને,
જોતાં ભવે વસવા રતિ, જરી ના રહે આ દાસને,
પણ શું કરૂં આ ઘોર આંતર, શત્રુઓ કનડે મને
તે જુલ્મ જો અટકાવશો તો નાથ આવીશ તુજ કને. ૨૬

વીતરાગ બહુ તિર્થો ભમ્યો હું, આપ તારક જાણીયા,
બીજા અનેરા દેવ રાગાદિક દોષ પિછાણીયા,
તેથી જ તારા ચરણ વળગ્યો, નાથ અલગો નવ કરો,
તારો ઉતારો પાર એક જ, નાથ તાહરો આશરો ૨૭

રાગ દ્વેષ પર વિજય વર્યા છો. અમને વિજયી કરજો,
ભવ સાગરને તરી ગયા છો, અમને ભવ પાર કરજો,
કેવલજ્ઞાન લહ્યું છે આપે, અમને જ્ઞાની કરજો,
સર્વ કર્મથી મુક્ત બન્યા છો, અમ બંધનને હરજો. ૨૮

બારે પર્ષદા મધ્યમાં પ્રભુ તમે, જ્યારે દીધી દેશના,
ત્યારે હું નિર્ભાગી દૂર વસીયો, જે મેં સૂણી લેશ ના,
પંચમ કાળ કરાળમાં પ્રભુ તમે, મુક્તિ રૂપે છો મલ્યા,
મારે તો મુજ આંગણે સુરતરૂ, સાક્ષાત્ આજે ફલ્યા. ૨૯

નથી ગમતાં સ્નેહી સંબંધો, મોજશોખ નથી ગમતા,
નથી ગમતાં માન પાન વળી, ખાન પાન નથી ગમતાં
ગમે છે માત્ર હે વીતરાગી, તારા જેવા થવાનું,
રાગદ્વેષના નીકટ બંધનથી, શી રીતે છૂટવાનું ? ૩૦

શુદ્ધ નિરંજન પૂર્ણાનંદી, અલખ અગોચર અવિકારી,
આવ્યો છું દાદા તારા શરણે, બોધિબીજ દો સુખકારી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર પરિણતિમાં હું પ્રભુ ભમીયો, કાળ અનંતો બહુભારી,
દેહાધ્યાસથી છોડાવવાને, આપ મળ્યા છો ઉપકારી. ૩૧

તું છે માતા તું છે પિતા, તું હિ જગનો નેતા
ઘોર ભયંકર કર્મો સામે, તું છે સફળ વિજેતા,
તું છે દાયક તું છે રક્ષક, તું શિવપુરનો સાથી,
ગુણ અનંતનો છે તું સાથી, પામી શકું હું ક્યાંથી ? ૩૨

ખાતા પિતા ઉઠતાં બેસતાં, તુજ નામ મંત્ર હૃદયે વસજો
શ્વાસે શ્વાસે રોમે રોમે, મુજ અંતરભીતર રહેજો
ક્ષણ ક્ષણ સમરૂં પળ પળ સમરૂં, એક તાન આવી મળજો
અષ્ટકર્મનો અંત જ થાઓ, એવી આશા મુજ ફળજો. ૩૩

સ્વાર્થ ભર્યા સંસારમાં કાંઇ, સાર દેખાતો નથી,
તારા શરણ વિના હવે, ઉદ્ધાર સમજાતો નથી,
હું અજ્ઞાની આતમા, ભટકી રહ્યો સંસારમાં,
જ્ઞાન જ્યોત પ્રગટાવ મુજમાં, આવ્યો તુજ દરબારમાં. ૩૪

દુષ્કર છે આ ભવસાગરનો, દૂર દૂર કિનારો,
ડૂબી જાવું ના જો જે ભગવંત, હાથ પકડજે મારો,
તારા શરણે આવેલાને, મળે નહિ જાકારો,
તુજ જીવનમાં મૂકી દીધો મેં, અંતરનો એક તારો. ૩૫

આત્મા તણા આનંદમાં, મશગૂલ રહેવા ઇચ્છતો,
સંસારના દુઃખ દર્દથી, ઝટ છૂટવાને ઇચ્છતો,
આપો અનુપમ આશરો, પ્રભુ દીનબંધુ દાસને,
શરણે હું આવ્યો આપના, તારો પ્રભુ તારો મને. ૩૬

જે પ્રભુના અવતારથી અવનીમાં, શાંતિ બધે વ્યાપતી,
જે પ્રભુની સુપ્રસન્ન ને અમી ભરી, દ્રષ્ટિ દુઃખો કાપતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે પ્રભુએ ભર યૌવને વ્રત ગ્રહી, ત્યાગી બધી અંગના
તારક તે જીનદેવ ચરણમાં, હોજો સદા વંદન. ૩૭

ક્યારે પ્રભો નિજ દેહમાં પણ, આપ બુદ્ધિને તજી,
શ્રદ્ધાજળે શુદ્ધિ કરેલ, વિવેકને ચિત્તો સજી,
સમ શત્રુ મિત્ર વિષે બની, ન્યારો થઈ પરભાવથી,
રમીશ સુખકર સંયમે, ક્યારે પ્રભો આનંદથી. ૩૮

અંતરમાં છે એક ઝંખના, તારા જેવા થવાની,
રાગી મટીને તારા જેવા, વીતરાગી બનવાની,
પણ રાગાદિ વિષય કષાયના, બંધનમાં જકડાયો,
કરૂણા સાગર કરૂણા લાવી, બંધન મુક્ત બનાવો. ૩૯

પ્રભુજી મેં તુજ પાલવ પકડ્યો, હવે કદિ નહી છોડું રે
તારા દર્શન કરવા માટે, નિત્ય સવારે દોડું રે,
દર્શન દર્શન કરતો પ્રભુજી, આવ્યો તારા દ્વારે રે
પાર્શ્વજિણંદનું મુખડું જોતા આનંદ, અતિ ઉભરાય રે. ૪૦

શ્રી સિદ્ધાચલ નયને જોતાં, હૈયું મારૂં હર્ષ ધરે,
મહિમા મોટો એ ગિરિવરનો, સુણતા મનડું નૃત્ય કરે,
કાંકરે કાંકરે અનંતા સિધ્યા, પાવન એ ગિરી દુઃખડા હરે,
એ તીરથનું શરણું હોજો, ભવો ભવ બંધન દૂર ટળે. ૪૧

શક્તિ મળે તો મુજને મળજો, જિનશાસન સેવા સારૂ
ભક્તિ મળે તો મુજને મળજો, જિનશાસન લાગે પ્યારૂ
મુક્તિ મળે તો મુજને મળજો, રાગદ્વેષ અજ્ઞાન થકી.
ભવોભવ તુજ શાસન મુજ મળજો, એવી શ્રદ્ધા થાય નક્કી. ૪૨

સુણ્યા હશે પૂજ્યા હશે નિરખ્યા હશે પણ કોક ક્ષણે
હે જગત બંધુ ચિત્તમાં ધાર્યા નહિ ભક્તિ પણે
જનમ્યો પ્રભુ તે કારણે, દુઃખ પાત્ર આ સંસારમાં
આ ભક્તિ તે ફળતી નથી, જે ભાવ શૂન્યાચારમાં. ૪૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શત્રુંજયગિરિરાજ સ્તુતિ

તીર્થો જગતમાં કૈક છે, તીર્થો તણો તોટો નથી,
શાશ્વત ગિરિ શ્રી સિદ્ધગિરિ છે, ક્યાંય તસ જોટો નથી;
કોડો મુનિ મોક્ષે ગયા લઈ શરણ આ ગિરિરાજનું
ધરું ધ્યાન ગિરિશણગાર, જગદાધાર આદિ જિણંદ હે ૦ ૧

શ્રી સિદ્ધિગિરિ શાશ્વતગિરિ વળી પુંડરિક ગિરિ નામ છે,
પુષ્પદંત ગિરિ ને વિમલગિરિવર, સુરિગિરિ જસ નામ છે,
ગિરિરાજ શત્રુંજય સહિત જસ એક શત અષ્ટ નામ છે. ધરું ૦૨

સૌરાષ્ટ્રમાં ગિરિરાજ છે, ગિરિરાજ પર જિનરાજ છે,
પાપી અધમ છું તોય, મુજને તરી જવાની આશ છે,
મેં સાંભળ્યું છે, તીર્થ આ ભવજલધિમાંહી જહાજ છે. ધરું ૦ ૩

ત્રણ ભુવનના શણગાર એવા, વિમલ ગિરિવર ઉપરે,
ત્રણ જગતના તારક બિરાજે, આદિ જિનવર મંદિરે,
અદ્‌ભુત જ્યોતિ ઝળહળે જે જોઈ દેવો પણ ઠરે. ધરું ૦ ૪

શ્રી વિમલગિરિ તીર્થેશ, આદિનાથનું ધરે ધ્યાન જે,
ષટ્ મહિના-લાગલગાટ પામે દિવ્યતેજ પ્રકાશ તે,
ચક્રેશ્વરી તસ ઇષ્ટ પૂરે, કષ્ટ નષ્ટ કરે સદા. ધરું ૦ ૫

ભક્તો તણી ભીડમાં પ્રભુ મુજને ન તું ભુલી જતો,
દૂર દૂરથી તુજને નિરખવા, આશ લઈ હું આવતો,
ક્ષણવાર પણ તુજ મુખના દર્શન થતાં હું નાચતો, ધરું ૦ ૬

હે નાથ ! તારું મુખડું જોવા નયન મારા ઉલ્લસે,
હે નાથ તારા વયણ સુણવા શ્રવણ મારા ઉલ્લસે;
હે નાથ તુજને ભેટી પડવા, અંગ અંગ સમુલ્લસે. ધરું ૦ ૭
કલિકાળમાં અદ્‌ભુત જોઈ દિવ્યતુજ પ્રભાવને,
ભગવાન, માંગુ એટલું, ભવોભવ મળો ભક્તિ મને;
તુજ ભક્તિથી "મુક્તિકિરણ"ની જ્યોત જાગો અંતરે. ધરું ૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આદિનાથ પરમાત્માની સ્તુતિ

જેને નમે ભક્તો સદા, નિજ હૃદય ભાવો જોડીને,
જેને નમે ઇન્દ્રો નરેન્દ્રો, હાથ જોડી જોડીને;
મુજ હૃદયના છો નાથ, આદિનાથ હું તમને સ્તવું,
કરું નમન આદિ જિનચરણમાં, પ્રાર્થના પ્રેમે કરું ૧

જગનાથ જગદાધાર આદિનાથ તું ત્રિભુવન ધણી,
તુજદ્વારે આવી હું ઊભો કહું, વેદના મુજ મન તણી;
કરૂણા કરી સુણજો હવે, જરી નજર કરજો મુજ ભણી. કરું ૦ ૨

સંસાર ઘોર અપાર છે, પ્રભુ આપ મુજને ઉધ્ધરો,
ઉજ્વલ કરી મુજ આત્મઘરને, આપ તેહમાં ઉતરો;
પાપી અધમ અજ્ઞાન મુજને, આપ પ્રભુ પાવન કરો. કરું ૦ ૩

મુજ આત્મઘર સુનકાર ભાસે, આપના દર્શન વિના,
દર્શન થતાં જિનવર તમારું, થાય મુજ નયણાં ભીનાં;
મુજ ભૂલ બધી ભૂલી જજો, રહી ના શકું હું તુમ વિના. કરું ૦ ૪

પડછંદ તારા દેહની જ્યારે કરું હું કલ્પના,
નહિ કોઈ સાથ કરી શકું, ત્યારે પ્રભુ તુજ તુલના,
ઉંચા હિમાલય આગળે હું, કીડી જેવો દીસતો કરું ૦ ૫

ત્રણ ભુવનમાં પ્રભુ તુજ સમો, નહિ દેવ દૂજો દીસતો,
ઉદ્ધાર નહિ મુજ તુજ વિના, તું એક વિસવાવીસ તો;
પાપી અધમ અજ્ઞાન છું, માંગુ છતાં આશિષ તો કરું ૦ ૬

શરણું ગ્રહું, જેણે જીવનમાં, આપનું સદ્‌ભાવથી,
ભવજલ તરી પહોંચી ગયા, મોક્ષે બહુ સહેલાઈથી;
લેવા શરણ આવ્યો ચરણમાં શરણ દેજો જલ્દીથી. કરું ૦ ૭

મેં મારી વાત કહી તને કહેવાય એવી જે હતી,
બાકી બધું તું જાણતો, છાનું કશું તુજથી નથી;
માંગું છું **"મુક્તિ તણું કિરણ"** આપો એ મુજ પાસે નથી કરું ૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તુતિ

જેના સ્મરણથી જીવનના, સંકટ બધા દૂરે ટળે,
જેના સ્મરણથી મન તણાં, વાંછિત સહુ આવી મળે;
જેના સ્મરણથી આધિ વ્યાધિ ને, ઉપાધિ ના ટકે,
એવા શ્રી શંખેશ્વર પ્રભુના, ચરણમાં પ્રેમે નમું...૧

વિઘ્નો તણા વાદળ ભલે, ચોમેર ઘેરાઈ જતાં,
આપત્તિના કંટક ભલે, ચોમેર વેરાઈ જતાં;
વિશ્વાસ છે જસ નામથી એ દૂર ફેંકાઈ જતાં. એવા ૦ ૨

ત્રણ કાળમાં ત્રણ ભુવનમાં, વિખ્યાત મહિમા જેહનો,
અદ્‌ભુત છે દેદાર જેહના,દર્શનીય આ દેહનો;
લાખો કરોડો સૂર્ય પણ જસ આગળે ઝાંખા ઠરે.એવા૦ ૩

ધરણેન્દ્રને પદ્માવતી જેની સદા સેવા કરે,
ભક્તો તણાં વાંછિત સઘળા,ભક્તિથી પૂરા કરે;
ઇન્દ્રો નરેન્દ્રો ને મુનીન્દ્રો, જાપ કરતા જેહનો એવા૦ ૪

જેના પ્રભાવે જગતના જીવો બધા સુખ પામતા,
જેના ન્હવણથી યાદવોના રોગ દૂરે ભાગતા;
જેના ચરણના સ્પર્શને નિશદિન ભક્તો ઝંખતા. એવા ૦૫

બે કાને કુંડલ જેહને માથે મુગટ બિરાજતો,
આંખો મહિ કરૂણા અને નિજ હૈયે હાર બિરાજતો;
દર્શન પ્રભુનું પામી મનનો મોરલો મુજ નાચતો એવા ૦૬

ૐ હ્રીઁ પદોને જોડીને શંખેશ્વરાને જે જપે,
ધરણેન્દ્ર પદ્માવતી પૂજિત, શંખેશ્વરાને જે જપે;
જનમો જનમના પાપને સહુ અંતરાયો તસ તૂટે. એવા ૦૭

કલિકાલમાં હાજરાહજુર દેવો તણા યે દેવ જે,
ભક્તો તણી ભવ ભાવઠોને ભાંગનારા દેવ જે;
"મુક્તિકિરણ"ની જ્યોતને પ્રગટાવનાર દેવ જે. એવા૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સીમંધર સ્વામી સ્તુતિ

કયારે અમારું, ભાગ્ય એવું જાગશે અમે આવીશું,
મહાવિદેહ ક્ષેત્રે આવીને નજરે તને નિહાળીશું,
અદ્‌ભુત તારું રૂપ ને અદ્‌ભુત તુજ સ્વરૂપ છે,
કરું વંદના ઉઠી નિત્ય પ્રાતઃ .શ્રી સીમંધર સ્વામીને ૧

હું ભરતમાં તું મહાવિદેહે, આંતરું વયમાં ઘણું,
સંદેશ શે' પહોંચાડવો, મુંઝાય મારું મન ઘણું,
તુજકાય પાંચસો ધનુષ્યની, હું સાવ લાગું પાંગળો. કરું ૦ ૨

છે ધન્ય ત્યાનાં લોકને, છે ધન્ય વળી એ ધરતીને,
પગલા પડે જ્યાં તાહરા, નિત્ય થાય દર્શન તેહને,
તુજ પાસે આવું ઉડીને, પણ પાંખ મુજ પાસે નથી. કરું ૦ ૩

ત્રણ ગઢ રચે તુજ દેવતાઓ, રત્ન રજત સુવર્ણના,
બે પ્રહર ચાલે દેશના, સહુ સાંભળે થઈ તન્મના,
સિંહનાદ જેવી દેશના સુણી, કૈંક ભવ્યો ભવ તર્યા.કરું ૦ ૪

અરિહંત વંદનાવલિ

જન્મ અવસ્થા

જે ચૌદ મહાસ્વપ્નો થકી, નિજ માતને હરખાવતા,
વળી ગર્ભમાંહિ જ્ઞાનત્રયને, ગોપવી અવધારતા;
ને જન્મતા પહેલાં જ ચોસઠ, ઇન્દ્ર જેને વંદતા;
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧

મહાયોગના સમ્રાજ્યમાં, જે ગર્ભમાં ઉલ્લાસતા,
ને જન્મતાં ત્રણલોકમાં, મહાસૂર્ય સમ પ્રકાશતા;
જે જન્મકલ્યાણક વડે સૌ, જીવને સુખ અર્પતા. એવા૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપ્પન્ન દિક્કુમરી તણી, સેવા સુભાવે પામતા,
દેવેન્દ્ર કરસંપુટ મહી, ધારી જગત હરખાવતા;
મેરૂશિખર સિંહાસને જે, નાથ જગના શોભતા. એવા૦ ૩

કુસુમાંજલિથી સુરઅસુર જે, ભવ્ય જિનને પૂજતા,
ક્ષીરોદધિના ન્હવણજલથી, દેવ જેને સિંચતા;
વળી દેવદુંદુભિ નાદ ગજવી, દેવતાઓ રીઝતા. એવા૦ ૪

મઘમઘ થતા ગોશીર્ષ ચંદનથી, વિલેપન પામતા,
દેવેન્દ્ર દૈવી પુષ્પની, માળા ગળે આરોપતા;
કુંડલ કડાં મણિમય ચમકતા, હાર મુકુટે શોભતા. એવા૦ ૫

ને શ્રેષ્ઠવેણું મોરલી, વીણા મૃદંગતણા ધ્વનિ,
વાજિંત્ર તાલે નૃત્ય કરતી, કિન્નરીઓ સ્વર્ગની;
હર્ષે ભરી દેવાંગનાઓ, નમન કરતી લળી લળી. એવા૦ ૬

જયનાદ કરતા દેવતાઓ, હર્ષના અતિરેકમાં,
પધરામણી કરતા જનેતાના, મહાપ્રાસાદમાં;
જે ઇન્દ્રપૂરિત વરસુધાને, ચૂસતા અંગુષ્ઠમાં. એવા૦ ૭

આહાર ને નિહાર જેના, છે અગોચર ચક્ષુથી,
પ્રસ્વેદ - વ્યાધિ - મેલ જેના, અંગને સ્પર્શે નહિ;
સ્વર્ધેનું દુગ્ધસમા રૂધિરને, માંસ જેના તનમહીં. એવા૦ ૮

મંદાર પારિજાત સૌરભ, શ્વાસને ઉચ્છવાસમાં,
ને છત્રચામર જયપતાકા, સ્તંભ જવ કરપાદમાં;
પૂરા સહસ્ત્ર વિશેષ અષ્ટક, લક્ષણો જ્યાં શોભતા. એવા૦ ૯

દેવાંગનાઓ પાંચ આજ્ઞા, ઇન્દ્રની સન્માનતી,
પાંચે બની ધાત્રી દિલે, કૃતકૃત્યતા અનુભાવતી;
વળી બાલકીડા દેવગણના, કુંવરો સંગે રાતી. એવા૦ ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે બાલ્ય વયમાં પ્રૌઢજ્ઞાને, મુગ્ધ કરતા લોકને,
સોળે કળા વિજ્ઞાન કેરા, સારને અવધારીને;
ત્રણ લોકમાં વિસ્મયસમા, ગુણરૂપ યૌવનયુક્ત જે. એવા૦ ૧૧

રાજ્યાવસ્થા

મૈથુન પરિષહથી રહિત જે, નંદતા નિજભાવમાં
જે ભોગકર્મ નિવારવા, વિવાહ કંકણ ધારતા
ને બ્રહ્મચર્ય તણો જગાવ્યો, નાદ જેણે વિશ્વમાં. એવા૦ ૧૨

મૂર્છા નથી પામ્યા મનુજના, પાંચ ભેદે ભોગમાં,
ઉત્કૃષ્ટ જેની રાજ્ય નીતિથી, પ્રજા છે સુખચેનમાં;
વળી શુદ્ધ અધ્યવસાયથી જે, લીન છે નિજભાવમાં એવા૦ ૧૩

પામ્યા સ્વયંસંબુદ્ધપદ જે, સહજવર વિરાગવંત,
ને દેવ લોકાંતિક ઘણી, ભક્તિ થકી કરતા નમન;
જેને નમી કૃતાર્થ બનતા, ચારગતિના જીવગણ. એવા૦ ૧૪

આવો પધારો ઇષ્ટવસ્તુ, પામવા નરનારીઓ,
એ ઘોષણાથી અર્પતા, સાંવત્સરિક મહાદાનને;
ને છેદતા દારિદ્રય સૌનું, દાનના મહાકલ્પથી. એવા૦ ૧૫

શ્રમણ અવસ્થા

દીક્ષા તણો અભિષેક જેનો, યોજતા ઇન્દ્રો મળી,
શિબિકા સ્વરૂપ વિમાનમાં, વિરાજતા ભગવંતશ્રી;
અશોક પુન્નાગ તિલક ચંપાવૃક્ષ, શોભિત વનમહીં. એવા૦ ૧૬

શ્રી વજ્રધર ઇન્દ્રે રચેલા, ભવ્ય આસન ઉપરે,
બેસી અલંકારો ત્યજે, દીક્ષા સમય ભગવંત જે;
જે પંચમુષ્ટિ લોચ કરતા, કેશ વિભુ નિજ કર વડે. એવા૦ ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકાગ્રત ભગવંત સર્વે સિદ્ધને વંદન કરે,
સાવદ્ય સઘળા પાપયોગોના કરે પચ્ચક્ખાણને;
જે જ્ઞાન દર્શન ને મહાચારિત્ર રત્નત્રયી ગહે. એવા૦૧૮

નિર્મલવિપુલમતિ મનઃપર્યવ, જ્ઞાન સહ જે દીપતા,
જે પંચસમિતિ ગુપ્તિત્રયની, રયણમાળા ધારતા;
દશભેદથી જે શ્રમણ સુંદર, ધર્મનું પાલન કરે. એવા૦ ૧૯

પુષ્કર કમલનાં પત્રની, ભ્રાંતિ નહિ લેપાય જે,
ને જીવની માફક અપ્રતિહત, વરગતિએ વિચરે;
આકાશની જેમ નિરાલંબન, ગુણ થકી જે ઓપતા. એવા૦ ૨૦

ને અસ્ખલિત વાયુ સમૂહની, જેમ જે નિર્બંધ છે,
સંગોપિતાંગોપાંગ જેના, ગુપ્ત ઇન્દ્રિય દેહ છે;
નિસ્સંગતા ચ વિહંગશી, જેનો અમુલખ ગુણ છે. એવા૦ ૨૧

ખડ્ગીતણા વરશૃંગ જેવા, ભાવથી એકાકી જે,
ભારંડપંખી સારિખા, ગુણવાન ને અપ્રમત્ત છે;
વ્રતભાર વહેતા વરવૃષભની, જેમ જેહ સમર્થ છે. એવા૦ ૨૨

કુંજરસમા શૂરવીર જે છે, સિંહસમ નિર્ભય વળી,
ગંભીરતા સાગર સમી, જેના હૃદયને છે વરી;
જેના સ્વભાવે સોમ્યતા છે, પૂર્ણિમાના ચંદ્રની. એવા૦ ૨૩

આકાશ ભૂષણ સૂર્ય જેવા, દીપતા તપતેજથી,
વળી પૂરતા દિગંતને, કરૂણા ઉપેક્ષા મૈત્રીથી;
હરખાવતા જે વિશ્વને, મુદિતાતણા સંદેશથી. એવા૦ ૨૪

જે શરદઋતુના જળસમા, નિર્મળ મનોભાવો વડે,
ઉપકાર કાજ વિહાર કરતા, જે વિભિન્ન સ્થલો વિષે;
જેની સહન શક્તિ સમીપે, પૃથ્વી પણ ઝાંખી પડે. એવા૦ ૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહુપુણ્યનો જ્યાં ઉદય છે, એવા ભવિકના દ્વારને,
પાવન કરે ભગવંત નિજ તપ, છઠ્ઠ અઠ્ઠમ પારણે ;
સ્વીકારતા આહાર બેંતાલીસ, દોષ વિહીન જે. એવા૦ ૨૬

ઉપવાસ માસક્ષમણ સમા, તપ આકરાં તપતા વિભુ,
વિરાસનાદિ આસને, સ્થિરતા ધરે જગના પ્રભુ ;
બાવીસ પરીષહને સહંતા ખૂબ જે અદ્‌ભુત વિભુ. એવા૦ ૨૭

બાહ્ય અભ્યંતર બધા પરિગ્રહથકી જે મુક્ત છે,
પ્રતિમાવહન વળી શુકલ ધ્યાને, જે સદાય નિમગ્ન છે;
જે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરતા, મોહમલ્લ વિદારીને. એવા૦ ૨૮

પદસ્થ અવસ્થા

જે પૂર્ણ કેવળજ્ઞાન, લોકાલોકને અજવાળતું,
જેના મહાસામર્થ્ય કેરો, પાર કો નવ પામતું;
એ પ્રાપ્ત જેણે ચારઘાતી, કર્મને છેદી કર્યું. એવા૦ ૨૯

જે રજત સોના ને અનુપમ, રત્નના ત્રણ ગઢમહીં,
સુવર્ણના પાદપીઠમાં, પદકમલને સ્થાપન કરી;
ચારે દિશા મુખ ચાર ચાર, સિંહાસને જે શોભતા. એવા૦ ૩૦

જ્યાં છત્રસુંદર ઉજ્જવલા, શોભી રહ્યા શિર ઉપરે,
ને દેવદેવી રત્ન ચામર, વીંઝતા કરદ્વય વડે;
દ્વાદશ ગુણા વર દેવવૃક્ષ, અશોકથી ય પૂજાય છે. એવા૦ ૩૧

મહાસૂર્ય સમ તેજસ્વી શોભે, ધર્મચક્ર સમીપમાં,
ભામંડલે પ્રભુપીઠથી, આભા પ્રસારી દિગંતમાં;
ચોમેર જાનું પ્રમાણ પુષ્પો, અર્ઘ્ય જિનને અર્પતા. એવા૦૩૨

જ્યાં દેવદુંદુભિ ઘોષ ગજવે, ઘોષણા ત્રણલોકમાં,
ત્રિભુવન તણા સ્વામી તણી, સૌએ સુણો શુભદેશના;
પ્રતિબોધ કરતા, દેવ માનવ ને વળી તિર્યંચને. એવા૦૩૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યાં ભવ્ય જીવોના અવિકસિત, ખીલતાં પ્રજ્ઞાકમળ,
ભગવંતવાણી દિવ્યસ્પર્શે, દૂર થતાં મિથ્યા વમળ;
ને દેવદાનવ ભવ્યમાનવ, ઝંખતા જેનું શરણ. એવા૦૩૪

જે બીજ ભૂત ગણાય છે, ત્રણપદ ચતુર્દશપૂર્વના,
ઉપ્પન્નેઇ વા વિગમેઇ વા, ધુવેઇ વા મહાતત્ત્વના;
એ દાન સુશ્રુતજ્ઞાનનું દેનાર, ત્રણ જગનાથ જે. એવા૦ ૩૫

એ ચૌદપૂર્વના રચે છે, સૂત્ર સુંદર સાર્થ જે.
તે શિષ્યગણને સ્થાપતા, ગણધર પદે જગનાથ જે;
ખોલે ખજાનો ગૂઢ માનવ, જાતના હિત કારણે. એવા૦ ૩૬

જે ધર્મતીર્થંકર ચતુર્વિધ, સંઘ સંસ્થાપન કરે,
મહાતીર્થ સમ એ સંઘને, સુરઅસુર સહુ વંદન કરે;
ને સર્વજીવો ભૂત-પ્રાણી,-સત્વશું કરૂણા ધરે. એવા૦ ૩૭

જેને નમે છે ઇન્દ્ર, વાસુદેવ ને બલભદ્ર સહુ,
જેના ચરણને ચક્રવર્તી, પૂજતાં ભાવે બહુ;
જેણે અનુત્તર વિમાનવાસી, દેવના સંશય હણ્યા. એવા૦ ૩૮

જે છે પ્રકાશક સૌ પદાર્થો, જડ તથા ચૈતન્યના,
વરશુકલ લેશ્યા તેરમે, ગુણસ્થાનકે પરમાતમા;
જે અંત આયુષ્યકર્મનો, કરતા પરમ ઉપકારથી. એવા૦ ૩૯

રૂપસ્થ અવસ્થા

લોકાગ્રભાવે પહોંચવાને, યોગ્ય ક્ષેત્રી જે બને,
ને સિદ્ધના સુખ અર્પતી, અંતિમ તપસ્યા જે કરે;
જે ચૌદમા ગુણસ્થાનકે, સ્થિર પ્રાપ્ત શૈલેશીકરણ. એવા૦ ૪૦

હર્ષે ભરેલા દેવનિર્મિત, અંતિમે સમવસરણે,
જે શોભતા અરિહંત પરમાત્મા, જગતઘર આંગણે;
જે નામના સંસ્મરણથી, વિખરાય વાદળ દુઃખના. એવા૦ ૪૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે કર્મનો સંયોગ વળગેલો, અનાદિ કાળથી,
તેથી થયા જે મુક્ત પુરણ, સર્વથા સદ્‌ભાવથી;
રમમાણ જે નિજરૂપથી, સર્વજગનું હિત કરે. એવા૦ ૪૨

જે નાથ ઔદારિક વળી, તૈજસ તથા કાર્મણ તનુ,
એ સર્વને છોડી અહીં, પામ્યા પરમપદ શાશ્વતું;
જે રાગદ્વેષ જળે ભર્યા, સંસાર સાગરને તર્યા. એવા૦ ૪૩

શૈલેશીકરણે ભાગ ત્રીજે, શરીરના ઓછા કરી,
પ્રદેશ જીવના ઘન કરી, વળી પૂર્વધ્યાન પ્રયોગથી;
ધનુષ્યથી છૂટેલ બાણ, તણી પરે શિવગતિ લહી. એવા૦ ૪૪

નિર્વિઘ્ન સ્થિરને અચલ અક્ષય, સિદ્ધિગતિ એ નામનું,
છે સ્થાન અવ્યાબાધ જ્યાંથી, નહિ પુનઃ ફરવાપણું;
એ સ્થાનને પામ્યા અનંતા, ને વળી જે પામશે. એવા૦ ૪૫

આ સ્તોત્રને પ્રાકૃતિગિરામાં, વર્ણવ્યું ભક્તિબળે,
અજ્ઞાત ને પ્રાચીન મહામના કો મુનિશ્વર બહુશ્રુતે;
પદપદ મહીં જેના, મહાસામર્થ્યનો મહિમા મળે. એવા૦ ૪૬

જે નમસ્કાર સ્વાધ્યાયમાં, પ્રેક્ષી હૃદય ગદ્‌ગદ બન્યું,
શ્રીચન્દ્ર નાચ્યો ગ્રંથ લઈ, મહાભાવનું શરણું મળ્યું;
કીધી કરાવી અલ્પભક્તિ, હોંશનું તરણું ફળ્યું. એવા ૦ ૪૭

જેના ગુણોના સિંધુના, બે બિંદુ પણ જાણું નહિ,
પણ એક શ્રદ્ધા દિલમહીં કે, નાથ સમ કો છે નહિ;
જેના સહારે કોડ તરીયા, મુક્તિ મુજ નિશ્ચય સહિ. એવા૦ ૪૮

જે નાથ છે ત્રણ ભુવનના કરૂણા જગે જેની વહે,
જેના પ્રભાવે વિશ્વમાં, સદ્‌ભાવની સરણી વહે;
આપે વચન 'શ્રીચંદ્ર' જગને, એ જ નિશ્ચય તારશે. એવા૦ ૪૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી રત્નાકર પચ્ચીશી

મંદિર છો મુક્તિતણા, માંગલ્ય કીડાના પ્રભુ,
ને ઇન્દ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ,
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના
ઘણું જીવ તું ઘણું જીવ તું, ભંડાર જ્ઞાનકળા તણા. ૧

ત્રણ જગતના આધાર ને, અવતાર હે કરુણા તણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ, સંસારના દુઃખો તણા,
વીતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરું
જાણો છતાં પણ કહી અને આ, હૃદય હું ખાલી કરું. ૨

શું બાળકો મા-બાપ પાસે, બાળકીડા નવ કરે ?
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે ?
તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી. ૩

મેં દાન તો દીધું નહિ ને, શીયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ,
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈ પણ પ્રભુ મેં નવ કર્યું,
મારું ભ્રમણ ભવ સાગરે નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું. ૪

હું ક્રોધ અગ્નિથી બળ્યો વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયાજાળમાં મોહન ! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે. ૫

મેં પરભવે કે આ ભવે પણ, હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો નહિ,
જન્મો અમારા જિનજી !, ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ,
ભિંજાય નહિ મુજ મન અરેરે !, શું કરું હું તો વિભુ,
પત્થર થકી પણ કઠણ મારું, મન ખરે ક્યાંથી દ્રવે ?
મરકટ સમા આ મન થકી, હું તો પ્રભુ હાર્યો હવે. ૭

ભમતાં મહા ભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કર ઘણાં,
તે પણ ગયા પરમાદના, વશથી પ્રભુ કહું છું ખરું,
કોની કને કિરતાર આ પોકાર હું જઇને કરું ? ૮

ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા,
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું ?
સાધુ થઈને બહારથી, દાંભિક અંદરથી રહું. ૯

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યા, પરનારીમાં લપટાઈને,
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતી નઠારું પરતણું,
હે નાથ ! મારું શું થશે, ચાલાક થઈ ચૂક્યો ઘણું. ૧૦

કરે કાળજાને કતલ પીડા, કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ હું, વિડંબના પામ્યો ઘણી,
તે પણ પ્રકાશ્યું આજ લાવી, લાજ આપ તણી કને,
જાણો સહું તેથી કહું, કર માફ મારા વાંકને. ૧૧

નવકાર મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યો વડે, હણી આગમોની વાણીને,
કુદેવની સંગત થકી, કર્મો નકામાં આચર્યા,
મતિભ્રમ થકી રત્નો ગુમાવી, કાચ કટકા મેં ગ્રહ્યા. ૧૨

આવેલ દૃષ્ટિમાર્ગમાં, મૂકી મહાવીર આપને,
મેં મૂઢધીએ હૃદયમાં, ધ્યાયા મદનના ચાપને,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નેત્રબાણો ને પયોધર, નાભિ ને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણા, છટકેલ થઈ જોયા અતિ. ૧૩

મૃગનયણી સમ નારીતણા, મુખચંદ્ર નિરખવા વલી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગાઢો અતિ,
તે શ્રુતરૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે, બચું કેમ હું આ પાપથી ? ૧૪

સુંદર નથી આ શરીર કે, સમુદાય ગુણ તણો નથી,
ઉત્તમ વિલાસ કળા તણો, દેદીપ્યમાન પ્રભા નથી,
પ્રભુતા નથી તો પણ પ્રભુ !, અભિમાનથી અક્કડ ફરું,
ચોપાટ ચાર ગતિ તણી, સંસારમાં ખેલ્યા કરું. ૧૫

આયુષ્ય ઘટતું જાય તો પણ, પાપ બુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ, વિષયાભિલાષા નવ મટે,
ઔદ્યષ વિષે કરું યત્ન પણ હું, ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાના ઘર ચણું. ૧૬

આત્મા નથી પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી, કાન પીધી સ્વાદથી,
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ, આપશ્રી તો પણ અરે,
દીવો લઈ કૂવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે. ૧૭

મેં ચિત્તથી નહિ દેવની કે, પાત્રની પૂજા ગ્રહી,
ને શ્રાવકો કે સાધુઓનો, ધર્મ પણ પાળ્યો નહિ,
પામ્યો પ્રભુ નરભવ છતાં, રણમાં રડ્યા જેવું થયું,
ધોબીતણા કુત્તા સમું મમ, જીવન સહુ એળે ગયું. ૧૮

હું કામધેનુ કલ્પતરુ, ચિંતામણીના પ્યારમાં,
ખોટા છતાં જંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં,
જે પ્રગટસુખ દેનાર ત્હારો, ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી, નાથ કર કરુણા કંઈ. ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેં ભોગ સારા ચિંતવ્યા તે, રોગ સમ ચિંત્યા નહિ,
આગમન ઇચ્છયું ધન તણું પણ, મૃત્યુને પ્રીછ્યું નહિ,
નહિ ચિંતવ્યું મેં નરક, કારાગ્રહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશા મહીં, ભયમાત્ર હું ભૂલી ગયો. ૨૦

હું શુદ્ધ આચારો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારનાં, યશ પણ ઉપાર્જન નવ કર્યો,
વળી તીર્થના ઉદ્ધાર આદિ, કોઈ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે આ લક્ષ, ચોરાશી તણા ફેરા ફર્યા. ૨૧

ગુરુવાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ મને,
દુર્જન તણા વાક્યો મહીં, શાંતિ મળે ક્યાંથી મને,
તરું કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહિ જરી
તૂટેલ તળીયાનો ઘડો, જળથી ભરાયે કેમ કરી ? ૨૨

મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, ક્યાંથી થશે હે નાથજી,
ભૂત ભાવીને - સાંપ્રત ત્રણે, ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો. ૨૩

અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું ?
હે દેવતાના પૂજ્ય ! આ, ચારિત્ર મુજ પોતા તણું,
જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો, માહરું શું માત્ર આ,
જ્યાં કોડનો હિસાબ નહિ ત્યાં, પાઈની તો વાત ક્યાં ? ૨૪

ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો ઉદ્ધારનારો પ્રભુ !
મ્હારાથી નહિ અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ,
મુક્તિ મંગળ સ્થાન તોય મુજને, ઇચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્‌રત્ન **શ્યામજીવને,** તો તૃપ્તિ થાયે ઘણી. ૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રદક્ષિણા દેતી વખતે બોલવાના દુહા

કાળ અનાદિ અનંતથી, ભવ ભ્રમણનો નહિ પાર;
તે ભવ ભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા ત્રણ વાર. ૧

ભમતીમાં ભમતાં થકાં, ભવ ભાવઠ દૂર પલાય,
દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય. ૨

જન્મ-મરણાદિ સવિ ભય ટળે, સીઝે જો દર્શન કાજ,
રત્નત્રયી પ્રાપ્તિ ભણી, દર્શન કરો જિનરાજ. ૩

જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાન વિના જગ જીવડા, ન લહે તત્ત્વ સંકેત. ૪

ચય તે સંચય કર્મનો, રિક્ત કરે વળી જેહ;
ચારિત્ર નિર્યુક્તે કહ્યું, વંદો તે ગુણગેહ. ૫

દર્શન જ્ઞાન ચારિત્ર એ, રત્નત્રયી શિવદ્વાર;
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવદુઃખ ભંજનહાર. ૬

અષ્ટપ્રકારી પૂજાના દુહાઓ

જલપૂજાના દુહા

જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જલપૂજા ફલ મુજ હોજો, માગો એમ પ્રભુ પાસ. ૧

જ્ઞાન-કલશ ભરી આતમા, સમતારસ ભરપૂર;
શ્રી જિનને નવરાવતાં, કર્મ હોયે ચકચૂર. ૨

મેરુશિખર વ્હવરાવે, હો સુરપતિ-મેરુશિખર૦
જન્મકાળ જિનવરજીકો જાણી, પંચરૂપ કરી ભાવે, હો સુર૦ ૧

રત્નપ્રમુખ અડજાતિના કળશા, ઔષધિ ચૂરણ મિલાવે;
ખીરસમુદ્ર તીર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગાવે, હો સુર૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એણિપરે જિનપ્રતિમાકો ન્હવણ કરી, બોધિબીજ માનું વાવે;
અનુક્રમે ગુણરત્નાકર ફરસી, જિન ઉત્તમ પદ પાવે. હો સુર૦ ૩

ચંદન પૂજાનો દુહો

શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ;
આત્મ શીતલ કરવા ભણી, પૂજે અરિહા અંગ. ૧

નવ અંગે પૂજાના દુહા

જલ ભરી સંપુટ પત્રમાં યુગલિક નર પુજંત;
ઋષભ ચરણ અંગૂઠડે, દાયક ભવજલ અંત. ૧

જાનુબળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ-વિદેશ;
ખડા ખડા કેવળ લહ્યું, પૂજે જાનુ નરેશ. ૨

લોકાંતિક વયને કરી, વરસ્યા વરસી દાન;
કર કાંડે પ્રભુપૂજના, પૂજે ભવી બહુ માન. ૩

માન ગયું દોય અંસથી, દેખી વીર્ય અનંત;
ભૂજબળે ભવજળ તર્યા, પૂજે ખંધ મહંત. ૪

સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;
વસિયા તેણે કારણ ભવી, શિરશિખા પૂજંત. ૫

તીર્થંકર-પદ-પુણ્યથી ત્રિભુવન-જનસેવંત;
ત્રિભુવનતિલક સમા, પ્રભુ ભાલ તિલક જયવંત. ૬

સોલ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ;
મધુર ધ્વનિ સુરનર સુણે, તેણે ગળે તિલક અમૂલ. ૭

હૃદય કમલ ઉપશમ બળે, બાળ્યા રાગને રોષ;
હિમ દહે વનખંડને, હૃદય તિલક સંતોષ. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રત્નત્રયી ગુણ ઉજળી, સકલ સુગુણ વિશ્રામ;
નાભિકમળની પૂજના, કરતાં અવિચલ ધામ. ૯

ઉપદેશક નવ તત્ત્વના, તેણે નવ અંગ જિણંદ;
પૂજો બહુવિધ રાગથી, કહે 'શુભવીર' મુણિંદ. ૧૦

પુષ્પ-પૂજાનો દુહો

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગતસંતાપ;
સુમનજંતુ ભવ્ય જ પરે, કરીયે સમકિત છાપ.

ધૂપ-પૂજાનો દુહો

ધ્યાનઘટા પ્રગટાવીયે, વામનયન જિન ધૂપ;
મિચ્છત્ત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મસ્વરૂપ.

દીપક-પૂજાનો દુહો

દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;
ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક.

અક્ષત-પૂજાનો દુહો

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત વિશાલ;
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાલ.

સાથીયો કરતી વખતે બોલવાના દુહા

ચિહુંગતિ ભ્રમણ સંસારમાં, જન્મ-મરણ જંજાળ;
અષ્ટકર્મ નિવારવા, માંગું મોક્ષફલ સાર. ૧

અક્ષતપૂજા કરતાં થકાં, સફળ કરું અવતાર;
ફલ માંગુ પ્રભુ આગળે, તાર તાર મુજ તાર. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શન-જ્ઞાન-ચારિત્રના, આરાધનથી સાર;
સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર. ૩

નૈવેદ્ય-પૂજાનો દુહો

અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઇય અનંત;
દૂર કરી તે દીજીયે, અણાહારી શિવ સંત.

ફલ-પૂજાનો દુહો

ઇન્દ્રાદિક પૂજા ભણી, ફલ લાવે ઘરી રાગ;
પુરુષોત્તમ પૂજી કરી, માંગે શિવફલ ત્યાગ.

ચામર-પૂજા કરતી વખતે બોલવાની ઢાળ

બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ ઉલાળે,
જઇ મેરૂ ઘરી ઉત્સંગે, ઇન્દ્ર ચોસઠ મળીયા રંગે;
પ્રભુ પાસનું મુખડું જોવા, ભવો ભવનાં પાતિક ખોવા.

વિભાગ - પ્રથમ સંપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિભાગ-૨

ચૈત્યવંદનો

શ્રી સિદ્ધાચલજીના ચૈત્યવંદનો - ૧૦

(૧)

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, પુંડરીકગિરિ સાચો;
વિમલાચલને તીર્થરાજ, જસ મહિમા જાચો. ॥૧॥

મુક્તિનિલય શતકૂટ નામ, પુષ્પદંત ભણીજે;
મહાપદ્મને સહસ્રપત્ર, ગિરિરાજ કહીજે. ॥૨॥

ઇત્યાદિક બહુ ભાતશું એ, નામ જપો નિરધાર;
ધીરવિમલ કવિરાજનો, શિષ્ય કહે સુખકાર. ॥૩॥

(૨)

વિમલ કેવલજ્ઞાનકમલા, કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજસંસ્તુતચરણપંકજ, નમો આદિ જિનેશ્વરં. ॥૧॥

વિમલ ગિરિવર શૃંગમંડન, પ્રવર ગુણગણ ભૂધરં;
સુર અસુર કિન્નર કોડિ સેવિત, નમો આદિ જિનેશ્વરં. ॥૨॥

કરતી નાટક કિન્નરીગણ, ગાય જિનગુણ મનહરં;
નિર્જરાવલી નમે અહોનિશ, નમો આદિ જિનેશ્વરં. ॥૩॥

પુંડરિક ગણપતિ સિદ્ધિ સાધિત, કોડિ પણ મુનિમનહરં;
શ્રીવિમલગિરિવરશૃંગ સિદ્ધા, નમો આદિ જિનેશ્વરં. ॥૪॥

નિજ સાધ્ય સાધક શૂર મુનિવર, કોડિનંત એ ગિરિવરં;
મુક્તિરમણી વર્યા રંગે, નમો આદિ જિનેશ્વરં. ॥૫॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાતાલ નર સુર લોકમાંહિ, વિમલ ગિરિવર તો પરં;
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે, નમો આદિ જિનેશ્વરં. ॥૬॥
ઇમ વિમલ ગિરિવર શિખર મંડણ, દુઃખવિહંડણ ધ્યાઇએ;
નિજ શુદ્ધસત્તાસાધનાર્થ, પરમ જ્યોતિ નિપાઈએ. ॥૭॥
જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમ પદસ્થિતિ જયકરં;
ગિરિરાજ સેવા કરણ તત્પર, **પદ્મવિજય** સુહિતકરં. ॥૮॥

(૩)

સોના રૂપાને ફૂલડે, સિદ્ધાચલને વધાવું;
ધ્યાન ધરી દાદા તણું, આનંદ મનમાં લાવું. ॥૧॥

પૂજા કરી પાવન થયો, અમ મન નિર્મળ દેહ;
રચના રચું શુભ ભાવથી, કરૂં કર્મનો છેહ. ॥૨॥

અભવિને દાદા વેગળા, ભવિને હૈડા હજુર;
તન મન ધ્યાન એક લગ્નથી, કીધા કર્મ ચકચૂર. ॥૩॥

કાંકરે કાંકરે સિદ્ધ થયાં, સિદ્ધ અનંતનું ધામ;
શાશ્વત ગિરિવર પૂજતાં, જીવ પામે વિશ્રામ. ॥૪॥

દાદા દાદા હું કરૂં, દાદા વસિયા દૂર;
દ્રવ્યથી દાદા વેગળા, ભાવથી હૈડાં હજૂર. ॥૫॥

દુઃષમ કાળે પૂજતાં, ઇન્દ્ર ધરી બહુ પ્યા૨;
તે પ્રતિમાને વંદના, શ્વાસમાંહે સો વાર. ॥૬॥

સુવર્ણગુફામાં પૂજતાં, રત્નપ્રતિમા ઇન્દ્ર;
જ્યોતિમાં જ્યોતિ મીલે, પૂજે ભવિ સુખકંદ. ॥૭॥

રિદ્ધિ સિદ્ધિ ઘેર સંપજે, પહોંચે મનની આશ;
ત્રિકરણ શુદ્ધે પૂજતાં, **જ્ઞાનવિમલ** પ્રકાશ. ॥૮॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪)

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરિક જાસ, મહિમાએ મહંત. ॥૧॥

પંચ કોડ મુણિંદ સાથ, અણસણ જીહાં કીધ;
શુકલ ધ્યાન ધ્યાતા અમૂલ, કેવલ ત્યાં લીધ. ॥૨॥

ચૈત્રી પૂનમને દિન એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરિકગિરિ, નામ દાન સુખકંદ. ॥૩॥

(૫)

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે;
ભાવ ધરીને જે ચડે, તેને ભવપાર ઉતારે. ॥૧॥

અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય;
પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવીયા પ્રભુપાય. ॥૨॥

સૂરજકુંડ સોહામણો, કવડજક્ષ અભિરામ;
નાભિરાયા કુલમંડણો, જિનવર કરું પ્રણામ. ॥૩॥

(૬)

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર સિદ્ધાચલ સાચો;
આદીશ્વર જિનરાયનો જિહાં મહિમા જાચો. ॥૧॥

ઇહાં અનંત ગુણવંત સાધુ, પામ્યા શિવવાસ;
એહ ગિરિ સેવાથી અધિક, હોય લીલ વિલાસ. ॥૨॥

દુષ્કૃત સવિ દૂર હરે એ, બહુ ભવ સંચિત જેહ;
સકલ તીરથ શિર સેહરો, દાન નમે ધરી નેહ. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૭)

ઋષભની પ્રતિમા મણિમયી, ભરતેશ્વરે કીધી
તે પ્રતિમા છે ઇણગિરિ, એહ વાત પ્રસિદ્ધિ. ॥૧॥

દેખે દરિસણ કોઇ જાસ, માનવ ઇહ લોકે
ત્રીજે ભવ જે મુક્તિ યોગ્ય, નર તેહ વિલોકે ॥૨॥

સ્વર્ણ ગુફા પશ્ચિમ દિશિએ, એ છે જાસ અહિઠાણ
દાન સુહંકર વિમલગિરિ, તે પ્રણમું હિત આણ ॥૩॥

(૮)

સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ;
મન, વચન, કાય એકાગ્રશું, નામ જપો એકવીશ. ॥૧॥

[૧]શત્રુંજયગિરિ વંદીએ, [૨]બાહુબલી ગુણધામ;
[૩]મરૂદેવ [૪]પુંડરીકગિરિ, [૫]રૈવતગિરિ વિશરામ. ॥૨॥

[૬]વિમલાચલ [૭]સિદ્ધરાજજી, નામ [૮]ભગીરથ સાર;
[૯]સિધ્ધક્ષેત્રને [૧૦]સહસકમલ, [૧૧]મુક્તિનિલય જયકાર; ॥૩॥

[૧૨] સિદ્ધાચલ[૧૩]શતકુટગિરિ,[૧૪]ટંકને[૧૫]કોડીનિવાસ;
[૧૬]કદંબગિરિ[૧૭]લોહિત્યનમો, [૧૮]તાલધ્વજ[૧૯]પુણ્યરાસ. ॥૪॥

[૨૦]મહાબલ ને [૨૧]દૃઢશક્તિ સહી, એમ એકવીશ નામ;
સાતે શુદ્ધિ સમાચરી, કરીએ નિત્ય પ્રણામ. ॥૫॥

દગ્ધ શૂન્યને અવિધિ દોષ, અતિપ્રવૃત્તિ જેહ,
ચાર દોષ છંડી ભજો, ભક્તિભાવ ગુણગેહ. ॥૬॥

મનુષ્ય જન્મ પામી કરીએ, સદ્‌ગુરુ તીરથ યોગ;
શ્રી શુભવીરને શાસને, શિવ રમણી સંયોગ. ॥૭॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯

શ્રીરાયણ પગલાનું ચૈત્યવદંન

આદિ જિનેશ્વર રાયના, છે પગલા મનોહાર,
ભાવ સહિત ભક્તિ કરે, પહોંચાડે ભવપાર ॥૧॥

રાયણ રુખ તળે બિરાજી,દીએ જગને સંદેશ,
ભવિયણ ભાવે જુહારીએ, દૂર કરે સંક્લેશ ॥૨॥

પગલે પડીને વિનવું, પૂરજો મારી આશ,
જ્ઞાન તણી વિનતી સુણો,દેજો શિવપદ વાસ ॥૩॥

૧. રુખ-વૃક્ષ

૧૦

શ્રી ઘેટી પગલાનું ચૈત્યવંદન

સર્વ તીર્થ શિરોમણિ, શત્રુંજય સુખકાર,
ઘેટી પગલાં પૂજતાં, સફળ થાય અવતાર ॥૧॥
પૂર્વ નવાણું પધારીયા, જિહાં શ્રી અરિહંત,
તે પગલાને વંદીએ, આણી મન અતિ ખંત ॥૨॥

ચોવિહારો છઠ્ઠ કરી, ઘેટી પગલે જાય,
ધર્મરત્ન પસાયથી, મનવાંછિત ફળ થાય ॥૩॥

શ્રી પંચતીર્થના ચૈત્યવંદનો -૨

૧

સુખદાયી શ્રી આદિનાથ, અષ્ટાપદ વંદો,
ચંપાપુરી શ્રી વાસુપૂજય, મુખ પૂનમ ચંદો ॥૧॥

ગિરનારે શ્રી નેમિનાથ, સુખ સુરતરુ કંદો,
સમેતશિખરે શ્રી પાર્શ્વનાથ, પૂજી આણંદો ॥૨॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપાપા નયરી વીરજી એ, કલ્યાણક શુભ ઠામ,
રૂપવિજય કહે સાહિબા, એ પાંચે આતમરામ ॥૩॥

(૨)

વિમલાચલ ગિરિ વંદિએ, આદિનાથ અરિહંત,
રૈવતગિરિ રાજે સદા, બ્રહ્મચારી ભગવંત ॥૧॥

આબુ તીરથ અતિ ભલો, ભેટ્યો લહે ભવપાર,
જિન ચોવીશે વંદિએ, અષ્ટાપદ શ્રીકાર ॥૨॥

સમેતશીખર ગિરિ ઉપરે, સિધ્યા જિનવર વીશ,
વાસુપૂજય ચંપાપુરી, આપે પદવી જગીશ ॥૩॥

પાવાપુરી શ્રી વીરજી, ભવદુઃખ ભંજનહાર,
ચૈત્ય નમું જિનરાજનાં, તીનહિ લોક મોઝાર ॥૪॥

ચરમ જિણંદે ભાખિયા, શાશ્વતાશાશ્વત જેહ,
કીર્તિચંદ્ર મોહે દીજિએ, શિવસુંદરી વર ગેહ ॥૫॥

પરમાત્માના ચૈત્યવંદનો

શ્રી ઋષભદેવના ચૈત્યવંદનો - ૮

(૧)

કલ્પવૃક્ષાની છાંયડી, નાનડીયો રમતો;
સોવન હિંડોળે હિંચતો, માતાને મન ગમતો. ॥૧॥

સહું દેવી બાલક થઈ, ઋષભજીને તેડે;
વ્હાલા લાગો છો કહી, પ્રભુ હૈડાશું ભીડે. ॥૨॥

જિનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન;
ઇન્દ્રે ઘાલ્યો માંડવો, વિવાહનો મંડાણ. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોરી બાંધી ચિહું દિશિ, સુરગોરી ગીત ગાવે;
સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે. ॥૪॥

સકલ સંગ છંડી કરી, કેવળજ્ઞાનને પામે;
અષ્ટકર્મનો ક્ષય કરી, પહોંચ્યા શિવપુર ધામે. ॥૫॥

ભરતે બિંબ ભરાવીયા એ, શત્રુંજય ગિરિરાય;
શ્રી વિજયપ્રભસૂરિતણા, **ઉદયરત્ન** ગુણ ગાય. ॥૬॥

(૨)

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર જિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સિધ્યાં સઘળાં કાજ નમો. અ૦ ॥૧॥

પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો;
અજર અમર અદ્‌ભુત અતિશયનિધિ, પ્રવચન જલધિમયંક નમો. અ૦ ॥૨॥

તિહુયણ ભવિયણ જણમન વંછિય, પૂરણદેવ રસાલ નમો;
લળી લળી પાય નમું હું ભાલે, કરજોડીને ત્રિકાલ નમો. અ૦ ॥૩॥

સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન, નયનાનંદન દેવ નમો;
સકલ સુરાસુર નરવર નાયક, સારે અહનિશસેવ નમો. અ૦ ॥૪॥

તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિ ને હિત વત્સલ, તુંહિ કૃપારસ સિંધુ નમો. અ૦ ॥૫॥

કેવલજ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષગણ, દુરિત ઉપદ્રવ ભાવ નમો. અ૦ ॥૬॥

જગચિંતામણિ જગગુરૂ, જગહિત કારક જગજન નાથ નમો;
ઘોર અપાર ભવોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો. અ૦ ॥૭॥

અશરણ શરણ નિરાગ નિરંજન, નિરૂપાધિક જગદીશ નમો;
બોધિ દિઓ અનુપમ દાનેશ્વર, **જ્ઞાનવિમળ** સૂરીશ નમો. અ૦ ॥૮॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩)

સદ્‌ભક્ત્યા નત મૌલિ નિર્જરવર ભ્રાજિષ્ણુ મૌલિપ્રભા
સંમિશ્રાઽઽરુણદીપ્તિશોભિ ચરણામ્ભોજદ્વયઃ સર્વદા;
સર્વજ્ઞઃ પુરુષોત્તમઃ સુચરિતો ધર્માર્થિનાં પ્રાણીનાં,
ભૂયાદ્ ભૂરિવિભૂતયે મુનિપતિઃ શ્રીનાભિસૂનુર્જિનઃ ॥૧॥

સદ્‌બોધોપચિતાઃ સદૈવ દધતા પ્રૌઢપ્રતાપશ્રિયો,
યેનાઽજ્ઞાનતમો વિતાનમખિલં વિક્ષિપ્તમન્તઃ ક્ષણમ્;
શ્રી શત્રુંજયપૂર્વશૈલશિખરં ભાસ્વાનિવોદ્‌ભાસયન્
ભવ્યામ્ભોજહિતઃ સ એષ જયતુ શ્રીમારુદેવપ્રભુઃ ॥૨॥

યો વિજ્ઞાનમયો જગત્ત્રયગુરુ, યં સર્વલોકાઃ શ્રિતાઃ,
સિદ્ધિર્યેન વૃતા સમસ્તજનતા, યસ્મૈ નતિં તન્વતે;
યસ્માન્મોહમતિર્ગતા મતિભૃતાં, યસ્યૈવ સેવ્યં વચો,
યસ્મિન્ વિશ્વગુણાસ્તમેવ સુતરાં, વન્દે યુગાદીશ્વરમ્ ॥૩॥

(૪)

આદિદેવ અલવેસરૂ, વિનીતાનો રાય;
નાભિરાયા કુલ મંડણો, મરૂદેવા માય. ॥૧॥

પાંચસે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ;
ચોરાશી લાખ પૂર્વનું, જસ આયુ વિશાલ. ॥૨॥

વૃષભ લંછન જિન વૃષધરુએ, ઉત્તમ ગુણ મણિખાણ;
તસ પદ પદ્મ સેવન થકી, લહીએ અવિચળ ઠાણ. ॥૩॥

(૫)

ધુરે સમરૂં શ્રી આદિદેવ, વિમલાચલ સોહીએ;
સુરતિ મૂર્તિ અતિસફળ, ભવિયણના મન મોહીએ. ॥૧॥

સુંદર રૂપ સોહામણો, જોતાં તૃપ્તિ ન હોય;
ગુણ અનંત જિનવરતણા, કહી શકે નવ કોય. ॥૨॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીતરાગ દર્શન વિના, ભવસાગરમાં ડૂબીયો;
કુગુરૂ કુદેવે ભોળવ્યો, ગાઢો જલ ભરીયો. ॥૩॥

પૂર્વ પુણ્ય પસાઉલે, વીતરાગ મેં આજ;
દર્શન દીઠો તાહરો, તારણ તરણ જહાજ. ॥૪॥

સુરઘટને સુરવેલડી, આંગણે મુજ આઈ;
કલ્પવૃક્ષા ફળીઓ વળી, નવનિધિ મેં પાઈ. ॥૫॥

તુજ નામે સંકટ ટળે, નાસે વિષમ વિકાર;
તુજ નામે સુખ સંપદા, તુજ નામે જયકાર. ॥૬॥

આજ સફળ દિન માહરો એ, સફળ થઈ મુજ જાત્ર;
પ્રથમ તીર્થંકર ભેટીયા, નિર્મળ કીધાં ગાત્ર. ॥૭॥

સુરનર કિન્નર કિન્નરી, વિદ્યાધરની કોડ;
મુક્તિ પહોંચ્યાં કેવળી, વંદુ બે કર જોડ. ॥૮॥

શત્રુંજય ગિરિ મંડણોએ, મરૂદેવા માત મલ્હાર;
સિદ્ધિ વિજય સેવક કહે, તુમ તરીઆ મુજ તાર. ॥૯॥

૧. ગાઢો જલ = અગાધ જલ = ઊંડુ પાણી

(૬)

નાભિ નરેશ્વર કુલકમળ, દિનકર સમ કહીએ,
યુગલાધર્મ નિવારણો, જગસ્થિતિ શિવ લહીએ ॥૧॥

વંશ ઇક્ષ્વાકે રાજહંસ, મરૂદેવી નંદ;
આનંદકંદ જિણંદ ચંદ, ટાળે ભવ ફંદ ॥૨॥

ઋષભજિનેશ્વર પાય નમી, આણી ભાવ અપાર;
પ્રીતિવિજય કહે સાહિબા, આવાગમન નિવાર ॥૩॥

(૭)

મુખનિરખી જિનરાજનું, ભાવું ભાવ ઉદાર;
ધન્ય દિવસ વેળા ઘડી, નિરખ્યોતુમ દેદાર ॥૧॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતરજામી તું માહરો, સમરૂં વારોવાર;
તારક બિરૂદ સુણી કરી, મનમંદિર એકતાર ॥૨॥

સૂતાં બેઠા જાગતાં, એક જ તાહરુ ધ્યાન;
યોગીશ્વર પેરે જપું, નિરખું પરમ નિધાન ॥૩॥

સુરભિ સમરે વરછને, કોયલડી મધુમાસ;
તેમ સમરૂં હું તુજને, ચંદ ચકોર ઉલ્લાસ ॥૪॥

જિમ ઘનગર્જિત મોરને, ઉલટ અંગે થાય;
નિરખી નિરખી હરખે ઘણું, મુજમન આવે દાય ॥૫॥

અણસંભાર્યા સાંભરે, સમય સમય સોવાર;
નયણ અમારા લાલચું, દેખણ તુમ દેદાર ॥૬॥

તું મન માન્યો માહરે, તુંહિજ જીવન પ્રાણ;
સેવક કરીને દાખવો, તું મોરે મહિરાણ ॥૭॥

કાળ મોંઘે જે દાન દીયે, તેહની જગમાં વાહ;
તે માટે હવે આજથી, રખે વિસારો [1]નાહ ॥૮॥

એકવાર સેવક કહી, બોલાવો મહારાજ;
મુક્તિ નથી હું માંગતો, એટલે સિધ્યાંકાજ ॥૯॥

સેવક હશે તે બોલશે, ખમજો મુજ અપરાધ;
અસમંજસ જે બોલડાં, દાખ્યાં વેળા લાધ ॥૧૦॥

ભવોભવ તુમ ચરણતણી, માગું ભક્તિ ઉલ્લાસ;
આદિજિનેશ્વર પૂરજો, **ખેમવર્ધનની** આશ ॥૧૧॥

---

૧. નાહ-નાથ

(૮)

વિમલગિરિવર, સયલ અઘહર, ભવિક જન મન રંજનો,
નિજરૂપધારી, પાપ ટાલી, આદિજિન મદગંજનો,
જગજીવ તારે, ભરમ ફારે, સયલ અરિદલ ગંજનો,
પુંડરિક ગિરિવર, શૃંગ શોભે, આદિનાથ નિરંજનો ॥૧॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજ અમર, અચલ આનંદરૂપી જન્મ મરણ વિહંડણો,
સુર અસુર ગાવે, ભક્તિભાવે, વિમલગિરિ જગ મંડણો,
પુંડરિક ગણાધિપ,રામ પાંડવ, આદિ જે બહુ મુનિવરા,
જિહાં મુક્તિ રમણિ, વર્યા રંગે, કર્મ કંટક સહુ જરા ॥૨॥

કોઈ જગમાં અન્ય નહિ, વિમલગિરિ સમ તારકં,
દૂરભવિયાં, જે અભવિયાં સદા દૃષ્ટિ નિવારકં,
એક ત્રીજે, પંચમે ભવ, વરે શિવ દુઃખ વારકં,
ઇહ આશધારી, શરણથારી, આતમા હિતકારકં ॥૩॥

શ્રી અજિતનાથ ભગવાન

અજીતનાથ પ્રભુ અવતર્યો, વિનીતાનો સ્વામી;
જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી ॥૧॥

બોહોંતેર લાખ પૂરવ તણું, પાલ્યું જિણે આય;
ગજ લંછન લંછન નહિ, પ્રણમે સુર રાય. ॥૨॥

સાડા ચારશે ધનુષની એ, જિનવર ઉત્તમ દેહ;
પાદ પદ્મ તસ પ્રણમીયે, જિમ લહીએ શિવગેહ. ॥૩॥

શ્રી સંભવનાથ ભગવાન

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ;
જિતારી નૃપ નંદનો, ચલવે શિવ સાથ. ॥૧॥

સેના નંદન ચંદને, પૂજો નવ અંગે;
ચારશે ધનુષનું દેહમાન, પ્રણમો મનરંગે. ॥૨॥

સાઠ લાખ પૂરવ તણુંએ, જિનવર ઉત્તમ આય;
તુરગ લંછન પદ પદ્મને, નમતાં શિવસુખ થાય. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી અભિનંદન ભગવાન

નંદન સંવર રાયનો, ચોથા અભિનંદન;
કપિ લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન. ॥૧॥

સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિનરાય;
સાડા ત્રણસેં ધનુષમાન, સુંદર જસ કાય. ॥૨॥

વિનિતાવાસી વંદીયે એ, આયુ લખ પચાસ;
પૂરવ તસ પદ **પદ્મને**, નમતાં શિવપુર વાસ. ॥૩॥

શ્રી સુમતિનાથ ભગવાન

સુમતિનાથ સુહંકરુ, કોસલ્લા જસ નયરી;
મેઘરાય મંગલા તણો, નંદન જિતવયરી ॥૧॥

ક્રૌંચ લંછન જિનરાજીયો, ત્રણસેં ધનુષની દેહ;
ચાલીસ લાખ પૂરવ તણું, આયુ અતિ ગુણગેહ. ॥૨॥

સુમતિ ગુણે કરી જે ભર્યા એ, તર્યા સંસાર અગાધ;
તસ પદ **'પદ્મ'** સેવા થકી, લહો સુખ અવ્યાબાધ. ॥૩॥

શ્રી પદ્મપ્રભ ભગવાન

કોસંબીપુર રાજીયો, ધર નરપતિ તાય;
પદ્મપ્રભ પ્રભુતામયી, સુસીમા જસ માય. ॥૧॥

ત્રીસ લાખ પૂરવ તણું, જિન આયુ પાલી;
ધનુષ અઢીસે દેહડી, સર્વ કર્મને ટાલી. ॥૨॥

પદ્મ લંછન પરમેશ્વરું એ, જિનપદ પદ્મની સેવ,
પદ્મવિજય કહે કીજીએ, ભવિજન સૌ નિત્યમેવ. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સુપાર્શ્વ ભગવાન

શ્રી સુપાસ જિણંદ પાસ,ટાલ્યો ભવ ફેરો;
પૃથિવી માત ઉરે જયો, તે નાથ હમેરો. ॥૧॥

પ્રતિષ્ઠિત સુત સુંદરું, વાણારસી રાય;
વીશ લાખ પૂરવ તણું, પ્રભુજીનું આય. ॥૨॥

ધનુષ બસેં જિન દેહડી એ, સ્વસ્તિક લંછન સાર;
પદ પદ્મ જસ રાજતો, તાર તાર ભવ તાર. ॥૩॥

શ્રીચન્દ્રપ્રભ સ્વામિ

લક્ષ્મણા માતા જનમીયો, મહસેન જસ તાય;
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય. ॥૧॥

દશ લાખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ;
સુરનરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ. ॥૨॥

ચંદ્રપ્રભ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર;
'પદ્મવિજય' કહે પ્રણમીયે, મુજ પ્રભુ પાર ઉતાર. ॥૩॥

શ્રી સુવિધિનાથ ભગવાન

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત;
મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત. ॥૧॥

આયુ બે લાખ પૂરવ તણું, શત ધનુષની કાય;
કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય. ॥૨॥

ઉત્તમવિધિ જેહથી લહ્યો એ, તેણે સુવિધિ જિન નામ;
નમતાં તસ પદ પદ્મને, લહિયે શાશ્વત ધામ. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શીતલનાથ ભગવાન

નંદા દઢરથ નંદનો, શીતલ શીતલનાથ;
રાજા ભદ્દીલપુર તણો, ચલવે શિવ સાથ. ॥૧॥

લાખ પૂરવનું આઉખું, નેવુ ધનુષ પ્રમાણ;
કાયા માયા ટાળીને, લહ્યા પંચમ નાણ. ॥૨॥

શ્રી વત્સ લંછન સુંદરું એ, પદ **પદ્મો** રહે જાસ;
તે જિનની સેવા થકી, લહીયે લીલ વિલાસ. ॥૩॥

શ્રી શ્રેયાંસનાથ ભગવાન

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય;
વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય. ॥૧॥

વરસ ચોરાશી લાખનું, પાલ્યું જેણે આય;
ખડ્ગી લંછન પદ કજે, સિંહપુરીનો રાય. ॥૨॥

રાજ્ય તજી દીક્ષા વરીએ, જિનવર ઉત્તમ જ્ઞાન;
પામ્યા તસ પદ **પદ્મને** નમતાં અવિચલ થાન. ॥૩॥

શ્રી વાસુપૂજ્ય ભગવાન

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ. ॥૧॥

મહિષલંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વલી, બહોંતેર લાખ વખાણ. ॥૨॥

સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદિત થાય. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વિમલનાથ ભગવાન

કંપિલપુર વિમલપ્રભુ શ્યામા માતા મલ્હાર;
કૃતવર્મા નૃપ કુલનભે, ઉગમીયો દિનકાર. ॥૧॥

લંછન રાજે વરાહનું, સાઠ ધનુષ્યની કાય;
સાઠ લાખ વરસાં તણું, આયુ સુખ સમુદાય. ॥૨॥

વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ;
તુજ પદ **પદ્મ** વિમલ પ્રતિ, સેવું ઘરી સસનેહ. ॥૩॥

શ્રી અનંતનાથ ભગવાન

અનંત અનંત ગુણ આગરૂં, નયરી અયોધ્યાવાસી;
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી. ॥૧॥

સુજસા માતા જનમીયો, ત્રીસ લાખ ઉદાર;
વરસ આઉખું પાલિયું, જિનવર જયકાર. ॥૨॥

લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ;
જિન પદ **પદ્મ** નમ્યા થકી, લહિયે સહજ વિલાસ. ॥૩॥

શ્રી ધર્મનાથ ભગવાન

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત;
વજ્ર લંછન વજી નમે,ત્રણ ભુવન વિખ્યાત. ॥૧॥

દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પીસ્તાલીશ;
રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીસ. ॥૨॥

ધર્મ મારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર;
તેણે તુજ પાદ **પદ્મ** તણી, સેવા કરું નિરધાર. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શાંતિનાથ પ્રભુનાં ચૈત્યવંદનો :-૫

(૧)

શાન્તિ જિનેશ્વર સોળમાં, અચિરાસુત વંદો;
વિશ્વસેન કુલ નભોમણિ, ભવિજન સુખ કંદો. ॥૧॥

મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ. ॥૨॥

ચાલીશ ધનુષની દેહડીએ, સમચઉરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ॥૩॥

(૨)

શાંતિકરણ શ્રી શાંતિનાથ, જેણે મારી નિવારી;
અચિરા કુખે ઉપનો, મૃગલંછન ધારી. ॥૧॥

ગજપુર રાજા વિશ્વસેન, કુલ મુગટ નગીનો;
ચાલીશ ધનુષ પ્રમાણ દેહ, મેં સાહિબ કીનો. ॥૨॥

સોવન વર્ણ તનુ રાજતો એ, વરસ લાખ જસ આય;
માનવિજય વાચક ભણે, જિન નામે સુખ થાય. ॥૩॥

(૩)

પારાપત ઉગારીયો, જિણે નિજ તનુ સાટે;
વરતાવી જેણે જગત શાંતિ, શાન્તિ અભિધા તે માટે ॥૧॥

દુવિધ ચક્રધર જે હુઓ, અચિરાનો નંદન;
ચંદનથી શીતલ સરસ, ભવતાપ નિકંદન ॥૨॥

શાન્તિનાથ જિન સમરતાં એ, સીઝે સઘળા કાજ,
રામ કહે જિનરાગથી, લહીયે ત્રૂભુવન રાજ ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪)

દશમે ભવે શ્રી શાન્તિજિન, મેઘરથ રાજા નામ;
પોષહ લીધો પ્રેમથી, આત્મસ્વરૂપ અભિરામ ॥૧॥

એકદિન ઇન્દ્રે વખાણીયો, મેઘરથ મહારાય;
ધર્મે ચળાવ્યો નવિ ચળે, જો પ્રાણ પરલોકે જાય ॥૨॥

દેવે માયા ધારણ કરી, પારેવો સીંચાણો થાય;
અણધાર્યું આવી પડ્યું, પારેવડું ખોળામાંય ॥૩॥

શરણે આવ્યું પારેવડું, થરથર કંપે કાય;
રાખ રાખ તું રાજવી, મુજને સીંચાણો ખાય ॥૪॥

જીવદયા મનમાં વસી, કહે સીંચાણાને એહ;
નહિ આપુ પારેવડું, કહે તો કાપી આપું દેહ ॥૫॥

અભયદાન દેઈ કરીએ, બાંધ્યું તિર્થંકર નામ;
ઉદયરત્ન નિત્ય પ્રણમતાં, પામે અવિચલ ધામ ॥૬॥

(૫)

શાંતિ જિનેશ્વર સોળમા, ચક્રી પંચમ જાણું,
કામકુંભ અધિકથી, જસ મહિમા વખાણું ॥૧॥

ત્રિગડે બેસી દેશના, દેતા ભવિ ઉપકાર,
ભવિક કમળ પ્રતિ બોધતા, ભાવ ધરમ દાતાર ॥૨॥

કેવળજ્ઞાન દિવાકરૂ, કેવળ કમળા કંત,
ક્ષાયિક ચારિત્ર અનુભવી, કીધો ભવોદધિ અંત. ॥૩॥

અનંતવીર્ય અલવેસરૂ, પરમાનંદ જે પામ્યા,
આતમસુખ રૂચી થઈ, ચઉગતિનાં દુઃખ વામ્યા. ॥૪॥

ત્રિકરણ જોગે તાહરૂ, ધ્યાન ધરૂ જિનરાજ,
ભોળે ભગતે તાહરી, સારૂ વાંછિત કાજ. ॥૫॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જગ ચિંતામણિ સારખો, જગવલ્લભ જગનાથ,
જિન ઉત્તમ પદ સેવતાં રત્ન થયો સનાથ.॥૬॥

શ્રી કુંથુનાથ ભગવાન

કુંથુનાથ કામિત દીયે, ગજપુરનો રાય;
સિરિ માતા ઉર અવતર્યો, સુર નરપતિ તાય. ॥૧॥

કાયા પાંત્રીસ ધનુષ્યની, લંછન જસ છાગ;
કેવલજ્ઞાનાદિક ગુણો, પ્રણમો ધરી રાગ. ॥૨॥

સહસ પંચાણું વરસનું એ, પાલી ઉત્તમ આય;
પદ્મવિજય કહે પ્રણમીયે, ભાવે શ્રી જિનરાય. ॥૩॥

શ્રી અરનાથ ભગવાન

નાગપુરે અર જિનવરૂ, સુદર્શન નૃપ નંદ;
દેવી માતા જનમીયો, ભવિજન સુખકંદ. ॥૧॥

લંછન નંદાવર્તનું, કાયા ધનુષહ ત્રીશ;
સહસ ચોરાશી વરસનું, આયુ જાસ જગીશ. ॥૨॥

અરુજ અજર અજ જિનવરુ એ, પામ્યો ઉત્તમ ઠાણ;
તસ પદ પદ્મ આલંબતાં, લહીયે પદ નિરવાણ. ॥૩॥

શ્રી મલ્લિનાથ ભગવાન

મલ્લિનાથ ઓગણીશમાં, જસ મિથિલા નયરી;
પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ વયરી. ॥૧॥

તાત શ્રી કુંભ નરેસરુ, ધનુષ પચવીશની કાય;
લંછન કલશ મંગલ કરૂં, નિર્મમ નિરમાય. ॥૨॥

વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મુનિસુવ્રત ભગવાન

મુનિસુવ્રત જિન વીશમાં, કચ્છપનું લંછન;
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન. ॥૧॥

રાજગૃહી નગરી ધણી, વીશ ધનુષ શરીર;
કર્મ નિકાચિત રેણું વ્રજ, ઉદ્દામ શરીર. ॥૨॥

ત્રીશ હજાર વરસા તણું એ, પાલી આયુ ઉદાર;
પદ્મવિજય કહે શિવ લહ્યા, શાશ્વત સુખ નિરધાર. ॥૩॥

શ્રી નમિનાથ ભગવાનના ચૈત્યવંદન-૨

(૧)

મિથિલા નયરી રાજીયો, વપ્રા સુત સાચો;
વિજયરાય સુત છોડીને, અવર મત માચો. ॥૧॥

નીલકમલ લંછન ભલું. પન્નર ધનુષ્યની દેહ;
નમિ જિનવરનું સોહતું ગુણ ગણ મણિગેહ. ॥૨॥

દશ હજાર વરસ તણું એ, પાલ્યું પરગટ આય;
પદ્મવિજય કહે પુણ્યથી, નમીયે તે જિનરાય. ॥૩॥

(૨)

સકલ મંગલ કેલિકમલા, મંદિરં ગુણ સુંદરં,
વરકનક વર્ણ સુવર્ણપતિ જસ, ચરણ સેવે મનહરં;
અમરાવતી સમ નયરી મિથિલા, રાજ્ય ભાવ ધુરાધરં,
પ્રણમામિ શ્રી નમિનાથ જિનવર, ચરણ પંકજ સુખકરં. ॥૧॥

ગજવાદી સ્યંદન દેશ પુરધન, ત્યાગ કરી ત્રિભવન ધણી,
ત્રણશે અઠ્યાસી કોડી ઉપર, દીયે લખ એશી ગણી;
દીનાર જનની જનક નામાંકિત,દીયે ઇચ્છિત જિનવરં. પ્રણમામિ ॥૨॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહસાવનમાં સહસનરચુત, સૌમ્ય ભાવ સમાચરે,
નરક્ષોગ સંજ્ઞીભાવ વેદી, જ્ઞાન મનઃપર્યવ વરે;
અપ્રમત્ત ભાવે ઘાતિયઉખય, લહે કેવલ દિનકરં. પ્રણમામિ. ॥૩॥

તવ સકલ સુરપતિ ભક્તિ નતિ કરી, તીર્થપતિ ગુણ ઉચ્ચરે,
જય જગત જંતુ જાત કરૂણાવંત તું ત્રિભુવન શિરે;
જય અકલ અચલ અનંત અનુપમ, ભવ્ય જન મન ભયહરં. પ્રણમામિ. ॥૪॥

સપ્તદશજસ ગણધરા મુનિ, સહસવિંશતી ગુણનીલા,
સહસ એકતાલીશ સાહુણી, સોળસે કેવલી ભલા
જિનરાજ ઉત્તમ પદ્મની પેરે, રૂપવિજય સુહંકરં. પ્રણમામિ. ॥૫॥

શ્રી નેમિનાથ ભગવાનના ચૈત્યવંદનો -૩

(૧)

સમુદ્ર વિજય કુલ ચંદ નંદ, શિવાદેવી જાયા;
જાદવ વંશ નભોમણિ, શૌરિપુરી આયા. ॥૧॥

બાળથકી બ્રહ્મચર્યધર, ગત મારક પ્રચાર;
ભજી નિજ આત્મિક ગુણ, ત્યાગી સંસાર. ॥૨॥

નિષ્કારણ જગજીવનો એ, આશાનો વિશ્રામ;
દીન દયાળ શિરોમણી, પૂરણ સુરતરૂ કામ. ॥૩॥

પશુ પોકાર સુણી કરી, છાંડી ગૃહવાસ;
તત્ક્ષણ સંજમ આદરી, કરી કર્મનો નાશ. ॥૪॥

કેવળ શ્રી પામી કરી એ, પહોંચ્યા મુક્તિ મોઝાર ;
જન્મ મરણ ભવ ટાળવા, જ્ઞાન સદા સુખકાર. ॥૫॥

(૨)

નેમિનાથ બાવીશમાં, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય. ॥૧॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દશ ધનુષ્યની દેહડી, આયુ વર્ષ હજાર;
શંખલંછન ધર સ્વામીજી, તજી રાજુલ નાર. ॥૨॥

શૌરીપુરી નયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાણ. ॥૩॥

(૩)

વિશુદ્ધવિજ્ઞાનભૃતાં વરેણ, શિવાત્મજેન પ્રશમાકરેણ,
યેન પ્રયાસેન વિનેવ કામં, વિજિત્ય વિક્રાન્તવરં પ્રકામમ્. ॥૧॥
વિહાય રાજ્યં ચપલસ્વભાવં રાજીમતીં રાજકુમારિકાં ચ;
ગત્વા સલીલં ગિરિનારશૈલં, ભેજે વ્રતં કેવલ મુક્તિયુક્તમ્. ॥૨॥
નિઃશેષયોગીશ્વરમૌલિરત્નં, જિતેન્દ્રિયત્વે વિહિતપ્રયત્નમ્;
તમુત્તમાનન્દનિધાનમેકં, નમામિ નેમિં વિલસદ્વિવેકમ્. ॥૩॥

શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચૈત્યવંદનો -૬

(૧)

સકલ ભવિજન ચમત્કારી, ભારી મહીમા જેહનો,
નિખિલ આતમરમા રાજિત, નામ જપીયે તેહનો;
દુષ્ટ કર્માષ્ટક ગંજરી જે, ભવિક જન મન સુખકરો,
નિત્ય જાપ જપીયે પાપ ખપીયે, સ્વામી નામ શંખેશ્વરો. ॥૧॥

બહુ પુન્ય રાશિ દેશ કાશિ, તત્થ નયરી વાણારસી,
અશ્વસેન રાજા રાણી વામા, રૂપે રતિ તનું સારિખી;
તસ કૂખે સુપન ચૌદ સૂચિત, સ્વર્ગથી પ્રભુ અવતર્યો, નિત્ય૦ ॥૨॥

પોષ માસે કૃષ્ણ પક્ષે, દશમી દિને પ્રભુ જનમીયા,
સુરકુમરી સુરપતિ ભક્તિ ભાવે, મેરૂ શૃંગે સ્નાપિયા;
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે, જન્મ મહોત્સવ અતિ કર્યો. નિત્ય૦ ॥૩॥

ત્રણ લોક તરૂણી મન પ્રમોદી, તરૂણ વય જબ આવીયા,
તવ માત તાતે પ્રસન્ન ચિત્તે, ભામિની પરણાવિયા;
કમઠ શઠ કૃત અગ્નિ કુંડે, નાગ બળતો ઉદ્ધર્યો. નિત્ય૦ ॥૪॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોષ વદી એકાદશી દિને, પ્રવ્રજ્યા જિન આદરે,
સુર અસુર રાજા ભક્તિ સાજા સેવના ઝાઝી કરે;
કાઉસ્સગ્ગ કરતાં દેખી કમઠે, કીધો પરિસહ આકરો. નિત્ય૦ ॥૫॥

તવ ધ્યાન ધારા રૂઢ જિનપતિ, મેઘ ધારે નવિ ચળ્યો,
ચલિત આસન ધરણ આયો, કમઠ પરિસહ અટકળ્યો;
દેવાધિદેવની કરે સેવા, કમઠને કાઢી પરો. નિત્ય૦ ॥૬॥

કમે પામી કેવળજ્ઞાન કમલા, સંઘ ચઉવિહ સ્થાપીને,
પ્રભુ ગયા મોક્ષે સમેતશિખરે, માસ અણસણ પાળીને;
શિવરમણી રંગે રમે રસિયો, ભવિક તસ સેવા કરો. નિત્ય ૦ ॥૭॥

ભૂત પ્રેત પિશાચ વ્યંતર, જલણ જલોદર ભય ટળે
રાજ રાણી રમા પામે, ભક્તિ ભાવે જો મળે;
કલ્પતરૂથી અધિકદાતા, જગત ત્રાતા જય કરો. નિત્ય૦ ॥૮॥

જરા જર્જરી ભૂત યાદવ, સૈન્ય રોગ નિવારતા,
વટીયાર દેશે નિત્ય બીરાજે, ભવિક જીવને તારતા;
એ પ્રભુ તણા પદ પદ્મ સેવા, રૂપ કહે પ્રભુતા વરો. નિત્ય૦ ॥૯॥

(૨)

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વ -ચિન્તામણીયતે;
હ્રીઁ ધરણેન્દ્ર યેરુટ્યા, પદ્માદેવી-યુતાય તે. ॥૧॥

શાન્તિ-તુષ્ટિ-મહા-પુષ્ટિ-ધૃતિ-કીર્તિ-વિધાયિને;
ૐ હ્રીઁ દ્વિટ્-વ્યાલ યૈતાલ-સર્વાધિ-વ્યાધિ નાશિને. ॥૨॥

જયાડજિતાખ્યાતા વિજયાખ્યાડપરાજિતયાન્વિતઃ
દિશાં પાલૈર્ગ્રહૈર્યક્ષૌ-ર્વિદ્યાદેવીભિરન્વિતઃ ॥૩॥

ૐ અસિઆઉસાય નમસ્તત્ર ત્રૈલોક્યનાથતામ્;
ચતુઃષષ્ટિ-સુરેન્દ્રાસ્તે, ભાસન્તે છત્ર-ચામરૈઃ ॥૪॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શંખેશ્વરમંડન !પાર્શ્વજિન ! પ્રણત-કલ્પતરુકલ્પ !
ચૂરય દુષ્ટવ્રાતં, પૂરય મે વાંછિતં નાથ ! ॥૫॥

(૩)

સેવો પાર્શ્વ શંખેશ્વરો મન શુદ્ધે નમો નાથ નિશ્ચે કરી એક બુદ્ધે;
દેવી દેવલા અન્યને શું નમો છો ; અહો ભવ્યલોકો ભૂલા કાં ભમો છો ? ॥૧॥

ત્રિલોકના નાથને શું તજો છો ; પડ્યા પાસમાં ભૂતને કાં ભજો છો ?
સુરઘેનું છંડી અજાશું અજો છો ? મહાપંથ મૂકી કુપંથે વ્રજો છો ॥૨॥

તજે કોણ ચિંતામણિ કાચ માટે ? ગ્રહે કોણ રાસભને હસ્તિ સાટે ?
સુરદ્રુમ ઉપાડી કોણ આંક વાવે ; મહામૂઢ તે આકુલા અંત પાવે. ॥૩॥

કીહાં કાંકરો ને કીહાં મેરૂશૃંગ ; કીહાં કેશરી ને કીહાં તે કુરંગ ;
કીહાં વિશ્વનાથં કીહા અન્ય દેવા ; કરો એક ચિત્તે પ્રભુ પાર્શ્વ સેવા. ॥૪॥

પૂજો દેવ પ્રભાવતી પ્રાણનાથં, સહુ જીવને જે કરે છે સનાથં;
મહાતત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે, તેના દુઃખ દારિદ્ર દૂરે પલાવે. ॥૫॥

પામી મનુષ્યત્વને વૃથા કાં ગમો છો ? કુશીલે કરી દેહને કાં દમો છો ?
નહિ મુક્તિવાસં વિના વીતરાગં ભજો ભગવંતં તજો દૃષ્ટિરાગં. ॥૬॥

ઉદયરત્ન ભાખે સદા હેત આણી, દયા ભાવ કીજે પ્રભુ દાસ જાણી;
આજ માહરે મોતીડે મેહ વુઠ્યા, પ્રભુ પાર્શ્વશંખેશ્વરો આપ તુઠ્યા. ॥૭॥

(૪)

આશ પૂરે પ્રભુ પાસજી, ગોડે ભવ પાસ;
વામા માતા જનમીયા, અહિલંછન જાસ. ॥૧॥

અશ્વસેન સુત સુખકરું એ, નવ હાથની કાય;
કાશી દેશ વાણારસી, પુણ્યે પ્રભુજી આય. ॥૨॥

એકસો વરસનું આઉખું એ, પાળી પાર્શ્વકુમાર;
પદ્મ કહે મુક્તે ગયા, નમતાં સુખ નિરધાર. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫)

જય ચિંતામણિ પાર્શ્વનાથ જય ત્રિભુવન સ્વામિ;
અષ્ટકર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી. ॥૧॥

પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભવ તણાં, પાતિક સવિ દહિએ. ॥૨॥

ૐ હ્રીં વર્ણ જોડી કરી, જપીએ પાર્શ્વનામ;
વિષ અમૃત થઈ પરિણમે, લહીએ અવિચળ ઠામ. ॥૩॥

(૬)

પ્રભુ પાસજી તાહરું નામ મીઠું, તિહું લોકમાં એટલું સાર દીઠું,
સદા સમરતા સેવતા પાપ નીઠું, મન માહરે તાહરું ધ્યાન બેઠું. ॥૧॥

મન તુમ પાસ વસે રાત દિવસે, મુખ પંકજ નિરખવા હંસ હીસે,
ધન્ય તે ઘડી જે ઘડી નયણ દીસે, ભલી ભક્તિ ભાવે કરી વિનવીજે. ॥૨॥

અહો એહ સંસાર છે દુઃખ દોરી, ઇંદ્રજાલમાં ચિત્ત લાગ્યું ઠગોરી,
પ્રભુ માનીએ વિનતિ એક મોરી, મુજ તાર તું તાર બલિહારી તોરી. ॥૩॥

સહી સ્વપ્ન જંજાળને સંગ મોહ્યો, ઘડિયાળમાં કાળ રમતો ન જોયો,
મુધા એમ સંસારમાં જન્મ ખોયો, અહો ઘૃત તણે કારણે જલ વલોયો. ॥૪॥

એ તો ભમરલો કેસુઆ ભ્રાંતિ ધાયો, જઇ શુક તણી ચંચૂ માંહે ભરાયો,
શુકે જંબુ જાણી ગલે દુઃખ પાયો, પ્રભુ લાલચે જીવડો એમ વાહ્યો. ॥૫॥

ભમ્યો ભર્મ ભૂલ્યો રમ્યો કર્મ ભારી, દયા ધર્મની શર્મ મેં ન વિચારી,
તોરી નમ્ર વાણી પરમ સુખકારી, તિહું લોકના નાથ ! મેં નવિ સંભારી, ॥૬॥

વિષય વેલડી શેલડી કરીઅ જાણી, ભજી મોહ તૃષ્ણા તજી તુજ વાણી,
એહવો ભલો ભૂંડો નિજ દાસ જાણી, પ્રભુ રાખીએ બાંહીની છાંય પ્રાણી. ॥૭॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોરા વિવિધ અપરાધની કોડી સહીએ, પ્રભુ શરણ આવ્યા તણી લાજ વહીએ,
વળી ઘણી ઘણી વિનતિ એમ કહિએ, મુજ માનસ સરે પરમ હંસ રહીએ. ॥૮॥

કળશ

એમ કૃપા મૂરત પાર્શ્વસ્વામિ મુગતિગામી ધ્યાઇયે;
અતિ ભક્તિ ભાવે વિપત્તિ જાવે, પરમ સંપત્તિ પાઈએ,
પ્રભુ મહિમા સાગર ગુણ વૈરાગર, પાર્શ્વ અંતરિક્ષ જે સ્તવે;
તસ સકલ મંગલ જય જયારવ, 'આનંદવર્ધન' વિનવે ॥

શ્રી મહાવીરસ્વામી ભગવાનના ચૈત્યવંદનો-૭

(૧)

ત્રીસ વરસ કેવલ પણે, વિચર્યા શ્રી મહાવીર;
પાવાપુરી પધારીયા, જિનશાસનના ધ્રશ. ॥૧॥

હસ્તિપાલ નૃપરાયની, રજ્જુકા સભા મોઝાર;
ચરમ ચોમાસું ત્યાં રહ્યાં, લેઇ અભિગ્રહ સાર. ॥૨॥

કાશી કોશલ દેશના, ઘણા રાય અઢાર;
સ્વામી સુણી સૌ આવિયા, વંદનને નિરધાર. ॥૩॥

સોલ પહોર દીધી દેશના, જાણી લાભ અપાર;
દીધી ભવિહિત કારણે, પીધી તેહી જ પાર. ॥૪॥

દેવશર્મા બોધન ભણી, ગોયમ ગયા સુજાણ;
કાર્તિક અમાવાસ્યા દિને, પ્રભુ પામ્યા નિર્વાણ. ॥૫॥

ભાવ ઉદ્યોત ગયો હવે, કરો દ્રવ્ય ઉદ્યોત;
ઇમ કહી રાય સર્વે મલી, કીધી દીપક જ્યોત. ॥૬॥

દીવાલી તિહાંથી થઈ એ, જગમાંહી પ્રસિદ્ધ;
'પદ્મ' કહે આરાધતાં, લઇએ અવિચલ રિદ્ધ. ॥૭॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨)

પાવાપુરી પધારીઆ, ચરમજિનેશ્વર વીર;
મેરૂ ગિરિસમ ધીરએ, સાયરવર ગંભીર ॥૧॥

હસ્તિપાળ રાજાતણી, લેખકશાળા જેહ;
ચરમ ચોમાસુ તિંહા વસ્યા, ભાંજે ભવિ સંદેહ ॥૨॥

સોળ પહોર દેઈ દેશના, કરી ભવિક ઉપકાર;
કારતક અમાવસ્યા નિશા, પામ્યા પ્રભુ નિસ્તાર ॥૩॥

કલ્યાણકવિધિ સાચવે, સુરનર સુરપતિ સાથ;
નંદીશ્વર ઉત્સવ કરે, તરવા ભવોદધિ પાથ ॥૪॥

પર્વ દિવાળી એ થયું, આરાધો ધરી પ્રેમ;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અહોનિશ ખેમ ॥૫॥

(૩)

સિદ્ધારથ સૂત વંદીએ, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુરનરપતિ ગાયો. ॥૧॥

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બોહોંતેર વર્ષનું આઉખું, શ્રીવીરજિનેશ્વરરાય. ॥૨॥

ખીમાવિજય જિનરાજના એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત. ॥૩॥

(૪)

જગનાથ જગદાનંદ જગગુરુ, વિમલ કેવલ ભાસ્કરમ ।
સંસાર સુખકર જગત હિતકર, નમો વીર જિનેશ્વરમ ॥૧॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવતાપહર્તા શાન્તિકર્તા, મુક્તિમાર્ગ સ્ફૂટકરમ્ ।
નિજદિવ્ય અનુભવ આત્મ સુખકર, નમો વીર જિનેશ્વરમ્ ॥૨॥

હેય જ્ઞેય પદાર્થ જગસબ, ઉપાદેય દિવાકરમ્ ।
વિજ્ઞાન વિશદ વિવેક દિનકર, નમો વીર જિનેશ્વરમ્ ॥૩॥

પ્રકાશતા પ્રભુ ધ્યાન ધ્યાતા, ધ્યેય ગુણકર શોભિતં ।
સર્વ વાંછિતપુર જિનવર, નમો વીર જિનેશ્વરમ્ ॥૪॥

જિન રાજ સુખ ભગવાન દિલધર, ત્રૈલોક્ય દીવાકરમ્ ।
'આનંદ' પરમાનંદ પાવે, નમો વીર જિનેશ્વરમ્. ॥૫॥

(૫)

પ્રહ ઉઠી નિત્ય પ્રણમીયે, શાસન નાયક વીર;
અરિહંત અરિ જીતીએ, પામ્યા સાહસ ધીર ॥૧॥

છપ્પન દિશિકુમરી મળી ઓચ્છવ ચોસઠ ઇંદ;
ચરણ અંગુઠે કંપાવીયો, લઘુવયે મેરૂગિરિંદ ॥૨॥

આમલ કીડાયે જીતીયો, સુરને દોય વાર;
મહાવીર નામ ઇન્દ્રે દીયો, વરત્યો જય જયકાર ॥૩॥

સંયમ લહી કેવળ વર્યા, ચઉમુખ ધર્મ પ્રકાશ;
બહોંતેર વર્ષ આયુ પૂરી, કાર્તિક શુભ અમાસ ॥૪॥

સોળ પહોર દેઈ દેશના, કરે ભવિ ઉપકાર;
શિવસુંદરી રંગે વરી, દીવાલી સુખકાર ॥૫॥

પરભાતે કેવલ લહ્યું, શ્રી ગોયમ ગણધાર;
હુઆ હરખ વધામણા, ઘરઘર મંગલકાર ॥૬॥

ભાવભલે પ્રણમુ સદા, તારક ગરીબ નિવાજ;
હીરવર્દ્ધન શિષ્ય ખેમને, દેજો શિવપુર રાજ ॥૭॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬

શાસનના શણગાર વીર, મુક્તિપુરી શણગારી;
ગૌતમની પ્રીતિ પ્રભુ, અંત સમયે વિસારી ॥૧॥

દેશવર્મા પ્રતિબોધવા, મોકલ્યો મુજને સ્વામ;
વિશ્વાસી પ્રભુવીરજી, છેતર્યો મુજને આમ ॥૨॥
હાં હાં વીર ! આ શું કર્યું, ભારતમાં અંધારું;
કુમતિ મિથ્યાત્વી વધી જશે, કોણ કરશે અજવાળું ?॥૩॥

નાથ વિનાના સૈન્ય જેમ, થયા અમે નિરધાર;
ઇમ ગૌતમ પ્રભુ વલવલે, આંખે આંસુડાની ધાર ॥૪॥

કોણ વીરને કોણ તું, જાણી એહવો વિચાર;
ક્ષપક-શ્રેણિ આરોહતા, ગૌતમ પામ્યા કેવળ સાર ॥૫॥

વીરપ્રભુ મોક્ષે ગયા, દિવાળીદિન જાણ;
ઓરછવરંગ વધામણા, જશ નામે કલ્યાણ ॥૬॥

૭

સિદ્ધારથસુત વંદીયે, ત્રિશલાદેવી માય;
ક્ષત્રિયકુંડમાં અવતર્યા, પ્રભુજી પરમ દયાલ ॥૧॥

ઉજવલી છઠ અષાઢની, ઉત્તરાફાલ્ગુની સાર;
પુષ્પોત્તર વિમાનથી, ચ્યવિયા શ્રી જિનભાણ ॥૨॥

લક્ષણ અડહિઅ સહસ એ કંચનવરણી કાય;
મૃગપતિ લંછન પાઉલે, વીરજિનેશ્વર રાય ॥૩॥

ચૈત્રસુદી તેરશ દિને, જન્મ્યા શ્રી જિનરાય;
સુરનર મળી સેવા કરે, પ્રભુનું જન્મ કલ્યાણ ॥૪॥

માગસર વદી દશમી દિને, લીયે પ્રભુ સંયમ ભાર;
ચઉનાણી જિનજી થયા, કરવા જગ ઉપકાર ॥૫॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાડાબાર વરસ લગે, સહ્યાં પરિષહ ઘોર;
ઘનઘાતી ચઉ કર્મરજ, તેહ કર્યા ચકચૂર ॥૬॥

વૈશાખ સુદી દશમી દિને, ધ્યાન શુકલ મનધ્યાય;
શમીવૃક્ષાતળે પ્રભુ, પામ્યા પંચમ નાણ ॥૭॥

સંઘ ચતુર્વિધ સ્થાપવા, દેશના દીયે મહાવીર;
ગૌતમ આદિ ગણધરૂ, કર્યા વજીર હજુર ॥૮॥

કાર્તિક અમાવાસ્યા દિને, શ્રી વીર લહ્યા નિર્વાણ;
પ્રભાતે ઇન્દ્રભૂતિને, આપ્યું કેવલનાણ ॥૯॥

જ્ઞાનગુણે દીવા કર્યા એ, કીર્તિકમળા સાર;
પુન્યે મુગતિવધૂ વર્યા, વરતી મંગળમાળ ॥૧૦॥

શ્રી સીમંધરસ્વામીનાં ચૈત્યવંદનો - ૫

(૧)

સીમંધર પરમાતમા, શિવસુખના દાતા;
પુક્ખલવઈ વિજયે જ્યો, સર્વ જીવના ત્રાતા. ॥૧॥

પુર્વવિદેહે પુંડરીગિણી નયરીએ સોહે;
શ્રી શ્રેયાંસ રાજા તિહાં, ભવિયણનાં મન મોહે. ॥૨॥

ચૌદ સુપન નિર્મલ લહી, સત્યકી રાણી માત;
કુંથુ અરજિન અંતરે, શ્રી સીમંધર જાત. ॥૩॥

અનુક્રમે પ્રભુ જનમીયા, ભર યૌવન પાવે;
માત પિતા હરખે કરી, રૂકમણી પરણાવે. ॥૪॥

ભોગવી સુખ સંસારનાં, સંયમ મન લાવે;
મુનિસુવ્રત નમિ અંતરે, દીક્ષા પ્રભુ પાવે. ॥૫॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘાતી કર્મનો ક્ષય કરી, પામ્યા કેવલજ્ઞાન;
ઋષભ લંછને શોભતા, સર્વ ભાવના જાણ. ॥૬॥

ચોરાશી જસ ગણધરા, મુનિવર એકસો કોડ;
ત્રણ ભુવનમાં જોવતાં, નહીં કોઈ એહની જોડ. ॥૭॥

દશ લાખ કહ્યા કેવલી, પ્રભુજીનો પરિ ॥૨;
એક સમય ત્રણ કાળના, જાણે સર્વ વિચાર. ॥૮॥

ઉદય-પેઢાલ જિન અંતરે એ, થાશે જિનવર સિદ્ધ;
'જસવિજય' ગુરુ પ્રણમતાં, મન વાંછિત ફલ લીધ. ॥૯॥

(૨)

સીમંધર જિન વિચરતા, સોહે વિજય મોઝાર;
સમવસરણ રચે દેવતા, બેસે પર્ષદા બાર. ॥૧॥

નવ તત્ત્વ દીએ દેશના, સાંભળી સુર નરકોડ;
ષટ્ દ્રવ્યાદિક વર્ણવે, લે સમકિત કરજોડ. ॥૨॥

ઇહાં થકી જીન વેગલા, સહસ્ત્ર તેત્રીશ શત એક;
સત્તાવન જોજનવળી, સત્તર કળા સુવિશેષ. ॥૩॥

દ્રવ્ય થકી જિન વેગળા, ભાવથી હૃદય મોઝાર;
ત્રિહું કાળે વંદન કરું, શ્વાસ માંહે સો વાર. ॥૪॥

શ્રી સીમંધર જિનવરૂએ, પૂરે વાંછિત કોડ;
'કાંતિવિજય' ગુરૂ પ્રણમતા, ભક્તિ બે કર જોડ. ॥૫॥

(૩)

શ્રી સીમંધર ! વીતરાગ ! ત્રિભુવન તુમે ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતા કુળે બહુ શોભા તુમારી. ॥૧॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધન્ય ધન્ય માતા સત્યકી, જેણો જાયો જયકારી;
વૃષભ લંછને વિરાજમાન, વંદે નરનારી. ॥૨॥

ધનુષ પાંચસે દેહડી એ, સોહીએ સોવનવાન;
'કીર્તિવિજય' ઉવજઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ॥૩॥

(૪)

શ્રી સીમંધર ! જગધણી ! આ ભરતે આવો;
કરુણાવંત કરુણા કરી, અમને વંદાવો. ॥૧॥

સકલ ભક્ત તુમે ઘણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ. ॥૨॥

સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઇશું;.
પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું. ॥૩॥

એ અળજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ;
ઇહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ॥૪॥

કર જોડીને વિનવુ, સામો રહી ઇશાન;
ભાવ જિનેશ્વર ભાણને, દેજો સમકિત દાન. ॥૫॥

શ્રી વીશ વિહરમાન જિન ચૈત્યવંદન

(૫)

સીમંધર યુગમંધર પ્રભુ, બાહુ સુબાહુ ચાર;
જંબુદ્વીપના વિદેહમાં, વિચરે જગદાધાર ॥૧॥

સુજાત સાહેબને સ્વયંપ્રભુ ઋષભાનન ગુણમાલ;
અનંતવીર્યને સુરપ્રભુ, દશમાદેવ વિશાલ ॥૨॥

વજાધર ચંદ્રાનન નમું, ઘાતકીખંડ મોઝાર;
અષ્ટકર્મ નિવારવા, વંદુ વાર હજાર ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંદ્રબાહુ ભુંજગમપ્રભુ, નમિ ઇશ્વર વીરસેન;
મહાભદ્રને દેવયશા, અજિતવીર્ય નામેણ ॥૪॥

આઠે પુષ્કર અર્ધમાં, અષ્ટમીગતિ દાતાર;
વિજય અડ-નવ ચઉવીશમી, પણવીશમી નિરતાર ॥૫॥

જગનાયક જગદીશ્વરૂએ જગબંધવ હિતકાર;
વિહરમાનને વંદતા, જીવ લહે ભવપાર ॥૬॥

પર્વતિથિના ચૈત્યવંદનો

બીજનું ચૈત્યવંદન

દુવિધ ધર્મ જેણે ઉપદિશ્યો, ચોથા અભિનંદન;
બીજે જન્મ્યા જે પ્રભુ, ભવ દુઃખનિકંદન. ॥૧॥

દુવિધ ધ્યાન તુમે પરિહરો, આદરો દોય ધ્યાન;
એમ પ્રકાશ્યું સુમતિજિને, તે ચવિયા બીજ દિન. ॥૨॥

દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીએ;
મુજ પરે શીતલિજિન કહે, બીજ દિન શિવ ભજીએ. ॥૩॥

જીવાજીવ પદાર્થનું, કરો નાણ સુજાણ;
બીજ દિન વાસુપૂજ્ય પરે, લહો કેવલ નાણ. ॥૪॥

નિશ્ચય ને વ્યવહાર દોય, એકાંતે ન ગ્રહીએ;
અરજિન બીજ દિને ચ્યવી, એમ જન આગળ કહે. ॥૫॥

વર્તમાન ચોવીશીએ, એમ જિનના કલ્યાણ;
બીજ દિને કેઈ પામીઆ, પ્રભુ નાણ અને નિર્વાણ. ॥૬॥

એમ અનંત ચોવિશીએ એ, હુવા બહુ કલ્યાણ;
જિન ઉત્તમ પદ પદ્મને નમતાં હોય સુખ ખાણ. ॥૭॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જ્ઞાનપંચમીના ચૈત્યવંદન-3

(૧)

શ્યામલ વાન સોહામણા, શ્રી નેમિ જિનેશ્વર;
સમવસરણ બેઠા કહે, ઉપદેશ સોહંકર. ॥૧॥

પંચમી તપ આરાધતાં, લહે પંચમ નાણ;
પાંચ વરસ પંચ માસનો, એ છે તપ પરિમાણ. ॥૨॥

જિમ વરદત્ત ગુણમંજરીએ, આરાધ્યો તપ એહ;
'જ્ઞાન વિમળ' ગુરુ એમ કહે, ધનધન જગમાં તેહ. ॥૩॥

(૨)

ત્રિગડે બેઠા વીરજિન, ભાખે ભવિજન આગે;
ત્રિકરણશું ત્રિહું લોકજન, નિસૂણો મન રાગે. ॥૧॥

આરાધો ભલી ભાતસેં, પંચમી અજુવાલી;
જ્ઞાન આરાધના કારણે, એહિજ તિથિ નિહાળી. ॥૨॥

જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર;
જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર. ॥૩॥

જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ કુસુમ ઉપમાન;
લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પ્રધાન. ॥૪॥

જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મનો છેહ;
પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાની કરે એહ. ॥૫॥

દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાન તણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ॥૬॥

પંચમાસ લઘુ પંચમી, જાવજ્જીવ ઉત્કૃષ્ટી;
પંચવર્ષ પંચ માસની પંચમી કરો શુભ દૃષ્ટિ ॥૭॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એકાવન હી પંચનો એ, કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો;
ઉજમણું કરો ભાવશું, ટાળો ભવ ફેરો. ॥૮॥

ઇમ પંચમી આરાહિએ, આણી ભાવ અપાર;
વરદત્ત ગુણમંજરી પરે, 'રંગવિજય' લહો સાર. ॥૯॥

(૩)

શ્રી સૌભાગ્ય પંચમી તણો, સયલ દિવસ શણગાર;
પાંચે જ્ઞાનને પૂજીએ, થાય સફળ અવતાર. ॥૧॥

સામાયિક પોસહ વિષે નિરવદ્ય પૂજા વિચાર;
સુગંધ ચૂર્ણાદિક થકી, જ્ઞાન ધ્યાન મનોહાર. ॥૨॥

પૂર્વ દિશે ઉત્તર દિશે, પીઠ રચી ત્રણ સાર;
પંચવર્ણ જિન બિંબને, થાપીજે સુખકાર. ॥૩॥

પંચ પંચ વસ્તુ મેળવી, પૂજા સામગ્રી જોગ;
પંચવર્ણ કળશા ભરી, હરીએ દુઃખ ઉપભોગ. ॥૪॥

યથાશક્તિ પૂજા કરો, મતિજ્ઞાનને કાજે;
પંચજ્ઞાનમાં ધુરે કહ્યું, શ્રી જિનશાસન રાજે. ॥૫॥

મતિ શ્રુત વિણ હોવે નહિ એ, અવધિ પ્રમુખ મહાજ્ઞાન;
તે માટે મતિ ધુરે કહ્યું, મતિશ્રુતમાં મતિમાન. ॥૬॥

ક્ષય ઉપશમ આવરણનો, લબ્ધિ હોય સમકાળે;
સ્વામ્યાદિકથી અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાળે. ॥૭॥

લક્ષણ ભેદાભેદ છે, કારણ કારજ યોગ;
મતિસાધન શ્રુત સાધ્ય છે, કંચન કલશ સંયોગ. ॥૮॥

પરમાતમ પરમેશ્વરુએ, સિદ્ધ સકલ ભગવાન;
મતિજ્ઞાન પામી કરી, કેવળ લક્ષ્મી નિધાન. ॥૯॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન

મહા સુદિ આઠમ દિને, વિજયાસૂત જાયો;
તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આયો. ॥૧॥

ચૈતર વદીની આઠમે, જનમ્યા ઋષભજિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ. ॥૨॥

માધવ સુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યા દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ॥૩॥

એહિજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિજિણંદ;
આઠ જાતિ કળશે કરી, ન્હવરાવે સુર ઇંદ્ર ॥૪॥

જન્મ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમિ અષાઢ સુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી. ॥૫॥

શ્રાવણ વદીની આઠમે, નમિ જન્મ્યા જગભાણ;
તેમ શ્રાવણ સુદિ આઠમે, પાસજીનું નિર્વાણ. ॥૬॥

ભાદરવા વદી આઠમ દિને, ચવિયા સ્વામી સુપાસ
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ. ॥૭॥

શ્રી એકાદશીનુ ચૈત્યવંદન

શાસન નાયક વીરજી, પ્રભુ કેવળ પાયો;
સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો. ॥૧॥

માધવ સિત એકાદશી, સોમિલ દ્વિજ યજ્ઞ;
ઇન્દ્રભૂતિ આદે મળ્યા, એકાદશ વિજ્ઞ. ॥૨॥

એકાદશસેં ચઉ ગુણો, તેહનો પરિવાર;
વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવાદિક સંશય હરીએ, એકાદશ ગણધાર;
વીરે થાપ્યા વંદિયે, જિનશાસન જયકાર. ॥૪॥

મલ્લિ જન્મ અર-મલ્લિ-પાસ, વ્રત ચરણ વિલાસી;
ઋષભ-અજિત-સુમતિ-નમી, મલ્લિ ઘનઘાતી વિનાશી. ॥૫॥

પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવભવના તોડી;
એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી જોડી. ॥૬॥

દશ ક્ષેત્રે ત્રિહું કાળના, ગણસેં કલ્યાણ;
વરસ અગ્યાર એકાદશી, આરાધો વરનાણ . ॥૭॥

અગિયાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં;
પુંજણી ઠવણી વીંટણી, મશી કાગળ ને કાઠાં. ॥૮॥

અગીયાર અવ્રત છંડવાએ, વહો પડિમા અગીયાર;
ક્ષમાવિજય જિનશાસનને, સફળ કરો અવતાર. ॥૯॥

શ્રી પુર્યુષણપર્વના ચૈત્યવંદનો - ૪

(૧)

પર્વ પર્યુષણ ગુણ નીલો, નવ કલ્પી વિહાર;
ચાર માસાન્તર થિર રહે, એહીજ અર્થ ઉદાર. ॥૧॥

અષાઢ શુદિ ચઉદશ થકી, સંવત્સરી પરચાસ;
મુનિવર દિન સિત્તેરમેં, પડિક્કમતાં ચૌમાસ. ॥૨॥

શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરુનાં બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભળે થઈ એકતાન. ॥૩॥

જિન વર ચૈત્ય જુહારીયે, ગુરુભક્તિ વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીએ શિવ વરમાળ. ॥૪॥

દર્પણશી નિજ રૂપનો, જુવે સુદૃષ્ટિ રૂપ;
દર્પણ અનભવ અર્પણે, જ્ઞાન રમણ મુનિ ભૂપ. ॥૫॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આતમ સ્વરૂપ વિલોકતા એ, પ્રગટ્યો મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ॥૬॥

નવ વખાણ પુજી સુણો, શુક્લ ચતુર્થી સીમા;
પંચમી દિને વાંચે સુણે, હોય વિરાધક નિયમા. ॥૭॥

એ નહીં પર્વે પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવ ભીરુ મુનિ માનશે, ભાખ્યું અરિહાનાથે. ॥૮॥

શ્રુતકેવલી વયણાં સુણીએ, લહી માનવ અવતાર;
શ્રી **શુભવીર**ને શાસને, પામ્યા જયજયકાર. ॥૯॥

(૨)

પ્રણમું શ્રી દેવાધિદેવ, જિનવર મહાવીર;
સુરવર સેવે શાંતદાંત, પ્રભુ સાહસધીર. ॥૧॥

પર્વ પર્યુષણ પુણ્યથી, પામી ભવિ પ્રાણી;
જૈન ધર્મ આરાધીએ, સમકિત હિત જાણી. ॥૨॥

શ્રી જિન પ્રતિમા પૂજીએ એ, કીજે જન્મ પવિત્ર;
જીવ જતન કરી સાંભળો, પ્રવચન વાણી વિનીત. ॥૩॥

(૩)

કલ્પતરૂવર કલ્પસૂત્ર, પૂરે મન વંછિત;
કલ્પધરે ઘરથી સુણો, શ્રીમહાવીર ચરિત. ॥૧॥

ક્ષત્રિયકુંડે નરપતિ, સિદ્ધારથ રાય;
રાણી ત્રિશલા તણી કૂખે, કંચન સમકાય ॥૨॥

પુષ્પોત્તરવરથી ચવ્યા એ, ઉપજ્યા પુણ્ય પવિત્ર;
ચતુરા ચૌદ સુપન લહે, ઉપજે **વિનય** વિનીત. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪)

સકળ પર્વ શૃંગાર હાર, પર્યુષણ કહીએ;
મંત્રમાંહિ નવકાર મંત્ર, મહિમા જગ લહીએ. ॥૧॥

આઠ દિવસ અમારી સારૂ, અઠ્ઠાઈ પાળો;
આરંભાદિક પરીહરિ, નરભવ અજુવાલો. ॥૨॥

ચૈત્ય પરિપાટી શુદ્ધ સાધુ, વિધિ વંદન જાવે;
અઠ્ઠમ તપ સંવત્સરી, પડિક્કમણું ભાવે. ॥૩॥

સાધર્મિક જન ખામણાંએ, ત્રિવિધ શું કીજે;
સાધુમુખ સિદ્ધાંત કાંત, વચનામૃત રસ પીજે. ॥૪॥

નવ વ્યાખ્યાને કલ્પસૂત્ર, વિધિપૂર્વક સુણીએ;
પૂજા નવ પ્રભાવના નિજ પાતિક હણીએ. ॥૫॥

પ્રથમ વીરચરિત્ર બીજ, પાર્શ્વ ચરિત્ર અંકુર;
નેમચરિત્ર પ્રબંધ ખંધ, સુખ સંપત્તિ પૂર. ॥૬॥

ઋષભ ચરિત્ર પવિત્ર પત્ર, શાખા સમુદાય;
સ્થવિરાવલી બહુ કુસુમ પુર, સરિખો કહેવાય ॥૭॥

સામાચારી શુદ્ધતાએ, વરગંધ વખાણો;
શિવસુખ પ્રાપ્તિ ફલ સહી, સુરતરૂ સમજાણો. ॥૮॥

ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ, જિણે કલ્પ ઉદ્ધરિયો;
નવમા પૂર્વથી યુગપ્રધાન, આગમજલ દરિઓ. ॥૯॥

ત્રિસમવાર શ્રી કલ્પસૂત્ર, જે સૂણે ભવિપ્રાણી;
ગૌતમને કહે વીરજિન, પરણે શીવરાણી. ॥૧૦॥

કાલિકસૂરિ કારણેએ, પર્યુષણ કીધા;
ભાદરવા સુદિ ચોથમાં, જિમ કારજ સિદ્ધાં. ॥૧૧॥

પંચમી કરણી ચોથમાં, જિનવર વચન પ્રમાણે;
વીર થકી નવશે એશી, વરસે તે આણે. ॥૧૨॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી લક્ષ્મીસાગરસૂરીશ્વરુ એ, પ્રમોદસાગર સુખકાર;
પર્વ પર્યુષણ પાળતાં, હોવે જય જયકાર. ॥૧૩॥

શ્રી સિદ્ધચકના ચૈત્યવંદનો : ૭

(૧)

જો ધુરિ સિરિ અરિહંત મૂલ દઢ પીઠપઇટ્ઠિઓ,
સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય સાહુ, ચિહું પાસ ગરિટ્ઠિઓ. ॥૧॥

દંસણનાણ ચરિત્ત તવહિ, પડીસાહા સુંદરૂં,
તત્તાક્ખર સર વગ્ગ લદ્ધિ, ગુરૂ પયદલ દુંબરૂ. ॥૨॥

દિસિવાલ જક્ખ જક્ખિણી, પમુહ સુર કુસુમેહિં અલંકિયો;
સો સિદ્ધચક્ક ગુરુ કલ્પતરુ, અમ્હ મણ વંછિત ફલ દિઓ. ॥૩॥

(૨)

સકલ મંગલ પરમ કમલા, કેલિ મંજુલ મંદિર;
ભવકોટિ સંચિત પાપ નાશન, નમો નવપદ જયકરં. ॥૧॥

અરિહંત સિદ્ધ સૂરીશ વાચક, સાધુ દર્શન સુખકરં;
વર જ્ઞાન પદ ચારિત્ર તપ એ, નમો નવપદ જયકરં. ॥૨॥

શ્રીપાળરાજા શરીર સાજા, સેવતા નવપદ વરં;
જગમાંહી ગાજા કીર્તિભાજા, નમો નવપદ જયકરં. ॥૩॥

શ્રી સિદ્ધચક પસાય સંકટ, આપદા નાસે સવિ;
વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ॥૪॥

આંબિલ નવદિન દેવવંદન, ગણ ટંક નિરંતરં;
બે વાર પડિક્કમણા પડિલેહણ, નમો નવપદ જયકરં. ॥૫॥

ત્રિકાળ ભાવે પુજીએ, ભવતારકં તીર્થંકરં;
તિમ ગણણું દોય હજાર ગણીએ, નમો નવપદ જયકરં. ॥૬॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિધિ સહિત મન વચન કાયા, વશ કરી આરાધીએ;
તપ વર્ષ સાડા ચાર નવપદ, શુદ્ધ સાધન સાધીએ. ॥૭॥

ગદ કષ્ટ ચૂરે શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વર વરં;
શ્રી સિદ્ધચક પ્રતાપ જાણી, **વિજય** વિલસે સુખભરં ॥૮॥

(3)

સિદ્ધચક આરાધતાં, ભવસાગર તરીયે;
ભવઅટવીથી ઉતરી, શિવવધૂને વરીએ. ॥૧॥

અરિહંત પદ આરાધતાં, તીર્થંકર પદ પાવે;
જગ ઉપકાર કરે ઘણો, શિઘ્ર શિવપુર જાવે. ॥૨॥

સિદ્ધપદ ધ્યાતાં થકાં, અક્ષય અચલ પદ પાવે;
કર્મ કટક ભેદી કરી, અચલ અરૂપી થાવે. ॥૩॥

આચારજ પદ ધ્યાવતાં, યુગપ્રધાન પદ પાવે;
જિનશાસન અજવાળીને, શિવપુર નગર સોહાવે. ॥૪॥

પાઠક પદ ધ્યાવતાં, વાચક પદ પાવે;
ભણે ભણાવે ભાવશું, સુરપુર શિવપુર જાવે. ॥૫॥

સાધુપદ આરાધતાં, સાધુપદ પાવે;
તપજપ સંયમ આદરે, શિવસુંદરીને કામે. ॥૬॥

દર્શન નાણપદ ધ્યાવતાં, દર્શન નાણ અજુવાલે;
ચારિત્ર તપ પદ ધ્યાવતાં, શિવમંદિરમાં મહાલે. ॥૭॥

કેશર કસ્તૂરી કેતકી, મચકુંદ માલતી માલે;
સિદ્ધચક સેવુ ત્રિકાલ, જિમ મયણા ને શ્રીપાલ. ॥૮॥

નવ આંબિલ નવવાર, શિયલ સમકિત શું પાળો;
શ્રીરૂપવિજય કવિરાયનો, **માણેક** કહે થઈ ઉજમાળો. ॥૯॥

૧. સુરપુર-દેવલોક, ૨. શિવપુર-મોક્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪)

પહેલે દિન અરિહંતનું નિત્ય કીજે ધ્યાન;
બીજે પદ વળી સિદ્ધનું, કીજે ગુણગાન. ॥૧॥

આચારજ ત્રીજે પદે, જપતાં જય જયકાર;
ચોથે પદે ઉપાધ્યાયના, ગુણ ગાઓ ઉદાર. ॥૨॥

સકલ સાધુ વંદો વળી, અઢીદ્વીપમાં જેહ;
પંચમ પદ આદર કરી, જપજો ધરી સસનેહ. ॥૩॥

છઠ્ઠે પદે દર્શન નમો, દરિસણ અજુઆળો;
નમો નાણ પદ સાતમે, જિમ પાપ પખાળો. ॥૪॥

આઠમે પદ આદર કરી, ચારિત્ર સુચંગ;
પદ નવમેં બહુ તપ તણો, ફળ લીજે અભંગ. ॥૫॥

એણી પરે નવપદ ભાવશું એ, જપતાં નવ નવ કોડ;
પંડિત શાંતિ વિજય તણો, શિષ્ય કહે કરે જોડ. ॥૬॥

(૫)

બાર ગુણ અરિહંતના, તેમ સિદ્ધના આઠ;
છત્રીસ ગુણ આચાર્યના, જ્ઞાન તણા ભંડાર. ॥૧॥

પચ્ચીસ ગુણ ઉપાધ્યાયના, સાધુ સત્તાવીશ;
શ્યામ વર્ણ તનુ શોભતા, જિન શાસનના ઇશ. ॥૨॥

જ્ઞાન નમું એકાવને, દર્શનના સડસઠ્ઠ;
સીત્તોર ગુણ ચારિત્રના, તપના બાર જે જિઠ્ઠ. ॥૩॥

એમ નવ પદ યુક્તે કરી, ત્રણશતઅષ્ટ ગુણ થાય;
પૂજે જે ભવિ ભાવશું, તેહના પાતક જાય. ॥૪॥

પૂજ્યા મયણા સુંદરીએ, તેમ નરપતિ શ્રીપાળ;
પૂણ્યે મુક્તિ સુખ લહ્યાં, વર્તી મંગળ માળ. ॥૫॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૬)

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે ॥૧॥

રૂપાતીત સ્વભાવ જે, કેવળદંસણ નાણી રે,
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણખાણી રે ॥૨॥

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે,
પંચપ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે ॥૩॥

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે,
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે ॥૪॥

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે,
સાધુ સુધા તે આતમાં, શું મૂંડે શું લોચે રે. ॥૫॥

શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે,
દર્શન તેહિજ આતમા,શું હોય નામ ધરાવે રે. ॥૬॥

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે,
તો હુએ એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે ॥૭॥

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે,
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે. ॥૮॥

ઇરછારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે,
તપ તે એહી જ આતમા, વરતે નિજગુણ ભોગે રે. ॥૯॥

ઇય નવપય સિદ્ધં, લદ્ધિ વિજ્જા સમિદ્ધં,
પયડીય સરવગ્ગં હ્રૌં તિરેહા સમગ્ગં,
દિસિવઇ સુરસારં, ખોણી પીઢાવયારં,
તિજય વિજય ચક્કં, સિદ્ધચક્કં નમામિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૭)

ઉપ્પન્ન સન્નાણ મહો મયાણં, સપ્પાડિહેરાસણ સંઠિયાણં;
સદ્દેસણાણંદિય સજ્જણાણં નમો નમો હોઉ સયા જિણાણં. ॥૧॥

સિદ્ધાણમાણંદરમાલયાણં, નમો નમોડણંત ચઉક્કયાણં;
સુરીણ દૂરીકય કુગ્ગહાણં, નમો નમો સૂર સમપ્પહાણં. ॥૨॥

સુતત્થ વિત્થારણ તપ્પરાણં, નમો નમો વાયગ કુંજરાણં;
સાહૂણ સંસાહિઅ સંજમાણં, નમો નમો સુદ્ધ દયા દમાણં. ॥૩॥

જિણુત્તતત્તે રૂઇ લક્ખણસ્સ, નમો નમો નિમ્મલ દંસણસ્સ;
અન્નાણ સંમોહ તમોહરસ્સ, નમો નમો નાણ દિવાયરસ્સ. ॥૪॥

આરાહિયખંડિય સક્કિયસ્સ, નમો નમો સંજમ વીરિયસ્સ;
કમ્મ દુમોમ્મુલણ કુંજરસ્સ, નમો નમો તિવ્વ તવો ભરસ્સ. ॥૫॥

ઇય નવપય સિદ્ધં, લદ્ધિ વિજ્જાસમિદ્ધં,
પયડીય સરવગ્ગં હ્રીઁ તિરેહા સમગ્ગં,
દિસિવઇ સુરસારં, ખોણી પીઢાવયારં,
તિજય વિજય ચક્કં, સિદ્ધચક્કં નમામિ

શ્રી સામાન્યજિન ચૈત્યવંદન - ૧૨

(૧)

જય જય તું જિનરાજ આજ, મળિયો મુજ સ્વામી;
અવિનાશી અકલંક રૂપ, જગ અંતર જામી. ॥૧॥

રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવ લીલા પામી. ॥૨॥

સિદ્ધ બુદ્ધ તુજ વંદતાં, સકલ સિદ્ધ વર બુદ્ધ;
રમો પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધ. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાળ બહુ સ્થાવર ગયો, ભમિયો ભવ માંહી;
વિકલેન્દ્રિય એળે ગયો, સ્થિરતા નહિ ક્યાંહી. ॥૪॥

તિર્યંચ પંચેન્દ્રિય માંહી દેવ, કર્મે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશન નહીં પાયો. ॥૫॥

એમ અનંત કાળે કરી એ, પામ્યો નર અવતાર;
હવે જગતારક તુંહી મળ્યો, ભવજલ પાર ઉતાર. ॥૬॥

(૨)

જગન્નાથને તે નમું હાથ જોડી, કરું વિનતિ ભક્તિશું માન મોડી;
કૃપાનાથ સંસારકુ પાર તારો, લહ્યો પુન્યથી આજ દેદાર તારો. ॥૧॥

સોહિલા મળે રાજ્યદેવાદિભોગો, પરમદોહિલો એક તુજ ભક્તિ જોગો;
ઘણા કાલથી તું લહ્યો સ્વામિ મીઠો, પ્રભુ પારગામી સહુ દુઃખ નીઠો. ॥૨॥

ચિદાનંદ રૂપી પરબ્રહ્મ લીલા, વિલાસી વિભો ત્યક્ત કામાગ્નિકિલા;
ગુણાધાર જોગીશ નેતા અમાયી, જય ત્વં વિભો ! ભૂતલે સુખદાયી. ॥૩॥

ન દીઠી જેણે તાહરી યોગ મુદ્રા પડ્યા રાત દિને મહામોહ નિદ્રા;
કિસી તાસ હોસે ગતિ જ્ઞાનસિંધો, ભ્રમંતા ભવે હે જગજીવ બંધો. ॥૪॥

સુધાસ્યંદીની દર્શન નિત્ય દેખે, ગણું તેહનો હે વિભો જન્મ લેખે;
ત્વદાજ્ઞા વશે જે રહ્યા વિશ્વમાંહે, કરે કર્મની હાણ ક્ષણ એકમાંહે. ॥૫॥

જિનેશાય નિત્યં પ્રભાતે નમસ્તે, ભવિ ધ્યાન હોજો હૃદયં સમસ્તે;
સ્તવિ દેવના દેવને હર્ષ પૂરે, મુખાંભોજ ભાલી ભજે હેજ ઉરે. ॥૬॥

કહે દેશના સ્વામિ વૈરાગ્ય કેરી, સુણે પર્ષદા બાર બેઠી ભલેરી;
સુધાંભોદધારા સમી તાપ ટાળે, બેહુ બાંધવા સાંભળે એક ટાળે ॥૭॥

લહે મોક્ષના સુખ લીલા અનંતી, વરક્ષાયિક જ્ઞાન ભાવે લહંતી;
ચિંદાનંદ ચિત્તે ધરે ધ્યેય જાણી, કહે રામ નિત્યે જપો જિનવાણી. ॥૮॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩)

તુજ મૂરતિને નિરખવા, મુજ નયણાં તરસે;
તુજ ગુણ ગણને બોલવા, રસના મુજ હરખે. ॥૧॥

કાયા અતિ આનંદ મુજ, તુમ યુગપદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે ; ॥૨॥

એમ જાણીને સાહિબાએ, નેક નજર મોહે જોય;
જ્ઞાનવિમલ પ્રભુ સુનજરથી, તેહ શું જે નવિ હોય. ॥૩॥

(૪)

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિઠ;
જય જગગુરુ દેવાધિદેવ, નયણે મેં દિઠ. ॥૧॥

અચલ અકલ અવિકાર સાર, કરૂણારસ સિંધુ;
જગતી જન આધાર એક, નિષ્કારણ બંધુ. ॥૨॥

ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહિ કહ્યાં ન જાય;
રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ॥૩॥

(૫)

પ્રથમ તીર્થંકર તણા હુવા, ભવ તેર કહીજે;
શાંતિ તણા ભવ બાર સાર, નવ નેમ લહીજે. ॥૧॥

દશ ભવ પાસ જિણંદના, સત્તાવીસ શ્રી વીર;
શેષ તીર્થંકર ત્રિહું ભવે, પામ્યા ભવજલ તીર. ॥૨॥

જીહાંથી સમકિત ફરશીયું એ, તિહાંથી ગણીએ તેહ;
ધીરવિમલ પંડિત તણો, જ્ઞાનવિમલ ગુણગેહ. ॥૩॥

(૬)

પદ્મપ્રભ ને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભ ને સુવિધિનાથ, દોય ઉજ્જવલ લહીએ. ॥૧॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દોય નીલા નીરખ્યા;
મુનિસુવ્રત ને નેમનાથ, દોય અંજન સરખા. ॥૨॥

સોળે જિન કંચન સમા એ, એવા જિન ચોવીશ;
ધીરવિમલ પંડિત તણો જ્ઞાનવિમલ કહે શિષ્ય ॥૩॥

(૭)

આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી, ત્યાં ત્યાં કરું પ્રણામ. ॥૧॥

શત્રુંજય શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજિતનાથ, આબુ રિખવ જુહાર. ॥૨॥

અષ્ટાપદ ગીરિ ઉપરે, જિન ચોવીશે જોય;
મણીમય મૂરતિ માનશું, ભરતે ભરાવી સોય. ॥૩॥

સમેતશીખર તીરથુ વડું, જિહાં વીસે જિન પાય;
વૈભારગીરિવર ઉપરે, શ્રી વીર જિનેસર રાય. ॥૪॥

માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ;
ઋષભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ ॥૫॥

શ્રી વીશસ્થાનકનું ચૈત્યવંદન

(૮)

પહેલે પદ અરિહંત નમું, બીજે સર્વ સિદ્ધ
ત્રીજે પ્રવચન મન ધરો, આચારજ સિદ્ધ. ॥૧॥

નમો થેરાણં પાંચમે, પાઠક પદ છટ્ઠે,
નમો લોએ સવ્વ સાહૂણં, જે છે ગુણ ગરિટ્ઠે. ॥૨॥

નમો નાણસ્સ આઠમે, દર્શન મન ભાવો;
વિનય કરો ગુણવંતનો, ચારિત્ર પદ ધ્યાવો. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નમો બંભવય ધારીણં, તેરમે ક્રિયા જાણ;
નમો તવસ્સ ચૌદમે, ગોયમ નમો જિણાણં. ॥૪॥

સંયમ જ્ઞાન સુઅસ્સનેએ, નમો તીત્થસ્સ જાણી;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણી. ॥૫॥

(૯)

જિનવર બિંબને પૂજતા હોય શતગણુ પુણ્ય
સહસગણુ પુણ્ય ચંદને જે લેપે તે ધન્ય ॥૧॥

લાખગણુ ફલ કુસુમની માળા પહેરાવે,
અનંતગણું ફલ તેહથી ગીત ગાન કરાવે ॥૨॥

તીર્થંકરપદવી લહે, જિનપૂજાથી જીવ
પ્રીતિ ભક્તિ પણે કરી સ્થિરતાપણું અતીવ ॥૩॥

જિનપડિમા જિન સારિખી, સિદ્ધાંતે ભાખી
નિક્ષેપા સહુ સારીખા, થાપના તિમ દાખી ॥૪॥

ત્રણ કાળ ત્રિભુવનમાં કરે તે પૂજન જેહ,
દરિસન કેરૂ બીજ છે. એમાં નહિ સંદેહ ॥૫॥

જ્ઞાનવિમલ પ્રભુ એહને, હોય સદા સુપ્રસન્ન
એહી જ જીવીત ફળ જાણે તે, તેહી જ ભવિજન ધન્ય ॥૬॥

અઢાર દોષ અભાવ વર્ણન ગર્ભિત ચૈત્યવંદન

(૧૦)

આરાધો આદર કરી, દેવતત્ત્વ જગ સાર;
દોષ અનંતા ક્ષય કરી, થયા તે કેવલ ધાર. ॥૧॥

વ્યવહાર નયે કરી, દોષ અઢારથી દૂર;
નામ કહું હવે તેહના, [1]અજ્ઞાન કર્યું ચકચૂર. ॥૨॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[૨]ક્રોધ[૩]માન[૪]મદ[૫]લોભ નહિ, [૬] માયા[૭]રતિને[૮]અરતિ;
[૯]ભય[૧૦]શોક દશમો સહી, બોલે નહિ[૧૧] અસત્ય. ॥૩॥

[૧૨]ચોરીય [૧૩]મચ્છર[૧૪]ભયનહિ[૧૫]પ્રાણીવધ નહિજાસ;
[૧૬]પ્રેમક્રીડા સોલમો, [૧૭]પ્રસંગ દોષ નહિ તાસ. ॥૪॥

હાસ્યદોષ અઢારમો, જેહમાં નહિ લવલેશ;
દોષ બીજા અઢાર છે, તે થાશે અશેષ. ॥૫॥

પાંચ અંતરાય જેહને નહિ, દાન લાભને ભોગ;
ચોથો ઉપભોગ પાંચમો, વીર્યાંતરાય નહિ યોગ. ॥૬॥

મોહનીયકર્મના ક્ષય થકી દોષ અગ્યારથી નાશ;
હાસ્ય રતિ અરતિ નહિ, ભય દુગંછા નહિ તાસ. ॥૭॥

શોક ગયો અગ્યારમો, કામતાપ થયા શાન્તિ;
મિથ્યાત્વને અવિરતી નહિ રાગદ્વેષની ગઈ ભ્રાંતિ. ॥૮॥

અજ્ઞાન નિદ્રા તેમ નહિએ, તે પરમેશ્વર શુદ્ધ;
ત્રણ તત્ત્વઆરાધતાં, રિદ્ધિ કીર્તિ લહે બુદ્ધ. ॥૯॥

ચોત્રીશ અતિશય વર્ણન ગર્ભિત ચૈત્યવંદન

(૧૧)

અદ્‌ભુત અતિશય જેહને, હોયે જન્મથી ચાર;
રોગ સ્વેદ મલ રહિત દેહ., હોય રૂપ ઉદાર. ॥૧॥

સવિ શુભ પરિમલથી અધિક, જાસ સાસ ઉસાસ;
રૂધિર માંસ ઉજ્વલ અનિંદ્ય, ગોક્ષીર સમ ભાસ. ॥૨॥

ચર્મચક્ષુ ગોચર નહિએ, આહારને નિહાર;
જ્ઞાનવિમલ પ્રભુ જિનતણા, જન્મ સંઘાતે ચાર. ॥૩॥

ભગવદલંકૃત ક્ષેત્રમાં, સુરનર રહે હરસી;
વાણી યોજન ગામિની, સવિ ભાષા સરસી. ॥૪॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભામંડલ પૂંઠે રહે, ચઉદિશિ અહે ઉદ્ગ;
પણવીસ જોજન લગે નહિ, રૂજા વૈર અનિદ્ગ. ॥૫॥

ઇતિ મારી દુર્ભિક્ષ નહિએ, સ્વપર ચક્ર અતિવૃષ્ટિ;
અનાવૃષ્ટિ એકાદશી, ઘાતિકર્મ ક્ષયની વૃષ્ટિ. ॥૬॥

ધર્મચક્ર ચામર ધ્વજા,, સિંહાસન છત્ર;
ત્રિગડે ચૌમુખ સોહીયે, સુવર્ણ નવકમલ પવિત્ર. ॥૭॥

ચૈત્યતરૂ સવિ તરૂ નમે, કંટક અધોવદને;
રોમ કેશ વાધે નહિ, અનુકૂલતા પવને. ॥૮॥

પ્રદક્ષિણા પંખી દિયે અતિહિ દુન્દુભિ નાદ;
સુરભિગંધ જલવૃષ્ટિશું, પંચવર્ણ કુસુમ પાદ ॥૯॥

ચઉવિહ દેવનિકાય કોડી, સેવે જશ પાય;
ષડ્ઋતુ અનકૂળ હુએ, સમકાલ નિવાય ॥૧૦॥

ઇન્દ્રિય અર્થ અનૂકૂળતા, દુઃખ શીલ ન ભાસે;
સુરકૃત ઓગણીશ સહુએ, ચઉતીસ મીલી ખાસે ॥૧૧॥

જ્ઞાનવિમલ ગુણથી લહેએ, અતિશય ગુણ નહિ પાર;
ધ્યાન ધરૂં તે પ્રભુતણું, તે મુજ પ્રાણ આધાર ॥૧૨॥

શ્રી દેરાસર જવાના ફલ વિશે ચૈત્યવંદન

(૧૨)

પ્રણમું શ્રી જિનરાજ આજ, જિન મંદિર કેરો;
પુન્ય ભણી કરીશું સફલ, જિન વચન ભલેરો. ॥૧॥

દહેરે જાવા મન કરે, ચોશ તણું ફલ પાવે;
જિનવર જુહારવા ઉઠતાં, છઠ્ઠ પોતે આવે. ॥૨॥

જાવા માંડ્યુ જેટલે, અઠ્ઠમતણાં, ફલ જોય;
ડગલું ભરતા જિન ભણી, દશમ તણો ફલ હોય. ॥૩॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાઈસ્યું જિનવર ભણી, મારગ ચાલંતા;
હોવે દ્વાદશ તણું, પુન્ય ભક્તિ માલંતા. ॥૪॥

અર્ધ પંચા જિનવર ભણી, પનરે ઉપવાસ;
દીહું સ્વામી તણું ભુવન, લહિએ એક માસ. ॥૫॥

જિનવર પાસે આવતાં એ, છ માસિ ફલ સિદ્ધ;
આવ્યા જિનવર બારણે, વર્ષીતપ ફલ લીધ. ॥૬॥

સો વરસ ઉપવાસ પુન્ય, પ્રદક્ષિણા દેતા;
સહસ વરસ ઉપવાસ પુન્ય, જિન નજરે જોતા. ॥૭॥

ભાવે જિનહર જુહારિએ, ફલ હોવે અનંત;
તેહથી લહીએ સો ગુણો, જો પૂજે ભગવંત. ॥૮॥

ફલ ઘણો ફૂલની માલનો, પ્રભુ કંઠે ઠવતાં;
પાર ન આવે ગીત નાદ, કેરો ફલ ભણતાં. ॥૯॥

જિન પૂજી પૂજા કરે એ, સૂર ધુપ તણું ધુપ;
અક્ષત સાર તે અક્ષય સુખ, દીપે તનુ રૂપ. ॥૧૦॥

નિર્મલ તનમન કરીએ, થુણંતા ઇમ જગીશ;
નાટક ભાવનાં ભાવતાં પામે પદવી જગીશ. ॥૧૧॥

જિનવર ભક્તિ વલિ એ, પુન્યે પ્રકાશી;
સુણી શ્રી ગુરુ વયણસાર, પુરવ ઋષિએ ભાખી. ॥૧૨॥

ટાલવા આઠ કર્મને, જિન મંદિર જાસ્યું;
ભેટી ચરણ ભગવંતના, હવે નિર્મલ થાસ્યું. ॥૧૩॥

કીર્તિવિજય ઉવજ્ઝાયનો એ, વિનય કહે કર જોડ;
સફલ હોજો મુજ વિનંતી, પ્રભુ સેવાના કોડ. ॥૧૪॥

વિભાગ - ૨ સંપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિભાગ-3

થોયોનો સુંદર સંગ્રહ

શ્રી સિદ્ધાચલજીની થોયો-૧૧

(૧)

શ્રી શત્રુંજયમંડન, ઋષભ જિણંદ દયાલ, મરૂદેવાનંદન, વંદન કરૂં ત્રણ કાલ;
એ તીરથ જાણી, પૂર્વ નવ્વાણું વાર, આદિશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧

ત્રેવીશ તીર્થંકર, ચટીયા ઇણ ગિરિરાય, એ તીરથના ગુણ,સુર અસુરાદિક ગાય;
એ પાવન તીરથ, ત્રિભુવન નહિ તસ તોલે, એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે. ૨

પુંડરિકગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ, વિમલાચલ ભેટી, લહીએ અવિચલ રિદ્ધ;
પંચમી ગતિ પહોંતા, મુનિવર કોડાકોડ, ઇણ તીરથે આવી, કર્મ વિપાક વિછોડ. ૩

શ્રી શત્રુંજય કેરી, અહોનિશ રક્ષાકારી, શ્રી આદિ જિનેશ્વર, આણ હૃદયમાં ધારી;
શ્રી સંઘ વિઘનહર, કવડજક્ષ ગણ ભૂર, **શ્રી રવિબુધસાગર**, સંઘના સંકટ ચૂર. ૪

(૨)

પ્રણમો ભવિયાં રિસહજિનેસર, શત્રુંજયકેરો રાય જી,
વૃષભ લંછન જસ ચરણે સોહે, સોવનવરણી કાય જી;
ભરતાદિક શત પુત્ર તણો જે, જનક અયોધ્યા રાય જી;
ચૈત્રી પૂનમને દિને જેહના, મ્હોટા મહોત્સવ થાય જી. ૧

અષ્ટાપદગિરિ શિવપદ પામ્યા, શ્રી રિસહેસર સ્વામી જી,
ચંપાયે વસુપૂજ્ય નરેસર, નંદન શિવગતિ ગામી જી;
વીર અપાપાપુર ગિરનારે,સિદ્ધા નેમિ જિણંદો જી,
વીશ સમેતગિરિશિખરે પહોંતા, એમ ચોવીશે વંદો જી. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગમ નોઆગમ પરે જાણો, સવિ વિષનો કરે નાસો જી,
પાપતાપ વિષ દૂર કરવા, નિશિદિન જેહ ઉપાસો જી;
મમતા કંચુકી કીજે અલગી, નિર્વિષતા આદરીએ જી,
ઇણી પરે સહજથકી ભવ તરીયે, જિમ શિવ સુંદરી વરીયે જી. ૩

કવડજક્ષ પ્રત્યક્ષ થઇને, જેવહા પરચા પૂરે જી,
દોહગ દુર્ગતિ દુર્જનનો ડર, સંકટ સઘળાં ચૂરે જી;
દિન દિન દોલત દીપે અધિકી, **જ્ઞાનવિમલ** ગુણ નૂર જી,
જીત તણાં નિશાન વજાવો, બોધિબીજ ભરપૂર જી. ૪

(3)

સકલ મંગલ લીલા મુનિ ધ્યાન, પરભવ ઘૃતનું દીધું દાન,
ભવિજન એક પ્રધાન,
મરૂદેવાએ જન્મજ દીધો, ઇન્દ્રે સેલડી રસ આગળ કીધો,
વંશ ઇક્ષ્વાગ તે સીધો;
સુનંદા સુમંગલા રાણી, પૂરવ પ્રીત ભલી પટરાણી,
પરણાવે ઇન્દ્ર ઇન્દ્રાણી,
સુખ વિલસે રસ અમીરસ ગૂંજે, પૂરવ નવ્વાણું વાર શેગુંજે,
પ્રભુ જઇ પગલે પૂજે. ૧

આદિ નહિ અંતર કોય એહનો, કેમ વર્ણવીજે સખી ગુણ એનો,
મોટો મહિમા તેનો,
અનંત તીર્થંકર ઇણ ગિરિ આવે, વિહરમાન વ્યાખ્યાન સુણાવે,
દિલ ભરી દિલ સમજાવે;
સકલ તીર્થનું એહિ જ ઠામ, સર્વે ધર્મનું એહિ જ ધામ,
એ મુજ આતમરામ,
રે રે મુરખ મન શું મુંઝે, પુજીએ દેવ ઘણાં શેગુંજે,
જ્ઞાનની સુખડી ગુંજે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સોવન ડુંગર ટુંક રૂપાની, અનુપમ માણેક ટુંક સોનાની,
દીસે દેરા દધાની,
એક ટુંકે મુનિ અણસણ કરતા, એક ટુંકે મનિ વ્રત તપ કરતા,
એક ટુંકે ઉતરતા;
સૂરજકુંડ જલ અંગ લગાયો, મહિપાલનો કોઢ ગમાયો,
તેને તે સમુદ્ર નિપાયો,
સવાલાખ શત્રુંજય મહાતમ, પાપતણી તિહાં ન રહે રાતમ,
સુણતાં પવિત્ર આતમ. ૩

રમણિક ભોંયરુ ગઢ રટીયાલો, નવખંડ કુંમર તીર્થ નિહાલો,
ભવિજન પાપ પખાલો,
ચોખાખાણ ને વાઘણપોળ, ચંદનતલાવડી ઉલખા જોળ,
કંચન ભરો રે અંઘોળ;
મોક્ષબારીનો જગ જશ મોટો સિદ્ધિશિલા ઉપર જઈ લોટો,
સમકિત સુખડી બોટો,
સોના ગભારે સોવન્ન જાળી, જારો જિનની મૂર્તિ રસાલી,
ચક્કેસરી રખવાલી. ૪

(૪)

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરું ઉદાર,
ઠાકુરરામ અપાર,
મંત્રમાંહે નવકાર જ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું,
જલધર જલમાં જાણું;
પંખીમાંહે જેમ ઉત્તમ હંસ, કુળમાંહે જેમ ઋષભનો વંશ,
નાભિ તણો એ અંશ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષમાવંતમાં શ્રી અરિહંત, તપશૂરામાં મુનિવર મહંત,
શત્રુંજયગિરિ ગુણવંત. ૧

ઋષભ અજિત સંભવ અભિનંદા, સુમતિનાથ મુખ પુનમચંદા,
પદ્મપ્રભ સુખકંદા,
શ્રી સુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ, શીતલ શ્રેયાંસ સેવો બહુબુદ્ધિ,
વાસૂપૂજ્ય મતિ શુદ્ધિ,
વિમલ અનંત ધર્મજિન શાન્તિ, કુંથુ અરમલ્લિ નમું એકાન્તિ,
મુનિસુવ્રત શુદ્ધ પાન્તિ,
નમિ નેમ પાસ વીર જગદીશ, નેમ વિના એ જિન તેવીશ,
સિદ્ધિગિરિ આવ્યા ઇશ. ૨

ભરતરાય જિન સાથે બોલે, સ્વામી શત્રુંજયગિરિ કુણ તોલે ?
જિનનું વચન અમોલે,
ઋષભ કહે સુણો ભરતજીરાય, છ'રી પાલંતા જે નર જાય,
પાતિક ભૂક્કો થાય;
પશુ પંખી જે ઇણગિરિ આવે, ભવ ત્રીજે તે સિદ્ધ જ થાવે,
અજરામર પદ પાવે,
જિનમતમેં શેત્રુંજો વખાણ્યો, તે મેં આગમ દિલમાંહે આણ્યો,
સુણતાં સુખ ઉર ઠાણ્યો. ૩

સંઘપતિ ભરત નરેસર આવે, સોવનતણાં પ્રાસાદ કરાવે,
મણિમય મૂરતિ ઠાવે,
નાભિરાયા મરૂદેવી માતા બ્રાહ્મી સુંદરી બેન વિખ્યાતા,
મૂર્તિ નવ્વાણું ભ્રાતા;
ગોમુખ યક્ષ ચક્કેસરી દેવી, શત્રુંજય સાર કરે નિત્યમેવી,
તપગચ્છ ઉપર હેવી,
શ્રી વિજયસેનસૂરીશ્વર રાયા, શ્રી વિજયદેવ ગુરુ પ્રણમી પાયા,
ઋષભદાસ ગુણ ગાયા. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫)

(રાગ : ચ્યાસી લાખ પૂરવ ઘરવાસે)

શ્રીશેત્રુંજે આદિજિન આયા, પૂર્વ નવ્વાણું વારો જી,
અનંત લાભ તિહાં જિનવર જાણી, સમોસર્યા નિરધારો જી;
વિમલિગિરવર મહિમા મોટો, સિધ્ધાચલ ઇણે ઠામો જી,
કાંકરે કાંકરે અનંતા સિદ્ધા, એકસો આઠ ગિરિ નામો જી. ૧

પુંડરિક પર્વત પહોળો કહીયે, એંસી જોજન માન જી,
વીશ કોડસું પાંડવ સિદ્ધા, ત્રણ કોડસું રામ જી;
શાંબ-પ્રદ્યુમ્ન સાડી આઠ કોડ સિદ્ધા, દશકોડ વરિષેણ જાણજી,
પાંચ કોડસું પુંડરીક ગણધર, સચલ જિનની વાણ જી. ૨

સચલ તીર્થનો રાજા એ વલી, વિમલાચલ ગિરિવરીયે જી,
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ કરીને, અવિચલ પદવી લહીયે જી;
છ'રી પાલી જાત્રા કરીયે, કેવલકમલા વરીયે જી,
સકલ સિદ્ધાન્તનો રાજા એ વલી, તીર્થ હૃદયમાં ધરીયે જી. ૩

શ્રી સિદ્ધક્ષેત્ર શેત્રુંજે જાણું, શ્રીઆદિસરરાયા જી,
ગોમુખ જક્ષ ચક્કેસરીદેવી, સેવે પ્રભુજીના પાયા જી;
શાસનદેવી સમકિતધારી, સાંનિધ્ય કરે સંભારી જી,
રંગ વિજય ગુરુ ઇણિપરે જંપે, મેરૂવિજય જયકારી જી. ૪

(૬)

(રાગ : વીરજિનેશ્વર અતિ અલવેસર)

સીમંધરને પુછે ઇંદા, વિનતડી અવધારો જી,
ભરતક્ષેત્રમાં વડુ કુણ તીરથ, તે મુજને નિરધારો જી;
વલતું શ્રી જિન મુખે ઇમ ભાખે, સુણ ઇંદા મુજ વાત જી,
સકલ તીરથમાં શ્રીશેત્રુંજો, તિહાં ભરતેસર તાત જી. ૧

અતીત અનાગત ને વર્તમાન, બહોત્તેર જિનવર વંદુ જી,
વિહરમાન જિન વીસ વંદુ ભવની કોડી નિકંદુ જી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંદ્રાનન વારિષેણ વર્ધમાન, ઋષભ આનંદી વલી કહીયે જી,
એ છસ્તુ જિનનાં ગુણ ગાતાં, શિવરમણી સુખ લહીયે જી. ૨

અગ્યાર અંગ ને બાર ઉપાંગ, છ છેદ ગ્રંથ કહીએ જી,
ચૌદપૂરવ ને દશપયન્ના, મૂળસૂત્ર ચાર લહીયે જી,
દૂર્ગતહરણી સંપત્તિકરણી, શિવમંદિર નિસરણી જી,
જિનની વાણી અમૃત પાણી, સુણો ભવિકા ભાવ આણીજી. ૩

પાટ પટ્ટધર શુદ્ધપ્રરૂપક, શ્રીવિજયદેવ ગણધાર જી,
ગોમુખયક્ષ ચક્કેસરીદેવી, તેહના વિઘન નિવારે જી;
વીરવિજય જ્ઞાન વિજયતણો શિષ્ય, બોલે આણંદ આણીજી,
સંઘવિજયને વંછિત દેજો, કવડજક્ષ સુણો વાણી જી. ૪

(૭)

(રાગ : આદિ જિનવર રાયા)

સવિ મળી કરી આવો, ભાવના ભવ્ય ભાવો, વિમલગિરિ વધાવો, મોતીયાં થાળ લાવો;
જો હોય શિવ જાવો, ચિત્ત તો વાત ભાવો, ન હોય દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો. ૧

શુભ કેશર ઘોલી, માંહે કર્પૂર ચોલી, પહેરી સિત પટોલી, વાસીયે ગંધ ઘોલી;
ભરી પુષ્કર નોલી[૧], ટાલીયે દુઃખ હોલી, સવિ જિનવર ટોલી, પૂજીયે ભાવ ભોલી. ૨

શુભ અંગ અગ્યાર, તેમ ઉપાંગ બાર, વલી મૂલસૂત્ર ચાર, નંદી અનુયોગદ્વાર;
દશપયન્ના ઉદાર, છેદ ષટ્વૃત્તિ સાર, પ્રવચન વિસ્તાર, ભાષ્ય નિર્યુક્તિ સાર. ૩

જય જય જય નંદા, જૈન દૃષ્ટિ સુરીંદા, કરે પરમાનંદા, ટાલતા દુઃખદંદા;
જ્ઞાનવિમલસૂરીં દા, સામ્ય[૨] માકંદ કંદા, વર વિમલ ગિરિંદા, ધ્યાનથી નિત્ય ભદ્દા.[૩] ૪

૧. ભાજન વિશેષ, ૨. સમતા રૂપી આંબો. ૩. કલ્યાણ

(૮)

(રાગ- શ્રી શત્રુંજયતીરથસાર)

શેત્રુંજે શ્રીઋષભજિણંદ, જિનમુખ સોહે પૂનમચંદ,
પેખિયે પરમાનંદ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેહને સેવે ચોસઠ ઇંદ, નાભિરાયા કુલકમલદિણંદ,
મરુદેવાનો નંદ,
જેહને જીત્યો મોહ દિણંદ, ટાળ્યો દુઃખ દોહગનો દંદ,
મોહનવલ્લીકંદ,
જેહને નામે હોય આણંદ, ધ્યાવે શ્રી વિજયપ્રભસૂરિંદ,
પૂજે નરના વૃંદ. ૧

વિદ્રુમ સરીખા જિનવર દોય, દો નીલા દો ઉજ્જવલ દોય,
કાલા જિન દો હોય,
કંચનવરણા સોલ અરિહંતા, એ ચોવીશે જગ જયવંતા,
રાગાદિકના હંતા,
વિહરમાન વંદુ જિન વીશ, જેહની જગમાં અધિક જગીશ,
ત્રિભુવન કેરા ઇશ,
તીરથ સ્થાનક પ્રતિમા જેહ, વંદે શ્રી વિજયપ્રભસૂરિંદ તેહ,
આણી અધિક સનેહ. ૨

સમવસરણ બેઠા જિન રાજે, દેવદુંદુભિ આકાશે વાજે,
નાદે અંબર ગાજે,
વાણી વરસે જિમ જલધાર, સુણવા આવે પર્ષદા બાર,
આણી હર્ષ અપાર,
ત્રિપદી ભાખે જગદાધાર, ગણધરરચના કરે ઉદાર,
આગમ અરથ વિચાર,
અમૃતથી અધિકી જિનવાણી, શ્રીવિજયપ્રભસૂરિંદ વખાણી,
ભાવે સુણો ભવ્ય પ્રાણી. ૩

ગજગતિ ચાલે ચલે ચમકંતી, ચરણે નેઉર રણરણકંતી,
કટિમેખલ ખલકંતી,
હિયડે નવસરહાર વિશાલ, કાને કુંડલ ઝાકઝમાલ,
બોલે વચન રસાલ;
ચક્કેસરી દેવી કરે ચકધાર, શત્રુંજયની સેવા સાર,
સંઘના દુરિત નિવાર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વિજયપ્રભસૂરીસર રાયા, મણિવિજયબુધ પ્રણમી પાયા,
રત્નવિજય ગુણ ગાયા. ૪

૯

(રાગ - શ્રી શત્રુંજયતીરથસાર)

વિમલાચલ તીરથનો રાયા, સુરનર પ્રણમે જેહના પાયા,
દીઠે દુરિત પલાયા,
શત્રુંજામહાતમ ઋષભિજન આયા, પુંડરીક પાંચ કોડી, સાહુ સુહાયા
ધ્યાન ધરી સિધાયા,
તિર્યંચગણ જે પાપે ભરિયા, તે પણ શેત્રુંજે સ્હેજે તરિયા,
ઇમ બહુ શિવપુર વરીયા,
સકલસુરાસુર પૂજિત કાયા, ભવિજન ભાવે એ ગિરિ ધ્યાયા,
તેહના મન વંછિત થાયા. ૧

તાતવાણી સુણી ભરતજી રાયા, સંઘ લેઇ સિદ્ધાચલ આયા,
ઊલટ અંગ ભરાયા,
શેત્રુંજે કનક પ્રાસાદ કરાયા, મણિમય આદિજિન થપાયા,
ત્રિભુવન નામ રખાયા
સુનંદાસુમંગલા મરુદેવીમાયા, બ્રાહ્મીસુંદરી બહિની નવ્વાણું ભાયા,
શેત્રુંજે તસ બિંબ ભરાયા,
અતીત અનાગત તીરથરાયા, વર્તમાન જિન વંદુ પાયા,
વિહરમાન ચિત્ત ધ્યાયા. ૨

રાયણરુખ તળે સુર નરરાયા, રચીય સમોસરણ સુખદાયા,
તિહાં બેઠા જિનવરરાયા,
ઇંદ ચન્દ્ર કિન્નર ચાર નિકાયા, બારે પર્ષદા અરથ સુણાયા,
સૂત્ર રચે ગણધર રાયા,
અંગ ઇગ્યાર ઉપાંગ દશ દોયા, નંદી અનુયોગ મૂલ ચારે હોયા,
છ છેદ વિશેષે જોયા,
દશ પઇન્ના મૂળસૂત્ર સુણાયા, ભવિકલોકને બહુ ફળદાયા,
સાંભળતાં પાપ ગમાયા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કવડજક્ષ કરે દિનરાયા, શેત્રુંજે સાનિધ્ય શિવપદદાયા,
ગોમુખ ચક્કેસરી માયા,
ચંપકવરણી જેહની કાયા, પિહરણ નવ રંગ વેષ બનાયા,
નાભિનંદન શિવ માયા,
શ્રીવિજયદેવસૂરિ પાટ સોહાયા, શ્રી વિજયપ્રભસૂરિ પાટ વધાયા,
અમૃતવાણી સુણાયા,
હર્ષવિજય કવિ શિશ સવાયા, દર્ભાવતીમાં સિદ્ધાચલ ગાયા,
લક્ષ્મીવિજય સુખ પાયા. ૪

(૧૦)

(રાગ - શ્રી શત્રુંજય તીરથસાર)

સકલ તીરથમાંહે શિરદાર, શ્રી શત્રુંજો અતિ હે ઉદાર,
મહિમા જેહનો અપાર,
શ્રીઆદિશ્વર જગદાધાર, સમોસર્યા પ્રભુજી સુખકાર,
પૂરવ નવ્વાણું એ વાર;
એક દિન ચૈત્રીપૂનમ સાર, પ્રભુજી આવ્યા શત્રુંજે લેઇ પરિવાર,
સુર રચે સમોસરણ તિવાર,
તે સમોસરણે પ્રભુજી વિરાજે, છત્ર ત્રય શિર ઉપર છાજે,
જોજન વાણી ગાજે. ૧

પ્રણમો ભગતે ભવિયાં સોય, નંદીશ્વર યાત્રાએ ફલ હોય,
તેહથી બમણું પુંડરીક જોય,
રુચકાચલ ગજદંતે ચૈત્ય વખાણું, જંબૂવૃક્ષ ઘાતકી મન આણું,
પુકખર દ્વિપે સમેતશિખરે જાણું,
આબુ અષ્ટાપદ ચૈત્ય જુહારી, ભવ ભવના હવે કાજ સમારી,
આતમને હિતકારી,
એ તીરથસેવાથી જે ફલ લીજે, તેથી કોડગણું શત્રુંજે જો ભાવીજે,
આદિશ્વર પૂજીજે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુંડરીકગણધર પૂછે એમ, ચૈત્રીપૂનમનો મહિમા છે કેમ ?
શ્રી આદિશ્વર ભાખે તેમ,
પાંચકોડી મુનિસુ કેવલજ્ઞાન, ચૈત્રીપૂનમે લહ્યું મોક્ષનિદાન.
તેણે એ પુંડરીક ઓપમાન;
અનંત ચોવીશીના તીર્થંકરજેહ, ચૈત્રીપૂનમે સિદ્ધ્યા સિદ્ધાચલ તેહ,
વળી સીઝશે ઇણ ગિરિ કેય,
આગમમાંહે એહ વખાણી, ચૈત્રીમહિમા ગુણની ખાણી,
ઇમ કહે કેવલનાણી. ૩

ગોમુખ જક્ષ ચક્કેસરીદેવી, શત્રુંજે સાનિધ્ય કરે નિતમેવી,
સમકિતધારી સેવી,
જિનશાસનની છે રખવાલી, મિથ્યામતિના મદ જ ગાલી,
રૂપે કરી રઢીઆલી;
શ્રીવિજયસિંહસૂરિ ધ્યાને ધ્યાવે, તસશિષ્ય ઉદયવાચક, સુખપાવે,
જય જય શબ્દ સુણાવે,
તસ શિશ નય વિબુધ સુખકારી, દેવીકરજો સાનિધ્ય મારી,
શીશ ભાણને જય જયકારી. ૪

(૧૧)

(રાગ - શ્રીવીરજિનેશ્વર અતિ અલવેસર)

શ્રીશંત્રુંજયગિરિંદ મનોહર, ઘન ઘન જન મન મોહે જી,
નાભિનરેસરનંદન નિરુપમ, મૂલનાયક જિહાં સોહે જી;
સન્મુખ મૂરતિ પુંડરીકની, ભવિજન આનંદકારી જી,
ચૈત્રીપૂનમ દિન બહુ બહુ મહિમા, પ્રણમું સુમતિ વિચારી જી. ૧

અતીત અને વર્તમાન અનાગત, જે હુઆ ભગવંત જી,
સંપ્રતિ છે વલી હોસ્યે જે જિન, શિવકમલાના કંત જી;
એ ગિરિ કેરો મહિમા જાણી, સમોસર્યા અનંતા જી,
પ્રણમું ભરત ખેત્રિ અનંતા, આવસ્યે જે અરિહંતા જી. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનવર ભાખ્યો ગણધર ગૂંથ્યો, આગમ જલધિ અપાર જી,
તે માંહિ એ તીરથમહિમા, અનંતા અર્થ વિસ્તાર જી;
ચૈત્રી પૂનમદિને જે ભવિજન, યાત્રા કરે ઉદાર જી,
ત્રીજે અઢાવા સાતમે ભવે, તે પામે ભવપાર જી. ૩

ગોમુખ ને ચક્કેસરી દેવી, શ્રીસંઘ કરતી સંભાલ જી,
ચઉવીશે જિન દેવ ને દેવી, એ ગિરિના રખવાલ જી;
ચૈત્રીપૂનમ યાત્રાએ આવે, શત્રુંજયગિરિ નીભાળ જી,
વિઘ્ન નિવારે કારજ સારે, રત્નવિમલ જયકાર.જી. ૪

શ્રી ઋષભદેવની થોયો-૬

(૧)

પ્રહ ઊઠી વંદું, ઋષભદેવ ગુણવંત, પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર વિરાજે, ચામર ઢાળે ઇન્દ્ર, જિનના ગુણ ગાવે, સુર નરનારીના વૃંદ. ૧
બાર પર્ષદા બેસે, ઇન્દ્ર ઇન્દ્રાણી રાય, નવકમળ રચે સુર, તિહાં ઠવતા પ્રભુ પાય;
દેવ દુંદુભિ વાગે, કુસુમ વૃષ્ટિ બહુ હુંત, એવા જિન ચોવીશે, પૂજો એકણ ચિત્ત. ૨
જિન જોજન ભૂમિ, વાણીનો વિસ્તાર, પ્રભુ અર્થ પ્રકાશે, રચના ગણધર સાર;
સો આગમ સુણતાં, છેદીજે ગતિ ચાર, જિન વચન વખાણી, લીજે ભવનો પાર. ૩
જક્ષ ગોમુખ ગિરુવો, જિનની ભક્તિ કરેવ, તિહાં દેવી ચક્કેસરી, વિઘ્ન કોડી હરેવ;
શ્રી તપગચ્છ નાયક, વિજયસેન સૂરિરાય, તસ કેરો શ્રાવક ઋષભદાસ ગુણગાય. ૪

(૨)

ચ્યાસીલાખ પૂરવ ઘરવાસે, વસીયા પરિકર યુક્તાજી,
જન્મ થકી પણ દેવતરૂ ફલ, ક્ષીરોદધિ જલ ભોક્તાજી;
મઇ સુઅ ઓહિ નાણે સંયુત, નયણ વયણ કજ ચંદાજી,
ચાર સહસશું દીક્ષા શિક્ષા, સ્વામી શ્રી ઋષભ જિણંદાજી. ૧

મનઃપર્યવ તવ નાણ ઉપન્યું, સંયત લિંગ સહાવાજી,
અઢી દ્વીપમાં સન્નીપંચેન્દ્રિય, જાણે મનોગત ભાવાજી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્રવ્ય અનંતા સૂક્ષ્મ તિર્છા, અઢારસેં ખિત્ત ઠાયાજી,
પલિય અસંખમ ભાગ ત્રિકાલિક, દ્રવ્ય અસંખ્ય પરજાયાજી. ૨.

ઋષભ જિણેસર કેવલ પામી, રચણ સિંહાસન ઠાયાજી,
અનભિલપ્ય અભિલપ્ય અનંતા, ભાગ અનંત ઉચ્ચરાયાજી;
તાસ અનંતમે ભાગે ધારી, ભાગ અનંતે સૂત્રેજી,
ગણધર રચિયાં આગમ પૂજી, કરીએ જન્મ પવિત્રજી. ૩

ગોમુખ જક્ષ ચક્કેસરી દેવી, સમકિત શુદ્ધ સોહાવેજી,
આદિ દેવની સેવા કરંતી, શાશન શોભ ચઢાવેજી;
શ્રદ્ધા સંયુત જે વ્રતધારી, વિઘન તાસ નિવારેજી,
શ્રી શુભવીરવિજય પ્રભુ ભગતે, સમરે નિત્ય સવારેજી. ૪

(૩)

(રાગ : જય જય ભવિ હિતકર)

શ્રી પ્રથમ જિનેશ્વર, રિસહેસર પરમેશ, સેવકને પાલે, ટાલે કરમ કલેશ;
ઇન્દ્રાદિક દેવો, સેવા સારે જાસ, મરુદેવા નંદન, વંદન કીજે તાસ. ૧

અષ્ટાદશ દોષો, અષ્ટ કરમ અરિહંતા, પ્રતિબંધ નિવારી, વસુધાતલે વિચરંતા;
જે ગત ચોવીશી, અનાગત વર્તમાન, તસ પાયેલાગું, માંગુ સમકિત દાન. ૨

પુંડરિકગિરિ કેરો, પ્રવચનમાં અધિકાર, દીઠે દુઃખ વારે, ઉતારે ભવપાર;
સિદ્ધાચલ સિદ્ધા સાધુ અનંતી કોડ, આગમ અનુસારે, વંદુ બે કર જોડ. ૩

રવિ મંડલ સરીખા, કાને કુંડલ દોય, સુખ સંપત્તિ કારક, વિઘ્ન નિવારક સોય;
ચક્કેસરી દેવી, ચકતણી ઘરનારી, સેવક આધારી ઉદયરત્ન જયકારી. ૪

(૪)

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા, મરુદેવી માયા, ધોરી લંછન પાયા;
જગતસ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા, કેવલસિરિ રાયા, મોક્ષ નગરે સિધાયા. ૧

સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી, દુર્ગતિ દુઃખ ભારી, શોક સંતાપ વારી;
શ્રેણી ક્ષપક સુધારી, કેવલાનંત ધારી, નમીએ નર નારી, જેહ વિશ્વોપકારી. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમોવસરણે બેઠા, લાગે જે જિનજી મીઠા, કરે ગણપ પઇઠા, ઇન્દ્રચંદ્રાદિ દીઠા;
દ્વાદશાંગી વરિઠા, ગુંથતાં ટાલે રિઠા, ભવિજન હોય હિઠા, દેખી પુણ્યે ગરિઠા. ૩

સુર સમકિતવંતા, જેહ ઋદ્ધે મહંતા, જે સજ્જન સંતા, ટાલીયે મુજ ચિન્તા;
જિનવર સેવંતા, વિઘ્ન વારો દૂરન્તા, જિન ઉત્તમ થુણંતા, **પદ્મને** સુખ દિન્તા. ૪

(૫)

(રાગ - વરસ દિવસમાં અષાઢ ચોમાસું)

સુધર્મદેવલોક પહેલો જાણો, દોઢ રાજ ઊંચો ચિત્ત આણો,
સૌધર્મેન્દ્ર તેહનો રાણો,
શક્ર નામે સિંહાસન છાજે, ઐરાવણ હાથી તિહાં ગાજે,
દીઠે સંકટ ભાંજે;
સર્વ દેવ માને તસ આણ, આઠ ઇન્દ્રાણી ગુણની ખાણ,
વજ રત્ન જમણે પાણ,
બત્રીશ લાખ વિમાનનો સ્વામી, ઋષભદેવને નમે શિર નામી,
હૈયે હર્ષ બહુ પામી. ૧

ચોવીસે જિન નિત પ્રણમીજે, વિહરમાનજિન પૂજા કીજે,
નરભવ લાહો લીજે,
બાર દેવલોકને નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર તિહાં સબલ વિવેક,
તિહાં પ્રતિમા છે અનેક;
ભુવન પતિ વ્યંતરમાં સાર, જ્યોતિષી દેવ ન લાભે પાર,
તેહસું નેહ અપાર,
મેરુ પ્રમુખવલી પર્વત જેહ, તિર્છાલોકમાં પ્રતિમા ગુણગેહ,
તે વંદુ ધરી નેહ. ૨

સમવસરણ સુર કરે ઉદાર, યોજન એકતણે વિસ્તાર,
રચના વિવિધ પ્રકાર,
અઢી ગાઉ ઊંચો એ માન, કૂલ પગર સોહે જાનુ પ્રમાણ,
દેવ કરે ગુણ ગાન;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મણિ હેમ રજતમય સોહે, ત્રિગડું દેખી ત્રિભુવન મોહે,
તિહાં બેઠા પડિબોહે,
અણવાગ્યા વાજાં તિહાં વાજે, ત્રણ છત્ર શિર ઉપર છાજે,
સેવક જનને નિવાજે. ૩
ચરણકમલ નેઉરના ચાળા, કટી મેખલ સોહે અતિ વિશાળા,
કંઠે મોતનકી માળા,
પુનમચંદ સમ વદન વિરાજે, નયન કમલની ઉપમા છાજે,
નિત નિત નવલ દિવાજે;
ચક્કેસરી શાસનની માય, ઋષભદેવના પ્રણમે પાય.
શ્રી સંઘને સુખદાય,
શ્રી વિજયપ્રભસૂરીસરરાય, વંદુ કીર્તિવિજય ઉવજ્ઝાય,
કાન્તિવિજય ગુણ ગાય. ૪

(૬)

(રાગ : શ્રાવણસુદિ પંચમી દિને એ)

ચૈત્રવદ આઠમ દિને એ, જનમ્યા આદિ જિનરાજ તો,
પાંચસે ધનુષનું દેહમાન એ, કંચનવરણી કાય તો;
લાખ ચોરાશી પૂર્વનું એ, આયુ ભોગવી વિશાળ તો,
અષ્ટ કર્મ શત્રુ હણી એ, વેગે શિવપુર જાય તો. ૧

ભરતે ભરાવ્યાં દેહરાં એ, થાપ્યાં જિન ચોવીશ તો,
તનુમાન આપ આપણું એ, તેહને નામું શીશ તો;
સમનાસિકા થાપીયા એ, મણિમય પ્રતિમા કીધ તો,
અષ્ટ દ્રવ્યસું પૂજતાં એ, મનવંછિત ફલ સીધ તો. ૨

ઋષભદેવ જ્ઞાની હુઆ એ, ભાખે શુદ્ધ ઉપદેશ તો,
દુવિધ ધરમ પ્રકાશીયો એ, શ્રાવક-સાધુ નિવેશ તો;
ષટ્દ્રવ્ય તિહાં ભાખીયા એ, પાંચ છંડી એક ધાર તો,
ને નિખેવા સંજુત લહો એ, એમ અનેક વિચાર તો. ૩

મહાવદ તેરશે શિવ લહુ એ, અષ્ટાપદગિરિ આય તો,
ગોમુખજક્ષ ચક્કેસરી એ, કરે શાસનની સહાય તો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એવા જિનવર સેવતાં એ, પાતક સરવે જાય તો,
મુનિ હુકમ તસ ધ્યાનથી એ મનવંછિત તસ થાય તો. ૪

શ્રી સુમતિનાથ જિન થોય-૧

મોટા તે મેઘરથ રાય રે, રાણી સુમંગલા સુમતિનાથ જિનજનમિયા એ,
આસન કંપ્યું તામ રે હરિ મન કંપીયા અવધિજ્ઞાને નિરખતા એ,
જાણી જન્મ જિણંદ રે ઉઠ્યા આસન થકી સાત આઠ ડગ ચાલીયા એ,
કરજોડી હરિ તામ રે કરે નમુત્થુણં સુમતિનાથના ગુણ સ્તવે એ. ૧

હરિનિગમેષિ તામ રે ઇન્દ્ર તેડીયા ઘંટ સુઘોષા વજડાવીયા એ,
ઘંટા તે બત્રીશલાખ રે વાગે તે વેલા સુરપતિ સહુ કો આવીયા એ,
રચ્યું તે પાલક વિમાન રે લાખ જોજનતણું ઉંચું જોજન પાંચસે એ,
હરિ બેસી તે માંહે રે આવે વંદવા જિમ રૂષભાદિક વંદીયા એ. ૨

હરિ આવે મૃત્યુલોક રે સાથે સુર બહુ કેતા ગજ ઉપર ચડ્યા એ,
ગરૂડ ચડ્યા ગુણવંત રે નાગ પલાણીઆ સુર મલી જિનઘર આવીયા એ,
ત્રણ પ્રદક્ષિણા દેઇ રે પ્રણમી સુમંગલા રત્નકુખ તારી સહી એ,
જન્મ્યા સુમતિ જિણંદ રે ત્રણ જ્ઞાન સહિત ધન્ય વાણી જિનજી તણી એ. ૩

પંચ રૂપ કરી હાથ રે ઇન્દ્રે તેડીયા ચામર વિંઝે દોય હરિ એ,
એક હરિ છત્ર ધરંત રે વજ કરે ગ્રહી એક હરિ આગળ ચાલતા એ,
આવ્યા મેરૂને શ્રુંગ રે પાંડુકવન જિહાં નવરાવી ઘર મૂકીયા એ,
યક્ષ તુંબરુ દેવ રે મહાકાલી યક્ષિણી, ઋષભ કહે રક્ષા કરો એ. ૪

શ્રી શીતલનાથ જિન સ્તુતિ-૧

શ્રી શીતલ જિન શીતલકારી, ભવિજનને મન ભાયજી,
શાંત સુધારસ નયન કચોલા, કનક સુકોમલ કાયજી,
દઢરથ રાય સુત નંદા નંદન, પ્રણમે સુરનર પાયજી,
જન્મ જરા મરણ તાપ સમાવા, અહર્નિશ ગુણગણ વાયજી. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અતીત અનાગત હુઆ હોશે, જિનવર અનંત અપારજી,
વિહરમાન જિન વિચરે વિશે, મહાવિદેહ મઝારજી,
ઋષભ ચંદ્રાનન વારિષેણ, વલી વર્ધમાન એ ચારજી,
ચાર નિક્ષેપે સવિ જિન સેવો, જિમ પામો ભવપારજી. ૨

અર્થ પરંપરા આગમ જિનવર, ગણધર સાખે દાખ્યુંજી,
સૂત્રથી મુનિવરને આપ્યું, સુરનરને અરથ તે ભાખ્યુંજી,
સાધુ સૂરિ ઉવજ્ઝાય વિધિસું, ભણીગણી ચિત્તમાં રાખ્યુજી,
સુલભ બોધિ અલ્પ સંસારી, તેણે અનુભવ ચાખ્યુંજી. ૩

ચીર ચુંદડી ચોળી ચરણાણું, પહિરણ ઝાક ઝમાળજી,
બ્રહ્મયક્ષ અશોકા જક્ષણી, દીસે અતિ ઉજમાળજી,
શીતલ જિનની સેવા સારઈ, ધરમીને પ્રતીપાળજી,
રૂપવિજય મુનિ માણેક સંઘને, નિત નિત મંગળ માળજી. ૪

શ્રી વાસુપૂજ્ય જિન સ્તુતિ-૧

(રાગ - ગંધારે શ્રી મહાવીર જીણંદા)

વાસુપૂજ્ય જિનેશ્વર નંદા, જયા માતા આનંદ કંદા,
સર્વજીવ સુખકંદા;
ભવભવસંચિત પાપ નિકંદો, વાસુપૂજ્ય જિનેશ્વર વંદો,
આતમ ગુણ આનંદો. ૧
ઋષભાદિક ચોવિશ જિણંદા, સેવા કરે નિત્ય સકલ સુરીંદા,
મન ધરી હરખ આણંદા,
તાસ ચરણ સેવે મન શુદ્ધા, શિવ સુખ કારણ સવિ એ બુદ્ધા
નિર્મલ સુરસા દુદ્ધા ૨
રોહિણી પ્રમુખ તપસ્યા સારી, જે ભાષિત જિનવર ગણધારી,
ભવિક કરે હિતકારી;
એહવા આગમ જે ચિત્ત ધારે, શ્રી જિનવાણી પટે પટાવે,
તેહ અક્ષયસુખ પાવે. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જિન શાસન સાનિધ્યકારી, ધુરથી મંગલ દુરિત નિવારી,
સેવો શુભ આચારી;
કલ્યાણકારી જિનને સેવો, સુરનર પૂજિત શાસન દેવો
વિઘ્ન હરે નિત્યમેવો. ૪

શ્રી શાન્તિજિન થોયો - ૧૧

(૧)

શાન્તિ સુહંકર સાહિબો, સંયમ અવધારે, સુમિત્રને ઘેર પારણું, ભવપાર ઉતારે;
વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે, જ્ઞાન ધ્યાન એકતાનથી, તિર્થયને તારે. ૧

પાસ વીર વાસુપૂજ્યજી, નેમ મલ્લિકુમારી, રાજ્યવિહુણા એ થયા, આપે વ્રતધારી;
શાન્તિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી, મલ્લી નેમ પરણ્યા નહિ, બીજા ઘરબારી. ૨

કનક કમલ પગલાં ઠવે, જગ શાન્તિ કરીજે, રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે;
યોગાવંચક પ્રાણીયા, ફલ લેતાં રીઝે, પુષ્કરાવર્તના મેઘમાં, મગશેલ ન ભીંજે. ૩

કોડવદન શૂકરારૂઢો, શ્યામ રૂપે ચાર, હાથ બીજોરૂં કમલ છે, દક્ષિણ કર સાર;
જક્ષ ગરૂડ વામ પાણિએ નકુલાક્ષ વખાણે, નિર્વાણીની વાત તો, કવિ વીર તે જાણે. ૪

(૨)

શાન્તિજિનેસર સમરીએ, જેની અચિરામાય,
વિશ્વસેન કુલ ઉપન્યા, મૃગ લંછન પાય;
ગજપુર નયરીનો ધણી, કંચન વરણી કાય,
ધનુષ ચાલીશ દેહડી, લાખ વરસનું આય. ૧

શાન્તિજિનેસર સોલમા, ચકી પંચમ જાણું,
કુંથુનાથ ચકી છઠ્ઠા, અરનાથ વખાણું;
એ ત્રણે ચકી સહી, દેખી આણંદુ,
સંજમ લેઇ મુગતે ગયા, નિત્ય ઊઠીને વંદુ. ૨

શાન્તિજિનેસર કેવલી, બેઠા ધર્મ પ્રકાશે,
દાન શીયલ તપ ભાવના, નર સોય અભ્યાસે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એહ વચન જિનજી તણાં, જેણે હિયડે ધરીયાં,
સુણતાં સમકિત નિર્મલા, નિશ્ચે કેવલ વરીયા. ૩

સમેતશિખરગિરિ ઉપરે, જેણે અણસણ કીધાં,
કાઉસ્સગ્ગ ધ્યાન મુદ્રા રહી, જેણે મોક્ષ જ સિધ્યાં;
જક્ષ ગરૂડ સમરું સદા, દેવી નિરવાણી,
ભવિક જીવ ! તુમે સાંભળો, ઋષભદાસની વાણી. ૪

(૩)

વંદો જિન શાંતિ, જાસ સોવન કાંતિ, ટાળે ભવભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ;
દ્રવ્ય ભાવ અરિ પાંતિ, તાસ કરતા નિકાંતિ, ધરતા મન ખાંતિ, શોક-સંતાપ-વાંતિ. ૧

દોય જિનવર નીલા, દોય ધોળા સુશીલા, દોય રક્ત રંગીલાં, કાઢતાં કર્મ કીલા;
ન કરે કોઈ હીલા, દોય શ્યામ સલીલા, સોળ સ્વામિજી પીલા, આપજો મોક્ષલીલા. ૨

જિનવરની વાણી, મોહ-વલ્લી કૃપાણી, સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી;
અરથે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી, પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી. ૩

વાગેશ્વરી દેવી, હર્ષ હિયડે ધરેવી, જિનવર પય સેવી, સાર શ્રદ્ધા વરેવી;
જે નિત્ય સમરેવી, દુઃખ તેહના હરેવી, પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી. ૪

(૪)

શાન્તિનાથ ભજો ભગવંત, આઠ કરમનો કીધો અંત,
જિન પામ્યા શિવપુરીનો વાસ, ભવિજનની તે પૂરો આશ. ૧

ઋષભાદિક જિન ચોવીશ, દુર્જય મન્મથ મર્દન ઇશ,
ભવિકમન વિકાશ્યું ચંદ, તે નમતાં મુજ હોય આનંદ. ૨

આગમ ભાખ્યો અરિહંત તણો, તે નમતાં મુજ ઉલટ ઘણો,
ભણે ગણે જે ભાવે કરી, તે પામે નિશ્ચે શિવપુરી. ૩

શાન્તિનાથ શાસસની સૂરિ, વિઘન નિવારે બહુગુણ ભરી,
ચઉંવિહ સંઘની સુખકર સદા, પભણઇ દેવવિજય કવિ મુદા. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫)

પ્રણત સુરેસર, અસુર નરેસર, શાંતિ જિનેશ્વર રાયાજી,
અચિરાનંદન ભુવન આણંદન, ચંદન ચરચિત કાયાજી;
તરણ શરણ તનુ વરણ કંચનસમ, હરણ લંછન પ્રભુ પાયાજી,
શ્રી લક્ષ્મીસાગર સૂરિશ પૂરંદર, પ્રણમે શિવસુખ દાયાજી. ૧

સિદ્ધાચલ શ્રી આદિજિનેસર, ઉજ્જંત નેમિકુમારજી,
તારંગે શ્રી અજિતજિનાધિપ, સુરત પાસ ઉદારજી;
ભરૂ-અચ્છે મુનિસુવ્રતસ્વામી, પ્રબલ પ્રતાપ અપારજી,
શ્રી લક્ષ્મીસાગરસૂરિશ પુરંદર, વંદે વારંવારજી. ૨

અંગ અને ઉપાંગ અનુપમ, મૂલસૂત્ર સુવિચાર જી,
છેદ ગ્રંથને દશ પયન્ના, નંદી અનુયોગ દ્વારજી;
ઇત્યાદિક અરથે, જિન વિરચ્યા, સૂત્રથકી ગણધારજી,
શ્રી લક્ષ્મીસાગર સૂરિશ પુરંદર, ઉપદેશે ભવિ તારેજી. ૩

ચરણે નુપૂર રમઝમ કરતી, શીલાલંકૃતધારીજી,
કટિ તટી મેખલ નાકે મોતી, શ્રુતદેવી મનોહારીજી;
શ્રી લક્ષ્મીસાગરસૂરિશ પુરંદર, દિનદિન સા જયકારીજી,
પ્રમોદસાગર હરખે ઇમ ભાખે, સંઘ સકલ સુખકારીજી. ૪

(૬)

(રાગ : શ્રાવણશુદિ દિન પંચમીએ)

સોલમા શાન્તિજિનેસરૂ એ, શાન્તિકરણ દુઃખ વાર તો,
સર્વારથથી અવતર્યા એ, અચિરા ગરભે સુખકાર તો;
ભાદરવા શુદ સાતમે એ, મરકી માર નિવાર તો,
ગજપુર વિશ્વસેન રાજીયો એ, તીર્થંકર અવતાર તો. ૧

ચઉદ સુપન માતા લહે એ, ચૌદલોક અધીશ તો,
જેઠશુદ તેરસને દિને એ, જનમ્યા શ્રીજગદીશ તો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપ્પનકુમરી લડાવીયા એ, ચોસઠ ઇન્દ્ર બહુ કોડ તો,
મેરૂશિખર પાંડુકશિલા એ, નમણ કરે હોડાહોડ તો. ૨

શાન્તિનાથ સોહામણું એ, નામ સુણી સહુ હરખંત તો,
ચક્રીપદ સુખ ભોગવી એ, સંવચ્છરીદાન વરસંત તો;
જેષ્ઠવદિ ચઉદસને દિને એ, દીક્ષા લહણ અધિકાર તો,
પોષશુદ નવમી કેવલ લહ્યો એ, ભવિજનને હિતકાર તો. ૩

વૈશાખ વદિ તેરસે લહ્યો એ, સમેતશિખર સિદ્ધશીશ તો,
કલ્યાણક પંચ પેખજો એ, નિરંજન વિસવાવીસ તો;
ગરુડયક્ષ કંદર્પાસુરી એ, જિનશાસન રખવાલ તો,
સુખપાટે રત્નગુરુ રાજવી એ, **વિનિતવિજય** ભણે બાલ તો. ૪

(૭)

(રાગ : વીરજિનેસર અતિ અલવેસર)

શાન્તિકરણ શ્રીશાન્તિજિનેસર, સોલમા જિનવર રાયા જી,
વિશ્વસેન અચિરાસુત સુંદર, સુરકુમરી ગુણ ગાયા જી;
મૃગલંછન પ્રણમે સુરરાયા, કંચનવરણી કાયા જી,
વિવિધ પ્રકારે પુજા રચંતા, મનવંછિત ફલ પાયા જી. ૧

ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિ પદ્મપ્રભ દેવોજી,
સુપાસ ચંદ્રપ્રભ સુવિધિ શીતલ, શ્રેયાંસ વાસુપૂજ્ય સેવો જી;
વિમલ અનંત ધર્મ શાન્તીસર, કુન્થુ અર મન આણું જી,
મલ્લિ મુનિસુવ્રત નમિ નેમી, પાસ વીર વખાણું જી. ૨

સમોવસરણ સિંહાસન બેઠા, છત્રત્રય શિર સોહે જી,
યોજનવાણી વખાણ કરંતા, રૂપે, ત્રિભુવન મોહે જી;
સરસ સુધારસથી અતિ મીઠી, શ્રીજિનવરની વાણી જી,
શ્રવણે સુણતાં ભાવે ભણતાં, લહીએ શિવપદ રાણી જી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાયે નેઉર રમઝમ કરતી, ઘુઘરડી વાચાલી જી,
પંચાનન જીત્યો કટિ લંકઈ, ચાલે રાજમરાલી જી;
શાન્તિનાથ ચરણાંબુજ સેવી, નિર્વાણી મનોહારી જી,
વિબુદ્ધશિરોમણી મુક્તિવિજય શિષ્ય, રામવિજય જયકારી જી. ૪

૮

(રાગ -આદિ જિનવર રાયા)

ગજપુર અવતારા, વિશ્વસેન કુમારા, અવનીતલે ઉદારા, ચક્રવિ લચ્છી ધારા;
પ્રતિદિવસ સવારા, સેવીયે શાન્તિ સારા, ભવજલધિ અપારા, પામીયે જેમ પારા. ૧

જિનગુણ જસ મલ્લિ, વાસના વિશ્વવલ્લી, મન સદન વસલ્લી, માનવંતી નિસલ્લી;
સકલ કુશલ વલ્લી ફૂલડે વેગ ફૂલ્લી, દૂરગતિ તસ દૂલ્લિ, તા સદા શ્રી બહૂલ્લી. ૨

જિનકથિત વિશાલા, સૂત્રશ્રેણીરસાલા, સકલ સુખ સુખાલા, મેળવવા મુક્તિબાલા;
પ્રવચન પદમાલા, દૂતિકા એ દયાલા, ઉર ધરી સુકુમાલા, મૂકીયે મોહજાલા. 3

અતિચપલ વખાણી, સૂત્રમાં જે પ્રમાણી, ભગવતિ બ્રહ્માણી, વિઘ્ન હંતિ નિર્વાણી,
જિનપદ લપટાણી, કોડી કલ્યાણ ખાણી, ઉદયરત્ને જાણી,સુખદાતા સયાણી. ૪

૯

(રાગ - વીરજિનેશ્વર અતિ અલવેસર)

કુરુજનપદ ગજપુર વરનયરી, વિશ્વસેન અચિરા રાણી જી,
ચઉદ સુપન યુગ લહી જાયો, શાન્તિકરણ ગુણખાણી જી;
દશ દિક્કુમરી છપ્પન અમરી, આવે હેજે ભરાણી જી,
સૂતિ કરમ નિજ કરમ ભરમહર, કરતી નિજ કર્મ જાણી જી. ૧

ચૌસટ્ઠિ હરિ મલી જન્મોચ્છવ, મેરૂમહિધર શૃંગે જી,
ન્હવણ કરાવે જિન ગુણગાવે, શક ધરી ઉત્સંગે જી;
અષ્ટોત્તર શત પૂજાને વલી, કરી સુરવર નવ અંગે જી,
માત ઉત્સંગે થાપી જિનને, પહોંતા નિજ પદ રંગે જી. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અવનિપતિ સુત ઉચ્છવ કીનો,નામે શાન્તિકુમાર જી,
ચક્રીપદ પામી સવિ ઋદ્ધિ વામી, લીનો સંયમભાર જી,
કરમ ખપાવી કેવલ પામી, પર્ષદા મીલી બાર જી,
સમવસરણ જિનદેશના નાદે, ભવિક લહ્યા ભવપાર જી. ૩

માસ સંલેખન નવસે મુનિશ્યું, મુગતિ શાન્તિજિણંદા જી,
સમેતશિખર પર નિવૃત્તિ મહોત્સવ, મીલી કરે ચઉસઠ્ઠિ ઇંદા જી;
ગરુડયક્ષ નિરવાણી દેવી, સમકિતધર સુરવૃંદા જી,
લક્ષ્મીવિબુધનો રામ પયંપે, દિઉ સેવક આણંદા જી ૪

(૧૦)

સકલ સુખાકર પ્રણમિત નાગર, સાગર પરે ગંભીરોજી,
સુકૃત લતાવન સિંચન ઘનસમ, ભવિજન મન તરૂ કીરોજી;
સુરનર કિન્નર અસુર વિધાધર, વંદિત પાદ અરવિંદોજી,
શિવસુખ કારણ શુભ પરિણામે, સેવો શાંતિ જિણંદોજી. ૧

સચલ જિનસેર ભુવન દિણેસર, અલવેસર અરિહંતાજી,
ભવિજન કુમુદ સંબોધન શશિસમ, ભયભંજન ભગવંતાજી,
અષ્ટ કરમ અરિદલ અતિ ગંજન, રંજન મુનિજન ચિત્તાજી,
મન શુદ્ધે જે જિનને આરાધે, તેહને શિવસુખ દિંતાજી. ૨

સુવિહિત મુનિજન માન સરોવર, સેવિત રાજ મરાલોજી,
કલિમલ સકલ નિવારણ જલધર, નિર્મલ સૂત્ર રસાલોજી,
આગમ અકલ સુપદે શોભિત, ઊંડા અર્થ અગાધોજી,
પ્રવચન વચન તણી જે રચના, ભવિજન ભાવે આરાધોજી. ૩

વિમલ કમલ દલ નિર્મલ લોચણ, ઉલ્લસીત કરે લલિતાંગીજી,
બ્રહ્માણી દેવી નિરવાણી, વિઘ્નહરણ કણયંગીજી,
મુનિવર મેઘરત્ન પદ અનુચર, અમરરત્ન અનુભાવેજી,
નિરવાણી દેવી પ્રભાવે, ઉદય સદા સુખ પાવેજી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૧)

શ્રી શાંતિ જિનેસર, શાંતિકરણ ભગવંત, વાંછિત ફલદાયક, નાયક બહુ ગુણવંત,
યોગીસર જંગમ, સ્નેહે સુરતરૂ દેવ, શ્રી રત્ન વિજયસૂરિ, કરે નિરંતર સેવ. ૧

ક્રોધાદિક વૈરી, વિષમ વિદિતા જેહ, તેહના મદ જુતી, પોહતા શિવપુર એહ,
ઇમ અતિત અનાગત, વર્તમાન જિનરાય, શ્રી રત્નવિજયસૂરિ, વંદે તેહના પાય.૨

શ્રી જિનવર ભાષિત, આગમ વયણ વિવેક, દુર્ગતિ દુઃખ વારણ, કારણ સુખ અનેક,
તે સુણતાં લહિયે, શાશ્વત શિવપુર સાર, શ્રી રત્નવિજયસૂરિ, ભાખે તેહ ઉદાર. ૩

શ્રી જિનવર શાસન, ભાસન સુરી સપરાણી, દુર્ગતિ દુઃખ ટાળણ, પાલણ સંઘ સુજાણી,
સુખ સંપત્તિ સોહે, મોહે ગુણમણી ખાણી, શ્રી રત્નવિજયસૂરિ, પાય નમે નિર્વાણી. ૪

શ્રીનેમનાથ જિન થોયો-૧૨

(૧)

શ્રી ગિરનાર શિખર શણગાર, રાજીમતી હૈડાનો હાર,
જિનવર નેમકુમાર,
પૂરણ કરુણારસ ભંડાર, ઉગાર્યા પશુઆ એ વાર,
સમુદ્રવિજય મલ્હાર;
મોર કરે મધુરો કિંકાર, વિચે વિચે કોયલના ટહુકાર,
સહસ્રગમે સહકાર,
સહસાવનમાં હુઆ અણગાર, પ્રભુજી પામ્યા કેવલ સાર,
પહોંતા મુક્તિ મોઝાર. ૧

સિદ્ધિગિરિ એ તીરથ સાર, આબુ અષ્ટાપદ સુખકાર,
ચિત્રકુટ વૈભાર,
સોવનગિરિ સમ્મેત શ્રીકાર, નંદીશ્વર વર દ્વીપ ઉદાર,
જિંહા બાવન વિહાર;
કુંડલ રુચકને ઇક્ષુકાર, શાશ્વતા અશાશ્વતા ચૈત્ય વિચાર,
અવર અનેક પ્રકાર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કુમતિ વયણે મ ભૂલ ગમાર, તીરથ ભેટે લાભ અપાર,
ભવિયણ ભાવે જુહાર. ૨

પ્રગટ છટ્ઠે અંગે વખાણી, દ્રોપદી પાંડવની પટરાણી,
પૂજા જિન પ્રતિમાની
વિધિશું કીધી ઉલટ આણી, નારદ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાણી,
છાંડ્યો અવિરિતિ જાણી;
શ્રાવકકુલની એ સહિ નાણી, સમકિત આલાવે આખ્યાણી,
સાતમે અંગે વખાણી,
પૂજનીક એ પ્રતિમા અંકાણી, ઇમ અનેક આગમની વાણી,
તે સુણજો ભવિ પ્રાણી. ૩

કેડે કટિ મેખલા ઘુઘરીયાલી, પાયે નેઉર રમઝમ ચાલી,
ઉજ્જિંતગિરિ રખવાલી,
અધર લાલ જિસ્યા પરવાલી, કંચનવાન કાયા સુકુમાલી,
કર લહકે અંબડાલી;
વૈરીને લાગે વિકરાલી, સંઘના વિઘ્ન હરે ઉજમાલી,
અંબાદેવી મયાલી,
મહિમાએ દશ દિશિ અજુઆલી, ગુરુ શ્રી સંઘવિજય સંભાલી,
દિન દિન નિત્ય દીવાલી. ૪

(૨)

સુર અસુર વંદિત પાયપંકજ, મયણમલ્લમક્ષોભિતં,
ઘનસુઘન શ્યામ શરીર સુંદર, શંખ લંછન શોભિતં;
શિવાદેવી નંદન ત્રિજગવંદન, ભવિક કમલ દિનેશ્વરં,
ગિરનાર ગિરિવર શિખર વંદો, નેમિનાથ જિનેશ્વરં. ૧

અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરી વરં,
વાસુપૂજ્ય ચંપાનયરી સિદ્ધા, નેમ રૈવત ગિરિવરં;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમેત શિખરે વીશ જિનવર, મુક્તિ પહોતા મુનિવરં,
ચોવીશ જિનવર નિત્ય વંદુ, સચલ સંઘને સુખકરં. ૨

અગ્યાર અંગ ઉપાંગ બારે, દશ પયન્ના જાણીએ,
છ છેદ ગ્રન્થ પસથ્થ અથ્થા, મૂલ ચાર વખાણીએ;
અનુયોગ દ્વાર ઉદાર નંદી, સૂત્ર જિનમત ગાઈએ,
વૃત્તિ ટીકા ભાષ્ય ચૂર્ણિ, પીસ્તાલીશ આગમ ધ્યાઈએ. ૩

દોય દિશિ બાલક દોય જેને, સદા ભવિયણ સુખકરું,
દુઃખહરું અંબા લૂંબ સુંદર દુરિત દોહગ અપહરું;
ગિરનારમંડણ નેમિજિનવર, ચરણ પંકજ સેવીયે,
ચઉવિહસંઘ સુપ્રસન્ન મંગલ, કરો અંબાદેવીએ ૪

(3)

શ્રાવણ સુદિ દિન પંચમીએ, જન્મ્યા નેમિજિણંદ તો,
શ્યામવરણ તનુ શોભતું એ, મુખ શારદકો ચંદ તો;
સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંત તો,
અષ્ટ કરમ હેલા હણીએ, પહોતાં મુક્તિ મહંત તો. ૧

અષ્ટાપદ પર આદિ જિન એ, પહોતાં મુક્તિ મોઝાર તો,
વાસુપૂજ્ય ચંપાપુરી એ, નેમ મુક્તિ ગિરનાર તો;
પાવાપુરી નગરીમાં વળી એ, શ્રી વીરતણું નિરવાણ તો,
સમેતશિખર વીસ સિદ્ધ હુઆએ, શિર વહું તેહની આણ તો. ૨

નેમિનાથ જ્ઞાની હુવા એ, ભાખે સત્ય વચન તો,
જીવદયા ગુણવેલડી એ, કીજે તાસ જતન તો;
મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો,
અનંત તીર્થંકર એમ કહે એ, પરહરીએ પરનાર તો. ૩

ગોમેધ નામે યક્ષ ભલો એ, દેવી શ્રી અંબિકા નામ તો,
શાસન સાન્નિધ્ય જે કરે એ, કરે વળી ધર્મનાં કામ તો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપગચ્છ નાયક ગુણનીલોએ, શ્રી વિજયસેનસૂરિરાય તો,
ઋષભદાસ પાય સેવતા એ, સફલ કરો અવતાર તો. ૪

(૪)

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી, તેહના પરિહારી, બાળથી બ્રહ્મચારી;
પશુઆં ઉગારી, હુઆ ચારિત્રધારી, કેવળસિરિ સારી પામિયા ઘાતી વારી. ૧.

ત્રણ જ્ઞાન સંયુક્તા, માતની કુખે હુંતા, જનમે પુરહુંતા, આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા, મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા. ૨.

સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે, ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે, તિહાં જિનવર આવે, તત્ત્વ વાણી સુણાવે. ૩

શાસનસુરી સારી, અંબિકા નામ ધારી, જે સમકિતી નર નારી, પાપ સંતાપ વારી;
પ્રભુસેવાકારી, જાપ જપીએ સવારી, સંઘદુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી. ૪

(૫)

(રાગ-શ્રાવણ શુદી પંચમીએ)

જાદવકુલશ્રી નંદ સમો એ, નેમીજિનેસર દેવ તો,
કૃષ્ણ આદેશે ચાલીયાએ, વરવા રાજુલનાર તો;
અનુક્રમે ત્યાં આવીયાએ, ઉગ્રસેન દરબાર તો,
ઇન્દ્ર ઇન્દ્રાણી નાચતા એ, નાટક થાય તેણીવાર તો. ૧

તોરણ પાસે આવીયા એ, પશુઓનો પોકાર તો,
સાંભળીને મુખ મરડીયું એ, રાજુલ મન ઉચ્ચાટ તો,
આદિનાથ આદિ તીર્થંકર એ, પરણ્યા છે બહુનાર તો,
તેણે કારણ તુમે કાંઇ ડરો એ, પરણો રાજુલનાર તો. ૨

રથ ફેરી સંજમ લીયો એ, ચટીયા ગઢ ગિરનાર તો,
નેમીશ્વર કાઉસ્સગ્ગ રહ્યા એ, પામ્યા કેવલ સાર તો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સોલપહોર દીયે દેશના એ, આપી અખંડા ધાર તો,
ભવિક જીવ પ્રતિબોધિયા એ, બૂઝી રાજુલનાર તો. ૩

અથિર જાણી સંયમ લીયો એ, અંબા જય જયકાર તો,
પાયે ઝાંઝર ઝણઝણે એ, નાયે નેમ દરબાર તો;
શ્યામ વર્ણના નેમજીએ, શંખ લંછન શ્રીકાર તો,
કવિ નમી કહે રાયને એ, પરણ્યા શિવસુંદરીનાર તો. ૪

(૬)

(રાગ - કનક તિલક ભાલે)

દુરિત ભય નિવારં, મોહ વિધ્વંસકારં, ગુણવંતમવિકારં, પ્રાપ્ત સિદ્ધિમુદારં;
જિનવરજયકારં, કર્મ સંકલેશહારં, ભવજલ નિધિતારં, નૌમિ નેમિકુમારં. ૧

અડ જિનવર માતા, સિદ્ધિ સૌધે પ્રયાતા, અડજિનવરમાતા સ્વર્ગગીજે વિખ્યાતા
અડ જિનવર માતા, પ્રાપ્ત માહેન્દ્ર સાતા, ભવ ભય જિન ગ્રાતા, સંતને સિદ્ધિ દાતા. ૨

ઋષભ જનક જાવે, નાગસુર ભાવપાવે, ઇશાન સગ કહાવે, શેષ કાન્તા સ્વભાવે;
પદ્માસન સુહાવે, નેમ આઘન્ત પાવે, શેષ કાઉસ્સગ્ગ ભાવે, સિદ્ધિ સૂત્ર પઠાવે. ૩

વાહન પુરુષ જાણી, કૃષ્ણ વર્ણે પ્રમાણી, ગોમેધ ને ધર્ પાણિ, સિંહ બેઠી વરાણી;
સજી કનક સમાણી, અંબિકા થાર પાણિ, નેમ ભક્તિ ભરાણી, વીરવિજયે વખાણી. ૪

(૭)

(રાગ-સુર અસુરવંદિતપાય પંકજ મયણમલ્લમક્ષોભિતં)

નેમિજિનવર સકલ દુઃખહર, અસુર સુરનરપૂજિતં,
શ્યામલી શુભકાય શોભિત, મોહ મલ્લ અક્ષોભિતં,
નિખિલ ગુણકર મોહ તમહરં, રાજ્ય રમણી ન લોભિતં
ગિરનારમંડણ અઘવિહંડન, પાપ એહથી ધૂજિતં. ૧

આદિનાથ અજિત સંભવ અભિનંદન વંદિયે,
સુમતિ પદ્મ સુપાર્શ્વ ચંદ્ર સુવિધિ જિન અભિવંદીયે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શીતલ વિષ્ણુનંદ વાસુપૂજ્ય વિમલ જુહારીએ,
અનંત ધર્મ શાન્તિ આદિ જિન નમી દુઃખ વારીયે. ૨

જ્ઞાન જિનવર દાન મુક્તિ આપવા સાધન ખરું,
સાત નય ને સપ્તભંગી વિવિધ ગમથી અલંકરું;
ચરણ દ્રવ્ય ગણિત ધર્મ ચાર ભેદ વખાણના,
ધારો મનમાં ભક્તિભાવે ગુણ ગણો ઓળખાણના. ૩

દેવી અંબા બહુ અચંબા પૂરતી ભવિજન ઘરે,
ભક્તિભાવે નેમિ ધ્યાવે સંઘના સંકટ હરે;
દોય બાલક દોય બાહુ અંબ લુંબ ધરી કરે,
કૂપ પડતાં પુન્ય લબ્ધિ સાધી દેવી પદ ઘરે. ૪

(૮)

(રાગ - જિનશાસન વંછિત પૂરણદેવ રસાલ)

ગયા શસ્ત્રાગારે, શંખ નિજહાથ ધરે, કીયો શબ્દ પ્રચારે, વિશ્વ કંપ્યો તિવારે,
હરિ સંશય ધારે, એહની કોઈ સારે, જયો નેમકુમારે, બાલથી બ્રહ્મચારે. ૧

ચાર જંબૂદ્વિપે, વિચરંતા જિનદેવ, અડ ધાતકીખંડે, સુર નર સારે સેવે;
અડ પુષ્કર અરધે, ઇણીપરે વીસ જિનેશ, સંપ્રતિએ સોહે, પંચવિદેહે નિવેશ. ૨

પ્રવચન પ્રવહણસમ, ભવજલનિધિને તારે, કોહાદિક મ્હોટા, મચ્છતણા ભયવારે;
જિહાં જીવદયા રસ, સરસ સુધારસ દાખ્યો, ભવિ ભાવ ધરીને, ચિત્ત કરીને ચાખ્યો. ૩

જિન શાસન સાંનિધ્યકારી વિઘ્ન વિદારે, સમકિતદૃષ્ટિ સુર, મહિમા જાસ વધારે;
શત્રુંજયગિરિ સેવો, જિમ પામો ભવપાર, કવિ ધીરવિમલનો શિષ્ય કહે સુખકાર. ૪

(૯)

(રાગ જિનશાસન વંછિત પૂરણ દેવ રસાલ)

ગિરનારવિભૂષણ નિર્દૂષણ સુખકાર, શ્રીનેમિજિનેસર અલવેસર આધાર;
પ્રભુ વાંછિત પૂરે દુઃખ ચૂરે નિરધાર, બહુ ભાવે વંદો, રાજિમતી ભરતાર. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૈમાનિક પ્રભુ દશ ભુવનાધીશ વર વીસ, જ્યોતિષીપતિ દોય વ્યંતરપતિ બત્રીસ;
ઇય ચઉસઠ ઇંદ્રે પૂજ્યા જિન ચોવીશ, તે જિનની આણા શિર વહું હું નિશદિસ. ૨

ત્રિભુવન જિનવંદન આનંદન જિનવાણી, સિંહાસન બેસી ઉપદેશે હિત આણી;
જેહમાંહે વખાણી જીવદયા સુણો પ્રાણી, તે વાણી આરાધી વરીયે શિવપટરાણી. ૩

સંઘ સાન્નિધ્યકારી જયકારી વરદાય, શાસન રખવાલી વિઘ્ન હરે અંબાઇ;
બાવીશમાં જિનની સેવા કરો ચિત્ત લાય, બુધ **પ્રીતિવિજય** કહે સુખસંપદ મેં પાય. ૪

(૧૦)

(રાગ - વીરજિનેશ્વર અતિ અલવેસર)

રાજુલરાણી ગુણમણિખાણી તેહતણો ભરતાર જી,
સમુદ્રવિજય શિવાદેવીનંદન, સુખસંપતિ દાતાર જી;
શંખલંછન ને શામલવરણી, કાયા કોમલ સાર જી,
નેમિજિનેસર નિત નિત નમતા, હોયે સદા જયકાર. જી. ૧

દશ વૈમાનિક દોય જ્યોતિષી, બત્રીશ વ્યંતર ઇંદે જી,
વીશ ભવનપતિ સર્વ મલીને, ચોસઠ ઇન્દ્ર આણંદે જી;
મેરૂશિખર જઇ રચીય સિંહાસન, હઇડે હરખ અપાર જી,
ચોવીશ જિનનો જન્મ મહોત્સવ, કીધો અતિ મનોહાર જી.૨

દાન સુપાત્રે દીજે સુઘું, શીલરયણ પાલીજે જી,
તપ તપીએ પોતાની શક્તે, ભાવના મન ભાવીજે જી;
કોધ લોભ માન માયા જૂહું પંચ પ્રમાદ પરિહરિયે જી,
એહવી જિનની વાણી સુણતાં, ભવસાયર ઉતરીયે જી. ૩

નેમિનાથ શાસન સુર સોહે, ગોમેધયક્ષ મયાલ જી,
સમકિતધારી સંઘ ચતુર્વિધ, સાન્નિધ્યકારી દયાલ જી;
ભવિકજીવને આનંદ કરતો, સેવતો જિનપાય જી,
શ્રીવિજયરાજસૂરીસર વિનયી, **લક્ષ્મીવિજય** ગુણ ગાય જી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૧)

(રાગ-વીર જિનેસર અતિ અલવેસર)

નેમિનાથ નિરંજન નિરખ્યો, નિજ નયને મેં આજજી.
પાપ સંતાપ ટળે તુમ્હ નામે, હુયે વાંછિત કાજ જી,
સેવ સુંહાલી ખાંડ જલેબી, લાપસી તલધારીજી
સેવઇઆ મોતેયા મોદક,તુમ નામે લહે નર નારી જી. ...૧

ખાજાં તાજાં ફીણાં મગદલ, મૈસૂર ને મોતીચુર જી,
દ્રાખ બદામ અખોડ ખલેલાં, ખારેક ખૂરમાં ખજૂર જી,
નાલિયેર નારંગી દાડિમ, મીઠાફણસ ઉદારજી
એ ફલ ફૂળ લઇ જિનજીને પૂજો, ચઉવીશે સુખકાર જી. ...૨

દૂધપાક દસી માલપુઆ પેંડા, પતાસા ને પૂરી જી,
ગુંદપાક ગોળધાણી ગલેફાં, ગોળપાપડી ગુણ ભરી જી,
આંબા રાયણ સાકર ઘેબર, મરકીની સમ મીઠી જી,
એ સુખડીથી જિનજીની વાણી, અતિમીઠી મે દીઠી જી. ...૩

સાલિ દાલિ પંચામૃત ભોજન,ખીર ખાંડ ને પોલી જી.
સરસ સલુણા ઉન્હાં તીખાં, નિત જમીયે ઘીસ્યું ઝબોળી જી,
પાન સુપારી કાથો ચૂનો, એલચી વાસિત પાણી જી,
વીરકહે જો અંબાઇ તુઠે, તો સુખ લહે સવિ પ્રાણી જી. ...૪

(૧૨)

શ્રી ગિરનારે જે ગુણ નીલો, તે તરણ તારણ ત્રિભુવન તિલો,
નેમીશ્વર નમીએ તે સદા, સેવ્યો આપે સુખ સંપદા. ૧

ઇન્દ્રાદિક દેવ જેહને નમે, દર્શન દીઠે દુઃખ ઉપશમેં,
જે અતિત અનાગત વર્તમાન, તે જિનવર વંદુ વર પ્રધાન. ૨

અરિહંતે વાણી ઉચ્ચારી, ગણધરે તે રચના કરી,
પીસ્તાલીશ આગમ જાણીએ, અર્થ તેના ચિત્ત આણીએ. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગટ ગિરનારની અધિષ્ઠાયિકા જિન શાસનની રખવાળીકા,
સમરૂ સા દેવી અંબિકા, કવિ ઉદયરત્ન સુખદાયિકા. ૪

શ્રી પાર્શ્વનાથ જિન થોયો - ૧૪

(૧)

શ્રી શંખેશ્વર પાસ જિણેસર, વિનતિ મુજ અવધારો જી,
દુરમતિ કાપી સમકિત આપી, નિજ સેવકને તારો જી;
તું જગનાયક શિવસુખદાયક, તું ત્રિભુવન સુખકારી જી,
હરિ હિતકારી પ્રભુ ઉપગારી, યાદવ જરા નિવારી જી. ૧

શ્રી શંખેશ્વર પુર અતિ સુંદર, જિહાં જિન આપ બિરાજે જી,
સુરગિરિ સમ અતિ ધવલ પ્રાસાદે, દંડ કલશ ધ્વજ રાજે જી;
ચિહું દિશિ બાવન જિનમંદિરમે, ચોવીશે જિન વંદો જી,
ભીડભંડન જગગુરુ મુખ નિરખો, જિમ ચિરકાલે નંદો જી. ૨

શ્રી શંખેશ્વરસાહિબ દરિસન, સંઘ બહું તિહાં આવે જી,
ઘન કેકી જિમ જિનમુખ નિરખી, ગોરી મંગલ ગીત ગાવે જી;
આઠ સત્તર એકવીશ પ્રકારે, અકોત્તર બહું ભેદે જી,
આગમ રીતે જગગુરુ પૂજે, કર્મકઠીનને છેદે જી. ૩

શંખેશ્વરને જિમણે પાસે, મા પદ્માવતી દીપે જી,
સુરપતિ ધરણરાજ પટરાણી, તેજે રવિ શશી જીપે જી;
તપગચ્છપતિ શ્રી વિજય જિણંદસૂરિ, અહનિશ તસ આરાધેજી,
કૃષ્ણવિજય જિનસેવા કરતાં, રંગ અધિક જશ વાધે જી. ૪

(૨)

સકલ સુરાસુર સેવે પાયા, નયરી વાણારસી નામ સોહાયા,
અશ્વસેન કુલ આયા,
દશ ને ચાર સુપન દીખલાયા, વામાદેવી માતાએ જાયા,
લંછન નાગ સોહાયા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપ્પન દિગ્કુમરી હુલરાયા, ચોસઠ ઇન્દ્રાસન ડોલાયા
મેરુશિખર નવરાયા,
નીલવરણ તનુ સોહે કાયા, શ્રીવિજયસેનસૂરીશ્વરરાયા,
પાસ જિનેશ્વર ગાયા. ૧

વિદ્રુમવરણા દોય જિણંદા, દો નીલા દો ઉજ્વલ ચંદા,
દો કાલા સુખકંદા,
સોલે જિનવર સોવનવરણા, શિવપુરવાસી શ્રીપરસન્ના,
જે પૂજે તે ધન્ના;
મહાવિદેહે જિન વિચરંતા વીસે પૂરા શ્રીભગવંતા,
ત્રિભુવન તે અરિહંતા,
તીરથ સ્થાનક નામું એ શિશ, ભાવ ધરીને વિશ્વાવીશ,
શ્રીવિજયસિંહ સૂરીશ. ૨

સાંભલ સખરા અંગ અગીઆર, મન શુદ્ધે ઉપાંગ જ બાર,
દશ પયન્ના સાર,
છેદ ગ્રંથ વળી ષટ વિચાર, મૂલસૂત્ર બોલ્યા જિન ચાર,
નંદી અનુયોગદ્વાર;
પણયાલીશ જિન આગમ નામ, શ્રીજિન અરથે ભાખ્યા જામ,
ગણધર ગુંથે તામ,
શ્રીવિજયસેનસૂરીંદ વખાણે, જે ભવિકા નિજ ચિત્તમાં જાણે,
તસ ઘર લક્ષ્મી આણે. ૩

વિજાપુરમાં સ્થાનક જાણી, મહિમા મ્હોટે તું મંડાણી,
ધરણેન્દ્ર ધણિયાણી,
અહનિશ સેવે સુર યેમાની, પરચો પૂરણ તું સપરાણી,
પૂરવ પુણ્ય કમાણી;
સંઘ ચતુર્વિધ વિઘ્ન નિવારો, પાર્શ્વનાથની સેવા સારો,
સેવક પાર ઉતારો,
શ્રી વિજયસેનસૂરીશ્વરરાયા, શ્રી વિજયદેવગુરુ પ્રણમી પાયા,
ઋષભદાસ ગુણ ગાયા. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩)

પાસ જિણંદા, મુખ પુનમ ચંદા, પદ યુગ અરવિંદા, સેવે ચોસઠ ઇંદા;
લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા, સેવે ગુણી વૃંદા, જેહથી સુખકંદા. ૧

જન્મથી વર ચાર, કર્મ નાસે અગ્યાર, ઓગણીશ નિરધાર, દેવે કીધા ઉદાર;
સવિ ચોત્રીશ ધાર, પુણ્યના એ પ્રકાર, નમીએ નર નાર, જેમ સંસાર પાર. ૨

એકાદશ અંગા, તેમ બારે ઉવંગા, ષટ્ છેદ સુયંગા, મૂલ ચારે સુરંગા;
દશ પઇન્ના સુસંગા, સાંભળો થઈ એકંગા, અનુયોગ બહુ ભંગા, નંદી સૂત્ર પ્રસંગા. ૩

પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો, અડતાલીસ જાસો, સહસ પરિવાર ખાસો;
સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો, કહે પદ્મ નિકાસો, વિઘ્નનાં વૃન્દ પાસો. ૪

(૪)

પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફળી,
સુપનાં દેખે અર્થ વિશેષે, કહે મઘવા મલી;
જિનવર જાયા, સુર હુલરાયા, હુવા રમણી પ્રિયે,
નેમિરાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીયે. ૧.

વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધૂરે જિનપતિ,
પાર્શ્વ ને મલ્લિ ત્રયશત સાથે, બીજા સહસે વ્રતી;
ષટ્શત સાથે સંયમ ધરતા, વાસુપૂજ્ય જગધણી,
અનુપમ લીલા, જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી. ૨

જિનમુખ દીઠી, વાણી મીઠી, સુરતરુ વેલડી,
દ્રાક્ષ વિહાસે ગઈ વનવાસે, પીલે રસ સેલડી
સાકર સેંતી તરણા લેતી, મુખે પશુ ચાવતી,
અમૃત મીઠું સ્વર્ગે દીઠું, સુરવધૂ ગાવતી. ૩

ગજમુખ દક્ષો વામન યક્ષો, મસ્તકે ફણાવલી,
ચાર તે બાંહી કચ્છપવાહી, કાયા જસ શામલી;
ચઉકર પ્રૌઢા, નાગારૂઢા, દેવી પદ્માવતી,
સોવન કાન્તિ, પ્રભુ ગુણ ગાતી, વીર ઘરે આવતી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫

ભીલડીપુર મંડણ, સોહિએ પાર્શ્વજિણંદ, તેહને તમે પૂજો, નર-નારીના વૃંદ !;
એ ગુઠ્યો આપે, ઘણ-કણ કંચન કોડ, તે શિવપદ પામે, કર્મતણા ભય છોડ. ૧

ઘનઘસીય ઘનાઘન, કેસરના રંગરોળ, તેહમાં તમે ભેળો, કસ્તુરીના ઘોળ;
તિણશું તમે પૂજો, ચઉવીશે જિણંદ, જેમ દેવ દુઃખ જાવે, આવે ઘર આણંદ. ૨

ત્રિગડે જિન બેઠા, સોહિયે સુંદર રૂપ, તસ વાણી સુણવા, આવી પ્રણમે ભૂપ;
વાણી જોજનની, સુણજો ભવિયણ સાર, તે સુણતાં હોશે, પાતિકનો પરિહાર. ૩

પાય રૂમઝુમ રૂમઝુમ, ઝાંઝરના ઝંણકાર, પદ્માવતી ખેલે, પાર્શ્વ તણે દરબાર;
સંઘ વિઘ્ન હરજો, કરજો જયજયકાર, એમ સૌભાગ્યવિજય કહે, સુખ સંપત્તિ દાતાર. ૪

૬

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ;
મનવંછિત પૂરણ સુરતરૂ, જય વામાસુત ! અલવેસરૂ. ૧

દોય રાતા જિનવર અતિભલા, દોય ધોળા જિનવર ગુણનીલા;
દોય લીલા દોય શામળ કહ્યા, સોળે જિન કંચન વર્ણ લહ્યા. ૨

આગમ તે જિનવર ભાખીયો, ગણધર તે હૈડે રાખીયો;
તેહનો રસ જેણે ચાખીયો, તે હુવો શિવસુખ સાખીઓ. ૩

ધરણેન્દ્ર રાય પદ્માવતી,પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી;
સહુ સંઘનાં સંકટ ચૂરતી, નયવિમળનાં વાંછિત પૂરતી. ૪

૭

શ્રી શંખેશ્વર પાસજી, પ્રભુ પૂરો વાંછિત આશજી;
પ્રભુ પોષ વદી દશમીયે જનમીયા, ચોસઠ ઇન્દ્રે મહોત્સવ કીયા. ૧

શત્રુંજય તીરથ ધ્યાઇએ, આબુ દેખી નવનિધિ પાઈએ;
સમેતશીખર તીરથ વંદીયે, અષ્ટાપદ નમી આણંદીયે. ૨

સમોસરણે બેઠાં પાસજી, પ્રભુ નીલવરણ તનુ ખાસજી;
પાંત્રીસવાણી ગુણે કરી, સહુ સાંભળે દેશના હિતકારી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાસ ચરણ કમલ સદા સેવતી, ધરણેન્દ્ર અને પદ્માવતી;
પંડિત કુંવરવિજય તણો, કહે **રવિવિજય** વાંછિત દીયો. ૪

(૮)

શંખેશ્વર પાર્શ્વ જુહારીયે, ઋદ્ધિ દેખી લોચન ઠારીયે;
પૂજી પ્રણમીને સેવા સારિયે, ભવ સાગર પાર ઉતારીયે. ૧

શત્રુંજય ગિરનાર ગિરિ વલી, આબુ અષ્ટાપદ સુખકારી;
એવા તીર્થે જિન પાય લાગીએ, ઝાઝા મુક્તિ તણાં સુખ માંગીયે. ૨

સમોસરણમાં બાર પર્ષદા મલે, પ્રભુ ઉપર ચામર છત્ર ધરે;
વાણી સુણતાં સવિ પાતક ટળે, સવિ જીવના મનવંછિત ફલે. ૩

પદ્માવતી પડછો પૂરતી, પ્રભુ પાર્શ્વનો મહિમા વધારતી;
સહુ સંઘના સંકટ ચૂરતી, **નયવિમલના** વાંછિત પૂરતી. ૪

(૯)

શ્રેયઃ શ્રિયાં મંગલકેલિસદ્મ ! શ્રીયુક્તચિન્તામણી પાર્શ્વનાથ !,
દુર્વારસંસારભયાસ્ય રક્ષ, મોક્ષસ્ય માર્ગે વરસાર્થવાહ !. ૧

જિનેશ્વરાણાં નિકર ! ક્ષમાયાં, નરેન્દ્ર દેવેન્દ્રનતાંઘ્રિપદ્મ,
કુરુષ્વ નિર્વાણસુખં ક્ષમાભૃત્ ! સત્કેવલજ્ઞાનરમાં દધાન. ૨

કૈવલ્યવામાહૃદયૈકહાર ! ક્ષમાસરસ્વદ્રજનીશતુલ્ય,
સર્વજ્ઞ ! સર્વાતિશયપ્રધાન ! તનોતુ તે વાગ્ જિનરાજ ! સૌખ્યમ્. ૩

શ્રી પાર્શ્વનાથકમણાડમ્બુજાત-સારંગતુલ્યઃ કલધૌતકાન્તિ;
શ્રી યક્ષરાજો ગરૂડાભિધાનઃ ચિરં જય જ્ઞાનકલાનિધાન !. ૪

(૧૦)

શ્રી શંખેશ્વર પુરવર મંડન, પાસજિનેસર રાજે જી,
ભાવ ધરી ભવિયણ જે ભેટે, તસ ઘર સંપત્તિ છાજે જી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જસ મુખનિરૂપમ નૂર નિહાલી, માનું શસધર લાજે જી,
અશ્વસેન નરપતિ કુલ દિનકર, જસ મહિમા જગ ગાજે જી. ...૧

વર્ધમાન જિનવર ચોવીશે, અરચો ભાવ અપાર જી,
ચંદન કેસર કુસુમ કૃષ્ણાગરૂ,ભેળી માંહિ ઘનસારજી,
ઇણિ પેરે અરિહંત સેવા કરતાં, મનવાંછિત ફલ સાધેજી,
શ્રી શંખેશ્વર પાસ જિનેસર, જેહ અહનિશ આરાધેજી. ...૨

શ્રી જિનવર ભાષિત આદરશે, નિજ ઘર લક્ષ્મી ભંરશે જી,
દુસ્તર ભવસાગર તે તરશે, કેવલ કમલા વરશેજી,
દુર્ગતિ દુષ્કૃત દૂરે કરશે, પરમાનંદ અનુસરશે જી,
શ્રી શંખેશ્વર પાસ જિણંદને, જે નર મનમાંહી ધરશે જી. ...૩

શ્રી શંખેશ્વરપાસ તણાં જે, સેવે અહનિશ પાયજી,
ધરણરાજ પઉમાવઇ સામિણી, પેખે પાપ પલાય જી,
શ્રી રાધનપુર સકલ સંઘને, સાંનિધ્ય કરજો માય જી,
શ્રી શુભવિજય સુધી પદ સેવક, જય વિજય ગુણ ગાયજી. ...૪

(૧૧)

(રાગ - સકલ સુરાસુર સેવે પાયા)

જગજનભજનમાંહે જે ભલીયો, જોગીસર ધ્યાને જે કલીયો,
શિવવધૂ સંગે હલીયો,
અખિલ બ્રહ્માંડે જે ઝલઝલીયો, ષટ્ દર્શન મતે નવિ ખલિયો,
બલવંત માંહે બલીયો,
જ્ઞાન મહોદય ગુણ ઉચ્છલીયો મોહ મહાભટ જેણે છલીયો,
કામ સુભટ નિર્દલીયો,
અજર અમર પદ ભારે લલીયો, સો પ્રભુ પાસ જિનેસર મલીયો,
આજ મનોરથ ફલીયો. ૧

મુક્તિ મહામંદિરના વાસી, અધ્યાતમ પદના ઉપાસી,
આનંદરૂપ વિલાસી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અગમ અગોચર જે અવિનાશી, સાધુ શિરોમણી મહાસંન્યાસી,
લોકાલોક પ્રકાશી,
જગ સઘલે જેહની શાબાશી, જીવા ચોનિ લાખ ચોરાશી,
તેહના પાપ નિકાશી,
ઝલહલ કેવલ જ્યોતિ કે આશી, અથિર સુખના જે નહિ સાસી,
વંદુ તેહને ઉલ્લાસી. ૨

શ્રી જિન ભાષિત પ્રવચનમાલા, ભવિજન કંઠે ધરો સુકુમાલા,
મેલી આલ પંપાલા,
મુક્તિ વરવાને વરમાલા, ચારુ વર્ણ તે કુસુમ રસાલા,
ગણધરે ગુંથી વિશાલા,
મુનિવર મધુકર રૂપ મયાલા, ભોગી તેહના વલી ભૂપાલા,
સુરનર કોડી રટાલા,
તે નર ચતુર અને વાચાલા, પરિમલ તે પામે ફગિતાલા,
ભાંજે ભવજંજાલા. ૩

નાગરાજને અર્ધબલતો જાણી, કરૂણા સાગર કરૂણા આણી,
તત્ક્ષણ કાઢયા જાણી,
નવકાર મંત્ર દીયો ગુણખાણી, ધરણેન્દ્ર પદ્માવતીરાણી,
થયા ઘણી ઘણીઆણી
પાસ પસાયે પદ પરમાણી સા પદ્મા જિનપદે લપટાણી,
વિઘ્ન હરણ સપરાણી,
ખેડા હરિયાલીમાં શુભ ઠાણી, પૂજો પાસ જિણંદ ભવિપ્રાણી,
ઉદય વદે એમ વાણી. ૪

(૧૨)

(રાગ - વીર જેનેસર અતિ અલવેસર)

શ્રી પાસજિણેસર ભુવન દિણેસર, શંખેશ્વરપુર સોહેજી,
બાવના ચંદન ઘસી ઘણું ભાવે, પૂજતાં મન મોહેજી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુરિસાદાણી વામારાણી જાયો એહ જિણંદોજી,
કમઠ શઠ હઠ એહ નિવારી, નાગ કીયો ધરણિંદોજી. ૧

ઋષભાદિક ચોવીશે જિનવર ભાવ ધરીને વંદોજી,
વર્તમાન જિનમૂર્તિ દેખી, હઇડે હોવે આણંદોજી;
અઢીદ્વિપમાં હુઆ વળી હોસે, જિનવર કરું પ્રણામજી,
કર્મ ક્ષય કરી મુગતે પહોંતા, ધ્યાઉં તસ જિન નામજી. ૨

જિનવર વાણી અમીય સમાણી,સકલ ગુણની ખાણીજી,
ઇગ્યાર અંગને બાર ઉપાંગ જ ગણધરદેવે ગુંથાણીજી;
જે તે લોકો સુણો રે ભવિકા, હૃદયે ઉલટ આણીજી,
ભવોદધિથી પાર ઉતરવા નાવા રૂડી જાણીજી. ૩

રજનીકર મુખી મૃગલોચની શ્રી દેવી પદ્માવતીજી,
ઉપદ્રવ હરતી વાંછિત પૂરતી, પાસતણા ગુણ ગાવતીજી;
ચઉવિહ સંઘને રક્ષાકારી, પાપ તિમિરને કાપેજી,
દેવવિજય કવિ શિષ્ય તત્વને વાંછિત સુખડા આપેજી. ૪

(૧૩)

(રાગ - શ્રી શત્રુંજય તીરથ સાર)

પૂજો પ્રણમે ભવિયણ વંદો, પાટણ પ્રગટ્યો પુનિમચંદો,
ચિંતિત સુરતરુ કંદો,
જસ પદ સેવે સકલ સુરીંદો, દિન દિન વાધે આધિકાણંદો,
વંદો પાસજિણંદો ...૧
ભવિયા ભાવ ધરી ચિત્ત સાચો, જિસો અવિહડ હીરો જાચો,
જિમ શુભ કર્મ નિકાચો,
ચઉવીશે જિન અવિચલ વાચો, ઉલટ આણી અંગે સાચો,
અવર દેવ મ રાચો. ...૨
સદ્‌ગુરુ પદ પંકજ પ્રણમીજે, જિન વચનામૃત ઘટ ઘટ પીજે,
નિજ ભવ લાહો લીજે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિરમલ મન વચ કાયા કીજે, શિવરમણીસું રંગ રમીજે,
ભવ દુઃખ નવિ દેખીજે ...૩
ઘમ ઘમ ઘમ ઘમ ઘુઘરી વાજે, રુમઝુમ રુમઝુમ ઝાંઝર વાગે,
સુરવર ચરણે લાગે,
પઉમાવઇ વર દેવી આગે, વિઘન વિઘાતક વિઘા માગે,
ઋદ્ધિવિજય મન રાગે ...૪

(૧૪)

શ્રી શંખેશ્વર પાસ જિણંદ, દરીસણ દીઠે અતિ આણંદ,
મોહન વલ્લી કંદ,
પ્રત્યક્ષ મહિમા જેહનો જાણી, આવે સુરનર ઉત્તમ પ્રાણી,
ભાવ ભક્તિ મન આણી,
પુરિસાદાણી પુહવી પ્રસિદ્ધ, નામ જપંતા સઘળી રિદ્ધ,
દરિસણથી નવે નિદ્ધ,
મહિમાવંત મનમોહન સ્વામી, પૂરવ પૂન્ય પસાયે પામી.
સેવો અહોનિશ ઘામી. ૧

સિત્તેરશો જિન સમરણ કીજે, માનવ ભવનો લાહો લીજે,
કારજ સઘળા સીજે,
પન્નર ક્ષેત્રે એહ જિણંદ, સેવ કરે જસ સુરનર ઇંદ,
ટાળે દોહગ દંદ
સંપ્રતિ કાલે જિનવર વીશ, સીમંધરાદિક નમું શીશ,
ભાવ ભલે જગદીશ.
સિત્તેરસો જિન યંત્ર પસાય, અલિય વિઘન સવિ દુરે જાય
મનવાંછિત ફલ થાય. ૨

સાધુ-સાધ્વી વૈમાનિક દેવી, અગ્નિખુણે એહ પર્ષદા લેવી
જિનવાણી નિસુણેવી
ભુવનપતિ વળી વ્યંતર દેવી, જ્યોતિષી દેવ એમ કહેવી
નૈઋત્ય ખૂણે રહેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાયવ્ય ખૂણે વળી વ્યંતર દેવા, ભુવનપતિ જ્યોતિષી કરે સેવા,
બોધી બીજ ફળ લેવા
વૈમાનિક દેવ રાજા રાણી, ઇશાન ખૂણે એક કહાણી,
ઇમ સુણે સહુ જિનવાણી. ૩

ધમધમ કરતી ઘુઘરી ઘમકે, કટી અંકે કટી મેખલા ખલકે
બાંહે બહેરખા ઝલકે,
મસ્તક વેણી વાસે વસીયો, સારા શરીરે કંચુક કચીયો,
જિનચરણે ચિત્ત વસીયો,
ધરણેન્દ્ર જાયા રંગ રસાલી, અતિશય જાણે સાર મરાલી,
પાસ શાસન રખવાલી,
શ્રી તપગચ્છ સુવિહિત સુખદાઇ, તેજરૂચી વિબુધ વરદાઇ
દ્યો દોલત મુજ માઇ. ૪

શ્રી મહાવીર સ્વામી થોયો - ૧૬

(૧)

વીર જગત્પતિ જન્મ જ થાવે, નંદન નિશ્રિત શિખર સુહાવે,
આઠ કુમારી ગાવે,
અડ ગજદંતા હેઠે વસાવે, રૂચકગિરિથી છત્રીશ જાવે,
દ્વીપ રૂચક ચઉ ભાવે;
છપ્પનદિગ્કુમરી હુલરાવે, સૂતિ કરમ કરી નિજ ઘર પાવે,
શક સુઘોષા બજાવે,
સિંહનાદ કરી જ્યોતિષી આવે, ભવન વ્યંતર શંખ પડહો મિલાવે,
સુરગિરિ જન્મ મલ્હાવે. ૧

ઋષભ તેર શશિ સાત કહીજે, શાન્તિનાથ ભવ બાર સુણીજે,
મુનિસુવ્રત નવ કીજે,
નવ નેમીશ્વર નમન કરીજે, પાસ પ્રભુના દશ સમરીજે,
વીર સત્તાવીશ લીજે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજિતાદિક જિન શેષ રહીજે, ત્રણ ત્રણ ભવ સઘલે ઠવીજે,
ભવ સમકિતથી ગણીજે,
જિન નામ બંધ નિકાચિત કીજે, ત્રીજે ભવ તપ ખંતી ધરીજે,
જિનપદ ઉદયે સીઝે. ૨

આચારાંગ આદે અંગ અગ્યાર, ઉવવાઈ આદે ઉપાંગ તે બાર,
દશ પયન્ના સાર,
છ છેદ સૂત્ર વિવિધ પ્રકાર, ઉપગારી મૂલ સૂત્ર તે ચાર,
નંદી અનુયોગદ્વાર;
એ પિસ્તાલીશ આગમ સાર, સુણતાં લહીયે તત્ત્વ ઉદાર,
વસ્તુ સ્વભાવ વિચાર,
વિષય ભુજંગિની વિષ અપહાર, એ સમો મંત્ર ન કો સંસાર,
વીર શાસન જયકાર. ૩

નકુલ બીજોરું દોય કર ઝાલી, માતંગ સુર શામ કાન્તિ તેજાલી,
વાહન ગજ શુંઢાલી,
સિંહ ઉપર બેઠી રઢિયાળી, સિદ્ધાયિકાદેવી લટકાલી,
હરિતાભા ચાર ભૂજાલી;
પુસ્તક અભયા જિમણે ઝાલી, માતુલિંગ ને વીણા રસાલી,
વામભૂજા નહિ ખાલી,
શુભ ગુરુ ગુણ પ્રભુ ધ્યાન ઘટાલી અનુભવ નેહસું દેતી તાલી,
વીર વચન ટંકશાલી. ૪

(૨)

ગંધારે મહાવીર જિણંદા, જેને સેવે સુર નર ઇંદા,
દીઠે પરમાનંદા,
ચૈતર શુદ તેરસ દિન જાયા, છપ્પન દિગ્કુમરી ગુણ ગાયા,
હરખ ધરી હુલરાયા;
ત્રીસ વરસ પાલી ઘરવાસ, માગસર વદ દશમી વ્રત જાસ,
વિચરે મન ઉલ્લાસ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ જિન સેવો હિતકર જાણી, એહથી લહીયે શિવપટરાણી,
પુણ્ય તણી એ ખાણી. ૧

ઋષભજિનેશ્વર તેર ભવ સાર, ચંદ્રપ્રભ ભવ આઠ ઉદાર,
શાન્તિકુમાર ભવ બાર,
મુનિસુવ્રત ને નેમકુમાર, તે જિનના નવ નવ ભવ સાર,
દશ ભવ પાર્શ્વકુમાર;
સત્તાવીશ ભવ વીરના કહીયે, સત્તર જિનના ત્રણ ત્રણ લહીયે,
જિન વચને સદ્દહીએ,
ચોવીસજિનનો એહ વિચાર, એહથી લહીયે ભવનો પાર,
નમતાં જય જયકાર. ૨

વૈશાખ સુદ દશમી લહી નાણ, સિંહાસન બેઠા વર્ધમાન,
ઉપદેશ દે પ્રધાન,
અગ્નિ ખૂણે હવે પર્ષદા સુણીયે, સાધ્વી વૈમાનિક સ્ત્રી ગણીયે,
મુનિવર ત્યાંહી જ ભણીયે;
વ્યંતર જ્યોતિષી ભુવનપતિ સાર, એહનો નૈઋત્ય ખૂણે અધિકાર,
વાયવ્ય ખૂણે એની નાર,
ઇશાને સોહીયે નર નાર, વૈમાનિક સુર થઈ પર્ષદા બાર,
સુણે જિનવાણી ઉદાર. ૩

ચક્કેસરી અજિયા દુરીઆરી, કાલી મહાકાલી મનોહારી,
અચ્યુઆ સંતા સારી,
જ્વાલા સુતારયા ને અસોયા, સિરિવત્સા વરચંડા માયા,
વિજયાંકુસી સુખદાયા;
પન્નતિ નિવ્વાણી અચ્યુઆ ધરણી, વૈરુટદત્ત ગંધારી અઘહરણી,
અંબ પઉમા સુખકરણી,
સિદ્ધાઇ શાસન રખવાલી, કનકવિજય બુધ આનંદકારી,
જસવિજય જયકારી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩)

જય જયકર સાહિબ, શાસનપતિ મહાવીર, માનવ મનરંજન, ભંજન મોહ જંજીર;
દુઃખ દારિદ્રનાસે, તિહુઅણ જણ કોટીર, આયુ વર્ષ બહોંતેર, સોવનવર્ણ શરીર. ૧

ઋષભાદિક જિનવર, સોહે જગ ચોવીશ, વળી તેહના સુંદર અતિશય વર ચોત્રીશ;
ભવ દવ ભય ભેદક, વાણી ગુણ પાંત્રીશ, જિન ત્રિભુવન તીરથ, પ્રહ ઊઠી પ્રણમીશ. ૨

પ્રભુ બેસી ત્રિગડે, વીર કરે વખાણ, દાન શીલ તપ ભાવ, સમજે જાણ અજાણ;
સંસાર તણું જેહ, જાણે સકલ વિન્નાણ, જિનવાણી સુણતાં, ફલ લાભે કલ્યાણ. ૩

પાય ઝાંઝર ઝમકે, ઘુઘરીનો ઘમકાર, કટિ મેખલ ખલકે, ઉર એકાવલી હાર;
સિદ્ધાયિકા સેવે, વીર તણો દરબાર, કવિ તિલકવિજય બુધ, સેવકનો જયકાર. ૪

(૪)

મનોહર મૂર્તિ મહાવીર તણી, જિણે સોળ પહોર દેશના પભણી;
નવમલ્લી નવલચ્છી નૃપતિ સુણી, કહે શિવ પામ્યા ત્રિભુવન ધણી. ૧

શિવ પામ્યા ઋષભ ચઉદશ ભક્તે, બાવીશ લહ્યા શિવ માસ તીયે;
છટ્ઠે શિવ પામ્યા વીર વળી, કાર્તિક વદિ અમાવાસ્યા નિરમલી. ૨

આગામી ભાવી ભાવ કહ્યા, દિવાળી કલ્પે જેહ લહ્યા;
પુણ્ય પાપ ફલ અજ્ઝયણે કહ્યાં, સવિ તહત્તિ કરીને સદ્દહ્યાં. ૩.

સવિ દેવ મળી ઉદ્યોત કરે, પરભાતે ગૌતમ જ્ઞાન વરે;
જ્ઞાનવિમલ સદા ગુણ વિસ્તરે, જિનશાસનમાં જયકાર કરે. ૪

(૫)

જય જય ભવિહિતકર વીર જિનેશ્વર દેવ, સુર-નરના નાયક જેહની સારે સેવ;
કરુણા-રસકંદો, વંદો આનંદ આણી, ત્રિશલાસુત સુંદર, ગુણ-મણિ કેરો ખાણી. ૧.

જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે, પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે;
તે ચ્યવન, જન્મ વ્રત, નાણ અને નિરવાણ, સવિ જિનવર કેરાં, એ પાંચે અહિઠાણ. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિહાં પંચ સમિતિયુત, પંચ મહાવ્રત ધાર, જેહમાં પ્રકાશ્યા, વળી પાંચે વ્યવહાર,
પરમેષ્ઠિ અરિહંત, નાથ સર્વજ્ઞ ને પાર, એહ પંચપદે લહ્યો, આગમ અર્થ ઉદાર. ૩

માતંગ સિદ્ધાઈ, દેવી જિનપદ સેવી, દુઃખ દુરિત ઉપદ્રવ, જે ટાળે નિતમેવી;
શાસન સુખદાયી, આઈ સુણો અરદાસ, શ્રી **જ્ઞાનવિમળ** ગુણ, પૂરો વંછિત આશ. ૪

(૬)

પ્રભુ ભવ પચવીશમે, નંદન મુનિ મહારાજ,
તિહાં બહુ તપ કીધા, કરવા આતમ કાજ;
લાખ અગીયાર ઉપર, જાણો એંસી હજાર,
છસ્સો પીસ્તાલીશ, માસ ખમણ સુખકાર. ૧

અરિહંત સિદ્ધ પવયણ, સૂરિ સ્થવિર ઉવજ્ઝાય,
સાધુ નાણ દંસણ વલી, વિનય ચારિત્ર કહાય;
બંભવય કિરીયાણં, તવ ગોયમ ને જિણાણં,
ચરણ નાણ સુઅસ્સ તિત્થ, વિશસ્થાનક ગુણખાણ. ૨

ઇમ શુભ પરિણામે, કીધા તપ સુવિશાલ,
મુનિ મારગ સાધન, સાધક સિદ્ધ દયાલ;
સમકિત સમતાધર, મુક્તિધર ગુણવંત,
નંદન ઋષિ રાયા, પ્રણમું શ્રુતધર સંત. ૩

ધન્ય પોટીલાચારજ, સદ્‌ગુરૂ ગુણ ભંડાર,
ઇમ લાખ વરસ લગે, ચારિત્ર તપ વિચાર;
પાળીને પહોંચ્યા, દશમા સ્વર્ગ મોઝાર,
કહે **દીપવિજય** કવિ, કરતા બહુ ઉપકાર. ૪

(૭)

વંછિત પૂરણ કલ્પતરૂસમ, નિર્જિત મદન નરેશજી,
સિદ્ધારથ કુલવંશ વિભુષણ, દુષણ નહીં લવલેશજી;
ત્રિશલાનંદન દુરિત નિકંદન, સાચોર નયરે સોહેજી
વીર જિણંદ મુખચંદ અનોપમ, ભવિક કમલવન બોહેજી. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિ પદ્મપ્રભ વંદોજી,
શ્રી સુપાસ ચંદ્રપ્રભ-સુવિધિ, શીતલ જિન સુખકંદોજી;
શ્રેયાંસ વાસુપૂજ્ય વિમલ અનંત જિન, ધર્મ શાન્તિ કુંથુ અર મલ્લિજી,
મુનિસુવ્રત નમિ નેમિ નમીજે, પાસ વીર સુખ વલ્લીજી. ૨

ત્રિગડે બેસી જિનવર ભાખે, આગમ અરથ ઉદારજી,
સૂત્રની રચના ગણધર વિરચે, પામી ત્રિપદી સારજી;
નાગમંત્ર સમ શ્રીજિનવાણી, ભાવ ધરી ભવિ પ્રાણી જી,
સુણીએ ત્રિકરણ શુદ્ધ કરીને, વરીએ શીવ પટરાણીજી. ૩

રૂમઝુમ કરતી ગજગતિ ચલતી, ભરતી પુણ્ય ભંડારજી,
સિદ્ધાયિકાદેવી સુવિચારી, સંઘ સકલ સુખકારજી;
વીર જિણંદ પદ સેવાકારી, શાસન વિઘન નિવારીજી,
પંડિત લક્ષ્મીવિજય ગુરૂ સેવક, **જ્ઞાનવિજય** જયકારીજી. ૪

(૮)

વીર જિનેશ્વર અતિ અલવેસર, મુરતિ સુરત સારીજી,
પૂજો પ્રણમો ભવિજન ભાવે, ઉતારે ભવ પારીજી;
ગુણમણિ રોહણ જગ સંબોહન કંચન સમ એ કાયાજી,
ત્રિશલા માતા જગવિખ્યાતા, તાત સિદ્ધારથ રાયાજી. ૧

સયલ જિનેશ્વર જગ પરમેશ્વર, ભુવન દિનેસર દેવાજી,
પૂજો પ્રણમી પદકજ તેહના, સુરનર સારે સેવાજી;
અતીત અનાગત ને વર્તમાન, વિહરમાન જિન વીશજી
તે સંભારી નિત્ય સમરંતા, પહોંચે સયલ જગીશજી. ૨

સમવસરણ બેસી કરી જિનવર, ભાખે અર્થ અનેકજી,
ગણધર રચના સારી જાણી, સુણો હૃદય વિવેકજી;
જ્ઞાન અનોપમ દીવા સરખું, જાણો જાણ સુજાણજી,
પાપ નિકાસે પુણ્ય પ્રકાશે, જિમ ઉદયાચલ ભાણજી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસન દેવી નિત્ય સમરેવી, સંઘને સાનિધ્ય કરજોજી,
દોલત દાતા ભગવતી માતા, સેવકને ચિત્ત ધરજોજી,
રૂપ અનોપમ વાન અનોપમ, અનોપમ એ જગસારીજી,
પંડિત ધીરસાગર પદ સેવક, અમરસાગર જયકારીજી. ૪

૯

(રાગ : શ્રી શત્રુંજય તીરથસાર)

શાસનનાયક શ્રી મહાવીર, સાત હાથ હેમ વરણ શરીર,
હરિ[૧] લંછન જસ ધીર,
જેહનો ગૌતમસ્વામી વજીર, મદન સુભટગંજન વડવીર;
સાયર પેરે ગંભીર;
કાર્તિક અમાવાસ્યા નિર્વાણ, દ્રવ્ય ઉદ્યોત કરે નૃપ જાણ,
દીપક શ્રેણી મંડાણ,
દિવાળી પ્રગટી અભિધાન, પ્રભાત સમે શ્રીગૌતમજ્ઞાન,
વર્ધમાન ધરો ધ્યાન. ૧

ચોવીશે જિનવર સુખકાર, પર્વ દિવાળી અતિ મનોહાર,
સકલ પર્વ શણગાર,
મેરાઈયા કરે અધિકાર, 'મહાવીરસર્વજ્ઞાય' પદ સાર,
જપીયે દોય હજાર;
મજ્જિમ[૨] રયણી દેવ વાંદીજે, 'મહાવીરપારંગતાય' નમીજે,
સહસ તે દોય ગુણીજે,
વળી 'ગૌતમ સર્વજ્ઞાય' નમીજે, પર્વ દિપોચ્છવ ઇણિ પરે કીજે,
માનવભવ ફલ લીજે. ૨

અંગ અગ્યાર ને ઉપાંગ બાર, દશપયન્ના છેદ મૂલ ચાર,
નંદી અનુયોગ દ્વાર,
છ લાખ ને છત્રીસ હજાર, ચૌદપૂર્વ રચે ગણધાર,
ત્રિપદીનો વિસ્તાર;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીર પંચ કલ્યાણક જેહ, કલ્પસૂત્રમેં ભાખ્યો તેહ,
દીપોચ્છવ ગુણગેહ,
ઉપવાસ છઠ્ઠ અઠ્ઠમ કરે જેહ, સહસ્ર લાખ કોડિ ફલ લહે તેહ,
શ્રીજિનવાણી એહ. ૩

વીરનિર્વાણ સમે સુર જાણી, આવે ઇન્દ્ર અને ઇન્દ્રાણી,
ભાવ અધિક મન આણી,
હાથ ગ્રહી દીવી નિશી જાણી, મેરાંઇઆ બોલે મુખ વાણી,
દિવાળી કહેવાણી;
ઇણી પરે દીપોચ્છવ કરો પ્રાણી, સકલ સુમંગલ કારણ જાણી,
લાભવિમલ ગુણખાણી,
વદતિ રત્નવિમલ બ્રહ્માણી, કમલ કમંડલ વીણા પાણિ,
દો સરસ્વતિ વર વાણી. ૪

---

૧. સિંહ, ૨. મધ્ય.

(૧૦)

(રાગ - શાસનનાયક વીરજીએ, પામી પરમ આધાર તો)

શિવસુખદાયક દીજીયે એ, મુક્તિ પરમ આધાર તો,
જનમ મરણ જેહથી ટળે એ, મળે અનંતા ચાર તો;
દેવા શક્તા છો વીરવિભુ એ, તો પછી કાં કરો વાર તો ?
ગુણગણ તારા છે ઘણા એ, કહેતા ન આવે પાર તો. ૧

ચઉવીશ જિનવર સેવીયે એ, હરવા ભવજંજાલ તો,
હરી મમતા સમતા ભજો એ, દૂર થાય જેમ કાલ તો;
અક્ષયજીવન પામીએ એ, છોડી આળપંપાળ તો,
જિનભજને રાચી સદા એ, પામી સુખ વિશાળ તો. ૨

નાણ ભાણ મોહ તમ હરે એ, હરે વળી પાપ પ્રચાર તો,
જિનવર વાણી દિલ ધરો એ, બીજો એથી ન સાર તો;
ભાવસૂરજ એ જગવડો એ, જીવન ઉજ્વલકાર તો,
જિનઆગમથી પામતા એ, ઉતરે ભવનો પાર તો. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવી સિદ્ધાઈ શોભતી એ, ધારી શુભ શણગાર તો,
પાયે નેઉર રણઝણે એ, જ્યોતિનો ઝલકાર તો;
રુમઝુમ કરતી આવતી એ, વીરજિણંદ દરબાર તો,
વિઘ્ન હરે સૌ સંઘના એ, અજબ લબ્ધિ ગુણ ધાર તો. ૪

(૧૧)

ઉપશમરસમાં મગ્ન સદા જે, પ્રસન્નદૃષ્ટિ સદા,
વિકસિત કમલ સમ તુજ વદન, સ્ત્રીસંગ નહિ કદા;
અહો કરયુગલ તે પણ તુજ, શસ્ત્રાદિકે વર્જિત,
શ્રીમહાવીર સત્ય હિ તુ દેવ, રાગદ્વેષનિર્જિત. ૧

જિન અરિહંત શમ દમવંત, સેવે સંત માનમાં,
પરતણી આશ જે ભવવાસ, કીધ નિરાશ સ્વધ્યાનમાં;
કામ ને કોહ વિદલિત મોહ, નિંદ વિછોહ સુજ્ઞાનમાં,
સયલ ગુણ ભુપ પરમાતમરૂપ અહોદ્‌ભૂત તાનમાં ૨

નમો તત્વભાસી જગભાવ વિકાસી, સ્વપર પ્રકાશી નાણને,
પશુપણું ટાલી સુરરૂપ કરે જે, પલ્લવ આણે પહાણ ને;
ભૂલ અનાદિ ટળે જાસ પ્રભાવે રક્ષો ભાવપ્રાણને,
નમો જિનવાણી મહાકલ્યાણી, આપે પદ નિર્વાણને. ૩

જિનાજ્ઞાકારી દંભનિવારી, શુદ્ધ મને સેવતા,
જિનગુણરાગી નિર્ગુણત્યાગી, સુવિધિ આસેવતા;
સુભાવે મગ્ના વિભાવે અલગ્ના શ્યામતા દૂરે ખેવતા
શુદ્ધસમકિતધારી જાઉં બલિહારી, જસ સહાયે દેવતા. ૪

(૧૨)

(રાગ - વીરજિનેસર અતિ અલવેસર)

સકલ કુશલ કમલાવર મંદિર, મંદરગિરિ સમ ધીર જી,
લીલાએ કંપિત વર સુરગિરિ, વર્ધમાન મહાવીર જી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રમણ તિન એ નામ અનોપમ, ગુણમણિ રોહણ કીર જી,
જસ નામે નવ નિધિ સિદ્ધિ લહીયે, ગોતમ જાસ વજીર જી. ૧

અતીત અનંત થયા ભગવંતા, વર્તમાન જે વરતે જી,
સંપ્રતિ વીશ એ છે સુવિદેહે, અનંત અનાગત સરતે જી;
વિવિધ વરણ ને વિવિધ લંછન વર, પંચ ઐરાવત ભરતે જી,
પુન્ય પસાયે તે સવિ પ્રણમું, આ સંસાર વરતે જી. ૨

અંગ ઇગ્યાર ને બાર ઉપાંગ મૂલ સૂત્ર તિમ ચાર જી,
દસ પયન્ના છેદ ષટ્ક તિમ, નંદી અનુયોગદ્વારજી;
એ પણયાલીસ આગમ કહીએ, અવર અનેક પ્રકાર જી,
તે સવિ વિધિસું જે આરાધે, તે પામે ભવપાર જી. ૩

માતંગજક્ષ શાસન સાનિધિકર, શ્રીસિદ્ધાઇ દેવી જી,
પરચા પૂરે સંકટ ચૂરે, વીરચરણ કજ સેવી જી;
દુરિત નિવારે ભવિ સાધારે, સુરતરૂવેલી જેહવી જી,
જેહથી સમકિત **જ્ઞાનવિમલ** ગુણ, લીલા લચ્છિ લહેવી જી. ૪

(૧૩)

(રાગ - પર્વ પજૂસણ પુન્યે પામી પરિઘલ)

સંસારદાવાનલ સમાવે, જિમ પુષ્કરાવર્ત નીરો જી,
ભવભવસંચિત કરમ કઠિન રજ, હરવા સાર સમીરો જી;
કપટકોટ ગિરાવા ગોલો, માયા મહીદારણ સીરો જી,
સિદ્ધારથસુત ત્રિશલાનંદન, વીરજિન સાહસ ધીરો જી. ૧

સકલ સુરાસુર સુરગિરિ આવી, સકલ જિણંદ નવરાવ્યા જી,
દેવ વિબુધ તે સાચા જાણો, નિજ સચલ કરમ હરાયા જી;
કનક કલશ જલ ભરીને ઊભા, જાણે ભવોદધિ તરીયા જી,
પૂજે પ્રણમે રાચે માચે, શિવવધૂને વરવા જી. ૨

આઠ પહુરનો પોષહ કરીને, આઠમ તિથિ આરાધો જી,
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધી, અષ્ટ મહા સિદ્ધિ સાધો જી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપ જપ ધ્યાન ધરંતા ભવિજન, આઠ કરમને સાધો જી,
શ્રીઆગમ આરાધી પામો, શિવસુખ સાર અગાધો જી. ૩

માતંગજક્ષ મહિમાવંત મોટો, મહિમંડલમાં ગાજે જી,
શ્રીસિદ્ધાઇ કમલવાસની, નયન કમલ અતિ રાજે જી;
મુખકમલ દેખીને લાજયો, ચંદો દૂરે ભાજે જી,
શ્રીરૂપવિજય મુનિ માણિક સંઘના,સારે વાંછિત કાજ જી. ૪

(૧૪)

સર હરર હલહલ ધ્રસગ્ છબ્ છબ્, નવણ જલકોડો મણો.
ખણ ખણણ ત્રોંડ ત્રોંડ તણક ટન્ ટન્, ઘોષ કલશાઓ તણો
સુર સંઘ નાચે છણણ છૂમ્ છુમ્ રણણ ઝુમ્ ઝુમ્ જયકરો.
એ વીર વિભુનો જન્મ ઉત્સવ, જગતનું મંગલ કરો. ૧

પી પી પીવ પુપુપું, તણણ્ તી તી, ભણણ ભું ભું વાગતા.
ઘપ ખણણ ખલબલ તડાક ઘીઘી, ઘડાક ધું ધું ગાજતા
જય જય સુનંદા જયઉ ભદ્દા, જયઉ ખત્તિઅ બલધરો
ચોવીશ જિનનો દીક્ષા ઉત્સવ, શાંતિ સદ્ગુણ પાથરો ૨

ગમસારી ઘપની તું તીણી તું, વીણા વાગે સુસ્વરે.
ઘાધા તતક્ ઘી ઘી ઘઘક્ ઘોં ઘોં દેવ વાજાં અનુસરે.
સ્યાદ્વાદ નય નિક્ષેપ ભંગી દ્રવ્ય ગુણનો સાગરો.
શ્રી વીર વાણી ઘોઘ સહુનો, કર્મ મેલ દૂરે કરો. ૩

કડકડડ ભુસ કડકડાટ કરી ભડવીર ભૈરવ ચૂરતો,
ધમ ધમ અવાજે ચાલતો જિનભક્ત પરચા પૂરતો,
ચારિત્રદર્શન વિઘ્નભંજન, ધર્મ રક્ષા તત્પરો,
માણીભદ્રજી કલ્યાણ માળા, સંઘને કંઠે ધરો. ૪

(૧૫)

(રાગ-શ્રી મહાવીર મનોહરૂ પ્રણમું શિરનામી)

શાસનપતિ ચઉવીશમો, વીર નામે જાણું;
દયાનિધિ ગુણ આગરૂ, જશ મહિમા વખાણું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચૂરણ એ ગતિ ચારનો, ધર્મ ચક્રી જિણંદઃ
જ્ઞાનાનંદે પૂરણો, નમતાં અતિ આણંદ. ૧

આગારવાસ છાંડી કરી, ગ્રહે સંયમભાર;
દેવ મનુ તિર્યંચનાં, ઉપસર્ગ સહ્યાં અપાર,
તપ તપતાં થયા કેવલી, સ્વામી ત્રિભુવન ઇશ;
ભાવ ધરી ચિત્તમાં ઘણો, વંદું જિન ચોવીશ. ૨

ત્રિભુવનપતિ ત્રિશલાતણો, સમવસરણ મઝાર;
વાણી સુધારસ વરસતો, સુણે પર્ષદા બાર,
ભવ દવ તાપ શમાવતો, મહિમાવંત મહંત;
અષ્ટ કરમના નાશથી, પામ્યા ભવનો અંત. ૩

વરતે દુઃષમ કાલમાં, શાસન શ્રી સુખકાર;
વંછિત પૂરે દુઃખ હરે, સિદ્ધાઈ સાર,
ખીમાવિજય જિનરાજને, નિત્ય નામે શીશ;
ઉત્તમ વિજય ગુરૂ મહેરથી, લહે રત્ન જગીશ. ૪

(૧૬)

શાસન અધિકારી, સમરથ સાહસ ધીર,
ઇન્દ્રે અતિ હરખે, નામ ઠવ્યું મહાવીર;
તે વર્ધમાન જિન, વર્ધમાન ગુણગેહ,
સિદ્ધારથ નંદન, કુશળ બનાવે નેહ. ૧

ઉત્કૃષ્ટે આરે, સીત્તોર શત અરિહંત,
તિમ કાલ જઘન્યે, વીસ હોવે વિહરંત,
ચોવીસી ગણના, બહોંતેર જિનવર જેહ,
મન નિશ્ચલ કરીને, પ્રણમીજે નિત નેહ. ૨

જિન કેવલ પામી, ત્રિપદી કહે તત્કાળ,
તે નિસુણી ગણધર, પ્રગટે બુદ્ધિ વિશાળ,
કરે આગમ રચના, પૂરવ અંગ ઉદાર,
તે આગમ સુણતાં, સુખ સંપત્તિ વિસ્તાર. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિદ્ધાઈ સખરો, શાસન સાન્નિદ્યકાર,
ગિરૂઆ ગુણરાગી, પોતે ગુણ સંભાર,
શ્રી વિજય રાજ સૂરિ, ચરણ કમળ સુપસાય,
કહે **દાન વિજય** ઇમ મંગલ કરજો માય. ૪

શ્રી સીમંધર જિન થોયો - ૪

(૧)

(રાગ- વીરજિનેસર અતિ અલવેસર)

શ્રી સીમંધર દેવ સુહંકર, મુનિમન પંકજ હંસા જી,
કુંથુ અરજિન અંતર જન્મ્યા, તિહુઅણ જસ પરશંસા જી;
સુવ્રત નમિ અંતર વળી દીક્ષા, શિક્ષા જગત નિરાશ જી,
ઉદય પેઢાલ જિનાંતરમાં પ્રભુ, જાશે શિવવહુ પાસ જી ૧.

બત્રીસ ચઉસઠિ ચઉસઠિ મળીયા, ઇગસમયહિ ઉક્કિટ્ઠા જી,
ચઉ અડ અડ મળી મધ્યમ કાળે, વીશ જિનેશ્વર દિટ્ઠા જી;
દો ચઉ ચાર જઘન્ય દશ જંબુ, ઘાયઇ પુષ્કર મોઝાર જી,
પૂજો પ્રણમો આચારાંગે, પ્રવચન સાર ઉદ્ધાર જી ૨.

સીમંધર વર કેવળ પામી, જિનપદ ખવણ નિમિત્તો જી,
અર્થની દેશના વસ્તુ નિવેશન, દેતાં સુણત વિનીતે જી;
દ્વાદશ અંગ પૂરવયુત રચિયા, ગણધર લબ્ધિ વિકસિયા જી,
અપજ્જવસિય જિનાગમ વંદો, અક્ષયપદના રસિયા જી. ૩

આણારંગી સમકિતસંગી, વિવિધ ભંગી વ્રતધારી જી,
ચઉવિહ સંઘ તીરથ રખવાળી, સહુ ઉપદ્રવ હરનારી જી;
પંચાંગુલીસુરી શાસનદેવી, દેતી જસ તસ ઋદ્ધિ જી.
શ્રી **શુભવીર** કહે શિવસાધન કાર્ય સકળમાં સિદ્ધિજી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨)

શ્રી સીમંધર સેવિત સુરવર, જિનવર જય જયકારી જી,
ધનુષ પાંચશે કંચન વરણી, મૂરતિ મોહનગારી જી;
વિચરંતા પ્રભુ મહાવિદેહે, ભવીજનને હિતકારી જી,
પ્રહ ઊઠી નિત્ય નામ જપીજે, હૃદય કમલમાં ધારી જી. ૧

સીમંધર યુગબાહુ સુબાહુ, સુજાત સ્વયંપ્રભ નામ જી,
અનંત સુર વિશાલ વજધર, ચંદ્રાનન અભિરામ જી;
ચંદ્ર ભુજંગ ઇશ્વર નેમિપ્રભ, વીરસેન ગુણધામ જી,
મહાભદ્ર ને દેવયશા વલી, અજિત કરું પ્રણામ જી. ૨

પ્રભુ મુખવાણી બહુ ગુણખાણી, મીઠી અમીય સમાણી જી,
સૂત્ર અને અર્થે ગુંથાણી, ગણધરથી વિરચાણી જી;
કેવલનાણી બીજ વખાણી, શિવપુરની નિશાની જી,
ઉલટ આણી દિલમાંહે જાણી, વ્રત કરો ભવિ પ્રાણી જી. ૩

પહેરી પટોલી ચરણાં ચોલી, ચાલી ચાલ મરાલી જી,
અતિ રુપાલી અધર પ્રવાલી, આંખલડી અણીઆલી જી;
વિઘ્ન નિવારી સાંનિધ્યકારી, શાસનની રખવાલી જી,
ધીરવિમલ કવિ રાયનો સેવક, બોલે નય નીહાલી જી. ૪

(૩)

અજુવાલી તે બીજ સોહાવે રે, ચંદા રૂપ અનુપમ ભાવે રે;
ચંદા વિનતડી ચિત્ત ધરજો રે, શ્રી સીમંધરને વંદના કહેજો રે. ૧

વીશ વિહરમાન જિનને વંદો રે, જિનશાસન પૂજુ આણંદો રે;
ચંદા એટલું કામ તુમે કરજો રે, શ્રી સીમંધરને વંદના કહેજો રે. ૨

શ્રી સીમંધર જિનની વાણી રે, તે તો અમીય પાન સમાણી રે;
ચંદા તમે સુણી અમને સુણાવો રે, ભવસંચિત પાપ ગમાવો રે. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સીમંધર જિનની સેવા રે, તે તો શાસન ભાસન મેવા રે;
ચંદા હો જો સંઘના ત્રાતા રે, ગજ લંછન ચંદ્ર વિખ્યાતા રે. ૪

(૪)

(રાગ - ચ્યાશીલાખ પૂરવ ઘરવાસે)

શ્રી સીમંધર મુજને વાલા, આજ સફળ સુવિહાણું જી,
ત્રિગડે તેજે તપતા જિનવર, મુજ તુઠા હું જાણું જી;
કેવલ કમલા કેલી કરંતાં, કુલમંડણ કુલ દીવો જી,
લાખ ચોરાસી પૂરવ આયુ, રુક્મણી વર ઘણું જીવો જી. ૧

સંપ્રતિકાલે વીશ તીર્થંકર, ઉદયા અભિનય ચંદા જી,
કેઈ કેવલી કેઈ બાલપણે કેઈ મહિપતી સુખકંદા જી;
શ્રી સીમંધર આદિ અનોપમ, મહાવિદેહ ખેત્રે દિણંદા જી,
સુર નર કોડાકોડી મળી વળી, જોવે મુખ અરવિંદાજી. ૨

સીમંધર મુખ ત્રિગડું જોવા, અલજો સુણવા વાણી જી,
વાટ વિષમને આડા ડુંગર, આવી ન શકે કોઈ પ્રાણીજી,
રંગ ભરી રાગ ધરી પાયે લાગું, સૂત્ર અર્થ મન આણી જી,
અમૃતરસથી અધિકી વખાણી, જીવદયા પટરાણી જી. ૩

પંચાગુલી મેં પ્રત્યક્ષ દીઠી, હું જાણું જગમાતા જી,
પહેરણ ચરણા ચોલી પટોલી, [1]અધર બિરાજે રાતા જી;
સ્વર્ગભુવન સિંહાસણ બેઠી, તુંહી જ દેવી વિખ્યાતા જી,
સીમંધર શાસન રખવાલી, **શાન્તિકુશલ** સુખદાતા જી. ૪

---

૧. હોઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર્વતિથિની થોયો

શ્રી બીજની થોય-૧

(રાગ : શત્રુંજયમંડન ઋષભ જિણંદ દયાલ)

દિન સકલ મનોહર, બીજ દિવસ સુવિશેષ, રાયરાણા પ્રણમે, ચંદ્ર તણી જિંહા રેખ;
તિહાં ચંદ્ર વિમાને, શાશ્વતા જિનવર જેહ, હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ. ૧

અભિનંદન ચંદન, શીતલ શીતલનાથ, અરનાથ સુમિતિજિન, વાસૂપૂજ્ય શિવ સાથ;
ઇત્યાદિક જિનવર, જન્મ જ્ઞાન નિરવાણ, હું બીજ તણે દિન, પ્રણમું તે સુવિહાણ. ૨

પ્રકાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત, જિમ વિમલ કમલ દોય, વિપુલ નયન વિકસંત;
આગમ અતિ અનુપમ, જિહાં નિશ્ચય વ્યવહાર, બીજે સવિ કીજે પાતિકનો પરિહાર. ૩.

ગજગામિનિ કામિની, કમલ સુકોમલ ચીર, ચક્કેસરી કેસરી, સરસ સુગંધ શરીર;
કર જોડી બીજે, હું પ્રણમું તસ પાય, એમ **લબ્ધિવિજય** કહે, પુરો મનોરથ માય. ૪.

શ્રી ત્રીજની થોય-૧

ત્રણ નિસિહી ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ કરીજે જી,
ત્રણ દિશી વરજી જિન જુઓ, ભૂમિ ત્રણ પુંજીજે જી;
ત્રણ પ્રકારની પૂજા કરીને, ત્રણ અવસ્થા ભાવીજે જી,
આલંબન ત્રણ મુદ્રા પ્રણિધાન, ચૈત્યવંદન ત્રણ કીજે જી. ૧

પહેલે ભાવજિન દ્રવ્યજિન બીજે, ત્રીજે એક ચૈત્ય ધારો જી,
ચોથે નામ જિન પાંચમે સર્વે, લોક ચૈત્ય જુહારો જી;
વિહરમાન છઠ્ઠે જિન વંદો, સાતમે નાણ નિહાળો જી,
સિદ્ધ વીર ઉજ્જંત અષ્ટાપદ, શાસનસુર સંભારો જી. ૨

શકસ્તવમાં દોય અધિકાર, અરિહંત ચેઇઆણં ત્રીજે જી,
નામસ્તવમાં દોય પ્રકાર, શ્રુતસ્તવ દોય લીજે જી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિદ્ધસ્તવમાં પાંચ પ્રકાર, એ બારે અધિકારજી;
જિત નિર્યુક્તિ માંહે ભાખ્યો, તેહ તણો વિસ્તાર જી. ૩

ભોયણ પાણ તંબોલ વાહન, મેહુણ એક ચિત્ત ધારોજી,
થૂંક સળેખમ વડી લઘુનીતિ, જુગટે રમવું વારો જી;
એ દશે આશાતના મોટી, વરજો જિનવર દ્વારો જી,
ક્ષમાવિજય જિન ઇણિપરે જંપે, શાસનસુર સંભારો જી. ૪

શ્રી જ્ઞાન પંચમીની થોય ૧

શ્રી નેમિઃ પંચરૂપત્રિદશપતિકૃતપ્રાજયજન્માભિષેક-
શ્ચંચત્પંચાડક્ષામત્તાદ્ધિરદમદભિદા પંચવક્ત્રોપમાનઃ
નિર્મુક્તઃ પંચદેહાઃ પરમસુખમયઃ પ્રાસ્તકર્મપ્રપંચઃ,
કલ્યાણં પંચમીસત્તપસિ વિતનુતાં પંચમજ્ઞાનવાન્ વઃ. ૧

સમ્પ્રીણન્ સચ્ચકોરાન્ શિવતિલકસમઃ કૌશિકાડડનન્દમૂર્તિઃ,
પુણ્યાબ્ધિપ્રીતિદાયી સિતરુચિરિવ યઃ સ્વીયગોભિસ્તમાંસિ
સાન્દ્રાણિ ધ્વંસમાનઃ સકલકુવલયોલ્લાસમુચ્ચૈશ્ચકાર,
જ્ઞાનં પુષ્યાજ્જિનોદ્યઃ સ તપસિ ભવિનાં પંચમીવાસરસ્થ. ૨

પીત્વા નાનાભિધાર્થાડમૃતરસમસમં યાન્તિ યાસ્યન્તિ જગ્મુ-
ર્જીવા યસ્માદનેકે વિધિવદમરતાં પ્રાજયનિર્વાણપુર્યામ્
યાત્વા દેવાધિદેવાડડગમદશમસુધાકુણ્ડમાડડનન્દ હેતુ-
સ્તત્પંચમ્યસ્તપસ્યુદ્યતવિશદધિયાં ભાવિનામસ્તુ નિત્યમ્ ૩

સ્વર્ણાડલંકારવલ્ગન્મણિકિરણગણધ્વસ્તનિત્યાડન્ધકારા,
હું કારાડડરાવદૂરીકૃતસુકૃતિજનવ્રાતવિઘ્નપ્રચારા.
દેવી શ્રી અમ્બિકાડખ્યા જિનવરચરણાડમ્ભોજભૃંગીસમાના,
પંચમ્યહ્નસ્તપોર્થં વિતરતુ કુશલં ધીમતાં સાડવધાના ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોષદશમીની સ્તુતિ ૧

(રાગ - વીરજિનેસર અતિઅલવેસર)

પોષદશમીદિન પાસજિનેશ્વર, જન્મ્યા વામામાય જી,
જન્મ મહોત્સવ સુરપતિ કીધો, વલીય વિશેષે રાય જી;
છપ્પન દિક્કુમરી હુલરાવ્યો, સુર નર કિન્નર ગાયો જી,
અશ્વસેન કુલ વિમલ આકાશે, ભાનુ ઉદય સમ આયો જી. ૧

પોષદશમી દિન આંબિલ કરીએ, જેમ ભવસાગર તરીયે જી,
પાસ જિણંદનું ધ્યાન ધરતા, સુકૃત ભંડાર ભરીયે જી,
ઋષભાદિક જિનવર ચોવીશે, તે સેવો ભલે ભાવે જી,
શિવરમણી વરી નિજ ઘર બેઠા, પરમપદ સોહાવે જી. ૨

કેવલ પામી, ત્રિગડે બેઠા, પાસ જિનેશ્વર સાર જી,
મધૂર ગિરાએ દેશના દેવે, ભવિજન મન સુખકાર જી,
દાન શીયલ તપ ભાવે આદરશે, તે તરશે સંસાર જી,
આ ભવ પરભવ જિનવર જપતાં ધર્મ હોશે આધાર જી. ૩

સકલ દિવસમાં અધિકો જાણી, દશમીદિન આરાધો જી,
ત્રેવીશમો જિન મનમાં ધ્યાતાં, આતમ સાધન સાધો જી,
ધરણેન્દ્ર પદ્માવતી દેવી, સેવા કરે પ્રભુ આગે જી,
હર્ષવિજય ગુરુ ચરણ કમલની રાજવિજય સેવા માગે જી. ૪

શ્રી એકાદશી થોયો - ૩

(૧)

શ્રીભાગ્ નેમિર્બભાષે જલશયસવિધે સ્ફુર્તિમેકાદશીયાં,
માઘન્મોહાવનીન્દ્રપ્રશમનવિશિખઃ પંચબાણોઽર્ચિરર્ણઃ
મિથ્યાત્વધ્વાન્તવાન્તો રવિકરનિકરસ્તીવ્રલોભાદ્રિવજ્રં,
શ્રેયસ્તત્પર્વ વસ્તાચ્છિવસુખમિતિ વા સુવ્રતશ્રેષ્ઠિનોઽભૂત્ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇન્દ્રૈરભ્રભ્રમદ્ભિર્મુનિપગુણરસાસ્વાદનાડનન્દપૂર્ણૈ-
ર્દિવ્યદ્ભિઃ સ્ફારહારૈર્લલિતવરવપુર્યષ્ટિભિસ્સ્વર્વધૂભિઃ
સાર્ધં કલ્યાણકૌઘો જિનપતિનવતેર્બિન્દુભૂતેન્દુસંખ્યો,
ઘસ્રે યસ્મિન્ જગે તદ્ભવતુ સુભવિનાં પર્વ સચ્છર્મહેતુઃ ૨

સિદ્ધાંતાબ્ધિપ્રવાહઃ કુમતજનપદાન્ પ્લાવયન્ યઃ પ્રવૃત્તઃ,
સિદ્ધિદ્વીપં નયન્ ધીધનમુનિવણિજઃ સત્યપાત્રપ્રતિષ્ઠાન્
એકાદશ્યાદિપર્વેન્દુમણિમતિદિશન્ ધીવરાણાં મહાર્ઘ્યં,
સદ્ચ્યાયામભશ્ચ નિત્યં પ્રવિતરતુ સ નઃ સ્વપ્રતીરે નિવાસમ્ ૩

તત્પર્વોદ્યાપનાર્થં સમુદિતસુધિયાં શંભુસંખ્યાપ્રમેયા-
મુષ્કૃષ્ટાં વસ્તુવીથીમભયદસદને પ્રાભૃતીકુર્વતાં તામ્
તેષાં સવ્યાડક્ષપાદૈઃ પ્રલપિતમતિભિઃ પ્રેતભૂતાદિભિર્વા,
દુષ્ટૈર્જન્યં ત્વજન્યં હરતુ હરિતનુન્યસ્તપાદાડમ્બિકાડડખ્યા ૪

(૨)

એકાદશી અતિ રૂઅડી, ગોવિંદ પૂછે નેમ,
કિણ કારણ એ પર્વ મોટું, કહોને મુજ શું તેમ;
જિનવર કલ્યાણક અતિઘણાં, એકસો ને પચાસ,
તેણે કારણ એ પર્વ મોટું, કરો મૌન ઉપવાસ. ૧

અગિયાર શ્રાવકતણી પડિમા, કહી તે જિનવર દેવ,
એકાદશી એમ અધિક સેવો, વનગજા જિમ રેવ;
ચોવીશ જિનવર સયલ સુખકર, જેસા સુરતરુ ચંગ,
જેમ ગંગ નિર્મળ નીર જેહવો, કરો જિન શું રંગ. ૨

અગિયાર અંગ લખાવીએ, અગિયાર પાઠાં સાર,
અગિયાર કવળી વીંટણાં, ઠવણી પૂંજણી સાર;
ચાબખી ચંગી વિવિધ રંગી, શાસ્ત્ર તણે અનુસાર,
એકાદશી એમ ઉજવો, જેમ પામીએ ભવપાર. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વરકમલનયણી કમલવયણી, કમલ સુકોમળ કાય,
ભુજદંડ ચંડ અખંડ જેહને, સમરતાં સુખ થાય;
એકાદશી એમ મન વસી, ગણિ હર્ષ પંડિત શિષ્ય,
શાસન દેવી વિઘ્ન નિવારો, સંઘતણાં નિશદિશ. ૪

3

ગોયમબોલે ગ્રન્થ સંભાલી, વર્ધમાન આગળ રઢીયાલી,
વાણી અતિઅ રસાલી.
મૌન અગ્યારસ મહિમા ભારી, કોણે કીધી ને કોણે પાલી,
પ્રશ્ન કરે ટંકશાલી.
કહોને સ્વામી પરવ પંચાલી, મહિમા અધિક અધિકસુવિશાલી,
કુણ કહે કહો તુમટાલી.
વીર કહે માગસર અજુઆલી, દોઢસો કલ્યાણક નિહાલી,
અગ્યારસ કૃષ્ણે પાલી ૧

નેમિનાથને વારે જાણો, કાન્હુડો ત્રણ ખંડનો રાણો,
વાસુદેવ સુપ્રમાણો.
પરિગ્રહને આરંભે ભરાણો, એકદિન આતમ કીધો શાણો,
જિન વંદન ઉજાણો.
નેમિનાથને કહે હેત આણો, વરસે વારૂ દિવસ વખાણો,
પાલી થાઉ શિવ રાણો.
અતિત અનાગતને વર્તમાન, નેવુ જિનના હુઆ કલ્યાણ,
અવર ન એહ સમાન ૨

આગમ આરાધો ભવિપ્રાણી, જેહમાં તિર્થંકરની વાણી,
ગણધર દેવ કમાણી.
દોઢસો કલ્યાણકની ખાણી, એહ અગ્યારસને દિન જાણી,
એમ કહે કેવલ નાણી.
પુન્ય પાપ તણી જીહા કહાણી, સાંભળતા શુભ લેખ લખાણી,
તેહની સરગ નિસાણી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદ્યા પૂરવગ્રન્થો રચાણી, અંગઉપાંગ સુત્રો ગુંથાણી,
સુણતા દીએ શિવરાણી ૩

જિન શાસનમાં જે અધિકારી, દેવ દેવી હોએ સમકિત ધારી,
સાનિધ્ય કરે સંભારી.
ધરમકરે તસ ઉપરપ્યારી, નિશ્ચલ ધર્મ કરે સુવિચારી,
જે છે પર ઉપકારી,
વડમંડલ મહાવીરજી તારી, પાપ પખાલી જિન જુહારી
લાલ વિજય હિતકારી,
માતંગ જક્ષકરે મનોહારી ઓલગ સારે સુરઅવતારી.
શ્રી સંઘના વિઘન નિવારી,

શ્રી પજુસણની થોયો - ૯

(૧)

(રાગ : શ્રી શત્રુંજય તીરથ સાર)

વરસ દિવસમાં અષાઢ ચોમાસુ, તેમાં વલી ભાદરવો માસ
આઠ દિવસ અતિ ખાસ,
પર્વ પજુસણ કરો ઉલ્લાસ, અઠ્ઠાઈધરનો કરવો ઉપવાસ,
પોસહ લીજે ગુરુ પાસ;
વડા કલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે,
ચૌદ સુપન વાંચીજે,
પડવેને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગલ ગવાય,
વીર જિનેસર રાય. ૧

બીજ દિને દીક્ષા અધિકાર, સાંજ સમય નિર્વાણ વિચાર,
વીર તણો પરિવાર,
ત્રીજ દિને શ્રીપાર્શ્વ વિખ્યાત, વળી નેમીસરનો અવદાત,
વળી નવ ભવની વાત;
ચોવીશે જિન અંતર તેવીશ, આદિ જિનેશ્વર શ્રી જગદીશ,
તાસ વખાણ સુણીશ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધવલમંગલગીત ગહુંલી કરીયે, વળી પ્રભાવના નિત્ય અનુસરીએ,
અઠ્ઠમ તપ જપ વરીયે. ૨
આઠ દિવસ લગે અમર પળાવો, તેહ તણો પડહો વજડાવો,
ધ્યાન ધરમ મન ભાવો,
સંવત્સરી દિન સાર કહેવાય, સંઘ ચતુર્વિધ ભેળો થાય,
બારસા સૂત્ર સુણાય;
શિરાવલી ને સામાચારી, પટ્ટાવલી પ્રમાદ નિવારી,
સાંભળજો નરનારી,
આગમસૂત્રને પ્રણમીશ, કલ્પસૂત્રશું પ્રેમ ધરીશ,
શાસ્ત્ર સર્વે સુણીશ. ૩

સત્તરભેદી જિન પૂજા રચાવો, નાટકકેરા ખેલ મચાવો,
વિધિશું સ્નાત્ર ભણાવો,
આડંબરસું દેહરે જઇએ, સંવત્સરી પડિક્કમણું કરીએ,
સંઘ સર્વને ખમીએ;
પારણે સાહમ્મિવચ્છલ કીજે, યથાશક્તિએ દાન જ દીજે,
પુણ્ય ભંડાર ભરીજે,
શ્રી વિજયક્ષેમસૂરિ ગણધાર, જશવંતસાગર ગુરુ ઉદાર,
જિનંદસાગર જયકાર. ૪

(૨)

પુણ્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુસણ પામીજી,
કલ્પ ધરે પધરાવો સ્વામી, નારી કહે શિર નામીજી;
કુંવર ગયવર ખંધે ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી,
સદ્‌ગુરુ સંગે ચઢતે રંગે, વીરચરિત્ર સુણાવોજી. ૧

પ્રથમ વખાણે ધર્મસારથીપદ, બીજે સુપના ચારજી,
ત્રીજે સુપન પાઠક વળી ચોથે, વીર જનમ અધિકારજી;
પાંચમે દીક્ષા છઠ્ઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી,
આઠમે થિરાવલી સંભળાવી, પિયૂડા પૂરો જગીશજી. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઈ કીજે, જિનવર ચૈત્ય નમીજે જી,
વરસી પડિક્કમણું મુનિ વંદન, સંઘ સયલ ખામીજેજી;
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી,
ભદ્રબાહુ ગુરુ વયણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ૩

તીરથમાં વિમલાચલ ગિરિમાં, મેરુ મહીધર જેમજી,
મુનિવરમાંહિ જિનવર મોટા, પર્વ પજુસણ તેમજી;
અવસર પામી સાહમ્મિવચ્છલ, બહુ પકવાન્ન વડાઇજી,
ખિમાવિજય જિન દેવી સિદ્ધાઇ, દિન દિન અધિક વધાઇજી. ૪

(3)

(રાગ - વીર જિનેશ્વર અતિ અલવેસર)

સત્તર ભેદી જિનપૂજા રચીને, સ્નાત્ર મહોત્સવ કીજે જી,
ઢોલ દદામા ભેરી નફેરી, ઝલ્લરી નાદ સુણીજે જી;
વીરજિન આગે ભાવના ભાવી, માનવ ભવ ફળ લીજે જી,
પર્વ પજુસણ પૂરવ પુણ્યે, આવ્યા એમ જાણીજે જી. ૧

માસ પાસ વળી દસમ દુવાલસ, ચત્તારિ અઠ્ઠ કીજે જી,
ઉપર વળી દસ દોય કરીને, જિન ચોવીસે પૂજીજે જી;
વડા કલ્પનો છઠ્ઠ કરીને, વીર વખાણ સુણીજે જી,
પડવે ને દિન જન્મ મહોત્સવ, ધવલ મંગળ વરતીજે જી. ૨

આઠ દિવસ લગે અમર પળાવી, અઠ્ઠમનો તપ કીજે જી,
નાગકેતુની પરે કેવળ લહીએ, જો શુભ ભાવે રહીએ જી;
તેલાધર દિન ત્રણ કલ્યાણક, ગણધરવાદ વદીજે જી,
પાસ નેમિસર અંતર ત્રીજે, ઋષભચરિત્ર સુણીજે જી. ૩

બારસા સૂત્ર ને સામાચારી, સંવત્સરી પડિક્કમીએ જી,
ચૈત્યપરિપાટી વિધિસું કીજે, સકલ જંતુ ખામીજે જી;
પારણાને દિન સ્વામિવત્સલ, કીજે અધિક વડાઇ જી,
માનવિજય કહે સકલ મનોરથ, પૂરે દેવી સિદ્ધાઇ જી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪

મણિ રચિત સિંહાસન, બેઠા જગદાધાર,
પર્યુષણ કેરો, મહિમા અગમ અપાર;
નિજ મુખથી દાખી, સાખી સુરનર વૃંદ,
એ પર્વ પર્વમાં, જિમ તારામાં ચંદ. ૧

નાગકેતુની પરે, કલ્પ સાધના કીજે,
વ્રત નિયમ આખડી, ગુરુમુખ અધિકી લીજે;
દોય ભેદે પૂજા, દાન પંચ પ્રકાર,
કર પડિક્કમણાં ધર, શિયલ અખંડિત ધાર. ૨

જે ત્રિકરણ શુદ્ધે, આરાધે નવ વાર,
ભવ સાત આઠ નવ, અવશેષ તાસ સંસાર;
સહુ સૂત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર,
તે શ્રવણે સુણીને, સફળ કરો અવતાર. ૩

સહુ ચૈત્ય જુહારી, ખમત ખામણા કીજે,
કરી સાહમ્મિવત્સલ, કુગતિ દ્વાર પટ દીજે;
અઠ્ઠાઈ-મહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાઈ,
ઇમ કરતાં સંઘને, શાસનદેવ સહાઈ. ૪

૫

જિન આગમ ચઉ પરવી ગાઈ, ત્રણચૌમાસી ચાર અઠ્ઠાઈ,
પર્યુષણ પર્વસવાઈ
એ શુભ દિનને આવ્યા જાણી, ઉઠો આળસ છંડી પ્રાણી,
ધર્મની નીક મંડાણી
પોહસ પડિક્કમણા કરોભાઈ, માસખમણ પાસખમણ અઠ્ઠાઈ,
અઠ્ઠમ તપ સુખદાઈ,
દાન દયા દેવપૂજા સૂરિની, વાચના સુણીયે કલ્પસૂત્રની
આજ્ઞાશ્રી જિનવરની ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાંભળી વીરનું ચરિત્ર વિશાળ, ચૌદ સ્વપ્ને થયા ઉજમાળ,
જન્મ મહોત્સવ વિશાળ
આમલી ક્રીડા એ સુરને હરાવ્યો, દીક્ષા લઇ કેવલ ઉપજાવ્યો,
અવિચલ ઠામ સુભાખ્યો
પાસ નેમિ સંબંધ સાંભળીએ,ચોવીશ જિનના અંતર સુણીયે
આદિ ચરિત્ર સાંભળીએ
વીર તણાં ગણધર અગ્યાર, સ્થિરાવલીનો સુણો અધિકાર,
એ કરણી ભવપાર ...૨

અષાઢીથી દિન પચાસ, પર્યુષણ પડિક્કમણું ઉલ્લાસ,
એક ઉણું એક માસ
સામાચારી માંહે સાધુનો પંથ, વરતે જયણાએ નિર્ગ્રન્થ
પાપ ન લાગે અંશ
ગુરૂ આણાએ મુનિવર રાચે, રાગી ઘેર જઇ વસ્તુ ન જાચે,
ચાલે મારગ સાચે
વિગય ખાવાનો સંશય ન આણે, આગમ સાંભળતા સહુ જાણે,
શ્રીવીર જિન વખાણે ...૩

કુંભાર કાનમાં કાંકરી ચંપે, પીડાએ ક્ષુલ્લકપણું કંપે,
મિચ્છામિ દુક્કડં જંપે,
એમ જે મન આમલો નવિ છોડે, આ ભવ પરભવ દુઃખ બહુ જોડે,
પડે નરક ને ખોડે
આરાધક જે ખમે ખમાવે, મનશુદ્ધ અધિકરણ શમાવે,
તે અક્ષય સુખ પાવે
સિદ્ધાયિકા દેવી સાન્નિધ્યકારી, શ્રી મહિમાપ્રભસૂરિ ગચ્છધારી
ભાવરતન સુખકારી ...૪

(૬)

પર્વ પજુસણ પુન્યે કીજે, સત્તરભેદી જિનપૂજા રચીજે,
વાજિંત્ર નાદ સુણીજે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભાવના શ્રીફલની કીજે, યાચક જનને દાન જ દીજે,
જીવ અમારિ કરીજે;
મનુષ્યજન્મ ફળ લાહો લીજે, ચોથ છઠ્ઠ અઠ્ઠમ તપ કીજે,
સ્વામીવત્સલ કીજે;
ઇમ અઠ્ઠાઈ ઓચ્છવ કીજે, કલ્પસૂત્ર ઘેર પધરાવીજે,
આદિનાથ પૂજીજે. ૧

વડાકલ્પ દિન ધૂર મંડાણ, દશકલ્પ આચાર પરિમાણ,
નાગકેતુ વખાણ,
પછી કરીએ સૂત્ર મંડાણ, નમુત્થુણં હોય પ્રથમ વખાણ,
મેઘકુમાર અહિઠાણ;
દશ અચ્છેરાનો અધિકાર, ઇન્દ્ર આદેશે ગર્ભ પરિહાર;
દેખે સુપન ઉદાર;
ચોથે સ્વપ્ને બીજું સાર, સ્વપ્ન પાઠક આવ્યા દરબાર,
એમ ત્રીજું જયકાર. ૨

ચોથે વીર જન્મ વખાણ, દિશિકુમરી સવી ઇન્દ્રની જાણ,
દીક્ષા પંચ વખાણ;
પારસ પરિષહ તપને દાન, ગણધરવાદ ચોમાસું પરિમાણ,
તવ પામ્યા નિરવાણ;
એ છઠ્ઠે વખાણે કહી, તેલાધર દિવસ એમ લહીયે,
શ્રી વીરચરિત્ર એમ સુણીએ,
પાસ નેમિજિન અંતર સાત, આઠમે ઋષભ થિર અવદાત,
સુણતા હોય શિવસાથ. ૩

સંવચ્છરી દિન સહુ નર નારી, બારસા સૂત્ર ને સામાચારી,
નિસુણે અઠ્ઠમ ઉદારી;
સુણીયે ગુરુ પટ્ટાવલી સારી, ચૈત્યપ્રવાડી અતિ મનોહારી,
ભાવે દેવ જુહારી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાહમ્મિ ખમતખામણા કીજે, સમતારસ માંહે ઝીલીજે,
દાન સંવચ્છરી દીજે,
શ્રી ચક્રેશ્વરી સાનિધ્ય કીજે **જ્ઞાનવિમલ** સૂરી જગ જાણીજે,
સુજસ મહોદય લીજે. ૪

૭

(રાગ - શ્રી શભુંજય તીરથ સાર)

પુણ્યવંત પોશાળે આવે, પર્વ પજુસણ આવ્યા વધાવે,
ધર્મના પંથ ચલાવે,
ઘાંચીની ઘાણી છોડાવે, જીવબંધનની જાળ તોડાવે,
બંદીવાન ખોલાવે;
આઠ દિવસ લગે અમર પળાવે, સ્વામિવત્સલ મેરુ ભરાવે,
જિનશાસન દીપાવે,
પોષહ પડિક્કમણાં ચિત્ત ધારે, ક્રોધ કષાય અંતરથી વારે,
વીરજીની પૂજારચાવે. ૧

પુસ્તક લઈ રાત્રિજગો કીજે, ગાજંતે વાજંતે ગુરુહસ્તે દીજે,
ગહુંલી સુહાગણ કીજે,
કલ્પસૂત્ર પ્રારંભે વખાણું, વીરજન્મદિન સહુ કોઇ જાણુ,
નિશાળ ગરણા ટાણું;
ખાંડપડા પેંડા પતાસા, ખાંડના ખડીયા નાલીએર ખાસા,
પ્રભાવના ઉલ્લાસા,
વીરતણો પહેલો અધિકાર, પાસ નેમીસર અંતર સાર,
આદિયરિત્ર ચિત્ત ધાર. ૨

જંબૂપાટે પ્રભવ ગુણ ભરીયા, શ્રીશય્યંભવ જેણે ઉદ્ધરીયા,
યજ્ઞ થકી ઓસરીયા,
કોશા ઘેર ચોમાસું કીધું, અખંડ શિયલનું દાન જ દીધું,
સ્થૂલભદ્ર નામ પ્રસિદ્ધું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પારણે જસ ગાયા હાલરડાં, સાંભળતા સવી સૂત્ર પાઠવીયા,
વયરસ્વામી શુભ વરીયા,
ઇમ સ્થિરાવલી ભાખી જેહ, સોહમસ્વામી ચિંતામણી જેહ,
કલ્પમાં સુણીએ એહ. ૩

જળકળસ મસરુ ને પાઠાં રૂમાલ, પૂજીએ પોથીને જ્ઞાન વિશાલ,
ઠવણી સહેજ સંભાળ,
વળી પૂજા કરીજે ગુરુ અંગે, સંવત્સરી દિન મનને રંગે,
બારસે સુણો એક ચંગે;
સાસુ જમાઈના અડીયાને દડીયા, સામાચારી માંહે સાંભળીયા,
ખામણે પાપ જ ટળીયા,
શ્રી ભાવલબ્ધિસૂરિ કહે એ કરણી, શ્રીપદ મહેલ ચઢણ નીસરણી,
સિદ્ધાયિકા દુઃખ હરણી. ૪

(૮)

(રાગ - વીર જિનેસર અતિઅલવેસર)

વીરજિનેસર અતિ અલવેસર, પ્રાતઃસમય પ્રણમીજે જી,
વડાકલ્પનો વખાણ સુણીને છઠ્ઠતણો તપ કીજે જી,
જન્મ કલ્યાણક પડવા દિવસે ઓચ્છવ મહોત્સવ કીજે જી,
પૂરવ પુણ્યે પર્વ પજુસણ, આવ્યા લાહો લીજે જી. ૧

પ્રાતઃસમયે દીક્ષા કલ્યાણક, બીજ દિવસ ચિત્ત ધરીએ જી,
સાંજ સમે સ્વામી મુક્તે પહોંતા, તાસ ભવિયણ અનુસરીએ જી,
ત્રીજ દિને આદિ પાસ નેમીસર, પંચ કલ્યાણક સુણીયે જી,
ચોવીશ જિનના અંતર કહીયે, સત્ય વયન ચિત્ત ધરીયે જી. ૨

આઠ દિવસ લગી અમર પળાવો,દાન સંવત્સરી દીજે જી,
તપ અઠ્ઠમ કરી બારશે સુણીયે મુગતિ તણા ફલ લીજે જી,
થિરાવલી ને સામાચારી, પટ્ટાવલી ગુણ કીજે જી,
લખો લખાવો ભણો ભણાવો, શાસ્ત્ર સૌ પ્રણમીજેજી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવચ્છરી પડિક્કમણું કીજે, ખામણા સાથે કરીએ જી,
પારણે સ્વામિવચ્છલ કરતાં, પુણ્યભંડારને ભરીયે જી,
શાસનદેવી સમકિત ધારી, સંઘસકલ હિતકારી જી,
વિજયસિંહસૂરિ સેવક પભણે, બુદ્ધિવિજય જયકારી જી, ૪

૯

પામી પર્વ પર્યુષણ સાર, સત્તરભેદી જિન પૂજા ઉદાર,
કરીએ હરખ અપાર;
સદ્‌ગુરૂ પાસ ધરી બહુ પ્યાર, કલ્પસૂત્ર સુણીએ સુખકાર,
આળસ અંગ ઉતાર;
ધર્મ સારથિપદ સુપનાં ચાર, સુપન પાઠક આવ્યા દરબાર,
વીર જન્મ અધિકાર;
દિક્ષાને નિર્વાણ વિચાર, ષટ્‌વ્યાખ્યાન અનુક્રમે ધાર,
સુણતાં હોવે ભવપાર. ૧

નમિ સુવ્રત મલ્લિ અર કંત, કુંથુ શાંતિને ધર્મ અનંત
વિમલ વાસુપૂજ્ય સંત;
શ્રી શ્રેયાંસ શીતલ ભગવંત, સુવિધિ ચંદ્ર સુપાર્શ્વ ભદંત,
પદ્મ સુમતિ અરિહંત;
અભિનંદન સંભવ ગુણખાણ, અજિતનાથ પામ્યા નિર્વાણ,
એ વિશે અંતર માન;
પાસ નેમિસર જગદીશાન, ઋષભ ચરિત્ર કહ્યું પ્રધાન,
સાતમું એહ વખાણ ૨

આઠમે ગણધર સ્થવિર ગણીજે, નવમે બારસા સમાચારી લીજે,
નવ વખાણ સુણીજે;
ચૈત્ય પરિપાટી વિધિશું કીજે, યથાશક્તિએ તપ તપીજે,
આશ્રવ પંચ તજી જે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવે મુનિવરને વંદીજે, સંવત્સરી પડિક્કમણું કીજે,
સંઘ સકલ ખામીજે;
આગમ વયણ સુધારસ પીજે, શુભકરણી સવિ અનુમોદીજે,
નરભવ સફલ કરીજે. ૩

મણિમાં જીમ ચિંતામણી સાર, પર્વતમાં જિમ મેરૂ ઉદાર,
તરૂમાં જીમ સહકાર;
તીર્થંકર જિમ દેવમાં સાર, ગુણ ગણમાં સમકિત શ્રીકાર,
મંત્રમાંહી નવકાર;
મતમાં જિમ જિનમત મનોહાર, પર્વ પજુસણ તેમ વિચાર,
સકલ પર્વ શિણગાર;
પારણે સ્વામિ ભક્તિ પ્રકાર, **માણેક**વિજય વિઘન અપહાર,
દેવી સિદ્ધાઈ જયકાર. ૪

શ્રી સિદ્ધચક્રની થોયો - ૧૪

(૧)

સિદ્ધચક સેવો સુવિચાર, આણી હૈડે હર્ષ અપાર,
જિમ લહો સુખ શ્રીકાર,
મન શુદ્ધે નવ ઓળી કીજે, અહોનિશ નવપદ ધ્યાન ધરીજે,
જિનવર પૂજા કીજે;
પડિક્કમણા દોય ટંકના કીજે, આઠે થુઈએ દેવ વાંદીજે,
ભૂમિ સંથારો કીજે,
મૃષા તણો કીજે પરિહાર, અંગે શીયલ ધરીજે સાર,
દીજે દાન અપાર. ૧

અરિહંત સિદ્ધ આચાર્ય નમીજે, વાચક સર્વ સાધુ વંદીજે,
દંસણ નાણ થુણીજે,
ચારિત્ર તપનું ધ્યાન ધરીજે, અહોનિશ નવપદ ગણણું ગણીજે,
નવ આંબિલ પણ કીજે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિશ્ચલ રાખીને મન ઇશ, જપીએ પદ એક એક ઇશ,
નવકારવાલી વીશ,
છેલ્લે આંબિલ મોટો તપ કીજે, સત્તર ભેદી જિનપૂજા રચીજે,
નર ભવ લાહો લીજે. ૨

સાતસે કુષ્ટીયાના રોગ, નાઠા યંત્ર નમણ સંજોગ,
દુર હુઆ કર્મના ભોગ,
કુષ્ટ અઢારે દુર જાયે, દુઃખ દોહગ સવિ દૂર પલાયે,
મનવાંછિત સુખ થાયે;
નિર્ધનિયાને દે બહુ ધન્ન, અપુત્રીયાને દે પુત્ર રતન્ન,
જે સેવે શુદ્ધ મન્ન,
નવકાર સમો નહિ કોઈ મંત્ર, સિદ્ધચક સમો નહિ કોઈ યંત્ર
સેવો ભવિ હરખંત. ૩

જિમ સેવ્યો મયણા શ્રીપાલ, ઉંબર રોગ ગયો તત્કાલ,
પામ્યા મંગલ માલ,
શ્રીપાલતણી પેરે જે આરાધે, દિન દિન દોલત તસ ઘર વાધે,
અંતે શિવસુખ સાધે;
વિમલેશ્વર યક્ષ સેવા સારે, આપદા કષ્ટને દૂર નિવારે,
દોલત લક્ષ્મી વધારે,
મેઘવિજય કવિયણનો શિષ્ય, હેડે ભાવ ધરી જગદીશ,
વિનય વંદે નિશદિશ. ૪

(૨)

વીર જિનેસર ભુવનદિણેસર, જગદીસર જયકારી જી;
શ્રેણીક નરપતિ આગળ જંપે, સિદ્ધચક તપ સારી જી;
સમકિતદૃષ્ટિ ત્રિકરણ શુદ્ધે જે ભવિયણ આરાધે જી,
શ્રી શ્રીપાલનરિંદ પરે તસ, મંગલ માલા વાધે જી. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અરિહંત વચ્ચે સિદ્ધ સૂરિ પાઠક, સાહું ચિહું દિશી સોહે જી,
દંસણ નાણ ચરણ તપ વિદિશે, એહ નવપદ મન મોહે જી;
આઠ પાંખડી હૃદયાંબુજ રોપી, લોપી રાગ ને રીસ જી,
ૐ હ્રીં પદ એક એકની ગણીયે, નવકારવાળી વીશ જી. ૨

આસો ચૈત્ર સુદિ સાતમથી, માંડી શુભ મંડાણ જી,
નવ નિધિદાયક નવ નવ આંબિલ, એમ એકાશી પ્રમાણ જી;
દેવ વંદન પડિક્કમણું પૂજા, સ્નાત્ર મહોત્સવ ચંગ જી.
એહ વિધિ સઘલો જીહા ઉપદિશ્યો, પ્રણમુ અંગ ઉપાંગજી. ૩

તપ પૂરે ઉજમણું કીજે, લીજે નર ભવ લાહો જી,
જિનગૃહ પડિમા સાહમ્મિવત્સલ, સાધુભક્તિ ઉત્સાહો જી;
વિમલેસર ચક્કેસરીદેવી, સાન્નિધ્યકારી રાજે જી,
શ્રીગુરુ ખિમાવિજય સુપસાયે, મુનિજિન મહિમા છાજે જી. ૪

(૩)

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયા જી,
એક દિન આણા વીરને લઈને, રાજગૃહી સંચરીયા જી;
શ્રેણીકરાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણી જી,
પર્ષદા આગળ બાર બિરાજે, હવે સુણો ભવિ પ્રાણી જી. ૧

માનવભવ તુમે પુણ્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધો જી,
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધો જી;
દરિસણ નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજે જી,
ધૂર આસોથી કરવા આંબિલ, સુખસંપદા પામીજે જી. ૨

શ્રેણીકરાય ગૌતમને પૂછે, સ્વામી એ તપ કોણે કીધો જી,
નવ આંબિલ તપ વિધિશું કરતાં, વાંછિત સુખ કોણે લીધો જી ?
મધુર ધ્વનિ બોલ્યા શ્રી ગૌતમ, સાંભળો શ્રેણિકરાય વયણા જી,
રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રી શ્રીપાલ ને મયણા જી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઝમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાલી જી,
નામ ચક્કેસરી ને સિદ્ધાઈ, આદિજિન વીર રખાવાલી જી;
વિઘ્ન કોડ હરે સહુ સંઘના, જે સેવે એના પાય જી,
ભાણવિજય કવિ સેવક **નય** કહે, સાન્નિધ્ય કરજો માય જી. ૪

(૪)

જિનશાસન વંછિત પૂરણ દેવ રસાળ, ભાવે ભવી ભણિયે, સિદ્ધયક ગુણમાળ;
તિહું કાળે એહની, પૂજા કરે ઉજમાળ, તે અજર અમરપદ, સુખ પામે સુવિશાળ. ૧.

અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવજઝાય, મુનિ દરિસણ નાણ, ચરણ તપ એ સમુદાય;
એ નવપદ સમુદિત, સિદ્ધયક સુખદાય, એ ધ્યાને ભવિનાં, ભવકોટી દુઃખજાય. ૨

આસો ચૈતરમાં, સુદી સાતમથી સાર, પુનમ લગી કીજે, નવ આંબિલ નિરધાર;
દોય સહસ ગણણું, પદસમ સાડાચાર, એકાશી આંબિલ, તપ આગમ અનુસાર. ૩.

શ્રી સિદ્ધયકનો સેવક, શ્રી વિમલેસર દેવ, શ્રીપાલતણી પરે, સુખ પૂરે સ્વયમેવ;
દુઃખદોહગ નાવે, જેહ કરે એહની સેવ, શ્રી સુમતિ સુગુરુનો, **રામ** કહે નિત્યમેવ. ૪

(૫)

અરિહંત નવો વલી સિદ્ધ નમો, આચારજ વાચક સાધુ નમો;
દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધયક સદા પ્રણમો. ૧.

અરિહંત અનંત થયા થાશે, વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે;
પડિક્કમણાં દેવવંદન વિધિશું, આંબીલ તપ ગણણું ગણો વિધિશું. ૨.

છ'રી પાળી જે તપ કરશે, શ્રીપાલતણી પરે ભવ તરશે,
સિદ્ધયકને કુણ આવે તોલે, એહવા જિન આગમ ગુણ બોલે. ૩

સાડાચાર વરસે એ તપ પૂરો, એ કર્મ વિદારણ તપ શૂરો,
સિદ્ધયકને મનમંદિર થાપો, **નયવિમલેસર** વર આપો. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬

પ્રહ ઉઠી વંદુ, સિદ્ધચક્ર સદાય, જપીએ નવપદનો, જાપ સદા સુખદાય;
વિધિપૂર્વક એ તપ, જે કરે થઈ ઉજમાળ, તે સવિ સુખ પામે, જેમ મયણા શ્રીપાળ. ૧

માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત, તસ કર્મ સંયોગે, કોઢી મલીયો કંત;
ગુરુવચણે તેણે, આરાધ્યું તપ એહ, સુખ સંપદા વરીયા, તરિયા ભવજલ તેહ. ૨

આંબીલ ને ઉપવાસ, છઠ્ઠ વલી અઠ્ઠમ, દશ અઠ્ઠાઈ પંદર, માસ છ માસ વિશેષ;
ઇત્યાદિક તપ બહુ, સહુમાંહિ શિરદાર, જે ભવિયણ કરશે, તે તરશે સંસાર. ૩

તપ સાનિધ્ય કરશે, શ્રી વિમલેશ્વર યક્ષ, સહુ સંઘના સંકટ, ચૂરે થઈ પ્રત્યક્ષ,
પુંડરિક ગણધાર, કનક વિજય બુધ શિષ્ય, બુધ **દર્શનવિજય** કહે, પહોંચે સકલ જગીશ. ૪

૭

(રાગ-મનોહર મૂર્તિ મહાવીર તણી)

સિદ્ધચક્ર વરપૂજા કીજે, અહનિશિ તેહનું ધ્યાન ધરીજે;
ધ્યાન સાર સહુ કિરિયામાંહિ, તિણે આરાધો ભવિ ઉચ્છાહિ. ૧

અરિહંત સિદ્ધ સૂરિ પ્રણમીયે, પાઠક મુનિ દર્શનપદ નમીયે;
જ્ઞાન ચારિત્ર કરો તપ ભવિયાં, જિમ લહો શાશ્વત સુખ ગહગહિયાં. ૨

આરાધી પામ્યા ભવ પાર, મયણા ને શ્રીપાલ ઉદાર;
સુણીયે તાસ ચરિત્ર રસાલ, જિમ લહો શિવસુખ મંગલમાલ. ૩

વિમલેસર સુર સાન્નિધ્યકારી, મનવાંછિત પૂરે નિરધારી;
પદ્મવિજય કહે તપ શ્રીકાર કરતાં લહીયે જયજયકાર. ૪

૮

વીરજિનેસર અતિ અલવેસર, ગૌતમ ગુણે ભરીયા જી,
ભવિકજીવના ભાવ ધરીને, રાજગૃહિ સમોસરીયા જી;
શ્રેણીકરાજા વંદન આવ્યા, ગૌતમ નયણે નિહાલ્યા જી,
ત્રણ પ્રદક્ષિણા દેઈ કરીને, અભિગમ પાંચે પાલ્યા જી. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સજલ જલદ જેણી પરે ગાજે, ગોયમ મેહને સાદે જી,
દશ દૃષ્ટાન્તે દુલહો માનવભવ, કાં હારો પરમાદે જી;
નવપદ ધ્યાન ધરીને હીયડે, શ્રીસિદ્ધચક આરાધો જી,
પહેલે અરિહંત સિદ્ધ ગણો બીજે, આચારજ ગુણ વંદો જી, ૨

ઉપાધ્યાય ચોથે વંદો પાંચમે, સાધુ દેખી દુઃખ છંડો જી,
છઠ્ઠે દંસણ નાણ ગણો સાતમે, આઠમે ચારિત્ર મતિ નંદો જી;
નવમે તપ કરણી આરાધો, સુણો શ્રેણિક અમ વયણા જી,
રોગ ગયો ને રાજઋદ્ધિ પામ્યા, શ્રી શ્રીપાલ ને મયણા જી. ૩

આસો ચૈતરે નવ આંબીલ, નવ ઓળી ઇમ કીજે જી,
ગૌતમ કહે ઉજમણું શ્રેણિક ! દાન સુપાત્રે દીજે જી;
નર નારી એકચિત્તે આરાધે, વિમલેસર દુઃખ ચૂરે જી,
રતનવિબુધ શિશ રંગવિજયની, નિત નિત આશા પૂરે જી. ૪

૯

(રાગ-વીરજિનેસર અતિ અલવેસર)

ત્રિગડે બેઠા ત્રિભુવનનાયક, વીર વદે ઇતિ વાણી જી,
શ્રીશ્રીપાલતણી પરે સેવો, સિદ્ધચક ગુણખાણી જી;
અરિહંત આદિ સિદ્ધ આચારજ, ઉવજ્ઝાય ઉલટ આણી જી,
સાહૂ દંસણ નાણ ચરિત્ત તપ, ઇતિ નવપદ જાણી જી. ૧

આસો ચૈતર શુદ સાતમથી, નવ આંબિલ પચખીજે જી,
પડિક્કમણાં દોય ત્રિકાલપૂજા, દેવવંદન ત્રણ કીજે જી;
પદ એકેકુ પ્રતિદિન મન શુદ્ધે દોય હજાર ગણીજે જી,
ચોવીસ જિનની સેવા કરીને, નરભવ લાહો લીજે જી. ૨

નવ દિનની નવ ઓલી કરતાં, આંબિલ એકાશી થાય જી,
સાડાચાર વરસે ઉજમણું, કીજે સવિ સુખદાય જી;
સિદ્ધચકના ન્હવણ જલથી, કુષ્ટ અઢારે પલાય જી,
સકલ શાસ્ત્ર શિર મુગટ નગીનો, આગમ સુણો ચિત્ત લાય જી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માતંગ યક્ષ પ્રભુપદ સેવે, ઉલટ આણી અંગ જી,
સિદ્ધચકની ઓલી કરતાં, વિઘન હરે મનરંગ જી;
હંસવિજય ગુરુ પંડિત પુંગવ, ચરણ સરોરુહ ભૃંગ જી,
ધીરવિજય બુધ મંગલમાલ, સુખ સંપદ લહે ચંગ જી. ૪

(૧૦)

(રાગ-વીર જિનેશ્વર અતિ અલવેસર)

સિદ્ધચક આરાધો પ્રાણી, આણી આણંદ પૂર જી,
વંછિતપૂરણ સુરતરુ સરીખો, વિઘ્ન કરે સવિ દૂર જી;
આસોમાસ ચૈત્રી દિન નવ નવ, ઓલી આંબિલ કીજે જી,
મયણાસુંદરી શ્રીપાલ તણી પરે, સુર નર સુખ શિવ લીજે જી. ૧

ઋષભાદિક જિન ચૈત્ય જુહારો, પૂજા વિવિધ પ્રકાર જી,
ઉભય ટંક આવશ્યક પડિલેહણ, દેવ વંદો ત્રણ વાર જી;
નિત્ય નિત્ય પદ એકેકું ગણીએ, નોકારવાલી વીસ જી,
ઇણ પરે નવપદ ધ્યાન ધરંતા, લહીયે સયલ જગીસ જી. ૨

અરિહંત સિદ્ધ આચારજ વાચક, સાધુ સદા ગુણવંતા જી,
દંસણ નાણ ચરણ તપ જપતાં, પ્રગટે ગુણ અનંતા જી;
એ નવપદ મહિમા જયવંતો, વીરજિનેસર આખે જી,
ધ્યાતાં ધ્યેય પદવીને પામે, અક્ષયલીલા ચાખે જી. ૩

સિદ્ધચકનો સેવક કહીએ, શ્રી વિમલેસરયક્ષ જી,
રોગ શોગ દુઃખ દોહગ પીડા, શાન્તિ કરે પ્રત્યક્ષ જી;
ભવિયણ પ્રાણી જે ગુણખાણી, તે નવપદ આરાહે જી,
રત્નવિજય કહે ઉત્તમ પદવી, ભોગવી સુખીયા થાયે જી. ૪

(૧૧)

(રાગ-શ્રી શત્રુંજય તીરથસાર)

અંગદેશ ચંપાપુરીવાસી, મયણા ને શ્રીપાલ સુખાસી,
સમકિતસું મનવાસી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આદિજિનેશ્વરની ઉલ્લાસી, ભાવે પૂજા કીધી મન આસી,
ભાવ ધરી વિશ્વાસી,
ગલિત કોઢ ગયો તેણે નાસી, સુવિધિસું સિદ્ધચક્ર ઉપાસી,
થયા સ્વર્ગના વાસી,
આસો ચૈત્ર પૂરણમાસી, પ્રેમે પૂજો ભક્તિ વિકાસી
આદિ પુરુષ અવિનાશી. ૧

કેસર ચંદન મૃગમદ ઘોળી, હરખેસું ભરી હેમ કચોળી
શુદ્ધ જળે અંઘોળી,
નવ આંબિલની કીજે ઓળી, આસો-સુદિ સાતમથી ખોલી
પૂજો શ્રીજિન ટોળી,
ચઉગતિ માંહે આપદા ચોળી, દુરગતિના દુઃખ દૂરે ઢોળી
કર્મ નિકાચિત રોળી,
કર્મ કષાયતણા મદ રોળી, જેમ શિવરમણી ભમર ભોળી
પામ્યા સુખની ઓળી. ૨

આસો શુદ સાતમસું વિચારી, ચૈત્રી પણ ચિત્તસું નિરધારી
નવ આંબિલની સારી,
ઓળી કીજે આળસ વારી, પ્રતિક્રમણ બે કીજે ધારી
સિદ્ધચક્ર પૂજો સુખકારી,
શ્રીજિનભાષિત પર ઉપકારી, નવ દિન જાપ જપો નર નારી
જેમ લહીયે મોક્ષની બારી,
નવપદ મહિમા અતિ મનોહારી, જિનઆગમ ભાખે ચમત્કારી
જાઉં તેહની બલિહારી. ૩

શ્યામ ભ્રમર સમ વીણા કાલી, અતિ સોહે સુંદર સુકુમાળી
જાણે રાજમરાળી,
ઝલહલ ચક્ર ધરે રુપાલી, શ્રીજિનશાસનની રખવાળી
ચક્કેસરી મેં ભાળી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે એ ઓળી કરે ઉજમાળી, તેનાં વિઘ્ન હરે સા બાળી
સેવક જન સંભાળી,
ઉદયરત્ન કહે આસનવાળી, જે જિનનામ જપે જપમાળી
તે ઘર નિત્ય દીવાળી. ૪

(૧૨)

(રાગ - રઘુપતિરાઘવ રાજા રામ)

સિદ્ધચક્ર સદા આરાધીયે, જિમ સુખ સઘળા અવગાહિયે;
મોટો મહિમા છે જેહનો, ભવ ભવ હું છું એહનો. ૧

ત્રિહું કાલે જેહ છે જિનવરા, નિક્ષેપે ચારે સુખકરા;
સિદ્ધચક્ર સદા અરિહંતનો, જે શરણ અછે જગજંતુનો. ૨

સ્યાદ્વાદ સદા સોહામણો, નવપદ મહિમા છે અતિઘણો,
તેહ ભાવે ભક્તિ કરી સુણો, એક ચિત્તે નવપદને ગણો. ૩

વિમલજક્ષ સુરસાનિધિ કરે, ચક્કેસરી સવિ સંકટ હરે,
શિવસુંદરીને સહેજે વરે, જ્ઞાનવિમલ મહોદય વિસ્તરે. ૪

(૧૩)

(રાગ - વીર જિનેસર અતિઅલવેસર)

શ્રી સિદ્ધચક્રજિણેસર સુંદર સુરપાદપ સમો જગમાં જી,
તસુ છાયા જે નર રસિયા, તે વસિયા શિવવગમાં જી;
કાલ અનંતે જીવ અનંતા, એ તપને ખપ કરતાં જી,
ભવ દવ તાપ સંતાપ મિટાવી, અધ્યાતમ અનુસરતા જી. ૧

બારગુણી અરિહંત પહેલે, પદ ત્રિકાલના વંદા જી,
બીજે સિદ્ધ કૃતારથ અડગુણી, કરમમૂલ નિકંદા જી,
ગુણ છત્રીસધારક સૂરિરાજા, પંચ પ્રસ્થાને તાજા જી,
પચવીસ સત્તાવીશ ગુણ કાંતા, પાઠક સાધુ દિવાજા જી. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દંસણ સમકિત સદ્દહણા પદ, સડસઠિ ભેદે ભેદ્યા જી,
ત્રિભુવનદીપક જ્ઞાન સમ પદ, ભેદ એકાવન વેદ્યા જી,
ચારિત્ર રમણતા વિરતી સંયમ, ભેદ સત્તરથી ધ્યાયા જી,
કર્મ ખપાવે મંગલમંદિર,બાર ભેદે તપ ગાયા જી. ૩

હૃદયે ભાલસ્થલે એ નવપદ, ધ્યાતા ધ્યેયને ધ્યાવે જી,
નવ નિયાણા ટાળે શીલપાલે, નવ નવ ભ્રમણ ન પાવે જી,
સોહમવાસી વિમલેસર સુર, તિમ શાસનના દેવા જી,
સૌભાગ્યલક્ષ્મીસૂરિ સુખદાતા, શ્રીશ્રીપાલજિન સેવા જી. ૪

(૧૪)

સિદ્ધચક્ર સદા ભવી સેવો મુગતિ તણો છે મેવોજી;
ઋષભજિનેસર મરૂદેવીનંદન, સુરનર કરે જસ સેવોજી;
કનકવરણ જસ તનકી શોભા, ઋષભલંછન પાય છાજેજી,
મહિમાધારી મૂરતિ તારી, શત્રુંજય ગઢ પર રાજેજી. ૧

અષ્ટાપદગિરિ ઋષભજિનેસર, શિવપદ પામ્યા સારજી,
વાસુપૂજ્ય ચંપાએ યદૂપતિ શિવ પામ્યા ગીરનારજી;
તિમ અપાપાપુરી શિવ પહોંત્યા, વર્ધમાન જિનરાયાજી,
વીશ સમ્મેતશિખર ગિરિ સિધ્યા, ઇમ જિન ચોવીશ થાયજી. ૨

આસો ચૈત્ર સુદી સાતમ દિનથી, નવ આયંબિલ પચખીજે જી,
અરિહંત-સિદ્ધ-સૂરિ-ઉવજ્ઝાય, સાધુ સમસ્ત જપીયે જી;
દરિસન-નાણ-ચરણ-તપ એ, નવપદ ધ્યાન ધરીજે જી,
આગમ વચનામૃત શુભ પાને, જગ જસ શોભા લીજે જી. ૩

કવડજક્ષ ચક્કેસરી દેવી, સંઘ તણી રખવાળીજી,
સેવકજનના વાંછિત પુરે, મહિમાવંત મયાલીજી;
શ્રીવિજયપ્રભસૂરિ શિરોમણિ, વાચક ઉદય જયકારીજી,
તાસ ચરણકજ મધુકર સેવક, **મણિવિજય** સુખકારીજી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિવિધ થોયો

શ્રી નવતત્ત્વની થોય

(રાગ-વીર જિનેસર અતિ અલવેસર)

જીવાજીવા પુન્ય ને પાવા, આશ્રવ સંવર તત્તા જી,
સાતમે નિર્જરા આઠમે બંધ, નવમે મોક્ષપદ સત્તા જી;
એ નવતત્તા સમકિત સત્તા, ભાખે શ્રી અરિહંતા જી,
ભૂજનયર મંડણ રિસહેસર, વંદો તે અરિહંતા જી. ૧

ધમ્માધમ્માગાસા પુગ્ગલ, સમયા પંચ અજીવા જી,
નાણ વિનાણ શુભાશુભ યોગે, ચેતન લક્ષણ જીવા જી;
ઇત્યાદિક ષટ્ દ્રવ્ય પ્રરૂપક, લોકાલોક દિણંદા જી,
પ્રહ ઊઠી નિત્ય નમીયે વિધિશું, સિત્તરિસો જિન ચંદા જી. ૨

સૂક્ષ્મ બાદર દોય એકેન્દ્રિય, બી તી ચઉરિન્દ્રિ દુવિહા જી,
તિવિહા પંચિંદા પજ્જતા, અપજ્જતા તે તિવિહા જી;
સંસારી અસંસારી સિદ્ધા, નિશ્ચય ને વ્યવહાર જી,
પન્નવણાદિક આગમ સુણતાં, લહીએ શુદ્ધ વિચારજી. 3

ભુવનપતિ વ્યંતર જ્યોતિષવર, વૈમાનિક સુરવૃન્દા જી,
ચોવીશ જિનના યક્ષ યક્ષિણિ, સમકિતદૃષ્ટિ સુરિંદા જી;
ભૂજનગર મહિમંડલ સઘળે, સંઘ સકલ સુખ કરજો જી,
પંડિત માનવિજય ઇમ જંપે, સમકિત ગુણ ચિત્ત ધરજો જી. ૪

ચાર શાશ્વતા જિનની થોય

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી,
વર્ધમાન જિનવર વળી પ્રણમો, શાશ્વતા નામ એ ચારેજી
ભરતાદિક ક્ષેત્રે મળી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી,
તિણે ચારે એ શાશ્વત જિનવર, નમીએ નિત્ય સવારેજી. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઊર્ધ્વ અધો તીર્છા લોકે થઈ, કોડી પન્નરસેં જાણોજી,
ઉપર કોડી બેંતાલીસ પ્રણમો, અડવન લખ મન આણોજી;
છત્રીશ સહસ એંશી તે ઉપરે, બિંબતણો પરિમાણોજી,
અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમું તે સુવિહાણોજી. ૨

રાયપસેણી જીવાભિગમે, ભગવતી સૂત્રે ભાખીજી,
જંબુદ્વીપ પન્નતિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખીજી;
વલિય અશાશ્વતી જ્ઞાતાકલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખીજી,
તે જિનપ્રતિમા લોપે પાપી, જીહા બહુ સૂત્ર છે સાખીજી. ૩

એ જિનપૂજાથી આરાધક, ઇશાન ઇન્દ્ર કહાયાજી,
તિમ સુરિયાભ પ્રમુખ બહુ સૂરવર, દેવીતણાં સમુદાયાજી;
નંદીશ્વર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી,
જિન ઉત્તમ કલ્યાણક દીવસે, પદ્મવિજય નમે પાયાજી. ૪

વીશસ્થાનક તપની થોય - ૨

(૧)

વીશસ્થાનક તપ વિશ્વમાં મોટો, શ્રી જિનવર કહે આપજી,
બાંધે જિનવર ત્રીજા ભવમાં, કરીને સ્થાનક જાપજી;
થયા થશે સવિ જિનવર અરિહા, એ તપને આરાધીજી,
કેવલજ્ઞાન દર્શન સુખ પામ્યા, સર્વે ટાળી ઉપાધીજી. ૧

અરિહંત સિદ્ધ પવયણ સૂરિ, સ્થવિર વાચક સાધુ નાણજી,
દર્શન વિનય ચરણ બંભ કિરિયા, તપ કરો ગોયમ ઠાણજી;
જિનવર ચારિત્ર પંચવિધ નાણ, શ્રુત તીર્થ એહ નામજી,
એ વીશસ્થાનક આરાધે તે, પામે શિવપદ ધામજી. ૨

દોય કાળ પડિક્કમણું પડિલેહણ, દેવવંદન ત્રણ વારજી,
નવકારવાળી વીશ ગણીજે, કાઉસ્સગ્ગ ગુણ અનુસારજી;
ચારસો ઉપવાસ કરી ચિત્ત ચોખે, ઉજમણું કરો સારજી,
પડિમા ભરાવો સંઘ ભક્તિ કરો, એ વિધિ શાસ્ત્ર મોઝારજી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રેણિક સત્યકી સુલસા રેવતી, દેવપાળ અવદાતજી,
સ્થાનક તપ સેવા મહિમાએ, થયા જગમાંહિ વિખ્યાતજી;
આગમ વિધિ સેવે જે તપીયા, ધન્ય ધન્ય તસ અવતારજી,
વિઘ્ન હરે તસ શાસન દેવી, **સૌભાગ્ય લક્ષ્મી** દાતારજી. ૪

(૨)

પુછે ગૌતમ વીર જિણંદા સમસરણ બેઠા શુભકંદા
પૂજીત અમર સુરીંદા
કેમ નિકાચે પદ જિનચંદા કિણવિધ તપ કરતા બહુફંદા
ટળે દુરિત દંદા
તો ભાખે પ્રભુજી ગતનિંદા સુણ ગૌતમ વસુભૂતિ નંદા
નિર્મળ તપ અરવિંદા
વીશસ્થાનક તપ કર મહંદા જિમ તારક સમુદાયે ચંદા
તિમ એ તપ સવિ ઇંદા ૧

પ્રથમ પદ અરિહંત ભણીજે, બીજે સિધ્ધ પવયણપદ ત્રીજે
આચારજ થીર ઠવીજે
ઉપાધ્યાયને સાધુ ગ્રહી જે, નાણ દંસણ પદ વિનય વહીજે
અગીયારમે ચારિત્ર લીજે
બંભવય ધારિણં ગણીજે કિરિયાણં તવસ્સ કરીજે
ગોયમ જિણાણં લહીજે
ચારિત્ર નાણ સુઅસ્સ તિત્થસ્સ કીજે, ત્રિજે ભવ તપ કરત સુણીજે,
એ સવિ જિન તપ લીજે ૨

આદિ નમો પદ સઘળે ઠવીશ બાર પન્નર વળી બાર છત્રીશ
દશ પનવિશ સગવીશ
પાંચને અડસઠ તેર ગણીશ, સિત્તેર તવ કિરિયા પચવિશ
બાર અટ્ઠાવીશ ચોવીશ
સત્તાર એકાવન પિસ્તાળીશ, પાંચ લોગસ્સ કાઉસગ્ગ રહીશ
નવકારવાળી વીશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક એક પદે ઉપવાસ જ વીશ માસ ષટે એક ઓળી કરીશ
એમ સિદ્ધાંત જગીશ
શક્તે એકાસણુ તિવિહા છઠ્ઠ, અઠ્ઠમ માસખમણ ઉદાર
પડિક્કમણુ દોયવાર
ઇત્યાદિક વિધિ ગુરૂગમધાર, એકપદ આરાધન ભવપાર
ઉજમણુ વિવિધ પ્રકાર
માતંગ યક્ષ કરે મનોહાર દેવી સિદ્ધાઇ શાસન સુખકાર
વિઘ્ન મિટાવણ હાર
ક્ષમાવિજય જશ ઉપર પ્યાર, શુભ ભવિયણ ધર્મ આધાર
વીરવિજય જયકાર

રાત્રીભોજનની થોય

શાસનનાયક વીરજીએ, પામી પરમ આધાર તો,
રાત્રિભોજન મત કરોએ, જાણી પાપ અપાર તો,
ઘુવડ કાગ ને નાગનાએ,તે પામે અવતાર તો,
નિયમ નોકારશી નિત કરોએ, સાંજે કરો ચોવિહાર તો. ૧.

વાસી બોળો ને રીંગણાએ, કંદમૂળ તું ટાળ તો,
ખાતાં ખોડ ઘણી કહીએ એ, તે માટે મન વાળ તો;
કાચા દૂધ દહીં છાશમાંએ, કઠોળ જમવું નિવાર તો
ઋષભાદિક જિન પૂજતાંએ, રાગ ધરે શિવનાર તો. ૨.

હોળી બળેવ ને નોરતાંએ, પીંપળે પાણી મ રેડ તો,
શીલસાતમનાં વાસી વડાંએ, ખાતાં મોટી ખોડ તો;
સાંભળી સમકિત દૃઢ કરો એ, મિથ્યા પર્વ નિવાર તો,
સામાયિક પડિક્કમણું નિત કરોએ, જિનવાણી જગસાર તો. ૩.

ઋતુવંતી અડકે નહિએ, ન કરે ઘરનાં કામ તો,
તેહના વંછિત પૂરશેએ, દેવી સિદ્ધાયિકા નામ તો;
હિત ઉપદેશે હર્ષ ધરો એ, કોઈ ન કરશો રીસ તો,
કીર્તિ કમલા પામશો એ, જીવ કહે તસ શિષ્ય તો. ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અધ્યાત્મની થોય

ઊઠી સવેળા સામાયિક લીધું, પણ બારણું નવિ દીધુંજી,
કાળો કુતરો ઘરમાં પેઠો, ઘી સઘળું તેણે પીધુંજી;
ઊઠો વહુઅર આળશ મૂકી, એ ઘર આપ સંભાળોજી,
નિજ પતિને કહો વીરજિન પૂજે, સમકિતને અજવાળોજી. ૧

બળે બિલાડે ઝડપ ઝડપાવી, ઉગોડ સર્વે ફોડીજી,
ચંચલ છૈયાં વાર્યા ન રહે, ત્રાક ભાંગી માળ ત્રોડીજી;
તેહ વિના રેંટીયો નવિ ચાલે, મૌન ભલું કેને કહીયેજી,
ઋષભાદિક ચોવીશ તીર્થંકર, જપીયે તો સુખ લહીયેજી. ૨.

ઘર વાશીંદુ કરોને વહુઅર, ટાળો ઓજીયાલુંજી,
ચોરટો એક ફરે છે હેરૂં, ઓરડે ધોને તાળુંજી;
લબકે પ્રાહુણા ચાર આવ્યા છે, તે ઊભા નવિ રાખોજી,
શિવપદ સુખ અનંતા લહીયે, જો જિનવાણી ચાખોજી. ૩.

ઘરનો ખુણો કોણ ખણે છે, વહુ તમે મનમાં લાવોજી,
પહોળે પલંગે પ્રીતમ પોઢ્યા, પ્રેમ ઘરીને જગાવોજી;
ભાવપ્રભસૂરિ કહે નહી એ કથલો, અધ્યાત્મ ઉપયોગીજી,
સિદ્ધાયિકાદેવી સાનિધ્ય કરેવી, સાધે તે શિવપદ ભોગીજી. ૪.

એક ગાથાની થોયો

ચાર વખત બોલાય

(૧)

પુંડરીક ગણધર પાય પ્રણમીજે, આદિશ્વર જિન ચંદાજી
નેમિ વિના ત્રેવિશ તીર્થંકર, ગિરિ ચઢીયા આણંદાજી;
આગમમાંહે પુંડરિક મહિમા, ભાખ્યો જ્ઞાન દિણંદાજી,
ચૈત્રી પુનમ દિન દેવી ચક્રેશ્વરી, સૌભાગ્ય દીઓ સુખકંદાજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨

ભીડભંજન પાસ પ્રભુ સમરો, અરિહંત અનંતનું ધ્યાન ધરો,
જિન આગમ અમૃતપાન કરો, શાસનદેવી સવિ વિઘ્ન હરો.

૩

(રાગ - મંદિર છો મુક્તિતણા)

શ્રી આદિ શાન્તિ નેમિ પાસ, વીર શાસનપતિ વળી;
નમો વર્તમાન અતીત અનાગત ચોવિશે જિન મન રળી,
જિનવરની વાણી ગુણની ખાણી, પ્રેમે પ્રાણી સાંભળી;
થયા સમકિતધારી ભવ નિહારી, સેવે સુવરવર લળી લળી.

૪

સુમતિ સ્વર્ગ દીએ અસુમંતને, મમત મોહ નહિ ભગવંતને;
પ્રગટ જ્ઞાન વરી શિવ બાલીકા, તુંબરૂ વીર નમે મહાકાલીકા. ૧

૫

અષ્ટ મહાપ્રતિહારશું એ, શોભે સ્વામી સુપાસ તો,
મહા ભાગ અરિહા પ્રભુ એ, સુરનર જેહના દાસ તો,
ગુણ અતિશય વરણવ્યા એ, આગમ ગ્રંથ મોઝાર તો,
માતંગ શાન્તા સુર સુરી એ, વીર વિઘન અપહાર તો. ૧

૬

શંખેશ્વર પાર્શ્વ જુહારીએ, સવિ જિન આણા શિરધારિએ,
જિનવાણી સૂણી અઘહારીએ, પદ્માવતી વિઘ્ન વિદારીએ. ૧

૭

શ્રી ચિંતામણી કીજે સેવ, વળી વંદુ ચોવિશે દેવ;
વિજય કહે આગમથી સૂણો, પદ્માવતીનો મહિમા ઘણો.૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૮)

સિદ્ધચક્ર આરાધો સાધો વાંછિત કાજ,
શ્રી અરિહંતાદિક સેવ્યાથી શિવરાજ;
જિન આગમમાંહી સિદ્ધચક્ર શિરતાજ,
વિમલેસર પૂરો ભવિજન વાંછિત આજ. ૧

(૯)

દધાદર્હન્, શાન્તિઃ શાન્તિમ્ ૧ સાર્વસ્તોમં, સ્તૌમ્યસ્તાધમ્.૨
સિદ્ધાન્તઃ સ્તા-જૈનો મુક્ત્યૈ. ૩ નિર્વાણી વો, વિઘ્નં હન્યાત્. ૪

(૧૦)

(રાગ -પ્રહ ઊઠી વંદુ)

ગીરનારે ગીરવો, વ્હાલો નેમિ જિણંદ; અષ્ટાપદ ઉપર, પૂજી ધરો આણંદ,
સિદ્ધાન્તની રચના, ગણધર કરે અનેક; દીવાળી દિવસે, ઘો અંબાઈ વિવેક.

(૧૧)

શ્રી સીમંધર જિનવર સુખકર સાહિબ દેવ,
અરિહંત સકલની ભાવ ધરી કરું સેવ;
સકલાગમ પારગ ગણધર ભાષિત વાણી,
જયવંતી આણા જ્ઞાનવિમલ ગુણખાણી. ૧

(૧૨)

વીરં દેવં, નિત્યં વન્દે. ૧
જૈનાઃ પાદાઃ, યુષ્માન્ પાન્તુ ૨
જૈનં વાક્યં, ભૂયાદ્ ભૂત્યૈ ૩
સિદ્ધાયિદેવી દધાત્ સૌખ્યમ ૪

વિભાગ -૩ સંપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિભાગ-ચોથો

પ્રાચીન ભાવવાહી ગુજરાતી સ્તવન સંગ્રહ

શ્રી શત્રુંજયગિરિના સ્તવનો - ૩૩

(૧)

સિદ્ધાચલ વંદો રે નરનારી, નરનારી, નરનારી સિદ્ધા ૦
નાભિરાયા મરૂદેવાનંદન, ઋષભદેવ સુખકારી. સિદ્ધા૦ ૧
પુંડરિક પમુહા મુનિવર સિદ્ધા, આતમતત્ત્વ વિચારી. સિદ્ધા૦ ૨
શિવસુખકારણ ભવદુઃખવારણ, ત્રિભુવન જન હિતકારી. સિદ્ધા૦ ૩
સમકિત શુદ્ધકરણ એ તીરથ, મોહ મિથ્યાત્વનિવારી. સિદ્ધા૦ ૪
જ્ઞાન ઉદ્યોત પ્રભુ કેવળ ધારી, ભક્તિ કરું એકતારી સિદ્ધા ૦ ૫

(૨)

શ્રી રે સિદ્ધાચલ ભેટવા, મુજ મન અધિક ઉમાયો;
ઋષભદેવ પૂજા કરી, લીજે ભવ તણો લાહો - શ્રી રે૦ ૧.

મણિમય મૂરતિ શ્રી ઋષભની, નિપાઈ અભિરામ;
ભવન કરાવ્યાં કનકનાં, રાખ્યાં ભરતે નામ - શ્રી રે૦ ૨.

નેમિ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી;
શેત્રુંજા સમો તીરથ નહિ, બોલ્યા સીમંધર વાણી શ્રી રે૦ ૩.

પૂરવ નવાણું સમોસર્યા, સ્વામી શ્રી ઋષભ જિણંદ;
રામ પાંડવ મુક્તે ગયા, પામ્યા પરમાનંદ - શ્રી રે૦ ૪.

પૂરવ પુણ્ય પસાઉલે, પુંડરીકગિરિ પાયો;
કાન્તિવિજય હરખે કરી, શ્રી સિદ્ધાચલ ગાયો - શ્રી રે૦ ૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩)

વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા,
માનું હાથ એ ધર્મનો, શિવતરૂ ફળ લેવા. વિમલા૦ ૧.

ઉજ્જવલ જિનગૃહ મંડળી, તિહાં દીપે ઉત્તંગા;
માનું હિમગિરિ વિભ્રમે, આઈ અંબર ગંગા. વિમલા૦ ૨.

કોઈ અનેરું જગ નહિ, એ તીરથ તોલે;
એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે૦ વિમલા૦ ૩.

જે સઘળાં તીરથ કહ્યાં, યાત્રા ફળ કહિએ;
તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફલ લહિએ. વિમલા૦ ૪.

જન્મ સફલ હોય તેહનો, જે એ ગિરિ વંદે;
સુજસવિજય સંપદ લહે, તે નર ચિર નંદે. વિમલા૦ ૫.

(૪)

(રાગ - વિચરંતા ગામોગામ)

સિદ્ધાચલ ગુણ ગેહ, ભવિ પ્રણમો ધરી નેહ;
આજહો સોહે રે મન મોહે, તીરથ રાજીયોજી. ૧

આદીશ્વર અરિહંત, મુક્તિ વધૂનો કંત;
આજહો પૂરવ વાર નવાણું, આવી સમોસર્યાજી. ૨

સકલ સુરાસુર રાજ, કિન્નરદેવ સમાજ;
આજહો સેવા રે સારે, તે કરજોડી કરીજી. ૩

દર્શનથી દુઃખ દૂર, સેવે સુખ ભરપુર;
આજહો એણે રે કલિકાલે, કલ્પતરૂ અછેજી. ૪

પુંડરીકગિરિ ધ્યાન, લહિયે બહુ યશ માન
આજહો દીપે રે અધિકી તસ, જ્ઞાનકલા ઘણીજી. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫)

સિદ્ધાચલગિરિ ભેટચા રે, ધન્ય ભાગ્ય હમારા,
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પારા,
રાયણ રૂખ સમોસર્યા સ્વામી, પૂર્વ નવાણું વારા રે. ધન્ય૦ ૧.

મૂળનાયક શ્રી આદિ જિનેશ્વર, ચઉમુખ પ્રતિમા ચાર;
અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂલ આધારા રે. ધન્ય૦ ૨

ભાવ ભક્તિ શું પ્રભુ ગુણ ગાતાં, અપના જન્મ સુધારા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરક તિર્યંચ ગતિ વારા રે. ધન્ય૦ ૩

દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા;
પતિત ઉદ્ધારણ બીરુદ તુમારું, એ તીરથ જગ સારા રે. ધન્ય૦ ૪

સંવત અઢારસેં ત્યાશી માસ અષાઢા, વદી આઠમ ભોમવારા;
પ્રભુજી કે ચરણ પ્રતાપ કે સંગસે, **ખિમારતન** પ્રભુ પ્યારા રે. ધન્ય૦ ૫

(૬)

મારું મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે, દેખીને હરખીત થાય;
વિધિશું કીજે રે જાત્રા એહની રે, ભવભવનાં દુઃખ જાય. મારું૦ ૧

પાંચમે આરે રે પાવન કારણે રે, એ સમું તીરથ ન કોય;
મોટો મહિમા રે જગમાં એહનો રે, આ ભરતે દહાં જોય. મારું૦ ૨

ઇણગિરિ આવ્યા રે જિનવર ગણધરા રે, સિધ્યાં સાધુ અનંત;
કઠિન કરમ પણ એ ગિરિ ફરસતાં રે, હોયે કરમ નિશાંત. મારું૦ ૩

જૈનધર્મ તે સાચો જાણીએ રે, માનું તીરથ એ સ્તંભ;
સુરનર કિન્નર નૃપ વિદ્યાધરા રે, કરતા નાટારંભ, મારું૦ ૪

ધન ધન દહાડો રે ધન વેળા ઘડી રે, ઘરીએ હૃદય મોઝાર;
જ્ઞાનવિમલસૂરિ ગુણ એહના ઘણા રે, કહેતા ન આવે પાર. મારું૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૭)

(અર્વાચિન હોય તેમ લાગે છે)

ઐસી દશા હો ભગવન, જબ પ્રાણ તનસે નિકલે,
ગિરિરાજ કી હો છાયા, મન મે ન હોવે માયા,
તપસે હો શુદ્ધ કાયા. ૧

ઉરમેં ન માન હોવે, દિલ એક તાન હોવે,
તુમચરણ ધ્યાન હોવે ૨

સંસાર દુઃખ હરણાં, જૈન ધર્મકા હો શરણાં,
હો કર્મ મર્મ ખરણાં. ૩

અનશનકો સિદ્ધ વટ હો, પ્રભુ આદિદેવ ઘટ હો,
ગુરૂરાજ ભી નિકટ હો. ૪

યહ દાન મુજકો દીજે, ઇતની દયા તો કીજે,
અરજી સેવક (તિલક) કી લીજે. ૫

(૮)

આજ મારા નયણાં સફળ થયાં, શ્રી સિદ્ધાચલ નિરખી;
ગિરિને વધાવું મોતીડે, મારા હૈડામાં હરખી. આજ૦ ૧

ધન્ય ધન્ય સોરઠ દેશને, જિહાં એ તીરથ જોડી;
વિમલાચલ ગિરનારને, વંદુ બે કર જોડી. આજ૦ ૨

સાધુ અનંતા ઇણે ગિરિ, સિદ્ધાં અણસણ લેઈ;
રામ પાંડવ નારદ ઋષિ, બીજા મુનિવર કેઈ. આજ૦ ૩

માનવ ભવ પામી કરી, નવિ એ તીરથ ભેટે;
પાપ કરમ જે આકરાં, કહો કેણી પેરે મેટે.? આજ ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તીર્થરાજ સમરું સદા, સારે વંછિત કાજ;
દુઃખ દોહગ દૂરે કરી, આપે અવિચલરાજ. આજ૦ ૫

સુખના અભિલાષી પ્રાણીયા, વાંછે અવિચલ સુખડાં;
માણેક મુનિ ગિરિ ધ્યાનથી, ભાંગે ભવોભવ દુખડાં. આજ૦ ૬

(૯)

સિદ્ધાચલનો વાસી પ્યારો, લાગે મોરા રાજુંદા,
ઇણ રે ડુંગરીઆમાં ઝીણીઝીણી કોરણી,
ઉપર શિખર બિરાજે - મો૦ સિ૦ ૧
કાને કુંડળ માથે મુગટ બિરાજે, બાહે બાજુબંધ છાજે - મો૦ સિ૦ ૨
ચઉમુખ બિંબ અનોપમ છાજે, અદ્‌ભુત દીઠે દુઃખ ભાંજે - મો૦ સિ૦ ૩
ચુવા ચુવા ચંદન ઓર અગરજા, કેસર તિલક વિરાજે- મો૦ સિ૦ ૪
ઇણગિરિ સાધુ અનંતા સિધ્યા, કહેતાં પાર ન આવે. - મો૦ સિ૦ ૫
જ્ઞાનવિમલ પ્રભુ એણી પેરે બોલે, આ ભવ પાર ઉતારો - મો૦ સિ૦ ૬

(૧૦)

ભવજલ પાર ઉતાર જીણંદજી, મુજ પાપીને તુ તાર,
શ્રીસિદ્ધાચલ તીરથરાજા, ગણ ભુવનમાં સાર;
પૂર્વ નવ્વાણું વારા શત્રુંજય, આવ્યા શ્રી નાભિકુમાર. ૧

આજ હમારે સુરતરૂં પ્રગટ્યો, દીઠો તુજ દેદાર,
ભવોભવ ભટકી શરણે આવ્યો, રાખો લાજ આ વાર. ૨

ભરતાદિક અસંખ્યને તાર્યા, તિમ પ્રભુ મુજને તાર,
માતા મરૂદેવાને દીધું, કેવળજ્ઞાન ઉદાર. ૩

ક્ષાયિક મુજને સમકિત આપો, એહી જ પરમ આધાર,
દીનદયાળું દરિશન દીજે, પાય પડું સો વાર. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અવસર પામી અરજ સુણીને, વિનતડી અવધાર,
નીતિવિજયના **બાલસિદ્ધિની**, આવાગમન નિવાર. ૫

(૧૧)

(રાગ - વીરકુંવરની વાતડી કોને કહીએ)

વિમલગિરિને ભેટતા સુખ પાયો, હાંરે સુખ પાયો રે સુખ પાયો,
હાંરે આનંદ અતિ દિલ છાયો, હારે નમતાં ગિરિરાજ. ૧

મુજ મનમંદિર ઋષભની અતિ પ્યારી, હાંરે સોહે મુરતિ મોહનગારી,
હાંરે જસ મહિમા છે અતિભારી, હાંરે માનુ મોહનવેલ. ૨

આસપાસ જિનબિંબને દિલ ધરીયે, હારે રાયણ પગલા ન વિસરીયે,
હાંરે પુંડરીક ગણધર ગુણ વરીયે, હાંરે કરો જન્મ પવિત્ર. ૩

ઋષભ પ્રભુજી આવીયા દીલધારી, હાંરે પૂર્વ નવ્વાણુ વારી,
હાંરે મુનિધ્યાન ધરૂં અતિભારી, હાંરે તીર્થ નમું ગુણખાણ. ૪

પુંડરીકાચલ નામથી ઓળખાયો, હાંરે જ્ઞાતાસૂત્રમાં તીર્થ બતાયો,
હાંરે સીમંધરજિન મુખ સે ગાયો, હાંરે નામ લીયે દુઃખ જાય. ૫

તીર્થ પ્રતાપે ભેટીયે મનોહારી, હારે દેશસોરઠ રૂડો શણગારી,
હાંરે **સૌભાગ્યવિજયને** પ્યારી, હાંરે નમીયે વારંવાર. ૬

(૧૨)

એક દિન પુંડરીક ગણધરુ રે લાલ ! પૂછે શ્રી આદિજિણંદ સુખકારી રે;
"કહીયે તે ભવજલ ઊતરી રે લાલ ! પામીશ પરમાનંદ ભવવારી રે ?" એક ૦ ૧.

કહે જિન "ઇણગિરિ પામશો રે લાલ ! જ્ઞાન અને નિરવાણ જયકારી રે;
તીરથ મહિમા વાધશે રે લાલ ! અધિક અધિક મંડાણ નિરધારી રે." એક૦ ૨

એમ નિસુણીને ઇહાં આવીઆ રે લાલ ! ઘાતી કરમ કર્યા દૂર તમ વારી રે;
પંચ કોડી મુનિ પરિવર્યા રે લાલ ! હુઆ સિદ્ધિ હજુર ભવ વારી રે. એક૦ ૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચૈત્રી પૂનમ દિન કીજીએ રે લાલ ! પૂજા વિવિધ પ્રકાર દિલ ધારી રે;
ફળ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ ! લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે. એક૦ ૪.

દશ વીશ ત્રીસ ચાલીશ ભલા રે લાલ ! પચ્ચાસ પુષ્પની માળ અતિ સારી રે;
નરભવ લાહો લીજીએ રે લાલ ! જેમ હોય જ્ઞાન વિશાળ મનોહારી રે. એક૦ ૫

(૧૩)

વિમલાચલ જઈ વસીયે, ચાલોને સખી વિ૦
આદિ અનાદિ નિગોદમાં વસીયો, પુન્ય ઉદયે નીકસીયો;
ચાર ગતિમાં ભ્રમણ કરીને, લાખ ચોરાશી ફરશીયો. ચાલો૦ ૧

દેવનારકી તીર્યંચમાંહી વળી, દુઃખ સહ્યાં અહનિશિયે;
પુન્ય પ્રભાવે મનુષ્ય ભવ પામી, દેશ આરજમાં વસીયે. ચાલો૦ ૨

દેવગુરૂ ને જૈન ધર્મ પામી, આતમ ઋદ્ધિ ઉલ્લસીયે;
શ્રી સિદ્ધાચલ નયણે નિહાલી, પાપ તિમિરથી ખસીયે. ચાલો૦ ૩

કાલ અનાદિના મોહરાયનાં, મસી લઇને મુખ ઘસીયે;
શ્રી આદીશ્વર ચરણ પસાયે, ક્ષમા ખડ્ગ લઈ ઘસીયે. ચાલો૦ ૪

મોહને મારી આતમ તારી, શિવપુરમાં જઇ વસીયે;
જિન ઉત્તમ પદ રૂપ નિહાળી, કેવળ લક્ષ્મી ફરસીયે. ચાલો૦ ૫

(૧૪)

જાત્રા નવાણું કરીએ વિમલગિરિ, જાત્રા નવાણું કરીએ;
પૂરવ નવાણુ વાર શેત્રુંજાગિરિ, ઋષભજિણંદ સમોસરીએ. વિમલ૦ ૧
કોડી સહસ ભવ પાતક ત્રુટે, શેત્રુંજા સામું ડગ ભરીએ. વિમલ૦ ૨
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીએ ગિરિવરિએ. વિમલ૦ ૩
પુંડરીક પદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીએ. વિમલ૦ ૪
પાપી અભવ્ય ન નજરે દેખે, હિંસક પણ ઉદ્ધરીએ. વિમલ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂમિસંથારો ને નારીતણો સંગ, દૂર થકી પરિહરીએ. વિમલ૦ ૬
સચિત્ત પરિહારી ને એકલ આહારી, ગુરુ સાથે પદ ચરીએ. વિમલ૦ ૭
પડિક્કમણાં દોય વિધિશું કરી, પાપ પડલ વિખરીએ. વિમલ૦ ૮
કલિકાલે એ તીરથ મોટું, પ્રવહણ જેમ ભરદરીએ. વિમલ૦ ૯
ઉત્તમ એ ગિરિવર સેવંતા, પદ્મ કહે ભવ તરીએ. વિમલ૦ ૧૦

(૧૫)

શ્રી આદીશ્વર અંતરજામી, જીવન જગત આધાર,
શાંત સુધારસ જ્ઞાને ભરીયો, સિદ્ધાચળ શણગાર;
રાયણ રૂડી રે, જીહાં પ્રભુ પાય ધરે,
વિમળગિરિ વંદો રે, દેખત દુઃખ હરે,
પુણ્યવંતા પ્રાણી રે, પ્રભુજીની સેવા કરે. વિમળ૦ ૧

ગુણ અનંતા ગિરિવર કેરા, સિધ્ધ્યા સાધુ અનંત;
વળી રે સિદ્ધશે વાર અનંતી, એમ ભાખે ભગવંત;
ભવોભવ કેરાં રે, પાતિક દૂર કરે. વિમળ૦ ૨

વાવડીયું રસકુંપા કેરી, મણિ માણેકની ખાણ;
રત્નખાણ બહુ રાજે હો તીરથ, એવી શ્રી જિનવાણ;
સુખના સ્નેહી રે, બંધન દૂર કરે. વિમળ૦ ૩

પાંચ કોડીશું પુંડરીક સિધ્યા, ત્રણ કોડીશું રામ;
વીશ કોડીશું પાંડવ મુક્તે, સિદ્ધક્ષેત્ર સિદ્ધ ઠામ;
મુનિવર મોટા રે, અનંતા મુક્તિ વરે. વિમળ૦ ૪

એસો તીરથ ઓર ન જગમેં, ભાખે શ્રી જિનભાણ;
દુરગતિ કાપે ને પાર ઉતારે વ્હાલો, આપે કેવલનાણ;
ભવિજન ભાવે રે, જે એહનું ધ્યાન ધરે. વિમળ ૦ ૫

દ્રવ્યભાવશું પૂજા કરતાં, પૂજો શ્રી જિનરાય;
ચિદાનંદ સુખ આતમવેદી, જ્યોતિસેં જ્યોતિ મિલાય;
કીરતી એહની રે, માણેક મુનિ કરે. વિમળ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૬)

સંવત એક અઠલંતરે રે, જાવડશાનો ઉદ્ધાર,
ઉધ્ધરજો મુજ સાહિબા રે, નાવે ફરી સંસાર હો જિનજી,
ભક્તિ હૃદયમાં ધારજો રે, અંતરયેરી વારજો રે,
તારજો દીન દયાળ. ૧

બાહડ મંત્રી ચૌદમો રે, તીર્થો કર્યો ઉદ્ધાર,
બાર તેરોત્તર વર્ષમાં રે, વંશ શ્રીમાળી સાર હો જિનજી. ૨

સંવત તેર એકોતરે રે, સમરોશા ઓસવાલ,
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા રે,પન્નરમો ઉદ્ધાર હો જિનજી. ૩

પન્નરશે સત્યાશીયે રે, સોલમો એ ઉદ્ધાર,
કર્માશાએ કરાવીઓ રે, વરતે છે જયજયકાર હો જિનજી. ૪

સૂરિ દુપ્પસહ ઉપદેશથી રે, વિમળવાહન ભૂપાલ,
છેલ્લો ઉદ્ધાર કરાવશે રે, સાસયગિરિ ઉજમાળ હો જીનજી. ૫

ભવ્યગિરિ સિદ્ધશેખરો રે, મહાજસ ને માલ્યવંત,
પૃથ્વીપીઠ દુઃખહર ગિરિ રે, મુક્તિરાજ મણિકંત હો જિનજી. ૬

મેરૂ મહિધર એ ગિરિ રે, નામે સદા સુખ થાય,
શ્રી શુભવીર ને ચિત્તથી રે, ઘડીય ન મેલણ જાય હો જિનજી. ૭

(૧૭)

વિમલાચલ વિમલાપાણી, શીતલતરૂ છાયા ઠરાણી;
રસવેધક કંચન ખાણી, કહે ઇન્દ્ર સુણો ઇન્દ્રાણી!
સનેહી સંત ! એ ગિરિ સેવો,
ચઉદ ક્ષેત્રમાં તીરથ નહિ એવો. ૧

છ'રી પાળી ઉલ્લસીએ, છઠ્ઠ અઠ્ઠમ કાયા કસીએ,
મોહ મલ્લની સામા ઘસીએ, વિમલાચલ વેગે વસીએ. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અન્ય સ્થાનક કર્મ જે કરીએ, તે ઇણગિરિ હેઠા કરીએ,
પાછળ પ્રદક્ષિણા ફરીએ, ભવજલધિ હેલા તરીએ. ૩

શિવમંદિર ચઢવા કાજે, સોપાનની પંક્તિ બિરાજે,
ચઢતાં સમકિતી છાજે, દુરભવ્ય અભવ્ય તે લાજે. ૪

પાંડવ પમુહા કેઈ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા,
પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચલ સિદ્ધા અનંતા. ૫

ષટ્માસી ધ્યાન ધરાવે, શુકરાજા તે રાજયને પાવે,
બહિરંતર શત્રુ હરાવે, શત્રુંજય નામ ધરાવે. ૬

પ્રણિધાને ભજો ગિરિ જાચો, તીર્થંકર નામ નિકાચો,
મોહરાયને લાગે તમાચો, શુભવીર વિમલગિરિ સાચો. ૭

(૧૮)

ગિરિવર દરિસણ વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખપાવે; ગિરિ૦
ઋષભ જિનેશ્વર પૂજા રચાવે, નવ નવ નામે ગિરિગુણ ગાવે. ગિરિ૦ ૧

સહસ કમલ ને મુક્તિનિલય ગિરિ, સિદ્ધાચળ શતકૂટ કહાવે; ગિરિ૦
ઢંક કદંબને કોડી નિવાસો, લોહિત તાલધ્વજ સુર ગાવે. ગિરિ૦ ૨

ઢંકાદિ પંચ કૂટ સજીવન, સુરનર મુનિ મળી નામ થપાવે; ગિરિ૦
રત્નખાણ જડીબૂટી ગુફાઓ, રસકૂંપિકા ગુરુ ઇહાં બતાવે. ગિરિ૦ ૩

પણ પુન્યવંતા પ્રાણી પાવે, પુન્ય કારણ પ્રભુ પૂજા રચાવે,; ગિરિ૦
દશ કોટી શ્રાવકને જમાડે, જૈન તીર્થ યાત્રા કરી આવે. ગિરિ૦ ૪

તેથી એક મુનિ દાન દિયંતા, લાભ ઘણો સિદ્ધાચળ થાવે; ગિરિ૦
ચંદ્રશેખર નિજ ભગિની ભોગી, તે પણ એ ગિરિ મોક્ષે જાવે. ગિરિ૦ ૫

ચાર હત્યારા નર પરદારા, દેવ ગુરુદ્રવ્ય ચોરી ખાવે; ગિરિ૦
ચૈત્રી કાર્તિકી પૂનમ યાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જલાવે. ગિરિ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઋષભસેન જિન આદિ અસંખ્યા, તીર્થંકર મુક્તિ સુખ પાવે; ગિરિ૦
શિવવધૂ વરવા મંડપ એ ગિરિ, શ્રી શુભવીર વચન રસ ગાવે. ગિરિ૦ ૭

(૧૯)

તે દિન કયારે આવશે, શ્રી સિદ્ધાચલ જાશું,
ઋષભ જિણંદ જુહારીને, સુરજકંડમાં ન્હાશું. તે દિન૦ ૧

સમવસરણમાં બેસીને, જિનવરની વાણી,
સાંભળશું સાચે મને, પરમારથ જાણી. તે દિન૦ ૨

સમકિત વ્રત સૂધાં ધરી, સદ્‌ગુરુને વંદી,
પાપ સર્વ આલોઇને, નિજ આતમ નીંદી. તે દિન૦ ૩

પડિક્કમણાં દોય ટંકનાં, કરશું મન કોડે,
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે. તે દિન૦ ૪

વહાલા ને વૈરી વિષે, નવિ કરશું વેરો,
પરના અવગુણ દેખીને, નવિ કરશું ચેરો. તે દિન૦ ૫

ધર્મસ્થાનક ધન વાપરી, છકાયને હેતે,
પંચમહાવ્રત લેઇને, પાળશું મન પ્રીતે. તે દિન૦ ૬

કાયાની માયા મેલીને, પરિસહને સહેશું,
સુખ દુઃખ સરવે વિસારીને, સમભાવે રહીશું. તે દિન૦ ૭

અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું,
ઉદયરત્ન એમ ઉચ્ચરે, ત્યારે નિર્મળ થાશું. તે દિન૦ ૮

(૨૦)

(રાગ - પ્રીતલડી બંધાણી રે)

શોભા શી કહું રે શેત્રુંજા તણી, જીહાં વસીયા છે પ્રથમ તીર્થંકર દેવ જો;
રૂડી રે રાયણ તળે ઋષભ સમોસર્યા, ચોસઠ સુરપતિ સારે પ્રભુની સેવ જો. શોભા૦ ૧

નિરખ્યો તે નાભિરાય કેરા પુત્રને, માતા મરુદેવી કેરા નંદ જો;
રૂડીરે વિનીતા નગરીનો ધણી, મુખડું સોહિયે શરદ પૂનમનો ચંદ જો. શોભા૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિરખોને નારી કંથને વિનવે, પિયુડા મુજને પાલીતણા દેખાડ જો;
એ ગિરિ પૂર્વ નવાણું સમોસર્યા, માટે મુજને આદીશ્વર ભેટાવ જો; શોભા૦ ૩
મારે મન જાવાની ઘણી હોંશ છે, ક્યારે જાવું ને ક્યારે કરું દરશન જો;
તે માટે મન મારું તલસે ઘણું, નયણે નિહાળું તો ઠરે મારા લોચન જો. શોભા૦ ૪
એવી તે અરજ પ્રભુજી સાંભળો, હુકમ કરો તો આવું તમારી પાસ જો;
મહેર કરીને એક વાર દરિશન દિજીએ, શ્રી **શુભવીર**ની પહોંચે મનની આશ જો. શોભા૦ ૫

(૨૧)

મોરા આતમરામ કુણ દિન શેત્રુંજે જાશું;
શેત્રુંજય કેરી પાજે ચડંતાં, ઋષભતણાં ગુણ ગાશું.
મોરા આતમરામ કુણદિન.. .... મોરા૦ ૧
એ ગિરિવરનો મહિમા સુણી, હૈડે સમકિત વાસ્યું;
જિનવર ભાવ સહિત પુજીને, ભવે ભવે નિર્મળ થાશું. મોરા૦ ૨

મન વચ કાય નિર્મળ કરીને, સુરજ કુંડમાં ન્હાશું;
મરૂદેવીનો નંદન નિરખી, પાતિક દૂરે પલાશ્યું. મોરા૦ ૩

ઇણગિરિ સિદ્ધ અનંતા હુઆ, ધ્યાન સદા તસ ધ્યાશું;
સકલ જનમમાં એ માનવભવ, લેખે કરીય સરાસું. મોરા૦ ૪

સુરવર પુજીત પદ કજ રજ, મિલવટે તિલક ચડાવશું;
મનમાં હરસી ડુંગર ફરસી, હૈડે હરખિત થાશું. મોરા૦ ૫

સમકિત ધારી સ્વામી સાથે સદ્‌ગુરૂ સમકિત લાશું;
છ'રી પાળી પાપ પખાળી, દુર્ગતિ દૂરે પલાશું. મોરા૦ ૬

શ્રી જિનનામી સમકિત પામી, લેખે ત્યારે ગણાશું;
જ્ઞાનવિમલ કહે ધનધન તે દિન, પરમાનંદ પદ પાશું. મોરા ૦૭

(૨૨)

આંખડીએ રે મેં આજ, શત્રુંજય દીઠો રે;
સવા લાખ ટકાનો દહાડો રે, લાગે મને મીઠો રે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સફલ થયો મારા મનનો ઉમાહો, વાલામારા,
ભવનો સંશય ભાંગ્યો રે;

નરક તિર્યંચગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે. શત્રું૦ ૧
માનવભવનો લાહો લીજે, વાલા૦ દેહડી પાવન કીજે રે;
સોના-રૂપાને ફુલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દીજે રે. શત્રું૦ ૨

દુધડે પખાળીને કેસર ઘોળી, વાલા૦ શ્રી આદીશ્વર પૂજ્યા રે,
શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, પાપ મેવાસી ધ્રુજ્યા રે. શત્રું૦ ૩.

શ્રીમુખ સુધર્મા સુરપતિ આગે, વાલા૦ વીરજિણંદ એમ બોલે રે;
ત્રણ ભુવનમાં તીરથ મોટું, નહિ કોઈ શત્રુંજય તોલે રે. શત્રું૦ ૪

ઇન્દ્ર સરિખા એ તીરથની, વાલા૦ ચાકરી ચિત્તમાં ચાહે રે;
કાયાની તો કાસળ કાઢી, સુરજકુંડમાં નાહે રે. શત્રું૦ ૫

કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે, વાલા૦ સાધુ અનંતા સિધ્યા રે;
તે માટે એ તીરથ મોટું, ઉદ્ધાર અનંતા કીધા રે. શત્રું૦ ૬

નાભિરાયા સુત નયણે જોતાં, વાલા૦ મેહ અમીરસ વૂઠયા રે;
ઉદયરત્ન કહે આજ મારે પોતે, શ્રી આદીશ્વર ત્રૂઠયા રે. શત્રું૦ ૭

(૨૩)

ચાલો ચાલો વિમલગિરિ જઇએ રે, ભવજલ તરવાને,
તુમે જયણાએ ધરજો પાયરે, પાર ઉતરવાને,
બાલ કાલની ચેષ્ટા ટાળી, હાંરે હુંતો ધર્મ યૌવન હવે પાયો રે;
ભૂલ અનાદિની દૂર નિવારી, હાંરે હું તો અનુભવમાં લય લાયો રે, પાર૦ ચાલો૦ ૧

ભવ તૃષ્ણા સવિ દૂર નિવારી, હાંરે મારી જિન ચરણે લય લાગી રે;
સંવર ભાવમાં દિલ હવે ઠરીયું, હાંરે મારી ભવની ભાવઠ ભાંગી રે. પાર૦ ચાલો૦ ૨

સચિત્ત સર્વનો ત્યાગ કરીને, હાંરે નિત્ય એકાસણ તપ કારી રે;
પડિક્કમણાં દોય ટંકનાં કરશું, હાંરે ભલી અમૃતક્રિયા દિલ ધારી રે. પાર૦ ચાલો૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્રત ઉચ્ચરશું ગુરૂની સાખે, હાંરે હું તો યથાશક્તિ અનુસારે રે;
ગુરૂ સાથે ચડશું ગિરિ પાજે, હાંરે એ તો ભવોદધિ બૂડતાં તારે રે. પાર૦ ચાલો૦ ૪

ભવતારક એ તીરથ ફરસી, હાંરે હું તો સુરજકુંડમાં નાહી રે;
અષ્ટપ્રકારી આદિ જિણંદની, હાંરે હુંતો પૂજા કરીશ લય લાહી રે. પાર૦ ચાલો૦ ૫

તીરથપતિ ને તીરથ સેવા, હાંરે એ તો સાચા મોક્ષા મેવા રે;
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ કરીને, હાંરે મને સ્વામીવચ્છલની હેવા રે. પાર૦ ચાલો૦ ૬

પ્રભુપદપદ્મ રાયણ તલે પૂજી, હાંરે હું તો પામીશ હરખ અપાર રે;
રૂપવિજય પ્રભુ ધ્યાન પસાયે, હાંરે હું તો પામીશ સુખ શ્રીકાર રે. પાર૦ ચાલો૦ ૭

(૨૪)

તીરથની આશાતના નવિ કરીયે, હાંરે નવિ કરીયે રે નવિ કરીયે;
હાંરે ધૂપ ધ્યાન ઘટા અનુસરીએ, હાંરે તરિયે સંસાર. તી૦ ૧

આશાતના કરતાં થકાં ધન હાણી, ભૂખ્યાં ન મળે અન્નપાણી;
કાયા વળી રોગે ભરાણી, હાંરે આ ભવમાં એમ. તી૦ ૨

પરભવ પરમાધામીને વશ પડશે, વૈતરણી નદીમાં ભળશે;
અગ્નિને કુંડે બળશે, હાંરે નહીં શરણું કોય. તી૦ ૩

પૂરવ નવાણું નાથજી ઇહાં આવ્યા, સાધુ કેઈ મોક્ષે સિધાવ્યા;
શ્રાવક પણ સિદ્ધિ સુહાવ્યા, હાંરે જપતા ગિરિનામ. તી૦ ૪

અષ્ટોત્તર શતકુટ એ ગિરિ ઠામે, સૌંદર્ય યશોધર નામે;
પ્રીતિમંડણ કામુક કામે, હાંરે વળી સહજાનંદ તી૦ ૫

મહેન્દ્રધ્વજ સરવારથ સિદ્ધ કહીએ, પ્રિયંકર નામ એ લહીયે;
ગિરિ શિતલ છાંયે રહીએ, હાંરે નિત્ય કરિયે ધ્યાન. તી૦ ૬

પૂજા નવાણું પ્રકારની એમ કીજે, નરભવનો લાહો લીજે;
વળી દાન સુપાત્રે દીજે, હારે ચઢતે પરિણામ. તી૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સેવન ફલ સંસારમાં કરે લીલા, રમણી ઘન સુંદર બાલા;
શુભવીર વિનોદ વિશાલા, હાંરે મંગળ શિવમાલ તી૦ ૮

(૨૫)

સિદ્ધાચળ શિખરે દીવો રે, આદીશ્વર અલબેલો છે,
જાણે દર્શન અમૃત પીવો રે, આદીશ્વર અલબેલો છે,
શિવ સોમજસાની લારે રે, આ. તેરકોડી મુનિ પરિવારે રે. આ સિદ્ધા૦ ૧

કરે શિવસુંદરીનું આણું રે, આ. નારદજી લાખ એકાણું રે. આ.
વસુદેવની નારી પ્રસિદ્ધિ રે, આ. પાંત્રીશ હજાર તે સિદ્ધિ રે. આ સિદ્ધા૦ ૨

લાખ બાવન ને એક કોડી રે, આ. પંચાવન સહસ ને જોડી રે, આ.
સાતસે સત્યોતેર સાધુ રે, આ. પ્રભુ શાન્તિ ચોમાસું કીધું રે. આ સિદ્ધા૦ ૩

તવ એ વરીયા શીવનારી રે, આ. ચૌદ સહસ મુનિ દમિતારી રે, આ.
પ્રદ્યુમ્નપ્રિયા અચંભી રે, આ. ચોવાલીસસે યૈદર્ભિ રે. આ સિદ્ધા૦ ૪

થાવચ્ચાપુત્ર હજારે રે, આ. શુક પરિવ્રાજક એ ધારે રે, આ.
સેલગ પણસય વિખ્યાતે રે, આ. સુભદ્ર મુનિ સયસાતે રે. આ સિદ્ધા૦ ૫

ભવતરિયા તેણે ભવ તારણ રે, આ. ગજચંદ્ર મહોદય કારણ રે, આ.
સુરકાંત અચલ અભિનંદો રે, આ. સુમતિ શ્રેષ્ઠા ભયકંદો રે. આ સિદ્ધા૦ ૬

ઇહાં મોક્ષે ગયા કેઈ કોટી રે, આ. અમને પણ આશા મોટી રે, આ.
શ્રદ્ધા સંવેગે ભરિયો રે, આ. મે મોટો દરિયો તરિયો રે, આ. સિદ્ધા૦ ૭

શ્રદ્ધાવિણ કુણ ઇહાં આવે રે, આ. લઘુ જળમાં કેમ તે નાવે રે, આ.
તેણે હાથ હવે પ્રભુ ઝાલો રે, આ. શુભવીરને હેડે, વહાલો રે. આ. સિદ્ધા૦ ૮

(૨૬)

ભરતની પાટે ભૂપતિ રે, સિદ્ધિ વર્યા એણે ઠાય, સલુણા;
અસંખ્યાતા તિહાં લગેરે, હુઆ અજિત જિનરાય સલુણા. જિમ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિમજિમ એ ગિરિ ભેટીએ રે, તિમ તિમ પાપ પલાય સલુણા;
અજિત જિનેશ્વર સાહિબો રે, ચોમાસુ રહી જાય સલુણા. જિમ૦ ૨

સાગરમુનિ એક કોડીશું રે, તોડ્યા કર્મના પાસ સલુણા;
પાંચ કોડી મુનિરાજ શું રે, ભરત લહ્યાં શિવવાસ સલુણા. જિમ૦ ૩

આદીશ્વર ઉપકારથી રે, સત્તારકોડી સાથ સલુણા;
અજિતસેન સિદ્ધાચળે રે,ગ્યા શિવવહુ હાથ સલુણા. જિમ૦ ૪

અજિતનાથ મુનિ ચૈત્રની રે, પુનમે દશ હજાર સલુણા;
આદિત્યયશા મુક્તિ વર્યા રે, એક લાખ અણગાર સલુણા. જિમ૦ ૫

અજરામર ક્ષેમંકરુ રે, અમરકેતુ ગુણકંદ સલુણા;
સહસ પત્ર શિવંકરુ રે, કર્મક્ષય તમોકંદ સલુણા. જિમ૦ ૬

રાજરાજેશ્વર એ ગિરિ રે, નામ છે મંગળરૂપ સલુણા;
ગિરિવર રજ તરુમંજરી રે, શીશ ચટાવે ભૂપ સલુણા. જિમ૦ ૭

દેવયુગાદિ પૂજતા રે, કર્મ હોયે ચકચૂર સલુણા;
શ્રી શુભવીરને સાહિબા રે, રહેજો હેડા હજૂર સલુણા. જિમ૦ ૮

(૨૭)

તુમે તો ભલે બિરાજો જી,
સિદ્ધાચલકે સાહિબ ! તુમે તો ભલે બિરાજોજી
મરૂદેવીનો નંદન રૂડો, નાભિ નરિંદ મલ્હાર;
જુગલા ધર્મ નિવારણ આવ્યા, પૂરવ નવાણું વાર. તુમે તો૦ ૧
મૂળ નાયકની સનમુખ રાજે, પુંડરીક ગણધાર;
પંચકોડસ્યું ચૈત્રી પુનમે, વરીઆ શિવવધુ સાર.તુમે તો૦ ૨

સહસકુટ દક્ષિણ બિરાજે, જિનવર સહસ ચોવીશ,
ચઉદશેં બાવન ગણધરનાં, પગલાં વામ જગીશ; તુમે તો૦ ૩

પ્રભુ પગલાં રાયણ હેઠે, પુજી પરમાનંદ;
અષ્ટાપદ ચઉવીશ જિનેશ્વર સમ્મેત વીશ જિણંદ, તુમે તો૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેરૂપર્વત ચૈત્ય. ઘણેરાં, ચઉમુખ બિંબ અનેક;
બાવન જિનાલય દેવળ નીરખી, હરખ લહુ અતીરેક. તુમ તો૦ ૫

સહસફણાને શામળા પાસજી, સમોવસરણ મંડાણ;
છીપાવશીને ખરતરવશી, કંઈ પ્રેમાવશી પરમાણ. તુમે તો૦ ૬

સંવત અઢાર ઓગણ પચાશે, ફાગણ અષ્ટમી દીન;
ઉજ્વળ પક્ષે ઉજ્વળ હુઓ કાંઈ, ગિરિ ફરસ્યા મુજ મન. તુમે તો૦ ૭

ઇત્યાદિક જિન બિંબ નીહાળી, સાંભરી સિદ્ધની શ્રેણ;
ઉત્તમ ગિરિવર કેણિ પરે વીસરે, **પદ્મવિજય** કહે જેણ. તુમે તો૦ ૮

(૨૮)

મનના મનોરથ સવિ ફળ્યા એ, સિધ્યાં વાંછિત કાજ;
પૂજો ગિરિરાજને રે,
પ્રાયે એ ગિરિ શાશ્વતો એ, ભવજલ તરવા જહાજ. પૂજો૦ ૧

મણિ માણેક મુક્તાફળો એ, રજત કનકનાં ફૂલ; પૂજો૦
કેસર ચંદન ઘસી ઘણાં એ, બીજી વસ્તુ અમૂલ. પૂજો૦ ૨

છટ્ઠે અંગે દાખીઓ એ, આઠમે અંગે ભાખ; પૂજો૦
સ્થિરાવલિ પયન્ને વરણવ્યો એ, એ આગમની સાખ. પૂજો૦ ૩

વિમલ કરે ભવિલોકને એ, તેણે વિમલાચલ જાણ; પૂજો૦
શુક રાજાથી વિસ્તર્યો એ, શત્રુંજય ગુણખાણ. પૂજો૦ ૪

પુંડરીક ગણધરથી થયો એ, પુંડરીકગિરિ ગુણધામ; પૂજો૦
સુરનરકૃત એમ જાણીએ એ, ઉત્તમ એકવીશ નામ. પૂજો૦ ૫

એ ગિરિવરના ગુણ ઘણાં એ, નાણીએ નવિ કહેવાય; પૂજો૦
જાણે પણ કહી નવિ શકે એ, મૂક ગુડને ન્યાય. પૂજો૦ ૬

ગિરિવર ફરસન નવિ કર્યો એ, તે રહ્યો ગરભાવાસ; પૂજો૦
નમન દર્શન ફરશન કર્યો એ, પૂરે મનની આશ. પૂજો૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજ મહોદય મેં લહ્યો એ, પામ્યો પ્રમોદ રસાળ; પૂજો૦
મણિ ઉદ્યોતગિરિ સેવતાં એ, ઘેરઘેર મંગળ માળ. પૂજો૦ ૮

(૨૯)

વંદના વંદના વંદના રે, ગિરિરાજકું સદા મોરી વંદના,
વંદના તે પાપ નિકંદના રે, આદિનાથકું સદા મોરી વંદના;
જિનકો દરિસણ દુર્લભ દેખી, કીધી તે કર્મ નિકંદના રે. ગિ૦ ૧
વિષય કષાય તાપ ઉપશમીયે; જિમ મલે બાવન ચંદના રે. ગિ૦ ૨
ધન ધન તે દિન કબહી હોશે; થાશે તુમ મુખ દર્શના રે. ગિ૦ ૩
તિહાં વિશાલ ભાવ પણ હોશે; જિહાં પ્રભુ પદકજ ફર્શના રે. ગિ૦ ૪
ચિત્તામાંહેથી કબહુ ન વિસારું; પ્રભુ ગુણગણની ધ્યાવના રે. ગિ૦ ૫
વળી વળી દરિસણ વહેલું લહીયે; એહવી રહે નિત્ય ભાવના રે. ગિ૦ ૬
ભવો ભવ એહીજ ચિત્તમાં ચાહુ; મેરી ઔર નહિ વિચારણા રે. ગિ૦ ૭
ચિત્રગયંદના મહાવતની પેરે; ફેર ન હોય ઉતારના રે. ગિ૦ ૮
જ્ઞાનવિમલ પ્રભુ પૂર્ણકૃપાથી; સુકૃત સુબોધ સુવાસના રે ગિ૦ ૯

(૩૦)

બાપલડા રે પાતિકડા તમે, શું કરશો હવે રહીને રે;
શ્રીસિદ્ધાચલ નયણે નિરખ્યો, દૂર જાઓ તમે વહીને રે. બાપ૦ ૧

કાલ અનાદિ લગે તુમ સાથે, પ્રીત કરી નિરવહીને રે;
આજ થકી પ્રભુ ચરણે રહેવું, એમ શીખવીયું મનને રે. બાપ૦ ૨

દુષમ કાળે ઇણે ભરતે, મુક્તિ નહીં સંઘયણને રે;
પણ તુમ ભક્તિ મુક્તિને ખેંચે, ચમક પાષાણ જેમ લોહને રે. બાપ૦ ૩

શુદ્ધ સુવાસન ચુરણ આપ્યું, મિથ્યાપંક શોધનને રે;
આતમ ભાવ થયો મુજ નિર્મળ, આણંદમય તુજ ભજને રે. બાપ૦ ૪

અક્ષય નિધાન તુજ સમકિત પામી, કુણ વંછે ચલ ધનને રે;?
શાંત સુધારસ નયણ કચોળે, સીંચો સેવક તનને રે. બાપ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાહ્ય અભ્યંતર શત્રુ કેરો, ભય ન હોવે મુજને રે;
સેવક સુખીયો સુજસ વિલાસી, એ મહિમા પ્રભુ તુજને રે. બાપ૦ ૬

નામ મંત્ર તુમારો સાધ્યો, તે થયો જગ મોહનને રે;
તુજ મુખ મુદ્રા નિરખીને હરખું, જેમ ચાતક જલધરને રે. બાપ૦ ૭

તુજ વીણ અવરને દેવ કરીને નવી ચાહું ફરી ફરીને રે;
જ્ઞાનવિમલ કહે ભવજલ તારો, સેવક બાહ્ય ગ્રહીને રે. બાપ૦ ૮

(૩૧)

સૌ ચાલો સિદ્ધિગિરિ જઇએ, ગિરિ ભેટી પાવન થઈએ,
સોરઠદેશે જાત્રાનું મોટું ધામ છે,
જ્યા ધર્મશાળાઓ બહુ સોહે, મહેલાતો મનડાં મોહે,
એવું સુંદર પાલીતણા ગામ છે. સૌ૦ ૧

જ્યાં તળેટી પહેલી આવે, ગિરિ દર્શન વિરલા પાવે;
પ્રભુજીના પગલા પુનિત ને અભિરામ છે. સૌ૦ ૨

જ્યાં ગિરિવર ચડતાં સમીપે, દેવાલય દિવ્યજ દીપે;
બંગાળી બાબુનું અવિચળ એ તો ધામ છે. સૌ૦ ૩

જ્યા કુંડ વિસામા આવે, શાક્યાનો થાક ભુલાવે;
પરબો રૂડી પાણીની ઠામો ઠામ છે. સૌ૦ ૪

જ્યાં હડો આકરો આવે, કેડે દઇ હાથ ચડાવે;
એવી દેવી હિંગલાદ એનું નામ છે. સૌ૦ ૫

જ્યાં ગિરિવર ચડતાં ભાવે, રામ પોળ છેલ્લે આવે;
ડોળીવાળાનું વિસામાનું ઠામ છે. સૌ૦ ૬

જ્યાં શત્રુંજી નદી વહે છે, સૂરજકુંડ શોભા દે છે;
ન્હાયો નહીં જે એનું જીવન બે બદામ છે. સૌ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યાં સોહે શાંતિ દાદા, સોલમા જિન ત્રિભુવન ભ્રાતા;
પોળે જાતાં સૌ પહેલાં પ્રણામ છે. સૌ૦ ૮

જ્યા ચક્કેશ્વરી છે માતા, વાઘેસ્વરી દે સુખશાતા;
કવડજક્ષાદિ દેવતાઓ તમામ છે. સૌ૦ ૯

જ્યાં આદીશ્વર બિરાજે, જે ભવની ભાવઠ ભાંગે;
પ્રભુજી પ્યારા નિરાગી ને નિષ્કામ છે. સૌ૦ ૧૦

જ્યાં સોહે પુંડરિક સ્વામી, ગિરૂઆ ગણધર ગુણગામી;
અંતરજામી આતમના આરામ છે. સૌ૦ ૧૧

જ્યાં રાયણ છાંય નિલુડી, પ્રભુ પગલાં પરે પરે રૂડી;
શીતળકારી એ વૃક્ષનો વિસામ છે. સૌ૦ ૧૨

જ્યાં નિરખીને નવ ટુંકો, જબ થાયે પાતિકનો ભૂક્કો;
દિવ્ય દેહરાનાં અલૌકિક કામ છે. સૌ૦ ૧૩

જ્યાં ગૂહિલીંગ અનંતા, સિદ્ધિ પદ પામ્યા સંતા;
પંચમ કાલે એ મુક્તિનું મુકામ છે. સૌ૦ ૧૪

જ્યાં કમલસૂરિ ગુણ ગાવે, તે લાભ અનંતો પાવે;
જાત્રા કરવા હેડાને મોટી હામ છે. સૌ૦ ૧૫

(૩૨)

પ્રભુજી જાવું પાલીતાણા શહેર કે, મન હરખે ઘણું રે લોલ;
પ્રભુજી સંઘ ઘણેરાં આવે કે, એ ગિરિ ભેટવા રે લોલ,
પ્રભુજી આવ્યું પાલીતાણા શહેર કે, તલાટી શોભતી રે લોલ. ૧

પ્રભુજી ગિરિવર ચઢતાં કે, મન હરખે ઘણું રે લોલ;
પ્રભુજી આવ્યો હીંગલાજનો હડો કે, કેડે હાથ દઈ ચડો રે લોલ. ૨

પ્રભુજી આવી રામ જ પોલ કે સામી મોતીવસહી રે લોલ;
મોતીવસહી દીઠે ઝાકઝમાલ કે, જોવાની જુગતી ભલી રે લોલ. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુજી આવી વાઘણ પોળ કે, ડાબા ચક્રેશ્વરી રે લોલ;
ચક્રેશ્વરી જિનશાસન રખવાળ કે, સંઘની સહાય કરે રે લોલ. ૪

પ્રભુજી આવી હાથણ પોળ કે, સામા જગધણી રે લોલ;
પ્રભુજી આવ્યા મૂલ ગભારે કે, આદીશ્વર ભેટીયા રે લોલ ૫

આદીશ્વર ભેટે ભવદુઃખ જાય કે, શિવસુખ પામીયે રે લોલ;
પ્રભુજીનું મુખડું પૂનમ કેરો ચંદકે, મોહ્યો સુરપતિ રે લોલ. ૬

પ્રભુજી તુમ થકી નહીં રહું દૂર કે, ગિરિપંથે વસ્યા રે લોલ;
એવી **વીરવિજયની** વાણી કે શિવસુખ આપજો રે લોલ. ૭

(33)

(રાગ- સુણો ચંદાજી)

હો સાહેબજી નેક નજર કરી નાથ સેવકને તારો.
હો સાહેબજી મહેર કરી પૂજાનું ફલ મુજ આપો..

પ્રભુ તુજ મૂરતિ મોહન વેલી,પૂજે સુર અપછરાબેલી, વર ઘનસાર કેશર શુભેલી ૧

સિદ્ધાચલ તીરથ ભવિ સેવો,ચૌદક્ષેત્રમાં તીરથ નહિ એવો, એમ બોલે દેવાધિદેવો ૨

ગિરનારે જઇએ નેમ પાસે, ઇહાં ભવિજીન સિદ્ધ થાશે, જસધ્યાને પાતિકડા નાસે. ૩

આબુગટે આદિ જિનરાયા, નેમનાથ શિવાદેવીના જાયા, જસ ચોસઠ ઇંદ્રે ગુણગાયા ૪

વળી સમેતશિખરે જગના ઇશ, ગયા મોક્ષે જિનવર વીશ, ધ્યેય ધ્યાવો ભવિજન નિશદિશ ૫

અષ્ટાપદે સકલ કરમ ટાળી,પ્રભુ વરિયા શિવવધૂ લટકાળી,આદીશ્વર પૂજતાં દીવાળી ૬

એ આદે તીરથ પ્રણમો રંગે,વળી પૂજે પ્રભુને નવ અંગે, કહે **ધર્મચંદ્ર** અતિ ઉમંગે ૭

શ્રી આદિનાથ જિન સ્તવનો-૨૩

(૧)

તુમ દરિસણ ભલે પાયો, પ્રથમ જિન ! તુમ૦
નાભિ નરેસર નંદન નિરૂપમ, માતા મરુદેવી જાયો. પ્ર૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજ અમીરસ જલધર વૂઠો, માનું ગંગાજલે ન્હાયો;
સુરતરૂ સુરમણિ પ્રમુખ અનુપમ, તે સવિ આજ મેં પાયો. પ્ર૦ ૨

યુગલા ધર્મ નિવારણ તારણ, જગ જસ મંડપ છાયો;
પ્રભુ તુજ શાસન વાસન સમકિત, અંતર વૈરી હરાયો. પ્ર૦ ૩

કુગુરુ કુદેવ કુધર્મની વાસે, મિથ્યા મતમેં ફસાયો;
મેં પ્રભુ આજસેં નિશ્ચય કીનો, સવિ મિથ્યાત્વ ગમાયો. પ્ર૦ ૪

બેર બેર કરૂં વિનતી ઇતની, તુમ સેવા રસ પાયો;
જ્ઞાનવિમલ પ્રભુ સાહિબ નજરે, સમકિત પૂરણ સવાયો. પ્ર૦ ૫

(૨)

બાલુડો નિઃસ્નેહી થઈ ગયો રે, છોડ્યું વિનિતાનું રાજ,
સંયમ રમણી આરાધવા, લેવા મુક્તિનું રાજ,
મેરે દિલ વસી ગયો વાલમો. ૧

માતાને મેલ્યા એકલા રે, જાયે દિન નવિ રાત,
રત્ન સિંહાસન બેસવા, ચાલે અડવાણે પાય. મેરે દિલ. ૨

વ્હાલાનું નામ નવિ વિસરે રે, ઝરે આંસુડાની ધાર,
આંખલડી છાયા વળી રે, ગયા વર્ષ હજાર. મેરે દિલ. ૩

કેવળ રત્ન આપી કરી રે, પૂરી માતાની આશ,
સમોવસરણ લીલા જોઇને, સાધ્યા આતમ કાજ. મેરે દિલ. ૪

ભક્ત વત્સલ ભગવંતને રે, નમે નિર્મલ કાય,
આદિ જિણંદ આરાધતાં, મહિમા શિવસુખ થાય. મેરે દિલ. ૫

(૩)

ઋષભદેવ હિતકારી, જગતગુરુ ઋષભદેવ હિતકારી;
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, પ્રથમ યતિ વ્રતધારી જ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વરસીદાન દેઇ તુમ જગમેં, ઇલતિ ઇતિ નિવારી;
તેસી કાહી કરત નાહી કરૂણા, સાહિબ બેર હમારી. જ૦ ૨

માગત નહીં હમ હાથી ઘોડે, ધન કન કંચન નારી;
દીઓ મોહે ચરણકમલકી સેવા, ચાહિ લાગત મોહે પ્યારી. જ૦ ૩

ભવ લીલા વાસિત સુર ડારે, તુમ પર સબહી ઉવારી;
મેં મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા શિરધારી. જ૦ ૪

એસો સાહિબ નહિ કોઈ જગમેં યાશું હોય દિલદારી;
દિલ હી દલાલ પ્રેમ કે બીચે, તિહાં હઠ ખેંચે ગમારી. જ૦ ૫

તુમહી સાહિબ મેં હું બંદા, યા મત દીઓ વિસારી;
શ્રી **નયવિજય વિબુધ** સેવકકે, તુમ હો પરમ ઉપકારી. જ૦ ૬

(૪)

ઋષભ જિણંદા ઋષભ જિણંદા, તુમ દરિસણ હુએ પરમાનંદા,
અહનિશ ધ્યાઉ તુમ દેદારા, મહેર કરીને કરજો પ્યારા. ૧

આપણને પૂંઠે જે વળગા, કિમ સરે તેહને કરતાં અળગા,
અળગા કીધા પણ રહે વળગ્યા, મોર પીંછ પરે ન હુએ ઊભગા. ૨

તુમ પણ અળગે થયે કિમ સરશે, ભગતિ ભલી આકર્ષી લેશે,
ગગને ઉડે દૂરે પડાઇ, દોરી બળે હાથે રહે આઇ. ૩

મુજ મનડું છે ચપળ સ્વભાવે, તોહે અંતર્મુહૂર્ત પ્રસ્તાવે,
તું તો સમય સમય બદલાયે, ઇમ કિમ પ્રીતિ નિહાવો થાયે. ૪

તે માટે તું સાહિબ મારો, હું છું સેવક ભવોભવ તારો,
એહ સંબંધમાં મ હશો ખામી, **વાચક માન** કહે શિરનામી. ૫

(૫)

સિદ્ધાચલના વાસી, વિમલાચલના વાસી જિનજી પ્યારા,
આદિનાથને વંદન હમારા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુજીનું મુખડું મલકે, નયનોમાંથી વરસે, અમીરસ ધારા,
આદિનાથને વંદન હમારા. ૧

પ્રભુજીનું મુખડું છે મનડું મીલાકર, દિલમે ભક્તિની જ્યોત જગાકર,
ભજી લે પ્રભુને ભાવે, દુર્ગતિ કદી ન આવે. જિન૦ ૨

ભમીને લાખ ચોર્યાસી હું આવ્યો, પુણ્યે દરિશન તુમારૂં પાયો,
ધન્ય દિવસ મારો, ભવના ફેરા ટાળો. જિન૦ ૩

પ્રભુ અમે માયાના વિલાસી, તુમે તો મુક્તિપુરીના વાસી,
કર્મબંધન કાપો, મોક્ષસુખ આપો. જિન૦ ૪

અરજી ઉરમાં ધરજો અમારી, અમને આશા છે પ્રભુજી તુમારી,
કહે હર્ષ હવે, સાચા સ્વામી તમે, પૂજન કરીએ અમે. જિન૦૫

(૬)

જગજીવન જગ વાલહો, મરૂદેવીનો નંદ લાલ રે;
મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિહિ આનંદ લાલ રે. જગ૦ ૧

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલ રે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલ રે. જગ૦ ૨

લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે. જગ૦ ૩

ઇન્દ્ર ચંદ્ર રવિ ગિરિતણા, ગુણ લઇ ઘડિયું અંગ લાલ રે;
ભાગ્ય કિહાં થકી આવિયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે. જગ૦ ૪

ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;
વાચક જશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે. જગ૦ ૫

(૭)

શેત્રુંજા ગઢના વાસી રે મુજરો માનજો રે, સેવકની સુણી વાતો રે દિલમાં ધારજો રે;
પ્રભુ મેં દીઠો તુમારો દેદાર, આજ મને ઉપન્યો હરખ અપાર;
સાહિબાની સેવા રે ભવદુઃખ ભાંગશે રે. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક અરજ અમારી રે દિલમાં ધારજો રે, ચોરાશી લાખ ફેરા રે દૂર નિવારજો રે;
પ્રભુ મને દુરગતિ પડતો રાખ, તારૂં દરિસણ વહેલું દાખ. સા૦ ૨

દોલત સવાઈ રે સોરઠ દેશની રે, બલિહારી હું જાઉં રે પ્રભુ તારા વેશની રે;
પ્રભુ તારૂં રૂડું દીહું રૂપ, મોહી રહાં સુર નર વૃંદને ભૂપ. સા૦ ૩

તીરથ ન કોઈ રે શેત્રુંજા સારખું રે, પ્રવચન પેખીને કીધું મેં તો પારખું રે;
ઋષભને જોઈ જોઈ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ. સા૦ ૪

ભવોભવ માંગુ રે પ્રભુ તારી સેવના રે, ભાવઠ ન ભાંગે રે જગમાં જે વિના રે;
પ્રભુ મારા પુરો મનના કોડ, ઇમ કહે **ઉદયરતન** કરજોડ. સા૦ ૫

૯

(રાગ-સિદ્ધચક્રવર સેવા કીજે)

ઋષભ જિનેસર વંછિત પૂરણ, જાણું વિશવાવીશ,
ઉપગારી અવનીતલે મોટા, જેહની ચડતી જગીશ,
જગગુરુ પ્યારો રે.
પુન્યથકી મેં દીઠો મોહનગારો રે, સરસ સુધાથી મીઠો. જગ૦ ૧

નાભિનંદન નજરે નિરખ્યો પરખ્યો પૂરણ ભાગ્યે,
નિરવિકારી મુદ્રા જેહની, દીઠે અનુભવ જાગે. જગ૦ ૨

આતમ સુખ ગ્રહવાનું કારણ, દર્શન જ્ઞાન ચારિત્ર,
તેને ભય વલી મિથ્યા અજ્ઞાન, અવિરતિ જેહ વિચિત્ર જગ૦ ૩

સકલ જીવ છે સુખના કામી, તે સુખ અક્ષય મોક્ષ,
કર્મજનિત સુખ તે દુઃખરૂપ, સુખ તે આતમ ઝાંખ. જગ૦ ૪

નિરૂપાધિક અક્ષયપદ કેવલ અવ્યાબાધ તે થાવે,
પૂરણાનંદ દશાને પામે, રૂપાતીત સ્વભાવે. જગ૦ ૫

અંતરજામી સ્વામી મારો, ધ્યાનરૂચિમાં લાવે,
જિન ઉત્તમ પદને અવલંબી, **રતનવિજય** ગુણ ગાવે. જગ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૦)

(રાગ-અંતરજામી સુણ અલવેસર)

હું તો પાયો પ્રભુના પાય રે, આણ ન લોપું રે,
હું તો સાંભળી તારા વેણ કે કાનમાં રોપું રે,
જન્મમરણના ફેરા ફરતાં, મેં તો ધ્યાયા ન દેવાધિદેવા,
કુગુરૂ કુશાસ્ત્ર તણા ઉપદેશે, લાધી નહીં પ્રભુસેવા. ૧

કનક-કથીરનો ભેદ ન જાણ્યો, મેં તો કાચ મણિ સમ તોલ્યા,
વિવેકતણી મેં વાત ન જાણી, વિષ અમૃત કરી ઘોલ્યા. ૨

સમકિતનો લવલેશ ન સમજ્યો, હું તો મિથ્યામતમાં ખૂંચ્યો,
પાપ તણે પંથે પરિવરિયો, વિષયે કરી વિગુત્તો. ૩

કોઈક પૂરવ પુન્ય સંયોગે, આરજ કુળે અવતરીયો,
આદીશ્વર સાહિબ મુજ મલીયો, તારક ભવજલ તરીયો. ૪

આટલા દિન મેં વાત ન જાણી, તુજથી રહીયો અલગો,
ઉદયરત્ન કહે આજ થકી હું તો, તારે પાયે વળગ્યો. ૫

(૧૧)

નીલુડીરાયણ શીતલ છાયા, ઋષભ જિણંદ સમોસર્યા રે,
ભરત ચકવર્તી વંદન આવ્યા સંશય તાતને પૂછીયા રે. ૧

કહો તાતજી શા પુણ્યે તીર્થંકર થયા, શા પુણ્યે અમે ચક્રવર્તી રે,
શા પુણ્યે બાહુબલી રાણા થયા, શા પુન્યે માતાજી મરૂદેવા રે. ૨

શા પુણ્યે બ્રાહ્મી સુંદરી થયા, શા પુણ્યે સુંદરી શિવવર્યા રે,
ઋષભ કહે સુણો ભરતજી રાય, પૂર્વભવની કહું વાતડી રે. ૩

દાન સુપાત્ર અમે વહોરાવીયા, તે પુણ્યે અમે તીર્થંકર રે,
પાંચસો મુનિને ભાત પાણી વહોરાવ્યાં, તે પુણ્યે તમે ચક્રવર્તી રે. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંચસો મુનિની વૈયાવચ્ચ કીધી, તે પુન્યે બાહુબળી રાણોજી થયારે,
કેળ કંથેરામાં કર્મ ખપાવ્યા, તે પુન્યે મરૂદેવી માતા રે. ૫

રાજ રિદ્ધિ છોડીને સંયમ લીધો, તે પુણ્યે બ્રાહ્મી સુંદરી રે,
તપ જપ કરી કર્મખપાવ્યા, તે પુણ્યે સુંદરી શિવ ગયા રે. ૬

ધર્મ તણા ફળ એહવા જાણો, જ્ઞાનવિમલસૂરિ એમ ભાખે રે,
જે નર ગાશે જે નર ભણશે, તેહના સમકિત નિર્મળ થાશે રે. ૭

(૧૨)

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. ઋષભ૦ ૧

પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન હોય;
પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ઘન ખોય. ઋષભ ૦૨

કોઈ કંત કારણ કાષ્ઠભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય;
એ મેળો નવિ કહીએ સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ઋષભ૦ 3

કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ. ઋષભ૦ ૪

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષ રહિતને રે લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. ઋષભ૦ ૫

ચિત્તપ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ. ઋષભ૦ ૬

(૧૩)

સમકિત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડલ ગયાં દૂર રે,
મોહન મરૂદેવીનો લાડલોજી, દીઠો મીઠો આનંદપુર રે,
સમકિત દ્વાર ગભારે પેસતાંજી સમ૦ ૧

આયુ વરજિત સાતે કરમનીજી, સાગરકોડાકોડી હીણ રે,
સ્થિતિ પટમ કરણે કરીજી, વીર્ય અપૂરવ મોગર લીધ રે. સમ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભુંગળ ભાંગી આધ કષાયનીજી, મિથ્યાત્વ મોહની સાંકળ સાથ રે,
દ્વાર ઉઘડયા શમ સંવેગનાજી, અનુભવ ભવને બેઠો નાથ રે. સમ૦ ૩

તોરણ બાંધ્યું જીવદયા તણુંજી, સાથીઓ પૂર્યો શ્રદ્ધારૂપ રે,
ધૂપ ઘટી પ્રભુ ગુણ અનુમોદનાજી, ધીગુણ મંગળ આઠ અનુપ રે. સમ૦ ૪

સંવર પાણી અંગ પખાલણેજી, કેસર ચંદન ઉત્તમ ધ્યાન રે,
આતમગુણ રૂચિ મૃગમદ મહમહેજી, પંચાચાર કુસુન પ્રધાન રે સમ૦ ૫

ભાવ પૂજાએ પાવન આતમાજી, પૂજો પરમેશ્વર પુન્ય પવિત્ર રે,
કારણ જોગે કારણ નિપજેજી, ખિમાવિજય જિન આગમ રીત રે. સમ૦ ૬

(૧૪)

માતા મરૂદેવીના નંદ ! દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણું જી;
મારૂં દિલ લોભાણું જી, મારૂં ચિત્ત ચોરાણુંજી. ૧

કરુણાનાગર કરુણાસાગર, કાયા કંચન વાન;
ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચસે માન. માતા૦ ૨

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;
જોજનગામિની વાણી મીઠી, વરસંતી જલધાર. માતા૦ ૩

ઉર્વશી રૂડી અપરછરાને, રામા છે મન રંગ;
પાયે નેઉર રણઝણે કાંઈ, કરતી નાટારંભ. માતા૦ ૪

તું હિ બ્રહ્મા, તું હિ વિધાતા, તું જગતારણહાર;
તુજ સરિખો નહિ દેવ જગતમાં, અરવડીઆ આધાર. માતા૦ ૫

તુંહિ ભ્રાતા, તુંહિ ગ્રાતા, તુંહિ જગતનો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ. માતા૦ ૬

શ્રી સિદ્ધાચલ તીરથ કેરો, રાજા ઋષભ જિણંદ;
કીર્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો ભવભયફંદ. માતા૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૫)

બાળપણે આપણ સસનેહી, રમતા નવનવ વેશે;
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર નિવેશે,
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો. ૧
જો તુમ ધ્યાતાં શિવસુખ લહિએ, તો તુમને કોઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુગતિ જાવે. હો પ્રભુજી૦ ૨
સિદ્ધિનિવાસ લહે ભવસિદ્ધિ, તેહમાં શો પાડ તુમારો;
તો ઉપગાર તુમારો વહિએ, અભવ્યસિદ્ધને તારો. હો પ્રભુજી૦ ૩
નાણ રયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી;
તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી. હો પ્રભુજી૦ ૪
અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શું જાય. હો પ્રભુજી૦ ૫
સેવાગુણ રંજ્યો ભવિજનને, જો તુમે કરો વડભાગી;
તો તુમે સ્વામી કેમ કહાવો, નિરમમ ને નિરાગી. હો પ્રભુજી૦ ૬
નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરુ જગ હિતકારી;
રૂપવિબુધનો મોહન પભણે, વૃષભલંછન બલિહારી. હો પ્રભુજી૦ ૭

(૧૬)

જુરે આજ સફળ દિન માહરો, દીઠો પ્રભુનો દેદાર;
લય લાગો જિનજી તણી, પ્રગટ્યો પ્રેમ અપાર. ૧
ઘડીએ ન વિસરો હો સાહિબા, સાહિબા ઘણો રે સનેહ;
અંતરજામી છો માહરા, મરૂદેવીના નંદ સુનંદાના કંત. ઘડીએ૦ ૨
સાહિબા લઘુ થઇ મન માહરૂં, તિહાં રહ્યું તુમારી સેવાને કાજ;
તે દિન ક્યારે આવશે, હોશે સુખનો આવાસ. ઘડીએ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીરે પ્રાણેશ્વર પ્રભુજી તમે, આતમના રે આધાર;
મ્હારે પ્રભુજી તુમે એક છો, જાણજો નિરધાર. ઘડીએ૦ ૪

સાહિબા એકઘડી પ્રભુજી તુમ વિના, જાએ વરસ સમાન;
પ્રેમ વિરહ હવે કેમ ખમું ? જાણો વચન પ્રમાણ. ઘડીએ૦ ૫

સાહિબા અંતરગતની વાતડી, કહો કેને કહેવાય ?
વ્હાલેસર વીસવાસીયા, કહેતા દુઃખ જાય, સુણતાં સુખથાય. ઘડીએ૦ ૬

સાહિબા દેવ અનેક જગમાં વસે, તેહની ઋદ્ધિ અનેક;
તુમ વિના અવરને નહિ નમું, એહવી મુજ મન ટેક. ઘડીએ૦ ૭

જીરે પંડિત વિવેકવિજય તણો, પ્રણમે શુભ પાય;
હરખવિજય શ્રી ઋષભના જુગતે ગુણ ગાય. ઘડીએ૦ ૮

(૧૭)

દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો, દાદા દરિશન દો;
કોઈ આવે હાથી ઘોડે, કોઈ આવે ચઢે પલાણે;
કોઈ આવે પગપાળે, દાદાને દરબાર;
હાં હાં દાદાને દરબાર, દાદા આદીશ્વરજી. ૧
શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચડે પલાણે;
હું આવું પગ પાળે, દાદાને દરબાર. હાં હાં૦ ૨

કોઈ મુકે સોના રૂપા, કોઈ મૂકે મહોર;
કોઈ મૂકે ચપટી ચોખા, દાદાને દરબાર. હાં હાં૦ ૩

શેઠ મૂકે સોનારૂપા, રાજા મૂકે મહોર;
હું મૂકું ચપટી ચોખા, દાદાને દરબાર. હાં હાં૦ ૪

કોઈ માગે કંચનકાયા, કોઈ માગે આંખ;
કોઈ માગે ચરણની સેવા, દાદાને દરબાર. હાં હાં૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંગળો માગે કંચનકાયા, આંધળો માગે આંખ;
હું માગું ચરણની સેવા, દાદાને દરબાર. હાં હાં૦ ૬

હીરવિજય ગુરુ હીરલો ને **વીરવિજય** ગુણ ગાય;
શત્રુંજયના દર્શન કરતાં, આનંદ અપાર. હાં હાં૦ ૭

(૧૮)

હાંરે આજ મળીયો મુજને, ત્રણ ભુવનનો નાથજો,
ઉગ્યો સુખ સુરતરુ મુજ ઘટ, ઘર આંગણે રે લોલ;
હાંરે આજ અષ્ટ મહાસિદ્ધિ, આવી મારેહાથજો,
નાઠા માઠા દા'ડા દરિશન, પ્રભુ તણે રે લોલ. ૧

હાંરે મારે હૈડે ઉલટી, ઉલ્લટરસની રાશિ જો,
નેહ સલુણી નજર નિહાળી, તાહરી રે લોલ;
હાંરે હું તો જાણ નિશદિન બેસી રહું તુજ પાસજો,
તાહરે નેહે ભેદી મીંજી, માહરી રે લોલ. ૨

હાંરે મારી પુગી પુરણ રીતે મનની હોંશ જો,
દુર્જનીયા તે દુઃખ ભર્યા આવટશે પડ્યા રે લોલ;
હાંરે પ્રભુ તું તો સુરતરુ બીજા જાણ્યા તૂસ જો,
તુજ ગુણ હીરો મુજ હૈડા ઘાટે જડ્યો રે લોલ. ૩

હાંરે પ્રભુ મારે તુજ શું ચોળ મજીઠનો રંગ જો,
લાગ્યો એહવો તે છે, કોણ ટાળી શકે રે લોલ;
હાંરે પ્રભુ પલટે તે તો કાચો રંગ પતંગ જો,
લાગ ન લાગે દુરિજનનો કો મુજ થકે રે લોલ. ૪

હાંરે પ્રભુ તાહરી મુદ્રા સાચી મોહનવેલજો,
મોહ્યાં તિન ભુવન જન દાસ થઈ રહ્યો રે લોલ;
હાંરે પ્રભુ જે નવિ રંજ્યા તે સુરતરુંને ઠેલી જો,
દુઃખ વિષ વેલી આદર કરવા ઉમાહ્યો રે લોલ. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાંરે પ્રભુ તાહરી ભક્તિ ભીન્યું મારું ચિત્તજો,
તલ જિમ તેલે તેલે જેમ સુવાસના રે લોલ;
હાંરે પ્રભુ તાહરી જગમે દીઠી મોટી રીત જો,
સફળ ફળ્યા અરદાસ વચન મુજ દાસના રે લોલ. ૬

હાંરે મારે પ્રથમ પ્રભુજી પુરણ ગુણનો ઇશજો,
ગાતાં ઋષભ જિનેશ્વર હોંશે મનતણી રે લોલ;
હાંરે પ્રભુ વિમલવિજય વર વાચકનો શુભ શિષ્ય જો,
રામ પામી દોલત દિનદિન અતિ ઘણી રે લોલ. ૭

(૧૯)

સિદ્ધગિરિ મંડણ પાય નમીજે, રિસહેસર જિનરાય,
નાભિભૂપ મરૂદેવા નંદન, જગતજંતુ સુખકાર હો સ્વામી;
તુમ દરિસણ સુખકાર....
તુમ દરિસણથી સમકિત પ્રગટે, નિજગુણ ઋદ્ધી ઉદાર. હો સ્વામી૦ ૧
ભારે કર્મી પણ તે તાર્યા, ભવજલધિથી ઉગાર્યા;
મુજ સરિખા કીમ નવિ સંભાર્યા, ચિત્તથી કેમ ઉતાર્યા હો સ્વામી ૦ ૨
પાપી અધમ પણ તુમ સુપસાયે, પામ્યા ગુણ સમુદાય;
અમે પણ તરશું શરણ સ્વીકારી, મહેર કરો મહારાય. હો સ્વામી ૦ ૩
તરણ તારણ જગમાંહી કહાવો, હું છું સેવક તારો;
અવર આગળ જઇને કેમ યાચું, મહિમાં અધિક તુમારો. હો સ્વામી૦ ૪
મુજ અવગુણ સામુ મત જુઓ, બિરૂદ તુમારું સંભાળો;
પતિત પાવન તુમે નામ ધરાવો, મોહ વિડંબણા ટાળો. હો સ્વામી૦ ૫
પૂર્વ નવાણું વાર પધારી, પવિત્ર કર્યું શુભ ધામ;
સાધુ અનંતા કર્મ ખપાવી, પહોંચ્યા અવિચલ ઠામ. હો સ્વામી૦ ૬
શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક યશ કહે સાચું;
વિમળાચલ ભૂષણ સ્તવનાથી, આનંદ રસભર માચું હો સ્વામી૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૦)

ગિરિવરિયાની ટોચે રે જગ ગુરુ જઇ વસ્યા રે, લલચાવો લાખો ને લેખે ન કોઈ રે ;
આવી તળાટીને તળિયે ટળવળું એકલો, સેવક પર જરા મહેર કરીને દેખો રે. ગિરિ૦ ૧

હામ દામને ધામ નથી હું માંગતો, માંગું માગણ થઇને ચરણ હજુરજો;
કાયા નિર્મળ છે તે પ્રભુજી જાણજો, આપ પધારો દીલડે દીલડાં પૂરજો. ગિરિ૦ ૨

જન્મ લીધો તે દુઃખીયાનાં દુઃખ ટાળવા, તે ટાળીને સુખીયાં કીધાં નાથજો;
તુમ બાલકની પેરે રે હું પણ બાલુડો, નમી વિનમી જયું ઘરજો મારો હાથ જો. ગિરિ૦ ૩

જેમ તેમ કરીને આ અવસર આવી મળ્યો, સ્વામી સેવક સામા સામી થાય જો;
વખત જવાનો ભય છે મુજને આકરો, દર્શન દો તો લાખીણો કહેવાય જો. ગિરિ૦ ૪

પાંચમે આરે પ્રભુજી મળવા દોહીલાં, તો પણ મળીયાં ભાગ્ય તણો નહિ પારજો;
ઉવેખો નહિ થોડા માટે સાહિબા, એક અરજને માની લેજો હજાર જો. ગિરિ૦ ૫

સુરતરૂ નામ ધરાવે પણ તે શું કરૂં, ? સાચો સુરતરૂ તું છે દીન દયાળ જો;
મન ગમતું દઈ દાનને ભવ ભય વારજો, સાચા થાશો ષટ્કાય પ્રતિ પાળજો. ગિરિ૦ ૬

કરગરું તો પણ કરૂણા જો નહીં લાવશો, લાંછન લાગે સંઘપતિ નામ ધરાવી જો;
કેડે વળગ્યા તે સવિને સરખા કર્યા, ધીરજ આપો અમને ભક્ત ઠરાવી જો. ગિરિ૦ ૭

નાભિ નરેશ્વર નંદન આશા પૂરજો; રે'જો હૃદયમાં સદા કરીને વાસજો;
કાંતિવિજયનો આતમ પણ અભિરામ છે, સદા સોહાગણ મુક્તિ થાય વિલાસ જો ગિરિ૦ ૮

(૨૧)

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો, ગુણનીલો જેણે તુજ નયણ દીઠો;
દુઃખ ટળ્યાં, સુખ મળ્યાં, સ્વામિ તુજ નિરખતાં, સુકૃત સંચય હુઓ, પાપ નીઠો. ૧

કલ્પ શાખી ફળ્યો, કામ ઘટ મુજ મળ્યો, આંગણે અમિયનો મેહ વુઠ્યો,
મુજ મહીરાણ મહીભાણ તુજ દર્શને, ક્ષાય થયો કુમતિ અંધાર જુઠો. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કવણ નર કનકમણિ છંડી તૃણ સંગ્રહે ? કવણ કુંજર તજી કરહ લેવે ?
કવણ બેસે તજી કલ્પતરુ બાઉલે ? તુજ તજી અવર સુર કોણ સેવે. ૩

એક મુજ ટેક સુવિવેક સાહિબ સદા, તુજ વિના દેવ દુજો ન દહું;
તુજ વચનરાગ સુખસાગરે ઝીલતો, કર્મભર ભ્રમર થકી હું ન બીહું. ૪

કોડી છે દાસ વિભુ ! તાહરે ભલભલા, માહરે દેવ તું એક પ્યારો;
પતિતપાવન સમો જગત ઉદ્ધારકર, મહેર કરી મોહે ભવજલધિ તારો. ૫

મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી, જેહશું સબલ પ્રતિબંધ લાગો;
ચમકપાષણ જિમ લોહને ખેંચશે, મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો. ૬

ધન્ય તે કાય જેણે પાય તુજ પ્રણમીયા, તુજ થુણે જેહ ધન્ય ધન્ય જિહા;
ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતાં, ધન્ય તે રાત તે ધન્ય દીહા. ૭

ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા, એક ગુણ દેત મુજ શું વિમાસો ?
રયણ એક દેત શી હાણ રયણાયરે, લોકની આપદા જેણે નાસો. ૮

ગંગ સમ રંગ તુજ કીર્તિ કલ્લોલિની, રવિ થકી અધિક તપ તેજ તાજે;
નયવિજય વિબુધ સેવક હું આપનો, જસ કહે અબ મોહે ભવ નિવાજે. ૯

(૨૨)

સુણ જિનવર શેત્રુંજા ધણીજી, દાસ તણી અરદાસ,
તુજ આગળ બાળક પરેજી, હુંતો કરું વેખાસરે.
જિનજી મુજ પાપીને તાર;
તું તો કરૂણારસ ભર્યોજી, તું સહુનો હિતકાર રે. જિનજી. ૧

હું અવગુણનો ઓરડોજી, ગુણ તો નહીં લવલેશ;
પરગુણ પેખી નવિ શકુંજી, કેમ સંસાર તરેશ રે ? જિનજી. ૨

જીવ તણાં વધ મેં કર્યાજી, બોલ્યા મૃષાવાદ;
કપટ કરી પરધન હર્યાજી, સેવ્યા વિષય સંવાદ રે. જીનજી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હું લંપટ હું લાલચુંજી, કર્મ કીધાં કેઈ કોડ;
ત્રણ ભુવનમાં કો નહીંજી, જે આવે મુજ જોડ રે. જિનજી. ૪

છિદ્ર પરાયાં અહોનિશેજી, જોતો રહું જગનાથ;
કુગતિ તણી કરણી કરીજી, જોડ્યો તેહશું સાથ રે. જિનજી. ૫

કુમતિ કુટીલ કદાગ્રહીજી, વાંકી ગતિ મતિ મુજ;
વાંકી કરણી માહરીજી, શી સંભલાવું તુજ રે; જિનજી. ૬

પુન્ય વિના મુજ પ્રાણીઓજી, જાણે મેલું રે આથ;
ઉંચા તરુવર મોરીયાજી, ત્યાંહી પસારે હાથ રે. જિનજી. ૭

વિણ ખાધાં વિણ ભોગવ્યાંજી, ફોગટ કર્મ બંધાય;
આર્તધ્યાન મીટે નહીંજી, કીજે કવણ ઉપાય રે. જિનજી. ૮

કાજળથી પણ શામળાજી, મારા મન પરિણામ;
સોણામાંહી તાહરૂંજી, સંભારૂં નહી નામ રે. જિનજી. ૯

મુગ્ધ લોક ઠગવા ભણીજી, કરૂં અનેક પ્રપંચ;
કૂડ કપટ બહુ કેળવીજી, પાપતણો કરૂં સંચ રે. જિનજી. ૧૦

મન ચંચળ ન રહે કીમેજી, રાચે રમણી રે રૂપ;
કામ વિટંબણા શી કહુંજી ? પડીશ હું દુર્ગતિ કૂપ રે. જિનજી. ૧૧

કિશ્યાં કહું ગુણ માહરાજી, કિશ્યાં કહું અપવાદ ?
જેમ જેમ સંભારૂં હૈયેજી, તેમ તેમ વધે વિખવાદ રે. જિનજી. ૧૨

ગિરૂઆ તે નવી લેખવેજી, નિર્ગુણ સેવકની રે વાત;
નીચતણે પણ મંદિરેજી, ચંદ્ર ન ટાળે જ્યોત રે. જિનજી. ૧૩

નિર્ગુણ તો પણ તાહરોજી, નામ ધરાવ્યું દાસ;
કૃપા કરી સંભારજોજી, પૂરજો મુજ મન આશ રે. જિનજી. ૧૪

પાપી જાણી મુજ ભણીજી, મત મૂકો રે વિસાર;
વિષ હળાહળ આદર્યોજી, ઇશ્વર ન તજે તાસ રે. જિનજી. ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તમ ગુણકારી હુએજી, સ્વાર્થ વિના સુજાણ;
કરસણ સિંચે સર ભરેજી, મેહ ન માગે દાણ રે. જિનજી. ૧૬

તું ઉપકારી ગુણનીલોજી, તું સેવક પ્રતિપાળ;
તું સમરથ સુખ પૂરવાજી, કર મારી સંભાળ રે. જિનજી. ૧૭

તુજને શુ કહીએ ઘણુંજી, તું સઉ વાતે રે જાણ;
મુજને થાજો સાહિબાજી, ભવ ભવ તાહરી આણ રે. જિનજી. ૧૮

નાભિરાયા કુળચંદલોજી, મરૂદેવીનો રે નંદ;
કહે જિન હરખ નિવાજજ્યોજી, દેજો પરમાનંદ રે. જિનજી. ૧૯

(૨૩)

(રાગ-ગિરિવરીયાની ટોચે રે)

ઋષભ જિનેશ્વર સ્વામી રે, અરજી માહરી
અવધારો કંઈ ગણ ભુવનના દેવ જો,
કરૂણાનંદ અખંડ રે જ્યોતિ સ્વરૂપ છો,
એહવા જોઇને મે આદરી તુમ સેવ જો. ૧

લાખ ચોરાશી યોનિ રે વારોવાર ભમ્યો,
ચોવીશે દંડકે ઉભગ્યું મારૂં મન જો,
નિગોદાદિક ફરસી રે સ્થાવર હું થયો,
એમ રે ભમતો આવ્યો વિગલેન્દ્રિય ઉત્પન્ન જો. ૨

તિર્યંચ પંચેન્દ્રિ તણા રે ભવ મેં બહુ કર્યા,
ફરસી ફરસી ચૌદ રાજ મહારાજ જો,
દશ દૃષ્ટાંતે દોહિલો મનુષ્યજન્મ અવતર્યો,
એમ રે ચટતો આવ્યો શેરીએ શિવકાજ જો. ૩

જગતતણા બાંધવ રે જગસથ્થવાહ છો,
જગતગુરુ જગરક્ખણ એ દેવ જો
અજરામર અવિનાશી રે જ્યોતિ સ્વરૂપ છો,
સુરનર કરતાં તુજ ચરણની સેવ જો. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મરૂદેવીના નંદન રે વંદના માહરી,
અવધારો કાંઈ પ્રભુજી મહારાજ જો,
ચૌદ રાજનો ઉચ્છિષ્ટ પ્રભુજી તારીયે,
દીજીએ કાંઈ વંછિત ફળ જિનરાજ જો. ૫

વંદના નિસુણી રે પરમ સુખ દીજીયે,
કીજીયે રે કાંઈ જન્મ-મરણ દુઃખ દૂર જો,
પદ્મવિજય સુપસાય રે ઋષભ જિન ભેટીયા,
જીત વંદે કંઈ પ્રહ ઉગમતે સુર જો. ૬

શ્રી અજિતનાથ જિન સ્તવનો-૯

(૧)

(રાગ - મારો મુજરો લેજો રાજ)

અજિત જિણેસર ચરણની સેવા, હેવા એ હું હળિયો,
કહીએ અણયાણ્યો પણ અનુભવ, રસનો ટાણો મળિયો,
પ્રભુજી ! મહેર કરીને આજ, કાજ હમારા સારો. ૧

મૂકાવ્યો પણ હું નવિ મુકું, ચૂકું એ નવિ ટાણો;
ભક્તિભાવ ઉઠ્યો જે અંતર,તે કિમ રહે શરમાણો. પ્રભુજી૦ ૨

લોચન શાંત સુધારસ સુભગા, મુખ મટકાળું પ્રસન્ન;
યોગમુદ્રાનો લટકો ચટકો, અતિશય તો અતિઘન્ન. પ્રભુજી૦ ૩

પિંડ-પદસ્થ રૂપસ્થે લીનો, ચરણકમળ તુજ ગ્રહિયાં;
ભ્રમર પરે રસ સ્વાદ ચખાવો, વિરસો કાં કરો મહિયાં. પ્રભુજી૦ ૪

બાળકાળમાં વાર અનંતી, સામગ્રીયે હું નવિ જાગ્યો;
યૌવનકાળે તે રસ ચાખ્યો, તું સમરથ પ્રભુ માગ્યો. પ્રભુજી૦ ૫

તું અનુભવરસ દેવા સમરથ, હું પણ અરથી તેહનો;
ચિત્ત વિત્ત ને પાત્ર સંબંધે, અજર[૧] રહ્યો હવે કેહનો. પ્રભુજી૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુની મહેરે તે રસ ચાખ્યો, અંતરંગ સુખ પામ્યો;
માનવિજય વાચક ઇમ જંપે, હુઓ મુજ મન કામ્યો. પ્રભુજી૦ ૭
૧ કૃપણ

(૨)

અજિત જિનેશ્વર સાંભલો રે, એ સેવક અરદાસ;
ભવ ભયથી હું ઊભગ્યો રે, કર નિજ ચરણનો દાસ રે,
ભવિયાં ભાવે ભજો જિનચંદ, સેવે ચોસઠ ઇંદ રે. ભ૦ ૧

મુજ સરિખા તુજને ઘણાં રે, માહરે તું પ્રભુ એક;
કદીય ન છોડું તુજ છેડલો રે, એ મુજ મનની ટેક. ભ૦ ૨

નિર્ગુણી જાણી ઉવેખસ્યો રે, આદિ ગુણી કોણ હોય ?
ગુણિજન તારીશ તો પ્રભુ રે, અધિકતા કિહાં તુજ જોય રે. ભ૦ ૩

ભવ ભયભંજની તાહરી રે, મૂર્તિ શોભે મહારાય;
જે તુજ ધ્યાને સદા રમે રે, ધ્યેયપણું તસ થાય રે. ભ૦ ૪

મન મંદિરિયે પધારીયે રે, કૃપા કરી જિનરાય;
કમલવિજય પદ સેવતાં રે, **મોહન**નાં વાંછિત થાય રે. ભ૦ ૫

(૩)

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું, પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો;
ધ્યાનની તાળી રે લાગી નેહશું, જલદ-ઘટા જેમ શિવ-સુત વાહન દાય જો. પ્રીતલડી૦ ૧

નેહઘેલું મન મ્હારું રે પ્રભુ અલજે રહે, તન મન ધન તે કારણથી પ્રભુ મુજ જો;
મ્હારે તો આધાર રે સાહિબ રાવલો, અંતરગતની પ્રભુ આગળ કહું ગુજ્ઝ જો. પ્રીતલડી૦ ૨

સાહેબ તે સાચો રે જગમાં જાણીએ, સેવકનાં જે સહેજે સુધારે કાજ જો;
એહવે રે આચરણે કેમ કરી રહું ? બીરુદ તમારું તારણ તરણ જહાજ જો. પ્રીતલડી૦ ૩

તારકતા તુજમાંહે રે શ્રવણે સાંભળી; તે ભણી હું આવ્યો છું દીનદયાળ ! જો;
તુજ કરુણાની લહેરે રે મુજ કારજ સરે, શું ઘણું કહીએ ? જાણ આગળ કૃપાળ ! જો. પ્રીતલડી૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરુણાદ્રષ્ટિ કીધી રે સેવક ઉપરે, ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મનોવાંછિત ફળિયા રે તુજ આલંબને, કરજોડીને મોહન કહે મનરંગ જો. પ્રીતલડી૦ ૫

(૪)

શુભ વેલા શુભ અવસરે રે, લાગ્યો પ્રભુ શું સ્નેહ;
વાધે મુજ મન વાલહા રે, દિન દિન બમણો નેહ,
અજિતજિન ! વિનતડી અવધાર.
મન માહરૂં લાગી રહ્યું રે, તુજ ચરણે એક તાર. અ૦ ૧

હિયડું મુજ હેજાલું[1] રે, કરે ઉમાહો[2] અપાર;
ઘડી ઘડીને અંતરે રે, ચાહે તુજ દેદાર[3]. અ૦ ૨

મીઠો અમૃતની પરે રે, સાહિબ તાહરો સંગ;
નયણે નયણ મિલાવતાં રે, શીતળ થાયે અંગ. અ૦ ૩

અવશ્યપણે એક ઘડી રે, જાયે તુજ વિણ જેહ;
વરસા સો સમ સાહિબા રે, લાગે મુજ મન તેહ. અ૦ ૪

તુજને તો મુજ ઉપરે રે, મહેર ન આવે કાંય;
તો પણ મુજ મન લાલચુ રે, તુમ વિણ અળગું ન થાય. અ૦ ૫

આસંગાયત[4] આપણો રે, જાણીને જિનરાય;
દરિશન દિજે દીન પ્રતિ રે, હંસરતન સુખ થાય. અ૦ ૬

(૧-પ્રેમભર્યું. ૨-ઉમંગ. ૩-દર્શન. ૪-અત્યન્ત રાગવાળો)

(૫)

અજિતજિણંદ અવધારીએ, સેવકની અરદાસો રે,
તું સાહિબ સોહામણો, હું છું તારો દાસો રે. અજિત૦ ૧

જિતશત્રુ રાય કુલ-તિલો, વિજયા માત મલ્હારો રે,
નયરી અયોધ્યા અવતર્યા, ગજ લંછન અતિ સારો રે. અજિત૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જગજીવન જગનો ઘણી, તું છે જગ પ્રતિપાળો રે,
નામ તુમ્હારૂં જે જપે, તે પામે સુખ વિશાળો રે. અજિત૦ ૩

સુરતરૂ-મણિ-સુરલતા, વંછિત પૂરે એહો રે,
તેહથી તુમ સેવા ભલી, શિવ-સુખ આપે જેહો રે. અજિત૦ ૪

જે ભવિ તુમ્હ સેવા કરે, તે લહે કોડિ કલ્યાણો રે,
ઋદ્ધિ સિદ્ધિ કીર્તિ ઘણી, તસ ઘરે શુભ-મંડાણો રે. અજિત૦ ૫

(૬)

(રાગ- નયરમાહણ કુંડમા વસેરે મહાઋદ્ધિ ઋષભદત્ત નામ)

જીવડા વિષમ વિષયની હેવા, તુજ કાંઈ જાગે,
હજી કાંઈ જાગે - જીવડા૦
અકળ સરૂપ અજિત જિન નિરખ્યો, પરખ્યો પૂરણ ભાગોજી. ૧

સરસ સુકોમળ સુરતરુ પામી, કંટક બાઉલ માગે;
ઐરાવણ સાટે કુણ મૂરખ, રાસભ પુંઠે લાગે. જીવડા૦ ૨

ઘોર પહાડ ઉજાડ ઓલંઘી, આવ્યો સમકિત માગે;
તૃષ્ણાએ સમતારસ બિગડે કુંભ ઉદક જિમ કાગે જીવડા. ૩

જિમ કોઈક નર જાન લેઇને, આવ્યો કન્યા રાગે
સરસ આહાર નિદ્રાભર પોઢ્યો, કરડ્યો વિષયા નાગે. જી૦ ૪

વિજયાનંદન વયણ સુધારસ, પીતાં શુભમતિ જાગે;
પાંચે ઇન્દ્રિય ચપલ તુરંગમ, વશ કરી જ્ઞાન સુવાગે જીવડા ૦૫

ક્ષમાવિજય જિન ગુણ કુસુમાવલી, શોભિત ભક્તિ પરાગે;
કંઠે આરોપી વિરતિ વનિતા,વરી કેસરીએ, વાઘે. જીવડા૦ ૬

(૭)

(રાગ-ઢંઢણઋષીને કરું વંદના હું વારિ લાલ)

અજિત જિનેશ્વર સાહિબા રે લોલ, વિનતડી અવધાર મારા વ્હાલા જીરે,
હવે નહિ છોડુ તારી ચાકરી રે લોલ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાખ ચોરાશી હું ભમ્યો રે લોલ, કાળ અનંતો અનંત મારા વ્હાલા જીરે,
ઓળખ લાધી છે હવે તાહરી રે લોલ, ભાંગી છે ભવતણી ભ્રાંત મારા. વ્હાલા જીરે ૨

કરશો નજર હવે સાહિબા રે લોલ, દાસ દીલમાંહે ધારી મારા વ્હાલા જીરે,
લાખ ગુને પ્રભુ તાહરો રે લોલ, સેવક છું મહારાજ મારા વ્હાલા જીરે. ૩

અવગુણ મારા અતિ ઘણા રે લોલ,કહેતા નહિ આવે પાર મારા વ્હાલા જીરે,
જેમ પ્રવહણની પરે રે લોલ, વ્હાલા તમે છો તારણહાર મારા વ્હાલા જીરે. ૪

નગરી અયોધ્યાનો તું ધણી રે લોલ, વિજયા ઉરસર હંસ મારા વ્હાલા જીરે,
જીતશત્રુનો નાનડો રે લોલ, ધન્ય છે ઇક્ષ્વાકુળ વંશ મારા વ્હાલા જીરે. ૫

ધનુષ્ય સાડા ચારસોની રે લોલ, દેહડી રંગ સુનુર મારા વ્હાલા જીરે,
બહોતેર લાખ પૂરવ તણું રે લોલ, આયુ સુખ ભરપુર મારા વ્હાલા જીરે.૬

પાંચમે આરે તું મળ્યો રે લોલ, પ્રગટયા છે પુન્ય નિધાન મારા વ્હાલા જીરે,
શ્રી સુમતિ સગુરૂ વિજય તણો રે લોલ, **રામ વિજય** તણા વાન મારા વ્હાલા જીરે. ૭

(૮)

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યારે તેણે હું જીતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ ? પંથડો૦ ૧.

ચરમનયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઇએ રે, નયણ તે દિવ્ય વિચાર. પંથડો૦ ૨

પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પુલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહીં ઠાય. પંથડો૦ ૩.

તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહુંચે કોય;
અભિમત વસ્તુ રે વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. પંથડો૦ ૪.

વસ્તુવિચારે રે દિવ્ય નયણ તણો રે, વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પંથડો૦ ૫.

કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજોરે, **આનંદઘન** મત અંબ. પંથડો૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૯)

અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહિયો, કિમ બેસે હો બાવલ તરૂ ભૃંગ કે. અજિત૦ ૧

ગંગાજલમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલ કે;
સરોવર જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાલ કે. અજિત૦ ૨

કોકિલ કલ કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
આછાં તરૂવર નવિ ગમે, ગિરૂઆશું હો હોય ગુણનો પ્યાર કે. અજિત૦ ૩

કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદશું પ્રીતકે;
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્તકે અજિત૦ ૪

તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે;
શ્રી નયવિજય વિબુધતણો, વાચક 'જશ' હો નિતનિત ગુણ ગાય કે. અજિત૦ ૫

શ્રી સંભવનાથ જિનસ્તવનો-૬

(૧)

સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણ જ્ઞાતા રે;
ખામી નહિ મુજ ખિજમતે, કદીયે હોશો ફલદાતારે. સંભવ૦ ૧

કરજોડી ઊભો રહું, રાત દિવસ તુમ ધ્યાને રે;
જો મનમાં આણો નહીં, તો શું કહીએ થાંને રે. સંભવ૦ ૨

ખોટ ખજાને કો નહીં, દીજીયે વાંછિત દાનો રે;
કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે. સંભવ૦ ૩

કાલલબ્ધિ મુજ મતિ ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે;
લડથડતું પણ ગજ બચ્યું, ગાજે ગયવર સાથે રે. સંભવ૦ ૪

દેશો તો તુમહી ભલું, બીજા તો નવિ જાયું રે;
વાચકયશ કહે સાંઈશું, ફલશે એ મુજ સાયું રે. સંભવ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨)

હો સંભવ જિન પ્યારા, સેવક નયણે નિહાળો,
'અધમ ઉદ્ધારક' બિરૂદ તુમારૂં, શ્રવણે સુણ્યુ મેં આજ,
અવરદેવનો સંગ છોડીને, હવે તો તુમ શીરતાજ હો. ૧

લાખચોરાશી યોનીમાં ભટક્યો, પામ્યો દુઃખ અપાર,
જન્મમરણથી હું ગભરાણો, આવ્યો તુમ દરબાર. ૨

ક્ષાયિક ભાવે ઋદ્ધિ અનંતી, તુમ પાસે છે સ્વામી,
તે આપી મુજ દુઃખડાં કાપો, અર્જ કરૂં શીરનામી. ૩

નિકટ ભવિને સૌ કોઈ તારે, તેમાં શું અધિકાંઇ,
દુરભવિને જો તુમે તારો, તો તુજ જસ જગમાંહી. ૪

વીર્ય ઉલ્લાસ થયે નવચેતન, આલંબન ગ્રહે તારૂં,
રંગવિમલ મુનિ શુભયોગે, તેમ તોડે મોહ અંધારૂં. ૫

(3)

(રાગ - મારો મુજરો લોને રાજ)

સમકિત દાતા સમકિત આપો, મન માગે થઈ મીહું;
છતી વસ્તુ દેતાં શું સોચો ? મીહું જે સહુએ દીહું.
પ્યારા પ્રાણ થકી છો રાજ ! સંભવ જિનજી ! મુજને. ૧

ઇમ મત જાણો જે આપે લહીએ, તે લાધું શું લેવું ?
પણ પરમારથ પ્રીછી આપે, તેહી જ કહીએ દેવું. પ્યારા૦ ૨

"અર્થી હું, તું અર્થ સમર્પક" ઇમ મત કરજ્યો હાંસું;
પ્રગટ ન હતું તુજને પણ પહેલાં, એ હાંસાનું પાસું. પ્યારા૦ ૩

પરમપુરુષ તુમે પ્રથમ ભજીને, પામ્યા ઇમ પ્રભુતાઈ;
તેણે રૂપે તુમને એમ ભજીએ, તિણે તુમ હાથ વડાઈ. પ્યારા૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુમે સ્વામી હું સેવા કામી, મુજરે સ્વામી નિવાજો;
નહિ તો હઠ માંડી માગંતાં, કીણવિધ સેવક લાજે. પ્યારા૦ ૫

જ્યોતે જ્યોતિ મીલે મત પ્રીછો, કુણ લહેશે કુણ ભજશે ?
સાચી ભક્તિ જે હંસ તણી પરે, ખીર-નીર નય તેહ કરશે. પ્યારા૦ ૬

ઓલગ કીધી જે લેખે આવી, ચરણ ભેટ પ્રભુ દીધી;
રૂપ વિબુધનો **મોહન** પભણે, રસના પાવન કીધી. પ્યારા૦ ૭

(૪)

સાહેબ સાંભળો રે, સંભવ અરજ અમારી;
ભવોભવ હું ભમ્યો રે, ન લહી સેવા તમારી,
નરક નિગોદમાં રે, તિહાં હું બહુ ભવ ભમિયો;
તુમ વિના દુઃખ સહ્યાં રે, અહોનિશ ક્રોધે ધમધમિયો. સાહેબ૦ ૧

ઇન્દ્રિયવશ પડ્યો રે, પાળ્યાં વ્રત નવિ સૂંસે;
ત્રસ પણ નવિ ગણ્યાં રે, હણિયા થાવર હુંસે !
વ્રત ચિત્ત નવિ ધર્યા રે, બીજું સાચું ન બોલ્યું;
પાપની ગોઠડી રે, તિહાં જઇ હઇડું ખોલ્યું. સાહેબ૦ ૨

ચોરી મેં કરીરે, ચઉવિહ અદત્ત ન ટાળ્યું;
શ્રી જિન આણશું રે, મેં નહિ સંયમ પાળ્યું !
મધુકર તણી પરે રે, શુદ્ધ ન આહાર ગવેખ્યો;
રસના લાલચે રે નીરસ પિંડ ઉવેખ્યો. સાહેબ૦ ૩

નરભવ દોહિલો રે, પામી મોહવશ પડિયો;
પરસ્ત્રી દેખીને રે, મુજ તન તિતાં જઇ ચડિયો,
કામ ન કો સર્યા રે, પાપે પિંડ મેં ભરિયો
શુદ્ધ બુદ્ધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરીયો. સાહેબ૦ ૪

લક્ષ્મીની લાલચે રે, મેં બહુ દીનતા દાખી;
તો પણ નવિ મળી રે મળી તો નવિ રહી રાખી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે જન અભિલષે રે, તે તો તેહથી નાસે;
તૃણ સમ જે ગણે રે, તેહની નિત્ય રહે પાસે. સાહેબ ૦ ૫

ધન્ય ધન્ય તે નરા રે, એહનો મોહ વિછોડી
વિષય નિવારીને રે, તેહને ધર્મમાં જોડી,
અભક્ષ્ય તે મેં ભખ્યાં રે, રાત્રિભોજન કીધાં;
વ્રત નવિ પાળિયાં રે, જેહવા મૂળથી લીધા. સાહેબ૦ ૬

અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહેબ મળિયો;
તુમ વિણ કોણ દિએરે ? બોધિ-રયણ મુજ બળિયો,
સંભવ આપજો રે, ચરણકમળ તુમ સેવા;
નય એમ વિનવે રે, સુણજો દેવાધિદેવા. સાહેબ૦ ૭

(૫)

હાં રે હું તો મોહ્યો રે લાલ, જિન મુખડાને મટકે,
જિન મુખડાને મટકે વારી જાઉં, પ્રભુ મુખડાને મટકે. ૧

નયન રસીલા વયણ સુખાળાં, ચિતડું લીધું હરી ચટકે,
પ્રભુજીની સાથે ભક્તિ કરતાં, કર્મ તણી કસ તટકે. ૨

મુજ મન લોભી ભ્રમર તણી પરે, પ્રભુ પદ કમળે અટકે,
રત્ન ચિન્તામણી મૂકી રાચે, કહો કોણ કાચને કટકે ? ૩

એ જિન ધ્યાને ક્રોધાદિક જે, આસપાસથી અટકે,
કેવલનાણિ બહુ સુખખાણી, કુમતિ કુગતિને પટકે. ૪

એ જિનને જે દિલમાં ન આણે, તે તો ભૂલા ભટકે,
પ્રભુજીની સાથે ઓળખ કરતાં, વાંછિત સુખડાં સટકે. ૫

મૂર્તિ સંભવ જિનેશ્વર કેરી, જોતાં હૈડું હરખે,
નિત્ય લાભ કહે પ્રભુ કીર્તિ મોટી, ગુણગાઉં હું લટકે. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬

(રાગ-સુણો શાંતિ જિણંદ સોભાગી)

ત્રીજા સંભવજિનની સુખદાયી, પૂરવ પુણ્યે સેવા પામી.
ક્ષણ ઉત્તમને પ્રસંગે લહતાં સુખ હોએ અંગે રે
સાહિબા સોભાગી ! મુજ તુજ ચરણે લય લાગી. ૧

તો તુમ જેવાની જે સેવા, તેહનું શું કહીયે દેવા,
ત્રિભુવન તારક તુજને મેં દીઠો, અમૃતથી લાગ્યો મીઠો. સા ૨

તુમ ચરણે મુજ મનડું બાંધ્યું, વળી ભક્તિ ગુણે કરી સાંધ્યું,
હરિ હરાદિશું ચિત્ત ન રાખું, એક તુમ સેવામૃત ચાખું. સા. ૩

હેજ ધરીને સેવક સામું, જુઓ એ બગસીસ પામું,
ઓળગડી એ સાહિબ માહરી, ચિત્ત ધરજો જગહિતકારી. સા. ૪

ઘણું ઘણું તમને શું કહીએ, સેવકને સંગે વહીએ,
પંડિત પ્રેમવિજય સુપસાયા, **ભાણવિજય** નમે તુમ્હ પાયા. સા. ૫

શ્રી અભિનંદન જિન સ્તવનો - ૫

૧

(રાગ-પરમાતમ પુરણ કલા)

અભિનંદન અરિહંતજી, અવધારો હો સેવક અરદાસકે;
દાસ જાણી મુજ દિજુએ, મનવંછિત હો સુખ લીલ વિલાસ કે અ૦ ૧

પૂરવ પુન્યે પામીયો, સુખ કારણ હો જગતારણ દેવકે;
સેવક જાણી સાહીબા, હવે સફળી હો કીજે મુજ સેવ કે અ૦ ૨

સેવક જનની સેવના, પ્રભુ જાણો હો મન નાણો કેમ કે;
બુઝો પણ રીઝો નહીં, એકાંગી હો કિમ હોયે પ્રેમ કે. અ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામાન્ય જનની ચાકરી, સહી સફળી હોયે વિસવાવીશ કે;
પ્રભુ સરીખાની સેવના, કિમ થાયે હો વિફળી જગદીશ કે. અ૦ ૪

સેવક જે સેવે સદા, તે પામે હો મનવાંછિત કામ કે;
સેવક સુખી એ પ્રભુ તણી, સહી વાધે હો જગમાંહી મામકે. અ૦ ૫

સાહિબ તે સાચો સહી, જે સેવક હો કરે આપ સમાન કે;
ભોળા ભગતે રીઝીને, જે આપે હો મનવાંછિત દાન કે. અ૦ ૬

ઇમ બહુ ભક્તે વિનવ્યો, જગજીવન હો અભિનંદન દેવ કે;
નયવિજય કહે સાહિબા, મુજ હોજો હો ભવભવ તુમ સેવ કે. અ૦ ૭

(૨)

અભિનંદન સ્વામિ હમારા, પ્રભુ ભવદુઃખ ભંજણહારા;
યે દુનિયા દુઃખકી ધારા, પ્રભુ ઇનસે કરો રે નિસ્તારા. અભિ૦ ૧

હું કુમતિ કુટિલ ભરમાયો, દૂરનીતિ કરી દુઃખ પાયો;
અબ શરણ લીયો હૈ થારો, મુઝે ભવજલ પાર ઉતારો. અભિ૦ ૨

પ્રભુ શીખ હૈયે નહિ ધારી, દુર્ગતિમાં દુઃખ લીયો ભારી;
ઇન કર્મોકી ગતિ ન્યારી, કરે બેર બેર ખુવારી. અભિ૦ ૩

તુમે કુરણાવંત કહાવો, જગતારક બિરુદ ધરાવો;
મેરી અરજીનો એક દાવો, ઇણ દુઃખસે કયું ન છુડાવો. અભિ૦ ૪

મેં વિરથા જન્મ ગુમાવ્યો, નહીં તન ઘન સ્નેહ નિવાર્યો;
અબ પારસ પરસંગ પામી, નહીં **વીરવિજયકું** ખામી. અભિ૦ ૫

(૩)

(રાગ - સ્વામી તુમે કાંઈ કામણ કીધું)

પ્રભુ તુમ દરિશન મલીયો અલવે, મન થયું હવે મારૂં હળવે હળવે,
પુણ્યોદય એ મોટો મારો, અણચિંત્યો થયો દર્શન તારો;
સાહિબા અભિનંદન દેવા, મોહના અભિનંદન દેવા. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેખત ખેવ હરી મન લીધું, કામણગારે કામણ કીધું ;
મનડું જાય નહી કોઈ પાસે, રાત દિવસ રહે તાહરી પાસે. ૨

પહેલાં તો જાણ્યું હતું સોહિલું, પણ મોટાશું મળવું દોહિલું;
સોહિલું જાણી મનડું વળગ્યું, થાય નહિ હવે કીધું અળગું. ૩

રૂપ દેખાડી હોવે અરૂપી, કિમ ગ્રહવાએ અકલ સરૂપી;
તાહરી વાત ન જાણી જાયે, કહો મનડાની શી ગતિ થાયે ૪

પહેલા જાણી પછી કરે કિરીયા, તે પરમારથે સુખના દરિયા;
વસ્તુ અજાણે મન દોડાવે, તે તો મુરખ બહુ પસ્તાવે. ૫

તે માટે તું રૂપી અરૂપી, તું શુદ્ધ બુદ્ધને સિદ્ધ સ્વરૂપી;
એહવું રૂપ ગ્રહ્યું જબ તારૂં, તવ ભ્રમ રહિત થયું મન મારૂં. ૬

તુજ ગુણજ્ઞાન ધ્યાનમાં રહીયે, ઇમ હિલવું પણ સુલભ જ કહીયે;
માનવિજય વાચક પ્રભુ ધ્યાને, અનુભવ રસ હળીયો એક તાને. ૭

(૪)

અભિનંદન જિન દરિશણ તરસિયે, દરિશણ દુર્લભ દેવ !
મત મત ભેદે રે જો જઇ પૂછીયે, સહુ થાપે અહમેવ. અભિ૦ ૧

સામાન્યેં કરી દરિશણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે, રવિ શશિ રૂપ વિલેષ. અભિ૦ ૨

હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇયે, અતિ દુરગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબલો વિષવાદ. અભિ૦ ૩

ઘાતી ડુંગર આડા અતિઘણા, તુજ દરિશણ જગનાથ;
ધીઠાઇ કરી મારગ સંચરૂં, સેંગું કોઈ ન સાથ. અભિ૦ ૪

દરિશણ દરિશણ રટતો જો ફિરૂં, તો રણરોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન ? અભિ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરસ ન આવે હો મરણ જીવનતણો, સિઝે જો દરિશણ કાજ;
દરિશણ દુર્લભ સુલભ કૃપાથકી, આનંદઘન મહારાજ. અભિ૦ ૬

(૫)

દીઠી હો પ્રભુ, દીઠી જગગુરુ તુજ, મૂરતિ હો પ્રભુ, મૂરતિ મોહન વેલડીજી;
મીઠી હો પ્રભુ, મીઠી તારી વાણી, લાગે હો પ્રભુ, લાગે જેસી સેલડીજી. ૧

જાણું હો પ્રભુ જાણું જન્મ કયત્થ, જો હું હો પ્રભુ જો હું તુમ સાથે મિલ્યોજી;
સુરમણિ હો પ્રભુ સુરમણિ પામ્યો હથ્થ, આંગણે હો પ્રભુ, આંગણે મુજ સુરતરૂ ફલ્યોજી. ૨

જાગ્યાં હો પ્રભુ, જાગ્યાં પુણ્ય અંકૂર, માગ્યાં હો પ્રભુ, મુહ માગ્યા પાસા ટલ્યાજી;
વૂઠ્યા હો પ્રભુ, વૂઠ્યા અમિરસ મેહ, નાઠા હો પ્રભુ નાઠા અશુભ, શુભ દિન વલ્યાજી. ૩

ભૂખ્યાં હો પ્રભુ, ભૂખ્યાં મિલ્યા ઘૃતપૂર, તરસ્યાં હો પ્રભુ, તરસ્યાં દિવ્ય ઉદક મિલ્યાજી;
થાક્યાં હો પ્રભુ, થાક્યાં મિલ્યા સુખપાલ, ચાહતાં હો પ્રભુ, ચાહતાં સજ્જન સ્હેજે મિલ્યાજી. ૪

દીવો હો પ્રભુ દીવો નિશા વન ગેહ, સાખી હો પ્રભુ, સાખી થલે જલે નો મિલીજી;
કલિયુગે હો પ્રભુ, કલિયુગે દુલ્લહો તુજ, દરિસન હો પ્રભુ, દરિસન લહ્યું આશા ફલીજી. ૫

વાચક હો પ્રભુ, વાચક 'યશ' તુમ દાસ, વિનવે હો પ્રભુ, વિનવે અભિનંદન સુણોજી;
કહિયે હો પ્રભુ, કહીયે મ દેશો છેહ, દેજો હો પ્રભુ, દેજો સુખ દરિસણ તણોજી. ૬

શ્રી સુમતિનાથ જિન સ્તવનો - ૨

(૧)

(રાગ - સાહિબા વાસુપુજ્ય જિણંદા)

સુમતિ જિનેશ્વર જગ પરમેશ્વર, હું ખિજમતકારક તુજ કિંકર,
સાહિબા ! મુજ દર્શન દીજે, જીવનના મન મહેર કરીજે સાહિબા૦
રાત દિવસ લીના તુજ ધ્યાને, દિન અતિ વાહું પ્રભુ ગુણગાને. સા૦ ૧

જગત હિતકર અંતરજામી, પ્રાણ થકી અધિકો મુજ સ્વામી,
પ્રાણ ભમ્યા બહુ ભવભવમાંહિ, પ્રભુ સેવા ઘણ ભવવિણ નાહિ. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇણ ભવમાં પણ આજ તું દીઠો, તિણ કારણ તું પ્રાણથી મીઠો,
પ્રાણ થકી જે અધિકો પ્યારો, તે ઉપર સહુ તન ધન વારો. ૩

અજ્ઞાની અજ્ઞાન સંઘાતે, એહવી પ્રીત કરે છે ઘાતે,
દેખો દીપક કાજ પતંગ, પ્રાણ તજે હોમી જિન અંગ. ૪

જ્ઞાન સહિત પ્રભુ જ્ઞાની સાથે, તેહવી પ્રીત ચડે જો હાથે;
તો પૂર્ણ થાએ મન આશ, **દાનવિજય** કરે એ અરદાસ. ૫

(૨)

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ સોભાગી૦ ૧

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહી માંહે મહેકાય. સોભાગી૦ ૨

અંગુલીયે નવિ મેરૂ ઢંકાયે, છાબડિયે રવિ તેજ;
અંજલીમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ હેજ. સોભાગી૦ ૩

હુંઓ છીપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સોભાગી૦ ૪

ટાંકી ઇક્ષુ પરાલશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક **'યશ'** કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સોભાગી૦ ૫

શ્રી પદ્મપ્રભસ્વામીના સ્તવન-૫

(૧)

(રાગ-સુણો ચંદાજી સીમંધર)

હો અવિનાશી, શિવવાસી સુવિલાસી સુસીમા નંદના;
છો ગુણરાશિ તત્ત્વપ્રકાશી ખાસી માનો વંદના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુમે ઘર-નરપતિને કુલે આયા, તુમે સુસીમા-રાણીના જાયા;
છપ્પન દિક્કુમરી હુલરાયા. હો૦ ૧

સોહમ સુરપતિ પ્રભુ ઘર આવે, કરી પંચરૂપ સુરગિરિ લાવે;
તિહાં ચોસઠ હરિ ભેળા થાવે. હો૦ ૨

કોડી સાઠ લાખ ઉપર ભારી, જલભરીયા કળશા મનોહારી;
સુર નવરાવે સમકિત ધારી. હો૦ ૩

થય થુઈ મંગલ કરી ઘર લાવે, પ્રભુને જનની પાસે ઠાવે;
કોડી બત્રીસ સોવન વરસાવે. હો૦ ૪

પ્રભુ દેહડી દીપે લાલ મણિ, ગુણ ગાવે શ્રેણિ ઇન્દ્ર તણી;
પ્રભુ ચિરંજીવો ત્રિભુવન ધણી. હો૦ ૫

અઢીસેં ધનુષ ઊંચી કાયા, લહી ભોગવી રાજ્ય રમા જાયા;
પછી સંયમ લહી કેવલ પાયા. હો૦ ૬

તીરથ વરતાવી જગમાંહે, જન નિસ્તાર્યા પકડી બાંહે;
જે રમણ કરે નિજ ગુણ માંહે હો૦ ૭

અમ વેલા મોન કરી સ્વામી, કેમ બેઠા છો અંતરજામી;
જગતારક બિરૂદે લાગે ખામી.હો૦ ૮

નિજપાદ પદ્મ સેવા દીજે, નિજ સમવડ સેવકને કીજે;
કહે **રૂપવિજય** મુજરો લીજે. હો૦ ૯

(૨)

પદ્મપ્રભ પ્રાણસે પ્યારા, છુડાવો કર્મકી ધારા,
કર્મફંદ તોડવા ધોરી, પ્રભુજીસે અર્જ હૈ મોરી. ૧

લઘુવય એક થે જીયા, મુક્તિમેં વાસ તુમ કીયા,
ન જાની પીર થેં મોરી, પ્રભુ અબ ખિંચલે દોરી. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષયસુખ માની મોં મનમેં, ગયો સબ કાલ ગફલતમેં,
નરક દુઃખ વેદના ભારી, નિકલવા ના રહી બારી. ૩

પરવશ દીનતા કીની, પાપકી પોટ સિર લીની,
ભક્તિ નહીં જાની તુમ કેરી, રહ્યો નિશદિન દુઃખ ઘેરી. ૪

ઇસવિધ વિનતિ તોરી, કરૂં મેં દોય કર જોડી,
આતમ આનંદ મુજ દીજો, **વીરનું** કાજ સબ કીજો. ૫

(૩)

અજબ બની રે મેરે અજબ બની રે
પ્રભુ સાથે પ્રીતી અજબ બની રે,
અજબ બની પ્રભુ સાથે પ્રીતિ, તો મુજ દુર્ગતિની શી ભીતિ
દેખી પ્રભુની મોટી રીતિ, પામી પૂરણ રીતિ પ્રતીતિ. ૧

જે દુનિયામાં દુર્લભ નેટ, તેં મેં પામી પ્રભુની ભેટ,
આળસુને ઘેર આવી ગંગ, પામીયો પંથી સખર તુરંગ ૨

તિરસે પાયો માનસ તીર, વાદ કરંતા વાધી ભીર,
ચિત્ત ચોર્યો સાજનનો સંગ, અણચિંત્યો મલ્યો ચડતે રંગ. ૩

જિમ જિમ નિરખું પ્રભુ મુખ નૂર, તિમ તિમ પાઉં આણંદપુર,
સુણતાં જનમુખ પ્રભુની વાત, હરખે મારી સાતે ધાત. ૪

પદ્મપ્રભ જિનના ગુણગાન, ગાતા લહીએ શિવપદવી અસમાન,
વિમલ વિજય વાચકનો શીશ, **રામે** પાયો પરમ જગદીશ. ૫

(૪)

(રાગ - સકલ સમતા સુરલતાનો)

શ્રી પદ્મપ્રભ જિનરાજ શોભે, વદન શારદ-ચંદ રે
ભવિક જીવ-ચકોર નિરખી, પામે પરમાનંદ રે-શ્રી પદ્મપ્રભ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુજ રૂપ-કાંતિ અતિ હી રાજે, મોહે સુર-નર વૃંદ રે
તુજ ગુણ-કથા સવિ વ્યથા ભાંજે, ધ્યાન સુરતરૂ કંદરે-શ્રી પદ્મપ્રભ૦ ૨

પદ્મવરણી કાયા શોભે, પદ્મ સેવે પાયરે
પદ્મપ્રભ જિન સેવા કરતાં, અવિચલ-પદ્મા થાય રે-શ્રી પદ્મપ્રભ૦ ૩

ધન્ય સુસીમા માતા જાયો, ધરરાય કુલ-મંડણ રે
નયરી કૌસાંબી ધન્ય જિહાં, હુઓ જન્મ -કલ્યાણ રે-શ્રી પદ્મપ્રભ૦ ૪

જન્મ પાવન આજ હૂઓ, જિનરાજ તાહરે ધ્યાન રે
હવે ઋદ્ધિ કીર્તિ અનંત આપો, થાપો સુખ પદ નિર્વાણ રે. શ્રી પદ્મપ્રભ૦ ૫

(૫)

પદ્મપ્રભ જિન જઇ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી;
કાગળને મશિ તિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી;
સુગુણ સનેહા રે કદિય ન વિસરે. ૧

ઇહાંથી તિહા જઇ કોઈ આવે નહીં, જેહ કહે સંદેશોજી;
જેહનું મિલવું રે દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી. સુગુણ૦ ૨

વીતરાગશું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી;
ઘોડો દોડે રે સાહેબ વાજમાં, મન નાણે અસવારોજી. સુગુણ૦ ૩

સાચી ભક્તિ રે ભાવના રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી;
હોડાહોડે રે બિહું રસ રીઝથી, મનના મનોરથ સીજેજી. સુગુણ૦ ૪

પણ ગુણવંતશું રે ગોઠે ગાજિયે, મ્હોટા તે વિશ્રામજી;
વાચક 'યશ' કહે એહિ જ આશરે, સુખ લહું ઠામોઠામજી. સુગુણ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીસુપાર્શ્વનાથ જિન સ્તવનો-૪

(૧)

ક્યું ન હો સુનાઈ સાઈ, ઐસા ગુન્હા ક્યા કિયા.
ઔરોકી સુનાઈ જાવે, મેરી બારી નાહીં આવે;
તુમ બિન કૌન મેરા, મુજે ક્યું ભૂલા દિયા; ક્યું૦ ૧

ભક્ત જનોં તાર દીયા, તારનેકા કામ કિયા;
બિન ભક્તિવાલા મોં પે, પક્ષપાત ક્યું કીયા. ક્યું૦ ૨

રાય રંક એક જાનો, મેરા તેરા નાહીં માનો;
તરન તારન ઐસા, બિરુદ ધાર ક્યું લિયા. ક્યું૦ ૩

ગુન્હા મેરા બક્ષ દીજે, મોં પે [1]અતિ રહેમ કીજે;
પક્કા હી ભરોંસા તેરા, દિલોમેં જમા લિયા. ક્યું૦ ૪

તુંહી એક અંતરજામી, સુનો શ્રી સુપાસ સ્વામી;
અબ તો આશા પૂરો મેરી, કહેના સો તો કહ દિયા. ક્યું૦ ૫

શહેર અંબાલે ભેટી, પ્રભુજીકા મુખ દેખી;
મનુષ્યજનમકા લ્હાવા, લેના સો તો લે લીયા. ક્યું૦ ૬

ઉન્નિસો છાસઠ છબીલા, દીપમાલા દિન રંગીલા;
કહે **વીરવિજય** પ્રભુ, ભક્તિ મેં જમા લીયા. ક્યું૦ ૭

૧ એટલી

(૨)

શ્રી સુપાસ જિન વંદીએ, સુખસંપત્તિનો હેતુ, લલના;
શાંતસુધારસ જલનિધિ, ભવસાગરમાંહે સેતુ, લલના. શ્રી૦ ૧

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ, લલના;
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ, લલના શ્રી૦ ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિવ શંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન, લલના;
જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિસ્વરૂપ અસમાન, લલના. શ્રી૦ ૩

અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિશરામ લલના;
અભયદાન દાતા સદા,પૂરણ આતમરામ, લલના. શ્રી૦ ૪

વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ, લલના;
નિદ્રા તંદ્રા દુરંદશા,રહિત અબાધિત યોગ, લલના શ્રી૦ ૫

પરમપુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન, લલના;
પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન, લલના. શ્રી૦ ૬

વિધિ વિરંચિ વિશ્વંભરૂ, ઋષિકેશ જગનાથ,લલના;
અઘહર અઘમોચન ઘણી, મુક્તિ પરમપદ સાથ, લલના શ્રી૦ ૭

ઇમ અનેક અભિધા ઘરે, અનુભવગમ્ય વિચાર, લલના;
જેહ જાણે તેહને કરે **આનંદઘન** અવતાર, લલના શ્રી૦ ૮

(3)

શ્રીસુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજ હો છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદ તણીજી. ૧

દિવ્ય દવનિ સુર ફૂલ ચામર છત્ર અમૂલ;
આજ હો રાજે રે ભામંડલ, ગાજે દુંદુભિજી. ૨

અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો કીધા રે ઓગણીશે, સુરગણ ભાસુરેજી. ૩

વાણી ગુણ પાંત્રીશ, પ્રાતિહાર જ જગદીશ;
આજ હો રાજે રે દીવાજે, છાજે આઠશુંજી. ૪

સિંહાસન અશોક, બેઠા મોહે લોક;
આજ હો સ્વામી રે શિવગામી,વાચક **'જશ'** થુણ્યોજી. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪)

(રાગ-નિરખ્યો નેમિજિણંદને)

શ્રી સુપાસ જિનશું કરો-સાહેલડીયાં;
અતિઅનુપમ રંગ-ગુણ વેલડીયાં,
એહ રંગ હીણો નહિ-સા૦ બીજો હીણો પતંગ[૧]-ગુણ૦ ૧

તું સાહિબ સોહામણો-સા૦ બીજો નાવે દાય[૨]-ગુણ૦
એહ રંગ સદા હોજો-સા૦ જ્યાં લગે શિવ પદ થાય-ગુણ૦ ૨

ભવ અનંત ભમતાં થકાં-સા૦ પુણ્યે પામ્યો આજ-ગુણ૦
તો મુજ મનવંછિત ફલ્યો-સા૦ સિધ્યાં સઘળાં કાજ-ગુણ૦ ૩

રાગ-રહિત પ્રભુ તું કહ્યો-સા૦ મુજને તુજ શું રાગ-ગુણ૦
સરીખા વિણ પ્રભુ ગોઠડી-સા૦ કેમ બની આવે લાગ[૩]-ગુણ૦ ૪

કૃપા નજરેં સાહેબ તણી-સા૦ સેવકનાં દુઃખ જાય-ગુણ૦
અનંત ઋદ્ધિ કીર્તિ ઘણી-સા૦ જગમાં જશ બહુ થાય-ગુણ૦ ૫

(૧-હળદર જેવો, ૨-ઇષ્ટ, ૩ મેળ)

શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવનો - 3

(૧)

મુજ ઘટ આવજો રે નાથ, કરૂણા કટાક્ષો જોઈને,
દાસને કરજો સનાથ... મુજ ૦ ૧

ચંદ્રપ્રભ જિન રાજિયા, તુજ વાસ વિષમો દૂર,
મળવા મન અળજો ઘણો, કિમ આવીયે હજુર. મુજ૦ ૨

વિરહ વેદના આકરી, કહી પાઠવું કુણ સાથ?
પંથી તો આવે નહિ, તે મારગે જગનાથ. મુજ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તું તો નિરાગી છે પ્રભુ, પણ વાલહો મુજ જોર,
એક પખી તે પ્રીતડી, જિમ ચંદ્રમા ને ચકોર. મુજ ૦ ૪

તુમ સાથે જે પ્રીતડી, અતિ વિષમ ખાંડા ધાર,
પણ તેહના આદર થકી,તસ ફળ તણો નહિ પાર. મુજ૦ ૫

અમે ભક્તિયોગે આણશું, મનમંદિર તુમ આજ.
વાચક વિમળના રામશું, ઘણું રીઝશો મહારાજ. મુજ. ૬

(૨)

(રાગ- વીરકુંવરની વાતડી કેને કહીયે)

ચંદ્રપ્રભની ચાકરી નિત્ય કરીએ રે, નિત્ય કરીએ રે, નિત્ય કરીએ,
કરીએ તો ભવજલ તરીએ, હાં રે ચડતે પરિણામ. ૧

લક્ષ્મણા માતા જનમીયા જિનરાય,જિન ઊડુપતિ લંછન પાય,
એતો ચંદ્રપુરીના રાય, હાં રે નિત્ય લીજે નામ. ૨

મહસેન પિતા જેહના પ્રભુ બળિયા, મુને જિનજી એકાંતે મળિયા,
મારા મનના મનોરથ ફળિયા, હાં રે દીઠે દુઃખ જાય. ૩

દોઢસો ધનુષ્યની દેહડી જિન દીપે, તેજે કરી દિનકર ઝીપે,
સુરકોડી ઉભા સમીપે, હાં રે નિત્ય કરતાં સેવ. ૪

દશ લાખ પૂર્વનું આઉખું જિન પાળી, નિજ આતમને અજવાળી,
દુષ્ટ કર્મના મર્મને ટાળી, હાં રે લહ્યું કેવળજ્ઞાન. ૫

સમેતશિખર ગિરિ આવિયા પ્રભુ રંગે, મુનિ કોડી સહસ પ્રસંગે,
પાળી અણસણ ઉલટ અંગે, હાં રે પામ્યા પરમાનંદ. ૬

શ્રી જિન ઉત્તમ રૂપને જે ધ્યાવે, તે કીર્તિ કમલા પાવે,
મોહનવિજય ગુણ ગાવે, હાં રે આપો અવિચલરાજ. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩)

(રાગ-કેદારો-ગોડી)

દેખણ દે રે સખી મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ. સખી૦
ઉપશમ રસનો કંદ, ગત કલિમલ દુઃખદંદ. સખી૦ ચંદ્ર૦ ૧

સુહુમ નિગોદે ન દેખિયો સખી૦ બાદર અતિહિ વિશેષ. સખી૦
પુઢવી આઉ ન પેખિયો સખી૦ તેઉ વાઉ ન લેશ. સખી૦ ચંદ્ર૦ ૨.

વનસ્પતિ, અતિ ઘણ દીહા સખી૦ દીઠો નહીંય દીદાર. સખી૦
બિતિ ચઉરિંદિ જળલિહા સખી૦ ગતસન્ની પણ ધાર. સખી૦ ચંદ્ર૦ ૩.

સુરતિરિ નિરય નિવાસમાં સખી૦ મનુજ અનારજ સાથ. સખી૦
અપજ્જત્તા પ્રતિભાસમાં સખી૦ ચતુર ન ચટીયો હાથ. સખી૦ ચંદ્ર૦ ૪

એમ અનેક થલ જાણિયે સખી૦ દરિસણ વિણ જિનદેવ. સખી૦
આગમથી મતિ આણીયે સખી૦ કીજે નિરમલ સેવ. સખી૦ ચંદ્ર૦ ૫.

નિર્મલ સાધુ ભગતિ લહી સખી૦ યોગ અવંચક હોય. સખી૦
કિરિયા અવંચક તિમ સહી સખી૦ ફળ અવંચક જોય. સખી૦ ચંદ્ર૦ ૬.

પ્રેરક અવસર જિનવરૂ સખી૦ મોહનીય ક્ષય થાય. સખી૦
કામિતપૂરણ સુરતરૂ સખી૦ આનંદઘન પ્રભુ પાય. સખિ૦ ચંદ્ર૦ ૭.

શ્રી સુવિધિનાથના સ્તવન-૬

(૧)

સુંવિધિજિણંદ મુજ દરિશણ ઘોને,
દિલભર દિલથી મારા સામુ થે જુઓને;

હસીતારા ચિત્તની વાત મને થે કહોને,
પ્રીતની રીતમાં શું તે વહોને. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતર ચિત્તની વારતારે, પ્રભુ કહું તે ચિત્ત ધરોને;
પ્રીત પ્રતિત જિમ ઉપજેરે, તિમ અવિહડ પ્રીત કરોને. ૨

સુંદર તુમ મુખ મટકડે રે, પ્રભુ લોભાવ્યા તેં અમને;
મુજ મન મળવા અતિ ઘણું રે,ચાહે ક્ષણમાંહે તુજને. ૩

લલચાવશો દિન કેટલા રે,ઇમ મુજને દિલાસો દેઇને;
હા ના મુખથી ભાખીયે રે, બેસી શું રહ્યાં મૌન લેઇને. ૪

હસિત વદને બોલાવીને રે, આજ મુજને રાજી કરોને;
વાંછિત દેઇ અમને રે, તુમે જગમાં સુજશ વરોને. ૫

રોગ શોગ દુઃખ દોહગ, પાપ સંતાપ ને તાપ હરીને;
પંડિત પ્રેમના ભાણને રે, પ્રસન્ન હોજો હેજ ધરીને. ૬

(૨)

તાહરી અજબશી યોગની મુદ્રા રે, લાગે મુને મીઠી રે,
એ તો ટાળે મોહની નિદ્રા રે,પ્રત્યક્ષ દીઠી રે,
લોકોત્તરશી જોગની મુદ્રા, વ્હાલા મ્હારા નિરૂપમ આસન સોહે રે;
સરસ રચિત શુક્લધ્યાનની ધારે, સુરનરના મન મોહે રે. લાગે૦ ૧

ત્રિગડે રતન સિંહાસન બેસી, વા૦ ચિહું દિશી ચામર ઢલાવે રે;
અરિહંત પદ પ્રભુતાનો ભોગી, તો પણ જોગી કહાવે રે. લાગે૦ ૨

અમૃત ઝરણી મીઠી તુજ વાણી, વા૦ જેમ આષાઢો ગાજે રે;
કાન મારગ થઈ હિયડે પેસી,સંદેહ મનના ભાંજે રે. લાગે૦ ૩

કોડીગમે ઉભા દરબારે, વા૦ જય મંગલ સુર બોલે રે;
ત્રણ ભુવનની રિદ્ધિ તુજ આગે,દીસે ઇમ તૃણ તોલે રે. લાગે૦ ૪

ભેદ લહું નહિ જોગ[૧] જુગતિનો વા૦ સુવિધિ જિણંદ બતાવો રે;
પ્રેમશું કાન્તિ કહે કરી કરૂણા, મુજ મન મંદિર આવો રે. લાગે૦ ૫

૧. યોગની રીતિ-નીતિનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩)

સુણો સુવિધિ જિણંદ સોભાગી, મુજ તુજ ચરણે લય લાગી,
હું તો ભવદવ દાહે દાઝ્યો, તેં તો સુખ સંપૂર્ણ સાધ્યો. ૧

હું તો માયા મત્સર ભરીયો, તું તો આર્જવ ગુણનો દરિયો,
હું તો ક્રોધ કષાયે બળીયો, તું તો સમતા રસમાં ભળીયો. ૨

હું તો લોભ માંહે મુંઝાણો, તું તો સંતોષ ગુણનો રાણો,
હું તો જાતિ-મદાદિકે માચ્યો, તું તો માર્દવ ગુણમાં રાચ્યો. ૩

હું તો વિષય સુખનો સંગી, તું તો વિષય સુખ નિઃસંગી,
હું તો ચિહુંગતિ માંહે રૂલીયો, તું તો શિવસુંદરીને મલીયો. ૪

પ્રભુ તું તો નિસંગી નિકલેશી, હું તો પરિણામે સંકલેશી,
તું તો જ્ઞાનાનંદે પૂરો, હું તો કર્મબંધન માંહે શૂરો. ૫

તું તો વીતરાગ પ્રસિદ્ધ, મને રાગદ્વેષે વશ કીધ,
તું તો કેવલજ્ઞાની અનુપ, મેં તો આવર્યું આપ સ્વરૂપ ૬

તું તો સત્યવાદમાં લીન, હું તો અવગુણ ગ્રાહી અબીહ,
તું તો સર્વવેદી સ્યાદ્વાદી, હું તો મોહી મિથ્યાવાદી. ૭

તું તો દેવનો દેવ દયાળ, હું તો તુજ સેવક એક બાળ,
મુજ સરીખા સેવક ઝાઝા, તું તો મારે એક જિનરાજા. ૮

મુજ ઉપર કરો મહેરબાની, તુમ જાણો સેવક વાણી,
જો ભેદ રહિત મુજને નિરખો, તો થાય સેવક તુમ સરિખો ૯

હીરે હીરો વેધાય, એમ લોક કહેવત કહેવાય,
ગુણવંત થઈ ગુણી ધ્યાવે, તો ઋદ્ધિ અનંતી પાવે. ૧૦

તુમે સહજ સ્વભાવ વિલાસી, નિજ શુદ્ધ સ્વરૂપ પ્રકાશી,
ધ્યાતા ધ્યેય ધ્યાનમાં ધ્યાવે, તો જિનપદ ઉત્તમ પાવે. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪

(રાગ-વંદો કેવળજ્ઞાન)

સુવિધિ જિનેસર સાંભળો રે, તું પ્રભુ નવનિધિ દાય;
તુજ સુપસાયે સાહિબા રે, મનવાંછિત ફળ થાય. સા૦ સુ૦ ૧

તું સાહિબ સમરથ લહી રે, બીજાશું કોણ કરે પ્રેમ ? સા૦
છોડી સરોવર હંસલો રે, છીલ્લર રીઝે કેમ ? સા૦ સુ૦ ૨

રયણ ચિંતામણિ પામીને રે, કુણ કાચે લોભાય ? સા૦;
કલ્પતરૂ છાયા લહી રે, કુણ બાવલ કને જાય ? સા૦ સુ૦ ૩

થોડી હી અધિકી ગણું રે, સેવા તુમચી દેવ; સા૦
કરે ગંગાજલ બિંદુઓ રે, નિરમલ સર નિતમેવ. સા૦ સુ૦ ૪

સમરથ દેવ શિરતિલો રે, ગુણનિધિં ગરીબ નિવાજ; સા૦
મોહે નિવાજો મયા કરી રે, સાહિબ સુવિધિ જિનરાજ. સા૦ સુ૦ ૫

તુજ ચરણે મુજ મન રમે રે, જેમ ભ્રમર અરવિંદ; સા૦
કેસર કહે સુવિધિ જિન રે, તુમ દરીસણ સુખકંદ. સા૦ સુ૦ ૬

શ્રી શીતલનાથ ભગવાનના સ્તવનો- ૫

૧

શીતલ જિન મોહે પ્યારા, સાહિબ ! શીતલ જિન મોહે પ્યારા;
ભુવન વિરોચન પંકજ લોચન, જિઉ કે જિઉ હમારા. ૧

જ્યોતિશું જ્યોત મિલત જબ ધ્યાવે, હોવત નહિ તબ ન્યારા;
બાંધી મુઠી ખુલે ભવ માયા, મીટે મહાભ્રમ ભારા. ૨.

તુમ ન્યારે તબ સબહિ ન્યારા, અંતર કુટુંબ ઉદારા;
તુમહી નજીક નજીક હૈ સબહિ, ઋદ્ધિ અનંત અપારા. ૩

વિષય લગનકી અગનિ બુઝાવત, તુમ ગુણ અનુભવ ધારા;
ભઇ મગનતા તુમ ગુણ રસકી, કુણ કંચન ! કુણ દારા ? ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શીતળતા ગુણ હોડ કરત તુમ, ચંદન કાહુ બિચારા ?
નામહિ તુમચા તાપ હરત હૈ, વાંકુ ઘસત ઘસારા. ૫
કરહુ કષ્ટ જન બહુત હમારે, નામ તિહારો આધારા;
જસ કહે જનમ મરણ ભય ભાંગો, તુમ નામે ભવપારા. ૬.

(૨)

મુજ મનડામાં તું વસ્યો રે, જ્યું કુસુમમાં વાસ;
અળગો ન રહે એક ઘડીરે, સાંભરે શ્વાસોશ્વાસ,
તુજશું રંગ લાગ્યો રંગ લાગ્યો સાતે ઘાત,
શ્રી જિનરાજ તુજશું રંગ લાગ્યો ત્રિભુવનનાથ. ૧
શીતલસ્વામી જે દિને રે, દીઠો તુમ દેદાર,
તે દિનથી મન માહરૂં રે, લાગ્યું તાહરી લાર. તુજ૦ ૨
મધુકર ચાહે માલતી રે, ચાહે ચન્દ્ર ચકોર,
તિમ મુજ મનને પ્રભુ તાહરી રે, લાગી લગન અતિ જોર. તુજ૦ 3
ભર્યા સરોવર ઉમટે રે, નદિયાં નીર ન માય,
તો પણ યાચે મેઘકું રે, જિમ ચાતક જગમાંય તુજ૦ ૪
ઇમ જગમાં પ્રભુ તુમ વિના રે, મુજ મન નાવે કોય,
ઉદય વદે પદ સેવના રે, દીજે સન્મુખ જોય. તુજ૦ ૫

(3)

(રાગ-સિદ્ધારથના રે નંદન વિનવુ)

શીતલ જિનવર સાહિબ વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાં રે ફરી ફરી નાચતા, કિમહી ન આવ્યો પાર રે. શી૦ ૧
લાખ ચોરાશી રે યોનિમાં વળી,લીધાં નવ નવ વેશ;
ભમતા ભમતા રે પુણ્યે પામીઓ, આર્ય માનવ વેશ. શી૦ ૨
તિહાં પણ દુર્લભ જ્ઞાનાદિ સાંભળી, જેહથી સીઝે રે કાજ;
તે પામીને રે ધર્મ જે નવિ કરે, તે માણસને રે લાજ. શી૦ 3

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાન દર્શન ચારિત્ર ભલું રે, જે એહ પામે રે સાર;
તેહ ભવિક જન નિશ્ચે પામશે, વહેલો ભવનો રે પાર. શી૦ ૪

તુમ સેવાથી રે સાહિબ પામીઓ, અવિચળ પદ નિવાસ;
ઋદ્ધિ કીર્તિ રે અનંતી થાપે, આપે શિવપુર વાસ. શી૦ ૫

(૪)

શ્રી શીતલજિન ભેટિયે, ભક્તે કરી ચોખું ચિત્ત હો;
તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યા તન મન વિત્ત હો ! શ્રી૦ ૧

દાયક નામે છે ઘણા પણ તું સાયર તે કૂપ હો,
તે બહુ ખજૂવા તગતગે, તુ દિનકર તેજ સ્વરૂપ હો. શ્રી૦ ૨

મોહોટો જાણીને આદર્યો, દારિદ્ર ભાંગો જગતાત હો,
તું કરૂણાવંત શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો. શ્રી૦ ૩

અંતરજામી સવિ લહો; અમ મનની જે છે વાત હો;
મા આગલ મોસાળના, શ્યા વરણવવા અવદાત હો. શ્રી૦ ૪

જાણો તો તાણો કિશ્યું, સેવા ફલ દીજે દેવ હો;
વાચક યશ કહે ટીલની, એ ન ગમે મુજ ટેવ હો. શ્રી૦ ૫

(૫)

શ્રી શીતલજિન વંદિયે-અરિહંતાજી, શીતલદર્શન જાસ-ભગ૦
વિષય કષયાને શામવા અરિ૦ અભિનવ જાણે બરાસ.ભગ૦ ૧

બાવનાચંદન પરિ કરે અરિ૦ કંટકરૂંખ[૧] સુવાસ, ભગ૦
તિમ કંટક મન માહરૂં અરિ૦ તુમ ધ્યાને હોયે શુભ વાસ. ભગ૦ ૨

નંદન નંદા માતનો અરિ૦ કરે આનંદિત લોક, ભગ૦
દઢરથ નૃપ કુલદિનમણિ અરિ૦ જિત મદ માન ને શોક. ભગ૦ ૩

શ્રી વત્સ લંછન મિસિ રહે અરિ૦ પગકમળે સુખકાર, ભગ૦
મંગળિકમાં તે થયો અરિ૦ તે ગુણ પ્રભુ આધાર. ભગ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેવળકમળા આપીએ અરિ૦ તો વાધે જગ મામ[૨], ભગ૦
ન્યાયસાગરની વિનતિ અરિ૦ સુણો ત્રિહુજગના સ્વામ. ભગ૦ ૫

૧. કાંટાળા ઝાડ ૨. મહિમા.

શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવનો-૫

(૧)

શ્રી શ્રેયાંસ જિણંદની રે, મૂરતિ સુંદર દેખી,
મધુકર માચ્યો માલતિ રે, બીજા રૂખ[૧] ઉવેખી,
લાગી મોહની રે, કે લાગી સોહની રે, મૂરતિ સુંદર દેખી. ૧

આવળ કુલ જ્યું કુટડાં[૨] રે, નહીં પરિમલ ગુણ લેશ રે,
વેશ બનાવે દેવનો રે, તિહાં શ્યોં પ્રેમ નિવેશ રે. ૨

બેપરવાહી પદ્માસને રે, મુખ શશી સહજ પ્રસન્ન રે,
નયન પીયુષ કચોલડા રે, વિગતવિકાર[૩] પ્રસન્ન રે. ૩

રાગ દ્વેષ વિણ એકલો રે, ખડ્ગી શૃંગ ઉપમાન રે,
વિષ્ણુ પિતા વિષ્ણુ માવડી રે, વિષ્ણુમાં વ્યાપ્યું જ્ઞાન રે. ૪

સુતાં ઉઠતાં જાગતાં રે, ચાલતાં કરતા કામ રે,
બોલતાં બેસતા સાંભરે રે, ખિમાવિજય જિન નામ રે. ૫

૧-વૃક્ષ, ૨-સુંદર ૩-ચાલ્યો ગયો છે વિકાર જેનો.

(૨)

શ્રી શ્રેયાંસ કૃપા કરો, તું જગબંધવ તાત રે,
અલખ નિરંજન તું જ્યો, તું જગ માંહે વિખ્યાત રે. ૧

ધન્ય ધન્ય નરભવ તેહનો રે, જેણે તુજ દરિશણ પાયો રે,
માનું ચિંતામણિ સુરતરૂં, તસ ઘર ચાલી આયો રે. ૨

ધન્ય તે ગામ નગર પુરી, જસ ઘરે તું પ્રભુ આયો રે,
ભક્તિ કરી પડિલાભીયો, તેણે બહુ સુકૃત કમાયો રે. ૩

જિહાં જિહાં ઇમ પ્રભુ તું ગયો, તિહાં બહુ પાપ પલાયો રે,
તુજ મૂરતિ નિરખી ભલી, જેણે તું દિલમાં ધાર્યો રે. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે પ્રભુ મુજને આપીએ, તુજ ચરણ નિવાસો રે,
રિદ્ધિ અનંતી આપીયે, કીર્તિ અનંતી આવાસો રે. ૫

(૩)

(રાગ - ગોડી)

શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિગતિ ગામી રે. શ્રી શ્રે૦ ૧

સયલ સંસારી ઇન્દ્રિયરામી, મુનિગણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિષ્કામી રે. શ્રી શ્રે૦ ૨

નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે. શ્રી શ્રે૩

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે,
ભાવ અધ્યાતમ નિજગુણ સાધે, તો તેહશું રટ મંડો રે. શ્રી શ્રે૦ ૪

શબ્દઅધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી શ્રે૦ ૫

અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે પહોંચ્યા પારગી, આનંદઘન મતવાસી રે; શ્રી શ્રે૦ ૬

(૪)

તુમે બહુ મેગ્યો રે સાહેબા મારે તો મન એક,
તુમ વિણ બીજો રે નવિ ગમે, એ મુજ મહોટી રે ટેક.
શ્રી શ્રેયાંસ કૃપા કરો. શ્રી૦ ૧

મન રાખો તમે સવિતણાં, પણ કિહાં એક મલિ જાઓ;
લલચાવો લખ લોકને, સાથ સહજ ન થાઓ. શ્રી૦ ૨

રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ;
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોય ન પામે રે તાગ. શ્રી૦ ૩

એહવાશું ચિત્ત મેલવ્યું, કેળવ્યું પહેલા ન કાંઇ;
સેવક નિપટ અબુઝ છે, નિર્વહેશો તુમે સાંઇ. શ્રી૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિરાગીશું રે કિમ મીલે, પણ મળવાનો એકાંત;
વાચકયશ કહે મુજ મિલ્યો, ભક્તિ કામણ તંત. શ્રી૦ ૫

(૫)

(રાગ શાંતિજીનેશ્વર સાહિબા રે)

શ્રી શ્રેયાંસ જિનવર સાંભળો, એક મોરી અરદાસ,
ઇણ ભવે જગમાં કો દીઠો નહિ, તુમ સમ લીલ વિલાસ. ૧

તું નિરાગી રાગ ધરે નહિ, મુજ મન રાગ અભંગ,
સંગ મળે જો બેહુનો એકઠો, તો મન ઉપજે રંગ. ૨

સંદેશો પણ પરઠ સુણાવવા, ન મળે વચ્ચે દલાલ,
અંતરજામી જઈ અળગા રહ્યા, મિલવાનો જંજાલ. ૩

કાલાવાલા નિત્ય પ્રભુ આગળે, કરતાં જાણશો આપ,
જો પોતાનો કરીને થાપશો, મટશે સર્વ સંતાપ. ૪

વિમલ મને વરસીદાન દીજતા, પાંતી ન પડે ભાગ,
તુજ દોલતથી હવે પામશું, મીઠી સુખની જાગ. ૫

શ્રી વાસુપૂજ્ય જિન સ્તવનો-૫

(૧)

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું,
સાહિબા વાસુપુજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા;
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ઘરશું. સા૦ ૧

મન ઘરમાં ધરીયા ઘરશોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા;
મન ચેકુંઠ અકુંઠીત ભક્તે, યોગી ભાખે અનુભવ યુક્તે. સા૦ ૨

ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા તો પ્રભુ અમે નવનિધિ રિદ્ધિ પામ્યા. સા૦ ૩

સાત રાજ અલગા જઇ બેઠા, પણ ભગતે અમ મનમાં પેઠા,
અલગાને વલગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સા૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર નીર પરે તુમશું મિલશું, વાચક 'યશ' કહે હેજે હલશું. સા૦ ૫

(૨)

વાસુપૂજય સ્વામીજીને, કરું રે પ્રણામ;
મૂરતિ સુરતિ નિરખી હરખ્યો, મારો આતમ રામ. ૧

મારો આતમરામ, મારા સુખનો ઠામ;
મિઠી આંખે દેખત મોરી, ભાવઠ ગઈ તમામ. ૨

અચરીજ તાહરી વાર્તામાં, કીધો કોલ કરાર;
મૂઢ પણે વિસારી મૂકી, નવિ કીધો નિરધાર. ૩

અવગુણ મુજમાં છે ઘણાં પણ, સાહિબ ન આણો મન;
લોકે કલંકી થાપીયો પણ, શશહર રાખ્યો તન. ૪

ભમતાં ભમતાં જોઇઓ મેં, તુજ સરીખો દેવ;
દીઠો નહિ તેણે કારણે રે, નિશ્ચે કરવી સેવ. ૫

જ્ઞાનવિમલ પદ તેં દીયો રે, મહેર કરી મહારાજ;
આટલા દિન અલેખે ગયા ને, સફળ થયો ભવ આજ. ૬

(૩)

(રાગ - સાહિબા વાસુપૂજ્ય જિણંદા)

શ્રી વાસુપૂજ્યજી સાહિબ હમારા, પ્રભુ લાગો છો તુમે પ્રેમ પ્યારા;
સાહિબા જિનરાયા હમારા, મોહના જિનરાયા હમારા;
તન મન ચિત્ત વળગ્યું તુમશું, હવે અંતર રાખો કીમ અમશું? ૧

દાસની આશા પુરીયે પ્યારા, જો નામ ધરાવો છો જગદાધારા;
અકલ લીલા તુમ પાસે જે સ્વામી, હિત આણી દીજીએ અંતરજામી. ૨

એટલી વિમાસણ શી છે તુજને ? એ તો વાંછિત દેતા સ્વામી મુજને;
ખોટ ખજાને નહિ પડે તાહરે, પણ અક્ષય ખજાનો હોશે માહરે. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભલો ભૂંડો પણ પોતાનો જાણી વળી, કરુણાની લહેર તે મનમાં આણી;
અમને મનોગત વાંછિત દેજો, પ્રભુ હેત ધરીને સામુ જોજો. ૪

વારંવાર કહું શું તમને, સેવાફળ દેજો સ્વામી મુજને;
પ્રેમ વિબુધના ભાણની પ્રભુજી, તુમ નામે દોલત ચઢતી વિભુજી. ૫

(૪)

વાસુપૂજ્ય જિન અંતરજામી, હું પ્રણમું શીરનામી રે;
ત્રિકરણ યોગે ધ્યાન તમારું, કરતાં ભવભય વારું રે. ૧

ચોત્રીશ અતિશય શોભાકારી, તુમચી જાઉં બલિહારી રે;
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, સુરપતિ ગુણ વખાણે રે. ૨

દેશના દેતા તખ્ત બિરાજે, જલધરની પરે ગાજે રે;
વાણી સુધારસ ગુણમણિ ખાણી, ભાવ ધરી સુણે પ્રાણી રે. ૩

દુવિધ ધર્મ દયાનિધિ ભાખે, હેતુ જુગતે પ્રકાશે રે;
ભેદ રહિત પ્રભુ નીરખો મુજને, તો શોભા છે તુજને રે. ૪

મુદ્રા સુંદર દીપે તાહરી, મોહ્યા અમર નરનારી રે;
સાહિબ સમતા રસનો દરિયો, માર્દવ ગુણથી ભરીયો રે. ૫

સહજાનંદી સાહિબ સાચો, જેમ હોય હીરો જાચો રે;
પરમાતમ પ્રભુ ધ્યાને ધ્યાવો, અક્ષય લીલા પાવો રે. ૬

રક્ત વરણ દીપે તનુ કાંતિ, જોતાં ટળે ભવ ભ્રાંતિ રે;
ઉત્તમવિજય વિબુધનો શિશ, રત્નવિજય સુજગીશ રે. ૭

(૫)

ધરશો ન દિલમાં રીશ પ્રભુજી, ધરશો ન દિલમાં રીશ;
તું દાયક ને હું માગણ છું, માંગણી તો માંગીશ;
હઠીલો થઇને હઠ માંડીશ. પ્રભુજી. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજકાલ કહી કહી લલચાવ્યો, દીધું ન હા થી દાન;
ફરી ફરી ફેરા ફરી થાક્યો,તોયે ન દીધુ ધ્યાન;
હવે હું ઘરઘર ઘરણું ઘાલીશ. પ્રભુજી.૨

મોખ નથી હમણાં દેવાનો, મુખે કહેતાં શું થાય;
સૂડી વચ્ચે સોપારી આવી, એવો બન્યો છે ન્યાય;
છતાં નહિ લીધા વિના જઇશ પ્રભુજી. ૩

ના ના કહેતા માન ન રહેતાં, દેતાં ન ચાલે જીવ;
દાતાથી પણ કુંજસ સારો, ના કહી આપે સદૈવ;
જિણંદજી ખાલી કેમ કાઢીશ. પ્રભુજી ૪

ઓછું થઈ જાશે એવા ભયથી, દેતાં કરો છો વિચાર;
માંગ જે માંગે આપું તુજને, તેં કેમ કર્યો ન ઉચ્ચાર;
હવે તું મુજને શું આપીશ. પ્રભુજી. ૫

દાયક બિરૂદ ધરીને બેઠા, કલ્પતરૂની જેમ;
હવે યાચકનું વાંછીત દેતા, ગુંદા ગાળો છો કેમ ?
જગપતિ બિરૂદ કેમ પાળીશ ? પ્રભુજી. ૬

ધાર્યાથી તને ઓછું આપીશ,કાઢીશ નહી નિરાશ;
આટલું પણ નવી મુખથી બોલો, શું અમ સરશે આશ;
વળી મુજ દારિદ્ર શું ટાળીશ. પ્રભુજી ૭

તું દારિદ્ર દાવાનળ સમાવવા, સમજી મેઘ સમાન;
વર્ષ વર્ષ કહેતો હું મુખથી, ધરું છું તાહરું ધ્યાન;
છતાં મને ક્યાં સુધી સતાવીશ.પ્રભુજી ૮

વીતરાગ પદ પામી પોતે, ભક્તને રાગી કીધ;
રાગીને શું આપે નિરાગી, હવે મેં સમજણ લીધ;
મુનિવર ઇચ્છાને વારીશ. પ્રભુજી. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નરપતિ ચંપાનગરીના વાસી, વાસુપૂજ્ય પરમેશ્વર;
ચતુરવિજયનો કિંકર કહે છે, દર્શન તારું હંમેશ;
મળો મુજ ઉમેદ દિલ રાખીશ. પ્રભુજી ૧૦

શ્રી વિમલનાથ જિન સ્તવનો - ૪

(૧)

પ્રભુજી ! મુજ અવગુણ મત દેખો.....
રાગ દશાથી તું રહે ન્યારો.હું મન રાગે વાળુ;
દ્વેષ રહિત તું સમતા ભીનો, દ્વેષ મારગ હું ચાલું. પ્ર૦ ૧

મોહ લેશ ફરસ્યો નહીં તુંહી, મોહ લગન મુજ પ્યારી;
તું અકલંકી કલંકિત હું તો, એ પણ રહેણી ન્યારી.પ્ર૦ ૨.

તું હંા નિરાગી ભાવપદ સાધે, હું આશા સંગ વિલૂધ્યો;
તું નિશ્ચલ હું ચલ, તું સૂદ્ધો, હું આચરણે ઉંધ્યો. પ્ર૦ ૩

તુજ સ્વભાવથી અવળા માહરાં, ચરિત્ર સકળ જગે જાણ્યા;
એવા અવગુણ મુજ અતિભારી, નવિ ઘટે તુજ મુખ આણ્યાં. પ્ર૦ ૪

પ્રેમ નવલ જો હોયે સવાઈ, વિમલનાથ મુખ આગે;
કાંતિ કહે ભવરાન ઉતરતાં, તો વેળા નવિ લાગે. પ્ર૦ ૫

(૨)

સેવો ભવિયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન સંગાજી,
એહવા પ્રભુનું દરિસન લેવું, તે આળસમાંહે ગંગાજી. સેવો૦ ૧

અવસર પામી આળસ કરશે,તે મૂરખમાં પહેલોજી;
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. સેવો૦ ૨

ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથિ જે પોળપોળિયો,કર્મ વિવર ઉઘાડેજી. સેવો૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલા લોકે આંજિજી;
લોયણ ગુરૂ પરમાન્ન દિએ તવ, ભ્રમ નાંખે સવિ ભાંજિજી. સેવો૦ ૪

ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરૂં મન ખોલીજી;
સરલતણે જે હઇડે આવે, તેહ જણાવે બોલીજી. સેવો૦ ૫

શ્રી નયવિજય વિબુધ પય સેવક; વાચક 'યશ' કહે સાચુંજી;
કોડિ કપટ જો કોઈ દિખાવે, તોહી પ્રભુ વિણ નવિ રાચુંજી. સેવો૦ ૬

(૩)

મનવસી મનવસી મનવસી રે,પ્રભુજીની મૂરતિ માહરે મનવસી રે,
જિમ હંસા મન વાહલી ગંગ, જિમ ચતુરમન ચતુરનો સંગ;
જિમ બાળકને માત ઉછંગ,તિમ મુજને પ્રભુ સાથે રંગ. ૧

મુખ સોહે પુનમનો ચંદ, નયન કમળદળ મોહે ઇંદ,
અધર જિસ્યા પરવાળી લાલ, અર્ધ શશિ સમ દીપે ભાલ. ૨

બાહાડી જાણે નાલ મૃણાલ, પ્રભુજી મેરો પરમ કૃપાળ,
જોતાં કો નહીં પ્રભુની જોડ, પૂરે ત્રિભુવન કેરા કોડ. ૩

સાગરથી અધિકો ગંભીર સેવ્યો આપે ભવનો તીર,
સેવે સુરનર કોડા કોડ, કરમ તણા મદ નાખે મોડ. ૪

ભેટયો ભાવે વિમળજિણંદ, મુજ મન વાધ્યો પરમાનંદ,
વિમળવિજય વાચકનો શિષ્ય, રામ કહે મુજ પૂરો જગીશ. ૫

(૪)

(રાગ-મલ્હાર)

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ;
ધીંગધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ ?
વિમલજિન દીઠાં લોયણ આજ, મારાં સિધ્યાં વાંછિતકાજ. વિ. ૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચરણકમલ કમલા વસે રે, નિરમલ થિરપદ દેખ;
સમલ અથિરપદ પરિહરી રે, પંકજ પામર પેખ. વિ ૦ ૨

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદરધરા રે, ઇન્દ્ર ચંદ્ર નાગેન્દ્ર. વિ. ૦ ૩

સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે, મારા આતમયો આધાર. વિ. ૦ ૪

દરિશણ દીઠે જિન તણો રે, સંશય ન રહે લેધ;
દિનકર કર ભર પસરતા રે, અંધકાર પ્રતિષેધ. વિ. ૦ ૫

અમીયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંતસુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય. વિ. ૦ ૬

એક અરજ સેવકતણી રે, અવધારો જિનદેવ,
કૃપા કરી મુજ દીજીયેં રે, આનંદઘન પદ સેવ. વિ. ૦ ૭

શ્રી અનંતજિન સ્તવન-૩

(૧)

ધાર તલવારની સોહિલી દોહિલી, ચઉદમા જિનતણી ચરણસેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવનાધાર પર રહે ન દેવા. ધા૦ ૧

એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહે લેખે. ધા૦ ૨

ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતાં, તત્વની વાત કરતાં ન લાજે !
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાલ રાજે. ધા૦ ૩

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ, સાંભળી આદરી કાંઈ રાચો ? ધા૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે ? કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો !
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વકિરિયા કરી, છાર પર લીંપણું તેહજાણો. ઢા૦ ૫

પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિશ્યો, ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરખો. ઢા૦ ૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુકાલ સુખ અનુભવી, નિયત **આનંદઘન** રાજ પાવે. ઢા૦ ૭

(૨)

સુંદર મૂર્તિ તુમ તણી, પ્યારી લાગે જિણંદા;
ક્ષણ એક સંગ ન પરિહરું, તુમ દીઠે આણંદા. ૧

કૌમુદ ચન્દ્ર સમાન છે, પ્રભુજી તુમ મુખડું;
લગન લાગી જોવા તણી, એહમાં નહિ કુડું. ૨

વિકસિત પદ્મ સમાન છે, સાહિબ તુમ નયણાં;
સાકર દ્રાક્ષ થકી ઘણાં, મીઠાં તુમ વયણાં. ૩

આણંદ પામ્યો દેખીને, અનંત જિન તુમને;
હૃદયે ઉલટ આણીને, વાંછિત દેજો અમને. ૪

શ્રી વિજયપ્રભસૂરિ ગચ્છ ઘણી, તપગચ્છમાં દિણંદા;
પંડિત પ્રેમના **ભાણને**, તુમ નામે આણંદા. ૫

(૩)

(રાગ - શ્રી જીનવરને પ્રગટ થયુ રે)

કરુણાયર પ્રભુ વિનવું રે, વિનતડી અવધાર;
તુજ દર્શન વિણ હું ભમ્યો રે કાલ અનંત અપાર,
જિણંદરાય ! હવે મુજ પાર ઉતાર. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂક્ષ્મ નિગોદમાં હું ભમ્યો રે, પુદ્‌ગલ પરિટ્ટ અનંત;
અવ્યવહાર રાશિ વસ્યો રે, ભવ ક્ષુલ્લક અતિ જંત. જિ૦ ૨

સૂક્ષ્મ થાવરપણું પામીયો રે,અનુક્રમે બાદર ભાવ;
જન્મ મરણ પ્રભુ બહુ કર્યા રે, જિહાં સુખનો અટકાવ. જિ૦ ૩

વિકલપણું પામ્યા પછી રે, તિરિ પંચેંદ્રિ અજાણ;
શુદ્ધ તત્ત્વ જાણ્યા વિના રે, ભમીઓ નવ નવ ઠાણ. જિ૦ ૪

ઇમ કોઈ પુરવ પુન્યથી રે, મનુષ્ય જન્મ સુજાણ;
શુદ્ધ સામગ્રી સંયોગથી રે, દીઠો તું ત્રિભુવન ભાણ.જિ૦ ૫

અનંતનાથ જિનેશ્વર રે,તારક તું જગદેવ;
મોહન કહે તુજ નામથી રે, ટળશે અનાદિ કુટેવ જિ૦ ૬

શ્રી ધર્મનાથજિન સ્તવન - ૬

(૧)

ધર્મ જિણેસર ધર્મધુરંધર, પૂરણ પુણ્યે મલિઓ;
મન મરૂથલમેં સુરતરુ ફલિઓ, આજ થકી દિન વલિયો;
પ્રભુજી ! મહેર કરી મહારાજ, કાજ હવે મુજ સારો;
સાહિબ ! ગુણનિધિ ગરીબ નિવાજ, ભવદવ પાર ઉતારો. ૧

બહુ ગુણવંતા જેહ તેં તાર્યા, તે નહિ પાડ તુમારો;
મુજ સરિખો પત્થર જો તારો,તો તુમચી બલિહારો. પ્રભુજી. ૨

હું નિર્ગુણ પણ તાહરી સંગતે, ગુણ લહું તેહ ઘટમાન;
નિંબાદિક પણ ચંદન સંગે, ચંદન સમ લહે તાન. પ્રભુજી. ૩

નિર્ગુણ જાણી છેહ મ દેવો, જોવો આપ વિચારી;
ચંદ્ર કલંકિત પણ નિજ શિરથી, ન તજે ગંગાધારી.પ્રભુજી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુવ્રતાનંદન સુવ્રતદાયક, ધારક જિનપદવીનો;
પાયક જાસ સુરાસુર કિન્નર, ઘાયક મોહરિપુનો. પ્રભુજી. ૫
તારક તુમ સમ અવર ન દીઠો, લાયક નાથ હમારો;
શ્રી ગુરુ ક્ષમાવિજય પય સેવી, કહે જિન ભવજલ તારો.પ્રભુજી. ૬

(૨)

થાંશું[૧] પ્રેમ બન્યો છે રાજ, નિરવહશો તો લેખે,
મેં રાગી થેં છો નિરાગી, અણજુગતે હોય હાંસી;
એક પખો જે નેહ નિરવહેવો, તે માંકી[૨] શાબાશી થાં૦ ૧

નીરાગી સેવે કાંઈ હોવે, ઇમ મનમાં નવિ આણું,
ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું. થાં ૦ ૨

ચંદન શિતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે,
સેવકના તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે. થાં૦ ૩

વ્યસન ઉદય જિમ જલધિ અનુહરે, શશીને તેજ સંબંધે,
અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થાં૦ ૪

દેવ અનેરા તુમથી છોટા, થેં જગમેં અધિકેરા,
'યશ' કહે ધર્મ જિનેશ્વર થાંશુ, દિલ માન્યા હે મેરા. થાં૦ ૫

૧. તમારી સાથે ૨. મારી

(૩)

લ્યોને લ્યોને લ્યોને મુજરો લ્યોને, ધર્મ જિનેશ્વર પ્યારા,
મુજરો લ્યોને લ્યોને, જીવન પ્રાણ આધારા. ૧

તુમ ગુણ રંગે અમે પ્રભુ રાચ્યા, માચ્યા નામ સુણીને;
અમે દર્શનના અર્થી તુમ કને, આવ્યા દાયક જાણીને. ૨

અરજ ન છંડી એકની હવે,દીજે દર્શન અમને;
દર્શન દેઇ સુપ્રસન્ન કીજે, એ શોભા છે તુમને ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુજ ઘટ પ્રગટ્યો આણંદ અબહું નવલી મૂર્તિ પેખી;
વિકસિત કમળ પરે મુજ હૈયડું, થાયે તુમ મુખ દેખી. ૪

મુજ ભક્તિએ તુમ આકર્ષ્યા, આવ્યા છો મુજ ઘટમાં;
ન્યૂનતા નહિ રહે કશી માહરી, મુજ સમ કો નહિ જગમાં. ૫

સુવ્રતાનંદન સુરનર સેવિત, પુરણ પુણ્યે પાયો;
પંડિત પ્રેમવિજય સુપસાયે, **ભાણવિજય** મન ભાયો. ૬

(૪)

(રાગ - ગોડી)

ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત; જિનેશ્વર.
બીજો મનમંદિર આણું નહી, એ અમ કુલવટ રીત. જિને૦ ધર્મ૦ ૧

ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ; જિને૦
ધર્મ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ. જિને૦ ધર્મ૦ ૨

પ્રવચન અંજન જો સદ્‌ગુરૂ કરે, દેખે પરમનિધાન; જિને૦
હૃદયનયણ નિહાળો જગધણી, મહિમા મેરૂ સમાન. જિને૦ ધર્મ૦ ૩

દોડત દોડત દોડત દોડીઓ, જેતી મનની રે દોડ; જિને૦
પ્રેમ પ્રતીત વિચારો ટૂંકડી, ગુરુગમ લેજો રે જોડ. જિને૦ ધર્મ૦ ૪

એકપખી કેમ પ્રીતિ પરવડે ? ઉભય મિલ્યા હોય સંધ જિને૦
હું રાગી હું મોહે ફંદીઓ, તુ નિરાગી નિરબંધ. જિને૦ ધર્મ૦ ૫

પરમ નિધાન પ્રગટ મુખ આગલે, જગત ઉલંઘી હો જાય ! જિને૦
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પુલાય ; જિને૦ ધર્મ૦ ૬

નિરમલ ગુણમણિ રોહણભૂધરા, મુનિજન માનસહંસ ; જિને૦
ધન્ય તે નગરી ધન્ય વેલા ઘડી, માતપિતા કુલવંશ ! જિને૦ ધર્મ૦ ૭

મનમધુકર વર કરજોડી કહે, પદકજ નિકટ નિવાસ; જિને૦
ઘનનામી **આનંદઘન** સાંભલો, એ સેવક અરદાસ. જિને૦ ધર્મ૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫)

ધર્મ જિનેસર દરિશન પાયો, પ્રબલ પુણ્યે આજરે,
માનુ ભવજલ રાશિ તરવા મળ્યું જંગી જહાજ રે. ૧

સુકૃત સુરતરૂ સ્હેજે ફળીયો, દુરિત ટળીયો વેગે રે,
ભુવન પાવન સ્વામી મળીયો, ટળીયો સકલ ઉદ્વેગ રે. ૨

નામ સમરૂં રાત-દિહાં, પવિત્ર જિવ્હા હોયરે;
ફરી ફરી મુજ એહ ઇહા, નેહ નયણે જોય રે. ૩

તુંહી માતા તું હી ત્રાતા, તું હી ભ્રાતા સયણ રે;
તું હી સુરતરૂ,તું હી સદ્‌ગુરૂ, નિસુણો સેવક વયણ રે. ૪

આપ વિલાસો સુખ અનંતા, રહ્યા દુઃખથી દૂર રે;
એણી પેરે કિમ શોભા લેશો, કરો દાસ હજૂર રે. ૫

એમ વિચારી ચરણ સેવા,દાસને દ્યો દેવ રે;
જ્ઞાનવિમલ જિણંદ ધ્યાને,પામે સુખ નિત્યમેવ રે. ૬

(૬)

હાંરે મારે ધર્મ જિણંદશું લાગી પૂરણ પ્રીત જો,
જીવલડો લલચાણો જિનજીની ઓલગે રે લો,
હાંરે મુને થાશે કોઈક સમય પ્રભુ સુપ્રસન્ન જો,
વાતલડી તવ માહરી સવિ થાશે વગે રે લો. ૧

હાંરે પ્રભુ દુર્જનનો ભંભેર્યો માહરો નાથ જો,
ઓળવશે નહીં ક્યારે કીધી ચાકરી રે લો,
હાંરે મારા સ્વામી સરિખો કુણ છે દુનિયામાંહિ જો,
જઇએ જિમ તેહને ઘર આશા કરી રે લો. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાંરે જસ સેવાસેતી સ્વારથની નહિ સિદ્ધિ જો,
ઠાલી રે શી કરવી તેહશી ગોઠડી રે લો,
હાંરે કાંઈ જુહું ખાયે તે મીઠાઈને માટે જો,
કાંઈ રે પરમારથ વિણ નહિ પ્રીતડી રે લો. ૩

હાંરે મારે અંતરજામી જીવન પ્રાણ આધાર જો,
વાહ્લો રે નવિ જાણ્યો કલિયુગ વાયરો રે લો,
હાંરે મારે લાયક નાયક ભક્તવત્સલ ભગવાન જો,
વારુ રે ગુણ કેરો સાહિબ સાયરો રે લો. ૪

હાંરે પ્રભુ લાગી મુજને તાહરી માયા જોર જો,
અલગા રે રહેવાથી હોય ઓશીંગલો[૧] રે લો.
હાંરે કુણ જાણે અંતર્ગતની વિણ મહારાજ જો,
હેંજે રે હસી બોલો છાંડી આમલો[૨] રે લો. ૫

હાંરે તારે મુખને મટકે અટક્યું માહરું મન જો.
આંખલડી અણીયાલી કામણગારીઆ રે લો,
હાંરે મારા નયણા લંપટ જોવે ખીણ ખિણ તુજ જો,
રાતા[૩] રે પ્રભુરૂપે[૪] રહે વારીયાં રે લો. ૬

હાંરે પ્રભુ અલગા તો પણ જાણજો કરીને હજુર જો,
તાહરી રે બલિહારી હું જાઉં વારણે રે લો,
હાંરે કવિ રૂપવિબુધનો મોહન કરે અરદાસ જો,
ગિરૂઆથી મન આણી ઉલટ અતિ ઘણે રે લો. ૭

૧-પ્રેમમાં અંતરાય. ૨-મનની ટીલ ૩- આશક્ત. ૪-આપના સ્વરૂપે.

શ્રી શાંતિનાથપ્રભુના સ્તવનો-૧૯

(૧)

શાન્તિ જિનેશ્વર સાચો સાહિબ, શાન્તિકરણ ઘન કલિમેં હો જિનજી૦ ૧
તું મેરા મનમેં તું મેરા દિલમેં, ધ્યાન ધરું પલપલમેં હો૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવમાં ભમતાં મેં દરિશન પાયો, આશા પૂરો એક પલમેં હો૦ ૩
નિર્મલજ્યોત વદન પર સોહે, નિકસ્યો, જયું ચંદ બાદલમેં હો ૦ ૪
મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જયું જલમેં હો૦ ૫
જિનરંગ કહે પ્રભુ શાન્તિ જિનેસર,દીઠોજી દેવ સકલ મેં હો ૦ ૬

(૨)

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં, ધ્યાનમે ધ્યાનમેં ધ્યાનમેં...
બિસર ગઈ દુવિધા તનમનકી, અચિરાસુત ગુણગાનમેં.

હરિહરબ્રહ્મા પુરંદરકી ઋદ્ધિ આવત નહિ કોઉ માનમેં;
ચિદાનંદકી મોજ મચી હૈ, સમતારસ કે પાનમેં હમ૦ ૧

ઇતને દિન તુમ નાહિ પીછાન્યો, મેરો જન્મ ગયો અજાનમેં;
અબ તો અધિકારી હોઈ બેઠે, પ્રભુગુણ અખય ખજાનમેં. હમ૦ ૨

ગઈ દીનતા સબહી હમારી,પ્રભુ તુજ સમકિત દાનમેં;
પ્રભુગુણ અનુભવ રસ કે આગે, આવત નહિ કોઉ માનમેં. હમ૦ ૩

જિનહિ પાયા તિનહિ છિપાયા, ન કહે કોઉ કે કાનમેં;
તાલી લાગી જબ અનુભવકી,તબ સમજે કોઉ સાનમે. હમ૦ ૪

પ્રભુગુણ અનુભવ ચંદ્રહાસ જ્યો, સો તો ન રહે મ્યાનમેં;
વાચકયશ કહે મોહ મહાઅરિ, જીત લીયો હે મેદાનમે, હમ૦ ૫

(૩)

મારો મુજરો લ્યોને રાજ ! સાહિબ ! શાંતિ ! સલૂણા !
અચિરાજીના નંદન તોરે, દરિશણ હેતે આવ્યો;
સમકિત રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો. મારો૦ ૧.

દુઃખભંજન છે બિરુદ તમારું અમને આશા તુમારી;
તુમે નિરાગી થઈને છૂટો, શી ગતિ હોશે હમારી ? મારો૦ ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહેશે લોક 'ન તાણી કહેવું, એવડું સ્વામી આગે;
પણ બાળક જો બોલી ન જાણે, તો કિમ વ્હાલો લાગે ? મારો૦ ૩.

મારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું માનું ?
ચિંતામણિ જેણેગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું ? મારો૦ ૪.

અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહતિમિર હર્યું જુગતે;
વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે. મારો૦ ૫.

(૪)

ધન્ય દિન વેલા,ધન્ય ઘડી તેહ, અચિરારો નંદન જિન જદિ ભેટશુંજી
લહિશું રે સુખ દેખી મુખચંદ, વિરહ વ્યથાનાં દુઃખ સવિ મેટશુંજી. ૧

જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ, બીજા રે રસ તેહને મન નવિ ગમેજી;
ચાખ્યો રે જેણે અમિ લવલેશ, બાકસ બુક્સ તસ ન રૂચે કિમેજી ૨

તુજ સમકિત રસ સ્વાદનો જાણ, પાપ કુભક્તે બહુ દિન સેવીયુંજી;
સેવે જો કર્મને જોગે તોહિ, વાંછે તે સમકિત અમૃત ઘુરે લિખ્યુંજી. ૩

તાહરું ધ્યાન તે સમકિત રૂપ, તેહી જ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી;
તેહથી રે જાએ સઘલાં પાપ, ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોય પછે જી. ૪

દેખી રે અદ્‌ભુત તાહરું રૂપ,અચરિજ ભવિક અરૂપી પદ વરેજી;
તાહરી ગતિ તું જાણે હો દેવ,સ્મરણ ભજન તે વાચક 'જશ કરેજી.' ૫

(૫)

(રાગ-મારો મુજરો લ્યોને રાજ)

શાંતિ જિનેશ્વર સાહિબ મારો, મલીઓ જગનો તારૂ,
ભીમભવોદધિ તરવા કારણ, જિનપદ પ્રવહણ વારૂ;
સાહિબ નીરખો આજ, સેવક નેહ ધરીને રે,
માનીતો માનો આજ, મનમાં મહેર કરીને રે. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અચિરા કુખે જબ પ્રભુ આયા, તબ સવિ દુરિત ગમાણા;
ઘરે ઘરે મંગલમાલા પ્રગટી, દુઃખ દોહગ કુમલાણા. ૦ સાહિબ ૨

મૃગ લંછન મનહરણી મૂર્તિ, સુરતી સુંદર દીસે;
ચંદ્ર ચકોર તણી પરે નીરખી, તન મન હૈયું હીસે. ૦ સાહિબ ૩

જેમ પારેવા પંખી ઉપરે, કીધી કરૂણા સ્વામી;
તેમ જો સેવકને સંભારો, તો સાચો અંતર્યામી. ૦ સાહિબ ૪

વિશ્વસેન નૃપ નયણાનંદન, ચંદન શીતલ વાણી;
શક્તિ તુમારી જગજન તારક, જાણી વિબુધ વખાણી. ૦ સાહિબ ૫

(૬)

(રાગ - સ્વામી તુમે કાઇ કામણ કીધુ)

સકલ સમીહિત સુરતરૂકંદા, શાંતિકરણ શ્રી શાંતિજિણંદા,
સાહિબા જિનરાજ હમારા... મોહન મહારાજ હમારા...
ત્રિકરણ શુદ્ધે ચરણ તુજ વલગ્યા, પલક માત્ર ન રહું હવે અળગા. ૧
વળગો તે અલગો કિમ જાશે, છંડ્યો તુમ નવિ છંડાસે,
પ્રભુ તુમે કોઈશું નેહ ન લાવો, વીતરાગ કહી સવિ સમજાવો. ૨

બીજા અવર કહો ઇમ સમજે, પણ છોરૂં દીધાથી રીઝે,
બાલકના હઠથી નવિ ચાલે, જે માંગે તે માવિતર આલે. ૩

ભક્તે ખેંચી મનમાંહે આણ્યો, સહજ સ્વભાવે પણ મેં જાણ્યો,
માહરે એક પ્રતિજ્ઞા સાચી, તુમ પદ સેવા એક જ જાચી. ૪

કબજે આવ્યાકેમ છૂટીજે, જે મુહ માંગે તેહિ જ દિજે,
અભેદપણે જો મનમાં મલશો, કબજેથી પ્રભુ તમે નિકલશો. ૫

અક્ષય ભાવનિધિ તુમ પાસ, આપી દાસને પૂરો આશ,
જ્ઞાનવિમલ સમકિત પ્રભુતાઈ દીધે સાહિબ આપ વડાઈ. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૭)

ક્ષણ ક્ષણ સાંભરો શાંતિ સલૂણા ! ધ્યાન ભુવન જિનરાજ પરૂણા;
શાંતિ જિણંદકો નામ અમીસેં. ઉલ્લસિત હોત હમ રોમ વપુના.
ભવયોગાનમેં ફિરતે પાયે, છોરત મેં નહિ ચરણ પ્રભુનાં ૧.

છિલ્લરમે રતિ કબહુ ન પાવે, જે ઝીલે જલ ગંગ-ચમુના;
તુમ સમ હમ શિર નાથ ન થાશે, કર્મ અધુના દૂના ધુના. ૨

મોહ લડાઈમેં તેરી સહાઈ, તો ક્ષણમેં છિન્ન છિન્ન કટુના;
નહિ ઘટે પ્રભુ આના કૂના,આચિરાસુત પતિ મોક્ષ વધૂના. ૩

ઓરકી પાસ મેં આશ ન કરતેં, ચાર અનંત પસાય કરુના;
ક્યું કર માગત પાસ ધતૂરે, યુગલિક યાચક કલ્પતરુના. ૪

ધ્યાન ખડ્ગવર તેરે આસંગે, મોહ ડરે સારી ભીક ભરુના;
ધ્યાન અરૂપી તો સાંઇ અરૂપી, ભક્તેં ધ્યાવત તાના તૂના. ૫.

અનુભવ રંગ વધ્યો ઉપયોગે, ધ્યાન સુપનમેં કાયા ચુના;
ચિદાનંદ ઝકઝોલ ઘટાસેં, શ્રી શુભવીર વિજય પડિપુન્ના. ૬.

(૮)

(રાગ - દિન દુઃખીયાનો તુ છે બેલી)

આજ થકી મેં પામીયો રે, ચિંતામણી સમ ઇશ;
સકલ મનોરથ પૂરવા રે, ઉગીયો વીશવાવીશ.
ભવિકજન ! સેવો શાંતિ જિણંદ ૧

મોટાના મનમાં નહીં રે, સેવકની અરદાસ;
ઇણ વાતે જુગતું નહીં રે, જેહશું બાંધી આશ. ભ૦ ૨

સાહિબથી દૂરે રહ્યા રે, કો નવિ સીઝે કામ;
તો પણ નજરે નિહાલતાં રે, કો નવિ લાગે દામ. ભ૦ ૩

ઓળગ કીજે તાહરી રે, અહનિશ ઉભા બાર;
તો પણ તું રીઝે નહીં રે, એ છે કવણ વિચાર. ભ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપરલી વાતો કીયા રે, નાવે મન વિશ્વાસ;
આપ રૂપે આવી મિલો રે, જિમ હોવે લીલ વિલાસ. ભ૦ ૫

દૃઢ વિશ્વાસ કરી કહુ રે, તુંહિ જ સાહિબ એક;
જો જાણો તો જાણજો રે, મુજ મન એહિ જ ટેક. ભ૦ ૬

શાન્તિ જિનેશ્વર સાહિબા રે, વિનતડી અવધાર;
કહે **કવિયણ** પ્રભુ આજથી રે, અંતર દૂર નિવાર. ભ૦ ૭

૯

શાંતિ જિનેશ્વર સાહિબા રે, શાંતિતણા દાતાર;
અંતરજામી છો માહરા રે, આતમના આધાર. શાંતિ૦ ૧

ચિત્ત ચાહે પ્રભુ ચાકરી રે, મન ચાહે મળવાને કાજ;
નયન ચાહે પ્રભુ નિરખવા રે, ઘો દરિશન મહારાજ. શાંતિ૦ ૨

પલક ન વિસરો મન થકી રે, જિમ મોરા મન મેહ;
એક પખો કેમ રાખીએ રે, રાજ કપટનો નેહ. શાંતિ૦ ૩

નેહ નજરે નિહાળતાં રે, વાધે બમણો વાન;
અખૂટ ખજાનો પ્રભુ તાહરો રે, દીજીએ વાંછિત દાન. શાંતિ૦ ૪

આશ કરે જે કોઈ આપણી રે, નવી મૂકીએ નિરાશ;
સેવક જાણીને આપણો રે, દીજીએ તાસ દિલાસ. શાંતિ૦ ૫

દાયકને દેતાં થકાં રે, ક્ષણ નવિ લાગે વાર;
કાજ સરે નિજ દાસનાં રે, એ મ્હોટો ઉપકાર. શાંતિ૦ ૬

એવું જાણીને જગધણી રે, દિલમાંહી ધરજો પ્યાર;
રૂપવિજય કવિરાયનો રે, મોહન જય જયકાર. શાંતિ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૦)

સુણ દયાનિધિ ! તુજ પદ પંકજ મુજ મન મધુકર લીનો,
તું તો રાત દિવસ રહે સુખ ભીનો. સુણ૦
પ્રભુ અચિરા માતાનો જાયો, વિશ્વસેન ઉત્તમ કુળ આયો;
એક ભવમાં દોય પદવી પાયો. સુણ૦ ૧.

પ્રભુ ચક્રી જિનપદનો ભોગી, શાંતિ નામ થકી થાય નિરોગી;
તુજ સમ અવર નહિ દુજો યોગી. સુણ૦ ૨.

ષટ્‌ખંડ તણો પ્રભુ તું ત્યાગી, નિજ આતમ ઋદ્ધિ તણો રાગી;
તુજ સમ અવર નહીં વૈરાગી. સુણ૦ ૩.

વડવીર થયા સંજમધારી, લહે કેળલદુગ કમળા સારી;
તુજ સમ અવર નહિ ઉપકારી. સુણ૦ ૪.

પ્રભુ મેઘરથ ભવ ગુણખાણી, પારેવા ઉપર કરુણા આણી;
નિજ શરણે રાખ્યો સુખખાણી. સુણ૦ ૫.

પ્રભુ કર્મકટક ભવભય ટાળી, નિજ આતમ ગુણને અજુવાળી;
પ્રભુ પામ્યા શિવવધૂ લટકાળી. સુણ૦ ૬.

સાહેબ ! એક મુજરો માનીજે, નિજ સેવકને ઉત્તમ પદ દીજે;
રૂપકીર્તિ કહે તુજ જીવવિજે. સુણ૦ ૭

(૧૧)

સોલમાં શાંતિ જિનેશ્વરદેવકે, અચિરાના નંદ રે;
જેહની સારે સુરપતિ સેવ કે, અચિરાના નંદ રે ॥અ૦॥ ૧
તિરિ નર સુર સમુદાય કે ॥અ૦॥ એક યોજન માંહે સમાય કે ॥અ૦॥ ૧

તેહને પ્રભુજીની વાણી કે ॥અ૦॥ પરિણમે સમજે ભવિ પ્રાણી કે. ॥અ૦॥
સહુ જીવના સંશય ભાંજે કે ॥અ૦॥ પ્રભુ મેઘધ્વનિ એમ ગાજે કે. ॥અ૦॥ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેહને જોયણ સવાસો માન કે ॥અ०॥ જે પૂર્વના રોગ તેણે થાન કે, ॥અ०॥
સવિ નાશ થાયે નવા નાવે કે ॥અ०॥ ષડ્ માસ પ્રભુ પરભાવે કે. ॥અ०॥ ૩

જિહાં જિનજી વિચરે રંગ કે ॥અ०॥ નવિ મૂષક શલભ પતંગકે, ॥અ०॥
નવિ કોઇને વયર વિરોધ કે ॥અ०॥ અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રોધ કે. ॥અ० ॥ ૪

નિજ-પરચકનો ભય નાસે કે ॥અ० ॥ વળી મરકી નાવે પાસે કે, ॥અ०॥
પ્રભુ વિચરે તિહા ન દુકાલ કે ॥અ०॥ જાયે ઉપદ્રવ સવિ તત્કાલ કે. ॥અ०॥ ૫

જસ મસ્તક પૂંઠે રાજે કે ॥અ०॥ ભામંડલ રવિ પરે છાજે કે, ॥અ०॥
કર્મક્ષયથી અતિશય અગીયાર કે ॥અ०॥ માનું યોગ્ય સામ્રાજ્ય પરિવાર કે. ॥અ०॥ ૬

કબ દેખુ ભાવ એ ભાવે કે ॥અ०॥ એમ હોંશ ઘણી ચિત્ત આવે કે ॥અ०॥
શ્રી જિન ઉત્તમ પરભાવે કે ॥અ०॥ કહે **પદ્મવિજય** બની આવે કે ॥અ०॥ ૭

(૧૨)

સોલમા શ્રી જિનરાજ ઓળગ સુણો અમતણી, લલના;
ભગતથી એવડી કેમ કરો છો ભોળામણી, લલના,
ચરણે વળગ્યો જેહ આવીને થઈ ખરો, લલના;
નિપટ જ તેહથી કોણ રાખે રસ આંતરો. લલના. ૧

મેં તુજ કારણ સ્વામી ! ઉવેખ્યા સુર ઘણા, લલના;
માહરી દિશાથી મેં તો ન રાખી કાંઈ મણા, લલના,
તો તુમે મુજથી કેમ અપુંઠા થઈ રહો, લલના;
ચૂક હોવે જો કોઈ સુખે મુખથી કહો. લલના. ૨

તુજથી અવર ન કોય અધિક જગતી તળે, લલના;
જેહથી ચિત્તની વૃત્તિ એકાંગી જઇ મળે, લલના,
દીજે દરિશણ વાર ઘણી ન લગાવીએ, લલના;
વાતલડી અતિ મીઠી તે કિમ વિરમાવીએ ? લલના. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તું જો જળ તો હું કમળ, કમળ તો હું વાસના, લલના;
વાસના તો હું ભ્રમર, ન ચૂકું આસના, લલના,
તું છોડે પણ હું કેમ છોડું તુજ ભણી, લલના;
લોકોત્તર કોઈ પ્રીત આવી તુજથી બની. લલના. ૪

ધુરથી શાને સમકિત દઇને ભોળવ્યો, લલના;
ખોટે હવે કિમ જાઉં દિલાસે ઓળવ્યો, લલના,
જાણી ખાસો દાસ વિમાસો છો કિશું, લલના;
અમે પણ ખિજમતમાંહી ખોટા કેમ થાયશ્યુ. લલના. ૫

બીજી ખોટી વાતે હું રાચું નહીં, લલના;
મેં તુજ આગલ મારા મનવાળી કહી, લલના,
પૂરણ રાખો પ્રેમ વિમાસો શું તમે, લલના;
અવસર લહી એકાંતે વિનવીએ છીએ અમે. લલના ૬

અંતરજામી સ્વામી અચિરાનંદના, લલના;
શાંતિકરણ શ્રીશાંતિજી માનજો વંદના, લલના;
તુજ સ્તવનાથી તન મન આણંદ ઉપન્યો, લલના;
કહે મોહન મનરંગ, પંડિત કવિ રૂપનો. લલના ૭

(૧૩)

(રાગ - સુણો શાંતિ જિણંદ સોભાગી)

શ્રીશાંતિ જિનેશ્વર દીઠો રે, મ્હારા મનમાં લાગ્યા મીઠો રે;
આજ મુખડું એહનું જોતાં રે, મ્હારા નયન થયાં પનોતાં રે. શ્રી૦ ૧

જે નજર માંડી એને જોશે રે, તે તો ભવની ભાવઠ ખોશે રે;
એહનું રૂપ જોઈ જે જાણે રે, તેહને સુરનર સહુ વખાણે રે. શ્રી૦ ૨

એ તો સાહેબ છે સયાણો રે, મને લાગ્યો એહશું તાનો રે;
એ તો શિવસુંદરીનો રસીયો રે, મારા નયણમાંહે વસીયો રે. શ્રી૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેં તો સગપણ એહશું કીધું રે, હવે સઘલું કારજ સીધ્યું રે;
એ તો જીવન અંતરજામી રે, નિરંજન એ બહુનામી રે. શ્રી૦ ૪

ઘણું શું એહને વખાણું રે, હું તો જીવના જીવન જાણું રે;
ઘણું જે એહને મલશે રે, તે તો માણસમાંથી ટલશે રે. શ્રી૦ ૫

મનડાં જેણે એહશું માંડ્યાં રે, તેણે ઋદ્ધિવંતાં ઘરછોડ્યાં રે;
આગે જેણે એહ ઉપાસ્યો રે, તેણે શિવસુખ કરતલ વાસ્યોરે. શ્રી૦ ૬

આશિક જે એહના થાયે રે, તેણે સંસારમાં ન રહેવાય રે;
ગુણ એહના જે ઘણાં ગાશે રે, તે તો આખર નિર્ગુણ થાશે રે. શ્રી૦ ૭

મેં તો માંડી એહશું માયારે, મને ન ગમે બીજાની છાયા રે;
ઉદયરત્ન મુનિ એમ બોલે રે, કોઈ નાવે એહને તોલે રે. શ્રી૦ ૮

(૧૪)

શાંતિ જિનેશ્વર સાંભળોજી, મુજ મનની એક વાત;
રાત દિવસ હું વિનવુજી, શરણ માંગુ સાક્ષાત;
જિનેશ્વર ! મુજ પાપીને તાર... ૧

સાચા ખોટા મેં કર્યાજી, કીધા પાપ અપાર;
મ્હેર કરી મને તારજોજી, ટાળો પાપ પરિતાપ, જિને૦ ૨

સ્વારથીયો સંસાર છે જી, લક્ષ્મી અસ્થિર નિદાન;
પરમાર્થમાં નવિ વાપર્યુંજી, એકલા જાવું તે જાણ. જિને૦ ૩

લક્ષ્મી કેરી લાલચેજી, લૂટ્યાં મેં લોક અનેક;
શાસનપતિ નામું પડેજી, લખાઈ ગયા ત્યાં લેખ. જિને ૦ ૪

કર્યા કર્મ સૌ અનુભવેજી, કોઈ ન રાખણહાર;
શાંતિ જિનેશ્વર જાપથીજી, કોઈ દિન પામે પાર જિને૦ ૫

વિશ્વસેન કુલ દીપાવીયુજી, અચિરામાતા સુખકાર;
લાખ વર્ષનું આઉખુજી, મૃગલંછન મનોહાર. જિને૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભરણી નક્ષત્રમાં જનમીયાજી, મેષરાશિ પ્રમાણ;
ગરૂડ નિર્વાણી સેવા કરેજી, શાસનના રખવાળ. જિને૦ ૭

વિનયવિજયની વિનતીજી, સ્વીકારો વારંવાર;
શરણું પ્રભુ તાહરૂં મનેજી, આ ભવ પાર ઉતાર. જિને૦ ૮

(૧૫)

તાર મુજ તાર મુજ તાર જિનરાજ ! તું, આજ મેં તોહિ દેદાર પાયો;
સકલસંપત્તિ મિલ્યો આજ શુભદિન વલ્યો, સુરમણિ આજ અણચિંત આયો. ૧

તાહરી આણ હું શેષ પરે શિર વહું, નિરવહું ભવભવે ચિત્ત શુદ્ધે;
ભમતાં ભવકાનને સુરતરૂની પરે, તું પ્રભુ ઓળખ્યો દેવ બુદ્ધે. ૨

અથિર સંસારમાં સાર તુજ સેવના, દેવના દેવ તુજ સેવ સારે;
શત્રુ ને મિત્ર સમભાવે બેહુ ગણે, ભક્ત વત્સલ સદા બિરૂદ ધારે. ૩

તાહરા ચિત્તમાં દાસ બુદ્ધે સદા, હું વસુ એહવી વાત દૂરે;
પણ મુજ ચિત્તમાં તુંહિ જો નિત્ય વસે, તો કિશું કીજિયે મોહ ચોરે. ૪

તું કૃપાકુંભ ગતદંભ ભગવંત તું, સકલ ભવિલોકને સિદ્ધિદાતા;
ત્રાણ મુજ પ્રાણ મુજ શરણ આધાર તું, તું સખા માત ને તાત ભ્રાતા. ૫

આતમરામ અભિરામ અભિધાન તુજ, સમરતાં દાસનાં દુરિત જાવે;
તુજ વદન ચંદ્રમા નિશદિન પેખતાં, નયન ચકોર આનંદ પાવે. ૬

શ્રી વિશ્વસેનકુલ કમલ દિનકર જિશ્યો, મન વસ્યો માત અચિરા મલ્હાયો;
શાન્તિ જિનરાજ શિરતાજ દાતારમાં, અભયદાની શિરે જગ સવાયો. ૭

લાજ જિનરાજ. અબ દાસની તો શિરે, અવસરે મોહ શ્યુ મોજ પાવે;
પંડિત રાય કવિ ધીરવિમલ તણો, શિષ્ય ગુણ **જ્ઞાનવિમલાદિ** ગાવે. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૬)

(અર્વાચિન હોવાની સંભાવના છે)

તારી ભક્તિકરૂં ભગવાન, છોડું નહિ એક ઘડી,
જ્યારે પામીશ પદ વીતરાગ, માનું મારી ધન્ય ઘડી;
તમે અમે રમતા સાથે સહી, મારી પ્રીત પૂરાણી પાળી નહી;
તમે લીધું મોક્ષ સામ્રાજ્ય, છોડું નહિ એક ઘડી. ૧

જીતી કર્મ સેના તમે વીર થયા, મારા આતમરામ ફસાઈ ગયા,
હવેકેમ કરી લઉં સામ્રાજ્ય ? છોડું નહિ એકઘડી. ૨

મારા ઘરમાં અંધારું છવાઈ ગયું, મારૂં આતમ ભાન ભૂલાઈ ગયું;
મારી લાજ રાખો પ્રભુ આજ, છોડું નહિ એક ઘડી. ૩

દાન દીધું નહી શીયળ પાળ્યું નહિ, વિવિધ તપ કરી કર્મો કાપ્યા નહી;
દુઃખી થઈ છે દશા મારી આજ, છોડું નહિ એક ઘડી. ૪

આત્મધર્મની ભાવના ભૂલી ગયો, જડ રાગ રંગોમાં રાગી થયો;
મારી શી ગતિ થાશે ભગવાન, છોડું નહિ એક ઘડી. ૫

શાન્તિનાથ પ્રભુ મને શાન્તિ આપો, મારા ભવના બંધન બધા કાપો;
આપો આત્મ ધર્મની જહાજ, છોડું નહિ એક ઘડી. ૬

દીનબંધુ દયાળુ દયા કરો, મુજ પાપી અધમનો ઉદ્ધાર કરો;
સ્વામી મારા છો શીરતાજ, છોડું નહિ એકઘડી. ૭

તારા શરણે આવેલાંને તારી દીધા, તેના બગડેલા કાજ સુધારીદીધા;
ક્યારે સરસે મારા કાજ ? છોડું નહિ એક ઘડી. ૮

સુવર્ણ શાસન સંઘ અખંડ મળો, મારા ભવોભવના પાતિક દૂર ટળો;
જ્ઞાનવિમલ ગુણ તોરા ગાય, છોડું નહિ એક ઘડી. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૭)

સુણો શાંતિજિણંદ ! સોભાગી, હુંતો થયો છું તુમ ગુણરાગી;
તુમે નિરાગી ભગવંત, જોતાં કિમ મળશે તંત. સુણો૦ ૧.

હુંતો ક્રોધ કષાયનો ભરીયો, તું તો ઉપશમ રસનો દરિયો;
હું તો અજ્ઞાને આવરીયો, તું તો કેવળ-કમલા વરિયો. સુણો૦ ૨.

હું તો વિષયારસનો આશી, તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કરમને ભારે ભાર્યો, તેં તો પ્રભુ ભાર ઉતાર્યો. સુણો૦ ૩

હું તો મોહ તણે વશ પડીઓ, તેં તો સબળા મોહને હણીયો;
હુંતો ભવસમુદ્રમાં ખૂંચ્યો, તું તો શિવમંદિરમાં પહોંચ્યો. સુણો૦ ૪.

મારે જન્મમરણનો જોરો, તેં તો તોડ્યો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ, તમે પ્રભુજી થયા વીતરાગ. સુણો૦ ૫.

મને માયાએ મૂક્યો પાશી, તું તો નિર્બંધન અવિનાશી;
હું તો સમકિતથી અધૂરો, તું તો સકલ પદારથે પૂરો. સુણો૦ ૬.

મારે તો છે પ્રભુ તુંહિ એક, ત્હારે મુજ સરીખા અનેક;
હું તો મનથી ન મૂકું માન, તું તો માનરહિત ભગવાન. સુણો૦ ૭.

મારું કીધું કશું નવિ થાય,તું તો રંકને કરે છે રાય;
એક કરો મુજ મહેરબાની, મારો મુજરો લેજો માની. સુણો૦ ૮.

એક વાર જો નજરે નીરખો, તો કરો મુજને તુમ સરીખો;
જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે. સુણો૦ ૯

ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગુ છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરતનની વાણી. સુણો૦ ૧૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૮)

(રાગ- નિરખ્યો નેમિ જિણંદને અરિહંતાજી)

સુંદર શાંતિ જિણંદની છબી છાજે છે, પ્રભુ ગંગાજલ ગંભીર કીર્તિ ગાજે છે,
ગજપુર નગર સોહામણું ઘણું દીપે છે, વિશ્વસેન નરિંદનો નંદ, કંદર્પ જિપે છે. ૧
અચિરા માતાએ ઉરે ધર્યા, મન રંજે છે, મૃગ લંછન કંચન વાન, ભાવઠ ભંજે છે. ૨
પ્રભુ લાખ વરસ ચોથે ભાગ, વ્રત લીધું છે, પ્રભુ પામ્યા કેવળજ્ઞાન, કારજ સીધું છે. ૩
ધનુષ ચાલીસનું દશનું, તનુ સોહે છે, પ્રભુ દેશના ધ્વનિ વરસંત, ભવિ પડિબોહે છે. ૪
ભક્ત વત્સલ પ્રભુતા ભણી, જન તારે છે, ડૂબતા ભવજળ માંહી, પાર ઉતારે છે. ૫
શ્રી સુમતિવિજય ગુરુ નામથી, દુઃખ નાશે છે, કહે રામવિજય જિન ધ્યાને, નવનિધિ પાસે છે. ૬

(૧૯)

(રાગ- સુણોજો સાજન સંત)

તું પારંગત તું પરમેશ્વર, વાલા, મારા તું પરમારથ વેદી;
તું પરમાતમ તું પુરુષોત્તમ, તુંહિ અછેદિ અવેદી રે.
મનના મોહનીયા, તાહરી કીકી કામણગારી રે.
જગના સોહનીયા. ૧

યોગી અયોગી ભોગી અભોગી, વા. તુહિજ કામી અકામી;
તુંહિ અનાથ નાથ સહુ જગનો, આતમ સંપદ રામી રે. મનના. ૨

એક અસંખ્ય અનંત અનુચ્ચર, વા. અકલ સકલ અવિનાશી;
અરસ અવર્ણ અગંધ અફાસી, તુહિ અપાશી અનાશી રે. મનના. ૩

મુખ પંકજ ભ્રમરી પરે અમરી, વા. તુંહિ સદા બ્રહ્મચારી
સમવસરણ લીલા અધિકારી, તુંહિ જ સંયમધારી રે. મનના. ૪

અંચિરાનંદન અચરિજ એહી, વા. કહણી માંહિ ન આવે;
ક્ષમાવિજય જિન વયણ સુધારસ, પીવે તેહિ જ પાવે રે. મનના. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી કુંથુજિન સ્તવન - 3

(૧)

મનડું કિમ હિ ન બાજે હો કુંથુજિન, મનડું કિમ હિ ન બાજે !
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે. હો કુંથુ૦ ૧.

રજની વાસર વસતિ ઉજાડ, ગયણ પાયાલે જાય;
'સાપ ખાય ને મુખડું થોથું', એહ ઊખાણો ન્યાય. હો કુંથુ૦ ૨.

મુગતિતણા અભિલાષી તપીયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે. હો કુંથુ૦ ૩.

આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી હટકું, તો વ્યાલતણી પરે વાંકુ. હો કુંથુ૦ ૪.

જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાહિ;
સર્વમાંહે ને સહુથી અલગું, એ અચરિજ મનમાંહિ. હો કુંથુ૦ ૫.

જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુર નર પંડિત જન સમજાવે, સમજે ન માહરો સાલો. હો કુંથુ૦ ૬.

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે. હો કુંથુ૦ ૭.

મન સાધ્યું તેણે સઘલું સાધ્યું. એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એક હી વાત છે મોટી. હો કુંથુ૦ ૮

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ માહરું આણો, તો સાચું કરીજાણું. હો કુંથુ૦ ૯.

(૨)

કુંથુ જિનેશ્વર સાંભળો, એક અરજ કરું કરજોડ રે,
મહેર કરી મુજ સાહિબા રે, ભવોભવ તણી ભાવઠ છોડ રે. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતરજામી માહરા રે, હિયડાના જાણે ભાવ રે,
ભક્તવત્સલપણું તુમ તણું રે, તરાવો ભવજલનાવ રે. ૨

ભવદુઃખ વારો ભવિતણા રે, દેઈ દેઈ દરિસણ નૂર રે,
નિશદિન નિવાસો મુજ મને રે,તો કાં ન કરો દુઃખ દૂર રે. ૩

તુ નિવસત મુજ હિયડલે રે, કહો કિમ રહે દુરિત દુરંત રે,
તિમિર પટલ તિહાં કિમ રહે, જીહાં દિનકર તેજ દીપંત રે. ૪

કુંથુ જિણંદ મયા કરો રે, મનવલ્લભ જિન જગદીશ રે,
કેસર વિમલ ઇમ વિનવે રે,બુધ કનક વિમલગુરુ શીશ રે. ૫

(૩)

તુજ મુદ્રા સુંદર રૂપ પુરંદર મોહીયા, સાહેબજી.
તુજ અંગે કોટી ગમે ગુણ ગિરૂઆ સોહિયા, સાહેબજી.
તુજ અમીય થકી પણ લાગે મીઠી વાણી રે, સાહેબજી.
વિણ દોરી સાંકળ લીધું મનડું તાણી રે, સાહેબજી. ૧

ખિણ ખિણ ગુણ ગાઉં પાઉં તો આરામ રે, સાહેબજી.
તુજ દરિશણ પાખે ન ગમે બીજા કામ રે, સાહેબજી.
મુજ હૃદય કમળ વીચ વસીયું તાહરૂ નામ રે, સાહેબજી.
તુજ મૂરતિ ઉપર વારૂં તન મન દામ રે, સાહેબજી. ૨

કર જોડી નિશદિન ઉભો રહું તુજ આગે રે, સાહેબજી.
તુજ મુખડું જોતા ભૂખ તરસ ન લાગે રે, સાહેબજી.
મે ક્યાંહી ન દીઠી જગમાં જોડ તાહરી રે સાહેબજી.
તુજ દીઠે પૂરણ પહુતા મનના કોડ, રે સાહેબજી. ૩

મુજ ન ગમે નયણે દીઠા બીજા દેવ રે, સાહેબજી.
હવે ભવભવ હો જો મુજને તારી સેવ રે, સાહેબજી.
તું પરમ પુરૂષ પરમેશ્વર અકળ સ્વરૂપ રે, સાહેબજી.
તુજ ચરણે પ્રણમે સુરનર કેરા ભુપ રે, સાહેબજી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તું કાપે ભવદુઃખ આપે પરમાનંદ રે, સાહેબજી.
બલિહારી તાહરી પ્રભુજી કુંથુ જિણંદ રે, સાહેબજી.
મનવાંછિત ફળીઓ મળીયો તુ મુજ જામ રે, સાહેબજી.
ઇમ પભણે વાચક વિમલવિજયનો રામરે, સાહેબજી. ૫

શ્રી અરનાથ જિન સ્તવનો-૨

(૧)

જગપતિ શ્રી અરજિન જગદીશ, હસ્તિનાપુર રાજીયો;
જગપતિ રાય સુદર્શન નંદ, મહિમા મહીમાંહે ગાજીયો. ૧

જગપતિ કંચન વરણ શરીર, કામિત પૂરણ સુરતરૂ;
જગપતિ લંછન નંદાવર્ત, ગણ ભુવન મંગલકરૂ. ૨

જગપતિ ષટ્‌ખંડ ભરત અખંડ, ચક્રવર્તિની સંપદા;
જગપતિ સહસ બત્રીશ ભૂપાલ, સેવિત ચરણકમલ સદા. ૩

જગપતિ સોહે સુંદર વાન, ચઉસઠ સહસ અંતેઉરી;
જગપતિ ભોગવી ભોગ રસાલ, જોગદશા ચિત્તામાં ધરી. ૪

જગપતિ સહસ પુરૂષ સંગાથ, મૃગશિર સુદિ એકાદશી;
જગપતિ સંયમ લીયે પ્રભુ ધીર, ત્રિકરણ યોગે ઉલ્લસી. ૫

જગપતિ ચોસઠ સુરપતિ તામ, ભક્તિ કરે ચિત્ત ગહગહી;
જગપતિ નાચે સુરવધૂ કોડિ, અંગ મોડી આગળ રહી. ૬

જગપતિ વાજે નવનવ છંદ, દેવ વાજિંત્ર સોહામણા;
જગપતિ દેવદુષ્ય ઠવે ખંધ, પુષ્પ વૃષ્ટિ કરે સુર ઘણા. ૭

જગપતિ ધન્ય વેળા ઘડી તેહ, ધન્ય તે સુર નર ખેચરા;
જગપતિ જેણે કલ્યાણક દીઠ, ધન્ય જનમ તે ભવ તર્યા. ૮

જગપતિ પ્રભુ પદ પદ્મની સેવ, ત્રિકરણ શુદ્ધે જે કરે;
જગપતિ કરીય કરમનો અંત, શુદ્ધ રૂપ નિજ તે વરે. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨)

(રાગ-મારો મુજરો લોને રાજ)

મારા સાહિબ શ્રી અરનાથ ! અરજ સુણો એક મોરી
પ્રભુજી ! પરમ કૃપાલ, ચાકરી ચાહું તોરી
ચાકરી ચાહું પ્રભુ ગુણ ગાઉં, સુખ અનંતા પાઉં. મારા૦ ૧

જિનભગતે જે હોવે રાતા, પામે પરભવ શાતા,
પ્રભુ પૂજાએ આળસુ થાતા, તે દુઃખીયા પરભવ જાતા. મારા૦ ૨

પ્રભુ સહાયથી પાતક ધ્રુજે, સારી શુભ મતિ સૂઝે
તે દેખી ભવિયણ પ્રતિબૂઝે, વળી કર્મ રોગ સવિ રુઝે. મારા૦૩

સામાન્ય નરની સેવા કરતાં, તો પણ પ્રાપ્તિ થાય
તો ત્રિભુવન નાયકની સેવા, નિશ્ચય નિષ્ફળ ન જાય. મારા૦ ૪

સાચી સેવા જાણી પ્રાણી, જે જિનવર આરાધે
શ્રી ખિમાવિજય પય પામી પુણ્યે, જશ સુખ લહે નિરાબાધે. મારા૦ ૫

શ્રી મલ્લિનાથ જિન સ્તવનો-૪

(૧)

પંચમ સુરલોકના વાસીરે, નવ લોકાંતિક સુવિલાસી રે,
કરે વિનતિ ગુણની રાશી, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે;
ભવિજીવને શિવસુખ દીજે. મલ્લિજિન૦ ૧

તુમે કરુણારસ ભંડાર રે, પામ્યા છો ભવજલ પાર રે,
સેવકનો કરો રે ઉધ્ધાર મલ્લિ જિન૦ ૨

પ્રભુ દાન સંવત્સરી આપે રે, જગનાં દારિદ્ર દુઃખ કાપે રે;
ભવ્યત્વ પણે તસ થાપે. મલ્લિ જિન૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુરપતિ સઘળા મળી આવે રે, મણિ રચણ સોવન વરસાવે રે;
પ્રભુ ચરણે શીશ નમાવે. મલ્લિ જિન૦ ૪

તીર્થોદક કુંભા લાવે રે, પ્રભુને સિંહાસન ઠાવે રે;
સુરપતિ ભક્તે નવરાવે. મલ્લિ જિન૦ ૫

વસ્ત્રાભરણે શણગારે રે, ફૂલ માલા હૃદય પર ધારે રે;
દુઃખડાં ઇન્દ્રાણી ઉવારે. મલ્લિ જિન૦ ૬

મળ્યા સુર નર કોડાકોડી રે, પ્રભુ આગે રહ્યા કર જોડી રે;
કરે ભક્તિ યુક્તિ મદ મોડી. મલ્લિ જિન૦ ૭

મૃગશિર સુદીની અજુઆલી રે, એકાદશી ગુણની આલી રે;
વર્યા સંયમ વધુ લટકાલી. મલ્લિ જિન૦ ૮

દીક્ષા કલ્યાણક એહ રે, ગાતાં દુઃખ ન રહે રેહ રે;
લહે રૂપવિજય જસ નેહ. મલ્લિ જિન૦ ૯

(૨)

આજે જિણંદજીકા, દીઠાં મેં તો મુખડા; મલ્લિ જિણંદ પ્રભુ, હમ પર તુઠા. ૧
ચઉગતિ ફિરત મેં, પાયો બહુ દુઃખડાં; તુમ પ્રભુ ચરણ ગ્રહું, તો થાય મુજ સુખડાં ૨
તુચ્છ જે વિષય સુખ, લાગે મને મીઠડા; નરક તિર્યંચમાંહિ, તેના ફળ દીઠડા. ૩
તારા ભરોંસે પ્રભુ, લાગ્યું મારૂં મનડું; કૃપા કરી તારવાને, કરો એક તનડું. ૪
આનંદવિજયજીનો, સેવક માગે એટલું; વારંવાર પ્રભુજીને, કહું હવે કેટલું. ૫

(3)

મલ્લિ જિનેશ્વર અરચિત કેસર, અલવેસર અવિનાશીજી,
પરમેશ્વર પૂરણપદ ભોક્તા, ગુણ રાશી શિવવાસી
જિનજી ધ્યાવોજી, મલ્લિજિણંદ મુણિંદ, ગુણ ગણ ગાવોજી૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૃગશિર સુદિ એકાદશી દિવસે, ઉપન્યું કેવલનાણજી,
લોકાલોક પ્રકાશક ભાસક, પ્રગટ્યો અભિનવ ભાણ જિનજી૦ ૨

મત્યાદિકચઉનાણનું ભાસન, એહમાં સકલ સમાયજી,
ગ્રહ ઉડુ તારા ચન્દ્રપ્રભા જિમ, તરણી તેજમાં જાય. જિનજી૦ ૩

જ્ઞેય ભાવ સવિ જ્ઞાને જાણે, જે સામાન્ય વિશેષજી,
આપ સ્વભાવે રમણ કરે પ્રભુ,તજી પુદ્ગલ સંકલેશ,જિનજી૦ ૪

ચાલીશ સહસ મહામુનિ જેહના,રત્નત્રય આધારજી,
સહસ પંચાવન સાહુણી જાણો,ગુણમણિ રયણ ભંડાર. જિનજી૦ ૫

શત સમન્યૂન, સહસ પંચાવન, વરસ કેવલ ગુણ ધરતાંજી,
વિચરે વસુધા ઉપર જિનજી,બહુ ઉપકારને કરતા.જિનજી૦ ૬

કેવલનાણ કલ્યાણક જિનનું, જે ભવિઅણ નિત્ય ગાવેજી,
જિન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે, શુદ્ધ રૂપ તે પાવે જિનજી૦ ૭

(૪)

(રાગ - મારો મુજરો)

સેવો મલ્લિ જિનેસર મન ધરી, આણી ઉલટ અંગ;
નિત નિત નેહ નવલ પ્રભુશું કરો, જેહવો ચોલનો રંગ. સેવો૦ ૧

જેણે પામી વલી નરભવ દોહિલો, નવિ સેવ્યાં જગદીશ;
તે તો દુઃખી ઘર ઘર તણાં, કામ કરે નિશદિશ. સેવો૦ ૨

પ્રભુ સેવે સુર સાંનિધ્ય ઇહાં કરે,પરભવ અમરની રિદ્ધ;
ઉત્તમ કુલ આર્ય જ ક્ષેત્ર લહી,પામીયે અવિચલ સિદ્ધ. સેવો૦ ૩

પ્રભુ દરિસણ દેખી નવિ ઉલ્લસે, રોમાંચિત જસ દેહ;
ભવસાગર ભમવાનું જાણીએ, પ્રાયે કારણ તેહ સેવો૦ ૪

જિનમુદ્રા દેખીને જેહને, ઉપજે અભિનવો હર્ષ;
ભવદવ તાપ શમે સવિ તેહનો, જિમ વૂઠે પુષ્કર વર્ષ. સેવો૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુમ ગુણ ગાવા જિહ્વા ઉલ્લસે,પુણ્ય પ્રકર હોય જાસ;
બીજા કલેશ નિંદા વિકથા ભર્યા, કરે પરની અરદાસ. સેવો૦ ૬

ગિરૂઓ સાહેબ સહેજે ગુણ કરે, આપે અવિચલ ઠામ;
શ્રી ગુરુ ખિમાવિજય પય સેવતાં, સકલ ફલે જસ કામ. સેવો૦ ૭

શ્રી મુનિસુવ્રસ્વામીના સ્તવનો - 3

(૧)

મુનિસુવ્રત મન મોહ્યું મારૂં, શરણ હવે છે તમારૂં;
પ્રાતઃ સમય હું જાગું જ્યારે, સ્મરણ કરૂં છું તુમારૂં હો જિનજી;
તુજ મૂરતિ મનોહરણી, ભવ સાયર જલ તરણી હો જિનજી. તુજ ૧

આપ ભરોસો આ જગમાં છે, તારો તો ઘણું સારૂં;
જન્મ જરા મરણો કરી થાક્યો, આશરો લીધો મેં તારો હો જિનજી. તુજ ૨

ચું ચું ચું ચું ચિડીયાં બોલે, ભજન કરે છે તમારૂં;
મૂર્ખ મનુષ્ય પ્રમાદે પડ્યો રહે, નામ જપે નહિ તારૂં હો જિનજી. તુજ 3

ભોર થતાં બહુ શોર સુણું હું, કોઈ હસે કોઈ રૂવે ન્યારૂં;
સુખીયો સુવે દુઃખીયો રૂવે, અકલ ગતિએ વિચારૂં હો જિનજી.તુજ ૪

ખેલ ખલકનો બધો નાટકનો, કુટુંબ કબિલો હું ધારૂં;
જ્યાં સુધી સ્વાર્થ ત્યાં સુધી સર્વે, અંત સમયે સહુ ન્યારૂં હો જિનજી. તુજ ૫

માયા જાળ તણી જોઈ જાણી, જગત લાગે છે ખારૂં;
ઉદયરતન એમ જાણી પ્રભુજી તારૂં, શરણ ગ્રહ્યું છે મેં સારૂં હો જિનજી. તુજ ૬

(૨)

(રાગ-શ્રી જિનવરને પ્રગટ થયુ રે)

શ્રી મુનિસુવ્રત સાહિબા રે, તુજ વિના અવર હો દેવ,
નજરે દીઠા નવિ ગમે રે, કિમ કરીએ તસ સેવ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનેશ્વર ! મુજને તુજ આધાર, ...
નામ તમારૂં સાંભરે રે, શ્વાસમાંહે સો વાર. ૧.

નિરખ્યા સુર નજરે ઘણાં રે, તેહશું ન મિલે તાર;
તારો તાર મિલ્યાં પખે રે, કહો કિમ વાધે પ્યાર. ૨

અંતર મન મિલ્યા વિના રે, ન ચટે પ્રેમ પ્રમાણ;
પાયા વિના કેમ સ્થિર રહે રે, મોટા ઘર મંડાણ. ૩

જોતા મૂરતિ જેહની રે, ઉલ્લસે નજર ન આપ;
તેહવાશું જે પ્રીતડી રે, તે સામો સંતાપ. ૪

તેણે હરિહરાદિ સુર પરિહરી રે, મન ઘરી તાહરી સેવ,
દાનવિજય તુમ દરિસને રે,હરખ હોય નિત્યમેવ. ૫

(3)

હાંરે મુજ પ્રાણ આધાર તું મુનિસુવ્રત જિનરાય જો,
મળીઓ હેજે હળીઓ પ્રીત પ્રસંગથી રે લો;
હાંરે મુજ સુંદર લાગી માયા તાહરી જોર જો,
અલગો રે ન રહું હું પ્રભુ તુજ સંગથી રે લો. ૧

હાંરે માનુ અમીય કચોળાં હેજાળાં તુમ નેણજો,
મનોહર રે હસિત વદન પ્રભુ તાહરૂં રે લો;
હાંરે કોઈની નહિ તીન ભુવનમાં તુમ સમ મૂર્તિ જો,
એહવી સુરતી દેખી ઉલસ્યું મન માહરૂં રે લો. ૨

હાંરે પ્રભુ અંતર પડદો ખોલી કીજે વાત જો,
હેજ હૈયાથી આણી મુજને બોલાવીએ રે લો;
હાંરે પ્રભુ નયણ સલુણે સન્મુખ જોઈ એકવાર જો,
સેવકના ચિત્તમાહે આણંદ ઉપજાવીયે રે લો. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાંરે પ્રભુ કરૂણાસાગર દીનદયાળ કૃપાળ જો,
મહેર ધરી મુજ ઉપર પ્રીત ધરી હીયે રે લો;
હાંરે પ્રભુ નિજ બાલક પરે મુજ લેખવજો જિણંદ જો,
પ્રીત સુરંગી અવિહડ મુજ શું નિવાહીએ રે લો. ૪

હાંરે પ્રભુ બાહ્ય ગ્રહાની લાજ છે તુજને સ્વામી જો,
ચરણ સેવા મુજને દેજો હેતે હસી રે લો;
હાંરે પ્રભુ પંડિત પ્રેમવિજયનો કવિ એમ ભાણ જો,
પભણે રે જિન મૂરતિ મુજ દિલમાં વસી રે લો. ૫

શ્રી નમિનાથ ભગવાનના સ્તવનો-૨

(૧)

(રાગ - વીરજિણંદ જગત ઉપકારી)

શ્રી નમિનાથજી સાહિબ સાંભળો, તુમ ચરણાબુંજ લીનોજી,
મુજ મન મધુકર અતિહે રૂઅડો, તુમ ગુણ વાસે ભીનોજી. ૧

હરિહરાદિક ધતૂર ઉવેખીને, અબુઝ પ્રત્યય આણીજી,
દુરમતિ વાસે તેહ સરયા છે, બહુ દમ અંતર જાણીજી. ૨

તે દેવ છંડી તુજને આશ્રયો,કરવા ભજન તુમારોજી,
સ્નેહદશા નિજ દિલમાં આદરી, પ્રભુજી મજને તારોજી. ૩

ભવભવ તુમ પદકમલની સેવના, દેજો શ્રી જિનરાજોજી,
એ મુજ વિનતી ચિત્તમાં ધરજો, ગિરૂઆ ગરીબ નવાજોજી. ૪

તપગચ્છનંદન અમરદ્રુમ સમો, શ્રી વિજયપ્રભ સૂરિરાયજી,
પ્રેમવિબુધ પય સેવક ઇણ પરે, ભાણ નમે તુમ પાયજી. ૫

(૨)

પરમરૂપ નિરંજન, જનમન રંજણો,લલના,
ભક્ત વચ્છલ ભગવંત, તું ભવ ભય ભંજણો; લ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જગતજંતુ હિતકારક, તારક જગધણી,લ૦
તુજ પદ પંકજ સેવ, હેવા મુજને ઘણી. લ૦ ૧

આવ્યો રાજ હજુર, પૂરવ ભગતિ ભરે,લ૦
આપો સેવના આપ, પાપ જિમ સવિ ટળે; લ૦
તુમ સરિખા મહારાજ, મહેર જો નવિ કરે, લ૦
તો અમ સરિખા જીવના, કારજ કિમ સરે.લ૦ ૨

જગ તારક જિનરાજ, બિરૂદ છે તુમ તણો, લ૦
આપો સમકિત દાન, પરાયા મત ગણો; લ૦
સમરથ જાણી દેવ, સેવના મેં કરી, લ૦
તુંહિ જ છે સમરથ,તરણ તારણતરી. લ૦ ૩

મૃગશિર સિત એકાદશી, ધ્યાન શુકલ ધરી,લ૦
ઘાતિ કરમ કરી અંત કે, કેવલશ્રી વરી; લ૦
જગ નિસ્તારણ કારણ,તીરથ થાપીયો, લ૦
આતમ સત્તા ધર્મ, ભવ્યને આપીયો. લ૦ ૪

અમ વેળા કિમ આજ, વિલંબ કરી રહ્યા, લ૦
જાણો છો મહારાજ, સેવકે ચરણાં ગ્રહ્યાં; લ૦
મન માન્યા વિના માહરૂં, નવિ છોડું કદા, લ૦
સાચો સેવક તેહ જે, સેવ કરે સદા. લ૦ ૫

વપ્રા માત સુજાત, કહાવો શું ઘણું,લ૦
આપો ચિદાનંદ દાન, જનમ સફલો ગણું; લ૦
જિન ઉત્તમ પદ પદ્મ, વિજય પદ દીજીયે, લ૦
રૂપવિજય કહે સાહિબ, મુજરો લીજીયે. લ૦ ૬

શ્રી નેમિનાથજિન સ્તવનો - ૭

(૧)

પરમાતમ પૂરણકલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ;
પૂરણદૃષ્ટિ નિહાલીએ, ચિત્ત ધરીયે હો અમચી અરદાસ ૫૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વ દેશ ઘાતી સહું, અઘાતી હો કરી ઘાત દયાલ;
વાસ કિયો શિવમંદિરે, મોહે વિસરી હો ભમતો જગજાલ. ૫૦ ૨

જગ તારક પદવી લહી, તાર્યા સહિ હો અપરાધી અપાર;
તાત કહો મોહે તારતાં, કિમ કિની હો ઇણ અવસર વાર. ૫૦ ૩

મોહ મહામદ છાકથી, હું છકીઓ હો નહિ શુદ્ધિ લગાર;
ઉચિત સહિ ઇણે અવસરે, સેવકની હો કરવી સંભાર. ૫૦ ૪

મોહ ગયે જો તારશો, તિણ વેળા હો કિહાં તુમ ઉપગાર;
સુખ વેળાં સાજન ઘણાં, દુઃખવેળા હો વિરલા સંસાર. ૫૦ ૫

પણ તુમ દરિશન યોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મવિનાશ ૫૦ ૬

કર્મ કલંક નિવારીને, નિજ રૂપે હો રમે રમતારામ,
લહત અપૂરવ ભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિશરામ. ૫૦ ૭

ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ,
ચિદાનંદ મનમેં સદા, તુમે આવો હો પ્રભુ નાણદિણંદ. ૫૦ ૮

(૨)

નિરખ્યો નેમિ જિણંદને, અરિહંતાજી,
રાજીમતી કર્યો ત્યાગ, ભગવંતાજી,
બહચારી સંયમ ગ્રહ્યો, અરિ૦ અનુક્રમે થયા વીતરાગ ભગ૦ ૧.

ચામર ચક્ર સિંહાસન, અરિ૦ પાદપીઠ સંયુત; ભગ૦
છત્ર ચાલે આકાશમાં અરિ૦ દેવદુંદુભિવર યુત. ભગ૦ ૨.

સહસ જોયણ ધ્વજ સોહતો, અરિ૦ પ્રભુ આગળ ચાલંત; ભગ૦
કનકકમળ નવ ઉપરે, અરિ૦ વિચરે પાય ઠવંત. ભગ૦ ૩.

ચાર મુખે દીએ દેશના, અરિ૦ ત્રણ ગઢ ઝાકઝમાલ; ભગ૦
કેશ-રોમ-શ્મશ્રુ નખા, અરિ૦ વાધે નહિ કોઈ કાલ. ભગ૦ ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાંટા પણ ઉંધા હોવે, અરિ૦ પંચ વિષય અનુકૂળ; ભગ૦
ષટ્ ઋતુ સમકાળે ફળે, અરિ૦ વાયુ નહિ પ્રતિકૂળ. ભગ૦ ૫.

પાણી સુગંધ સુર કુસુમની, અરિ૦ વૃષ્ટિ હોયે સુરસાલ; ભગ૦
પંખી દીએ સુપ્રદક્ષિણા, અરિ૦ વૃક્ષ નમે અસરાલ. ભગ૦ ૬

જિન ઉત્તમ પદ પદ્મની, અરિ૦ સેવા કરે સુરકોડી; ભગ૦
ચાર નિકાયના જઘન્યથી, અરિ૦ ચૈત્ય વૃક્ષ તેમ જોડી. ભગ૦ ૭

(3)

મૈં આજ દરિસણ પાયા, શ્રી નેમિનાથ જિનરાયા,
પ્રભુ શિવાદેવીના જાયા, પ્રભુ સમુદ્રવિજય કુલ આયા,
કર્મો કે ફંદ છોડાયા, બ્રહ્મચારી નામ ધરાયા,
જિણે તોડી જગતકી માયા. જિણે૦ મૈં૦ ૧

રૈવતિગિરિ મંડન રાયા, કલ્યાણક તીન સોહાયા;
દીક્ષા કેવલ શિવ રાયા, જગતારક બિરૂદ ધરાયા,
તુમ બેઠે ધ્યાન લગાયા. તુમ૦ મૈં૦ ૨

અબ સુનો ત્રિભુવન રાયા, મૈં કર્મો કે વશ આયા;
હું ચતુર્ગતિ ભટકાયા, મૈં દુઃખ અનંતા પાયા,
તે ગીનતી નાહી ગીનાયા. તે ગીનતી૦ મૈં૦ ૩

મૈં ગર્ભવાસમેં આયા, ઉંધે મસ્તક લટકાયા;
આહાર અરસ વિરસ ભુક્તાયા, એમ અશુભ કરમ ફલ પાયા,
ઇણ દુઃખસે નાહી મુકાયા. ઇણ૦ મૈં૦ ૪

નરભવ ચિંતામણિ પાયા, તબ ચાર ચોર મીલ આયા;
મુજે ચૌટેમેં લૂંટ ખાયા, અબ સાર કરો જિનરાયા,
કિસ કારણ દેર લગાયા. કિસ૦ મૈં૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિણે અંતરગતમે લાયા, પ્રભુ નેમિ નિરંજન ધ્યાયા;
દુઃખ સંકટ વિઘન હટાયા, તે પરમાનંદ પદ પાયા
ફિર સંસારે નહીં આયા. ફિર૦ મૈ૦ ૬

મૈં દૂર દેશસે આયા, પ્રભુ ચરણે શીશ નમાયા;
મૈ અરજ કરી સુખદાયા, તુમે અવધારો મહારાયા,
એમ **વીરવિજય** ગુણ ગાયા. એમ૦ મૈં ૭

(૪)

(રાગ-બોલો બોલો રે શાલીભદ્ર દો વરીયા)

રહો રહો રે યાદવ દો ઘડીયાં,દો ઘડીયાં દો ચાર ઘડીયા રહો૦
શિવામાત મલ્હાર નગીનો, ક્યું ચલીએ હમ વિછડીયાં ? રહો૦
યાદવ વંશ વિભૂષણ સ્વામી ! તુમે આધાર છો અડવડીયા. રહો૦ ૧.

તો બિન ઓરસે નેહ ન કીનો, ઔર કરનકી આંખડીયાં, રહો૦
ઇતને બીચ હમ છોડ ન જઇએ, હોત બુરાઈ લાજડીયા. રહો૦ ૨.

પ્રીતમ પ્યારે ! કેહકર જાનાં, જે હોત હમ શિર બાંકડીયાં, રહો૦
હાથસે હાથ મિલાદે સાંઇ,ફૂલ બિછાઉં સેજડીયાં. રહો૦ ૩

પ્રેમકે પ્યાલે બહુત મસાલે, પીવત મધુરે સેલડીયાં, રહો૦
સમુદ્રવિજય કુલતિલક નેમિકું, રાજુલ ઝરતી આંખડીયાં. રહો૦ ૪.

રાજુલ છોડ ચલે ગિરનાર, નેમ યુગલ કેવલ વરીયાં, રહો૦
રાજીમતી પણ દીક્ષા લીની, ભાવના રંગરસે ચડીયાં. રહો૦ ૫

કેવલ લહી કરી મુગતિ સીધાવે, દંપતી મોહન વેલડીયાં, રહો૦
શ્રી **શુભવીર** અચલ લઈ જોડી, મોહરાય શિર લાકડીયાં, રહો૦ ૬.

(૫)

દ્વારાપુરીનો નેમ રાજીયો,તજી છે જેણે રાજુલ જેવી નાર રે;
ગિરનારી નેમ ! સંયમ લીધો છે બાળાવેશમાં. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મંડપ રચ્યો છે મધ્યચોકમાં, જોવા મળીયું છે દ્વારાપુરીનું લોક રે, ગિર૦ ૨
ભાભીએ મેણાં મારીયા, પરણે વ્હાલો શ્રીકૃષ્ણનો વીર રે, ગિર૦ ૩
ગોખે બેસીને રાજુલ જોઈ રહ્યા, ક્યારે આવે જાદવકુલનો દીપ રે, ગિર૦ ૪
નેમજી તે તોરણ આવીયાં, સુણી કાંઈ પશુનો પોકાર રે, ગિર૦ ૫
સાસુએ નેમજીને પોંખીયાં, વ્હાલો મારો તોરણ ચઢવા જાય રે, ગિરિ૦ ૬
નેમજીએ સાળાને બોલાવીયા, શાને કરે છે પશુડાં પોકાર રે, ગિર૦ ૭
રાતે રાજુલ બહેન પરણશે, સવારે દેશું ગોરવના ભોજન રે, ગિરિ૦ ૮
રાજુલ બેની રૂવે ઘ્રુસકે,રૂવે રૂવે કાંઈ દ્વારાપુરીના લોક રે, ગિર૦ ૯
વીરાએ બેનીને સમજાવીયા, અવર દેશું નેમ સરીખો ભરથાર રે, ગિર૦ ૧૦
પીયું તે નેમ એક ધારીયા, અવર દેખું ભાઈને બીજા બાપ રે, ગિર૦ ૧૧
જમણી આંખે શ્રાવણ સરવરે, ડાબી આંખે ભાદરવો ભરપુર રે, ગિર૦ ૧૨
ચીર ભિંજાય રાજુલ નારનાં, વાગે છે કાંઈ કંટક અપાર રે, ગિર૦ ૧૩
હીરવિજય ગુરુ હીરલો, **લબ્ધિવિજય** કહે કરજોડ રે, ગિર૦ ૧૪
નેમિ તીર્થંકર બાવીશમાં, સખીયો કહે ના મળે એની જોડ રે, ગિર૦ ૧૫

(૬)

(રાગ - રિઝો રિઝો શ્રીવીર દેખી શાસનના શણગાર)

અરજ સુણો હો નેમ નગીના, રાજુલના ભરથાર,
ભજ લો ભજ લો હો જગના પ્રાણી, ભજો સદા કિરતાર. ૧

જાન લઇને આવ્યા ત્યારે, હર્ષ તણો નહિ પાર,
પશુ તણો પોકાર સુણીને, પાછા વળ્યા તત્કાળ. ૨

રાજુલ ગોખે રાહ નીરખતી, રડતી આંસુધાર,
પિયુજી મારા કેમ રિસાયા, મુજ હૈયાના હાર. ૩

નેમ બન્યા તીર્થંકર સ્વામિ, બાવીશમાં જિનરાજ,
માયા છોડી મનડું સાધ્યું, નમો નમો શિરતાજ. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નેમ નિરંજન નાથ હમારા, અમ નયનોના તારા,
બાળકતુમ ભક્તિને માટે, રડતો આંસુધારા. ૫

પરદુઃખભંજન નાથ નિરંજન, જગપાલક કિરતાર,
જ્ઞાનવિમલ કહે ભવસિન્ધુથી, મુજને પાર ઉતાર. ૬

(૭)

(રાગ-એકદિન પુંડરિક ગણધરૂ રે લાલ)

તોરણ આવી રથ ફેરી ગયારે હાં, પશુઆં શિર દેઇ દોષ; મેરે વાલમા
નવભવ નેહ નિવારિયો રે હાં, શ્યો જોઈ આવ્યા જોશ. મે૦ ૧

ચંદ્ર કલંકી જેહશી રે હાં, રામને સીતા વિયોગ. મે૦
તેહ કુરંગને વયણડે રે હાં, પતિ આવે કુણ લોગ. મે૦ ૨

ઉતારી હું ચિત્તાશી રે હાં, મુક્તિ ધુતારી હેત. મે૦
સિદ્ધ અનંતે ભોગવીરે હાં, તેહશું કવણ સંકેત મે૦ ૩

પ્રીત કરંતા સોહિલી રે હાં, નિરવહેતાં જંજાલ. મે૦
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની ઝાળ. મે૦ ૪

જો વિવાહ અવસરે દિયો રે હાં, હાથ ઉપર નવિ હાથ મે૦
દીક્ષા અવસર દીજિયે રે હાં, શિર ઉપર જગનાથ. મે૦ ૫

ઇમ વિલવતી રાજુલ ગઇ રે હાં, નેમિ કને વ્રત લીધ મે૦
વાચક 'યશ' કહે પ્રણમીયે રે હાં, એ દંપતી દોય સિદ્ધ મે૦ ૬

શ્રી પાર્શ્વનાથના સ્તવનો-૬૧

(૧)

અખિયાં હરખણ લાગી, હમારી અખીયાં હરખણ લાગી.
દર્શન દેખત પાર્શ્વજિણંદ કો, ભાગ્ય દશા અબ જાગી...૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અકલ અરૂપી ઔર અવિનાશી, જગમે તુંહી નિરાગી...૨
સુરતિ સુંદર અચરિજ એહી, જગ જનને કરે રાગી...૩
શરણાગત પ્રભુ ! તુજ પદ પંકજ સેવના મુજ મતિ જાગી...૪
લીલમ લહેરે દે નિજ પદવી, તુમ સમ કો નહીં ત્યાગી...૫
વામાનંદન ચંદનની પરે, શીતલ તુ સૌભાગી...૬
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન ધરંતા, ભવ ભય ભાવઠ ભાંગી....૭

(૨)

(રાગ-સુણો ચંદાજી સીમંધર)

હો અવિનાશી ! નાથ નિરંજન સાહિબ મારો સાચો.
હો શિવવાસી ! તત્ત્વ પ્રકાશી, સાહિબ મારો સાચો,
ભવસમુદ્ર રહ્યો મહાભારી, કેમ કરી તરું હો અવિકારી,
બાહ્ય ગ્રહીને કરો ભવપારી. ૧

વામાનંદન નયને નિરખ્યા, આનંદના પૂર હૈયે ઉમટિયા,
કામિત પૂરણ કલ્પતરૂ ફળીયા. ૨

મહિમા તારો છે જગભારી, પાર્શ્વ શંખેશ્વર જયકારી,
સેવકને ધો કેમ વિસારી ? ૩

માહરે તો પ્રભુ તું હી એક દેવા, ન ગમે કરવી બીજાની સેવા,
અરજ સુણો પ્રભુ દેવાધિદેવા. ૪

સાતરાજ અલગા જઇ બેઠા, પણ ભગતે અમ મનમાંહે પેઠા,
વાચક યશ કહે નયને દીઠા. ૫

(૩)

કોયલ ટહુંકી રહી મધુવનમેં, પાર્શ્વશામળીયાજી બસો મેરે મનમેં;
કાશીદેશ વાણારસી નગરી, જન્મ લીયો પ્રભુ ક્ષત્રિય કુલમેં, કોયલ૦ ૧
બાલપણામાં પ્રભુ અદ્‌ભુત જ્ઞાની, કમઠકો માન હર્યો એક પલમેં, કોયલ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાગ નિકાલા કાષ્ટ ચિરાકર, નાગકું કિયો સુરપતિ એક છીનમેં, કોયલ૦ ૩
સંયમ લઇ પ્રભુ વિચરવા લાગ્યા, સંયમે ભીંજ ગયો એક રંગમે, કોયલ૦ ૪
સમેતશિખર પ્રભુ મોક્ષે સિધાવ્યા, પાર્શ્વજીકો મહિમા ત્રણ ભુવનમેં, કોયલ૦ ૫
ઉદયરતનકી એહી અરજ હૈ, દિલ અટક્યો તોરા ચરણ કમલમેં. કોયલ૦ ૬

(૪)

તારા નયનાં રે પ્યાલા પ્રેમનાં ભર્યા છે, દયારસનાં ભર્યા છે,
અમી છાંટનાં ભર્યા છે..... તારા૦ ૧
જે કોઈ તારી નજરે ચઢી આવે, કારજ તેના તેં સફલ કર્યા છે. તારા૦ ૩
પ્રગટ થઈ પાતાળથી પ્રભુ તેં, જાદવના દુઃખો દૂર કર્યા છે. તારા૦ ૩
પન્નગપતિ પાવકથી ઉગાર્યો, જન્મ-મરણ ભય તેહનાં હર્યા છે. તારા૦ ૪
પતિત પાવન શરણાગત તુંહી, દરિશન દીઠે મારા ચિત્તડાં ઠર્યા છે. તારા૦ ૫
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર, તુજ પદ પંકજ આજથી ધર્યા છે. તારા૦ ૬
જે કોઈ તુજને ધ્યાને ધ્યાવે, અમૃત સુખ તેને રંગથી વર્યા છે. તારા૦ ૭

(૫)

રાતા (રાધા) જેવા ફૂલડાં ને, શામળ જેવો રંગ;
આજ તારી આંગીનો કાંઈ, રૂડો બન્યો છે રંગ,
પ્યારા પાસજી હો લાલ ! દીનદયાળ મુને નયણે નિહાલ. ૧.

જોગીવાડે જાગતો ને, માતો ધિંગડમલ્લ;
શામળો સોહામણો કાંઈ, જીત્યા આઠે મલ્લ. પ્યારા૦ ૨.

તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ;
આશા પૂરો દાસની કાંઈ સાંભળી અરદાસ. પ્યારા૦ ૩.

દેવ સઘળા દીઠાં તેમાં, એક તું અવલ્લ;
લાખેણું છે લટકું તાહરૂં, દેખી રીઝે દિલ્લ. પ્યારા૦ ૪.

કોઈ નમે પીરને ને, કોઈ નમે રામ;
ઉદયરત્ન કહે પ્રભુ, મારે તુમશું કામ, પ્યારા૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૬)

પાસ શંખેશ્વરા સાર કર સેવકા, દેવ ! કાં એવડી વાર લાગે;
કોડી કરજોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે. ૧

પ્રગટ થા પાસજી, મેલી પડદો પરો, મોડ અસુરાણને આપ છોડો;
મુજ મહીરાણ મંજૂષમાં પેસીને, ખેલકના નાથજી બંધ ખોલો. ૨

જગતમાં દેવ ! જગદીશ તું જાગતો, એમ શું આજ જિનરાજ ! ઉંઘે ?
મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગકાળ મુંઘે. ૩

ભીડ પડી જાદવા જોર લાગી જરા, તત્ક્ષણ ત્રિકમે[૧] તુજ સંભાર્યો;
પ્રગટ પાતાલથી પલકમાં તેં પ્રભુ, ભક્તજન તેહનો ભય નિવાર્યો. ૪

આદિ અનાદિ અરિહંત તું એક છે, દીનદયાળ છે કોણ દૂજો ?
ઉદયરત્ન કહે પ્રગટ પ્રભુ પાસજી, પામી ભયભંજનો એહ પૂજો. ૫

૧ કૃષ્ણ

(૭)

તાર મુજ તાર મુજ, તાર ત્રિભુવન ધણી, પાર ઉતાર સંસાર સ્વામી;
પ્રાણ તું ત્રાણ તું શરણ આધાર તું, આતમારામ મુજ તુંહી સ્વામી. તારા૦ ૧

તુંહિ ચિંતામણિ તુંહિ મુજ સુરતરૂ, કામઘટ કામધેનું વિધાતા;
સકલ સંપત્તિકરૂં, વિકટ સંકટહરૂં, પાસ શંખેશ્વરો મુક્તિદાતા. તારા૦ ૨

પુણ્ય ભરપૂર અંકૂર મુજ જાગીઓ, ભાગ્ય-સૌભાગ્ય મુખ નૂર વાધ્યો;
સકલ વાંછિત ફળ્યો માહરો દિન વળ્યો, પાસ શંખેશ્વરો દેવ લાધ્યો. તાર૦ ૩

મૂર્તિ મનોહારિણી, ભવજલધિ તારિણી, નિરખત નયન આનંદ હુઓ;
પાસ પ્રભુ ભેટિયા, પાતિક મેટીયા, લેટિયા તાહરે ચરણે જુઓ, તાર૦ ૪

પાસ તું મુજ ધણી, પ્રીતિ મુજ બની ઘણી, વિબુધવર નયવિજય ગુરુ વખાણી;
મુક્તિપદ આપજો આપ પદ થાપજો જસવિજય આપનો ભક્ત જાણી. તાર૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૮)

આઈ બસો ભગવાન મેરે મન આઈ બસો ભગવાન,
મૈ નિર્ગુણી ઇતના માગત હું, હોવે મેરા કલ્યાણ. ૧

મેરે મન કી તુમ સબ જાનો, ક્યા કરૂ આપસે બ્યાન,
વિશ્વ હિતેષી દિન દયાળું, રખીયે મુજ પર ધ્યાન. ૨

ભોગાધિન હોવત મન મેલું, બિસરી તુમ ગુણ ગાન,
વહાંસે છુડાવો હૃદયે આઈ અરિભંજક ભગવાન. ૩

આપ કૃપાસે તર ગયે કેઈ, રહ ગયા મે દર્દવાન,
નિગાહ રખકે નિર્મલ કીજે, ધનવંતરી ભગવાન. ૪

શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર, દીજિયે તુમ ગુણ ગાન,
ઇન્હિ સહારે '**ચિદ્‌ઘન**' દેવા, બનુંગા આપ સમાન. ૫

(૯)

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો;
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો,
સેવક અરજ કરે છે રાજ ! અમને શિવસુખ આપો.
આપો આપોને મહારાજ અમને મોક્ષ સુખ આપો સેવક૦ ૧

સહુકોનાં મન-વંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો;
એહવું બીરૂદ છે રાજ ! તમારું કેમ રાખો છો દૂરે ?. સેવક૦ ૨

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો;
કરુણાસાગર કેમ કહેવાશો ? જો ઉપકાર ન કરશો. સેવક૦ ૩

લટપટનું હવે કામ નહિ છે, પ્રત્યક્ષ દરિશન દીજે;
ધુંઆડે ઘીજું નહિ સાહિબ, પેટ પડ્યાં પ્રતિજે. સેવક૦ ૪

શ્રી શંખેશ્વર મંડન સાહિબ, વિનતડી અવધારો;
કહે '**જિન હર્ષ**' મયા કરી મુજને, ભવસાયરથી તારો. સેવક ૦૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૦)

નવખંડાજી હો પાસ મનડું લોભાવી બેઠા આપ ઉદાસ;
તારે તો અનેક છે ને, મારે તો તું એક; કામી કોઇ દેવ જોઇ,કાઢી નાખી ટેક... નવ૦ ૧
કોઇ દેવી દેવતાના, ઝાલી ઉભા હાથ; મોઢે માંડી મોરલીને, નાચે રાધા નાથ... નવ૦ ૨
જટા જુટ શિર ધારે, વળી ચોળે રાખ; ગમે તો ગિરજાને રાખે, જોગીપણું ખાખ... નવ૦ ૩
પીર ને ફકીર જોયા, નિરગુણી દેવ; કાચ તૃણ મણી ગણી, આ તો ખોટી ટેવ... નવ૦ ૪
દેવ દેખી જુઠડાને, આવ્યો છું હજુર; ગુણ આપો આપના તો, કાંતિ ભરપૂર... નવ૦ ૫

(૧૧)

મેરે સાહિબ તુમહિ હો, પ્રભુ પાસ જિણંદા;
ખિજમતગાર ગરીબ હું, મેં તેરા બંદા. મેરે૦ ૧

મેં ચકોર કરું ચાકરી, જબ તુમહી ચંદા;
ચકવાક મેં હુઇ રહું, જબ તુમહી દિણંદા. મેરે૦ ૨

મધુકર પરે મેં રણઝણું, જબ તુમ અરવિંદા;
ભક્તિ કરું ખગપતિ પરે, જબ તુમહી ગોવિંદા. મેરે૦ ૩

તુમ જબ ગર્જિત ઘન ભયે, તબ મેં શિખિનંદા;
તુમ સાયર જબ મેં તદા, સુરસરિતા અમંદા. મેરે૦ ૪

દૂર કરો દાદા પાસજી ! ભવ દુઃખકા ફંદા;
વાચક જશ કહે દાસકું, દીયો પરમાનંદા મેરે૦ ૫

(૧૨)

શ્રી ચિંતામણિ પાર્શ્વજીરે દ્યો દરિસણ મહારાજ,
સુરતરુની પરે શોભતા રે આપો અવિચલ રાજ રે,
પ્રભુજી દ્યો દરિસણ મહારાજ. ૧

કુમારપણે કરૂણા કરીને, ઉગાર્યો બળતો નાગ,
જો સેવકને વિસારશો તો, પછી અપજશનો લાગ રે, પ્રભુજી૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વામા ઉર સર હંસલો રે, અશ્વસેન કુલચંદ,
શિવરમણી વરિયા પ્રભુ રે, ભોગવે પરમાનંદ રે, પ્રભુજી૦ ૩

ધન્ય જીવન જગ તેહનું અહોનિશ સેવે પાય,
ભક્તિ ભલી પરે સાચવે રે આણ વહે જે સદાય રે, પ્રભુજી૦ ૪

ભવ અટવી ભમતાં થકાં રે, દીઠો પ્રભુ દેદાર,
જિન ઉત્તમ દેખી હુઓ રે પદ્મને હર્ષ અપાર રે, પ્રભુજી૦ ૫

(૧૩)

(રાગ - જિન તેરે ચરણ કી...)

શરણ તુમારે આયો જિણંદરાય ! શરણ તુમારે આયો,
પકડી જકડી મોહ મહારાયે, ચિહું ગતિ ચોક ફિરાયો શરણ૦

નરક નિગોદને બંદીખાને, કાલ અનંત રઝાયો,
પાયા અતિમહામદના પ્યાલા, બહુ વિપરીત ભમાયો શરણ૦ ૧

મોહતણી રાણી મહામૂઢતા, તેણે હું ધંધે લગાયો,
છાઈ રહ્યા મુજ આંતર લોચન, આપકું આપ ભૂલાયો શરણ૦ ૨

મહા મંત્રીશ્વર મોહરાયકો, મિથ્યાદર્શન કહાયો,
કુદેવ કુગુરુ કુધર્મની સંગે, સૂધ બુધ સઘળી હરાયો શરણ૦ ૩

નાના વેશ ભેખ પાખંડે, મર્કટ નાચ નચાયો,
વિપર્યાસ આસન પર મંડપ, ચિત્ત વિક્ષેપ રચાયો શરણ૦ ૪

સુણો અરદાસ સમર્થ પ્રભુ પાર્શ્વ ! પંચાસર સુખદાયો,
અંતરંગ રિપુ ભય સવિ નાઠો, જો વિનયે પ્રભુ ધ્યાયો શરણ૦ ૫

(૧૪)

(રાગ - તુજ શાશનરસ અમૃત મીઠું)

આજ મનોરથ માહરો ફળિયો, પાસ જિનેસર મળિયો રે;
દુરગતિનો ભય દૂરે ટળિયો, પાયો પુણ્ય પોટલિયો રે... આજ ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોહ મહા ભટ જે છે બળિયો, સયલ લોક જેણે છળિયો રે;
માયામાંહે જગ સહુ ડુલિયો, તે તુજ તેજે ગળિયો રે આજ ૦૨

તુજ દરસન વિણ બહુ ભવ રુલિયો, કુગુરુ કુદેવે જલિયો રે;
ઝાઝા દુઃખમાંહી હાંફળિયો, ગતિ ચારે આફળિયો રે આજ૦ ૩

કુમતિ કદાગ્રહ હેલે દળિયો, જબ જિનવર સાંભળિયો રે;
પ્રભુ દીઠે આણંદ ઉછળિયો, મગમાંહે ઘી ઢળિયો રે આજ૦ ૪

અવર દેવશું નેહ વિચલિયો, જિનજીશું ચિત્ત હળિયો રે;
પામી સરસ સુધારસ ફળિયો, કુણ લે જલ ભાંભલિયો રે આજ ૦ ૫
જન મન વાંછિત પૂરણ કલિયો, ચિંતામણિ ઝળહળિયો રે;
મેઘ કહે ગુણમણિ માદળિયો, દો દોલત દાદલિયો રે આજ ૦ ૬

(૧૫)

પ્યારો પ્યારો રે હો વાલા મારા પાસજિણંદ મને પ્યારો;
તારો તારો રે હો વાલા મારા ભવના દુઃખડાં વારો,
કાશીદેશ વાણારસી નગરી, અશ્વસેન કુલ સોહીએ રે;
પાસ જિણંદા વામાનંદા, મારા વાલા, દેખત જન મન મોહીએરે પ્યારો૦ ૧

છપ્પન દિગ્કુમરી મિલી આવે, પ્રભુજીને હુલરાવે,
થેઈ થેઈ નાચ કરે મારા વાલા, હરખે જિન ગુણ ગાવે. પ્યારો૦ ૨

કમઠ હઠ ગાળ્યો પ્રભુ પાર્શ્વે, બળતો ઉગાર્યો ફણીનાગ રે;
દીઓ સાર નવકાર નાગકું, ધરણેંદ્ર પદ પાયો રે.પ્યારો૦ ૩

દીક્ષા લઈ પ્રભુ કેવળ પાયો, સમવસરણે સુહાયો રે;
દીએ મધુરધ્વની દેશના પ્રભુજી, ચૌમુખ ધર્મ સુણાયો રે.પ્યારો૦ ૪

કર્મ ખપાવી શિવપુર જાવે, અજરામર પદ પાવે રે;
જ્ઞાન અમૃત રસ ફરસે મારા વાલા, જ્યોતિસે જ્યોત મિલાવે રે. પ્યારો૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૬)

અખિયાં દરિશન કી હૈ પ્યાસી.....
પુરિષાદાની પાર્શ્વ તુમારી, સુરનર જનતા દાસી,
આશા પૂરણ તું અવનિતલ, સુરતરૂને સંકાસી... ૧

નિરાગી શું રાગ કરંતા, હોવત જગમાં હાંસી,
એક પખો જે નેહ ચલાવે, દીઓ તેહને શાબાશી... ૨

અજર અમર અકલંક અનંતગુણ, આપ ભયે અવિનાશી,
કારજ સકલ કરી સુખ પાયો, અબ ક્યું હોત ઉદાસી... ૩

તું પુરુષોત્તમ પરમ પુરુષ હૈ, તું જગમેં જિતકાસી,
જગથી દૂર રહ્યો પણ મુજ ચિત્ત, અંતર ક્યું કર જાસી ?..૪

વામાનંદન વંદન તુમચા, કરત હૈ શુભ મતિ વાસી,
જ્ઞાનવિમલ પ્રભુ ચરણ પસાયે, સમકિત લીલ વિલાસી ... ૫

(૧૭)

તારી મૂરતિનું નહિ મૂલ રે, લાગે મને પ્યારી રે....
તારી આંખડીએ મન મોહ્યું રે, જાઉં બલિહારી રે. ૧

ત્રણ ભુવનનું તત્ત્વ લહીને, નિર્મળ તુંહી નિપાયો,
જગ સઘળો નિરખીને જોતાં, તારી હોડે કો નહિ આયો રે, લાગે.. ૨

ત્રિભુવન તિલક સમોવડ તારી, સુંદર સુરતિ દીસે રે,
કોડી કંદર્પ સમ રૂપ નિહાળી, સુર નરના મન હીસે રે. લાગે... ૩

જ્યોતિ સ્વરૂપી તું જિન દીઠો, તેને ન ગમે બીજું કાંઈ રે,
જ્યાં જઇએ ત્યાં પૂરણ સઘળે, દીસે તુંહીજ તુંહી રે. લાગે... ૪

તુજ મુખ જોવાને રટ લાગી, તેને ન ગમે ઘરનો ધંધો રે,
આળપંપાળ સવિ અલગી મૂકી, તુજસું માંડ્યો પ્રતિબંધો રે.લાગે... ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવસાગરમાં ભમતાં ભમતાં, પ્રભુ પાર્શ્વનો પામ્યો આરો રે,
ઉદયરત્ન કહે બાહ્ય ગ્રહીને, સેવક પાર ઉતારો રે લાગે ...૬

(૧૮)

તું પ્રભુ મારો હું પ્રભુ તારો, ક્ષણ એક મુજને નાહિ વિસારો
મહેર કરી મુજ વિનંતી સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો. ૧

લાખ ચોરાશી ભટકી પ્રભુજી, આવ્યો હું તારે શરણે હો જિનજી
દુરગતિ કાપો શિવસુખ આપો, ભક્ત સેવકને નિજપદ સ્થાપો. ૨

અક્ષય ખજાનો પ્રભુ તાહરો ભર્યો છે, આપો કૃપાળું મેં હાથ ધર્યો છે
વામાનંદન જગવંદન પ્યારો, દેવ અનેરા માંહે તું ન્યારો. ૩

પલ પલ સમરૂં નાથ શંખેશ્વર, સમરથ તારણ તું હિ જિનેશ્વર
પ્રાણ થકી તું અધિકો વહાલો, દયા કરી મુજને નેહે નિહાળો. ૪

ભક્ત વત્સલ તારૂં બિરૂદ જાણી,કેડ ન છોડું એમ લેજો રે જાણી
ચરણોની સેવા નિત નિત ચાહું, ઘડી ઘડી મનમાંહે ઉમાહું. ૫

જ્ઞાનવિમલ તુજ ભક્તિ પ્રભાવે,ભવોભવના સંતાપ શમાવે
અમીય ભરેલી તારી મૂરતિ નિહાળી,પાપ અંતરના દેજો પખાળી. ૬

(૧૯)

(રાગ - ધર્મજિનેસર ધર્મ ધુરંધર પુરવ પુણ્યે મળીયો)

પ્રાણ થકી પ્યારો મને, પુરિસાદાણી પાસ,
આવ્યો તુજ મુખ દેખવા, પૂરો મુજ મન આશ. પ્રા૦ ૧

હવે મુજ તુમ મેળો થયો, નાવ નદી સંયોગ,
સેવક જાણી આપણો, દાખો નવ નવ રંગ.પ્રા૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેં પાલવ પકડ્યો ખરો, દાસ છું દીન દયાળ,
નાઠા ઇમ નવિ છૂટશો, સેવક જન પ્રતિપાળ. પ્રા૦ ૩

નિપટ કાંઈ કરી રહ્યા, આંખો આડા કાન,
સેવક સમજી નિવાજજો, કીજે આપ સમાન. પ્રા૦ ૪

ભાગ્યવંત હું જગતમાં, નિરખ્યો તુમ દેદાર,
મોહન કહે કવિ રૂપનો, જિનજી જગત આધાર. પ્રા૦ ૫

૨૦

(રાગ - માતા મરૂદેવીના નંદ)

શંભણ પાસપ્રભુ તુજ બિંબ.....
નિરખી અદ્‌ભુત રચના, મારૂં ચિત્ત ઠરાણું જી.
કે મારૂં દિલ ઠરાણું જી.....
ભવભવ ભટકત શરણે આવ્યો, દુઃખીયો દીન અનાથ,
કરૂણાસાગર આપ કહાવો, મુજને કરો સનાથ... ૧

ઇંદ્ર ચંદ્ર નાગેન્દ્ર તુમારી, સેવા કરે સુજાણ,
મેરી ક્યાં શક્તિ પ્રભુ તુમારી, ભક્તિ કરૂં અજાણ... ૨

નાગાર્જુનકી સિદ્ધિ કીની, દીના દુઃખ નિવાર,
એમ અનેક ભક્ત ઉદ્ધરીયા, મુજને દીયો વિસાર.. ૩

અમૃતથી પણ અધિકી મીઠી, મૂરતિ નિરખી આજ,
જન્મ જન્મકો રોગ મીટાયો, નયન સફળ શિરતાજ... ૪

અનુપમ મુદ્રા તીન જગતમેં, ઐસી ન દીઠી દેવ,
પૂરવ પુણ્ય થકી હું પામ્યો, દીજે ભવોભવ સેવ.. ૫

જન્મ જન્મમેં શરણ તુમારો, મેરી યહ અરદાસ,
'અમી' સમ તુમ વાણી રહો ઉરમેં, સફળ ભઈ મુજ આશ... ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૧)

એહિજ ઉત્તમ કામ, બીજું મને કાંઈ ન ગમે
સુકૃત કમાઈ ફલ પત પાઈ, પામું પ્રભુનું નામ.બીજું૦ ૧

ધન પખવાડો ધન તે દહાડો, ધન તે ઘડી લય જામ
સાર સંસારમેં એહીજ જાણું, જે જપીએ જિનનામ.બીજું૦ ૨

ધન તે ગામ નગર વરપટ્ટણ,પુર સંબાધન ઠામ
તેહિજ ભવન વિમાન અમાન ગુણ,જિહાં હોય જિણવર ધામ. બીજું૦ ૩

કષ્ટકિયા સવિ તુમ વિણ નિષ્ફલ, જ્યું ગગને ચિત્રામ.
જે તુમ ચાર નિક્ષેપે ધીઠ્ઠા, કરણી તસ સવિ વામ. બીજું૦ ૪

તુમ આણા વિણ સેવે કાંઈ, ભાગ અસંખ બદામ
તે ખસીયા પરે હાથ ઘસે નર, દુઃખ લહે જિમ ગદપામ.બીજું૦ ૫

પાસ શંખેશ્વર પરચો પૂરણ, પુહવિયે દશશત ધામ
જ્ઞાનવિમલ પ્રભુ સંગતિ એહી, લાખકોડિ નિધિદામ. બીજું૦ ૬

(૨૨)

(રા-મેરે સાહિબ તુમ હિ હો)

મેરે સાહેબ પાસજી, પ્રભુ વામાનંદા ; ખીજમતગાર ગરીબ હું, મેં તેરા બંદા મેરે૦ ૧
સેવા સારે વાસુકી,લંછન મિસે ઇંદા; તુમ ઉપગાર સુધારસે,થયો તે ધરણિંદા. મેરે૦ ૨
અનુભવ તેજ પ્રકાશથી, જિતકોડી દિણંદા; નિજ દાને દાસી કર્યા, સુરમણિ હરિ ચંદા. મેરે૦ ૩
શામલપાસ સોહંકરૂં, સમ મેરૂ ગિરિંદા; સાહિબ સુનજરથી હોવે, નિતુ પરમાનંદા. મેરે૦ ૪
અવર દેવ તુમ અંતરો, જિમ મહિષ ગઇંદા; દેવ દેવાધિપણે કરી,પિયુમંદ માકંદા.મેરે૦ ૫
ત્રિભુવન ભવને વિસ્તર્યા, જસ ગુણ મકરંદા; જ્ઞાનવિમલ સેવા કરે,પ્રભુ પદ અરવિંદા. મેરે૦ ૬

(૨૩)

લગની લાગી પારસનાથ, મને કરજો સનાથ, ચિંતામણીઓ પારસનાથ,
મારા પૂરા કરજે કોડ, મારી સાથે પારસ બોલ. ચિંતા૦ ... ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તારે દ્વારે પારસ હું તો આવ્યો, તારા ચરણમાં શિશ ઝુકાવ્યો,
તને છોડીને ક્યાં મારે જવું, તારે રંગે રંગીલો રંગાઉ,
મારા અંતરની આશ,તારા દર્શનની પ્યાસ.. ચિંતા૦ ... ૨

મારૂં હૈયું ચડ્યું ચકડોળે,વચમાં મારા પ્રભુજી ના બોલે,
મારૂં હૈડું નિશદિન એમ બોલે,મેં તો માથું મૂક્યું તારે ખોળે,
આઠ પહોર આનંદ થાય, સેવક ગુણ તોરા ગાય. ચિંતા૦ ... ૩

એક દુઃખિયારો તુજને પુકારે, તેની વહારે તું કેમ ન આવે ?
સેવક રોઈ રોઈ દહાડા વીતાવે, તારો વિયોગ મુજને સતાવે,
કોને વાત કહું, કયાં જઇ રાત રહું,ચિંતા૦ ... ૪

ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગુ છું દેવાધિદેવા,
જ્ઞાનવિમલ ગુણતોરા ગાવે, શુભભાવ હૃદયમાં લાવે,
મારી મોક્ષની આશ, પૂરી કરજે તું પાસ. ચિંતા૦ .. ૫

(૨૪)

(અર્વાચિન હોવાની સંભાવના છે)

તમે બોલો બોલોને પારસનાથ, બાળક તમને બોલાવે,
તમે આંખડી ખોલોને એકવાર, બાળક તમને બોલાવે... ૧
મારા કરેલા કર્મો આજ રે નડ્યા, મારા અવળા તે લેખો કોણે રે લખ્યા?
મારા પૂર્વના પ્રગટ્યા છે પાપ; બાળક૦ ૨

કંઠ સુકાયો મુખથી બોલાતું નથી, શ્વાસ રુંધાયો આંખે દેખાતું નથી,
હું તો રડું છું હૈયાભાર; બાળક૦ ૩

મારી આશાનો દિપક બુઝાઈ ગયો, ચારે કોર અંધકાર છવાઈ ગયો,
મારા જીવનમાં પડી છે હડતાલ; બાળક૦ ૪

તમે શાંતિની ગોદમાં પોઢીગયા. તરછોડી જતાં ના આવી દયા,
હવે ક્યાં સુધી કરશો વિશ્રામ; ? બાળક૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તારા વિના આંસુ કોણ લુંછે ?તારી ભક્તિના ભાવ કોણ પૂછે ?

જ્ઞાનવિમલના પ્રાણ આધાર; બાળક૦ ૬

(૨૫)

અબ મોહે ઐસી આય બની,
શ્રી શંખેશ્વર પાસ જિનેસર, મેરે તું એક ધની. અબ૦ ૧

તુમ બિનું કોઉ ચિત્ત ન સુહાવે, આવે કોડી ગુની,
મેરો મન તુજ ઉપર રસિયો, અલિ જિમ કમલ ભણી. અબ૦ ૨

તુમ નામે સવિ સંકટ ચૂરે, નાગરાજ ધરની,
નામ જપું નિશિ વાસર તેરો, એ શુભ મુજ કરની. અબ૦ ૩

કોપાનલ ઉપજાવત દુર્જન, મદન વચન અરની,
નામ જપું જલધાર તિહાં તુજ, ધારૂં દુઃખ હરની. અબ૦ ૪

મિથ્યામતિ બહુ જન હૈ જગમેં, પદ ન ધરત ધરની,
ઉનસે અબ તુજ ભક્તિ પ્રભાવે, ભય નહિ એક કની. અબ૦ ૫

સજ્જન-નયન સુધારસ-અંજન, દુરજન રવિ ભરની,
તુજ મુરતિ નિરખે સોં પાવે, સુખ જસ લીલ ઘની. અબ૦ ૬

(૨૬)

જય ! જય ! જય ! જય ! પાસ જિણંદા
અંતરીક્ષ પ્રભુ ! ત્રિભુવન તારણ, ભવિક કમલ-ઉલ્લાસ દિણંદ. જય૦ ૧

તેરે ચરણ શરણ મેં કીનો,તુમ બિન કુન તોડે ભવ ફંદ;
પરમપુરુષ પરમારથદર્શી, તું દીયે ભવિકકું પરમાનંદ.જય૦ ૨

તું નાયક તું શિવસુખદાયક,તું હિતચિંતક,તું સુખકંદ;
તું જનરંજન, તું ભવભંજન,તું કેવલ કમલા-ગોવિંદ.જય૦ ૩

કોડિદેવ મિલકે કર ન શકે, એક અંગૂઠ રૂપ પ્રતિછંદ;
ઐસો અદ્‌ભુત રૂપ તિહારો, બરસત માનું અમૃત કે બુંદ. જય૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેરે મન મધુકરકે મોહન, તુમ હો વિમલ સદલ અરવિંદ;
નયન ચકોર વિલાસ કરત હૈ, દેખત તુમ મુખ પૂનમચંદ. જય૦ ૫

દૂર જાવે પ્રભુ ! તુમ દરિશનસેં દુઃખ દોહગ દારિદ્ર અધદંદ;
વાચકજસ કહે સહસ ફલત હૈ, જે બોલે તુમ ગુનકે વૃંદ. જય૦ ૬

(૨૭)

પાર્શ્વપ્રભુશંખેશ્વરા શંખેશ્વરા, મુજ દરિસણ વેગે દીજે રે;
તુજ દરિસણ મુજ વાલહો,જાણે અહોનિશ સેવા કીજે રે.પાર્શ્વ૦ ૧

રાત દિવસ સુતા જાગતા, મુજ હૈયે ધ્યાન તમારૂં રે;
જીભ જપે તુજ નામને, તવ ઉલ્લસે હૈયું મારૂં રે.પાર્શ્વ૦ ૨

દૈવ દીયે જો પાંખડી,તો આવું તુજ હજુર રે;
મુજ મન કેરી વાતડી,કહી દુઃખડા કીજે દૂર રે.પાર્શ્વ૦ ૩

તું પ્રભુ આતમ માહરો, તું પ્રાણજીવન મુજ દેવ રે;
સંકટ ચૂરણ તું સદા, મુજ મહેર કરો નિત્યમેવ રે. પાર્શ્વ૦ ૪

કમળ સૂરજ જેમ પ્રીતડી, જેમ પ્રીતિ બપૈયા મેહ રે;
દૂર થકી તિમ રાખજો, મુજ ઉપર અધિકો સ્નેહરે.પાર્શ્વ૦ ૫

સેવકની આ વિનતિ, અવધારી સુનજર કીજે રે;
લબ્ધિવિજય કવિ પ્રેમને, પ્રભુ અવિચળ સુખડાં દીજે રે. પાર્શ્વ૦ ૬

(૨૮)

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મુજ મન ભાવી રે;
મનમોહના જિનરાયા, સુરનર કિન્નર ગુણ ગાયા રે, મન૦
જેદિનથી મૂરતિ દીઠી, તે દિનથી આપદ નીઠી રે. મન૦ ૧

મટકાળું મુખ સુપ્રસન્ન, દેખત રીઝે ભવિ મન્ન રે;
સમતારસ કેરાં કચોળા,નયણાં દીઠે રંગરોળાં રે. મન૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાથે ન ધરે હથીયાર, નહિ જપમાળાનો પ્રચાર રે;
ઉત્સંગે ન ધરે વામા, તેહથી નિપજે સવિ કામા રે. મન૦ ૩

ન કરે ગીત નૃત્યના ચાળા, એ તો પ્રત્યક્ષ નટના ખ્યાલા રે;
ન વજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજાં રે. મન૦ ૪

ઇમ મૂરતિ તુજ નિરૂપાધિ, વીતરાગ પણે કરી સાધી રે;
કહે **માનવિજય** ઉવજઝાયા, મેં અવલંબ્યા તુજ પાયા રે. મન૦ ૫

(૨૯)

ચિત્ત સમરી શારદ માય રે, વળી પ્રણમું નિજ ગુરુ પાય રે;
ગાઉં ત્રેવીશમા જિનરાય રે, વ્હાલાજીનું જન્મ કલ્યાણક ગાઉં રે,
સોનારૂપાને ફૂલડે વધાવું રે, થાળ ભરી ભરી મોતીડે વધાવું રે.વ્હાલા૦ ૧
કાશીદેશ વાણારસી રાજે રે, અશ્વસેન છત્રપતિ છાજે રે;
રાણી વામા ગૃહિણી સુરાજે રે. વ્હાલા૦ ૨

ચૈત્રવદિ ચોથે તે ચવિયા રે, માતા વામા કૂખે અવતરીયા રે;
અજુઆળ્યાં એહનાં પરિયાં રે. વ્હાલા૦ ૩

પોષ વદિ દશમી જગભાણ રે હોવે પ્રભુનું જન્મ કલ્યાણ રે;
વીશસ્થાનક સુકૃત કમાણ રે. વ્હાલા૦ ૪
નારકી નરકે સુખ પાવે રે, અંતર્મુહૂર્ત દુઃખજાવે રે;
એ તો જન્મકલ્યાણ કહાવે રે. વ્હાલા ૫

પ્રભુ ત્રણ ભુવન શિરતાજ રે, તુમે તારણ તરણ જહાજ રે;
કહે **દીપવિજય** કવિરાજ રે. વ્હાલા૦ ૬

(૩૦)

(રાગ - શ્રી ચિંતામણી પાર્શ્વજી)

જિનરાજ નમો જિનરાજ નમો, અહોનિશ પ્રભુ ભાવે ચિત્ત રમો
દુઃખ દોહગ દુરિત મિથ્યાત્વ ગમો, ચઉગતિ ભવ વનમાં જિમ ન ભમો... ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુપાસ જિનેસર વંદો રે, ભવસંચિત દુરિત નિકંદો રે;
પ્રભુ અનુભવજ્ઞાન દિણંદો રે, સમતા વનિતા સવિ છંદો રે... ૨

પ્રભુ મેં કાળ અનંત ગમાયો રે, તુમ દરિશન સાર ન પાયો રે;
જો પાયો તો ન સુહાયો રે, ત્રિકરણ શુદ્ધે નવિ ધ્યાયો રે... ૩

મુજને મોહ મહીશે રમાડ્યો રે, ભવ નાટકમાંહિ ભમાડ્યો રે;
વળી કુગુરુ કુદેવ નમાડ્યો રે, ચુહી એળે અવતાર ગમાડ્યો રે... ૪

શુદ્ધ બોધ નૃપતિ સુપ્રસાદે રે,લહ્યુ સમકિત પરમ આલ્હાદે રે;
ટળ્યું પરમ મિથ્યાત્વ અનાદિ રે, થયો સહજ સ્વભાવ સાદિ રે... ૫

જબ આપે આપ વિચાર્યું રે, તબ નિશ્ચય એહિ જ ધાર્યું રે;
ઉપગાર ગુણે ન વિસાર્યો રે, જબ વિષય કષાય નિવાર્યો રે... ૬

એ મહિમા સર્વ તુમારો રે, તુજ મુજ વચ્ચે અંતર વારો રે;
જિમ સફલ હોવે અવતારો રે, **જ્ઞાનવિમલ** ગુણ દિલ ધારો રે... ૭

(૩૧)

મુજ સરીખા મેવાસીને, પ્રભુ જો તું તારે;
તારક તો જાણું ખરો, જુહું બિરૂદ શું ધારે ? મુજ૦ ૧

સેવા સલામી નવિ ભરૂં, સીધી આણ ન માનું;
માહરી રીતિ પ્રીછો તમે, શું રાખીયે છાનું ? મુજ૦ ૨

મહા મિથ્યાત્વ મેવાસમાં, વલી વાસ મેં કીધો;
ગુન્હી અને અકહાગરો, નવિ ચાલું સીધો. મુજ૦ ૩

જે તે વરજ્યા વેગળાં, તે મેં આદ્યા લીધા;
તુજશું બાંધી બાકરી, અન્યાયો મેં કીધા. મુજ૦ ૪

દ્વેષ ધરી તુજ ઉપરે, બીજાશું મળીયો;
તુજ શાસન ઉત્થાપીને, પાખંડે વળીયો. મુજ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છલ કરીને છ કાયની, તુજ વાડી વિણાશી;
છું અનાડી અનાદિનો, હું તો મોટો મેવાશી. મુજ૦ ૬

મેવાસીપણું મેલીને, આવ્યો તુજ ચરણે;
જો તારે તો તારજે, એહવે આચરણે. મુજ૦ ૭

વામાનંદન વંદતા, ભવનું દુઃખ ભાંગુ;
ઉદયરત્ન કહે લળી લળી, પ્રભુ પાયે લાગું. મુજ૦ ૮

(૩૨)

(રાગ - હે ત્રિશલાના જાયા)

ઓલગડી અવધારો, આશ ધરી હું આવ્યો,
શ્રી શંખેશ્વર અલવેસર તારી, આશ ધરી હું આવ્યો,
સેવક પાર કરોને સાહિબ ! ચિંતામણી મે પાયો... ૧

દેવ ઘણાં મેં સેવ્યાં પહેલાં, જિહાં લગે તુ નવિ મળીયો,
હવે ભવાંતરમાં પણ તેહથી, કીમ હિ ન જાઉં છળીયો... ૨

અતિશય જ્ઞાનાદિક જિન તારા, દિસે છે પ્રભુ જેહવાં,
સુરજ આગળ ગ્રહગણ દીપે, હરિહર દીપે તેહવા... ૩

કલિકાલે પ્રગટ તુજ પરચો, દેખું વિશ્વ મોઝાર,
પુરુષાદાણી પાર્શ્વ જિનેશ્વર, બાહ્ય ગ્રહીને તારો... ૪

પુષ્કરાવર્ત ઘનાઘન પામી, ઓર છિલ્લર નવિ ચાયું,
કામકુંભ સાચો પામીને, ચિત્ત કરે કોણ કાચું ?.. ૫

જરા નિવારી જાદવ કેરી, સુર નરવર સહું પૂજયાં,
પાસજી પ્રત્યક્ષ દેખત દરિસન, પાપ મેવાસી ધ્રુજ્યાં...૬

સો વાતે એક વાતડી જાણો, ભવજલ પાર ઉતારો,
પંડિત ઉત્તમ વિજયનો સેવક, **રત્નવિજય** જયકારો...૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(33)

પ્રભુ જગજીવન જગબંધુ રે, સાંઈ સયાણો રે.
તારી મુદ્રાએ મન મોહ્યું રે, જૂઠ ન જાણો રે.
તું પરમાતમ ! તુ પુરુષોત્તમ ! વાલા મારા તું પરબ્રહ્મ સ્વરૂપી રે,
સિદ્ધિ સાધક સિદ્ધાંત સનાતન, તું ત્રય ભાવ પ્રરૂપી રે. સાંઈ૦ ૧

તાહરી પ્રભુતા ત્રિહુ જગમાંહે વા૦ પણ મુજ પ્રભુતા મોટી;
તુજ સરીખો માહરે મહારાજા, માહરે નહિ કાંઈ ખોટ રે. સાંઈ૦ ૨

તું નિરદ્રવ્ય પરમપદવાસી, વા૦ હું તો દ્રવ્યનો ભોગી;
તું નિરગુણ હું તો ગુણધારી, હું કરમી તું અભોગી રે. સાંઈ૦ ૩

તું તો અરૂપી ને હું રૂપી, વા૦ હું રાગી તું નીરાગી;
તું નિરવિષ હું તો વિષધારી, હું સંગ્રહી તું ત્યાગી રે. સાંઈ૦ ૪

તાહરે રાજ નથી કોઈ એકે, વા૦ ચૌદ રાજ છે માહરે;
માહરી લીલા આગળ જોતાં, અધિક શું છે તાહરે રે. સાંઈ૦ ૫

પણ તું મોટો ને હું છોટો, વા૦ ફોગટ ફુલ્યે શું થાય;
ખમજો એ અપરાધ અમારો, ભક્તિ વશે કહેવાય રે. સાંઈ૦ ૬

શ્રી શંખેશ્વર વામાનંદન, વા૦ ઉભા ઓલગ કીજે;
રૂપવિબુધનો મોહન પભણે, ચરણની સેવા દીજે રે. સાંઈ૦ ૭

(34)

મેરે હો ચિંતામણિ પ્રભુ, પાસજી કા કામ હૈ....

જલધિ કિનારે ભારા, નયર ગંધાર સારા, ચિંતામણિ પાર્શ્વપ્રભુકા, ઉહાં બડા ધામ હૈ....૧
મૂરતિ પ્રભુકી મીઠી, ઐસી છબી નાહિ દીઠી, શાન્તસુધારસ કેરાં, માનું એક ઠામ હૈ... ૨
દૂષમ કાળમે સ્વામી, દુઃખ કી હૈ નાહિ ખામી, આનંદ સમાધિ દીજે, મુજે બડી હામ હૈ... ૩
અખૂટ ખજાના તેરા, થોડા બહુત કર દો મેરા, સુખ જનકું દેના યે તો, પ્રભુ તેરા કામ હૈ... ૪
બીરૂદ સંભાલ લીજે, મેરા તેરા નાહિ કીજે, 'તરણ તારણ' ઐસા, પ્રભુ તેરા નામ હૈ... ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'વીર' કહે શિર નામી, સુણો હો ગંધાર સ્વામી, દેના હો તો જ્ઞાન દે દો, દુજા નાહિ કામ હૈ.. ૬
નિધિ રસ નિધીન્દુ વરસે, પોષ માસે શીત પક્ષે, ચતુર્દશી દિન ભેટે, એ હી અભિરામ હૈ... ૭

(૩૫)

(રાગ - સુણો શાંતિ જિણંદ સોભાગી)

સુણો પાર્શ્વજિનેશ્વર સ્વામી, અલવેસર અંતરયામી,
હું તો અરજ કરૂં શિરનામી, પ્રભુ સાથે અવસર પામી;
હો સ્વામી તારો, તારો પ્રભુજી તારો, હો સ્વામી૦ ૧

મુજને ભવસાગરથી તારો, ચિહું ગતિના ફેરા વારો;
કરૂણા કરી પાર ઉતારો, એ વિનંતિ મનમાં ધારો. હો સ્વામી૦ ૨

સંસારે સાર ન કાંઈ, સાચો એક તું હી સખાઈ;
તે માટે કરી શિરતાઈ, મેં તુજ ચરણે લય લાઈ. હો સ્વામી૦ ૩

તારક તું જગત પ્રસિદ્ધો , પહેલે પણ તેં જસ લીધો;
તુજ સેવકને શિવસુખ દીધો, એક મુજ અંતર શું કીધો ? હો સ્વામી૦ ૪

ઇમ અંતર તે ન કરવો, સેવકને શિવસુખ દેવો;
અવગુણ પણ ગુણ કરી લેવો, હેત આણી બાંહ્ય ગ્રહેવો. હો સ્વામી૦ ૫

તારો સેવક ચૂકે કોઈ ટાણે, પણ સાહિબ મનમાં ન આણે;
નિજ અંગીકૃત પરમાણે, પોતાનો કરી જાણે. હો સ્વામી૦ ૬

તું ત્રિભુવનનાથ કહેવાયો, ઇમ જાણીને જિનરાય;
દ્યો ચરણ સેવા સુપસાય, જિમ હંસરતન સુખ થાય. હો સ્વામી૦ ૭

(૩૬)

(રાગ - પહેલે ભવે એક ગામનો)

પાસ પ્રણમું ચિંતામણી રે, દિનમણિ અધિક પ્રતાપ;
સુરમણિ અધિક વાંછિત દીયે રે, જાયે દુઃખ સંતાપ,
જિણંદરાય દીઠો તુમ દેદાર, સફળ થયો અવતાર. જિ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજે જાગી ભાગ્ય દશા રે, પ્રગટ્યું આજ નિધાન;
ભાવઠ ભવભવનાં ગયાં રે, જાગ્યાં પુણ્યનિદાન. નિ૦ ૨

અનુભવ સુરતરુ પ્રગટીયો રે, પ્રસર્યો સદલ સછાય;
પાપ તાપ સવિ ઉપશમ્યા રે, દુરિતવિષય કષાય. જિ૦ ૩

મંગલમાળા અમ ઘરે રે, કેલી કરો નિશદીશ;
વાડી ફુલી ધર્મની રે, દિન દિન અધિક જગીશ. જિ ૪

કામગવી ઘર આંગણે રે, આવી કરતી કેલી;
વચન આણા પય સીંચતી રે, માનું સુરતરૂની વેલી. જિ૦ ૫

સુખ સઘળા સહેજે થયા રે, પ્રગટ્યા પુણ્યઅંકુર;
પરમાનંદ કાંઈ ઉલ્લસ્યો રે, અધિક અધિક જસ નૂર. જિ૦ ૬

વામાનંદન પાસજી રે, અશ્વસેન કુલભાણ;
નીલવરણ નવ કર તનુ રે, પ્રભાવતીનો પ્રાણ. જિ૦ ૭

આઠ મહાસિદ્ધિ નવનિધિ રે, આવી કરતલમાંહિ;
જ્ઞાનવિમલ મહિમા ઘણો રે, તુમ ધ્યાને જગમાંહિ. જિ૦ ૮

(૩૭)

સમય સમય સો વાર સંભારૂં, તુજશું લગની જોર રે;
મોહન મુજરો માની લેજો, જ્યું જલધર પ્રીતિ મોર રે. સમય૦ ૧

માહરે તન ધન જીવન તૂંહી, એહમાં જૂઠ ન જાણો રે;
અંતરજામી જગજન નેતા, તૂં કિહાં નથી છાનો રે. સમય૦ ૨

જેણે તુજને હિયડે નવિ ધાર્યો તાસ જનમ કુણ લેખે રે;?
કાચે રાચે તે નર મૂરખ, રતનને દૂર ઉવેખે રે. સમય૦ ૩

સુરતરૂ છાયા મૂકી ગહરી, બાઉલ તળે કુણ બેસે રે;?
તારી ઓલગ લાગે મીઠી, કિમ છોડાય વિશેષે રે. સમય૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વામાનંદન પાસ પ્રભુજી, અરજી ચિત્તમાં ધારો રે;
રૂપવિબુધનો મોહન પભણે, નિજ સેવક કરી જાણો રે. સમય૦ ૫

(૩૮)

શ્રી શંખેશ્વર પાસજી, સુણો મુજ વિનતિ, આવ્યો છું હું આજ, આશા મોટી ધરી;
લાખ ચોરાશી જીવા યોનિમાંહે ભમ્યો, તે માંહે મનુષ્ય જન્મ, અતિશયદુષ્કરો. ૧
તે પણ પૂરવ પુન્ય પ્રભાવે અનુભવ્યો, તો પણ દેવ ગુરુ ધર્મ, નવિ મેં ઓળખ્યો;
શું થાશે પ્રભુ ! મુજ, તુજ કરૂણા વિના, રઝળ્યો રાંકની પેરે, પામ્યો વિટંબના. ૨
ન દીધું શુદ્ધ દાન, સુપાત્રે ભાવથી, ન પાલ્યું વળી શીયલ, વીટંબિયો કામથી;
તપ તપ્યો નહીં કોઈ, આતમને કારણે, શું ઝાઝું કહું નાથ,જાવું નરક બારણે. ૩
કીધા જે મે કુકર્મ, જો તે વિવરી કહું, તો લાગે બહુ વાર, ભજન ક્યારે કરૂં; ?
પૂર્વ વિરાધક ભાવથી, ભાવ ન ઉલ્લસે, ચારિત્ર ડહોળ્યું નાથ, કરમ મોહની વશે. ૪
ક્ષણ ક્ષણમાં બહુ વાર, પરિણામની ભિન્નતા, તે જાણો છો મહારાજ, મારી વિકલ્પના;
નહી ગુણનો લવ લેશ, જગત ગુણી કહે, તે સુણી માહરૂં મન, અતિ ગહગહે. ૫
માગું દીનદયાળ, ચરણ તણી સેવના, વૃદ્ધિ ધર્મની હોજો, ભવોભવ ભાવના;
દેજો તુજ દરિશન, દેવ અતિ ભલું, પૂરવ પુણ્ય પસાયે, કલ્પવૃક્ષ ફળ્યું. ૬

(૩૯)

આજ શંખેશ્વર જિન ભેટીએ, ભેટંતા ભવદુઃખ નાસે, સાહેબ મોરા રે;
જયો અશ્વસેન કુલ ચંદ્રમા, માતા વામા સુત પાસ સા૦ આ૦ ૧

ભક્તવત્સલ જન ભયહરૂં, હસતાં હણીયા ષટ્ હાસ્ય; સા૦
દાનાદિક પાંચને દુહવ્યા, ફરી ન આવે પાસની પાસ. સા૦ આ૦ ૨

કરી કામને કારમી કમકમી, મિથ્યાત્વને ન દીઉં માન; સા૦
અવિરતિ ને રતિ નહિ એક ઘડી, અગુણી અલગું અજ્ઞાન. સા૦ આ૦ ૩

નિંદક નિદ્રા ને નાસવી, મૃત રાગને રોગ અપાર; સા૦
એક ધક્કે દ્વેષ ને ઢોલીયો, એમ નાઠા દોષ અઢાર. સા૦ આ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વળી મત્સર મોહ મમત ગયો, અરિહા નિરિહા નિર્દોષ, સા૦
ધરણેન્દ્ર કમઠ સુર બિહું પરે, તુષ માત્ર નહી તોષ રોષ સા૦ આ૦ ૫

અચરિજ સુણજો એક તેણે સમે, શત્રુને સમકિત દાય; સા૦
ચંદન પારસ ગુણ અતિ ઘણાં, અક્ષર થોડે ન કહાય. સા૦ આ૦ ૬

જાગરણ દશા ઉપર ચઢ્યા, ઉજાગરણે વીતરાગ; સા૦
આલંબન ધરતા પ્રભુ તણું, પ્રભુતા સેવક સૌભાગ્ય. સા૦ આ૦ ૭

ઉપાદાન કારણકારજ સઘે, અસાધારણ કારણ નિત્ય; સા૦
જો અપેક્ષા કારણ ભવિ લહે, ફલદા કારણ નિમિત્ત. સા૦ આ૦ ૮

પ્રભુ ગ્રાયક સાયકતા ધરી, દાયક નાયક ગંભીર; સા૦
નિજ સેવક જાણી નિવાજીયે, તુમ ચરણે નમે શુભવીર. સા૦ આ૦ ૯

(૪૦)

અહો ! અહો ! પાસજી ! મુજ મળિયા રે,
મારા મનના મનોરથ ફળિયા. અહો૦
તારી મૂરતિ મોહનગારી રે, સહુ સંઘને લાગે છે પ્યારી;
તમને મોહી રહ્યાં સુર નરનારી. અહો૦ ૧

અલબેલી મૂરત પ્રભુ ! તારી રે, તારા મુખડા ઉપર જાઉં વારી રે;
નાગને લીધો ઉગારી. અહો; ૨

ધન્ય ધન્ય દેવાધિદેવા રે, સુરલોક કરે તારી સેવા રે;
અમને આપો ને શિવપુર મેવા. અહો૦ ૩

તમે શિવરમણીના રસિયા રે, જઇ મુક્તિપુરીમાં વસીયા રે;
મારા હૃદયકમળમાં વસિયા. અહો૦ ૪

જે કોઈ પાર્શ્વતણા ગુણ ગાશેરે, ભવભવનાં પાતક જાશે રે;
તેના સમકિત નિરમળ થાશે. અહો૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ ત્રેવીશમા જિનરાયા રે, માતા, વામાદેવીના જાયા રે;
અમને દરિશન દોને દયાળા. અહો૦ ૬

હું તો લળીલળી લાગું પાય રે, મારા ઉરમાં તે હરખ ન માય રે;
એમ **માણેકવિજય** ગુણ ગાય. અહો૦ ૭

(૪૧)

શ્રી ચિંતામણિ પાસજી, દાદા વાત સુણો એક મોરી રે;
માહરા મનના મનોરથ પૂરજો, હું તો ભક્તિ ન છોડું તોરી રે. શ્રી૦ ૧

માહરી ખિજમતમાં ખામી નહિ, તાહરે ખોટ ન કાંઈ ખજાને રે
હવે દેવાની શી ઢીલ છે ? શું કહેવું તે કહીએ થાને રે. શ્રી૦ ૨

તે નિરુણ સવિ પૃથ્વી કરી, ઘન વરસી વરસી દાને રે
માહરી વેળા શું એહવા, દીઓ વાંછિત વાળો વાન રે. શ્રી૦ ૩

હું તો કેડ ના છોડું તાહરી, લીધા વિણ શિવસુખ સ્વામીરે
મૂરખ તે ઓછે માનશે, ચિંતામણિ કરચલ પામી રે. શ્રી૦ ૪

મત કહેશ્યો તુજ કર્મે નથી, કર્મે છે તો તું પામ્યો રે
મુજ સરીખા કીધા મોટકા, કહો તેણે કાંઈ તૂજ થામ્યો રે ? શ્રી૦ ૫

કાલ સ્વભાવ ભવિતવ્યતા, તે સઘળા તારા દાસો રે
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સબલ વિશ્વાસો રે. શ્રી૦ ૬

અમે ભક્તે મુક્તિને ખેંચશું, જિમ લોહને ચમક પાષાણો રે
તુમ્હે હેજે હસીને દેખશો, કહેશો સેવક છે સપરાણો રે. શ્રી૦ ૭

ભક્તિ આરાધ્યાં ફળ દીએ, ચિંતામણિ પણ પાષાણો રે
વળી અધિકું કાંઈ કહાવશો, એ ભદ્રક ભક્તિ તે જાણો રે. શ્રી૦ ૮

બાળક તે જિમ તિમ બોલતો, કરે લાડ તાતને આગે રે
તે તેહશું વાંછિત પૂરવે, બની આવે સઘળું રાગે રે. શ્રી૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારે બનનારું તે બન્યું જ છે, હું તો લોકને વાત શીખાવું રે
વાચક જસ કહે સાહિબા, એ રીતે તુમ ગુણ ગાવું રે. શ્રી૦ ૧૦

(૪૨)

જિનજી ત્રેવીશમો જિન પાસ કે આશા મુજ પૂરવે રે લો,
માહરા નાથજી રે લો૦
જિનજી ઇહભવ પરભવ દુઃખ, દોહગ સવિ ચૂરવે રે લો; મા૦
જિ૦ આઠ પ્રાતિહાર્યશું, જગમાં તું જયો રે લો, મા૦
જિ૦ તાહરા વૃક્ષ અશોકથી, શોક દૂરે ગયો રે લો. મા૦ ૧

જિ૦ જાનુ પ્રમાણ ગીર્વાણ કુસુમ વૃષ્ટિ કરે રે લો, મા૦
જિ૦ દિવ્યધ્વનિ સુર પૂરે કે, વાંસલીયે સ્વરે રે લો; મા૦
જિ૦ ચામર કેરી હાર ચલંતી, એમ કહે રે લો, મા૦
જિ૦ જે નમે અમ પરે તે ભવી, ઉર્ધ્વગતિ લહે રે લો. મા૦ ૨

જિ૦ પાદપીઠ સિંહાસન, વ્યંતર વિરચીયે રે લો, મા૦
જિ૦ તિહાં બેસી જિનરાજ, ભવિક દેશના દિયે રે લો, મા૦
જિ૦ ભામંડલ શિર પૂંઠે, સૂર્ય પરે તપે રે લો, મા૦
જિ૦ નિરખી હરખે જેહ, તેહના પાતક ખપે રે લો, મા૦ ૩

જિ૦ દેવદુંદુભિનો નાદ, ગંભીર ગાજે ઘણો રે લો, મા૦
જિ૦ ત્રણ છત્ર કહે તુજ કે, ત્રિભુવન પતિ પણો રે લો; મા૦
જિ૦ એ ઠકુરાઈ તુજકે, બીજે નવિ ઘટે રે લો, મા૦
જિ૦ રાગી દ્વેષી દેવ કે, તે ભવમાં અટે રે લો. મા૦ ૪

જિ૦ પૂજક નિંદક દોય કે, તાહરે સમપણે રે લો૦, મા૦
જિ૦ કમઠ ધરણપતિ ઉપર, સમચિત્ત તું ગણે રે લો; મા૦
જિ૦ પણ ઉત્તમ તુજ પાદ-પદ્મ સેવા કરે રે લો, મા૦
જિ૦ તેહ સ્વભાવે ભવ્ય કે, ભવસાયર તરે રે લો. મા૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪૩)

જિનજી ગોડીમંડન પાસ કે વિનંતિ સાંભળો રે લો
જિનજી અરજ કરૂ સુવિલાસ કે મૂકી આમળો રે લો
જિનજી તુમ દરિસણ કે કાજ કે જીવડો ટળવળે રે લો
જિનજી મહેર કરી મહારાજ કે આશા સવી ફળે રે લો...૧

જિનજી મન ભમરો લલચાય કે પ્રભુની ઓલગે રે લો
જિનજી જીમ તિમ મેલો થાય કે તે કરજો વગે રે લો
જિનજી દૂર થકા પણ નેહ કે સાચો માનજો રે લો
જિનજી તુમથી લહુ ગુણગેહ કે અમૃતપાન જો રે લો....૨

જિનજી પ્રભુશુ બાંધ્યો પ્રેમ કે તે કેમ વિસરે રે લો
જિનજી બીજા જોવા નિમ કે પ્રભુથી દિલ ઠરે રે લો
જિનજી જોતા તાહરૂ રૂપકે અનુભવ સાંભરે રે લો
જિનજી તાહરી જ્યોતિ અનૂપ કે, ચિંતા દુઃખ હરે રે લો...૩

જિનજી એહુ ભોજન ખાયકે, મિઠાઈની લાલચે રે લો
જિનજી આતમને હિત થાય કે પ્રભુના ગુણ ચિંતને રે લો
જિનજી કર્મ તણો બલ જોર કે તેહથી તારીયે રે લો
જિનજી સમકિતના જે ચોર કે તેહને વારીયે રે લો...૪

જિનજી નિજ સેવક જાણીને મુક્તિ બતાવીયે રે લો
જિનજી કરુણારસ આણીને કે મનમા લાવીયે રે લો
જિનજી વાચક સહજ સુંદરનો સેવક કહે રે લો
જિનજી પંડિત શ્રી નિત્ય લાભ કે પ્રભુથી શિવલહે રે લો...૫

(૪૪)

(તુ પ્રભુ મારો)

શંખેશ્વર મંડણ પાર્શ્વજિણંદા, અરજ સુણો ટાળો દુઃખ દંદા,
તું સાહિબ હું છું તુજ બંદા. પ્રીત બની જૈસી કૈરવ ચંદા. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુજ શું નેહ નહિ મુજ કાયો, ઘણહિ ન ભાંજે હિરો જાયો,
દેતાં દાન કાંઈ વિમાસો, લાગ્યો મુજ મન એહિ તમાસો. ૨

કેડે લાગ્યો તે પ્રભુ કેડ ન છોડે, દીયો વાંછિત સેવક કર જોડે,
અક્ષય ખજાનો પ્રભુ તુજ નવિ ખૂટે, હાથ થકી તો શું નવિ છૂટે? ૩

જો ખીજમતમાં ખામી દાખો, તો પણ નિજ જાણી હિત રાખો.
જેને દીધું છે પ્રભુ તેહિજ દેશે, સેવા કરશે તે ફળ લેશે. ૪

ધેનુ કૂપ આરામ સ્વભાવે, દેતાં દેતાં પ્રભુ સંપત્તિ પાવે,
તિમ મુજને પ્રભુ જો ગુણ દેશો, તો જગમાં જશ અધિકો વહેશો. ૫

અધિકું ઓછું પ્રભુ કિશું કહાવો, જિમ તિમ સેવક ચિત્ત મનાવો,
માંગ્યા વિના તો માય ન પીરસે, એહ ઉખાણો સાચો દિસે. ૬

એમ જાણીને પ્રભુ વિનંતી કીજે, મોહનગારા મુજરો લીજે,
વાચક યશ કહે ખમીયે આસંગો, દીઓ શિવસુખ ધરી અવિહડ રંગો. ૭

(૪૫)

સાર કર સાર કર સ્વામી શંખેશ્વરા, વિશ્વ વિખ્યાત એકાંત આવો;
જગતના નાથ મુજ હાથ ઝાલી કરી, આજ કિમ કાજમા વાર લાવો ? ૧

હૃદય મુજ રંજણો શત્રુ દુઃખ ભંજણો, ઇષ્ટ પરમિષ્ટ મોહે તુંહિ સાચો;
ખલક ખિજમત કરે વિપત્તિ સમે ખિણ ભરે, નવિ રહે તાસ અભિલાષ કાચો. ૨

યાદવા રણજણે રામ કેશવ રણે, જામ લાગી જરા નિંદ સોતી;
સ્વામી શંખેશ્વરા ચરણ જલ પામીને, યાદવાની જરા જાય રોતી ૩

આજ જિનરાજ ! ઉંઘો કિસ્યું ? આ સમે, જાગ મહારાજ ! સેવક પનોતા;
સુબુદ્ધિ મધે ટલે ધૂતે દોલત હરે, વીર હાકે રિપુવૃંદ રોતા. ૪

દાસ છું જન્મનો પુરીયે કામના, ધ્યાનથી માસ દશ દોય વીત્યા;
વિકટ સંકટ હરો નિકટ નયણાં કરો, તો અમે શત્રુ નૃપતિકું જીત્યા. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાલ મુખે અશન શીતકાલે વસન, શ્રમ સુખાસન રણે ઉદક દાઈ;
સુગુણ નર સાંભરે વિસરે નહિ કદા, પાસજી તું સદા છે સખાઈ. ૬

માત તું તાત તું ભ્રાત તું દેવ તું, દેવ દુનિયામાં દૂજો ન વહાલો;
શ્રી શુભવીર જગ જીત ડંકો કરે, નાથજી નેક નયણે નિહાલો. ૭

(૪૬)

નિત્ય સમરૂં સાહિબ સયણાં, નામ સુણતાં શીતલ શ્રવણાં,
જિન દરિસણે વિકસે નયણાં, ગુણ ગાતાં ઉલસે વયણાં રે;
શંખેશ્વર સાહિબ સાચો, બીજાનો આશરો કાચો રે. શંખે૦ ૧

દ્રવ્યથી દેવ દાનવ પૂજે, ગુણ શાંત રૂચિપણું લીજે;
અરિહાપદ પજ્જવ છાજે, મુદ્રા પદ્માસન રાજે રે. શંખે૦ ૨

સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાર્શ્વના ગણધર થાશો;
તવ મુક્તિપુરીમાં જાશો, ગુણિલોકમાં વયણે ગવાશો રે. શંખે૦ ૩

એમ દામોદર જિનવાણી અષાઢી શ્રાવકે જાણી;
જિન વંદી નિજ ઘર આવે, પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવે રે. શંખે૦ ૪

ગણ કાલ તે ધૂપ ઉખેવે, ઉપકારી શ્રી જિન સેવે;
પછી તેહ વૈમાનિક થાવે, તે પ્રતિમા પણ તિહા લાવે રે. શંખે૦ ૫

ઘણાં કાળ પૂજી બહુમાને, વળી સૂરજ ચંદ્ર વિમાને;
નાગલોકના કષ્ટ નિવાર્યા, જ્યારે પાર્શ્વપ્રભુજી પધાર્યા રે. શંખે૦ ૬

યદુસેન રહ્યો રણ ઘેરી, જીત્યા નવિ જાયે વૈરી;
જરાસંધે જરા તવ મેલી, હરિ બલ વિના સઘળે ફેલી રે. શંખે૦ ૭

નેમીશ્વરચોકી વિશાલી, અઠ્ઠમ કરે વનમાલી;
તૂહી પદ્માવતી બાલી, આપે પ્રતિમા ઝાકઝમાલી રે. શંખે૦ ૮

પ્રભુ પાર્શ્વની પ્રતિમા પૂજી, બળવંત જરા તવ ધ્રુજી;
છંટકાવ ન્હવણ-જલ જોતી, જાદવની જરા જાય રોતી રે, શંખે૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શંખ પૂરી સહુને જગાવે, શંખેશ્વર ગામ વસાવે;
મંદિરમાં પ્રભુ પધરાવે, શંખેશ્વર નામ ધરાવે રે. શંખે૦ ૧૦

રહે જે જિનરાજ હજૂરે, સેવક મનવંછિત પૂરે;
એ પ્રભુજીને ભેટણ કાજે, શેઠ મોતીભાઈને રાજે રે. શંખે૦ ૧૧

નાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ;
રાજનગરથી સંઘ ચલાવે, ગામે ગામના સંઘ મિલાવે રે.શંખે૦ ૧૨

અઢાર અઠ્ઠોતેર વરસે, ફાગણ વદી તેરસ દિવસે;
જિન વંદી આનંદ પાવે, શુભવીર વચન રસ ગાવે રે. શંખે૦ ૧૩

(૪૭)

(રાગ- વીરકુંવરની વાતડી)

દાદા પારસનાથને નિત્ય નમીયે રે, નિત્ય નમીયે રે,
નમિયે તો ભવ નહિ ભમીયે, હાંરે ચિત્ત આણી ઠામ. દાદા૦ ૧

વામા ઉર સર હંસલો જગદીવો, જગતારક પ્રભુ ચિરંજીવો.
એનું દર્શન અમૃત પીવો, હાંરે દીઠે સુખ થાય. દાદા૦ ૨

અશ્વસેન કુલ ચન્દ્રમા જગનામી, અલવેસર અંતરજામી,
ત્રણ ભુવનની ઠકુરાઈ પામી, હાંરે દીઠે સુખ થાય. દાદા૦ ૩

પરમાતમ પરમેસરૂ જિનરાય, જસ ફણીપતિ લંછન પાય,
કાશીદેશ વાણારસી રાય, હાંરે જપીએ શુદ્ધ પ્રેમ. દાદા૦ ૪

ગણધર દશ દ્વાદશાંગીના ધરનાર, સોળ સહસ મુનિવર ધાર,
અડતીસ સહસ સાહુણી સાર, હાંરે રૂડો જિન પરિવાર. દાદા૦ ૫

નીલવરણ નવ હાથ સુંદર કાય, એકશત વર્ષ પાલ્યું આય;
પામ્યા પરમ મહોદય ઠાય, હાંરે સુઘ સાદિ અનંત. દાદા૦ ૬

જિન ઉત્તમપદ સેવના સુખકારી રૂપકીર્તિ કમલા વિસ્તારી,
મુનિ સોમવિજય જયકારી, પ્રભુજી પરમ કૃપાલ દાદા૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪૮)

(રાગ-વંદના વંદના રે)

પાસકી પાસકી પાસકી રે, વારી જાઉં ચિંતામણિ પાસકી;
નરક નિગોદ મેં મહાદુઃખ પાયો, ખબર લીની નહિ દાસકી રે. વારી૦ ૧
ભમત ભમત તોરે ચરણે આયો, ઘો સેવા પદ આપકી રે. વારી૦ ૨
બાલ હું મેં તુમ કેડ લાગ્યો અબ તેરી સુરત પર આસકી રે. વારી૦ ૩
દિલ કે રમન તૂં દિલકી જાણે, ક્યાં કહું વચન વિલાસકી રે. વારી૦ ૪
અખય ચિદાનંદ અમૃત લીલા, દેઈ કરો ગુણ રાસકી રે. વારી૦ ૫

(૪૯)

અખિયાં હરખણ લાગી, હમારી અખીયાં હરખણલાગી.
દરિશન દેખત પાર્શ્વજિણંદ કો, ભાગ્ય દશા અબ જાગી...૧
અકલ અરૂપી ઓર અવિનાશી, જગમે તુંહી નિરાગી...૨
સુરતિ સુંદર અચરિજ એહી, જગ જનને કરે રાગી...૩
શરણાગત પ્રભુ ! તુજ પદ પંકજ સેવના મુજ મતિ જાગી...૪
લીલા લહેરે દે નિજ પદવી, તુમ સમ કો નહીં ત્યાગી...૫
વામાનંદન ચંદનની પરે, શીતલ તુ સૌભાગી...૬
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન ધરંતા, ભવ ભય ભાવઠ ભાંગી...૭

(૫૦)

(રાગ-માનમા માનમાં માનમાં રે)

કાનમાં કાનમાં કાનમાં રે, તારી કીરતિ સુણી મેં કાનમાં....૧
ઘડી ઘડી મેરે દિલથી ન વિસરે, ચિત્ત લાગ્યું તુજ ધ્યાનમાં. તારી૦ ૨
પ્રાતિહારજ આઠ અનુપમ, સેવા કરે એક તાનમાં. તારી૦ ૩
વાણી પાંત્રીશ અતિશય રાજે, વરસે સમકિત દાનમાં. તારી૦ ૪
તુમ સમ દેવ અવર નહિ દુજો, અવનીતલ આસમાનમાં. તારી૦ ૫
દેખીદેદાર પરમ સુખપાયો, મગન ભયો તુમ જ્ઞાનમાં. તારી૦ ૬
વામાનંદન પાસ પંચાસર, પ્રગટ સકલ જહાનમાં. તારી૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિન ઉત્તમ પદશું રંગ લાગ્યો ચોળ મજીઠ જિન ધ્યાનમાં તારીo ૮

(૫૧)

ભેટીએ ભેટીએ ભેટીએ, મનમોહન જિનવર ભેટીએ.
મેટીએ મેટીએ મેટીએ રે, ભેટતા ભવદુઃખ મેટીએરે... મનo ૧
શ્રી શંખેશ્વર પાસ જિનેશ્વર, પુજી પાતક મેટીએ.. મનo ૨
જાદવની જરા જાસ ન્હવણથી, નાઠી એક ચપેટીએ. મનo ૩
આશ ધરીને હું પણ આવ્યો, નિજ કરે પીઠ થપેટીએ.. મનo ૪
ત્રણ રતન આપો જયુ રાખ્યા, નિજ આતમની પેટીએ.. મનo ૫
સાહિબ સુરતરૂ સરીખો પામી, ઓર કુણ આગે લેટીએ.. મનo ૬
પદ્મવિજય કહે તુમરે ચરણથી, ક્ષણ એક ન રહું છેટીએ.. મનo ૭

(૫૨)

(રાગ-સકલ સમતા સુરલતાનો)

સદા આણંદ નયન મેરે ભેટિયા ભગવાન રે;
પાસથંભણ ભુવનમંડણ, તીર્થતિલક સમાન રે. સદાo ૧

સમફણીમણિમુગટમંડિત, તેજ ઝાકઝમાળ રે;
કાંતિ મરકતરત્ન સરિખી, મૂર્તિ અતિ સુકુમાળ રે. સદાo ૨

કૃષ્ણ પણ મોહતિમિર હઠાવે, એહ અચરિજ ઠાણરે;
વીતરાગ છે તોહિ જનનો ચિત્તરંજન જાણ રે. સદાo ૩

અશ્વસેનનરિંદ નંદન, જાસ વામા માત રે;
પરમજ્યોતિસ્વરૂપ પ્રગટત, ગુણ અનંત વિખ્યાત રે. સદાo ૪

તું અવર્ણી વર્ણી સવિને, ધ્યાનભેદે હોય રે;
તુ હિ જ ગુણ ધામરામી, લહે અવર ન કોય રે. સદાo ૫

પરમપુરુષ પુરુહુંત પ્રણમતા, પ્રબળ પુણ્યપ્રભાવ રે;
જ્ઞાનવિમલ જિણંદ સેવા, ભવજલે લહીએ નાવ રે. સદાo ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫૩)

(રાગ મારો મુજરો)

મોહન ! મુજરો લેજો રાજ ! તુમ સેવામાં રહેશું,
વામાનંદન જગદાનંદન, જેહ સુધારસ ખાણી;
મુખને મટકે લોચન લટકે, લોભાણી ઇન્દ્રાણી. મોહન૦ ૧

ભવ પટ્ટણ ચિહું દિશિ ચારે ગતિ, ચોરાશી લખચઉટા;
ક્રોધ માન માયા લોભાદિક, ચોવટિયા અતિ ખોટા. મોહન૦ ૨

મિથ્યા મહેતો કુમતિ પુરોહિત, મદન સેનાને તોરે
લાંચ લઇ લખ લોક સંતાપે, મોહ કંદર્પને જોરે. મોહન૦ ૩

અનાદિ નિગોદ તે બંદીખાનો, તૃષ્ણા તોપે રાખ્યો;
સંજ્ઞા ચારે ચોકી મેલી, વેદ નપુંસક આંક્યો. મોહન૦ ૪

ભવસ્થિતિ કર્મ વિવર લઈ નાઠો, પુણ્ય ઉદય પણ વાધ્યો;
સ્થાવર વિકલેંન્દ્રિયપણું ઓળંગી, પંચેન્દ્રિયપણું લાધ્યો. મોહન૦ ૫

માનવભવ આરજકુળ સદ્‌ગુરુ, વિમલ-બોધ મળ્યો મુજને;
ક્રોધાદિક સહુ શત્રુ વિનાશી, તેણે ઓળખાવ્યો તુજને. મોહન૦ ૬

પાટણમાંહે પરમ દયાળુ, જગત વિભૂષણ ભેટ્યા;
સત્તર બાણું શુભ પરિણામે, કર્મ કઠિન બળ મેટ્યા. મોહન૦ ૭

સમકિત ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બળ કીધું;
ખિમાવિજય જિન ચરણ રમણ સુખ, રાજ પોતાનું લીધું. મોહન૦ ૮

(૫૪)

પાર્શ્વ જિનેશ્વર શિવગતિ પામી, પ્રભુ મુજ અંતરયામીજી;
પુણ્ય પસાયે સેવા પામી, હું પ્રણમું શિરનામીજી. પાર્શ્વ. ૧

અહનિશ તુમ ધ્યાને હું ધામી, દુરિત દુર્ભગતા વામીજી;
આતમરામી તું જિનનામી, ગતનામી નિઃકામીજી. પાર્શ્વ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવ જગતમાં બહુલાદીસે, પણ તેહમાં બહુ ખામીજી;
કોઇ રાગી કોઇ દ્વેષી સોગી, કોઇ ક્રોધી કોઇ કામીજી. પાર્શ્વ. ૩

પૂજક ભાવે તેહ અપામી, ન લહે મૂળ વિદામીજી;
થિરભાવે સમતા તુજ જામી, અનુભવ ગુણ અભિરામીજી. પાર્શ્વ ૪

અંતર દુશ્મન દુષ્ટ હરામી, દુરે તે ગત જામીજી;
જ્ઞાન વિમલ ગુણની પ્રભુતાઇ, સહજ સ્વભાવે પામીજી પાર્શ્વ ૫

(૫૫)

(રાગ-આજ મારે એકાદશી રે)

પાર્શ્વ પ્રભુનાં ચરણ નમીને, અરજ કરૂં ગુણખાણી;
મિથ્યાદેવની મૂર્તિ સેવી, સાહિબ તુમ છો જ્ઞાની,
હો પ્રભુજી ! એહવો હું છું અનાથી, સાહિબ તુમે સોભાગી હો પ્રભુજી૦ ૧

ગીત અજ્ઞાન નાટકમાં હું ભમિયો, કુગુરુ તણો ઉપદેશ;
રંગભર રાતો ને મદભર માતો, ભમિયો દેશવિદેશ. હો પ્રભુજી એ૦ ૨

જિનપ્રાસાદમેં જયણા ન કીધી, જીવદયાથી હું નાઠો;
ધર્મ ન જાણ્યો મેં જિનજી તુમારો, હૃદય કર્યો ઘણો કાઠો. હો પ્રભુજી ! એ૦ ૩

પરનિંદામાંહે રહું પૂરો, પાપ તણો છું હું વાસી;
કહો સાહિબ શી ગતિ હમારી, ધર્મસ્થાનક ગયા નાશી. હો પ્રભુજી ! એ૦ ૪

ત્રણ ભુવનમાં ભમતાં ભમતાં, કોઇએ ભાળ ન બતાવી;
મહાદાતાર જિનેશ્વર મોટા, મહેર વિપુલના વાસી. હો પ્રભુજી ! એ૦ ૫

કોઇ એક પુરવ પુન્ય સંયોગે, આરજકુલ અવતરિયો;
પુણ્ય સંયોગે જિનવર મળિયા, ભવના ફેરા ટળિયા. હો પ્રભુજી ! એ૦ ૬

તે માટે હું અરજ કરીને, આવ્યો છું દુઃખ વાસી;
મિથ્યાદેવની મૂર્તિ મૂકી, ચાકરી કરૂં તુમ ખાસી. હો પ્રભુજી ! એ૦ ૭

વામાદેવીના નંદન સુણજો, આતમ અરજ અમારી;
મન મોહ્યું જિનજી તુમ સાથે, તારી મૂરતિ ઉપર જાઉ વારી. હો પ્રભુજી ! એ૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉદયરત્નનો સેવક પભણે, મોક્ષ માગું ગુણખાણી;
ભવોભવ તુમ ચરણોની સેવા, એહ ઉપર હું રાગી. હો પ્રભુજી ! એ૦ ૯

(૫૬)

(રાગ - એક દિન પુંડરી ગણધરૂ રે)

પ્રણમું પાર્શ્વ ચિંતામણી રે લોલ, વાંછિત પૂરણ સુરમણિ રે લોલ;
દિઠું દરિસણ તાહરૂં રે લોલ ભાગ ફળ્યું આજ માહરૂં રે લોલ. ૧

તાહરે શરણે આવીયો રે લોલ, તુંહિજ મુજ મન ભાવિયો રે લોલ;
માહરે તાહરો આશરો રે લોલ, સેવક કરી દિલમાં ધરો રે લોલ. ૨

મૂર્તિ તાહરી દીઠડી રે લોલ, લાગે મુજ મન મીઠડી રે લોલ;
હરખિત થઈ મારી આંખડી રે લોલ, પ્રહસમે જિમ પંકજ પાંખડી રે લોલ. ૩

ચરણ ગ્રહ્યાં મેં તાહરા રે લોલ, કાજ સર્યા આજ માહરા રે લોલ;
નેક નજર શું જોઈએ રે લોલ, પાતકડા સવે ધોઈએ રે લોલ. ૪

મેં કીધી તુમશું મોહની રે લોલ, હવે પરવા નથી કોઈની રે લોલ;
બાહ્ય ગ્રહાની લાજ છે રે લોલ, તુ ભવજલ તરવા જહાજ રે લોલ. ૫

પ્રણમું તુજ લોકોત્તર વાતડી રે લોલ, ભાગ્ય થકી મુજને જડી રે લોલ;
ધન ધન માહરી જાતડી રે લોલ, લેખવું ધન્ય દિન તે ઘડી રે લોલ. ૬

વામાનંદન વંદના રે લોલ, તાહરા વચણ સુધારસ ચંદના રે લોલ;
તાહરી આણ શિર ધરૂં રે લોલ, અવર ન દેવ પણે કરૂં રે લોલ. ૭

સંપૂર્ણ સુખ આપીયે રે લોલ, સ્થિરતા ભાવે સ્થાપીએ રે લોલ;
સુપ્રસન્ન મન હુઓ હેજથી રે લોલ, જ્ઞાન વિમલ ગુણ તેજથી રે લોલ ૮

(૫૭)

પ્રણમું પદ પંકજ પાસના, જસવાસના અગમ અનુપ રે;
મોહ્યો મન મધુકર નેહથી, પામે તસ શુદ્ધ સ્વરૂપ રે. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંક કલંક શંકા નહિ, નહિ ખેદાદિક દુઃખ દોષ રે;
ત્રિવિધ અવંચક યોગથી, લહે અધ્યાતમ રસ પોષ રે. ૨

દુર્દશા રે દુરે કરી, ભજે મુદિતા મૈત્રી ભાવ રે;
વરતે નિજ ચિત્ત માધ્યસ્થતા, કરૂણામય શુદ્ધ સ્વભાવ રે. ૩

નિજ સ્વરૂપે કર થીર ધરે, ન કરે પુદ્‌ગલની ખંચ રે;
સાખી હુએ વરતા સદા રે, ન કદિ પરભવ પરપંચ રે. ૪

સહજ દશા નિશ્ચય જગે, ઉમંગે અનુભવરસ રંગ રે;
રાચે નહિ પર દ્રવ્યમાં, નિજ ભાવમાં રંગ અભંગ રે. ૫

નિજ સ્વરૂપ નિજમાં લેખે, ન ચખે પરગુણની રેહ રે;
ખીરનીર વિવરો કરે, એ અનુભવ હંસ સુ પેખ રે. ૬

નિર્વિકલ્પ જે અનુભવે, અનુભવે અનુભવની રીત રે;
ઓર ન કબહુ લખી શકે, **આનંદઘન** પ્રીત પ્રતિત રે. ૭

(૫૮)

(રાગ-સ્વામી તુમે કામણ)

વામાનંદન શ્રી પ્રભુ પાસ, મારી સાંભળો તુમે અરદાસ,
અમે સેવક છીએ તુમારા, તુમે છો સ્વામી હમારા,
સસનેહા હો સાહિબ મોરા સસનેહા....૧

સુંદર પ્રભુજી તુમ રૂપ, જસ દીઠે હાર્યો રતિ ભુપ,
પ્રભુ મુખ વિધુસમ દીસે, દેખી ભવિયણના મન હિસે. ૨

કમળદળ સમ પ્રભુ તુમ નયણાં, અમૃત પરે મીઠા છે વયણા,
અર્ધ ચંદ્ર સમ તુમ ભાલ, માનું અધર જિસ્યાં પરવાલ. ૩

શાંત દાંત ગુણનો તું ભરીયો, એ તો અગણિત ગુણનો છે દરીયો,
સાચો શિવપુરનો છે સાથ, પ્રભુ તું છે અનાથનો નાથ. ૪

એ તો ભજન કરવા તાહરૂં, પ્રભુ ઉલ્લસ્યું છે મનડું માહરૂં,
એતો પ્રેમવિબુધનો શિશ **ભાણવિજય** નમે નિશદિશ. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫૯)

(રાગ-આતમધ્યાનથી રે સંતો)

લાખ ચોરાશી ભવમાંહે ભટક્યો, વાર અનંતી વેળા,
પારંગત તુજ શરણે આવ્યો, કાપો ભવભ્રમ ફેરા, રાજ,
સદ્‌ચિદ્‌ઘન સુખ આપો, ઘનઘાતિ કર્મને કાપો. રાજ૦ ૧
કાપો ભવભ્રમ ફેરા.....

મોહાદિક રિપુ રણ સંગ્રામે, ઘેરી મને ગભરાવ્યો,
જ્ઞાન ખજાનો લુંટી લીયો સબ, હવે હું જિનજી હાર્યો. રાજ૦ ૨

વિષયરાગમાં ભાન ભુલ્યો વિભુ, કુસુમાયુદ્ધને જોરે,
તૃષ્ણા તરૂણી લીન થયો વિભુ, લુંટાયો કર્મને જોરે. રાજ૦ ૩

અશ્વસેન કુલ વામામાતા, નયરી વાણારસી જાયા,
સિદ્ધપુર ક્ષેત્રમાં ભવદુઃખભંજન, સુલતાન પાર્શ્વ કહાયા. રાજ૦ ૪

ભવ અટવીમાં હું રડવડીયો, કર્મજંજીરને ફંદે,
શમ દમ શાંત સુધારસ આપો, ભેટ્યા પદ અરવિંદે. રાજ૦ ૫

અમૃત ઝરતી પાપને હરતી, મૂર્તિ મનોહર પાઈ,
મિટ ગયો સબ દુઃખ હમેરો, ઘટમેં જ્યોતિ જગાઈ. રાજ૦ ૬

ઋદ્ધિવિજય ગુરુ કપુરવિજય તસ, **બાલ** ઉપાસક જાણો,
પુણ્યોદય થયો હમેરો, હૃદય કમલ હરખાણો. રાજ૦ ૭

(૬૦)

(રાગ-સુણોશાંતિજિણંદ સોભાગી)

શંખેશ્વર પાર્શ્વજિન તારી, મૂર્તિ કામણગારી...
મને લાગે છે પ્યારી કેવી એ ચમત્કારી
તારા દરિશનથી ભવદુઃખ જાય રે.....૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શંખેશ્વરમાંહિ તુંહી બીરાજે, મહિમા તારો ત્રિજગમાંહે ગાજે,
આવ્યો દર્શનને કાજે, ધન્ય ઘડી ધન્ય આજે. રે તારા૦ ૨

પ્રતિમા સુંદર શોભે પુરાણી, દામોદર જિન વારે ભરાણી;
કેવી સુંદર લાગે, નીરખતાં ભવદુઃખ ભાગે. રે તારા૦ ૩

મહા પુણ્યોદયે તું મળીયો, મારો ભવનો ફેરો ટળીયો,
હવે છોડું ન તારું ધ્યાન, હે કરુણા નિધાન. રે તારા૦ ૪

કાલ અનાદિ નિગોદે હું વસીયો, પુદ્‌ગલના સંગે હું રમીયો,
હવે કર તું ઉદ્ધાર, આતમના આધાર. રે તારા૦ ૫

વિઘ્ન નિવારણ સંકટ ચૂરણ, મનવાંછિતના છો તુમે પુરણ,
બતલાવો મુક્તિ મિનાર, જાવું ભવને કિનાર. રે તારા૦ ૬

ભવોભવ તુમ ચરણોની સેવા, મુજને આપો દેવાધિદેવા,
તું છે સાચો મારો નાથ, શંખેશ્વર પારસનાથ. રે તારા૦ ૭

વામા ઉર સરોવર હંસ, અશ્વસેન કુલ અવતંસ,
દૂરથી આવ્યો તારી પાસ, પૂરજો હર્ષની આશ. રે તારા૦ ૮

(૬૧)

(રાગ-પહેલે ભવે એક ગામનો રે) (વંદો કેવળજ્ઞાન)

જય જય શ્રીગુણગણનિધાન રે શ્રી જગવલ્લભ પાસ;
મૃગમદ પરે મહકે સદા રે, મહિમા સુજસ જસ વાસ. ૧

જિણંદરાય ! નિરખ્યે અતિસુખ થાય, જે વચનગુણે ન કહાય;
જિણંદરાય ! નિરખ્યે અતિસુખ થાય.....
નમિત અમિત શચીપતિ તણાં રે, મુકુટરત્નરૂચિ નીર;
ધૌતપદાંબુજ જેહનાં રે, ભાંજ્યા ભવજંજીર. જિણંદ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સફલ જન્મ દિન આજનો રે, પસરી મંગલમાળ;
નેત્ર પવિત્ર નિરખી થયાં રે, ગાત્ર નમત ઉજમાળ જિણંદ૦ ૩

આજ મિથ્યામત તમ હણ્યો રે, પ્રગટ્યો અનુભવ સૂર;
કર્મ કષાયબલ ક્ષય થયો રે, જબ તું ધ્યાનહજૂર. જિણંદ૦ ૪

તુમ આણા ગંગાજળે રે, નાહ્યો ધરી ઉરછાહ;
અશુચિ ઉપાધિ સવિ મિટ્યા રે, વિરમ્યો વિષયાદાહ. જિણંદ૦ ૫

જ્ઞાનક્રિયા ભેદ ભૂમિકા રે, કિરિયા સંગ સરૂપ;
પ્રગટે ધર્મસંન્યાસથી રે, એ સવિ તુંહિ અનૂપ. જિણંદ૦ ૬

શ્રી અશ્વસેનનૃપ લાડિલો રે, વામાનંદન દેવ;
નિર્વિકલ્પ તુમ સેવના રે, દ્યો મુજ એહવી ટેવ. જિણંદ૦ ૭

જ્ઞાનવિમલ ગુણથી લહ્યા રે, લોકાલોકપ્રકાશ;
પ્રભુ મહિમાથી શાશ્વતો રે અનુભવ ઉદય વિલાસ. જિણંદ૦ ૮

શ્રી મહાવીર જિન સત્વનો - ૪૦

(૧)

(રાગ - સકલ સમતા સુરલતાનો)

મહાવીર સ્વામી રે વિનંતી સાંભળો, હું છું દુઃખીયો અપાર રે;
ભવોભવ ભટક્યો રે વેદના બહુ સહી, ચઉગતિમાં બહુ વાર. ૧

જન્મ મરણનું રે દુઃખ નિવારવા, આવ્યો આપ હજુર;
સમ્યગ્દર્શન જો મુજને દીયો તો, લહુ સુખ ભરપુર. ૨

રખડી રઝળી હું અહીં આવીયો, સાચો જાણી તું એક;
મુજ પાપીને રે પ્રભુજી તારજો, તાર્યા જેમ અનેક. ૩

ના નહીં કહેજો રે મુજને સાહિબા, હું છું પામર રાંક;
આપ કૃપાળુ રે ખાસ દયા કરી, માફ કરજો મુજ વાંક. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂલ અનંતીવાર આવી હશે, માફ કરજો મહારાજ;
ઉદયરત્ન એમ લળી લળી વિનવે, બાહ્ય ગ્રહો રાખી લાજ. ૫

(૨)

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાં રે નાટક નાચીયો, હવે મુજ દાન દેવરાવ.
હવે મુજ પાર ઉતાર. સિદ્ધા૦ ૧.

ત્રણ રતન મુજ આપો તાતજી, જિમ નાવે રે સંતાપ;
દાન દીયંતા રે પ્રભુ કોસીર કીસી, આપો પદવી રે આપ. સિદ્ધા૦ ૨

ચરણ અંગુઠે રે મેરૂ કંપાવીયો, મોડ્યા સુરના રે માન;
અષ્ટ કરમના રે ઝગડા જીતવા, દીધાં વરસી રે દાન. સિદ્ધા૦ ૩

શાસન નાયક શિવસુખ દાયક, ત્રિશલા કુખે રતન;
સિદ્ધારથનો રે વંશ દીપાવીયો, પ્રભુજી તુમે ધન્ય ધન્ય સિદ્ધા૦ ૪

વાચકશેખર કીર્તિવિજય ગુરુ, પામી તાસ પસાય;
ધર્મ તણા એ જિન ચોવીશમા, **વિનયવિજય** ગુણ ગાય સિદ્ધા૦ ૫

(૩)

(રાગ-રિઝો રિઝો શ્રી વીર દેખી)

દીઠો રે દીઠો ત્રિશલાનો નંદન દીઠો.. દીઠો રે દીઠો;
શાસન નાયક વીર જિનેશ્વર, નિરખત અમીય પઇઠો રે. ૧

શૂલપાણી સુર સમતા ધાર્યો, તેં અમરાને ઉગાર્યો;
શ્રેણિકને નીજ પદવી દીધી, ચંડકોશીયાને તાર્યો રે. ૨

ઇન્દ્રભૂતિ અભિમાન ઉતારી, કીધો નિજ પટ્ટધારી રે;
અડદતણા બાકુળા લઇને, ચંદનબાળા તારી રે. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેઘકુમાર મુનિ તેં સ્થિર કીનો, સંયમ સમરસભીનો;
રોહીણીયો હણીયો નહી અભયે, જે તુજ વચણે લીનો રે ૪

શીવસુખદાયક ભવદુઃખ વારક,તારક તું પ્રભુ મલીયો;
જ્ઞાનવિમલ શ્રી વીરજિનેશ્વર, દર્શને સુરતરૂ ફલીયો. ૫

(૪)

(રાગ - આજ સખી શંખેશ્વરો એ દેશી)

શ્રી મહાવીર મનોહરૂ, પ્રણમું શિવ નામી,
કંથ જશોદા નારીનો, જિનશિવગતિ ગામી ૧

ભગિની જાસ સુંદસણા, નંદિવર્ધન ભાઈ
હરિલંછન હેજાલુઓ, સહુ કોને સુખદાયી ૨

સિદ્ધાર્થ ભૂપતિ તણો, સુત સુંદર સોહે
નંદન ત્રિશલા દેવીનો, ત્રિભુવન મન મોહે ૩

એક શતદશ અધ્યયન જે, પ્રભુ આપ પ્રકાશે
પુણ્ય પાપ ફલ કેરડાં, સુણે ભવિક ઉલ્લાસે ૪

ઉત્તરાધ્યયન છત્રીશ જે, કહે અર્થ ઉદાર
સોળ પહોર દીયે દેશના, કરે ભવિક ઉપગાર ૫

સર્વાર્થસિદ્ધ મુહૂર્તમાં, પાછલી જે રયણી
યોગનિરોધ કરે તિહાં, શિવની નીસરણી ૬

ઉત્તરાફાલ્ગુની ચંદ્રમા, જોગે શુભ આવે
અજરામરપદ પામીયા, જયજય રવ થાવે ૭

ચોસઠ સુરવર આવીયા, જિન અંગ પખાળી
કલ્યાણક વિધિ સાચવી, પ્રગટી દિવાળી ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫

(રાગ-ગિરૂઆ રે ગુણતુમ તણા)

વર્ધમાન જિનવરના ધ્યાને, વર્ધમાન સમ થાવેજી;
વર્ધમાન વિદ્યા સુપસાયે, વર્ધમાન સુખ પાવેજી. ૧

તુ ગતિ તુ મતિ સાહિબો તુ, જીવન પ્રાણ આધારજી.
જયવંતુ જગમાં જસ શાસન, કરતું બહુ ઉપકારજી. ૨

જે અજ્ઞાની તુમ મત સરીખો, પરમતને કરી જાણેજી;
કહો કુણ અમૃતને વિષ સરખુ, મંદમતિ વિણ જાણેજી. ૩

જે તુજ આગમરસ સુધારસે, સિંચ્યો શીતલ થાયજી;
તાસ જન્મ સુકૃતારથ જાણો, સુરનર તસ ગુણ ગાયજી. ૪

સાહીબ તુમ પદપંકજ સેવા, નિત-નિત એહી જ યાચુંજી;
શ્રી જ્ઞાનવિમલ સુરીસર ભાખે, પ્રભુને ધ્યાને રાચુંજી. ૫

૬

રૂડી ને રઢીયાળી રે, વીર તારી દેશના રે;
એ તો ભલી રે યોજનમાં સંભળાય, સમકિત બીજ આરોપણ થાય. ૧
ષટ મહિનાની રે ભૂખ તરસ શમે રે, સાકર દ્રાખ તે હારી જાય;
કુમતિ જનના મદ મોડાય રૂડી૦ ૨
ચાર નિક્ષેપે રે સાત નયે કરી રે, માંહે ભલી સપ્તભંગી વિખ્યાત;
નિજ નિજ ભાષાએ સમજાય. રૂડી ૩
પ્રભુજીને ધ્યાતાં રે શિવપદવી લહે રે, આતમ ઋદ્ધિનો ભોક્તા થાય;
જ્ઞાનમાં લોકાલોક સમાય. રૂડી૦ ૪
પ્રભુજી સરિખા રે દેશક કો નહિ રે, એમ સહુ જિન ઉત્તમ ગુણ ગાય;
પ્રભુ પદ પજ્જો નિત્ય નિત્ય ધ્યાય. રૂડી૦ ૫

૭

દીન દુઃખિયાનો તુ છે બેલી, તું છે તારણહાર, તારા મહિમાનો નહીં પાર,
રાજપાટ ને વૈભવ છોડી, છોડી દીધો સંસાર, તારા મહિમાનો નહીં પાર. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંડકોશીયો ડસીયો જ્યારે, દૂધની ધારા પગથી નીકળે;
વિષને બદલે દૂધ જોઈને, ચંડકોશીયો આવ્યો શરણે,
ચંડકોશીયાને તેં તારીને, કીધો ઘણો ઉપકાર. તારા૦ ૨

કાનમાં ખીલા ઠોક્યાં જ્યારે, થઈ વેદના પ્રભુજીને ભારે;
તોયે પ્રભુજી શાંત વિચારે, ગોવાળનો નહીં વાંક લગારે,
ક્ષમા આપીને તે જીવોનો, તારી દીધો સંસાર. તારા૦ ૩

મહાવીર મહાવીર ગૌતમ પુકારે, આંખેથી આંસુની ધારા વહાવે;
ક્યાં ગયા એકલા છોડી મુજને, હવે નથી કોઈ જગમાં મારે,
પશ્ચાતાપ ત્યાં કરતાં કરતા, ઉપન્યું કેવળજ્ઞાન તારા૦ ૪

જ્ઞાનવિમલ ગુરુ વયણે આજે, ગુણ તો તમારા ભાવે ગાવે;
થઈ સુકાની તું પ્રભુ આવે, ભવજલ નેયા પાર લગાવે,
અરજ સ્વીકારી દિલમાં ધારી, વંદના વારંવાર. તારા૦ ૫

(૮)

(રાગ-તારી અજબશી યોગની મુદ્રારે લાગે મુને મીઠી રે)

તારે વયણે મનડું વિંધ્યું રે, ગિરૂઆ ગુણ દરિયા,
તાહરે ચરણે ચિંતડું ચોંટ્યું રે, મીઠડા ઠાકુરીયા,
સાકર દ્રાક્ષ થકી પણ અધિકી, મીઠી તાહરી વાણી,
સાંભળતાં સંતોષ ન થાયે, અમૃત રસની ખાણી રે ગી૦ ૧

વયણ તમારૂ સાંભળવાને, પ્રભુ આશિક થઈને રહીઓ,
મુખડાનો એ મટકો જોતાં, ફરી ફરી ભામણે જઇએ રે. ગી૦ ૨

ઋદ્ધિવંતા બહુ રાજ્ય તજીને, જે તુમ વયણે રસીયા,
સઘળી વાત તણો રસ છંડી, આવી તુમ ચરણે વસીયા ગી૦ ૩

સુરનર મુનિજન જગ જન ભાવિ, ગ્રંથે જે વીરવાણી,
શ્રી વીરજિન તણી સુણી વાણી, બુઝ્યા બહુ ભવિ પ્રાણી. ગી૦ ૪

ત્રણ ભુવનને પાવન કરવા, નિર્મલ જે વીર વાણી,
ઉદયરત્ન કહે ભવજલ તરવા, સહી તે નાવ સમાણી રે. ગી૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૯)

અહા કેવું ભાગ્ય જાગ્યું, વીરના ચરણો મળ્યાં;
રોગ શોક દારિદ્ર સઘળાં, જેહથી દૂરે ટળ્યાં. અહા૦ ૧

ફેરો ફર્યો છે દુર્ગતિનો, શુભગતિ તરફેણમાં;
અલ્પકાળે મોક્ષ પામી, વિચરશું આનંદમાં. અહા૦ ૨

જેમના તપનો ન મહિમા, કરી શકે શકેશ ભી;
તેમને હું સ્તવું શું બાલક, શક્તિનો જ્યાં લેશ નહિ. અહા૦ ૩

કામધેનુ કામકુંભ, ચિંતામણિ પ્રભુ તું મળ્યો;
આજ મારે આંગણે, શ્રીવીર કલ્પતરૂ ફળ્યો. અહા૦ ૪

લબ્ધિના ભંડાર વ્હાલા, વીર વીર જપતાં થયાં;
ગૌતમ શ્રી મોક્ષધામી, એ પ્રભુની ખરી દયા. અહા૦ ૫

(૫૦)

જગપતિ તું તો દેવાધિદેવ ! દાસનો દાસ હું તાહરો;
જગપતિ તારક તું કિરતાર, મનમોહન પ્રભુ ! માહરો. ૧

જગપતિ તાહરે ભક્ત અનેક, માહરે એક જ તું ધણી;
જગપતિ વીરમાં તું મહાવીર, મૂરતિ તાહરી સોહામણી. ૨

જગપતિ ત્રિશલારાણીનો તું તનુ, ગંધાર બંદરે ગાજીઓ;
જગપતિ સિદ્ધારથ કુલ શણગાર, રાજરાજેશ્વર રાજિયો. ૩

જગપતિ ભક્તોની ભાંગે તુ ભીડ, પીડ પરાઈ પ્રભુ પારખે;
જગપતિ તુંહિ અગમ અપાર, સમજ્યો ન જાએ મુજ સારિખે. ૪

જગપતિ ખંભાત જંબુસર સંઘ, ભગવંત ચોવીસમો ભેટિઓ;
જગપતિ **ઉદય** નમે કર જોડ, સત્તાર નેવું સમે કીયો. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૧)

તારા વિના વીર કોની સાથે બોલશું, જંગલ વત્ લાગે છે આ સંસાર જો;
વિધવિધ શાસ્ત્ર તણો આલાપ કરૂં કિહાં, ભોજન પણ નવિ ભાવે તુમ વિણ નાથ જો. ૧

કાર્ય સફળ કરવા તુજ અનુમતિ માંગતો, એહવી હે વીર કોણથી પ્રાપ્ત જ થાય જો;
પ્રેમ પ્રકર્ષે હર્ષ હતો મુજ અંતરે, નિરાશ્રય કરી આપ ચાલ્યા સ્વસ્થાન જો. ૨

અમૃત અંજન સમ પ્રભુ દર્શન તાહરૂં, કરવા અતિ અમ અંતર ઇચ્છા થાય જો;
સ્વામી નિરાગી છતાં હું તમને વિનવું, શિષ્ય ગણી લો સાથે દીન દયાલ જો. ૩

રાગ દશાએ બંધન આ સંસારનું, એહવી તારી વાણીનો વિસ્તાર જો;
આજ ખરેખર અનુભવથી અવગાહી મેં, બાહ્ય દૃષ્ટિથી સ્વામી શિષ્ય ગણાય જો. ૪

કેના વીરને કેના સ્વામી જાણવા, શ્રીયુત ગૌતમ એ ભાવે તદ્રુપ જો;
નિજ સ્વરૂપી કેવળ કમળા તું વર્યો, ભવી પ્રગટાવો એ ભાવે નિજ રૂપ જો. ૫

(૧૨)

તેરો દરશ મન ભાયો ચરમ જિન ! તેરો દરશ મન ભાયો,
તુ પ્રભુ કરૂણારસમય સ્વામી, ગર્ભમે શોક મીટાયો,
ત્રિશલામાતાકો આનંદ દીનો, જ્ઞાતનંદન જગ ગાયો. ૧

વરસીદાન દેઈ રોરતા વારી, સંજમ રાજ ઉપાયો,
દીનહિનતા કબહું ન તેરે, સદ્‌ચિદ્ આનંદ રાયો. ૨

કરૂણામંથર નયને નિહાળી, ચંડકૌશિક સુખદાયો,
આનંદ રસભર સ્વરગે પહુંચો, ઐસા કૌન કરાયો. ૩

રત્નકંબલ દ્વીજવરકો દીનો, ગોશાલક ઉદ્ધરાયો,
જમાલી પન્નર ભવ અંતે, મહાનંદ પદ પાયો. ૪

મત્સરી ગૌતમકો ગણધારી, શાસન નાયક ઠાયો,
તેરે અવદાત ગીનું જગ કેતે, તું કરૂણાસિંધુ સોહાયો. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હું બાળક શરણાગત તેરો, મુજકો કયું વિસરાયો,
તેરે વિહરસે હું દુઃખ પામું, કર મુજ **'આતમરાયો'**. ૬

(૧૩)

કરૂણાસાગર જીવજીવન પ્રભુ વીરજી, અનંત ગુણના ધારક પ્રાણ આધાર જો;
મુજને મૂકી ભવઅટવીમાં એકલો, આપ સિધાવ્યા મુક્તિપુરીમાં નાથ જો. ૧

સિદ્ધ બુદ્ધ અવિનાશી પદનો ભોગી છે, હું છું પામર મોહજાળમાં મગ્ન જો;
નાથ નિહાળી આવ્યો શરણે નાથજી, તાર તાર હો તારક દેવ દયાળ જો. ૨

સમવસરણમાં બેસી અમીરસ વાણીથી, જ્યારે કરતા પ્રભુજી ભવિ ઉપકાર જો;
તે વેળા હું ભાગ્ય વિહોણો કઈ ગતિ, જેથી ન પામ્યો ભવસાગરનો અંત જો. ૩

જ્ઞાન અનંતું સુખ અનંતું તાહરૂં, ક્ષાયિક ભાવે વર્તે છે તુજ ગુણ જો;
પણ હું પામી રમણ કરૂં પરભાવમાં, તો કેમ પામું સ્વરૂપ રમણનું સુખજો. ૪

સિદ્ધારથ કુલ ચરણ પ્રભુ મહાવીરજી, ત્રિશલા નંદન ત્રિજગવંદન નાથજો;
મનમંદિરમાં આવો પ્યારા વીરજી, તુમ વિના આ સુનો છે દરબાર જો. ૫

અનેક જીવને તાર્યા છે કરૂણાનિધિ, તો શુ મુજને મૂકી જશો ભગવાન જો;
મનોહર મુદ્રા જોવા તલશે તાહરી, **ઉદયરત્ન** કહે દો દરિસણ પ્રભુ મુજ જો. ૬

(૧૪)

વીરજિણંદ જગત ઉપગારી, મિથ્યાધામ નિવારીજી;
દેશના અમૃતધારા વરસી, પરપરિણતિ સવિ વારીજી.વીર૦ ૧

પાંચમે આરે જેહનું શાસન, દોય હજાર ને ચારજી;
યુગપ્રધાન સૂરીશ્વર વહેશે, સુવિહિત મુનિ આધારજી. વીર૦ ૨

ઉત્તમ આચારજ મુનિ અજ્જા, શ્રાવક શ્રાવિકા અચ્છજી
લવણ જલધિમાંહિ મીઠું જલ, પીવે શૃંગી મચ્છજી. વીર૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દશ અરછેરે દુષિત ભરતે, બહુ મતભેદ કરાલજી;
જિન કેવલિ પૂરવધર વિરહે, ફણિસમ પંચમ કાલજી વીર૦ ૪

તેહનું ઝેર નિવારણ મણિસમ તુજ આગમ તુજ બિંબજી;
નિશિ દીપક પ્રવહણ જિમ દરીયે, મરૂમાં સુરતરૂ લુંબજી. વીર૦ ૫

જૈનાગમ વક્તા ને શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધજી;
કલિકાલે પણ પ્રભુ ! તુજ શાસન, વરતે છે અવિરોધજી વીર૦ ૬

માહરે તો સુષમાથી દુષમા, અવસર પુણ્ય નિધાનજી;
ક્ષમાવિજય જિન વીર સદાગમ, પામ્યો સિદ્ધિ નિદાનજી. વીર૦ ૭

(૧૫)

નારે પ્રભુ નહિ માનું, નહિ માનું અવરની આણ;
માહરે તાહરૂં વચન પ્રમાણ.....નારે૦
હરિ હરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંય રે;
ભામિની ભ્રમર ભ્રકુટિએ ભૂલ્યા, તે મુજને ન સુહાય. નારે૦ ૧

કેઈક રાગી ને કેઈક દ્વેષી, કેઈક લોભી દેવ રે;
કેઈક મદ માયાના ભરીયા, કેમ કરીએ તસ સેવ ? નારે૦ ૨

મુદ્રા પણ તેહમાં નવિ દીસે પ્રભુ, તુજ માંહેલી તિલ માત્ર રે;
જે દેખી દીલડું નવિ રીઝે, શી કરવી તસ વાત. નારે૦ ૩

તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, જીવજીવન આધાર રે;
રાત-દિવસ સુપનાંતર માંહી, તું મારે નિરધાર. નારે૦ ૪

અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાલ રે;
જગબંધવ એ વિનતિ મારી, મારાં જન્મમરણ દુઃખ ટાલ. નારે૦ ૫

ચોવીશમાં પ્રભુ ત્રિભુવન સ્વામી, સિદ્ધારથના નંદ રે;
ત્રિશલાજીના નાનડીયા પ્રભુ, તુમ દીઠે અતિહિ આણંદ. નારે૦ ૬

સુમતિવિજય કવિરાયનો રે, રામવિજય કરજોડ રે;
ઉપકારી અરિહંતજી માહરા, ભવોભવના બંધ છોડ નારે૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૬)

(રાગ-તુમ દરિશનથી સમકીત પ્રગટે) (વીરજિનેશ્વર સાહીબ મેરા)

સરસ્વતી સ્વામી પાયે લાગું, પ્રણમી સદ્‌ગુરુ પાયા રે;
ગાઈશું હૈડે હર્ષ ધરીને, શ્રી વર્ધમાન જિનરાયા રે,

મોરા સ્વામી હો તોરા ચરણ ગ્રહીજે, નરભવ લાહો લીજે રે;
સૌભાગી જિનના ચરણ ગ્રહીજે, વૈરાગી જિનના ચરણ ગ્રહીજે,
ચરણ ગ્રહીજે શરણરહીજે, નરભવ લ્હાવો લીજે રે. ૧

ભારે કર્મી પણ તે તાર્યા, પાતિકથી ઉગાર્યા રે;
મુજ સરીખા તે નવિ સંભાર્યા, શું ચિત્તથી ઉતાર્યા રે. ૨

પત્થર પણ કોઈ તીર્થ પ્રભાવે, જલમાં દીસે તરતા રે;
તેમ અમે તરશું તુમ પાય વળગ્યા, કેમ રાખો છો અળગા રે. ૩

મુજ કરણી સામું મત જોજો, નામ સામુ તુમે જોજો રે;
સાહિબ સેવકના દુઃખ હરજો, તુમને મંગલ હોજો રે. ૪

તરણ તારણ તુમે નામ ધરાવો, હું છું ખિજમતગારો રે;
બીજા કોણ આગળ જઇ ચાયું ? મોટું નામ તુમારૂં રે ૫

એહ વિનંતિએ સાહિબ તૂઠ્યાં, શ્રી વર્ધમાન જિનરાયા રે;
આપ ખજાના માંહેથી આપો, સમકિત રત્ન સવાયા રે. ૬

શ્રીનયવિજય વિબુધ પય સેવક,વાચક 'યશ' એમ બોલે રે;
શાસનનાયક શિવસુખ દાયક, નહીં કોઈ વીરજીની તોલે રે. ૭

(૧૭)

સુણ સુગુણ સનેહી સાહિબા ! ત્રિશલાનંદન મહાવીર ! રે;
શાસનનાયક ! જગધણી ! શિવદાયક ! ગુણ ગંભીર રે. સુણ... ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુમ સરિખા મુજ શિર છતે, હવે મોહ તણું નહીં જોર રે;
રવિ ઉદયે કહો કિમ રહે, અંધકાર અતિ ઘનઘોર રે. સુણ... ૨

વેષ રચી બહુ નવ નવા, હું નાચ્યો વિષમ સંસાર રે;
હવે ચરણ શરણ તુજ આવીયો, મુજ ભવની ભાવઠ વાર રે. સુણ... ૩

હું નિગુણો તો પણ તાહરો સેવક છું કરૂણાનિધાન રે;
મુજ મન મંદિર આવી વસો, જેમ નાશે કર્મ નિદાન રે. સુણ... ૪

મનમાં વિમાસો છો કિશ્યું, મુજ મહેર કરો જિનરાજ રે;
સેવકના કષ્ટ નવિ ટાળે, એ સાહિબને શિર લાજ રે. સુણ... ૫

તું અક્ષયસુખ અનુભવે , તસ અંશદીજે મુજ એક રે;
તો ભાંજે દુઃખ ભવોભવ તણાં, વળી પામું પરમ વિવેક રે. સુણ.. ૬

શી કહું મુજ મન વાતડી, તુમે સર્વ વિચારના જાણ રે;
વાચક જશ એમ વિનવે, પ્રભુ દેજો કોડ કલ્યાણ રે. સુણ... ૭

(૧૮)

(રાગ - તાર મુજ તાર મુજ)

આજ જિનરાજ મુજ કાજ સિધ્યાં સવે, તું કૃપાકુંભ જો મુજ તુઠ્યો;
કલ્પતરૂ કામઘટ કામધેનુ મિલ્યો, આંગણે અમીયરસ મેહ વૂઠ્યો. ૧

વીર તું કુંડપુર નયર ભૂષણ હુઓ, રાય સિદ્ધાર્થ ત્રિશલા તનૂજો;
સિંહ લંછન કનક વર્ણ કર સપ્ત તનું, તુજ સમો જગતમાં કો ન દૂજો. ૨

સિંહપરે એકલો ધીર સંયમ ગ્રહી, આય્ બહોંતેર વરસ પૂર્ણ પાલી;
પુરી અપાપાયે નિષ્પાપ શિવવહૂ વર્યો, તિહાં થકી પર્વ પ્રગટી દીવાલી. ૩

સહસ તુજ ચૌદ મુનિવર મહાસંયમી, સાહુણી સહસ છત્રીશ રાજે;
યક્ષ માતંગ સિધ્યાયિકા વર સુરી, સકલ તુજ ભવિકની ભીતિ ભાંજે. ૪

તુજ વચનરાગ સુખસાગરે ઝીલતો, પીલતો મોહ મિથ્યાત્વ વેલી;
આવીયો ભાવિયો ધરમપંથ હું હવે, દીજિયે પરમપદ હોઈ બેલી. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિંહ નિશદીહ જો હૃદયગિરિ મુજ રમે, તું સુગુણલીહ અવિચલ નિરીહો;
તો કુમતરંગ માતંગના જૂથથી, મુજ નહિ કોઈ લવલેશ બીહો. ૬

ચરણ તુજ શરણ મેં ચરણગુણનિધિ ગ્રહ્યાં, ભવતરણ કરણદમ શર્મ દાખો;
હાથ જોડી કહે **જશવિજય** બુધ ઇસ્યું, દેવ નિજ ભુવનમાં દાસ રાખો. ૭

(૧૯)

(રાગ - તાર મુજ તાર મુજ તારત્રિભુવન ઘણી)

વીર વડ ધીર મહાવીર મોટો પ્રભુ, પેખતાં પાપ સંતાપ નાસે;
જેહના નામ ગુણધામ બહુમાનથી, અવિચલ લીલ હૈયે ઉલ્લાસે. વી૦ ૧

કર્મ અરિ જીપતો દીપતો વીર તું, ધીર પરિષહ સહે મેરૂ તોલે;
સુરે બલ પરખીયો રમત કરી નિરખીયો, હરખીયો નામ મહાવીર બોલે. વી૦ ૨

સાપ ચંડકોશીયો જે મહારોષીયો, પોષીયો તે સુધા નયન પૂરે;
એવડા અવગુણ શા પ્રભુ મેં કર્યા ? તાહરા ચરણથી રાખે દૂરે. વી૦ ૩

શૂલપાણિ સુરને પ્રતિબોધીયો, ચંદના ચિત્ત ચિંતા નિવારી;
મહેર ધરી ઘેર પહોતા પ્રભુ જેહને, તેહ પામ્યા ભવ દુઃખ પારી. વી૦ ૪

ગૌતમાદિકને જઇ પ્રભુ તારવા, વારવા યજ્ઞ મિથ્યાત્વ ખોટો;
તેહ અગીયાર પરિવાર શું બૂઝવી, રૂઝવી રોગ અજ્ઞાન મોટો. વી૦ ૫

હવે પ્રભુ મુજ ભણી તું ત્રિભુવન ઘણી, દાસ અરદાસ સુણી સામું જોવે;
આપ-પદ આપતાં આપદા કાપતાં, તાહરે અંશ ઓછું ન હોવે. વી૦ ૬

ગુરુગુણે રાજતા અધિક દિવાજતા, છાજતા જેહ કલિકાલ માંહે,
શ્રીખિમાવિજય પય સેવ નિત્ય મેવ લહી, પામીયે શમરસ **'સુજશ'** ત્યાંહે વી૦ ૭

(૨૦)

વીરજી સુણો એક વિનતિ મોરી, વાત વિચારો તુમે ઘણી રે,
વીર મને તારો મહાવીર મને તારો, ભવજલ પાર ઉતારો ને રે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિભ્રમણ મેં અનંતા રે કીધાં, હજુએ ન આવ્યો છેડલો રે;
તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન, અમે તો અનંતા ભવ ભમ્યાં રે વીર૦ ૧

તમે અમે વાર અનંતી વેળા, રમીયા સંસારીપણે રે;
તેહ પ્રીત જો પૂરણ પાળો, તો અમને તુમ સમ કરો રે. વીર૦ ૨

તુમ સમ અમને જોગ ન જાણો, તો કાંઈ થોડું દીજીએ રે;
ભવોભવ તુમ ચરણોની સેવા, પામી અમે ઘણું રીઝીએ રે. વીર૦ ૩

ઇન્દ્રજાળીયો કહેતો રે આવ્યો, ગણધર પદ તેહને દીયો રે;
અર્જુનમાળી જે ઘોર પાપી, તેહને જિન ! તમે ઉદ્ધર્યો રે. વીર૦ ૪

ચંદનબાલાએ અડદના બાકુળા, પડિલાભ્યા તમને પ્રભુ રે;
તેહને સાહુણી સાચી રે કીધી, શિવવધૂ સાથે ભેળવી રે. વીર૦ ૫

ચરણે ચંડકોશીયો ડસીયો, કલ્પ આઠમે તે ગયો રે;
ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સનમુખ રહ્યો રે. વીર૦ ૬

નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરીખા ગણો રે;
ભેદભાવ પ્રભુ દૂર કરીને, મુજશું રમો એકમેકશું રે. વીર૦ ૭

મોડા વહેલા પણ તુમ હી જ તારક, હવે વિલંબ શા કારણે રે;
જ્ઞાન તણાં ભવના પાપ મિટાવો, વારી જાઉં વીર તોરા વારણે રે. વીર૦ ૮

(૨૧)

માતા ત્રિશલાનંદ કુમાર, જગતનો દીવો રે,
મારા પ્રાણતણો આધાર, વીર ઘણું જીવો રે;
આમલકી ક્રીડાએ રમતાં, હાર્યો સુર પ્રભુ પામી રે;
સુણજોને સ્વામી અંતરજામી, વાત કહું શિર નામી રે, જગ૦ ૧

સુધર્મા દેવલોકે રહેતાં, અમો મિથ્યાત્વે ભરાણાં રે;
નાગદેવની પૂજા કરતાં, શિર ન ધરી પ્રભુ આણા રે. જગ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક દિન ઇન્દ્ર સભામાં બેઠા, સોહમપતિ એમ બોલે રે;
ધીરજ બલ ત્રિભુવનનું નાવે, ત્રિશલા બાલક તોલે રે. જગ૦ ૩

સાચું સાચું સહુ સુર બોલ્યા, પણ મેં વાત ન માની રે;
ફણિધર ને લઘુ બાલકરૂપે, રમત રમીયો છાની રે. જગ૦ ૪

વર્ધમાન તુમ ધૈરજ મોટું, બલમાં પણ નહિ કાચું રે;
ગિરૂઆના ગુણ ગિરૂઆ ગાવે, હવે મેં જાણ્યું સાચું રે જગ૦ ૫

એક જ મુષ્ટિ પ્રહારે મારૂં, મિથ્યાત્વ ભાગ્યું જાય રે;
કેવલ પ્રગટે મોહરાયને, રહેવાનું નહિ થાય રે. જગ૦ ૬

આજ થકી તું સાહિબ મારો, હું છું સેવક તાહરો રે;
ક્ષણ એક સ્વામી ગુણ ન વિસારૂં, પ્રાણ થકી તું પ્યારો રે. જગ૦ ૭

મોહ હરાવે સમકિત પાવે, તે સુર સ્વર્ગ સિધાવે રે;
મહાવીર પ્રભુ નામ ધરાવે ઇન્દ્રસભા ગુણ ગાવે રે જગ૦ ૮

પ્રભુ મલપંતા નિજ ઘર આવે, સરખા મિત્ર સોહાવે રે;
શ્રી શુભવીરનું મુખડું નીરખી, માતાજી સુખ પાવે રે. જગ૦ ૯

(૨૨)

(રાગ - આજ મારા પ્રભુજી)

આજ મારા પ્રભુજી મહેર કરીને,સેવક સામું નિહાળો રે
કરૂણાસાગર મહેર કરીને, અતિશય સુખ ભૂપાળો રે ૧

ભગત વચ્છલ શરણાગત પંજર, ત્રિભુવન નાથ દયાળો રે
મૈત્રી ભાવ અનંત અહર્નિશ, જીવ સયલ પ્રતિપાળો રે ૨

ત્રિભુવન દીપક જીપક અરિગણ, અવિધ જ્યોત પ્રકાશી રે
મહાગોપ નિર્યામક કહીએ, અનુભવ રસ વિલાસી રે ૩

મહામાહણ મહાસારથિ અવિતથ, અપના બિરૂદ સંભાળો રે
બાહ્ય અભ્યંતર અરિગણ જોરો, વ્યસન વિઘન ભય ટાળો રે ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાદિ તમહર તરણી સરખા, અનેક બિરૂદના ધારી રે
જીત્યા પ્રતિવાદી નિજ મતથી, સકલ જ્ઞાયક યશકારી રે. ૫

યજ્ઞકારક ચઉવેદના ધારક, જીવાદિ સત્તા ન ધારે રે
તે તુજ મુખ દિનકર નિરખણથી, મિથ્યાતિમિર પરજાળે રે ૬

છલિકા ભમરી ન્યાયે જિનેસર, આપ સમાન તેં કીધાં રે,
એમ અનેક યશ ત્રિશલાનંદન, જગમાંહે પ્રસિદ્ધા રે ૭

મુજ મન ગિરિકંદરમાં વસીયો, વીર પરમત જિનસિંહ રે.
હવે કુમત માતંગના ગણથી, ત્રિવિધ યોગે મીટે બીહ રે ૮

અતિ મનયોગે શુભ ઉપયોગે, ગાતા નિજ જગદીશ રે
સૌભાગ્યસૂરિ શિષ્ય **લક્ષ્મીસૂરિ** લહે, પ્રતિદિન સબલ જગીશ રે ૯

(૨૩)

વીરકુંવરની વાતડી કેને કહીયે? હાંરે કેને કહીયે રે કેને કહીયે,
હાંરે નવિ મંદિર બેસી રહીયે, હાંરે સુકુમાલ શરીર. વીર૦ ૧

બાલપણાથી લાડકો નૃપ ભાવ્યો, મળી ચોસઠ ઇન્દ્રે મલ્હાવ્યો,
ઇન્દ્રાણી મલી હુલરાવ્યો, હાંરે ગયો રમવા કાજ વીર૦ ૨

છોરૂ ઉછાંછળા લોકના કેમ રહીયે, એની માવડીને શું કહીયે,
કહીયે તો અદેખા થઇએ, હાંરે નાશી આવ્યા બાળ વીર૦ ૩

આમલકી ક્રીડા વશે વીંટાણો, મોટો ભોરીંગ રોષે ભરાણો,
હાથે ઝાલી વીરે તાણ્યો, હાંરે કાટી નાખ્યો દૂર. વીર૦ ૪

રૂપ પિશાચનું દેવતા કરી ચલીયો, મુજ પુત્રને લેઈ ઉછળીયો,
વીર મુષ્ટિ પ્રહારે વળીયો, હાંરે સાંભળીયે એમ. વીર૦ ૫

ત્રિશલા માતા મોજમાં એમ કહેતી, સખીઓને ઓળંભા દેતી,
ક્ષણ ક્ષણ પ્રભુ નામ જ લેતી, હાંરે તેડાવે છે બાળ, વીર૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાટ જોવંતા વીરજી ઘેર આવ્યા, માતા ત્રિશલાએ ન્હવરાવ્યા,
ખોળે બેસાડી હુલરાવ્યા, હાંરે આલિંગન દેત. વીર૦ ૭

યૌવનવય પ્રભુ પામતા પરણાવે, પછી સંજમશું દીલ લાવે,
ઉપસર્ગની ફોજ હઠાવે, હાંરે લીધું કેવળજ્ઞાન વીર૦ ૮

કર્મ સુદન તપ ભાખીયું જિનરાજે, ત્રણલોકની ઠકુરાઈ છાજે,
ફલપૂજા કહી શિવકાંજે, હાંરે ભવિને ઉપકાર વીર૦ ૯

શાતા અશાતા વેદની ક્ષય કીધું, આપે અક્ષય પદ લીધું,
શુભવીરનું કારજ સિધ્યું, હાંરે ભાંગે સાદિ અનંત. વીર૦ ૧૦

(૨૪)

વીર જિનેશ્વર સાહિબ મેરા, પાર ન લહું તેરા;
મહેર કરી ટાલો મહારાજજી, જન્મ મરણના ફેરા.
હો જિનજી અબ હું શરણે આવ્યો.....૧

ગરભાવાસ તણા દુઃખ મ્હોટાં, ઉંધે મસ્તકે રહિયો;
મળ-મૂત્રમાંહે લપટાણો, એહવાં દુઃખ મેં સહિયો. ૨.

નરક-નિગોદમાં ઉપન્યો ને ચવીયો, સૂક્ષ્મ બાદર થઈયો;
વીંધાણો સૂઇને અગ્રભાગે, માન તિહાં કિહાં રહીયો. ૩

નરક તણી વેદના અતિ ઉલ્લસી, સહી તે જીવે બહું;
પરમાધામીને વશ પડીયો, તે જાણો તમે સહું. ૪

તિર્યંચતણા ભવ કીધા ઘણેરા, વિવેક નહીં લગાર;
નિશિ દિનનો વ્યવહાર ન જાણ્યો, કેમ ઉતરાય પાર? ૫

દેવતણી ગતિ પુણ્યે હું પામ્યો, વિષયારસમાં ભીનો;
વ્રત પચ્ચક્ખાણ ઉદય નહિ આવ્યાં, તાન માન માંહે લીનો. ૬

મનુષ્યજન્મ ને ધર્મસામગ્રી, પામ્યો, છું બહું પુણ્યે;
રાગ-દ્વેષ માંહે બહું ભળીયો ન ટળી મમતા બુદ્ધિ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક કંચન ને બીજી કામિની, તેહશું મનડું બાંધ્યું;
તેહના ભોગ લેવાને હું શૂરો, કેમ કરી જિન-ધર્મ સાધું. ૮

મનની દોડ કીધી અતિ ઝાઝી , હું છું કોક જડ જેવો;
કલિકલિ કલ્પ મેં જન્મ ગમાયો, પુનરપિ પુનરપિ તેહવો. ૯

ગુરુ ઉપદેશમાં હું નથી ભીનો, ન આવી સદ્દહણા સ્વામી;
હવે વડાઈ જોઇએ તમારી, ખિજમતમાંહી છે ખામી હો. ૧૦

ચાર ગતિમાંહી રડવડીયો, તોયે ન સિધ્યાં કાજ;
ઋષભ કહે તારો સેવકને, બાહ્ય ગ્રહાની લાજ ૧૧

(૨૫)

ચઉમાસી પારણું આવે, કરી વિનતિ નિજ ઘર જાવે;
પ્રિયા પુત્રને વાત જણાવે, પટકૂળ જરી પથરાવે રે,
મહાવીર પ્રભુ ઘેર આવે, જીરણ શેઠજી ભાવના ભાવે રે. ૧

ઉભી શેરીએ જળ છંટકાવે, જોઈ કેતકી ફૂલ બિછાવે,
નિજ ઘેર તોરણ બંધાવે, મેવા મીઠાઈ થાળ ભરાવે રે. ૨

અરિહાને દાનજ દીજે, દેતાં જે દેખીને રીઝે,
ષટ્માસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે. ૩

જિનવરની સનમુખ જાઉં, મુજ મંદિરીએ પધરાવું
પારણું ભલી ભાતે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે. ૪

પછી પ્રભુને વોળાવા જઇશું, કરજોડીને સનમુખ રહીશું,
નમી વંદીને પાવન થઈશું, વિરતિ અતિ રંગે વરશું રે. ૫

દયા દાન ક્ષમા શીલ ધરશુ, ઉપદેશ સજ્જનને કરશું,
સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે. ૬

એમ જીરણ શેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા,
શ્રાવકની સીમે ઠરંતા, દેવ દુંદુભિ નાદ સુણંતા રે. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરી આયુ પૂરણ શુભ ભાવે, સુરલોક અચ્યુતે જાવે;
શાતાવેદની સુખ તે પાવે, **શુભવીર** વયન રસ ગાવે રે. ૮

(૨૬)

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે,
સુણતાં શ્રવણે અમીઝરે, મ્હારી નિર્મલ થાય કાયા રે. ગિ૦ ૧

તુમ ગુણગણ ગંગા જલે, હું ઝીલીને નિર્મલ થાઉ રે,
અવર ન ધંધો આદરૂં નિશ દિન તોરા ગુણ ગાઉં રે. ગિ૦ ૨

ઝીલ્યા જે ગંગા જળે, તે છિલ્લર જળ નવિ પેસે રે
જે માલતી ફૂલે મોહીયા, તે બાઉલ તળે નવિ બેસે રે ગિ૦ ૩

એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે,
તે કેમ પરસુર આદરે ? જે પરનારી વશ રાચ્યા રે. ગિ૦ ૪

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે,
વાચક 'યશ' કહે માહરે, તું જીવ જીવન આધારો રે. ગિ૦ ૫

(૨૭)

(રાગ - શંખેશ્વર સાહીબ સાચો રે)

વીર તમારી મૂરતિ મંગળકારી, મંગળકારી ને આનંદકારી રે,
હેમ વર્ણ તણું તેજ સોહે, જોતા સુરનરના મન મોહે,
મુખડું તમારૂં પ્રભુ શરદનો ચંદ્ર રે.....વીરતમારી. ૧

કમળ સુગંધી શ્વાસ મનોહર, ચોત્રીશ અતિશય મશહુર,
વાણી પાંત્રિસ ગુણે ભરપુર, રે....વીરતમારી. ૨

બાળપણામાં તે રમતાં રમતાં, કાઢ્યો સુરને મુષ્ટીએ હણતાં,
એવા અનંત બલી તુમે ધીર રે....વીરતમારી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યૌવન વયે તમે યશોદાને પામ્યા, ભોગને રોગની સમ જાણ્યા,
અંતર તમારૂં પ્રભુ નિર્વિકારી, રે. ....વીરતુમારી. ૪

સંયમ લઈ ઘોર તપ તપ્યાં, ઉપસર્ગો ગોશાળાના સહ્યાં
કર્મ ખપાવી બન્યા વીતરાગી રે. .... વીરતમારી. ૫

કેવલ લઈ બેઠા સમોવસરણમાં, ભવ્ય જીવોને તાર્યા ક્ષણમાં,
ઇન્દ્રભૂતિને દીધુ ગણધર પદ રે. ....વીરતમારી. ૬

ઘોર પાપી હતો અર્જુનમાળી, ચંડકૌશીક જેવા દીધા તમે તારી,
કરૂણાના સાગર ગજબ દાતારી રે. ....વીરતમારી ૭

ભવોભવ માગું તુમ ચરણોની સેવા, કૃપા કરી આપો દેવાધિદેવા,
જેથી ટળે ભવ ભ્રમણના ફેરા રે. ....વીરતમારી. ૮

જેમ બધાને તાર્યા તેમ મને તારો, સેવકના ગુનાને વારો,
શુભવિજય નમે પાય પડી રે. ....વીરતમારી. ૯

(૨૮)

(રાગ-ઋષભદેવ હિતકારી જગતગુરુ)

તો શુ પ્રીત બંધાણી જગતગુરૂ, તો શું પ્રીત બંધાણી,
વેદ અરથ કહી મો બ્રાહ્મણકું, ખિણમે કીધો ગુણ ખાણી જગત૦ ૧

બાલક પરે મેં જે જે પુછયું, તે ભાખ્યું હિત આણી;
મુજ કાલાને કુણ સમજાવે, તો બિન મધુરી વાણી. જગત૦ ૨

વયણ સુધારસ વરસી વસુધા, પાવન ખેત સમાણી;
નર નાકી તિરિ પ્રમોદિત બોધિત, તો હિ ગુણમણી ખાણી. જગત૦ ૩

કિસકે પાઉં પરૂં અબજાઈ, કિનકી પકરૂં પાની;
કુણ મુજ ગોયમ કહી બોલાવે, તો સમ કુણ વખાણી. જગત૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અઈમુત્તો આયો મુજ સાથે, રમતો કાચલી પાણી;
કેવલ કમલા ઉસકું દિની, યહિ કિરતી નહિ છાની. જગત૦ ૫

ચઉદ સહસ અણગારમાં મોટો, કીનો કાંહુ પીછાની;
અંતિમ અવસર કરૂણા સાગર, દુરે ભેજ્યો જાણી. જગત૦ ૬

કેવલ ભાગ ન માગત સ્વામી, રહેત ન છેડો તાણી;
બિચમેં છોડ ગયે શિવમંદિર, લોકમાં હોત કહાણી. જગત૦ ૭

ખામી કછું ખિજમતમે કિનિ, તાકી યાહિ કમાણી;
સ્વામી ભાવ લહે સુસેવક, યાહિ વાત નિપાણી. જગત૦ ૮

વીતરાગ ભાવે ચેતનતા, અંતર મૂહુર્ત ઠરાણી,
ખિમાવિજય જિન ગૌતમ ગણધર, જ્યોતિશું જ્યોતિ મિલાણી. જગત૦ ૯

(૨૯)

(રાગ-મને જડ્યુ રે જગતમાં જયકારી)

નવકનક કમલ પગલા ધરતાં, વળી ચોત્રીસ અતિશય અનુસરતા,
સવિજીવ ઉપર કરૂણા કરતાં, સખી વીર જિણંદ મહાવીર જિણંદ,
સખી વીર જિણંદ પાવાપુરી, ઉદ્યાનમાં આવી સર્મોસર્યા. ૧

મણી રજત કનક વપ્રે ભરી, કરી સમવસરણ શોભા સારી,
મલ્યા સુરનર પતિ સેવાકારી, સખી વીર જિણંદ. ૨

દેવ વાંજિત્ર ગગને ગાજે છે, સુણી કુમતિ કદાગ્રહ લાજે છે.
રે પ્રભુની ઠકુરાઈ છાજે છે, સખી વીર જિણંદ. ૩

ઇન્દ્રભૂતિ પમુહા આવે છે, સર્વજ્ઞનું બિરૂદ ધરાવે છે;
જિન વીરશુ વાદ મચાવે છે, સખી વીર જિણંદ. ૪

સુણી વેદ અરથ મદ ગળીયા છે, જીવાદિક સંશય ટળીયા છે,
જિન ચરણે મનડાં મળીયાં છે, સખી વીર જિણંદ. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દીક્ષા પ્રભુ હાથે લીધી છે, ત્રિપદી જિનરાજે દીધી છે,
અંગ બારની રચના કીધી છે, સખી વીર જિણંદ. ૬

હરી ચુરણ વાસ કરી રંગે, ભરી થાળ રચ્યો જિનને ચંગે રે,
પ્રભુ ગણધર શીર ઠાવે ઉછરંગે સખી વીર જિણંદ. ૭

સુર નર નારી મંગળ જાણી, કરી ગહુંલી ભાવ ભક્તે આણી,
જિનરાજ વધાવે ગુણખાણી સખી વીર જિણંદ. ૮

શ્રી પ્રભુ પદ પદ્મ નમી ભાવે, દિલમાં આગમ વાણી ધ્યાવે,
નિજ **રૂપવિજય** સંપત પાવે, સખી વીર જિણંદ. ૯

(૩૦)

વીર વહેલા આવોને, ગૌતમ કહી બોલાવો ને,
દરિશણ વહેલા દીજીએ હોજી,.....
પ્રભુ તું નિઃસ્નેહી, હુ સસનેહી અજાણ. વીર૦ ૧

ગૌતમ ભણે ભો નાથ તેં, વિશ્વાસ આપી છેતર્યો;
પરગામ મુજને મોકલી, તું મુક્તિ રમણીને વર્યો,
જિનજી તારા ગુપ્ત ભેદોથી અજાણ. વીર૦ ૨

શિવનગર હતું શું સાંકડું કે, હતી નહીં મુજ યોગ્યતા,
જો કહ્યું હોત મુજને તો, કોણ કોઇને રોકતા,
જિનજી ! હું શું માગત ભાગ સુજાણ રે. વીર૦ ૩

મમ પ્રશ્નના ઉત્તર દેઈ, ગૌતમ કહી કોણ બોલાવશે;
કોણ કરશે સાર સંઘની ને, શંકા બિચારી ક્યાં જશે ?
હે પુણ્ય કથા કહી પાવન કરો મમ કાન રે. વીર૦ ૪

જિન ભાણ અસ્ત થતાં તિમિર, મિથ્યાત્વ સઘળે વ્યાપશે;
કુમતિ કૌતુક જાગશે ને, ચોર ચુંગલ વધી જશે,
હે ત્રિગડે બેસી દેશના દો જગભાણ રે. વીર૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનિ ચૌદ સહસ છે તાહરે ને, 'માહરે વીર' તું એક છે;
ટળવળતો મૂકી ગયાં મુજને, ક્યાં તમારે ટેક છે,
પ્રભુ સ્વપ્નાંતરમાં અંતર ન ધર્યો સુજાણ રે. વીર૦ ૬

પણ હું આજ્ઞાવાટ ચાલ્યો, નથી મળ્યો આ અવસરે;
હું રાગવશ રખડું નિરાગી, વીર શિવપુર સંચરે,
હું 'વીર વીર' કરું, વીર ન ઘરે કાંઈ કાન રે. વીર૦ ૭

કોણ વીર ને કોણ ગૌતમ, નહી કોઈ કોઈનું કદા;
એ રાગ ગ્રંથી તૂટતાં, વરજ્ઞાન ગૌતમને થતાં,
હે સુરતરૂ સુરમણિ, ગૌતમ નામે નિધાન રે. વીર૦ ૮

કાર્તિક માસ અમાસ રાગે, અસ્ત ભાવદીપક તણો;
દ્રવ્યદિપક જ્યોત પ્રગટે, લોક દિવાળી ભણે,
હે **વીરવિજય**ના, નર નારી કરે ગુણગાન રે વીર૦ ૯

(૩૧)

(રાગ - તું પ્રભુ મારો, માલકોંસ)

વીર વિના વાણી કોણ સુણાવે, કોણ સુણાવે કોણ બતાવે;
જબ યે વીર ગયે શિવમંદિર, તબ મેરી સાંસો કોણ મિટાવે મિટાવે. વીર... ૧
તુમ વિના ચઉવિહ સંઘ કમલદલ, વિકસિત કોણ કરાવે, કરાવે.વીર... ૨
કહે ગૌતમ ગણધર તુમ વિરહે, જિનવર દિનકર જાવે, જાવે વીર... ૩
મોકુ સાથ લઈ ક્યું ન ચલે, ચિત્ત અપરાધ ધરાવે, ધરાવે. વીર... ૪
ઇમ પરભાવ વિચારી અપના, ભાવશું ભાવ મિલાવે મિલાવે. વીર... ૫
સમવસરણ મે બેઠે તખ્ત પર, હુકમ કોણ ફરમાવે, ફરમાવે. વીર... ૬
વીર વીર લવતે વીર અક્ષર, અંતર તિમિર હટાવે હટાવે. વીર... ૭
સકલ સુરાસુર હર્ષિત હોવે, જુહાર કરણકું આવે આવે. વીર... ૮
ઇન્દ્રભૂતિ અનુભવકી લીલા, **જ્ઞાનવિમલ** ગુણ ગાવે ગાવે. વીર... ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૨)

(રાગ - સિદ્ધાચલના વાસી જિનજી પ્યારા)

છેલ્લો બોધ આપી, સહુ કર્મ કાપી વીર મારા ગયા મોક્ષતણી મોઝાર
અઢાર દેશના રાજાઓ આવે, પૌષધ લઈને ભાવના ભાવે
સુણીને શાસ્ત્રનું જ્ઞાન, મુકીને અભિમાન. વીર મારા...૧
વિલાપ કરે છે ગૌતમ સ્વામી રે, ક્યાં ગયા મારા અંતરયામી
મુજને મુકી ગયા, મને મેલી ગયા. વીર મારા...૨
ચોસઠ ઇન્દ્રો આવી નમે છે મહામહોત્સવને ઉજવે છે
ગુણ વીરના ગવાય, ગુણ મહાવીરના ગવાય. વીરમારા....૩
આસો માસની પર્વ દિવાળી, રૂડી રાત દીસે રઢિયાળી,
વીર પામ્યા નિર્વાણ, નામે શ્રી વર્ધમાન. વીર મારા...૪
વીર નામની સાચી દિવાળી, જાપ જપે શિયળ વ્રત ધારી,
વિનયવિજયગુણગાય, ભવોભવના દુઃખ જાય. વીરમારા...૫

(૩૩)

(રાગ-તુને સંસારી સુખ કેમ સાંભરે રે લોલ)

મને ઉપકારી વીર પ્રભુ સાંભરે રે લોલ, મારા દર્શન દાયક દેવ રે.
મને મૂકીને મુક્તિમાં સંચર્યા રે લોલ, હવે કોની કરીશ હું સેવ રે. મને ૧
મારા હૈયાના હાર પ્રભુ વીરજી રે લોલ, રાખી તરફડતો દાસ થયા સિદ્ધ રે.
ગોયમ ગોયમ કહેનાર ગયા મુક્તિમાં રે લોલ, કહું કોની આગળ જઈ દુઃખ રે. મને ૨
ગયા ત્રિપદી સુણાવનાર મુક્તિમાં રે લોલ, કોણ પ્રશ્નની ટાળશે ભૂખ રે
બોલે ગૌતમ વેણ એમ રાગથી રે લોલ, ઘડી ભરમાં વિચારે પ્રભુ વેણ રે. મને ૩
પ્રભુ વીતરાગ રાગને ટાળતાં રે લોલ, રાગ હોતાં ન કેવલજ્ઞાન રે.
એહ ભાવે ગૌતમ થયા કેવલી રે લોલ, દેવ ઓચ્છવ કરે ગુણ ગાન રે. મને ૪
વીરવાણીમાં અહર્નિશ રાચતા રે, લોલ વળી મુખડુ છે સુપ્રસન્ન રે
નમો ગોયમ વીરપદ પદ્મને રે લોલ, પામી હોશે દિવાળીનું પર્વ રે. મને ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૪)

(રાગ-રાતા જેવો કુલડા)

આવ આવ રે માહરા મનડા માંહે, તું છે પ્યારો રે
હરિહરાદિક દેવથી, તું છે ન્યારો રે આવ. ૧

અહો મહાવીર ગંભીર તું તો, નાથ માહરો રે
હું નમું તુંને ગમે મુને, સાથ તાહરો રે આવ. ૨

ગ્રહી સાહી મીઠડા હાથ માહરા, ચેરી વારો રે
ઘો ઘો રે દર્શન દેવ મુને, ઘોને લારો રે આવ. ૩

તું વિના ત્રિલોકમેં, કેહનો, નથી ચારો રે
સંસાર પારાવારનો સ્વામી, આપને આરો રે આવ. ૪

ઉદયરત્ન પ્રભુ જગમેં જોતાં, તું છે તારો રે
તાર તાર મુને તાર તું, સંસાર સારો રે આવ. ૫

(૩૫)

(રાગ ગીરૂઆરે ગુણ)

શ્રી વીર જિણેસર સાહિબા, અરજ સુણો એક મોરી રે;
હું મૂરખ ધંધે પડ્યો, મેં સેવા ન કીધી તોરી રે. શ્રી વીર૦ ૧

એટલાં દિન ભૂલો ભમ્યો, વંધા દેવ અનેરા રે;
તિણથી તો મુજ નવિ ટળ્યા, ભવ ભવ કેરા ફેરા રે. શ્રી વીર૦ ૨

તરણતારણ બિરુદ તાહરો, સાંભળીયો મેં શ્રવણે રે;
ઉલટ ધરીને હું આવીયો, નિરખવા સુરત નયણે રે. શ્રી વીર૦ ૩

મહેર કરીને મુજ ભણી, ઘો દરિસણ જિનરાજ રે;
ભવસાગરથી તારીયે, સાહિબ ગરીબ નિવાજ રે. શ્રી વીર૦ ૪

સિદ્ધારથ કુલ ચંદલો, ત્રિશલારાણીનો જાયો રે;
સુમતિપ્રભને દીજીયે રે, વાંછિત દાન સવાયો રે. શ્રી વીર૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૬

(રાગ-સાંભળજો મુનિ સંજમ રાગે)

વીર જિનેશ્વર સુણ મુજ સ્વામી, વિનવીયે શિરનામી રે;
તું પ્રભુ પૂરણ મન હિત કામી, તું મુજ અંતરયામી રે. વીર૦ ૧

એક જ તું શિર સાહિબ કીજે, તુમ સમ કોણ કહીજે રે;
ભગતિ કરતાં જો તું રીઝે, તો મન વાંછિત સીઝે રે. વીર૦ ૨

તુજ હિતથી સુખ સંપદ આવે, દારિદ્ર દૂર ગમાવે રે;
જગબંધવ જિન તુંહી કહાવે, સુરનર તુજ ગુણ ગાવે રે. વીર૦ ૩

તું પ્રભુ પ્રીતિ ન હેત જણાવે, પણ સેવક સુખ પાવે રે;
ગિરૂઆ સેવા ફલ નવિ જાવે, સેવીજે ઇણ ભાવે રે. વીર૦ ૪

ત્રિશલાનંદન વીર જિનેશ્વર, વિનતડી અવધારી રે;
કેસર જંપે દરીસણ દીજે, દુરગતિ દૂર નિવારી રે. વીર૦ ૫

૩૭

(રાગ-શ્રી શ્રેયાંસ કૃપા કરો તુ જગબંધવ તાત રે)

આજ સફળ દિન માહરો રે, ભેટ્યો વીર જિણંદ કે,
ત્રિભુવનનો ધણી એ, ...
ત્રિશલા રાણીનો નંદ કે, જગ ચિંતામણી એ,
દુઃખ દોહગ દુરે ટળ્યા એ, પેખી પ્રભુ મુખચંદ કે. ત્રિશલા. ૧

રિદ્ધિસિદ્ધિ સુખસંપદા એ, ઉલટ અંગે ન માય કે
આવી મુજ ઘર આંગણે એ સુરગવી હેજ સવાય કે. ત્રિશલા. ૨

ચિંતામણી મુજ કર ચડ્યું એ, પાયો ત્રિભુવન રાજ કે.
મુહ માગ્યા પાસા ઢળ્યા એ, સીધ્યાં વાંછિત કાજ કે. ત્રિશલા. ૩

ચિત્ત ચાહ્યાં સાજન મળ્યાએ, દુર્જન ઉડ્યા વાય કે.
સૌમ્ય નજર પ્રભુની લહી એ, જેહવી સુરતરૂં છાય કે. ત્રિશલા ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેજ ઝલાહલ દીપતો એ, ઉગ્યો સમકિત સુર કે
વિમલ વિજય ઉવજ્ઝાયનો એ, **રામ** લહે સુખપુર કે. ત્રિશલા ૫

(૩૮)

(રાગ- વાસુપૂજ્ય જિન અંતરજામી)

આણંદમય નિરૂપમ ચોવીશમો, પરમેશ્વર પદ નિરખ્યો રે,
પરમેશ્વર પદ જેહને છાજે, અંતર ચિત્તાથી મે પરખ્યો રે. આ૦ ૧

ધારક છે દેવ શબ્દ ઘણેરાં, પણ દેવતત્ત્વ ન ધરે રે,
જેમ કનક કહીયે ધતુરને, હેમની ગત તે ન સરે રે. આ૦ ૨

જે નર તુમ ગુણ ગણથી રસીયા, તે કિમ અવરને સેવે રે ?
માલતી કુસુમે લીના જે મધુકર, અવર સુરભિ ન લેવે રે. આ૦ ૩

ચિત્ત પ્રસન્ને જિનજીની ભજના, સજ્જન કહો કિમ ચૂકે રે ?
ઘર આંગણે ગંગા પામીને, કુણ ઉવેખી મૂકે રે. આ૦ ૪

ધ્યેય સ્વરૂપે ધ્યાયે તુમને જે, મન વચ કાય આરાધે રે,
પ્રેમ વિબુધ **ભાણ** પભણે તે નર, વર્ધમાન સુખ સાધે રે. આ૦ ૫

(૩૯)

(રાગ-ઓલગડી અવધારો આશધરી હુ આયો)

વંદો વીર જિણેસર રાયા, ત્રિશલા માતાના જાયાજી;
હરિ લંછન કંચન વર્ણ કાયા, મુજ મન મંદિર આયાજી. વંદો૦ ૧

દુષમ સમયે શાસન જેહનું, શીતલ ચંદન છાયાજી;
જે સેવંતા ભવિજન મધુકર, દિનદિન હોત સવાયાજી. વંદો૦ ૨

તે ધન્ય પ્રાણી સદ્‌ગતિ ખાણી, જસ મનમાં જિન આયાજી;
વંદન પૂજન સેવા ન કીધી, તે કાં જનની જાયા ? જી. વંદો૦ ૩

કર્મ કઠિન ભેદન બલવત્તર, વીર બિરૂદ જિણે પાયાજી;
એકલ મલ્લ અતુલી બલ અરિહા, દુશ્મન દૂરે ગમાયાજી. વંદો૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાંછિત પૂરણ સંકટ ચૂરણ, માતપિતા તુ સહાયાજી;
સિંહ પરે ચારિત્ર આરાધી, સુજસ નિશાન બજાયાજી. વંદો૦ ૫

ગુણ અનંત ભગવંત બીરાજે, વર્ધમાન જિનરાયાજી;
ધીર વિમલ કવિ સેવક નય કહે, શુદ્ધ સમકિત ગુણદાયાજી. વંદો૦ ૬

(૪૦)

(રાગ ઓલગડી અવધારો આશ ધરી હુ આયો)

વીરજિણેસર પ્રણમું પાયા, ત્રિશલાદેવી માયા રે;
સિદ્ધારથરાજા તસ તાયા, નંદીવર્ધન ભાયા રે; વી. ૧

લેઇ દીક્ષા પરિસહ બહુ આયા, શમ દમ સમણ તે જાયા રે;
બાર વર્ષ પ્રભુ ભૂમિ ન ઠાયા, નિદ્રા અલ્પ કહાયા રે. વી. ૨

ચંડકૌશિક પ્રતિબોધન આયા, ભય મનમાં નવિ લાયા રે;
ત્રણ પ્રકારે વીર કહાયા, સુર નર જસ ગુણ ગાયા રે. વી. ૩

જગતજીવ હિતકારી કાયા, હરિ લંછન જસ પાયા રે;
માન ન લોભ ન વળી અકષાયા, વિહાર કરે નિરમાયા રે; વી. ૪

કેવલજ્ઞાન અનંત ઉપાયા, ધ્યાનશુકલ પ્રભુ ધ્યાયા રે;
સમોવસરણે બેસી જિનરાયા, ચઉવિહ સંઘ થપાયા રે.વી. ૫

કનકકમલ ઉપર ઠવે પાયા, ચઉવિહ દેશના દાયા રે;
પાંત્રીશ ગુણ વાણી ઉચરાયા, ચોત્રીશ અતિશય પાયા રે. વી. ૬

શૈલેશીમાં કર્મ જલાયા, જીત નિસાણ બજાયા રે;
પંડિત ઉત્તમવિજય પસાયા, પદ્મવિજય ગુણ ગાયા રે. વી. ૭

શ્રી સીમંધરસ્વામીના સ્તવનો - ૨૦

(૧)

શ્રી સીમંધર સાહિબા ! વિનતડી અવધાર લાલ રે;
પરમ પુરુષ પરમેસરુ, આતમ પરમ આધાર લાલ રે... શ્રી૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેવલજ્ઞાન દિવાકરુ, ભાંગે સાદિ અનંત લાલ રે;
ભાસક લોકાલોકનો, જ્ઞાયક જ્ઞેય અનંત લાલ રે... શ્રી૦ ૨

ઇંદ્ર ચંદ્ર ચક્કીસરુ, સુર નર રહે કરજોડ લાલ રે;
પદ પંકજ સેવે સદા, અણહુંતે એક કોડ લાલ રે... શ્રી૦ ૩

ચરણ કમલપિંજર વસે, શુભ મન હંસ નિત મેવ લાલ રે;
ચરણ શરણ મોહિ આશરો, ભવભવ દેવાધિદેવ લાલ રે... શ્રી૦ ૪

અધમ ઉદ્ધારક છો તુમે, દૂર કરો ભવદુઃખ લાલ રે;
કહે જિનહર્ષ મયા કરી, દેજો અવિચલ સુખ લાલ રે... શ્રી૦ ૫

(૨)

(રાગ-સુણ જિનવર શેત્રુંજા ધણીજી)

શ્રી સીમંધર જગધણીજી, રાય શ્રેયાંસકુમાર,
માતા સત્યકી નંદનોજી, રૂક્મણીનો ભરથાર;
સુખકારક સ્વામી સુણો, મુજ મનની એ વાત,
જપતાં નામ તુમ તણું જી, વિકસે સાતે ધાત. સુખ૦ ૧

સ્વજન કુટુંબ છે કારમુંજી, કારમો સહુ સંસાર;
ભવોદધિ પડતાં માહરેજી, તું તારક નિરધાર. સુખ૦ ૨

ધન્ય તિહાંના લોકનેજી, જે સેવે તુમ પાય;
પ્રહ ઉઠીને વાંદવાજી, મુજ મનડું નિત્ય ધાય. સુખ૦ ૩

કાગળ કાંઈ પહોંચે નહીંજી, કિમ કહું મુજ અવદાત;
એક વાર આવો અહીંજી, કરું દીલની સવિ વાત. સુખ૦ ૪

મનડામાં ક્ષણ ક્ષણ રમેજી, તુમ દરિસણના કોડ;
વાચક જસ કરે વિનતિજી, અહોનિશ બે કર જોડ. સુખ૦ ૫

(૩)

તારી મુદ્રાએ મન મોહ્યું રે, મનના મોહનીયા !
તારી સૂરતિએ જગ સોહ્યું રે, જગના જીવનીયા !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુમ જોતાં સવિ દુરમતિ વિસરી, દિન રાતડી નવી જાણી;
પ્રભુ ગુણ ગણ સાંકળશું બાંધ્યુ, ચંચળ ચિત્તડું તાણી રે. મ૦ ૧

પહેલાં તો એક કેવળ હરખે, હેજાળુ થઈ હળિયો;
ગુણ જાણીને રૂપે મિલિઓ, અભ્યંતર જઇ ભળિયો રે. મ૦ ૨

વીતરાગ ઇમ જસ નિસુણીને, રાગી રાગ કરેહ;
આપ અરૂપી રાગ નિમિત્તો; દાસ અરૂપ ધરેહ રે. મ૦ ૩

શ્રી સિમંધર ! તું જગબંધુ, સુંદર તાહરી વાણી;
મંદર ભૂધર અધિક ધીરજ ઘર, વંદે તે ધન્ય પ્રાણી રે. મ૦ ૪

શ્રી શ્રેયાંસ નરેસર નંદન, ચંદન શીતલ વાણી;
સત્યકી માતા વૃષભ લંછન પ્રભુ, **જ્ઞાનવિમલ** ગુણખાણી રે મ૦ ૫

(૪)

તુમે મહાવિદેહક્ષોગ જઇને કહેજો ચાંદલીયા,
સીમંધર તેડા મોકલે;
તુમે ભરત ક્ષેત્રના દુઃખ કહેજો ચાંદલીયા, સીમંધર તેડા મોકલે. ૧

અજ્ઞાનતા અહીં છવાઈ ગઈ છે, તત્ત્વની વાતો ભૂલાઈ ગઈ છે;
એવા આત્માના દુઃખ મારાં કહેજો ચાંદલીયા. સીમંધર. ૨

પુદ્ગલના મોહમાં ફસાઈ ગયો છું, કર્મોની જાળમાં જકડાઈ ગયો છું;
એવા કર્મોના દુઃખ મારાં કહેજો ચાંદલીયા. સીમંધર. ૩

મારૂં ન હતું તેને મારૂં કરી માન્યું, મારૂં હતું તેને નાહિ પીછાણ્યું;
એવા મૂર્ખતાના દુઃખ મારાં કહેજો ચાંદલીયા. સીમંધર. ૪

સીમંધર સીમંધર હૃદયે ધરતો, પ્રત્યક્ષ દર્શનની આશા હું કરતો;
એવા વિયોગના દુઃખ મારાં કહેજો ચાંદલીયા. સીમંધર ૫

સંસારનું સુખ મને કારમું લાગે, તુમ વિણ વાત કહુ કોની રે આગે;
એવા અમૃતના દુઃખ મારા કહેજો ચાંદલીયા. સીમંધર. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫)

પુક્ખલવઇ વિજયે જયો, શ્રી સીમંધર સ્વામી રે;
માન પ્રભુ પ્રહ સમે, પ્રણમું હું શિર નામી રે. પુક્ખલ૦ ૧

નયરી પુંડરીગિરી રાજિયો, શ્રેયાંસ નૃપ કુલચંદો રે;
સત્યકી નંદન સુંદરૂ, ભવિયણ નયનાનંદો રે. પુક્ખલ૦ ૨

ધન્ય જના તે વિદેહના, સફળ જનમ તસ જાણું રે;
પુણ્ય પ્રબળ જગ તેહનું, જીવીત તાસ વખાણું રે. પુક્ખલ૦ ૩

પૂરણ પ્રેમે પ્રહ સમે, વાંદે જે પ્રભુ ભાવે રે;
સાંભળે દેશના દીપતી, પ્રતિદિન દરિસણ પાવે રે. પુક્ખલ૦ ૪

પ્રભુ તુમ દરિસણ દેખવા, નયણાં કરે ઉમાહ રે;
પીવા વચન પિયુષને, શ્રવણ ધરે ઉચ્છાહ રે. પુક્ખલ૦ ૫

દૂર દેશાંતર તુમ વસ્યાં, તે મારે ન અવાય રે;
ઇહાં થકી મુજ વંદના, અવધારો મહારાય રે. પુક્ખલ૦ ૬

રૂક્ષ્મણી વલ્લભ વિમાયો, વૃષભલંછન હિતકારી રે;
જયવિજય કહે સાહિબા, તુજ સેવા મુજ પ્યારી રે. પુક્ખલ૦ ૭

(૬)

વિનતી માહરી રે, સુણજો સાહિબા, સીમંધર જિનરાજ,
ત્રિભુવન તારક અરજ ઉરે ધરો, દેજો દરિશન આજ... ૧

આપ વસ્યા જઇ ક્ષેત્ર વિદેહમાં, હુ રહું ભરત મોઝાર,
એ મેળો કેમ હોય જગધણી, એ મુજ સબલ વિચાર...૨

વચમાં વનદ્રહ પર્વત અતિ ઘણાં, વળી નદીઓના રે ઘાટ,
કિણવિધ ભેટું રે આવી તુમ કને, અતિ વિષમી એ વાટ...૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કીહાં મુજ દાહિણ ભરતક્ષેત્ર રહ્યું, કીહાં પુક્ખલવઈ રાજ,
મનમાં અલજો રે મળવાનો અતિ ઘણો, ભવજલ તરણ જહાજ...૪

નિશદિન આલંબન મુજ તાહરૂં, તું મુજ હૃદય મોઝાર,
ભવદુઃખભંજન તું હી નિરંજનો, કરૂણારસ ભંડાર..૫

મનવંછિત સુખસંપદ પૂરજો, ચૂરજો કર્મની રાશ,
નિતનિત વંદન હું ભાવે કરૂં, એહી જ છે અરદાસ...૬

તાત શ્રેયાંસ નરેસર જગતિલો, સત્યકી રાણીનો જાત,
સીમંધર જિન વિચરે મહીતલે, ત્રણ ભુવનમાં વિખ્યાત...૭

ભવોભવ સેવા રે, તુમ પદ કમળની, દેજો દીનદયાળ.
બે કર જોડી ઉદયરતન વંદે, નેક નજરથી નિહાળ...૮

(૭)

સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ પાસે જાજો,
મુજ વિનતડી, પ્રેમ ધરીને, એણી પેરે તુમે સંભળાવજો.
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇન્દ્ર પાયક છે;
નાણ દરિસણ જેહને ક્ષાયક છે. સુણો૦ ૧

જેની કંચન વરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે;
પુંડરિગિણી નગરીનો રાયા છે.સુણો૦ ૨

બાર પર્ષદામાંહી બિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે. સુણો૦ ૩

ભવિજનને જે પડિબોહે છે, તુમ અધિક શીતળગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો૦ ૪

તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે વસિયો છું;
મહા મોહરાય કર ફસિયો છું. સુણો૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ સાહિબ ચિત્તમાં ધરીયો છે, તુમ આણા-ખડગ કર ગ્રહીઓ છે;
તો કાંઇક મુજથી ડરિયો છે. સુણો૦ ૬

જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો૦ ૭

(૮)

પુક્ખલવઇ વિજયે જ્યો રે, નયરી પુંડરીગિણી સાર;
શ્રી સીમંધર સાહિબા ! રે, રાય શ્રેયાંસકુમાર !
જિણંદરાય ! ઘરજો ધર્મસનેહ. ૧

મોટા નાના અંતરો રે, ગિરુઆ નવિ દાખંત;
શશિ દરિશણ સાયર વધે રે, કૈરવ વન વિકસંત. જિણંદ૦ ૨.

ઠામ કુઠામ નવિ લેખવે રે, જગ વરસંત જલધાર;
કર દોય કુસુમે વાસિયે રે, છાયા સવિ આધાર જિણંદ૦ ૩.

રાય ને રંક સરીખા ગણે રે, ઉદ્યોતે શશી સૂર;
ગંગાજળ તે બિહું તણાં રે, તાપ કરે સવિ દૂર જિણંદ૦ ૪

સરીખા સહુને તારવા રે, તિમ તુમે છો મહારાજ !
મુજશું અંતર કિમ કરો રે ! બાહ્ય ગ્રહ્યાની લાજ જિણંદ૦ ૫.

મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ;
મુજરો માને સવિ તણો રે, સાહિબ તેહ સુજાણ જિણંદ૦ ૬.

વૃષભ લંછન માતા સત્યકી રે, નંદન રૂક્મિણી કંત;
વાચકયશ એમ વિનવે રે, ભયભંજન ભગવંત જિણંદ૦ ૭.

(૯)

(રાગ-મેરે સાહિબ તુમહિ હો, પ્રભુ પાસ જિણંદા)
શ્રી સીમંધર વિનતિ, સુણ સાહિબ મેરા;
અહનિશ તુમ ધ્યાને રહું, મેં ફરજન તેરા. શ્રી સીમં. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવભક્તિ શું વંદના, કરૂં ઉઠી સવેરા;
ભવ દુઃખ સાગર તારીએ, જિમ હોય તુમ નેરા. શ્રી સીમં. ૨
અંતર રવિ જબ પ્રગટીયા, પ્રભુ તુમ ગુણ કેરા;
તવ હમ મન નિર્મલ ભયા, મિટ્યા મોહ અંધેરા. શ્રી સીમં. ૩
તારક તુમ વિણ અવર કો, કહો કવણ ભલેરા;
તે પ્રભુ હમકું દાખવો, કરૂં તાસ નિહોરા. શ્રી સીમં. ૪
નય નિતુ નેહે નિરખીએ, પ્રભુ અબકી વેરા,
બોધિબીજ મોહે દીજિએ, કહા કહું બહુ તેરા. શ્રી સીમં. ૫

(૧૦)

(રાગ- વીરજીનેશ્વર સાહિબમેરા)

સીમંધર સ્વામી, મુક્તિના ગામી, દીઠે પરમાનંદ,
પ્રભુ સુમતિ આપો, કુમતિ કાપો, ટાળો ભવભય ફંદ,
કર્મ અરિગણ દૂર કરીને, તોડો ભવતરૂ કંદ રે. સીમંધર૦ ૧

ચોત્રીશ અતિશય શોભતા રે, પાત્રીશ વાણી રસાળ,
અષ્ટ પ્રતિહાર્ય દીપતા રે, બેઠા પર્ષદા બાર રે. સીમંધર૦ ૨

મહાગોપ મહામાહણ કહીયે, નિર્યામક સત્થવાહ,
દોષ અઢારને દૂર કરીને, ભવજલ તારણ નાવ રે. સીમંધર૦ ૩

એકવાર દરિશન દીજીએ રે દાસની સુણી અરદાસ,
ગુણ અવગુણ નવિ લેખીયે રે, ગિરૂઆનો આધાર રે. સીમંધર૦ ૪

અગણિત શંકાએ હું ભર્યો રે, કોણ કરે તસ દૂર?
જ્ઞાની તમે તો દૂર રહ્યા રે, હું પડ્યો ભવકૂપ રે, સીમંધર૦ ૫

જો હોવે મુજ પાંખડી તો, આવત આપ હજુર,
એ લબ્ધિ મુજ સાંપડે રે, ન રહું તુમથી દૂર રે. સીમંધર૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસન ભક્ત જે સુરવરા રે, વિનવું શિશ નમાય,
શ્રી સીમંધરસ્વામીના, ચરણકમલ ભેટાડ રે. સીમંધર૦ ૭

ધન્ય મહાવિદેહના જીવને રે, સદા રહે પ્રભુ પાસ,
હું નિર્ભાગી ભરતે રહ્યો રે, શાં કીધાં મેં પાપ રે. સીમંધર૦ ૮

અરિહંત પદ સેવા થકી રે, દેવપાલાદિક સિદ્ધ,
હું પણ માંગુ એટલું રે, **સૌભાગ્ય** પદ સમ સિદ્ધ રે. સીમંધર૦ ૯

(૧૧)

આજ જિનરાજ ! મુજ કાજ સિધ્યાં સવે, વિનતિ માહરી ચિત્ત ધારી;
માર્ગ જો મેં લહ્યો તુજ કૃપારસ થકી, તો હુઇ સમ્પદા પ્રગટ સારી. ૧

વેગલો મત હુજે દેવ ! મુજ મન થકી, કમલના વન થકી જિમ પરાગો;
ચમક પાષાણ જિમ લોહને ખેંચશે, મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો. ૨

તું વસે જો પ્રભુ ! હર્ષભર હિયડલે, તો સકલ પાપના બંધ તૂટે;
ઉગતે ગગન સૂર્યતણે મણડલે, દહ દિશિ જિમ તિમિર પડલ ફૂટે. ૩

સીંચજે તું સદા વિપુલ કરુણારસે, મુજ મને શુદ્ધ મતિ કલ્પવેલી;
નાણ દંસણ કુસુમ ચરણવર મંજરી, મુક્તિ ફલ આપશે તે અકેલી. ૪

લોકસંજ્ઞા થકી લોક બહુ વાઉલો, રાઉલો દાસ તે સવિ ઉવેખે;
એક તુજ આણસું જેહ રાતા રહે, તેહને એહ નિજ મિત્ર દેખે. ૫

આણ જિનભાણ ! તુજ એક હું શિર ધરું, અવરની વાણી નવિ કાને સુણીએ;
સર્વ દર્શન તણું મૂલ તુજ શાસને, તેણે તે એક સુવિવેક થુણીએ. ૬

તુજ વચન રાગ સુખસાગરે હું ગણું, સકલ સુર મનુજ સુખ એક બિંદુ;
સાર કરજે સદા દેવ ! સેવક તણી તુ સુમતિ કમલિની વન દિણિંદુ. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનયોગે ઘરી તૃપ્તિ નવિ લીજિયે, ગાજિયેં એક તુજ વચનરાગે;
શક્તિ ઉલ્લાસ અધિકો હોશે તુજ થકી, તું સદા સચલ સુખહેતુ જાગે. ૮

(૧૨)

મનડું તે માહરૂં મોકલે, મારા વાલાજી રે;
સસહર સાથે સંદેશ, જઇને કહેજો મારા વાલાજી રે.
ભરતના ભક્તને તારવા, મા૦ એકવાર આવોને આ દેશ. જઇ૦ ૧

પ્રભુજી વસો પુષ્કલાવતી, મા૦ મહાવિદેહે ક્ષેત્ર મોઝાર. જઇ૦
પુરી રાજે પુંડરિગિણી, મા૦ જિહાં પ્રભુજીનો અવતાર. જઇ૦ ૨

શ્રીસીમંધર સાહિબા, મા૦ વિચરંતા વીતરાગ. જઇ૦
પડિબોહો બહું પ્રાણીને, મા૦ તેહનો પામે કુણ તાગ. જઇ૦ ૩

મન જાણે ઉડી મળું, મા૦ પણ પોતાને નહિ પાંખ. જઇ૦
ભગવંત તુમ જોવા ભણી, મા૦ અલજો ઘરે છે બેહુ આંખ. જઇ૦ ૪

દુર્ગમ મોટા ડુંગરા, મા૦ નદી નાળાંનો નહીં પાર. જઇ૦
ઘાટીની આંટી ઘણી, મા૦ અટવી પંથ અપાર. જઇ૦ ૫

કોડી સોનૈયે કાસીદું, મા૦ કરનારો નહિ કોય. જઇ૦
કાગળીયો કેમ મોકલું, મા૦ હોંશ તે નિત્ય નવલી હોય. જઇ૦ ૬

લખું જે જે લેખમાં, મા૦ લાખો ગમે અભિલાષ. જઇ૦
તમે લેજમાં તે લહો, મા૦ મુજ મન પુરે છે સાખ. જઇ૦ ૭

લોકાલોક સ્વરૂપના, મા૦ જગમાં તુમે છો જાણ. જઇ૦
જાણ આગે શું જણાવીએ, મા૦ આખર અમે અજાણ. જઇ૦ ૮

વાચક હિતની વિનતી, મા૦ સસહર કહો સંદેશ જઇ૦
માની લેજો માહરી, મા૦ વસતાં દૂર વિદેશ. જઇ૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૩)

સ્વામી સીમંધરા ! વિનતિ, સાંભળો માહરી દેવ ! રે;
તાહરી આણ હું શિર ધરું, આદરું તાહરી સેવ રે,
સ્વામી સીમંધરા ! વિનતિ. સ્વા૦ ૧

કુગુરુની વાસના પાસમાં, હરિણ પરે જે પડ્યા લોક રે;
તેહને શરણ તુજ વિણ નહીં, ટળવળે બાપડા ફોક રે. સ્વા૦ ૨

જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના, જે કરાવે કુલાચાર રે;
લુંટિયા તેણે જગ દેખતાં, કિહાં કરે લોક પોકાર રે; સ્વા૦ ૩

જેહ નવિ ભવ તર્યા નિરગુણી, તારશે કેણી પરે તેહ રે ?
ઇમ અજાણ્યા પડે ફંદમાં, પાપબંધે રહ્યા જેહ રે. સ્વા૦ ૪

કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે;
દોકડે કુગુરુ તે દાખવે, શું થયું એહ જગ શૂલ રે. સ્વા૦ ૫

અર્થની દેશના જે દીએ, ઓળવે ધર્મના ગ્રંથ રે;
પરમ પદનો પ્રગટ ચોર તે, તેહથી કિમ વહે પંથરે ? સ્વા૦ ૬

વિષયરસમાં ગૃહી માચિયા, નાચિયા કુગુરુ મદપુર રે;
ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે. સ્વા૦ ૭

કલહકારી કદાગ્રહ ભર્યા, થાપતા આપણા બોલ રે;
જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલ રે. સ્વા૦ ૮

કેઈ નિજ દોષને ગોપવા, રોપવા કેઈ મત કંદ રે;
ધર્મની દેશના પાલટે, સત્ય ભાષે નહિ મંદ રે. સ્વા૦ ૯

બહુ મુખે બોલ એમ સાંભળી, નવિ ધરે લોક વિશ્વાસ રે;
ઢુંઢતા ધર્મને તે થયા, ભ્રમર જિમ કમલની વાસ રે. સ્વા૦ ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૪)

કુમતિ ઇમ સકલ દૂરે કરી, ધારીએ ધર્મની રીત રે;
હારીએ નવિ પ્રભુ બળ થકી, પામીએ જગતમાં જીતરે;
સ્વામી સીમંધરા ! તું જ્યો ! સ્વા૦ ૧

ભાવ જાણો સકલ જંતુના, ભવ થકી દાસને રાખરે;
બોલિયા બોલ જે તે ગણું, સફળ જો છે તુજ સાખરે. સ્વા૦ ૨

એક છે રાગ તુજ ઉપરે, તેહ મુજ શિવતરુ કંદરે;
નવિ ગણું તુજ પરે અવરને, જો મિલે સુરનર વૃંદ રે. સ્વા૦ ૩

તુજ વિના મેં બહુ દુઃખ લહ્યા, તુજ મિલ્યે તે કેમ હોય રે ?
મેહ વિણ મોર માચે નહિ, મેહ દેખી માચે સોયરે. સ્વા૦ ૪

મન થકી મિલન મેં તુજ કીયો, ચરણ તુજ ભેટવા સાંઈ રે !
કીજીએ જતન જિન એ વિના, અવર ન વાંછીએ કાંઈ રે. સ્વા૦ ૫

તુજ-વચન -રાગ-સુખ-આગળે, નવિ ગણું સુરનર શર્મ રે;
કોડી જો કપટ કોઈ દાખવે, નવિ તજુ તોએ તુજ ધર્મ રે. સ્વા૦ ૬

તું મુજ હૃદયગિરિમાં વસે, સિંહ જો પરમ નિરીહ રે;
કુમત માતંગના જુથથી, તો પ્રભુ ! કિશી મુજ બીહ રે ? સ્વા૦ ૭

કોડી છે દાસ પ્રભુ ! તાહરે, માહરે દેવ તું એક રે;
કીજીએ સાર સેવક તણી, એ તુજ ઉચિત વિવેક રે. સ્વા૦ ૮

ભક્તિભાવે ઇસ્યું ભાખીએ, રાખીએ એહ મનમાંહી રે;
દાસના ભવદુઃખ વારીએ, તારીએ સો ગ્રહી બાંહી રે. સ્વા૦ ૯

બાલ જિમ તાત આગળ કહે, વિનવું હું તિમ તુજ રે;
ઉચિત જાણો તિમ આચરો, નવિ રહ્યું તુજ કિશ્યું ગુજ્ઝ રે. સ્વા૦ ૧૦

મુજ હોજો ચિત્ત શુભભાવથી, ભવોભવ તાહરી સેવ રે;
યાચીએ કોડી યતને કરી, એહ તુજ આગળે દેવ ! રે સ્વા૦ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ કળશ ॥

ઇમ સયલ સુખકર-દુરિત-ભયહર, વિમલ લક્ષણ ગુણ ઘરો;
પ્રભુ અજર અમર નરિંદ વંદિત, વિનવ્યો સીમંધરો,
નિજ નાદ તર્જિત મેઘ ગર્જિત, ધૈર્ય નર્જિત મંદરો;
શ્રી નયવિજય બુધ ચરણ સેવક, **જશવિજય** બુધ જય કરો.

(૧૫)

સાહેબ શ્રી સીમંધર સાહિબા ! તુમે પ્રભુ દેવાધિદેવ,;
સનમુખ જુઓને મ્હારા સાહિબા, સા૦ મન શુદ્ધે કરું તુમ સેવ,
એક વાર મળોને મ્હારા સાહિબા. ૧

સા૦ સુખ દુઃખ વાતો મ્હારે અતિ ઘણી, સા૦ કોણ આગળ કહું નાથ ?
સા૦ કેવલજ્ઞાની પ્રભુ જો મળે, સા૦ તો થાઉં હું રે સનાથ. ૨

સા૦ ભરતક્ષેત્રમાં હું અવતર્યો, સા૦ ઓછું એટલું પુન્ય;
સા૦ જ્ઞાની વિરહ પડ્યો આકરો, સા૦ જ્ઞાન રહ્યું અતિ ન્યૂન. ૩

સા૦ દશ દૃષ્ટાંતે દોહિલો, સા૦ ઉત્તમ કુળ સોભાગ;
સા૦ પામ્યો પણ હારી ગયો, સા૦ જેમ રત્ને ઉડાડ્યો કાગ. ૪

સા૦ ષટરસ ભોજન બહુ કર્યા, સા૦ તૃપ્તિ ન પામ્યો લગાર;
સા૦ હું રે અનાદિની ભૂલમાં, સા૦ રઝળ્યો ઘણો સંસાર. ૫

સા૦ સ્વજન કુટુંબ મળ્યા ઘણાં, સા૦ તેહને દુઃખે દુઃખી થાય;
સા૦ જીવ એક ને કર્મ જૂજુઆ, સા૦ તેહથી દુર્ગતિ જાય. ૬

સા૦ ધન મેળવવા હું ઘસમસ્યો, સા૦ તૃષ્ણાનો નાવ્યો પાર
સા૦ લોભે લટપટ બહુ કરી, સા૦ ન જોયો પાપ વ્યાપાર. ૭

સા૦ જેમ શુદ્ધાશુદ્ધ વસ્તુ છે, સા૦ રવિ કરે તેહ પ્રકાશ;
સા૦ તિમહી જ જ્ઞાની મલ્યે થકે, સા૦ તે તો આપે રે સમકિત વાસ. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સા૦ મેઘ વરસે છે વાડમાં, સા૦ વરસે છે ગામોગામ;
સા૦ ઠામ કુઠામ જુએ નહિ, સા૦ એહવાં મ્હોટાના કામ. ૯

સા૦ હું વસ્યો ભરતને છેડલે, સા૦ તુમે વસ્યા મહાવિદેહ મોઝાર;
સા૦ દૂર રહી કરૂં વંદના, સા૦ ભવ સમુદ્ર ઉતારો પાર. ૧૦

સા૦ તુમ પાસે દેવ ઘણા વસે, સા૦ એક મોકલજો મહારાજ;
સા૦ મુખનો સંદેશો સાંભળો, સા૦ તો સહેજે સરે મુજ કાજ. ૧૧

સા૦ હું તુમ પગની મોજડી, સા૦ હું તુમ દાસનો દાસ;
સા૦ જ્ઞાનવિમલસૂરિ એમ ભણે, સા૦ મને રાખો તમારી પાસ. ૧૨

(૧૬)

સ્વસ્તિ શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં, જીહાં રાજે તીર્થંકર વીશ,
તેને નમું શિશ, કાગળ લખું કોડથી. ૧

સ્વામી જઘન્ય તીર્થંકર વીશ છે, ઉત્કૃષ્ટા એકસો ને સીત્તેર,
તેમાં નહિ ફેર. કાગળ૦ ૨

સ્વામી બાર ગુણે કરી યુક્ત છો, અંગે લક્ષણ એક હજાર,
ઉપર આઠ સાર. કાગળ ૦ ૩

સ્વામી ચોત્રીશ અતિશય શોભતાં, વાણી પાંત્રીસ વચન રસાલ,
ગુણો તણી માલ. કાગળ૦ ૪

સ્વામી ગંધહસ્તી સમ ગાજતાં, ત્રણ લોક તણાં પ્રતિપાળ,
છો દીનદયાળ. કાગળ૦ ૫

સ્વામી કાયા સુકોમળ શોભતી, શોભે સુવર્ણ સોવન વાન,
કરૂં હું પ્રણામ. કાગળ૦ ૬

સ્વામી ગુણ અનંતા છે તાહરા, એક જીભે કહ્યા કેમ જાય ?
લખ્યા ન લખાય. કાગળ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભરતક્ષેત્રથી લીખીતંગ જાણજો, આપ દર્શન ઇચ્છુક દાસ,
રાખું તુમ આશ. કાગળ૦ ૮

મેં તો પૂર્વે પાપ કીધાં ઘણાં, જેથી આપ દર્શન રહ્યો દૂર,
ન પહોંચુ હજુર, કાગળ૦ ૯

મારા મનમાં સંદેહ અતિ ઘણાં, આપ વિના કહ્યા કેમ જાય ?
અંતર અકળાય. કાગળ૦ ૧૦

આડા પહાડ પર્વત ને ડુંગરા, તેથી નજર નાંખી નવ જાય,
દર્શન કેમ થાય ? કાગળ૦ ૧૧

સ્વામી કાગળ પણ પહોંચે નહિ, નવી પહોંચે સંદેશો સાંઇ,
હું તો રહ્યો આંહી. કાગળ૦ ૧૨

દેવે પાંખ દીધી હોત પીઠમાં, ઊડી આવું દેશાવર દૂર,
તો પહોંચું હજૂર. કાગળ૦ ૧૩

સ્વામી કેવળજ્ઞાને કરી દેખજો, મારા આતમના છો આધાર,
ઉતારો ભવપાર. કાગળ૦ ૧૪

ઓછું અધિકુંને વિપરીત જે લખ્યું, માફ કરજો જરૂર જિનરાજ,
લાગુ તુમ પાય. કાગળ૦ ૧૫

સંવત અઢાર ત્રેપનની સાલમાં, હરખે **હરખવિજય** ગુણગાય,
પ્રેમે પ્રણમું પાય. કાગળ૦ ૧૬

(૧૭)

(રાગ-સંભવ જિનવર વિનતિ)

શ્રી સીમંધર સાહિબા, સુણો સંપ્રતિ હો ભરતક્ષેત્રની વાત કે;
અરિહા કેવલી હો નહિ, કેહને કહીએ હો મનની અવદાત કે. ૧

ઝાઝું કહેતાં જુગતું નહિ, તુમ સોહે હો જગ કેવલાણ કે;
ભૂખ્યા ભોજન માગતાં, આપે ઉલટ હો અવસરના જાણ કે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહેશો તુમે જુગતા નથી, જુગતાને હો વળી તારે સાંઈ કે;
યોગ્ય જનનું કહેવું કિશ્યું, ભાવ હીનને હો તારો ગ્રહી બાહ્ય કે. ૩

થોડું હી અવસરે આપીએ, ઘણાની હો પ્રભુ છે પછી વાત કે;
પગલે પગલે પાર પામીએ, પછી લહીએ હો સઘલા અવદાત કે. ૪

વહેલું મોડું તુમ આપશો, બીજાનો હું ન કરૂં સંગ કે;
શ્રી 'ધીરવિમલ' ગુરુ શિષ્યનો, રાખી જે હો પ્રભુ અવિચલ રંગ કે. ૫

(૧૮)

(રાગ-જગજીવન જગવાલહો)

શ્રી સીમંધર સાહિબા, હું કેમ આવું તુમ પાસ; હો મુણીંદ;
દૂર વચ્ચે અંતર ઘણો, મને મળવાની ઘણી આશ હો. મુ.શ્રી. ૧

હું તો ભરતને છેડલે કાંઈ, પ્રભુજી વિદેહ મોજાર; હો. મુ.
ડુંગર વચ્ચે દરિયા ઘણા, કાંઈ કોશ તો કેઇ હજાર. હો.મુ.શ્રી. ૨

પ્રભુ દેતા હશે દેશના, કાંઈ સાંભળે તિહાંના લોક; હો. મુ.
ધન્ય તે ગ્રામ નગરપુરી, જિહાં વસે પુણ્યવંત લોક હો.મુ.શ્રી. ૩

ધન્ય તે શ્રાવક શ્રાવિકા, જે નિરખે તુમ મુખચંદ; હો.મુ.
પણ એ મનોરથ અમ તણો, કાંઈ ફળશે ભાગ્ય અમંદ. હો. મુ.શ્રી. ૪

વર્તારો વર્તી જુઓ કાંઈ, જોષીએ માંડ્યા લગ્ન; હો મુ.
ક્યારે સીમંધર ભેટશું, મને લાગી એહ લગન. હો મુ.શ્રી. ૫

પણ જોષી નહિ એહવો, જે ભાંજે મનની ભ્રાંત; હો મુ.
પણ અનુભવ મિત્રકૃપા કરે, તુમ મળવો તિણે એકાંત. હો.મુ.શ્રી. ૬

વીતરાગ ભાવે સહી તુમ, વર્તો છો જગનાથ; હો મુ.
મેં જાણ્યું, તુમ કેણથી, હું થયો સ્વામી સનાથ. હો મુ.શ્રી. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુષ્કલાવતી વિજયેવસો, કાંઈ નયરી પુંડરીકિણી સાર; હો.મુ.
સત્યકી નંદન વંદના, અવધારો ગુણ ધામ. હો. મુ.શ્રી. ૮

શ્રી શ્રેયાંસનૃપ કુળચંદલો, રૂક્ષ્મણી રાણીનો કંત; હો મુ.
વાચક **રામવિજય** કહે તુમ ધ્યાને હોજો મુજ ચિત્ત. હો.મુ.શ્રી. ૯

વીશ વિહરમાન તીર્થંકરનું સ્તવન

(૧૯)

સીમંધર, યુગમંધર બાહુ, ચોથા સ્વામી સુબાહુ,
જંબૂદ્વીપ વિદેહે વિચરે, કેળલ કમલા નાહો; રે ભવિકા !
વિહરમાન જિન વંદો, આતમ પાપ નિકંદોરે. ભવિકા૦ ૧

સુજાત, સ્વયંપ્રભ, ઋષભાનન, અનંતવીરય ચિત્ત ધરિયે;
સુરપ્રભ, સુવિશાળ, વજંધર, ચંદ્રાનન ધાતકીયે રે. ભવિકા૦ ૨

ચંદ્રબાહુ, ભુજંગ ને ઇશ્વર, નેમિનાથ, વીરસેન,
દેવજશા, ચંદ્રજશા, અજિતવીર્ય, પુષ્કરદ્વીપ પ્રસન્ન રે. ભવિકા૦ ૩

આઠમી-નવમી-ચોવીશ-પચવીશમી, વિદેહ વિજય જયવંતા;
દશલાખ કેવળી સો ક્રોડ સાધુ, પરિવારે ગહગહંતા રે. ભવિકા૦ ૪

ધનુષ પાંચસે ઉંચી સોહે, સોવન વરણી કાયા;
દોષ રહિત સુર મહિત મહીતળ, વિચરે પાવન પાયા રે. ભવિકા૦ ૫

ચોરાશી લાખ પૂરવ જિન જીવિત, ચોત્રીશ આતિશયધારી;
સમવસરણ બેઠા પરમેશ્વર, પડિબોહે નરનારી રે. ભવિકા૦ ૬

ખિમાવિજય **જિન** કરૂણાસાગર, આપ તર્યા પર તારે;
ધર્મ નાયક શિવમારગ દાયક, જન્મ જરા દુઃખ વારે રે. ભવિકા૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનંતવીર્ય જિનનું સ્તવન

(૨૦)

અનંતવિરજ અરિહંત ! સુણો મુજ વિનતિ અવસર પામી આજ કહું જે દિલ છતી;
આતમસત્તા હારી સંસારે હું ભમ્યો, મિથ્યા અવિરતિ રંગ કષાયે બહુ દમ્યો. ૧

કોધ દાવાનલ દગ્ધ માનવિષધર ડસ્યો, માયાજાલે બદ્ધ લોભ અજગર ગ્રસ્યો;
મન વચ કાયાના યોગ ચપળ થયા પરવશા, પુદ્ગલ પરિચય પાપતણી અહનિશિ દશા. ૨

કામરાગે અણનાથ્યા સાંઢ પરે ધસ્યો, સ્નેહરાગની રાચે ભવપિંજર વસ્યો;
દૃષ્ટિરાગરુચિ કાચપાય સમકિત ગણું, આગમરીતે નાથ ! ન નિરખું નિજપણું., ૩

ધર્મ દેખાડું માંડ, ભાંડ પરે અતિ લવું, 'અયરે અયરે રામ' શુક પરે જપું;
કપટપટું નટુવા પરે મુનિમુદ્રા ધરું, પંચવિષય સુખપોષ સદોષવૃત્તિ ભરું. ૪

એક દિનમાં નવ વાર 'કરેમિ ભંતે' કરું, ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ ક્ષણ એક નવિ ઠરું;
મા-સાહસ ખગ રીતિ નીતિ ઘણી કહું, ઉત્તમ કુલવટ વાટ ન તે પણ નિરવહું. ૫

દીનદયાળ ! કૃપાળ ! પ્રભુ ! મહારાજ ! છો, જાણ આગળ શું કહેવું ? ગરીબનિવાજ છો;
પૂરવ ઘાતકી ખંડ નલિની વિજયાવતી, નયરી અયોધ્યા નાયક, લાયક યતિપતિ. ૬

મેઘમહીપ મંગલાવતી સુત વિજયાવતી, આનંદન ગજલંછન જગ જન તારતિ;
ક્ષમાવિજય જિનરાજ ! અપાય નિવારજો, વિહરમાન ભગવાન ! સુનજરે તારજો. ૭

શ્રી સામાન્ય જિન સ્તવનો- ૨૬

(૧)

જિન તેરે ચરણ કી શરણ ગ્રહું...
હૃદયકમલ મે ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહુ. જિન૦ ૧
તુમ સમ ખોળ્યો દેવ ખલકમેં, પેખ્યો નહી કબહું. જિન૦ ૨
તેરે ગુણ કી જપું જપમાલા, અહનિશ પાપ દહું. જિન૦ ૩
મેરે મનકી તુમ સબ જાનો, ક્યાં મુખ બહોત કહું. જિન૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહે જસવિજય કરો ત્યું સાહિબ, જ્યું ભવદુઃખ ન લહું. જિન૦ ૫

(૨)

ક્યું કર ભક્તિ કરું, પ્રભુ તેરી...
ક્રોધ લોભ મદ માન વિષય રસ, છાંડત ગેલ ન મેરી. ૧
કર્મ નચાવે તિમહિ નાચત, માયા વશ નટ ચેરી. ૨
દૃષ્ટિરાગ દૃઢ બંધન બાંધ્યો, નિકસન ન લહુ શેરી. ૩
કરત પ્રશંસા સબ મિલ અપની, પરનિંદા અધિકેરી. ૪
કહત માન જિન ભાવ ભગતિ બિન, શિવગતિ હોત ન મેરી. ૫

(૩)

જિણંદા પ્યારા, મુણિંદા પ્યારા, દેખો રે જિણંદા ભગવાન,
દેખો રે જિણંદા પ્યારા...
સુંદર રૂપ સ્વરૂપ વિરાજે, જગનાયક ભગવાન...૧
દરસ સરસ નિરખ્યો જિનજીકો, દાયક ચતુર સુજાણ...૨
શોક સંતાપ મિટ્યો અબ મેરો, પાયો અવિચલ ભાણ...૩
સફલ ભઈ મેરી આજકી ઘડીયાં, સફલ ભયે નિજ પ્રાણ... ૪
દરિસણ દેખત મિટ્યો દુઃખ મેરો, આનંદઘન અવતાર... ૫

(૪)

બેર બેર નહિ આવે, અવસર બેર બેર નહિ આવે.
જ્યું જાણે ત્યું કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે. અવ૦ ૧
તન ધન જોબન સબહી જુઠો, પ્રાણ પલકમેં જાવે. અવ૦ ૨
તન છૂટે ધન કૌન કામકો, કાહેકું કૃપણ કહાવે. અવ૦ 3
જાકે દિલમેં સાચ બસત હૈ, તાકું જૂઠ ન ભાવે. અવ૦ ૪
આનંદઘન પ્રભુ ચલત પંથમે, સમર સમર ગુણ ગાવે. અવ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫)

પ્રગટ્યો પૂરણ રાગ મેરે પ્રભુશું, પ્રગટ્યો પૂરણ રાગ;
જિન ગુણચંદ્ર કિરણશું ઉમટ્યો, સહજ સમુદ્ર અથાગ. પ્રભુ... ૧

ધ્યાતા ધ્યેય ભયે દોઉ એકહું, મિટ્યો ભેદકો ભાગ...
કુલ વિદારી છલે જબ સરિતા, તબ નહિ રહત તડાગ. પ્રભુ.. ૨

પૂરણ મન સબ પૂરણ દિસે, નહિ દુવિધાકો લાગ...
પાઉ ચલત પનહિ જો પહેરે, તસ નહિં કંટક લાગ. પ્રભુ... ૩

ભયો પ્રેમ લોકોત્તર જુઠો, લોક બંધ કો ત્યાગ...
કહો કોઉ કુછ હમ નવિ રૂચે, છુટી એક વીતરાગ. પ્રભુ... ૪

વાસિત હે જિન ગુણ મુજ દિલકું, જૈસો સુરતરૂ બાગ...
ઔર વાસના લગે ન તાકું. જસ કહે તું બડભાગ. પ્રભુ.. ૫

(૬)

આજ મારા પ્રભુજી સામું જુઓને, સેવક કહીને બોલાવો રે;
એટલે હું મનગમતું પામ્યો, રૂઠડાં બાલ મનાવો. મોરા સાંઈરે. આજ૦ ૧

પતિત પાવન શરણાગત વત્સલ, એ જશ જગમાં ચાવો રે;
મન રે મનાવ્યા વિણ નવિ મૂકું, એહિ જ મારો દાવો. મોરા૦ આજ૦ ૨

કબજે આવ્યાં હવે નહિ મુકું, જિહાં લગે તુમ સમ થાવું રે;
જો તુમ ધ્યાન વિના શિવ લહીએ, તો તે દાવ બતાવો. મોરા આજ૦ ૩

મહાગોપ ને મહાનિર્યામક, ધણિ પરે બિરૂદ ધરાવો રે;
તો શું આશ્રિતને ઉદ્ધરતાં, બહુ બહું શું કહાવો. મોરા૦ આજ૦ ૪

જ્ઞાનવિમલ ગુરુનો નિધિ મહિમા, મંગલ એહિ વધાવો રે;
અચલ અભેદપણે અવલંબી, અહનિશ એહિ દિલ ધ્યાવો. મોરા૦ આજ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૭)

મન મોહ્યું પ્રભુ ગુણ ગાનમાં.....
કાલ અનંત ન જાણ્યો જોતાં, મોહ સુરાકે પાનમાં... ૧

એકેન્દ્રિ બિતિ ચઉરિન્દ્રિમાં, કાળ ગયો અજ્ઞાનમાં,
હવે કોઈક પુણ્યોદય પ્રગટ્યો, આવી મિલ્યો પ્રભુ થાનમાં....૨

અંતર ભરમ ગયો સવિ દૂરે, તત્વ સુધારસ પાનમાં,
પ્રભુ તુમ દૃષ્ટિ ભઈ મોહે ઉપર, અંતર આતમ સાનમાં....૩

દરસ સરસ દેખ્યો જિનજીકો, લગન લાગી તારે જ્ઞાનમાં,
કેવલ કમલા કંત કૃપાનિધિ, ઔર ન દેખ્યો જહાનમાં....૪

અશરણ શરણ જગત ઉપકારી પરમાતમ શુચિ વાનમાં,
"રામ" કહે તુજ આણ ભવોભવ, ધારી નય પરમાણમાં....૫

(૮)

આનંદકી ઘડી આઈ, સખીરી આજ આનંદકી ઘડી આઈ.
કરકે કૃપા પ્રભુ દરિશન દિનો, ભવકી પીડ મીટાઈ,
મોહ નિદ્રાસે જાગ્રત કરકે, સત્ય કી સાન સુણાઈ,
તનમન હર્ષ ન માઈ... સખીરી ૧.

નિત્યાનિત્યકા તોડ બતાકર, મિથ્યાદૃષ્ટિ હરાઈ,
સમ્યગ્જ્ઞાનકી દિવ્ય પ્રભાકો અંતરમેં પ્રગટાઈ,
સાધ્ય સાધન દિખલાઈ... સખીરી ૨

ત્યાગ વૈરાગ્ય સંયમ કે યોગ સે, નિઃસ્પૃહ ભાવ જગાઈ,
સર્વસંગ પરિત્યાગ કરાકર, અલખ ધૂન મચાઈ,
અપગત દુઃખ કહલાઈ... સખીરી ૩

અપૂર્વકરણ ગુણસ્થાનક સુખકર, શ્રેણી ક્ષપક મંડવાઈ,
વેદ તિનોકા છેદ કરાકર, ક્ષીણ મોહી બનવાઈ,
જીવન મુક્તિ દિલાઈ... સખીરી ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભક્ત વત્સલ પ્રભુ કરૂણા સાગર, ચરણ શરણ સુખદાઈ,
જશ કહે ધ્યાન પ્રભુ કા ધ્યાવત, અજર અમર પદ પાઈ,
દ્વંદ સકલ મિટ જાઈ... સખીરી ૫

(૯)

સકલ સમતા સુરલતાનો, તુંહિ અનુપમ કંદ રે,
તુંહી કૂપારસ કનકકુંભો, તુંહિ જિણંદ મુણીંદ રે. પ્રભુ૦ ૧

પ્રભુ તુંહિ તુંહિ, તુંહિ તુંહિ, ચુંહિ ધરતા ધ્યાન રે;
તુજ સ્વરૂપી જે થયા તેણે, લહ્યું તાહરૂં તાન રે. પ્રભુ૦ ૨

તુંહિ અળગો ભવથકી પણ, ભવિક તાહરે નામ રે;
પાર ભવનો તેહ પામે, એહિ અચરિજ ઠામ રે. પ્રભુ૦ ૩

જન્મ પાવન આજ મારો, નિરખીયો તુજ નૂર રે;
ભવોભવ અનુમોદના જે, હુઓ આપ હજૂર રે. પ્રભુ૦ ૪

એહ મારો અક્ષય આતમ, અસંખ્યાત પ્રદેશ રે;
તાહરા ગુણ છે અનંતા, કિમ કરૂં તાસ નિવેશ રે ? પ્રભુ૦ ૫

એક એક પ્રદેશ તારે ગુણ અનંતનો વાસ રે;
એમ કરી તુજ સહજ મિલત હોવે જ્ઞાન પ્રકાશ રે. પ્રભુ૦ ૬

ધ્યાન ધ્યાતા ધ્યેય એકી, ભાવ હોયે એમ રે;
એમ કરતાં સેવ્ય સેવક, ભાવ હોયે ક્ષેમ રે. પ્રભુ૦ ૭

(શુદ્ધ)એક સેવા તાહરી જો, હોય અચલ સ્વભાવ રે;
જ્ઞાનવિમલ સૂરીંદ પ્રભુતા હોય સુજસ જમાવ રે. પ્રભુ૦ ૮

(૧૦)

(રાગ - માયા નથી મૂકાતી)

તું પ્રભુ મેરા મૈં પ્રભુ તેરા, ખાસી ખીજમતગારી રે;
પ્રીત બની અબ જિનજી તોશું, જૈસે મીન ને વારિ રે. તુ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[1]ભોર ભયો સમકિત રવિ ઉગ્યો, મીટ ગઈ [2]રયણી અટારી રે;
મિથ્યા [3]તામસ દૂર થયું સવી, વિકસે પંકજ વારિ રે તું૦ ૨

દ્વાર તુમારે આન ખડાહે, સેવક જે નરનારી રે;
દરસન દેજે દેવ દાસ કું, જાઉં તુમને બલિહારી રે તું૦ ૩

પર ઉપકારી જગહિતકારી, દાન અભય દાતારી રે;
મહેર કરી મોહે પ્રભુ દીજે, ક્ષાયિક ગુણ ભંડારી રે તું૦ ૪

દીઠી અતિ મીઠી અમીરસ સમ, સુરત તુમ બહુ પ્યારી રે;
ઋદ્ધિ કહે કવિ રૂપવિજયનો, ભવોભવ તુંહી આધારી રે તું૦ ૫

૧ સવાર ૨ રાત્રી ૩ અંધારું

(૧૧)

જિનરાજ હમારે દિલ વસ્યા કિમ વસ્યા, કિમ વસ્યા કિમ વસ્યા
જ્યું ઘન મોર ચકોર કિશોરને, ચંદ્રકલા જેમ મન વસ્યા. જિ૦ ૧

વીતરાગ તુમ મુદ્રા આગે, અવર દેવ કહીએ કિશ્યા;
રાગી દ્વેષી કામી ક્રોધી, જે હોય તે તેહોની શી દશા. જિ૦ ૨

આધિ વ્યાધિ ભવની ભ્રમણા, અમથી તે સઘલા નશ્યા;
જેણે તુમ સેવ લહીને છોડી, તેણે મધુમશ પરે કર ઘસ્યા. જિ૦ ૩

મોહાદિક અરિયણ ગયા દૂરે, આપ ભયથી તે ખસ્યા;
તાલી દેઇ સયણ સદાગમ, પ્રમુખા તે સવિ મન વસ્યા. જિ૦ ૪

પ્રભુ તુમ શાસન આગે અવરના, મત ભાસિત ફિક્કા જિસ્યા;
આજ અમારે એહ શરીરે, હરખ રોમાંચિત ઉલ્લસ્યા. જિ૦ ૫

મિથ્યામત ઉરગે બહુ પ્રાણી, જે હઠ વિષ ફરસે ડશ્યા;
તે હવે **જ્ઞાનવિમલ** પ્રભુ પામી, સરસ સુધારસ મેં લહ્યા. જિ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૨)

(રાગ-ઓઘો છે અણમુલો)

મનમાં આવજો રે નાથ ! હુ થયો આજ સનાથ;
જય જિનેશ નિરંજણો ભંજણો ભવદુઃખરાશ,
રંજણો સવિ ભવિચિત્તાનો, મંજણો પાપનો નાશ. મનમાં૦ ૧

આદિ બ્રહ્મ તુ અનુપમ અબ્રહ્મ કીધાં દૂર;
ભવભ્રમ સવિ ભાંજી ગયા, તુંહિ ચિદાનંદ સનૂર. મનમાં૦ ૨

વીતરાગ ભાવ ન આવહી, જિહાં લગી મુજને દેવ;
તિહાં લગે તુમ પદ કમલની, સેવના રહેજો એ ટેવ. મનમાં૦ ૩

યદ્યપિ તુમે અતુલબલી, યશવાદ એમ કહેવાય;
પણ કબજે આવ્યા મુજ મને, તે સહજથી ન જવાય. મનમાં૦ ૪

મન મનાવ્યા વિણ માહરૂં,કેમ બંધનથી છુટાય ?;
મનવંછિત દેતાં થકાં કાંઈ, પાલવડો ન ઝલાય. મનમાં૦ ૫

હઠ બાલનો હોય આકરો, તે લહો છો જિનરાજ;
ઝાઝું કહાવ્યે શું હોવે, ગિરૂઆ ! ગરીબ નિવાજ. મનમાં૦ ૬

જ્ઞાનવિમલ ગુણથી લહો, સવિ ભવિક મનના ભાવ;
તો અક્ષય સુખલીલા દિયો, જિમ હોવે સુજસ જમાવ. મનમાં૦ ૭

(૧૩)

દરિશનકી અભિલાષી પ્રભુજી તેરે દરિ૦...
સદા લગે મુજ પ્યારી પ્રભુજી૦

તીન ભુવનમેં ફીરકર આયો, કર્મે હવે તેરા ભાસ... ૧
તુમ સરીખા નહીં દેવ અનેરા, સમજી આવે તેરી પાસ,
શાંત સુધારસ ભવિજન પીકે, સફલ કરે નિજ આશ.. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુણ ગણતા કેઈ પાર ન આવે, આતમ ગુણ કહેવાય,
અનેક લક્ષણે શોભિત કાયા, દેખી જગત હરખાય... ૩

મોહ સુભટકા રાજય વિખેરી, ખુલ ગયા જ્ઞાનપ્રકાશ,
ભવ્ય મનુષ્ય કો શિવપંથ જોડી, મુક્તિપુરી લીયા વાસ... ૪

ધર્મધોરી જિનરાજ કી ભક્તિ, આપે અક્ષય સુખ સાર,
આળસ મૂકી જિનપદ ધ્યાવે, ઉતરે ભવજલ પાર... ૫

દોષરહિત અરિહંતને જાણી, દિલભરની મીટ જાય,
પ્રેમ ધરી પ્રભુ ચરણે નમીને, **માનવિજય** ખુશ થાય... ૬

(૧૪)

જિણંદા ! વ્હે દિન કયું ન સંભારે.....
સાહિબ તુમ અમ સમય અનંતો, ઇકઠા ઇણ સંસારે. જિ૦ ૧

આપ અજર અમર હોઈ બેઠે, સેવક કરીયે કિનારે;
મોટા જેહ કરે તે છાજે, તિહાં કુણ તુમને વારે ? જિ૦ ૨

ત્રિભુવન ઠકુરાઈ અબ પાઈ, કહો તુમ હો કુણ સારે;
આપ ઉદાસ ભાવમેં આયે, દાસકુ કયું ન સુધારે ? જિ૦ ૩

તુંહિ તુંહિ તુંહિ તુંહિ, તુંહિ જે ચિત્ત ધારે;
યાહિ હેતુ જે આપ સ્વભાવે, ભવજલ પાર ઉતારે. જિ૦ ૪

જ્ઞાનવિમલ ગુણ પરમાનંદે, સકલ સમીહિત સારે;
બાહા અભ્યંતર ઇતિ ઉપદ્રવ, અરિયણ દૂર નિવારે. જિ૦ ૫

(૧૫)

કામ સુભટ ગયો હારી રે થાશું, કામ સુભટ ગયો હારી.
રતિપતિ આણ વહે સહુ સુરનર, હરિહર બ્રમ્હમુરારી રે થાશું...૧
ગોપીનાથ વિગોપીત કીનો, હર અર્ધાંગત નારી રે થાશું...૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેહ અનંગ કિયો ચકચૂરણ, એ અતિશય તુજ ભારી રે થાશું...૩
તે સાયુ જિમ નીર પ્રભાવે, અગ્નિ હોત સવિ છારી રે થાશું...૪
પણ વડવાનલ પ્રબલ જબ પ્રગટે. તબ પીબત સવિ વારી રે થાશું... ૫
એણી પેરે તેં અતિ દહવટ કીનો, વિષય અરતિ-રતિ વારી રે થાશું...૬
નયવિમલ પ્રભુ તું હિ નીરાગી, મ્હોટો મહા બ્રહ્મચારી રે થાશું...૭

(૧૬)

(અર્વાચિન હોવાની સંભાવના છે)

મારી નાવલડી મઝધાર, તારો પ્રભુ એક જ છે આધાર,
શાસન પામી તાહરૂં રે, ચિન્તા નહિ તલભાર,
પૂરવના કોઈ અદળક પુન્યે, દીઠો તુમ દેદાર. તારો૦ ૧

કાળ અનાદિની અંતરની, પ્રભુ વાત સુણાવું હું નાથ,
કૃપા કરીને તું સાંભળજે, નથી બીજો સાંભળનાર તારો૦ ૨

દેવ નરકને મનુષ્ય-તિર્યંચમાં, દુઃખ સહ્યાં વારંવાર,
વિષય કષાયમાં મસ્ત બનીને, ફૂલ્યો હું ફૂલણહાર. તારો૦ ૩

વાણી વિલાસો ને વિષય વિકારો, કાયા કુડુ કરનાર,
ઇન્દ્રિયોની પ્રભુ વાસના ભૂંડી, લપટાણો તારણહાર. તારો૦ ૪

ક્રોધ કરીને માની બનીને, કપટ કીધા બહુવાર,
સહુથી ભૂંડો લોભ ચંડાલ જે, પાપો કરાવે અપાર. તારો૦ ૫

તું વિતરાગી ને હું અનુરાગી, ભક્તિ કરું ભારોભાર,
ભ્રમર ઇલિકા ન્યાયે પ્રભુજી, થઇશું તુમ સમ નાથ. તારો૦ ૬

શાન્ત મુદ્રા તારી મુખની સુંદર, અખીયન છે અવિકાર,
સવિકારી અમે આવ્યા શરણે, તાર તાર મુજ તાર. તારો૦ ૭

મનમોહન પ્રભુ અરજ અમારી, સુણજો ને આ વાર,
'**સુયશ**' માગે સેવા તુમારી, તરવા ભવજલ પાર. તારો૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૭)

શ્રી જિનરાજ જગત હિતકારી, મૂર્તિ મોહનગારી રે,
સકલકલાપૂરણ શશીની પરે, હું જાઉં બલિહારી રે...૧

દેહ સુગંધી રૂપ અનુપમ, અનુત્તર સુર છબી હારી રે,
કમળસુગંધી શ્વાસ મનોહર, દ્રષ્ટિ સુધારસ કયારી રે...૨

તિન લોકમાં જાસ ન ઉપમા, જગદોત્તમ જયકારી રે,
યૌવને ઇન્દ્રિય જયો થીર આસન, તત્વરૂચી સૂચી ધારી રે... ૩

ભોગ કરમ ને રોગ તણી પરે, ભોગવે રાગ નિવારી રે,
પરવાલા પરે બાહ્યરંગ ધરે, પણ અંતર અવિકારી રે ...૪

હવે જગદીશ્વર દીક્ષા અવસર, જુએ અવધિ સંભારી રે,
નવ લોકાંતિક સુર તિહાં આવી, કરે વિનંતિ મનોહારી રે ...૫

જય જગદીશ્વર જગદાનંદન, ધર્મ તીરથ વિસ્તારી રે,
મોક્ષમારગ સુખસાગર માંહી, ઝીલાવો નરનારી રે ...૬

ધર્મપ્રભાવના કારણ જગગુરૂ, અનુકંપા દિલધારી રે,
વરસીદાન દીયે જગદીશ્વર, દારિદ્રયરોગ નિવારી રે ...૭

શ્રી જિન હાથે દાન ગ્રહે જે, ભવ્ય તેહ નરનારી રે,
પ્રભુ કર પદ્મ ધરે જસ ઉપર, તે ચિદ્રુપના ધારી રે ...૮

(૧૮)

શ્રુતજ્ઞાનાવરણી તણો, તું પ્રભુ તારણહાર !!!
ક્ષણમેં શ્રુતકેવલી કર્યા, દેઈ ત્રિપદી ગણધાર !!!
ધન ધન શ્રી અરિહંતને રે, જેણે ઓળખાવ્યો લોક સલુણા...
તે પ્રભુની પૂજા વિના રે, જનમ ગુમાવ્યો ફોક સલુણા... ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ જેમ અરિહા સેવીયે રે, તેમ તેમ પ્રગટે જ્ઞાન સલુણા...
જ્ઞાનીના બહુમાનથી રે, જ્ઞાન તણા બહુમાન સલુણા... ૨

જ્ઞાન વિના આડંબરી રે, પામે જેમ અપમાન સલુણા...
કપટક્રિયા જનરંજની રે, મૌનવૃત્તિ બગધ્યાન સલુણા... ૩

મત્સરી ખરમુખ ઉજ્વલે રે, કરતા ઉગ્ર વિહાર સલુણા...
પાપશ્રમણ કરી દાખીયા રે, ઉત્તરાધ્યયન મોઝાર સલુણા... ૪

જ્ઞાન વિના મુક્તિ નહીં રે, કિરિયા જ્ઞાનીને પાસ સલુણા...
શ્રી શુભવીરની વાણીએ રે, શીવકમળા ઘરવાસ સલુણા... ૫

(૧૯)

વિનતી કૈસે કરૂં સાંઈ મોરા.. વિનતી કૈસે કરૂં...
ભક્તિમાર્ગ છે દોહીલડો, કિમ મન સ્થિર કરૂં... વિનતી. ૧
કાલ અનાદિ વહ્યો મેરો તુમ વિણ, ભવવન માંહે ફીરૂં... વિનતી. ૨
અબ તો ત્રિભુવન નાયક પેખ્યો, હરખે પાય પડું... વિનતી. ૩
ક્યું કરી મળશો તેહ તો બતાવો, અવળો નહિ જગરૂં... વિનતી. ૪
દરિશન પીડ હૈ ચરણ તુમન કો, પરિચય તાસ કરૂં... વિનતી. ૫
જ્ઞાનવિમલ ગુણગણ મોતનકો, કંઠ સે હાર ધરૂં... વિનતી. ૬
તેરે અનુભવ ચરણ વહાણસેં, ભવજલ રાશિ તરૂં... વિનતી. ૭

(૨૦)

(રાગ- મુજ પાપીને તું તાર...)

મુજને ચિત્તમાં અવધાર હો પ્રભુજી ! મુજને ચિત્તમાં અવધાર
વિલંબ કિશ્યો છે અનંત શક્તિને, બાહ્ય ગ્રહીને મને તાર;
હો પ્રભુજી૦ ...૧

એ નિર્દંભી દાસ છે આપનો, સ્વયંમુખે એમ કહી ભાખ;
માહરે એક તું હી પણ તુજને, મુજ સરિખા કેઈ લાખ ...૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ દરિશન અનુભવ અમૃતરસ, સરસ સુધારસ ચાખી;
એહ મધુર આગે અધિક ન કાંઈ, દ્રાક્ષ સુધારસ સાખી ...૩

કઠિન કર્મના મર્મથી તાર્યા, સહેજે સુગુણ નરનાર;
અમ સરીખા કહો કેમ વિસાર્યા, કીધા ના ભવથી પાર. ...૪

મહરે ના કરો તો મૈત્રી ન રહે, નહિ અનાભોગ આચાર;
દોષ અમારા ચિત્ત વિસાર્યા, તુમે તો નિષ્કારણ ઉપગાર. ...૫

ત્રિકરણ યોગે ત્રિગુણ અભેદે, તુમ આણા જિહાં હોય;
જ્ઞાનવિમલ ગુણ ઉદય અહોનિશ, અંતર ભાવન હોય ...૬

(૨૧)

વિનતડી મન મોહન મારી સાંભળો, હું છું પામર પ્રાણી નિપટ અબુઝ જો;
લાંબુ ટુંકું હું કાંઈ જાણું નહિ, ત્રિભુવન નાયક તાહરા ઘરનું ગુજ્ઝ જો. વિ૦ ૧.

પહેલા છેલ્લા ગુણઠાણાનો આંતરો, તુજ મુજ માંહે આબેહુબ દેખાય જો;
અંતર મેરૂ સરસવ બિંદુ સિંધુનો, શી રીતે હવે ઉભય સંઘ સંધાય જો. વિ૦ ૨

દોષ અટારે પાપ અટારે તેં તજ્યા, ભાવ દશાપણ દૂરે કીધી અટાર જો;
સઘળા દુર્ગુણ પ્રભુજી મેં અંગી કર્યા, શી રીતે હવે થાઉ એકાકાર જો. વિ૦ ૩.

ત્રાસ વિના પણ આણા માને તાહરી, જડ ચેતન જે લોકાલોક મંડાણ જો;
હું અપરાધી તુજ આણા માનું નહિ, કહો સ્વામિ કિમ પામું પદ નિર્વાણ જો. વિ૦ ૪

અંતરમુખની વાતો વિસ્તારી કરું, પણ ભીતરમાં કોરો આપો આપ જો;
ભાવ વિનાની ભક્તિ લુખી નાથજી, આશિષ આપો કાપો સઘળા પાપ જો. વિ૦ ૫

યાદૃશ આણા સુક્ષ્મતર પ્રભુ તાહરી, તાદૃશ રૂપે મુજથી કદી ન પળાય જો;
વાત વિચારી ચિન્તા મનમાં મોટકી, કોઈ બતાવો સ્વામિ સરળ ઉપાય જો. વિ૦ ૬

અતિશય ધારી ઉપકારી પ્રભુ તું મળ્યો, મુજ મન માંહે પૂરો છે વિશ્વાસ જો;
ધર્મરત્ન ત્રણ નિર્મલરત્ન આપજો, કરજો આતમ પરમાતમ પ્રકાશ જો. વિ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૨)

જીવ જીવન પ્રભુ મ્હારા, અબોલડાં શાનાં લીધાં છે રાજ;
તમે અમારા અમે તમારા, વાસ નિગોદમાં રહેતા. અબોલડાં. ૧

કાલ અનંત સનેહી પ્યારા, કદીય ન અંતર કરતા;
બાદર સ્થાવરમાં બેહુ આપણ, કાલ અસંખ્ય નિગમતા. અબો૦ ૨

વિકલેન્દ્રિયમાં કાલ સંખ્યાતા, વિસર્યા નવિ વિસરતા;
નરકસ્થાને રહ્યા બેહુ સાથે, તિહાં પણ બહુ દુઃખ સહતાં. અબો૦ ૩

પરમાધામી સનમુખ આપણ, ટગ ટગ નજરે જોતાં;
દેવના ભવમાં એક વિમાને, દેવના સુખ અનુભવતાં. અબો૦ ૪

એકણ પાસે દેવશય્યામાં, શેઈ શેઈ નાટક સુણતાં;
તિહાં પણ તમે અને અમે બેઉ સાથે, જિન જન્મ મહોત્સવ કરતા. અબો૦ ૫

તિર્યંચ ગતિમાં સુખદુઃખ અનુભવતા, તિહાં પણ સંગે ચલંતા;
એક દિન સમવસરણમાં આપણ, જિનગુણ અમૃત પીતા. અબો૦ ૬

એક દિન તમે અને અમે બેઉ સાથે, વેલડીએ વળગીને ફરતા;
એક દિન તમે અને અમે બેઉ સાથે, ગેડી દડે નિત્ય રમતા. અબો૦ ૭

તમે અને અમે બેઉ સિદ્ધ સ્વરૂપી, એવી કથા નિત્ય કરતાં;
એક કુલ એક ગોત્ર એક ઠેકાણે, એક જ થાળીમાં જમતા. અબો૦ ૮

એકદિન હું ઠાકોર તમે ચાકર, સેવા માહરી કરતા;
આજ તો આપ થયા જગ ઠાકોર, સિદ્ધિ વધૂના પનોતા. અબો૦ ૯

કાલ અનંતનો સ્નેહ વિસારી, કામ કીધાં મનમગતા;
હવે અંતર કેમ કીધું પ્રભુજી, ચૌદ રાજ જઈ પહોંતા. અબો૦ ૧૦

દીપવિજય કવિ રાજ પ્રભુજી, જગતારણ જગનેતા;
નિજ સેવકને યશપદ દીજે, અનંત ગુણી ગુણવંતા, અબો૦ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૩)

(રાગ- જીનરાજ નમો જીનરાજ નમો)

જિનરાજે રે જિનરાજે રે, ત્રિભુવન ઠકુરાઈ છાજે રે;
વર દુંદુભી ગુહરા વાજે રે, તસ નાદે અંબર ગાજે રે, ૧

તિહાં જાતિ વૈર સવિ ભાંજે રે, પરમત મદની લાજે રે;
પ્રભુ ત્રિગડે બેઠા સોહે રે, ભવિજનના મનડાં મોહે રે. ૨

જિન તોરા નયનની બલીહારી રે, તોરે મુખડે ચંદ ઓવારી ૨;
જિન તોરી સરસ સુધારસ વાણી રે, મુજ લાગે અમીય સમાણી રે. ૩

દુઃખ તીલ પીલણ તે ઘાણી રે, જે ભવિકે મનમાં આણી રે;
એ તો સમકિતની સહિયાણી રે, આગમ પાઠે બંધાણી રે. ૪

ભામંડલ ભાઉ સવાઈ રે, પ્રભુ પુંઠે રહ્યું લય લાઈ રે;
સુરકૃત કુસુમવૃષ્ટિ ઉવાઈ રે, પ્રાતિહારજ શોભા બનાઈ રે. ૫

મુજ નેક નજરશું નિહાળો રે, તારકનું બિરૂદ સંભાળો રે;
શરણાગતને પ્રતિપાળો રે, મિથ્યામત વાસના ટાળો રે. ૬

સમકિત સુખલડી દીજે રે, એ તો કોડી પસાય કરીજે રે,
જિન સહજ શક્તિ મુજ દીપે રે, તો આપ બલે અરિ જિપે રે. ૭

મારા કરમ ભરમ સવિ જાયે રે, તુમ નામ તણે સુપસાયે રે,
જો જ્ઞાન વિમલ ગુણ વાંછે રે, આતમ પરમાતમ સાધે રે. ૮

(૨૪)

છોડ જિનરાજ મુજ જન્મ સંકટથકી, અનંતભવ આથડ્યો લોકમાંહિ,
ચરણ સ્વામીતણો શરણ પામ્યો નહિ, આવીયો હું હવે આપ છાંહિ. છોડ૦ ૧

પૃથ્વી અપ તેઉ વણ વાયુ આરંભ મેં, બીજી વનરાજી હરિકાય છેદ્યા;
ત્રસજીવ ત્રાસવ્યા બહુલ હિંસા કરી, તેણે બહુ કર્મના બંધ બાંધ્યા. છોડ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચિંહુગતે રડવડ્યો યોનિમાં આથડ્યો, પ્રાણીને દુઃખ દેઈ વૈર કીધા;
કર્મ મૂકે નહિ કોઈને આપણું, બહુલ અવતાર સંસાર લીધા. છોડ૦ ૩

લાખ ચોરાશિ યોનિમાંહે બહુ ફર્યો, યોનિયોનિ બહુ કષ્ટ પાયો;
રાગને દ્વેષ અજ્ઞાનના યોગથી, કામિની વિષયરસ અધિક કામ્યો છોડ૦ ૪

કોટિ આરંભ મેં ભર્મ ભૂલો ઘણો, કરમની જાલમાં નિબિડ બાંધ્યો;
છોડ પ્રભુ માહરી કરમની ગાંઠડી ભાગ્યજોગે કરી તુંહિ લાધ્યો. છોડ૦ ૫

દાસ તાહરો હવે ચરણ મેં તુજ ગ્રહ્યા, જન્મ જંજાળ મુજ દૂર ટાળો;
બિરૂદ તાહરો જસે ભગતવત્સલ તણો, એહની લાજ પ્રભુ આપ પાળો. છોડ૦ ૬

એકચિત્તે તુજ ભક્તિ જે આદરે, તું પ્રભુ તેહની ભગતે રીઝે,
ઉદય નિત્ય આણ તુજ ચિત્તમાં ધારીને, સહજમાં મુક્તિના સુખ લીજે. છોડ૦ ૭

૨૫ શ્રી પ્રતિમા સ્થાપના સ્તવન

ભરદાદિકે ઉદ્ધારજ કીધાં, શત્રુંજય મોઝાર;
સોનાતણાં જેણે દહેરા બંધાવ્યા, રત્ન તણાં બિંબ સ્થાપ્યાં,
હો ! કુમતિ કાં પ્રતિમા ઉત્થાપી ? એ જિનવચને સ્થાપી. હો ! કુમતિ૦ ૧

વીર પછી બસેં નેવુ વરસે, સંપ્રતિરાય સુજાણ;
સવા લાખ જિન દહેરા કરાવ્યા, સવા કોડ બિંબ સ્થાપ્યા. હો ! કુમતિ૦ ૨

દ્રૌપદીએ જિનપ્રતિમા પૂજી, સૂત્રમેં શાખ ઠરાણી !
છઠ્ઠા અંગે એ વીરે ભાખ્યું, ગણધર પૂરે છે સાખી હો ! કુમતિ૦ ૩

સંવત નવસેં ત્રાણું વરસે, વિમલ મંત્રીશ્વર જેહ !
આબુ તણાં જેણે દેહરાં કરાવ્યાં, પાંચ હજારબિંબ સ્થાપ્યાં. હો ! કુમતિ૦ ૪

સંવત અગીઆર નવાણું વર્ષે, રાજા કુમારપાલ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, સાત હજાર બિંબ સ્થાપ્યાં. હો ! કુમતિ૦ ૫

સંવત બાર પંચાણું વર્ષે, વસ્તુપાલ તેજપાલ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, અગીયાર હજારબિંબ સ્થાપ્યાં. હો ! કુમતિ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત બાર બહોંતેર વર્ષે, ધન્નો સંઘવી જેહ !
રાણકપુરે જિન દેહરાં કરાવ્યા, ક્રોડ નવાણું દ્રવ્ય ખરચ્યાં, હો ! કુમતિ૦ ૭

સંવત તેર એકોતેર વરસે, સમરોશા ઓસવાળ;
ઉધ્ધાર પંદરમો શત્રુંજય કીધો, અગીયાર લાખ દ્રવ્ય ખરચ્યો હો ! કુમતિ૦ ૮

સંવત સોલ બહોંતેર વરસે, બાદશાહને વારે;
ઉધ્ધાર સોળમો શત્રુંજય કીધો, કરમાશાએ જશ લીધો. હો ! કુમતિ૦ ૯

જિનપ્રતિમા જિન સરખી જાણી, પૂજો ત્રિવિધ તુમે પ્રાણી !
જિન પ્રતિમામાં સંદેહ ન રાખો, **વાચકજશની** એ વાણી હો! કુમતિ૦ ૧૦

શ્રી સિદ્ધપરમાત્માનું સ્તવન - ૨૬

(જીનજી ધ્યાવોજી મલ્લી જીનેસર)

પરમ નિરંજન નાથ નમીજે, અવિકારી અવિનાશીજી;
સહજાનંદ વિલાસી ચિદ્‌ઘન, નિજગુણ રમણ ઉદાસી
પ્રભુજી ધ્યાવુંજી, આતમતત્ત્વ ઉજાસ એહથી પાવુંજી. પ્ર૦૧

કેવલજ્ઞાની કેવલદર્શી, અક્ષય અનંત સુખ ભોગીજી;
ક્ષાયિક સમકિત સ્વરૂપ રમણતા, અક્ષયસ્થિતિ ગુણયોગી. પ્ર૦૨

અરૂપી નિરંજન અગુરૂલઘુતા, વીર્ય અનંત વિકાસજી;
આત્મપ્રદેશ અવગાહન, નિજ સંપદ સુવિલાસ. પ્ર૦૩

ત્રિહુ કાળના સવિ સુરગુણનું સુખ, વર્ગ અનંત કરાયજી;
સિદ્ધ પ્રભુના સુખની આગળ, અનંત ભાગે નવિ થાય. પ્ર૦૪

કર્મ ઉપાધી નિવારીને પહોંચ્યા, અપુનર્ભવ શુભઠાણજી,
સાતરાજ અળગા બેઠા પણ, રાખું મન શુભ ઝાણ. પ્ર૦૫

સિદ્ધસ્વરૂપ પરમેષ્ઠિ ગુણ, ગાતાં હર્ષ અપારજી;
જિન ઉત્તમ પદ પદ્મ વંદનથી, **રૂપવિજય** ભવપાર. પ્ર૦૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિભાગ-૫

વિવિધ પર્વોના સ્તવનો

શ્રી પર્યુષણ પર્વના સ્તવનો : 3

(૧)

રીઝો રીઝો શ્રી વીર દેખી, શાસનના શિરતાજ;
હરખો હરખો આ મોસમ આવી, પર્વ પર્યુષણ આજ. રી૦ ૧

પ્રભુજી દેવે પર્ષદામાંહે, ઉત્તમ શિક્ષા એમ;
આળસમાં બહુ કાળ ગુમાવ્યો, પર્વ ન સાધો કેમ ? રી૦ ૨

સોનાનો રજકણ સંભાળે, જેમ સોની એક ચિત્ત;
તેથી પણ આ અવસર અધિકો, કરો આતમ પવિત્ત. રી૦ 3

જેને માટે નિશદિન રખડો, તજી ધરમના નીમ;
પાપ કરો તો શિરપર બોજો, તો વ્યાજબી કિમ ? રી૦ ૪

કોઈ ન લેશે ભાગ પાપનો, ધનનો લેશે સર્વ;
પરભવ જાતાં સાથ ધર્મનો, સાધો આ શુભ પર્વ. રી૦ ૫

સંપીને સમતાએ સુણજો, અઠ્ઠાઈ વ્યાખ્યાન;
છઠ્ઠ કરજો શ્રી કલ્પસૂત્રનો, વાર્ષિક અઠ્ઠમ જાણ. રી૦ ૬

નિશીથસૂત્રની ચૂર્ણિમાંહે, આલોચના વખણાય;
ખમીએ હોંશે સર્વ જીવને, જીવન નિર્મળ થાય રી૦ ૭

ઉપકારી શ્રી પ્રભુની કીજે, પૂજા અષ્ટ પ્રકાર;
ચૈત્ય જુહારી ગુરુ વંદીજે, આવશ્યક બે કાળ. રી૦ ૮

પૌષધ ચોસઠ પ્રહરી કરતાં, જાયે કર્મ જંજાળ;
પદ્મવિજય સમતા રસ ઝીલે, ધર્મે મંગળમાળ. રી૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨)

સુણજો સાજન સંત પજુસણ આવ્યા રે.....
તમે પુણ્ય કરો પુણ્યવંત, ભવિક મન ભાવ્યાં રે....
વીર જિણેસર અતિ અલવેસર, વહાલા મારા, પરમેશ્વર એમ બોલે રે,
પર્વમાંહે પજુસણ મહોટાં, અવર ન આવે તસ તોલે. રે પજુ૦ ૧

[૧]ચઉપદમાં જેમ કેશરી મોટો, વહાલા-[૨]ખગમાં ગરૂડ તે કહીએ રે,
નદીમાંહી જેમ ગંગા મ્હોટી, નગમાં મેરૂ લહીએ રે. પજુ૦ ૨

ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો, વહાલા૦ દેવ માંહે સુરઇન્દ્ર રે,
તીરથમાં શત્રુંજય દાખ્યો, ગ્રહગણમાં જેમ ચંદ્ર રે. પજુ૦ ૩

દશરા દિવાળી ને વળી હોળી, વહાલા૦ અખાત્રીજ દિવાસો રે,
બળેવ પ્રમુખ બહુલાં છે બીજાં, પણ નહિ મુક્તિનો વાસો રે. પજુ૦ ૪

તે માટે તમે અમર પળાવો, વહાલા૦ અઠ્ઠાઈ મહોત્સવ કીજે રે,
અઠ્ઠમતપ અધિકાઈએ કરીને, નરભવ લાહો લીજે રે. પજુ૦ ૫

ઢોલ દદામા ભેરી નફેરી, વહાલા૦ કલ્પસૂત્રને જગાવો રે,
ઝાંઝરના ઝમકાર કરીને, ગોરીની ટોળી મળી આવો રે. પજુ૦ ૬

સોના રૂપાના ફૂલડે વધાવો, વહાલા૦ કલ્પસૂત્રને પૂજો રે,
નવ વખાણ વિધિએ સાંભળતા, પાપ મેવાસી ધ્રુજ્યા રે. પજુ૦ ૭

એમ અઠ્ઠાઈ મહોત્સવ કરતાં, વહાલા૦ બહુજીવ જગ ઉદ્ધરીયા રે,
વિબુધ વિમલ વર સેવક નય કહે, નવ નિધિ ઋદ્ધિ સિદ્ધિવરીયા.રે પજુ૦ ૮

---

૧. ચાર પગપાળા, ૨ પક્ષીમાં, ૩હાથી

(૩)

(રાગ-એક દિન કોશા ચિત્તરંગે)

પ્રભુ વીર જિણંદ વિચારી, ભાખ્યાં પર્વ પજૂસણ ભારી;
આખા વર્ષમાં તે દિન મોટા, આઠે નહિ એમાં છોટા રે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ ઉત્તમને ઉપગારી, ભાખ્યા પર્વ પજુસણ ભારી. પ્રભુ૦ ૧

જેમ ઔષધ માંહિ કહીએ, અમૃતને સારું લહીએ રે;
મહામંત્રમાં નવકાર મંત્ર. ભાખ્યાં૦ પ્રભુ૦ ૨

વૃક્ષમાહિ કલ્પતરૂ સારો, એમ પર્વ પજુસણ ધારો રે;
સૂત્રમાંહિ કલ્પ ભવતારી, ભાખ્યાં૦ પ્રભુ૦ ૩

તારાગણમાં જેમ ચંદ્ર, સુરવરમાંહી જેમ ઇન્દ્ર રે;
સતીયોમાં સીતા નારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૪

જો બને તો અઠ્ઠાઈ કીજે, વળી માસખમણ તપ લીજે રે;
સોલભથ્થાની બલિહારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૫

નહિ તો ચોથ છઠ્ઠ તો લહીએ, અઠ્ઠમ કરી દુઃખ સહીયે રે,
તે પ્રાણી જુજ અવતારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૬

તે દિવસે રાખી સમતા, છોડો મોહ માયા ને મમતા રે;
સમતારસ દિલમાં ધારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૭

પૂરવ તણો સાર લાવી, જેણે કલપસૂત્ર બનાવી રે;
ભદ્રબાહુ વાર અનુસારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૮

સોના રૂપાના ફૂલડાં ધરીએ, એ કલ્પની પૂજા કરીએ રે;
એ શાસ્ત્ર અનોપમ ભારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૯

ગીત ગાન વાજીંત્ર બજાવે, પ્રભુજીની આંગી રચાવે રે;
કરે ભક્તિ વાર હજારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૧૦

સુગુરૂ મુખથી એ સાર, સુણે અખંડ એકવીશ વાર રે;
જાવે એહિજ ભવે શિવ પ્યારી. ભાખ્યાં ૦ પ્રભુ૦ ૧૧

એમ અનેક ગુણના ખાણી, તે પર્વ પજુસણ જાણી રે;
સેવો દાન દયા મનોહારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વીરભગવાનનું હાલરડું -૪

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે રે,
ગાવે હાલો હાલો હાલરવાના ગીત;
સોના રૂપાને વળી રત્ને જડિયું પારણું રે,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત,
હાલો હાલો હાલો હાલો મારા નંદને રે. હાલો૦ ૧

જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસે અંતરે,
હોશે ચોવીશમો તીર્થંકર જિન પરમાણ;
કેશી સ્વામી મુખથી એહવી વાણી સાંભલી,
સાચી સાચી હુઈ તે મ્હારે અમૃત વાણ. હાલો૦ ૨

ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રીરાજ;
જિનજી પાસ પ્રભુના શ્રીકેશી ગણધાર,
તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ. હાલો૦ ૩

મ્હારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મ્હારી કૂખે આવ્યા તારણતરણ જહાજ;
મ્હારી કૂખે આવ્યા સંઘ તીરથની લાજ,
હું તો પુન્ય પનોતી ઇન્દ્રાણી થઈ આજ. હાલો૦ ૪

મુજને દોહલા ઉપન્યા બેસું ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નંદન તાહરા તેજના,
તેં દિન સંભારું ને આનંદ અંગ ન માય. હાલો૦ ૫

કરતલ પગતલ લક્ષણ એક હજારને આઠ છે;
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;
નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો,
મેં તો પહેલે સ્વપ્ને દીઠો વિશવાવીશ. હાલો૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંદન નવલા બંધન નંદિવર્ધનના તમે,
નંદન ભોજાઈઓના દીયર છો સુકુમાલ;
હસશે ભોજાઈઓ કહી દીયર મારા લાડકા,
હસશે રમશે ને વળી ચૂંટી ખણશે ગાલ રે,
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ. હાલો૦ ૭

નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન નવલા પાંચશે મામીના ભાણેજ છો;
નંદન મામલીયાના ભાણેજા સુકુમાળ,
હશશે હાથે ઉછાળી કહીને ન્હાના ભાણેજા,
આંખો આંજીને વળી ટપુકું કરશે ગાલ. હાલો૦ ૮

નંદન મામા મામી લાવશે ટોપી આંગલા,
રતને જડીઆં ઝાલર મોતી કસબી કોર,
નીલા પીળાંને વળી રાતાં સરવે જાતિના,
પહેરાવશે મામી માહરા નંદ કિશોર. હાલો૦ ૯

નંદન મામા મામી સુખલડી બહુ લાવશે,
નંદન ગજવે ભરશે લાડું મોતીચૂર,
નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણાં,
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર. હાલો૦ ૧૦

નંદન નવલા ચેડા મામાની સાતે સતી,
મ્હારી ભગ્રીજી ને બ્હેન તમારી નંદ;
તે પણ ગજવે ભરવા લાખણસાઈ લાવશે,
તમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ. હાલો૦ ૧૧

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો,
વળી સૂડા મેના પોપટ ને ગજરાજ;
સારસ કોયલ હંસ તીતરને વળી મોરજી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો૦ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપ્પન કુમરી અમરી જલ કળશે નવરાવીઆ,
નંદન તમને અમને કેલી ઘરની માંહી;
ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે,
'બહુ ચિરંજીવો' આશિષ દીધી તુમને ત્યાંહી. હાલો૦ ૧૩

તમને મેરૂગિરિ પર સુરપતિએ નવરાવીઆ,
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારૂ કોટી કોટી ચંદ્રમાં,
વળી તન પર વારૂ ગ્રહગણનો સમુદાય. હાલો૦ ૧૪

નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું,
ગજપર અંબાડી બેસાડી મ્હોટે સાજ
પસલી ભરશું શ્રીફલ ફોફળ નાગરવેલશું,
સુખલડી લેશું નિશાળીયાને કાજ. હાલો૦ ૧૫

નંદન નવલા મ્હોટા થાશો ને પરણાવશું,
વહુ વર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખેસરખા વેવાઈ વેવાણોને પધરાવશું,
વરવહુ પોંખી લેશું જોઈ જોઇને દેદાર. હાલો૦ ૧૬

પીયર સાસર મ્હારા બેહુ પખ નંદન ઉજળા,
મારી કૂખે આવ્યા તાત પનોતા નંદ;
મ્હારે આંગણે વુઠયા અમૃત દૂધે મેહુલા,
મ્હારા આંગણે ફલીઆ સુરતરૂ સુખના કંદ. હાલો૦ ૧૭

ઇણિ પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું.
જે કોઈ ગાશે લેશે પુગ તણા સામ્રાજ
બીલીમોરા નગરે વર્ણવ્યુ વીરનું હાલરૂં,
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હાલો૦ ૧૮

૧ કરતલ-હાથના તળીએ ૨. પગતલ-પગના તળીયાં, ૩ પખ-પક્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વીર પ્રભુનું ૨૭ ભવનું સ્તવન-૫

દુહા

શ્રી શુભવિજય સુગુરુ નમી, નમી પદ્માવતી માય;
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧

સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય;
જો વલી સંસારે ભમે, તો પણ મુગતે જાય. ૨

વીર જિનેશ્વર સાહેબો, ભમિયો કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩

ઢાળ પહેલી

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર;
કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય રે,
પ્રાણી ! ધરિયે સમકિત રંગ, જિમ પામિયે સુખ અભંગ રે,
પ્રાણી ! ધરિયે સમકિત રંગ ૧

મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય;
દાન દેઈ ભોજન કરું રે, તો વંછિત ફળ હોય રે. પ્રાણી૦ ૨

મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ;
પૂછે કેમ ભટકો ઇહાં રે ? મુનિ કહે સાર્થ વિયોગ રે. પ્રાણી૦ ૩

હરખભેર તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીએ રે, સાર્થ ભેળાં કરું આજ રે. પ્રાણી૦ ૪

પગવટીયે ભેળાં કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ
સંસારે ભૂલા ભમો રે, ભાવ મારગ અપવર્ગ રે. પ્રાણી૦ ૫

દેવગુરુ ઓળખાવિયાં રે, દીધો વિધિ નવકાર;
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે. પ્રાણી૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુભધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સ્વર્ગ મોઝાર;
પલ્યોપમ આયુ ચ્યવી રે, ભરત ઘરે અવતાર રે. પ્રાણી૦ ૭

નામે મરિચી યૌવને રે, સંયમ લીયે પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડિક શુભ વાસ રે. પ્રાણી૦ ૮

---

૧. પગવટી-પગદંડી, ૨ વિજોગ-વિયોગ

ઢાળ બીજી

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદિશ્વર ભેળા,
જળ થોડે સ્નાન વિશેષે પગ પાવડી ભગવે વેષે. ૧

ઘરે ત્રિદંડ લાકડી મ્હોટી, શિર મુંડણ ને ઘરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, થુલથી વ્રત ઘરતો રંગે. ૨

સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે;
સમોસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જિનેશ. ૩

જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચિ નામ;
વીર નામે થશે જિન છેલ્લાં, આ ભરતે વાસુદેવ પહેલાં. ૪

ચક્રવર્તિ વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે;
મરિચીને પ્રદક્ષિણા દેતા નમી વંદીને એમ કહેતા. ૫

તમે પુન્યાઈવંત ગવાશો, હરિચક્રી ચરમ જિન થાશો;
નવિ વંદું ત્રિદંડિક વેષ, નમું ભક્તિયે વીર જિનેશ. ૬

એમ સ્તવના કરી ઘર જાવે, મરીચી મન હર્ષ ન માવે;
મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭

અમે વાસુદેવ ધુર થઈશું, કુલ ઉત્તમ મ્હારું કહીશું;
નાચે કુળમદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો. ૮

એક દિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેશના સુણી દીક્ષા વાસે, કહે મરિચી લીયો પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦

તુમ દરશને ધરમનો વ્હેમ, સુણી ચિંતે મરિચી એમ;
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧

મરિચી કહે ધર્મ ઉભયમાં, લીયે દીક્ષા યૌવન વયમાં;
એણે વયને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨

લાખ ચોરાશી પૂરવ આય, પાળી પાંચમે સર્ગ સિધાય;
દશ સાગર જીવિત ત્યાંહી, શુભવીર સદા સુખમાંહી. ૧૩

ઢાળ ત્રીજી

પાંચમે ભવ કોલ્લાગસન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ;
અેંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧

કાલ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર;
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય. ૨

સૌધર્મે મધ્ય સ્થિતિએ થયો, આઠમે ચૈત્ય સન્નિવેષે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુલાખ સાઠે મૂઓ. ૩

મધ્ય સ્થિતિયે સુર સ્વર્ગ ઇશાન, દશમે મંદર પુર દ્વિજઠાણ;
લાખ છપ્પન પૂરવ આયુધરી અગ્નિભૂતિ ત્રિદંડીક મરી. ૪

ત્રીજે સરગે મધ્યાયુ ધરી, બારમે ભવે શ્વેતાંબીપુરી;
પૂરવ લાખ ચુમ્માળીશ આય, ભારદ્વીજ ત્રિદંડીક થાય. ૫

તેરમે ચોથે સ્વર્ગે રમી, કાળ ઘણો સંસાર ભમી;
ચઉદમે ભવ રાજગૃહી થાય, ચોત્રીશ લાખ પૂરવનું આય. ૬

થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો;
સોળમે ભવ કરોડ વરસનું આય., રાજકુમાર વિશ્વભૂતિ થાય. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંભૂતિમુનિ પાસે અણગાર, દુષ્કર તપ કરી વરસ હજાર;
માસખમણ પારણે ઘરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮

ગાયે હણ્યા મુનિ પડીયા વસા, વિશાખાનંદી પિતરિયા હસ્યા;
ગૌશૃંગે મુનિ ગરવે કરી, ગયણ ઉછાળી ધરતી ઘરી. ૯

તપ બળથી હોજ્યો બળ ઘણી, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તારમે મહાશુકે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા. ૧૦

૧. દ્વિજ-બ્રાહ્મણ, ૨ સરગે-સ્વરગે, ૩. વસા-પૃથ્વી

ઢાળ ચોથી

અઢારમે ભવે સાત, સુપન સૂચિતસતિ,
પોતનપૂરીયે પ્રજાપતિ રાણી મૃગાવતી;
તસ સુત નામે ત્રિપૃષ્ઠ, વાસુદેવ નીપન્યા,
પાપ ઘણું કરી, સાતમી નરકે ઉપન્યા. ૧

વીશમે ભવ થઈ સિંહ, ચોથી નરકે ગયા,
તિહાંથી ચવી સંસારે, ભવ બહુલાં થયા;
બાવીશમે નર ભવ લહી, પુણ્ય દશા વર્યા,
ત્રેવીશમે રાજધાની, મૂકાએ સંચર્યા. ૨

રાય ધનંજય ધારણી રાણીએ જનમિયા,
લાખ ચોરાશી પૂરવ આયુ જીવિઆ;
પ્રિયમિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી,
કોડી વરસ ચારિત્ર દશા પાળી સહી. ૩

મહાશુકે થઈ દેવ ઇણે ભરતે ચ્યવી,
છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી;
ભદ્રામાય લખ પચવીશ વરસ સ્થિતિ ઘરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અગીયાર લાખને એંશી હજાર છસ્સેં વળી,
ઉપર પીસ્તાળીશ અધિક પણ દિન રૂળી;
વીશ સ્થાનક માસખમણે, જાવજીવ સાધતા,
તિર્થંકર નામ કર્મ તિહાં નિકાચતા. ૫

લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા,
છવ્વીશમે ભવ પ્રાણત કલ્પે દેવતા;
સાગર વીશનું જીવિત સુખભર ભોગવે,
શ્રી શુભવીર જિનેશ્વર ભવ સુણજો હવે. ૬

ઢાળ પાંચમી

નયર માહણકુંડમાં વસે રે, મહાઋદ્ધિ ઋષભદત્ત નામ;
દેવાનંદા દ્વિજશ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ રે,
ભવિકા ! પેટ લીધો પ્રભુ વિસરામ રે. ભ૦ ૧

બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય;
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલા કુખે છટકાય રે. ભ૦ ૨

નવ માસાંતરે જનમીયા રે, દેવ દેવીયે ઓચ્છવ કીધ;
પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. ભ૦ ૩

સંસાર લીલા ભોગવી રે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ;
બાર વરસે હુઆ કેવળી રે, શિવવહુનું તિલક શિર દીધ રે. ભ૦ ૪

સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર;
સંયમ દેઈ શિવ મોકલ્યાં રે, ભગવતી સૂત્રે અધિકાર રે. ભ૦ ૪

ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચઉદ સહસ અણગાર,
છત્રીસ સહસ તે સાધવી રે. બીજો દેવ દેવી પરિવાર રે. ભ૦ ૬

ત્રીશ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ;
બહોંતેર વરસનું આઉખું રે, દિવાળીયે શિવપદ લીધ રે. ભ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અગુરુલઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ;
મોહરાયમલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે. ભ૦ ૮

તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ;
તો અમને સુખીયા કરો રે, અમે ધરીયે તુમારી આશ રે. ભ૦ ૯

અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરુ ઉપદેશ;
લાલચ લાગી સાહેબા રે, નવિ ભજીયે કુમતિનો લેશ રે. ભ૦ ૧૦

મ્હોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભવીર સદા સુખવાસ રે. ભ૦ ૧૧

॥ કળશ ॥

ઓગણીશ એકે વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણ વરો;
મેં થુણ્યો લાયક વિશ્વનાયક, વર્ધમાન જિનેશ્વરો,
સંવેગ રંગ તરંગ ઝીલે, જસ વિજય સમતા ધરો;
શુભવિજય પંડિત ચરણ સેવક **વીરવિજય** જય જયકરો.

છ અઠ્ઠાઈનું સ્તવન-૬

દૂહા

સ્યાદ્વાદ શુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ;
પરમ પંચ પરમેષ્ઠિમાં, તાસ ચરણ સુખકંદ. ૧

ત્રિજગ ગોચર નામ જે, ધ્યાવે નિજ મન નેહ;
થઈ લોકોત્તર તે સદા, પામે શિવવધૂ ગેહ, ૨

પંચ વરણ અરિહા વિભુ, પંચ કલ્યાણક ધ્યેય;
ષટ્ અઠ્ઠાઈ સ્તવના રચું, પ્રણમી અનંત ગુણગેહ. ૩

ઢાળ ૧ લી

(રાગ - સિદ્ધચક્ર પદ વંદો)

ચૈત્ર માસે સુદિ પક્ષમાં રે, પ્રથમ અઠ્ઠાઈ સંયોગ,
જિહાં સિદ્ધચક્રની સેવના રે, અધ્યાતમ ઉપયોગ રે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવિકા પર્વ અઠ્ઠાઈ આરાધ મનવાંછિત સુખ સાધરે
ભવિકા ! પર્વ અઠ્ઠાઈ આરાધ. ભ૦ ૧

લોચન કર્ણ યુગલ મુખે રે, નાસિકા અગ્રનિલાડ,
તાલુ શિર નાભિ હૃદે રે, ભ્રકુટિ મધ્યે ધ્યાન પાઠ રે. ભ૦ ૨

પંચ પરમેષ્ઠી ત્રિકાળના રે, ઉત્તમ ચઉ ગુણ કંત,
શાશ્વતા પદ સિદ્ધચકના રે, વંદતા પુન્ય મહંત રે ભ૦ ૩

આલંબન સ્થાનક કહ્યાં રે, જ્ઞાનીએ તેહ મોઝાર;
તેહમાં વિગત વિષયપણે રે, ચિત્તમાં એક આધાર રે. ભ૦ ૪

અષ્ટકમલ દલ કર્ણિકા રે, નવપદ થાપો ભાવ;
બાહિર યંત્ર રચી કરી રે, ધારો અંતર અનુભાવ રે. ભ૦ ૫

આસો સુદિ સાતમ થકી રે, બીજી અઠ્ઠાઈ મંડાણ;
ત્રણસેં છેતાલીસ ગુણે કરી રે, અસિયા ઉસાદિક ધ્યાન રે. ભ૦ ૬

ઉત્તરાધ્યયન ટીકા કહે રે, એ દોય શાશ્વતી યાત્ર;
કરતા દેવ નંદીશ્વરે રે, નર જિનઠામ સુપાત્ર રે. ભ૦ ૭

ઢાળ ૨ જી

(રાગ : જાત્રા નવાણું કરીએ)

અષાઢ ચોમાસાની અઠ્ઠાઈ જિહાં અભિગ્રહ અધિકાઈ;
કૃષ્ણ કુમારપાળ પરે પાળો, જીવદયા ચિત્ત લાઈ રે,
પ્રાણી અઠ્ઠાઈ મહોચ્છવ કરીયે, સચિત્ત આરંભ પરિહરિયે રે. ૧

દિસિગમન તજો વર્ષા સમયે, ભક્ષ્યાભક્ષ્ય વિવેક;
અછતિ વસ્તુ પણ વિરતિએ, બહુફલ નંકચૂલ સુવિવેક રે. પ્રા૦ ૨

જે જે દેહે ગ્રહીને મૂક્યા, તેહથી જે હિંસા થાય;
પાપ આકર્ષણ અવિરતિ યોગે, તે જીવે કર્મ બંધાય રે. પ્રા૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાયક દેહના જીવ જે ગતિમાં, વસિયા તસ હોય કર્મ;
રાજા રંકને કીરિયા સરિખી, ભગવતિ અંગનો મર્મ રે. પ્રા૦ ૪

ચોમાસી આવશ્યક કાઉસ્સગ્ગમા, પંચશત માને ઉસાસ;
છઠ્ઠ તપની આલોયણ કરતાં, વિરતિ ધર્મ ઉજાસ રે પ્રા૦ ૫

ઢાળ ૩ જી

(રાગ-જિન જન્માજી)

કાર્તિક સુદિમાંજી, ધરમ વાસર આરાધીયે,
વળી ફાલ્ગુનેજી, પર્વ અઠ્ઠાઈ સંભારીયે,
ત્રણ અઠ્ઠાઈજી, ચઉમાસી ત્રણ કારિણી,
ભવિ જીવનાંજી, પાતિક સર્વ નિવારણી. ૧

ત્રુટક

નિવારણી પાતકતણી એ જાણી, અવધિજ્ઞાને સુરવરા;
નિકાય ચારના ઇંદ્ર હર્ષિત, વંદે નિજ નિજ અનુચરા;
અઠ્ઠાઈ મહોત્સવ કરણ સમયે, શાશ્વતા એ દેખીયે,
સવિ સજ્જ થાઓ દેવદેવી, ઘંટાનાદ વિશેષીયે. ૨

ઢાળ

વલી સુરપતિજી, ઉદ્‌ઘોષણા સુરલોકમાં,
નિપજાવીજી, પરિકર સહિત અશોકમાં,
દ્વીપ આઠમેજી, નંદીશ્વર સવિ આવીયા,
સાસય પડિમાજી, પ્રણમી વધાવે ભાવીયા. ૩

ત્રુટક

ભાવીયા પ્રણમી વધાવી પ્રભુને, હર્ષ બહુલે નાચતા,
બત્રીસ વિધના કરીય નાટક, કોડી સુરપતિ માચતા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાથ જોડી માન મોડી, અંગ ભાવ દેખાવતી,
અપચ્છરા રંભા અતિ અચંભા, અરિહા ગુણ આલાવતી. ૪

ઢાળ

ત્રણ અઠ્ઠાઈમાં જી, ષટ્ કલ્યાણક જિનતણાં,
તિમ વળી આલયજી, બાવન જિનનાં બિંબ ઘણાં;
તસ સ્તવનાજી, અદ્‌ભુત અર્થ વખાણતાં,
ઠામે પહોંચેજી, પછે જિન નામ સંભારતા. ૫

ત્રોટક

સંભારતાં પ્રભુ નામ નિશદિન, પર્વ અઠ્ઠાઈ મન ધરે,
સમકિત નિર્મલ કરણ કારણ, શુભ અભ્યાસ એ અનુસરે;
નરનારી સમકિતવંત ભાવે, એહ પર્વ આરાધશે,
વિઘ્ન નિવારે તેહનાં સવિ, સૌભાગ્ય લક્ષ્મી વાધશે. ૬

ઢાળ ૪ થી

(રાગ - અરિહંત પદ ધ્યાતો થકો, સંભવ જિનવર વિનતિ)

પર્વ પર્યુષણમાં સદા, અમારી પડહો વજડાવો રે;
સંઘ ભગતિ દ્રવ્ય ભાવથી, સાહમ્મિવચ્છલ શુમંડાવરે,
મહોદય પર્વ મહિમા નિધિ. ૧

સાહમ્મિવચ્છલ એકણ પાસે, એકત્ર ધર્મ સમુદાય રે;
બુદ્ધિ તુલાયે તોલીયે રે, તુલ્ય લાભ ફળ થાય રે. મહો૦ ૨

ઉદાયી ચરમ રાજઋષિ, તિમ કરો ખામણાં સત્ય રે;
મિચ્છામિ દુક્કડં દેઈને, ફરી સેવે પાપવંત રે. મહો૦ ૩

તે કહ્યા માયા મૃષાવાદી, આવશ્યક નિર્યુક્તિ માંહી રે;
ચૈત્ય પ્રવાડી કીજીયે, પૂજા ત્રિકાલ ઉચ્છાંહી રે. મહો૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છેલ્લી ચાર અઠ્ઠાઇએ, મહા મહોત્સવ કરે દેવા રે;
જીવાભિગમ ઇમ ઉચ્ચરે, પ્રભુ શાસનના એ મેવા રે. મહો૦ ૫

ઢાળ ૫ મી

(રાગ - આઠ પ્રભાવ પ્રવચનના)

અઠ્ઠમનો તપ વાર્ષિક પર્વમાં, શલ્ય રહિત અવિરૂદ્ધ રે;
કારક સાધન પ્રભુના ધર્મનો, ઇચ્છારોધે હોય શુદ્ધ રે.
તપને સેવો રે કંતા વિરતિના. તપ૦ ૧

એકસો વર્ષે રે છૂટે કરમથી, નારકી તેતો અકામ રે;
પાપ રહિત હોય નવકારશી થકી, સહસ તે પોરસી ઠામ રે. તપ૦ ૨

વધતો વધતો રે તપ કરવા થકી, દશ ગુણો લાભ ઉદાર રે;
દશ લાખ કોડી વરસનું અઠ્ઠમે, દુરિત મીટે નિરધાર રે. તપ૦ ૩

પચાસ વરસ સુધી તપ્યાં લક્ષ્મણા, માયાતપ નવિ શુદ્ધ રે,
અસંખ્ય ભવ ભમ્યા એક કુવચન થકી, પદ્મનાભ વારે સિદ્ધ રે. તપ૦ ૪

આહાર નિરીહતા રે સમ્યક્‌તપ કહ્યો, બાહ્ય અભ્યંતર તત્ત્વરે;
ભવોદધિ સેતુ રે અઠ્ઠમ તપ જાણી, નાગકેતુ ફલ પત્ત રે તપ૦ ૫

ઢાળ ૬ ઠ્ઠી

(રાગ - સાંભળજો મુનિ)

વાર્ષિક પડિક્કમણાં વિષે, એક હજાર શુભ આઠ રે;
સાસ ઉસાસ કાઉસ્સગ્ગ તણાં, આદરી તજે કર્મકાઠ રે,
પ્રભુ તુજ શાસન અતિ ભલું. પ્ર૦ ૧

દુગલખ ચઉસય અડ કહ્યાં, પલ્ય પણયાલી હજાર રે,
નવ ભાગે પલ્યનાં ચઉ ગ્રહ્યાં, સાસમાં સુર આયુ સાર રે. પ્ર૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓગણીશ લાખને ગ્રેસઠ, સહસ બસેં સડસઠ્ઠ રે,
પલ્યોપમ દેવનું આઉખું, નવકાર કાઉસ્સગ્ગે જિઠ્ઠ રે. પ્ર૦ ૩

એકસઠ લાખને પણતીસા, સહસ બસેં દશ જાણ રે;
એટલા પલ્યનું સુર આઉખું લોગસ્સ કાઉસ્સગ્ગે માનરે. પ્ર૦ ૪

ધેનુ થણ રૂપે રે જીવનાં, અચલ છે આઠ પ્રદેશ રે;
તેહ પરે સવિ નિર્મલ કરો, પર્વ અઠ્ઠાઈ ઉપદેશ રે. પ્ર૦ ૫

ઢાળ ૭ મી

(રાગ - જગજીવન જગવાહલો)

સોહમ કહે જંબુ પ્રત્યે, જ્ઞાનાદિ ધર્મ અનંત રે; વિનીત,
અર્થ પ્રકાશે વીરજી, તિમ મેં રચિયો સિદ્ધાંત રે. વિનીત,
પ્રભુ આગમ ભલો વિશ્વમાં. ૧

ષટ્ લાખ ત્રણસેં તેત્રીસ, એગુણસઠ્ઠી હજાર રે; વિ૦
પીસ્તાલીશ આગમતણી, સંખ્યા જગદાધાર રે. વિ. પ્ર૦ ૨

આથમે જિન કેવલ રવિ, શ્રુત દીપકથી વ્યવહાર રે; વિ૦
ઉભય પ્રકાશક સૂત્રનો, સંપ્રતિ બહુ ઉપકાર રે. વિ૦ પ્ર૦ ૩

પુન્ય ક્ષેત્રમાં સિદ્ધગિરિ, મંત્રમાંહે નવકાર રે; વિ૦
શુકલ ધ્યાન છે ધ્યાનમાં, કલ્પસૂત્ર તિમ સાર રે. વિ૦ પ્ર૦ ૪

વીરવર્ણન છે જેહમાં શ્રી પર્વે તસુ સેવ રે; વિ૦
છઠ્ઠ તપે કલ્પ સુણે મુદા, ઉચિત વિધિ તત્કાળેવ રે. વિ. પ્ર૦ ૫

ઢાળ ૮મી

(રાગ - આંખડીયે રે મેં આજ)

નેઉ સહસ સંપ્રતિ નૃપે રે, ઉદ્ધર્યા જૈન પ્રાસાદ રે;
છત્રીસ સહસ નવાં કર્યા રે, નિજ આયુ દિનવાદ રે;
મનને મોદે રે, પૂજે પૂજા મહોદય પર્વ મહોત્સવ મોટે રે. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસંખ્ય ભરતના પાટવી રે, અઠ્ઠાઈ ધર્મના કામી રે;
સિદ્ધગિરિએ શિવપુરી વર્યા રે, અજરામર શુભ ઠામ રે મ૦ ૨

યુગ પ્રધાન પૂરવ ધણી રે, વયરસ્વામી ગણધાર રે,
નિજ પિતુ મિત્ર પાસે જઇ રે, યાચ્યાં ફૂલ તૈયાર રે. મ૦ ૩

વીસ લાખ ફૂલ લેઇને રે, આવ્યાં ગિરિ હિમવંત રે;
શ્રી દેવી હાથે લીધો રે, મહા કમલ ગુણવંત રે. મ૦ ૪

પછી જિનરાગીને સોંપીયા રે, સુભિક્ષ નયર મોઝાર રે;
સુગત મત ઉચ્છેદીયો રે, શાસન શોભા અપાર રે. મ૦ ૫

ઢાળ ૯ મી

(રાગ - મનના મનોરથ સવિ)

પ્રાતિહારજ અડ પામીયે એ, સિદ્ધ પ્રભુના ગુણ આઠ,
હરખ ધરી સેવીયે એ.
જ્ઞાન દર્શન ચારિત્રના એ, આઠ આચારનાં પાઠ; હરખ૦
સેવો સેવો પર્વ મહંત. હરખ૦ ૧

પવયણ માત અડસિદ્ધિનું એ, બુદ્ધિ ગુણ અડ દ્રષ્ટિ; હરખ૦
ગણિ સંપદ અડ સંપદા એ, આઠમી ગતિ દીએ પુષ્ટિ. હરખ૦ ૨

આઠ કર્મ અડ દોષને એ, અડ વિધ મદ પરમાદ; હરખ૦
પરિહરી આઠ કારણ ભજી એ, આઠ પ્રભાવક વાદ. હરખ૦ ૩

ગુર્જર દિલ્હી દેશમાં એ, અકબરશાહ સુલતાન; હરખ૦
હીરજી ગુરુનાં વયણથી એ, અમારિપડહ વિતાન. હરખ૦ ૪

સેનસૂરિ તપગચ્છમણિ એ, તિલક આણંદ મુણિંદ; હરખ૦
રાજમાન રિદ્ધિ લહે એ, સૌભાગ્ય લક્ષ્મી સૂરીંદ. હરખ૦ ૫

સેવો સેવો પર્વ મહંત પૂજો જિનપદ અરવિંદ. હરખ૦
પૂરવ પુન્ય સુખકંદ, હ. પ્રગટે પરમાનંદ હ. કહે એમ લક્ષ્મી સૂરિંદ. હરખ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કળશઃ

એમ પાસ પ્રભુ સુપસાય પામી, નામી અઠ્ઠાઈ ગુણ કહ્યા,
ભવિ જીવ સાધો નિત્ય આરાધો, આત્મધર્મે ઉમહ્યાં;
સંવત જિન અતિશય વસુ શશી, ચૈત્રી પુનમે ધ્યાઈયા;
સોભાગ્યસૂરિ શિષ્ય લક્ષ્મીસૂરિ, બહુ સંઘ મંગલ પાઈયા.

શ્રી મહાવીરસ્વામિના પંચ કલ્યાણકનું સ્તવન-૭

૧

(રાગ - મેતારજ મુનિવર ધન ધન)

સરસ્વતી ભગવતી ! દીઓ મતિ ચંગી, સરસ સુરંગી વાણ;
તુજ પસાય માય ! ચિત્ત-ધરીને, જિનગુણ રયણની ખાણ. ગિ૦ ૧

ગિરુઆ ગુણ વીરજી, ગાઈશું ત્રિભુવનરાય;
જશ નામે ઘર મંગલમાલા, તસ ઘર બહુ સુખ થાય. ગિ૦ ૨

જંબૂદ્વીપ ભરત ક્ષેત્ર માંહે, નયર માહણકુંડ ગામ;
ઋષભદત્ત વર વિપ્ર વસે તિહાં, દેવાનંદા તસ પ્રિયા નામ. ગિ૦ ૩

સુરવિમાન વર પુષ્પોત્તરથી, ચવી પ્રભુ લીએ અવતાર;
તવ તે માહણી રયણી મધ્યે, સુપન લહે દશ ચાર. ગિ૦ ૪

ધુરે મયગલ મલપંતો દેખે, બીજે વૃષભ વિશાળ;
ત્રીજે કેશરી, ચોથે લક્ષ્મી, પાંચમે ફુલની માળ. ગિ૦ ૫

ચંદ્ર સુરજ ધ્વજ કળશ પદ્મસર, દેખે એ દેવ વિમાન;
રયણરેહા રયણાયર રાજે, ચૌદમે અગ્નિ પ્રધાન. ગિ૦ ૬

આનંદ ભર જાગી તવ સુંદરી, કંતને કહે પરભાત,
સુણીય વિપ્ર કહે તુજ સુત હોશે, ત્રિભુવનમાંહે વિખ્યાત. ગિ૦ ૭

અતિ અભિમાન કિયો મરિચિ ભવે, જુઓ ! જુઓ કર્મવિચાર,
તાસ સુતવર, તિહાં થયા કુંવર, વળી નીચકુલે અવતાર. ગિ૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇણે અવસર ઇંદ્રાસન ડોલે, નાણે કરી હરિ જોય,
માહણી કુખે જગગુરુ પેખે, નમી કહે અઘટતું હોય. ગિ૦ ૯

તતક્ષણ હરિણગમેષી તેડાવી, મોકલીયો તેણે ઠાય,
માહણી ગર્ભ અને ત્રિશલાનો, બિહું બદલીને સુર જાય. ગિ૦ ૧૦

વળી નિશિભર તે દેવાનંદા, દેખે એ સુપન અસાર,
જાણ્યું સુપન ત્રિશલા કર ચઢીયાં, જઇ કહે નિજ ભરથાર. ૧૧

કંથ કહે તું દુઃખ હર સુંદરી, મુજ મન અયરિજ એહ;
મરુથલમાંહે કલ્પદ્રુમ દીઠો, આજ સંશય ટળ્યો તેહ. ગિ૦ ૧૨

ઢાળ ૨ જી

નયરિ ક્ષત્રિય કુંડ નરપતિ, સિદ્ધારથ ભલો એ,
આણ ન ખંડે તસ કોય કે, જગ જસ નિરમલોએ; ૧
તસ પટ્ટરાણી ત્રિશલા સતી, કુખે જગપતિએ,
પરમ હર્ષ હિયડે ધરી, ઠવીયા સુરપતિએ ૨

સુખ સજ્જાએ પોઢી દેવી, તો ચૌદ સુપન લહેએ;
જાગતી જિન ગુણ ગાવતી, હરખતી ગહગહેએ; ૩

રાજહંસ ગતિ ચાલતી, પિઉ કને આવતીએ,
પ્રહ ઉગમતે સૂર કે, વિનવે નિજ પતિને એ. ૪

સુણી વાત રાય રંજીયો, પંડિત તેડીયાએ,
તેણે શુભ સુપન વિચારવા, પુસ્તક છોડીયાંએ. ૫

બોલે મધુરી વાણકે, ગુણનિધિ સુત હોશેએ,
સુખ સંપત્તિ ઘરે વાધશે, સંકટ સવીભાંજશે એ. ૬

પંડીતને રાયે સંતોષીયો, લચ્છી દીએ ઘણીએ,
કહે એ વાણી સફળ હોજો, અમને તુમ તણીએ. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિજપદ પંડિત સંચરીયા, રાય સુખે રહેએ,
દેવી ઉદર ગર્ભ વાધતો, શુભ દોહલા લહે એ. ૮

માત ભક્તિ જિનપતિ કરે, ગર્ભ હાલે નહિએ,
સાત માસ વાડા વોલીયા, માય ચિંતા લહીએ. ૯

સહીઅર ને કહે સાંભળો, કોણે મારો ગર્ભ હર્યોએ,
હું રે ભોળી જાણું નહિ, ફોગટ પ્રગટ કર્યો એ. ૧૦

સખી કહે અરિહંત સમરતાં, દુઃખ દોહગ ટલેએ,
તવ જિન જ્ઞાન પ્રયુંજીઓ, ગર્ભથી સલસલેએ. ૧૧

માતપિતા પરિવારનું, દુઃખ નિવારીયુએ,
સંયમ ન લેઉં માય તાય છતાં, જિન નિરધારીયુંએ.. ૧૨

અણદીઠે મોહ એવડો, તે કિમ વિછોહ ખમે એ,
નવમાસવાડા ઉપરે, દિન સાડાસાતમે એ. ૧૩

ચૈત્ર સુદિ દિન તેરસે, શ્રી જિન જનમીયા એ,
સિદ્ધારથ ભૂપતિ ભલો, ઓચ્છવ તવ માંડીયા એ. ૧૪

વસ્તુ

પુત્ર જન્મ્યો પુત્ર જન્મ્યો, જગત શણગાર,
સિદ્ધારથ નૃપ કુલતિલો, કુલમંડણ કુલતણો દીવો,
શ્રી જિનધર્મ પસાઉલે, ત્રિશલાદેવી સુત ચિરંજીવો,
એમ આશિષ દીયે ભલી, આવી છપ્પન કુમારી,
સૂતિકર્મ કરે તે સહી, સોહે જિસી હરિની નારી. ૧

ઢાળ ૩ જી

(રાગ - મોટા તે મેઘરથ કે...)

ચલ્યું રે સિંહાસન ઇન્દ્ર જ્ઞાને નિરખતાં એ;
જાણી જન્મ જિણંદ, ઇન્દ્ર તવ હરખતાં એ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આસનથી રે ઉઠેવ, ભક્તિએ થુણે એ;
વાજે સુઘોષા ઘંટ, સઘલે રણઝણેએ. ૨

ઇન્દ્ર ભુવનપતિ વીશ, વ્યંતર તણાએ,
બત્રીશ રવિ શશિ દોય, દશ હરિ કલ્પનાએ. ૩

ચોસઠ ઇન્દ્ર આણંદ, પ્રણમી કહેએ;
રત્નગર્ભા જિન માત, દુજી એસી નહિએ. ૪

જન્મ મહોત્સવ દેવ, સવિહું આવિયાએ,
માય દેઇ નિદ્રામંગ, સુત લઈ મેરૂ ગયાએ. ૫

કંચન મણિ ભૃંગાર, ગંધોદકે ભર્યાએ,
કિમ સહસે લઘુવીર, હરિ સંશય ધર્યાએ. ૬

વહેશે નીર પ્રવાહ, કેમ તે નામીએ એ;
ન કરે નમણા સ્નાત્ર, જાણ્યું સ્વામીયેએ. ૭

ચરણ અંગુઠે મેરૂ, ચાંપી નાચીયોએ;
મુજ શિર પર ભગવંત, એમ લહી માચીયોએ. ૮

ઉલટ્યા સાયર સાત, સરવે જળ હલ્યાએ;
પાયાલે નાગેન્દ્ર, સઘળા સલસલ્યાએ. ૯

ગિરિવર ગ્રુટે ટુંક, ગડગડી પડ્યાએ;
ત્રણ ભુવનના લોક, કંપિત લડથડ્યાએ. ૧૦

અનંતબલ અરિહંત, સુરપતિએ કહ્યું એ;
મુજ મન મૂરખ મૂઢ, એટલું નવિ લહ્યું એ. ૧૧

પ્રદક્ષિણા દેઈ ખામી, ઓરછવ કરે એ;
નાચે સુરગાયે ગીત, પુણ્ય પોતે ભરે એ. ૧૨

ઇણે સુખે સ્વર્ગની લીલ, તૃણ સમ ગણે એ;
જિન મૂકી માયને પાસ, પદ ગયા આપણે એ. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માય જાગી જૂએ પુત્ર, સુરવરે પુજીયો એ;
કુંડલ દોય દેવદૂષ્ય, અંગુઠે અમીય દીયો એ. ૧૪

જન્મ મહોત્સવ રાય, ઋદ્ધિએ વાધીયો એ,
સજ્જન સંતોષી નામ, વર્ધમાન થાપીયો એ. ૧૫

ઢાળ ૪ થી

(રાગ - પ્રભુ પાર્શ્વનું મુખડું જોવા)

પ્રભુ કલ્પતરૂ સમ વાધે, ગુણ મહિમા પાર ન લાધે;
રૂપે અદ્‌ભુત અનુપમ અકલ, અંગે લક્ષણ બ્રિઘા સકલ. ૧

મુખચંદ્ર કમલદલ નયણ, સાસ સુરભિગંધ મીઠાવયણ;
હેમવરણે પ્રભુ તનુ શોભાવે, અતિ નિર્મળ નીરે નવરાવે ૨

તપ તેજે સૂરજ સોહે, જોતાં સુરનરનાં મન મોહે;
પ્રભુ રમે રાજકુંવર શું વનમાં, માય તાયને આનંદ મનમાં. ૩

પ્રભુ અતુલ મહાબલ ધીર, ઇન્દ્ર સભામાંહે કહે જિનવીર;
એકસુર મૂઢ વાત ન માને, આવ્યો પરખવાને વન રમવાને. ૪

અહિ થઈ વૃક્ષ આમલીયે રાખ્યો, પ્રભુ હાથે ઝાલી દૂરે નાંખ્યો,
વળી બાળક થઇ આવી રમીયો, હારી વીરને ખંધે લઈ ગમીયો. ૫

માય તાય દુઃખ ધરી કહે મિત્ર, કોઈ વર્ધમાનને લઈ ગયો શત્રુ
જોતા સુર વાધે ગગને મિથ્યાત્વી, વીર મુષ્ટિએ હણ્યો પડ્યો ધરતી. ૬

પાય નમી નામ દીધું, મહાવીર, જેહવો ઇન્દ્રે કહ્યો તેવો ધીર,
સુર વળીયો પ્રભુ આવ્યા રંગે, માય તાયને ઉલટ અંગે. ૭

૧. સાસ-શ્વોસોશ્વાસ, ૨ અહિ-સર્પ

વસ્તુ

રાય ઓરછવ રાય ઓરછવ કરે મનરંગ,
લેખનશાળાએ સુત ઠવે, વીર જ્ઞાન રાજા ન જાણે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તવ સૌધર્મ ઇન્દ્ર આવીયો, પૂછે ગ્રંથ સ્વામી વખાણે,
વ્યાકરણ જૈન તિહાં કીયો, આનંદ્યો સુરરાય,
વચન વદે પ્રભુ ભારતી, પંડ્યો વિસ્મય થાય.

ઢાળ ૫ મી

(રાગ - પૂરવ પુણ્ય ઉદય કરી)

યૌવનવય જબ આવીયાએ , રાયકન્યા યશોદા પરણાવીયા એ,
વિવાહ મહોત્સવ શુભ કિયાએ, સવિ સુખ સંસારનાં વિલસીયા એ. ૧

અનુક્રમે હુઇ એક કુંવરી, આઠ વીસ વર્ષ જિનરાજ લીલા કરીએ,
માતાપિતા સદ્‌ગતિ ગયા એ, પછી વીર વૈરાગે પૂરીયા એ. ૨

મયણરાય મનશું જીતીયો એ, વીરે અથિર સંસાર મન ચિંતીયો એ,
રાજરમણી ઋદ્ધિ પરિહરી એ, કહે કુટુંબને લેશું સંયમસિરિ એ. ૩

ઢાળ ૬ ઠ્ઠી

(રાગ - પામી સુગુરૂ પસાય રે..)

પિતરીઓ સુપાસ રે, ભાઈ નંદીવર્ધન, કહે વત્સ એમ ન કીજીયે એ. ૧
આગે માય તારો વિછોહ રે, તું વળી વ્રતલીયે; ચાંદે ખાર ન દીજીયે એ. ૨
નીર વિના જિમ મત્સ્યરે, વીર વિના તિમ; ટળવળતું સહુ છમ કહે એ. ૩
કૃપાવંત ભગવંત રે, નેહ વિના વલી; વરસ બે ઝાઝેરાં રહ્યાં એ. ૪
ફાસુ લીએ અન્નપાન રે, પરઘર નવિ જમે; ચિત્ત ચારિત્રિ ભાવે રમે એ. ૫
ન કરે રાજની ચિંત રે, સુર લોકાંતિક આવી, કહે સંયમ સમે એ. ૬
બૂઝ બૂઝ ભગવંત રે, છોડ વિષય સુખ, એ સંસાર વધારણો એ. ૭

ઢાળ ૭ મી

(રાગ - આવે આવે વિમલગિરિંદ)

આલે આલે ત્રિશલાનો કુવંર, રાજા સિદ્ધારથનો નંદન;
દાન સંવત્સરીએ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક કોડી આઠ લાખ દિન પ્રતિએ,કનક રયણ રૂપા મોતી તો;
મુઠીસુ ભરી ભરીએ.. આલે૦ ૧

ઘણકણ ગજરથ ઘોડલા એ, ગામ નયર પુર દેશ તો;
મનવાંછિત વલી એ,
નિર્ધનને ધનવંત કર્યા રે, તસ ઘરે ન ઓળખે નારી,
સમ કરે વલી વલીએ. આલે૦ ૨

દુઃખ દરિદ્ર ટાળ્યા જનતણાં રે, મેઘ પરે વરસી દાન;
તો પૃથિવી અનૃણ કરીએ,
બહુ નરનારી ઓચ્છવ જુએ એ, સુરનર કરે રે મંડાણ તો,
જિન દીક્ષા વરી એ આલે૦ ૩

વિહાર ક્રમ જગગુરૂ કીયો એ, કેડે આવ્યો માહણ મિત્ર તો,
નારી સંતાપીયો એ;
જિન ! યાચક હું વિસર્યો એ, પ્રભુ ખંધ થકી દેવદૂષ્ય તો,
ઝટ ખંડ કરી દીયો એ. આલે૦ ૪

ઢાળ ૮ મી

જસઘર હોય પ્રભુ પારણું, સૂર તિહાં કંચન વરસે અતિ ઘણું,
આંગણું દીપે તેજે તેહતણું રે, દેવ દુંદુભિ વાજે એ,
તેણે નાદે અંબર ગાજે એ છાજે એ, ત્રિભુવન માંહે સોહામણું એ૦ ૧

ત્રોટક

સોહામણું પ્રભુ તપ તપે એ, બહુ દેશ વિદેશે વિચરંતા,
ભવિજીવને ઉપદેશ દેતાં, સાતે ઇતિ શમાવતા;
ષટ્ માસ વન કાઉસ્સગ્ગ રહી, જિન કર્મ કઠિન દહે સહી,
ગોવાલ ગોઉ ભલાવી ગયા, વીર મુખે બોલે નહિં. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઢાળ

ગોઉ સવિ દશ દિશે ગયા, તેણે આવી કહ્યું મુનિ કિહાં ગયા ?
ઋષિરાય ઉપર મૂર્ખ કોપીયા એ; ચરણ ઉપર રાંધી ખીર,
તેણે ઉપસર્ગે ન ચલ્યા ધીર, મહાવીર શ્રવણે ખીલા ઠોકીયા એ. ૩

ત્રોટક

ઠોકીયા ખીલા દુઃખે પીલ્યા, કો ન લહે તેમ કરી ગયા;
જિનરાજને મન શત્રુ-મિત્ર સરિખા મેરૂ પરે ધ્યાને રહ્યાં;
ઉનહી વરસે મેઘ બારે, વીજળી ઝબકે ઘણી,
બેહુ ચરણ ઉપર ડાભ ઉગ્યા, ઇમ રહે ત્રિભુવન ઘણી. ૪

ઢાળ

એકદિન ધ્યાન પુરું કરી, પ્રભુ નયરીયે પહોંચ્યા ગોચરી,
તિહાં વૈદ્યે શ્રવણે ખીલા જાણીયા એ;
પારણું કરી કાઉસ્સગ્ગે રહ્યા, તિહાં વૈદ્યે સંચ ભેલા કીઆ,
બાંધીયા વૃક્ષો દોર ખીલા તાણીયા એ. ૫

ત્રોટક

તાણી કાઢ્યા દોય ખીલા, વીર વેદના થઈ ઘણી,
આકંદતા ગિરિ થયો શતખંડ, જુઓ ગતિ કરમ તણી;
બાંધે રે જીવડો કર્મ હસતાં, રોવતાં છૂટે નહિ,
ધન્ય ધન્ય જિનવર રહે સમચિત્ત, ઇમ કર્મ ત્રુટે સહી. ૬

ઢાળ ૯ મી

(રાગ - પ્રભુ પાર્શ્વનું મુખડું જોવા રે.)

જુઓ જુઓ કરમે શું કીધું રે, અન્ન વર્ષ ઋષભે ન લીધું રે;
કર્મવશ મ કરો કોઈ ખેદ રે, મલ્લીનાથ પામ્યા સ્ત્રીવેદ રે. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મે ચકી બ્રહ્મદત્ત નડીયો રે, સુભૂમ નરક માંહે પડીયો રે;
ભરત બાહુબલ શું લડીયો રે, ચકી હાર્યો રાય જસ ચડીયો રે. ૨

સનતકુમારે સહ્યા રોગ રે, નળ દમયંતી વિયોગ રે;
વાસુદેવ જરાકુમરે માર્યો રે, બળદેવ મોહનીયે ધાર્યો રે. ૩

ભાઈ શબ મસ્તકે વહીયો રે, પ્રતિબોધ સુરમુખે લહીયો રે;
શ્રેણિક નરકે પહોતો રે, વન ગયા દશરથ પુત્રો રે. ૪

સત્યવંત હરિશ્ચંદ્ર ધીર રે, ડુંબ ઘરે શિર વહ્યું નીર રે;
કુબેરદત્તને કુયોગ રે, બહેન વળી માતાશું ભોગ રે. ૫

પરહસ્તે ચંદનબાળા રે, ચટચું સુભદ્રાને આળ રે;
મયણરેહા મૃગાંકલેખા રે, દુઃખ ભોગવ્યા તે અનેકા રે. ૬

કરમે ચંદ્ર કલંકીયો રે, રાયરંક કોઈ નવિ મૂકયો રે;
ઇંદ્ર અહલ્યાશું લુબ્ધો રે, રયણાદેવી રવિમાઉ ભોગ કીધો. ૭

ઇશ્વર નારીયે નચાવ્યો રે, બ્રહ્મા ધ્યાનથી ચૂકાવ્યો રે;
અહો અહો કરમ પ્રધાન રે, જીત્યા જીત્યા શ્રી વર્ધમાન રે. ૮

ઢાળ ૧૦ મી

(રાગ - શત્રુંજય મંડણ)

ઇમ કર્મ હણ્યા સવિ, ધીર પુરુષ મહાવીર, બાર વર્ષ તપ્યો તપ, તે સઘળો વિણનીર,
શાલિવૃક્ષ તળે પ્રભુ, પામ્યા કેવળજ્ઞાન, સમવસરણ રચે સુર, દેશના દે જિનભાણ. ૧

અપાપા નયરે, યજ્ઞ કરે વિપ્ર જેહ, સર્વે બુઝવી દીક્ષિયા, વીરને વંદે તેહ,
ગૌતમઋષિ આદિ, ચારસેં ચાર હજાર, સહસ ચૌદ મુનિવર, ગણધર વર અગ્યાર ૨

ચંદનબાળા મુખ્ય, સાધવી સહસ છત્રીસ, દોઢ લાખ સહસ, નવ શ્રાવક દે આશિષ;
ત્રણ લાખ શ્રાવિકા, અધિકા સહસ અઢાર, સંઘ ચતુર્વિધ થાપીઓ, ધન ધન જિન પરિવાર. ૩

પ્રભુ અશોકતરૂ તળે, ત્રિગડે કરે વખાણ, સુણે બાર પર્ષદા યોજન વાણી પ્રમાણ;
ત્રણ છત્ર સોહે શિર ચામર ઢાળે ઇન્દ્ર, નાટક બધ્ધ બત્રીશ, ચોત્રીશ અતિશય જિણંદ. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કુલપગર ભરે સુર, વાજે દુંદુભિ નાદ, નમે સકળ સુરાસુર, છાંડી સવિ પ્રમાદ;
ચિહું રૂપે સોહે, ધર્મ પ્રકાશે ચાર, ચોવિશમો જિનવર, આપે ભવનો પાર. ૫

પ્રભુ વર્ષ બોહોતેર, પાળી નિર્મળ આય, ત્રિભુવન ઉપકારી, તરણ તારણ જિનરાય,
કાર્તિક માસે દિન, દીવાળી નિર્વાણ, પ્રભુ મુક્તે પોંત્યા પ્રણમે નિત્ય કલ્યાણ. ૬

કળશ

ઇમ વીર જિનવર સચલ સુખકર, નામે નવનિધિ સંપજે;
ઘર ઋદ્ધિ વૃદ્ધિ સિદ્ધિ પામે, એક મને જે નર ભજે. ૧

તપગચ્છ ઠાકર ગુણ વીરાગર હીરવિજય સૂરીશ્વરૂં
હંસરાજ વંદે મન આણંદે, કહે ધન્ય એ મુજ ગુરૂ. ૨

શ્રી નવપદજીના સ્તવનો- ૧૪

(૧)

ઓ ભવિ પ્રાણી રે ! સેવો, સિદ્ધચક ધ્યાન સમો નહિ મેવો;
જે સિદ્ધચક આરાધે,તેની કીરતિ જગમાં વાધે. ઓ ! ભવિ૦ ૧

પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત;
ત્રીજે પદે રે સૂરીશ્વર ચોથે ઉવજ્ઝાયને પાંચમે મુનીશ્વર. ઓ ! ભવિ૦ ૨

છઠ્ઠે દરિશન કીજે, સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે;
આઠમે ચારિત્ર પાળો, નવમે તપથી મુક્તિ ભાળો. ઓ ! ભવિ૦ ૩

ઓળી આંબીલની કીજે, નવકારવાળી વીશ ગણીજે;
ત્રણે ટંકના રે દેવવદંન, પડિલહેણ પડિક્કમણાં આંબેલ. ઓ ! ભવિ૦ ૪

ગુરૂમુખ કિરિયા રે કીજે, દેવગુરુ ભક્તિ ચિત્તામાં ધરીજે;
એમ કહે રામનો શિષ્ય, ઓળી ઉજવજો જગદીશ ઓ ! ભવિ૦ ૫

(૨)

શ્રી સિદ્ધચક આરાધીયે, શિવસુખ ફળ સહકાર લાલ રે;
જ્ઞાનાદિક ત્રણ રત્નનું, તેજ ચટાવણહાર લાલ રે. શ્રી સિદ્ધ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગૌતમે પૂછતાં કહ્યાં, વીરજિણંદ વિચાર લાલ રે ;
નવપદ મંત્ર આરાધતાં, ફળ લહે ભવિક અપાર લાલ રે. શ્રી સિદ્ધ૦ ૨

ધર્મરથના ચાર ચક્ર છે, ઉપશમ ને સુવિવેક લાલ રે;
સંવર ત્રીજું જાણીયે, ચોથું શ્રી સિદ્ધચક્ર લાલ રે. શ્રી સિદ્ધ૦ ૩

ચક્રીચક્રરયણ બલે, સાધે સયલ છ ખંડ લાલ રે;
તિમ સિદ્ધચક્ર પ્રભાવથી, તેજ પ્રતાપ અખંડ લાલ રે, શ્રી સિદ્ધ૦ ૪

મયણાં ને શ્રીપાળજી, જપતાં બહુ ફળ લીધ લાલ રે;
ગુણ જશવંત જિનેન્દ્રનો, જ્ઞાન વિનોદ પ્રસિદ્ધ લાલ રે. શ્રી સિદ્ધ૦ ૫

(3)

ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી, જેણે બાંધ્યુ જિન નામ,
ચોસઠ ઇન્દ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ રે ભવિકા,
સિદ્ધચક્ર પદ વંદો, જેમ ચિરકાળે નંદો રે ભવિકા૦ ૦

સેવે સુરનર ઇંદો, ઉપશમરસનો કંદો,
વંદીને આનંદો નાવે ભવભય ફંદો, રે, ભવિકા૦ ૧

જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું,
સકળ અધિક ગુણ અતિશયધારી, તે જિન નમી અઘ ટાળું રે ભવિકા૦ ૨

જે તિહું નાણ સમગ્ગ ઉપન્ના, ભોગ કરમ ક્ષીણ જાણી,
લેઈ દીક્ષા શિક્ષા દિયે જગને, તે નમીયે જિન નાણી રે ભવિકા૦ ૩

મહાગોપ મહામાહણ કહીએ, નિર્યામક સત્થવાહ,
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમીએ ઉત્સાહ રે. ભવિકા૦ ૪

આઠ પ્રાતિહારજ જસ છાજે, પાંત્રીસ ગુણયુત વાણી.
જે પ્રતિબોધ કરે જગજનને, તે જિન નમીએ પ્રાણી રે. ભવિકા૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪)

નવપદ મહિમા સાર, સાંભળજો નરનાર, આ છે લાલ ! હેજ ધરી આરાધીએજી;
તો પામો ભવપાર, પુત્ર કલત્ર પરિવાર, આ છે લાલ ! નવ દિન મંત્ર આરાધીએજી. ૧

આસો માસ સુવિચાર, નવ આંબિલ નિરધાર, આ છે લાલ ! વિધિશું જિનવર પૂજિયેજી;
અરિહંત સિદ્ધપદ સાર, ગણણું તેર હજાર, આ છે લાલ ! નવપદ મહિમા કીજીએજી. ૨

મયણા સુંદરી શ્રીપાળ, આરાધ્યો તત્કાળ, આ છે લાલ ! ફળદાયક તેહને થયો જી;
કંચનવરણી કાય, દેહડી તેહની થાય, આ છે લાલ ! શ્રી સિદ્ધચક્ર મહિમા કહ્યોજી. ૩

સાંભળી સહુ નરનાર, આરાધો નવકાર, આ છે લાલ ! હેજ ધરી હૈડે ઘણુંજી;
ચૈત્ર માસ વળી એહ; ધરો નવપદશું નેહ, આ છે લાલ ! પૂજ્યો દે શિવસુખ ઘણુજી. ૪

એણી પરે ગૌતમ સ્વામ, નવનિધિ જેહને નામ; આ છે લાલ ! નવપદ મહિમા વખાણીએજી;
ઉત્તમસાગર શિષ્ય, પ્રણમે તે નિશદિન, આ છે લાલ ! નવપદ મહિમા જાણીએજી. ૫

(૫)

જ્ઞાનપદ ભજીયે રે જગત સુહંકરુ, પાંચ એકાવન ભેદે રે;
સમ્યગ્જ્ઞાન જે જિનવર ભાખિયું, જડતા જનની ઉચ્છેદે રે; જ્ઞાન૦ ૧

ભક્ષાભક્ષ વિવેચન પરગડો, ખીર નીર જિમ હંસો રે;
ભાગ અનંતમો રે અક્ષરનો સદા, અપ્રતિપાતી પ્રકાશ્યો રે જ્ઞાન૦ ૨

મનથી ન જાણે રે કુંભકરણવિધિ, તેહથી કુંભ કેમ થાશે રે;
જ્ઞાન દયાથી રે પ્રથમ છે નિયમા, સદસદ્ભાવ પ્રકાશે રે. જ્ઞાન૦ ૩

કંચનનાણું રે લોચનવંત લહે, અંધોઅંધ પુલાય રે,
એકાંતવાદી રે તત્ત્વ પામે નહિ, સ્યાદ્વાદ રસ સમુદાય રે. જ્ઞાન૦ ૪

જ્ઞાનભર્યા ભરતાદિક ભવ તર્યા, જ્ઞાન સકલ ગુણ મૂળ રે;
જ્ઞાની જ્ઞાનતણી પરિણતિ થકી, પામે ભવજળ કૂળ રે. જ્ઞાન૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અલ્પાગમ જઇ ઉગ્ર વિહારકરે, વિચરે ઉદ્યમવંત રે,
ઉપદેશમાળામાં કિરિયા તેહની, કાયકલેશ તસ હુંત રે. જ્ઞાન૦ ૬

જયંત ભૂપો રે જ્ઞાન આરાધતો, તીર્થંકર પદ પામે રે;
રવિ શશિ મેહ પરે જ્ઞાન અનંતગુણી, **સૌભાગ્યલક્ષ્મી** હિતકામે રે. જ્ઞાન૦ ૭

(૬)

તપપદને પૂજીજે હો પ્રાણી ! તપપદને પજીજે;
સર્વ મંગળમાં પહેલું મંગળ, કર્મ નિકાચિત ટાળે;
ક્ષમાસહિત જે આહાર નિરીહતા, આતમઋદ્ધિ નિહાળે. હો પ્રાણી ! ૧

તે ભવ મુક્તિ જાણે જિનવર, ત્રણ ચઉ જ્ઞાને નિયમા;
તો ય તપ આચરણ ન મૂકે, અનંતગુણો તપ મહિમા. હો પ્રાણી ! ૨

પીઠ અને મહાપીઠ મુનીશ્વર, પૂરવભવ મલ્લિજિનનો;
સાધવી લખમણા તપ નવ ફળિયો, દંભ ગયો નહિ મનનો. હો પ્રાણી ! ૩

અગ્યાર લાખ ને એંશી હજાર, પાંચસે પાંચ દિન ઊણાં;
નંદનઋષિયે માસખમણ કરી, કીધાં કામ સંપૂર્ણા. હો પ્રાણી ! ૪

તપ તપિયા ગુણરત્ન સંવત્સર, ખંધક ક્ષમાના દરિયા;
ચૌદ હજાર સાધુમાં અધિકા, ધન્નો તપગુણ ભરિયા. હો પ્રાણી ! ૫

ષડ્ ભેદ બાહિરતપના પ્રકાશ્યા, અભ્યંતર ષટ્ ભેદ;
બાર ભેદે તપ તપતાં નિર્મળ, સફળ અનેક ઉમેદ. હો પ્રાણી ! ૬

કનકકેતુ એહ પદને આરાધી, સાધી આતમ કાજ;
તીર્થંકરપદ અનુભવ ઉત્તમ, **સૌભાગ્યલક્ષ્મી** મહારાજ. હો પ્રાણી ! ૭

---

૧ ઉમેદ-ઇચ્છા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૭

(રાગ-આતમધ્યાનથી રે સંતો સદાસ્વરૂપે રહેવુ)

અવસર પામીને રે કીજે, નવ આંબિલની ઓળી!;
ઓળી કરતાં આપદ જાયે ઋદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. અ૦ ૧

આસો ને ચૈત્રે આદરશું, સાતમથી સંભાળી રે;
આળસ મેલી આંબિલ કરશે, તસઘર નિત્ય દીવાળી અ૦ ૨

પૂનમને દિન પૂરી થાતે, પ્રેમશું પખાળી રે;
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી જાપ જપે જપમાળી. અ૦ ૩

દેહરે જઇને દેવજુહારો, આદીશ્વર અરિહંત રે,
ચોવીશે જિન ચાહીને પૂજો, ભાવેશું ભગવંત. અ૦ ૪

બે ટંક પડિક્કમણું બોલ્યું, દેવ વંદન ત્રણ કાલ રે;
શ્રી શ્રીપાલતણી પરે સમજી, ચિત્તામાં રાખો ચાલ. અ૦ ૫

સમકિત પામી અંતરજામી, આરાધો એકાંત રે;
સ્યાદ્વાદ પંથે સંચરતાં, આવે ભવનો અંત. અ૦ ૬

સત્તાર ચોરાણું શુદિ ચૈત્રીયે, બારશે બનાવી રે;
સિદ્ધચક્ર ગાતાં સુખ સંપત્તિ, ચાલીને ઘેર આવી રે. અ૦ ૭

ઉદયરત્ન વાચક ઉપદેશે, જે નર નારી ચાલે રે;
ભવની ભાવઠ તે ભાંજીને, મુક્તિપૂરીમાં મ્હાલે. અ૦ ૮

૮

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન કરંતા, પામે જીવ વિશ્રામ. ભવિ૦ ૧

અરિહંત, સિદ્ધ, આયરજ પાઠક, સાધુ સકળ ગુણખાણ. ભવિ૦
દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન. ભવિ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આસો ચૈત્રની શુદિ સાતમથી, પૂનમ લગી પ્રમાણ. ભવિ૦
એમ એકયાસી આંબિલ કીજે, વરસ સાડાચારનું માન. ભવિ૦ ૩

પડિક્કમણાં દોય ટંકના કીજે, પડિલેહણ બે વાર. ભવિ૦
દેવવંદન ત્રણ ટંકના કીજે, દેવ પૂજો ત્રિકાળ. ભવિ ૪

બાર, આઠ, છત્રીસ, પચવીશ ને, સત્તાવીશ સડસઠ સાર. ભવિ૦
એકાવન, સિત્તેર, પચાસનો, કાઉસ્સગ્ગ કરો સાવધાન. ભવિ૦ ૫

એક એક પદનું ગણણું ગણીયે, ગણીયે દોય હજાર. ભવિ૦
એણી વિધે જે એ તપ આરાધે, તે પામે ભવ પાર. ભવિ૦ ૬

કરજોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણ મણિમાલ ભવિ૦
તાસ શિષ્ય મુનિ હેમ કહે છે, જન્મ મરણ દુઃખ ટાળ. ભવિ૦ ૭

(૯)

નવપદનો મહિમા સાંભળજો, સહુને સુખડું થાશે જી;
નવપદ સ્મરણ કરતાં પ્રાણી, ભવભવના દુઃખ જાસે જી. નવ૦ ૧

નવપદના મહિમાથી પ્યારે, કુષ્ટ અઢારે જાવે જી;
ખાંશીખયનને રોગની પીડા, પાસે કદિ નવિ આવે જી. નવ૦ ૨

અરિ કરી સાગર જલણ જલોદર, બંધનના ભય જાશે જી;
ચોર ચરડ ને શાકણ ડાકણ, તસ નામે દૂર નાસે જી. નવ૦ ૩

અપુત્રીયાને પુત્રો હોવે, નિરધનીયા ધન પાવે જી;
નિરાશંસપણે ધ્યાન ધરે જે, તે નર મુક્તે જાવે જી. નવ૦ ૪

શ્રીમતીને એ મંત્ર પ્રભાવે, સર્પ થયો ફૂલમાલ જી;
અમરકુમાર નવપદ મહિમાથી, સુખ પામ્યો સુરસાલજી નવ૦ ૫

મયણા વયણાએ સેવ્યા નવપદ, શ્રી શ્રીપાલ ઉલ્લાસે જી;
રોગ ગયો ને સંપદા પામ્યા, નવમે ભવે શિવ જાશે જી. નવ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ મહાગુણંવતા જી;
દર્શન જ્ઞાન ચરણ તપ રૂડા, એ નવપદ ગુણવંતા જી. નવ૦ ૭

સિદ્ધચક્રનો મહિમા અનંતો, કહેતા પાર ન આવે જી;
દુઃખ હરે ને વંછિત પૂરે, વંદન કરીએ ભાવે જી. નવ૦ ૮

ભાવસાગર કહે સિદ્ધચક્રની, જે નર સેવા કરશેજી;
તે આતમ ગુણ અનુભવીને, મંગળમાલા વરશે જી. નવ૦ ૯

(૧૦)

સકલ સુરાસુર વંદ્ય નમીજે, શ્રી સિદ્ધચક્ર પ્રધાન રે,
ઇહભવ પરભવ શિવસુખ કારણ, વારણ કર્મ [૧]વિતાન રે૦ ૧

પ્રથમ પદે અરિહંત નમીજે, ચાર અતિશયવંત રે,
પ્રાતિહાર જ આઠની શોભા, બાર ગુણે ભગવંત રે૦ ૨

આઠ કરમને નાશે જિનવર, આઠ ગુણે પ્રગટાય રે;
એહવા સિદ્ધ પ્રભુને નમતાં, દુરિત સકલ દૂર જાય રે૦ ૩

આચારજ પ્રણમો પદ ત્રીજે, ગુણ છત્રીસ સુહાય રે;
પાઠક પદ ચોથું નિત પ્રણમું, ગુણ પચવીસ કહાય રે૦ ૪

સત્તાવીશ ગુણે કરી સાધુ, દુષ્ટ કરમ ભવ જીપે રે,
ચાર સદ્દહણા આદે સડસઠ, ભેદે દરિસણ દીપે રે૦ ૫

સાતમે નાણ નમો ભવિ ભાવે, ભક્તિ કરી શુભ મન્ન રે,
પાંચ કહ્યાં મૂલભેદ જ ચારુ, ઉત્તમ એકાવન્ન રે૦ ૬

સંયમ સત્તર પ્રકારે આરાધો, નવમે પદ તપ સાર રે,
તે તપ બારે ભેદે વખાણ્યો, અવિચલ પદ દાતાર રે૦ ૭

એ નવપદમાં આતમા રે, નિજ આતમમાં એહ રે,
મયણા ને શ્રીપાલે આરાધ્યો, નવમે ભવે શિવગેહ રે૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંચ ગુણીમાં ગુણ રહ્યાં રે, ગુણી સેવે ગુણ હોય રે,
ધ્યેય ને ધ્યાતા ધ્યાનથી જાણો, ભેદ રહ્યો નવિ કોય રે૦ ૯

ઇમ નવપદ જે ધ્યાવે પ્રાણી, તે શુભવિજય વરંત રે,
વીર કહે સુણ શ્રેણીક તે નર, સિદ્ધિવધૂ વરકંત રે૦ ૧૦

૧. વિતાન-કુહાડો,

(૧૧)

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવલાહો લીજે જી,
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવ ભવ પાતિક છીજે,
ભવિજન ભજીએ જી.
અવર અનાદિની ચાલ, નિત્ય નિત્ય તજીએ જી. ભવિ૦ ૧
દેવના દેવ દયાકર ઠાકર, ચાકર સુર નર ઇંદા જી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠાં, પ્રણમો શ્રી જિનચંદા, ભવિ૦ ૨

અજ અવિનાશી અકલ અજરામર, કેવલદંસણ નાણી જી;
અવ્યાબાધ અનંતુ વીરજ, સિદ્ધ પ્રણમો ગુણ ખાણી. ભવિ૦ ૩

વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ યોગપીઠ જી;
સુમેરૂ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઇકુ. ભવિ૦ ૪

અંગ ઉપાંગ નંદી અનુયોગા, છ છેદને મૂળ ચાર જી;
દશ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર. ભવિ૦ ૫

વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ ચાર કષાય જી;
ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની ગ્રંથી તજે મુનિરાય. ભવિ૦ ૬

ઉપશમ ક્ષય ઉપશમ ને ક્ષાયિક દર્શન ત્રણ પ્રકાર જી;
શ્રદ્ધા પરિણિતિ આતમ કેરી, નમીએ વારંવાર. ભવિ૦ ૭

અઠ્ઠાવીશ ચૌદ ષટ્ દુગ એક, મત્યાદિકના જાણ જી;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વરનાણ. ભવિ૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહાર જી;
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર ભવિ૦ ૯

બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુ જી;
તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાયરમાં સેતુ.ભવિ૦ ૧૦

એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચાર જી;
દેવગુરુને ધર્મતે એહમાં, દો તીન ચાર પ્રકાર.ભવિ૦ ૧૧

મારગદેશક અવિનાશીપણું આચાર વિનય સંકેત જી;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહિજ હેત.ભવિ૦ ૧૨

વિમલેશ્વર સાન્નિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધે જી;
પદ્મવિજય કહે તે ભવિ પ્રાણી, નિજ આતમ હિત સાધે. ભવિ૦ ૧૩

(૧૨)

(રાગ - નમો નિત્યનાથજી રે. સિદ્ધચક્ર વર સેવાકીજે)

શ્રી સિદ્ધચક્રની સેવના રે, નવપદ જેહમાં પ્રધાન;
પુષ્ટાલંબન એહ છે રે, કીજે નિર્મલ ધ્યાન;
ભવિકજન ધ્યાઈએ રે,
ધ્યાતા ધ્યાન પ્રમાણ, અનુભવ પામીએ રે. ભ૦ ૧

તત્ત્વત્રયી એહને વિષે રે, ધરમી જેહમાં પંચ;
ચાર ધરમે કરી દીપતો રે, જે આપે સુખ સંચ. ભ૦ ૨

દ્વાદશ ગુણથી શોભતાં રે, તિરથપતિ જિનરાજ;
ભવિક કમલ પ્રતિબોધતા રે, સારે વાંછિત કાજ. ભ૦ ૩

આઠ કરમના નાશથી રે, પ્રગટ્યા ગુણ એકત્રીશ;
સાધી પૂરણતા દશા રે, સિદ્ધ નમું સુજગીશ. ભ૦ ૪

જ્ઞાનાનંદે પૂરણો રે, છત્રીસ ગુણના નિધાન;
આગમ શુદ્ધ પ્રરૂપતાં રે, જે જિનરાજ સમાન. ભ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોથે પાઠક ભવિ નમો રે, પણવીશ ગુણ સુપ્રમાણ;
સૂરિપદની ધરે યોગ્યતા રે, સૂત્ર અરથના જાણ. ભ૦ ૬

જ્ઞાનક્રિયા અભ્યાસથી રે, ષટ્કાયક પ્રતિપાળ;
સત્યાવીશ ગુણે સોહતા રે, સાધુજી પરમ દયાળ. ભ૦ ૭

છઠ્ઠે પદે દરશન ભલું રે, સડસઠ ભેદ વિચાર;
નિર્મલ તત્ત્વ રૂચી થઈ રે, જેહથી ભવોદધિ પાર. ભ૦ ૮

નાણ અનુપમ સાતમે રે, ભેદ એકાવન જાણ;
પાંચે જ્ઞાન આરાધતાં રે, પામે પદ નિરવાણ. ભ૦ ૯

ચારિત્ર ગુણનિધિ આઠમે રે, સિત્તેર ભેદ અનૂપ;
નિજગુણ સત્તા રમણતાં રે, થિરતાએ અનુરૂપ ભ૦ ૧૦

ષટ્ બાહ્ય ષટ્ અભ્યંતર રે, ભેદ પચાસ અછેહ;
કરમ તપાવે જે સહી રે, તપ નવમે ગુણગેહ. ભ૦ ૧૧

નવપદ વિધિશું આરાધતાં રે, મયણા ને શ્રીપાળ;
નરસુર સંપદ ભોગવી રે, લેશે શિવ વરમાળ. ભ૦ ૧૨

સિદ્ધચક્રની સેવના રે, કરતાં પાપ પલાય;
જિન ઉત્તમ સુપસાયથી રે, **રત્નવિજય** ગુણગાય ભ૦ ૧૩

(૧૩)

(રાગ-એક દિન પુંડરિક ગણધરૂ રે લાલ)

આરાધો આદર કરી રે લાલ, નવપદ નવય નિધાન ભવિપ્રાણી રે;
પંચ પ્રમાદ પરિહરી રે લાલ, આણી શુભ પ્રણિધાન ભવિપ્રાણી રે.
સિદ્ધચક્ર તપ આદરો રે લાલ... ૧

પ્રથમ પદે નમો નેહશું રે લાલ, દ્વાદશ ગુણ અરિહંત ભવિપ્રાણી રે;
ઉપાસના વિધિશું કરો રે લાલ, જિમ હોય કર્મનો અંત. ભવિપ્રાણી રે૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એકત્રીસ આઠ ગુણે જેહના રે લાલ, પન્નર ભેદ પ્રસિદ્ધ ભવિપ્રાણી રે;
અનંત ચતુષ્કનાં ધણી રે લાલ, ધ્યાવો એહવા સિદ્ધ. ભવિપ્રાણી રે૦ ૩

છત્રીસ છત્રીસ ગુણે જે ધરે રે લાલ, ભાવાચારય જેહ ભવિપ્રાણી રે;
તીર્થંકરસમ જે કહ્યા રે લાલ, વંદુ આચારજ તેહ. ભવિપ્રાણી રે૦ ૪

ચરણ કરણ સિત્તરી ધરે રે લાલ, અંગઉપાંગનાં જાણ ભવિપ્રાણી રે;
ગુણ પચવીશ ઉવજ્ઝાયના રે લાલ, શિષ્યને દે નિત્ય નાણ ભવિપ્રાણી રે૦ ૫

સાધે મોક્ષ તે સાધુજી રે લાલ, ગુણ સત્યાવીશ જાસ ભવિપ્રાણી રે;
અઢીય દ્વીપમા જે મુની રે લાલ, પદ પંચમ નમો ખાસ. ભવિપ્રાણી રે૦ ૬

પચડી સાતનાં નાશથી રે લાલ, ઉપશમ ક્ષાયિક જેહ ભવિપ્રાણી રે;
સડસઠ્ઠ બોલે અલંકર્યો રે લાલ, નમો દર્શન પદ તેહ. ભવિપ્રાણી રે૦ ૭

અઠ્ઠાવીસ ચૌદ છ સહી રે લાલ, દો એક સવિ એકાવન્ન ભવિપ્રાણી રે;
ભેદ જ્ઞાનનાં જાણીને રે લાલ, આરાધે તે ધન્ન. ભવિપ્રાણી રે૦ ૮

નમો ચારિત્રપદ આઠમે રે લાલ, દેશ સર્વ ભેદ હોય ભવિપ્રાણી રે;
બાર સત્તર ભેદ જેહનાં રે લાલ, સેવે શિવપદ હોય. ભવિપ્રાણી રે૦ ૯

બાહ્ય અભ્યંતર તજી ક્રોધને રે લાલ, તપ કરી બાર પ્રકાર ભવિપ્રાણી રે;
નમો તવસ્સ ગુણણું ગુણો રે લાલ, સમતા ઘરી નિરધાર. ભવિપ્રાણી રે૦ ૧૦

ઇન્દ્રભૂતિ ઇમ ઉપદિશે રે લાલ, નવપદ મહિમા સાર ભવિપ્રાણી રે;
શ્રેણિક નરપતિ આગળે રે લાલ, શ્રી શ્રીપાળ અધિકાર. ભવિપ્રાણી રે૦ ૧૧

નવ પટ્ટરાણી જેહને રે લાલ, ગજ રથ નવ હજાર ભવિપ્રાણી રે;
નવલાખ વાજી શોભતા રે લાલ, સુભટકોટિ નવ સાર. ભવિપ્રાણી રે૦ ૧૨

ઋદ્ધિ સંપદ બીજી ઘણી રે લાલ, કહેતાં નાવે પાર ભવિપ્રાણી રે;
આરાધી નવપદ સહી રે લાલ, નવમેં પદ વિસ્તાર. ભવિપ્રાણી રે૦ ૧૩

નવવિધ પરિગ્રહ મૂકીને રે લાલ, નવ નિયાણાં નિવાર ભવિપ્રાણી રે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિદ્ધચક્ર સેવા કરો રે લાલ, જિમ તરો એહ સંસાર. ભવિપ્રાણી રે૦ ૧૪

ઋદ્ધિ કીર્તિ ચેતન લહે રે લાલ, અમૃતપદ સુખસાર ભવિપ્રાણી રે;
એ નવપદ ધ્યાનથી રે લાલ, સવિ સંપદ શ્રીકાર ભવિપ્રાણી રે૦ ૧૫

(૧૪)

સહું ચાલો ભવિજન જઇએ નમી વંદીને પાવન થઈએ;
સિદ્ધચક્ર સિદ્ધિનાં નવસ્થાન છે,
પહેલે પદ અરિહંત તે ઉજ્જવલ વર્ણ સંત શ્રેણીક રાજા,
આરાધે ગુણનું ધામ છે. ૧

બીજે પદે વળી સિદ્ધ, છે રાતા વર્ણે પ્રસિદ્ધ, શ્રીપાલ રાજા,
અનંત ગુણોનું ધામ છે. ૨

ત્રીજે પદ વળી આચાર્ય, તે પીળા વર્ણે ઉદાર; ગુણ છત્રીસ,
પંચાચારનું તો કામ છે. ૩

ચોથે પદે ઉવજ્ઝાય, તે નીલા વર્ણે મનાય; ગુણ પચવીશ,
ગુણોની એ તો ખાણ છે. ૪

પાંચમે પદે સાધુ, શ્યામ વર્ણે હું આરાધું; ગુણનું ભાજન,
સત્યાવીશનું ધ્યાન છે. ૫

છઠ્ઠે પદે દર્શન, દેખીને ચિત્ત પ્રસન્ન; ઉજવલ વર્ણે,
સડસઠ ભેદોનું એ સ્થાન છે. ૬

સાતમે પદે નાણ, એકાવન ભેદે જાણ; ગુણથી ઘોળું,
સાચવવાનું એ કામ છે. ૭

આઠમે પદે ચારિત્ર, તે કરે આતમ પવિત્ર શુક્લ વર્ણે,
સિત્તેર ભેદની ખાણ છે. ૮

નવમે પદે વળી તપ, મોક્ષનો મારે ખપ; સફેદ વર્ણે,
પચાસ ભેદોનું એ કામ છે. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આરાધે શ્રીપાલ રાજા, દેવલોકે ગુણ અવાજા; મયણા સુંદરી,
સતી શિરોમણી એ નાર છે. ૧૦

શ્રી મુનિચંદ્ર ગુરુરાયા, સિદ્ધચક્ર બતાવે સાર; આતમ કાજે
ગુણનો એ તો ભંડાર છે., ૧૧

અરિહંતાદિક નવપદ ૐ હ્રીં યુક્ત પદ; મારા મિત્રો,
પૂજવાનો આ અવસર છે. ૧૨

નમો હીરસૂરીશ્વરરાયા, વળી વિજયસેન સૂરિરાયા; રૂપવિજય ગાવે
નવપદ ગુણગાન રે. ૧૩

પર્વતિથિના સ્તવનો

શ્રી જ્ઞાનપંચમીનું ૬ ઢાળનું સ્તવન

(૧)

ઢાળ ૧ લી

સુત સિદ્ધારથ ભૂપનોરે, સિદ્ધારથ ભગવાન
બાર પર્ષદા આગળે રે, ભાખે શ્રી વર્દ્ધમાન રે;
ભવિયણ ચિત્ત ધરો,
મન વચ કાય અમાયો રે, જ્ઞાન ભક્તિ કરો. ભવિ૦ ૧

ગુણ અનંત આતમ તણા રે, મુખ્યપણે તિહાં દોય;
તેમાં પણ જ્ઞાન જ વડુ રે, જેહથી દંસણ હોય રે. ભવિ૦ ૨

જ્ઞાને ચારિત્ર ગુણ વધે રે, જ્ઞાને ઉદ્યોત સહાય;
જ્ઞાને સ્થવિરપણું લહે રે, આચારજ ઉવજ્ઝાય રે. ભવિ૦ ૩

જ્ઞાની શ્વાસોશ્વાસમાં રે, કઠિણ કરમ કરે નાશ;
વહ્નિ જેમ ઇંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશ રે. ભવિ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રથમ જ્ઞાન પછી દયા રે, સંવર મોહ વિનાશ;
ગુણસ્થાનક પગથાલીએ રે, જેમ ચઢે મોક્ષ આવાસ રે. ભવિ૦ ૫

મઈ સુઅ ઓહી મણપજ્જવા રે, પંચમ કેવલજ્ઞાન;
ચઉ મુંગા શ્રુત એક છે રે, સ્વપર પ્રકાશ નિદાન રે. ભવિ૦ ૬

તેહના સાધન જે કહ્યા રે, પાટી પુસ્તક આદિ;
લખે લખાવે સાચવે રે, ધર્મી ધરી અપ્રમાદો રે. ભવિ૦ ૭

ત્રિવિધ આશાતના જે કરે રે, ભણતાં કરે અંતરાય;
અંધા બહેરા બોબડા રે, મુંગા પાંગુલા થાય રે. ભવિ૦ ૮

ભણતાં ગણતાં ન આવડે, ન મળે વલ્લભ ચીજ;
ગુણમંજરી વરદત્તાપરે રે, જ્ઞાન વિરાધન બીજ રે. ભવિ૦ ૯

પ્રેમે પૂછે પર્ષદા રે, પ્રણમી જગગુરુ પાય;
ગુણમંજરી વરદત્તનો રે કહો અધિકાર પસાય રે, ભવિ૦ ૧૦

ઢાળ બીજી

જંબુદ્વીપના ભરતમાં રે, નયર પદમપુર ખાસ,
અજિતસેન રાજા તિહાં રે, રાણી યશોમતિ તાસ રે;
પ્રાણી ! આરાધો વરજ્ઞાન; એહિજ મુક્તિ નિદાન રે. પ્રા૦ ૧

વરદત્ત કુંવર તેહનો રે, વિનયાદિક ગુણવંત;
પિતાએ ભણવા મૂકીયો રે, આઠ વરસ જબ હુંત રે. પ્રા૦ ૨

પંડિત યત્ન કરે ઘણો રે, છાત્ર ભણાવણ હેત;
અક્ષર એક ન આવડે રે, ગ્રંથતણી શી ચેત રે. પ્રા૦ ૩

કોટે વ્યાપી દેહડી રે, રાજા રાણી સચિંત;
શ્રેષ્ઠી તેહિ જ નયરમાં રે, સિંહદાસ ધનવંત રે. પ્રા૦ ૪

કપૂરતિલકાગેહિની રે, શીલે શોભિત અંગઃ
ગુણ મંજરી તસ બેટડી રે, મૂંગી રોગે વ્યંગ રે. પ્રા૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સોળ વરસની સા થઈ રે, પામી યૌવન વેશ;
દુર્ગભ પણ પરણે નહિ રે, માતપિતા ઘરે ખેદ રે. પ્રા૦ ૬

તેણે અવસરે ઉદ્યાનમાં રે, વિજયસેન ગણધાર;
જ્ઞાન રયણ રયણાયરુ રે ચરણ કરણ વ્રતધાર રે. પ્રા૦ ૭

વનપાલક ભૂપાલને રે, દીધી વધાઈ જામ;
ચતુરંગી સેના સજી રે, વંદન જાવે તામ રે. પ્રા૦ ૮

ધર્મ દેશના સાંભળે રે, પુરજન સહિત નરેશ;
વિકસિત નયન વદન મુદા રે,નહિ પ્રમાદ પ્રવેશ રે. પ્રા૦ ૯

જ્ઞાન વિરાધન પરભવે રે, મુરખ પર આધીન;
રોગે પીડ્યા ટળવળેરે, દીસે દુઃખીયા દીન રે. પ્રા૦ ૧૦

જ્ઞાન સાર સંસારમાં રે, જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાન વિના જગજીવડા રે, ન લહે તત્ત્વ સંકેત રે. પ્રા૦ ૧૧

શ્રેષ્ઠી પૂછે મુણીંદને રે, ભાખો કરુણાવંત;
ગુણમંજરી મુજ અંગજા રે, કવણ કરમ વિરતંત રે. પ્રા૦ ૧૨

ઢાળ ત્રીજી

ધાતકી ખંડના ભરતમાં, ખેટક નયર સુઠામ;
વ્યવહારી જિનદેવ છે, ગૃહિણી સુંદરી નામ. ૧

અંગજ પાંચ સોહામણા, પુત્રી ચતુરા ચાર;
પંડિત પાસે શિખવા, તાતે મૂક્યા કુમાર. ૨

બાલ સ્વભાવે રમત, કરતાં દહાડા જાય;
પંડિત તેને મારે ત્યારે, મા આગળ કહે આય. ૩

સુંદરી શંખણી શીખવે, ભણવાનું નહિ કામ;
પંડ્યો આવે તેડવા, તો તસ હણજો તામ. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાટી ખડીયો લેખણ, બાળી કીધા રાખ;
શઠને વિદ્યા નવિ રુચે, જિમ કરહાને દ્રાખ. ૫

પાડા પરે મ્હોટા થયા, કન્યા ન દિયે કોય;
શેઠ કહે સુણ સુંદરી, એ તુજ કરણી જોય. ૬

ત્રટકી ભાખે ભામિની, "બેટા બાપના હોય,"
પુત્રી હોયે માતની, જાણે છે સૌ કોય. ૭

"રે રે પાપિણી ! સાપિણી ! સામા બોલ મ બોલ!"
રીસાણી કહે "તાહરો ! પાપી બાપ નિટોલ." ૮

શેઠે મારી સુંદરી, કાળ કરી તતખેવ,
એ તુજ બેટી ઉપની, જ્ઞાન વિરાધન હેવ. ૯

મૂર્છાગત ગુણમંજરી, જાતિ સ્મરણ પામી;
જ્ઞાન દિવાકર સાચો, ગુરુને કહે શિરનામી. ૧૦

શેઠ કહે "સુણો સ્વામી, ! કિમ જાવે એ રોગ"
ગુરુ કહે "જ્ઞાન આરાધો," સાધો વંછિત યોગ." ૧૧

ઉજ્વળ પંચમી સેવો, પંચ વરસ પંચ માસ;
'નમો નાણસ્સ' ગણણું ગણો, ચોવિહાર ઉપવાસ. ૧૨

પૂરવ ઉત્તર સન્મુખ, જપીયે દોય હજાર;
પુસ્તક આગળ ઢોકીએ, ધાન્ય ફલાદિ ઉદાર. ૧૩

દીવો પંચ દીવેટતણો, સાથિયો મંગલ ગેહ;
પોષહમાં ન કરી શકે, તેણે વિધિ પારણે એહ. ૧૪

અથવા સૌભાગ્ય પંચમી, ઉજ્જવલ કાર્તિક માસ;
જાવજ્જીવ લગે સેવીએ, ઉજમણા વિધિ ખાસ. ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઢાળ ચોથી

પાંચ પોથી રે ઠવણી પાઠા વિટાંગણાં,
ચાબખી દોરા રે, પાટી પાટલા વતરણાં,
મષી કાગળ રે, કાંબી ખડીયા લેખણી,
કવળી ડાબલી એ, ચંદુઆ ઝરમર પૂંજણી ...૧

ત્રુટક

પ્રાસાદ પ્રતિમા તાસ ભૂષણ, કેસર ચંદન ડાબલી,
વાસકૂંપી વાળાકૂંચી, અંગલૂહણાં, છાબડી;
કળશ થાળી મંગળદીવો, આરતિને ધૂપણાં,
ચરવલામુહપત્તિ સાહમ્મિવચ્છલ, નોકારવાલી સ્થાપના. ૨

ઢાળ

જ્ઞાન દરિસન રે, ચરણના સાધન જે કહ્યાં;
તપ સંયુત રે, ગુણમંજરીએ સદ્દહ્યાં;
નૃપ પૂછે રે, "વરદત્ત કુંવરને અંગરે,
રોગ ઉપનો રે, કવણ કરમના ભંગ રે ?" ૩

ત્રુટક

મુનિરાજ ભાખે "જંબુદ્વીપે, ભરત સિંહપુર ગામ એ,
વ્યવહારી વસુ તાસ નંદન, વસુસાર વસુદેવ નામ એ;
વનમાંહે રમતાં દોય બાંધવ, પુણ્યયોગે ગુરૂ મળ્યા,
વૈરાગ્ય પામી ભોગ વામી, ધર્મ ધામી સંચર્યા. ૪

ઢાળ

લઘુ બાંધવ રે, ગુણવંત ગુરુ પદવી લહે,
પણસય મુનિને રે, સારણ વારણ નિતુ દીએ;
કર્મયોગે રે અશુભ ઉદય થયો અન્યદા
સંથારે રે પોરસિ ભણી પોઢ્યા યદા. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રુટક

સર્વઘાતી નિંદ વ્યાપી, સાધુ માંગે વાયણા,
ઉંઘમાં અંતરાય થાતાં, સૂરિ હુઆ દૂમણા;
જ્ઞાન ઉપર દ્વેષ જાગ્યો, લાગ્યો મિથ્યાત્વ ભૂતડો,
પુણ્ય અમૃત ટોળી નાંખ્યું, ભર્યો પાપતણો ઘડો. ૬

ઢાળ

મન ચિંતવેરે, "કાં મુજ લાગ્યું પાપ રે ?
શ્રુત અભ્યાસો રે, શ્યો એવડો સંતાપ રે;
મુજ બાંધવ રે ભોયણ સયણ સુખે કરે
મૂરખના રે આઠ ગુણ મુખ ઉચ્ચરે." ૭

ત્રુટક

બાર વાસર કોઈ મુનિને, વાયણા દીધી નહિ,
અશુભધ્યાને આયુ પૂરી, ભૂપ તુજ નંદન સહી;
જ્ઞાન વિરાધન મૂઢ જડપણું, કોઢની વેદના લહી;
વૃદ્ધ બાંધવ માન સરોવર, હંસ ગતિ પામ્યો સહી. ૮

ઢાળ

વરદત્તને રે, જાતિસ્મરણ ઉપન્યું,
ભવ દીઠો રે, ગુરુ પ્રણમી કહે શુભ મનો,
ધન્ય ગુરુજી રે ! જ્ઞાન જગમાંય દીવડો,
ગુણ અવગુણ રે, ભાસન જે જગ પરવડો. ૯

ત્રુટક

જ્ઞાન પાવન સિદ્ધિ સાધન, જ્ઞાન કહો કેમ આવડે ?
ગુરુ કહે તપથી પાપ નાશે, ટાઢ જેમ ઘન તાવડે,
ભૂપ પભણે પુત્રને પ્રભુ, તપની શક્તિ ન એવડી,
ગુરુ કહે "પંચમી તપ આરાધો, સંપદા લ્યો બેવડી." ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઢાળ પાંચમી

સદ્‌ગુરુ વચણ સુધારસે રે, ભેદી સાતે ધાત, તપશું રંગ લાગ્યો;
ગુણમંજરી વરદત્તનો રે, નાઠો રોગ મિથ્યાત. તપ૦ ૧
પંચમી તપ મહિમા ઘણો રે, પ્રસર્યો મહીયલમાંહી; તપ૦
કન્યા સહસ સ્વયંવરા રે વરદત્ત પરણ્યો ત્યાંહી. તપ૦ ૨
ભૂપે કીધો પાટવી રે, આપ થયો મુનિ ભૂપ; તપ૦
ભીમકાંત ગુણે કરી રે, વરદત્ત રવિ શશિ રૂપ તપ૦ ૩
રાજ રમા રમણી તણાં રે, ભોગવે ભોગ અખંડ; તપ૦
વરસે વરસે ઉજવે રે, પંચમી તેજ પ્રચંડ. તપ૦ ૪
ભુક્તભોગી થયો સંયમી રે, પાલે વ્રત ષટ્‌કાય; તપ૦
ગુણમંજરી જિનચંદ્રને રે, પરણાવે નિજ તાય. તપ૦ ૫
સુખ વિલસી થઈ સાધવી રે, વૈજયંતે દોય દેવ તપ૦
વરદત્ત પણ ઉપનો રે, જિહાં સીમંધર દેવ. તપ૦ ૬
અમરસેન રાજા ઘરે રે, ગુણવંત નારી પેટ; તપ૦
લક્ષણ લક્ષિત રાયને રે, પુણ્યે કીધો ભેટ તપ૦ ૭
શૂરસેન રાજા થયો રે, સો કન્યા ભરથાર; તપ૦
સીમંધર સ્વામી કને રે, સુણી પંચમી અધિકાર. તપ૦ ૮
તિહાં પણ તે તપ આદર્યું રે,લોક સહિત ભૂપાલ; તપ૦
દશ હજાર વરસાં લગે રે, પાળે રાજ્ય ઉદાર. તપ૦ ૯
ચાર મહાવ્રત ચોંપશું રે, શ્રી જિનવરની પાસ; તપ૦
કેવલધર મુક્તે ગયો રે, સાદિ અનંત નિવાસ. તપ૦ ૧૦
રમણી વિજય શુભાપુરી રે,જંબૂવિદેહ મોઝાર; તપ૦
અમરસિંહ મહીપાલને રે, અમરાવતી ઘરનાર. તપ૦ ૧૧
વૈજયંત થકી ચવી રે, ગુણમંજરીનો જીવ તપ૦
માનસર હંસલોરે, નામ ધર્યું સુગ્રીવ. તપ૦ ૧૨
વીશે વરસે રાજવી રે, સહસ ચોરાશી પુત્ર; તપ૦
લાખ પૂરવ સમતા ધરે રે, કેવળજ્ઞાન પવિત્ર તપ૦ ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચમી તપ મહિમા વિશે રે, ભાખે નિજ અધિકાર; તપ૦
જેણે જેહથી શિવપદ લહ્યું રે, તેહને તસ ઉપકાર તપ૦ ૧૪

ઢાળ ૬ઠ્ઠી

ચોવીશ દંડક વારવા, હું વારી લાલ, ચોવીશમો જિનચંદરે, હું વારી લાલ;
પ્રગટયો પ્રાણત સ્વર્ગથી, હું વારી લાલ, ત્રિશલા ઉર સુખકંદ રે, હુ૦
મહાવીરને કરું વંદના, હું વારી લાલ. ૧

પંચમી ગતિને સાધવા, હું વારી લાલ, પંચમનાણ વિલાસ રે, હું૦
મહાનિશીથ સિદ્ધાંતમાં, હું વારી લાલ, પંચમી તપ પ્રકાશ રે, હું વારી લાલ.૨

અપરાધી પણ ઉદ્ધર્યો, હું વારી લાલ, ચંડકોશિયો સાપ રે, હું૦
યજ્ઞ કરતા બ્રાહ્મણો, હું વારી લાલ, સરખા કીધા આપ રે, હું વારી લાલ. ૩

દેવાનંદા બ્રાહ્મણી, હું વારી લાલ, ઋષભદત્ત વળી વિપ્ર રે, હું૦
બ્યાસી દિવસ સંબંધથી હું વારી લાલ, કામિત પૂર્યો ક્ષિપ્ર રે, હું વારી લાલ. ૪

કર્મ રોગને ટાળવા, હું વારી લાલ, સર્વ ઔષધનો જાણ રે, હું૦
આદર્યો મેં આશા ધરી, હું વારી લાલ, મુજ ઉપર હિત આણ રે, હું વારી લાલ. ૫

શ્રી વિજયસિંહ સૂરીશનો, હું વારી લાલ, સત્યવિજય પંન્યાસ રે, હું૦
શિષ્ય કપૂરવિજય કવિ, હું વારી લાલ, ચંદકિરણ જસ જાસ રે, હું વારી લાલ. ૬

પાસ પંચાસરા સાનિધ્યે, હું વારી લાલ, ખીમાવિજય ગુરુનામ રે, હું૦
જિનવિજય કહે મુજ હજો, હું વારી લાલ, પંચમી તપ પરિણામ રે, હું વારી લાલ.૭

કળશ

ઇમ વીરલાયક વિશ્વનાયક, સિદ્ધિદાયક સંસ્તવ્યો,
પંચમી તપ સંસ્તવન ટોડર, ગૂંથી નિજ કંઠે ઠવ્યો;
પુણ્યપાટણ ક્ષેત્ર માંહે, સત્તર ત્રાણું સંવત્સરે,
શ્રી પાર્શ્વ જન્મ કલ્યાણ દિવસે, સકલ ભવિ મંગલ કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨)

શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન;
દોષ અઠાર અભાવથી રે, ગુણ ઉપન્યા તે પ્રમાણ રે;
ભવિયા વંદો કેવળજ્ઞાન.
પંચમી દિનગુણ ખાણ રે, ભવિયા વંદો કેવળજ્ઞાન, ભવિ૦ ૧
અનામીના નામનો રે, કિશ્યો વિશેષ કહેવાય;
એ તો મધ્યમાં પૈખરી રે, વચન ઉલ્લેખ ઠરાય રે. ભવિ૦ ૨

ધ્યાન ટાણે પ્રભુ તું હોયરે, અલખ અગોચર રૂપ;
પરા પશ્યંતિ પામીને રે, કાંઈ પ્રમાણે મુનિ ભૂપ રે. ભવિ૦ ૩

છતી પર્યાય જે જ્ઞાનના રે, તે તો નવિ બદલાય;
જ્ઞેયની નવ નવી વર્તના રે, સમયમાં સર્વ જણાય રે. ભવિ૦ ૪

બીજા જ્ઞાન તણી પ્રભા રે, એહમાં સર્વ સમાય;
રવિ પ્રભાથી અધિક નહિ રે, નક્ષત્ર ગણ સમુદાય રે. ભવિ૦ ૫

ગુણ અનંતા જ્ઞાનના રે, જાણે ધન્ય નર તેહ;
વિજયલક્ષ્મીસૂરિ તે લહે રે, જ્ઞાન મહોદય ગેહ રે. ભવિ૦ ૬

શ્રી અષ્ટમીના સ્તવનો ૨

(૧)

ઢાળ ૧ લી

હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીશ દેશજો,
દીપે રે તીહાં દેશ મગધ સહુમાં શિરે રે લોલ;
હાંરે મારે નયરી તેહમાં રાજગૃહી સુવિશેષજો,
રાજે રે તિહાં શ્રેણીક ગાજે ગજપરે રે લોલ. ૧

હાંરે મારે ગામ નયરપુર પાવન કરતાં નાથજો,
વિચરંતા તિહાં આવી વીર સમોસર્યા રે લોલ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાંરે મારે ચૌદ સહસ મુનિવરની સાથે સાથજો,
સુધા રે તપ સંયમ શીયલે અલંકર્યા રે લોલ. ૨

હાંરે મારે ફૂલ્યા રશભર ઝુલ્યા અંબ કદંબ જો,
જાણું રે ગુણશીલવન હસી રોમાંચીયો રે લોલ;
હાંરે મારે વાયા વાય સુવાય તિહાં અવિલંબજો,
વાસે રે પરિમલ ચિહું પાસે સંચિયો રે લોલ. ૩

હાંરે મારે દેવ ચતુર્વિધ આવે કોડાકોડજો,
ત્રિગડું રે મણિ હેમ રજતનું તે રચે રે લોલ;
હાંરે મારે ચોસઠ સુરપતિ સેવે હોડાહોડજો,
આગે રે રસ લાગે ઇન્દ્રાણી નાચે રે લોલ. ૪

હાંરે મારે મણિમય હેમ સિંહાસન બેઠા નાથજો,
ઢાળે રે સુર ચામર મણિ રત્ને જડ્યાં રે લોલ;
હાંરે મારે સુણતાં દુંદભિ નાદ ટળે સવિ તાપજો,
વરસે રે સુર ફૂલ સરસ જાનું અડ્યાં રે લોલ. ૫

હાંરે મારે તાજે તેજે ગાજે ઘન જેમ લુંબજો,
રાજે રે જિનરાજ સમજાવે ધર્મને રે લોલ;
હારે મારે નિરખી હરખી આવે જન મન લુંબજો,
પોષેરે રસ ન પડે ઘોષે ભર્મમાં રે લોલ. ૬

હાંરે મારે આગમ જાણી જિનનો શ્રેણિકરાયજો,
આવ્યો રે પરિવરિયો હય ગય રથ પાયગે રે લોલ;
હાંરે મારે દેઈ પ્રદક્ષિણા વંદી બેઠો ઠાયજો,
સુણવા રે જિનવાણી મોટે ભાયગે રે લોલ. ૭

હાંરે મારે ત્રિભુવન નાયક લાયક તવ ભગવંત જો,
આણી રે જન કરૂણા ધર્મકથા કહે રે લોલ;
હાંરે મારે સહજ વિરોધ વિસારી જગના જંતુજો,
સુણવા રે જિનવાણી મનમાં ગહગહે રે લોલ. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઢાળ રજી

વીર જિનવર ઇમ ઉપદિશે, સાંભળો ચતુર સુજાણ રે;
મોહની નિંદમાં કાં પડો, ઓળખો ધર્મના ઠાણ રે. ૦ ૧

વિરતિ એ સુમતિધરી આદરો, પરીહરો વિષય કષાય રે;
બાપડા પંચ પરમાદથી, કાં પડો કુગતિમાં ધાય[૧] રે. વિરતિ૦ ૨

કરી શકો ધર્મ કરણી સદા, તો કરો એહ ઉપદેશ રે;
સર્વ કાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષ રે. વિરતિ૦ ૩

જુજુઆ પર્વષટના કહ્યાં, ફળ ઘણાં આગમે જોય રે;
વચન અનુસારે આરાધતાં, સર્વથા સિદ્ધિ ફલ હોય રે. વિરતિ૦ ૪

જીવને આયુ પરભવ તણું, તિથિદિને બંધ હોય પ્રાય રે;
તેહ ભણી એહ આરાધતાં. પ્રાણીઓ સદ્‌ગતિ જાય રે. વિરતિ૦ ૫

તે હવે અષ્ટમી ફળ તિહાં, પૂછે શ્રી ગૌતમ સ્વામ રે;
ભવિક જીવ જાણવા કારણે, કહે વીર પ્રભુતામ રે; વિરતિ૦ ૬

અષ્ટ મહા સિદ્ધિ હોય એહથી, સંપદા આઠની વૃદ્ધિ રે;
બુદ્ધિના આઠ ગુણ સંપજે, એહથી અષ્ટગુણ સિદ્ધિ રે. વિરતિ૦ ૭

લાભ હોય આઠ પડિહારનો, આઠ પવયણ ફળ હોયરે;
નાશ અષ્ટ કર્મનો મૂળથી, અષ્ટમીનું ફળ જોય રે. વિરતિ૦ ૮

આદિજિન જન્મ દીક્ષાતણો, અજિતનો જન્મ કલ્યાણ રે;
ચ્યવન સંભવતણો એહ તિથે, અભિનંદન નિર્વાણ રે. વિરતિ૦ ૯

સુમતિ સુવ્રત નમિ જનમીયા, નેમનો મુક્તિ દિન જાણ રે,
પાર્શ્વજિન એહ તિથે સિદ્ધલા,સાતમા જિન ચ્યવન માણ રે. વિરતિ૦ ૧૦

એહ તિથિ સાધતો રાજીયો, દંડવીરજ લહ્યો મુક્તિ રે;
કર્મહણવા ભણી અષ્ટમી, કહે સૂત્ર નિર્યુક્તિ રે. વિરતિ૦ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અતીત અનાગત કાળના, જિન તણા કેઈ કલ્યાણ રે,
એહ તિથે વળી ઘણા સંયમી, પામશે પદ નિરવાણ રે. વિરતિ૦ ૧૨

ધર્મવાસિત પશુ પંખીયા, એહ તિથે કરે ઉપવાસ રે;
વ્રત ધારી જીવ પોસહ કરે, જેહને ધર્મ અભ્યાસ રે. વિરતિ૦ ૧૩

ભાખીયો વીરે આઠમ તણો, ભવિક હિત એ અધિકાર રે;
જિન મુખે ઉચ્ચરી પ્રાણીયા, પામશે ભવ તણો પાર રે. વિરતિ૦ ૧૪

એહથી સંપદા સવિ લહે, ટળે કષ્ટની કોડી રે;
સેવજો શિષ્ય બુધ પ્રેમનો, કહે કાંતિ કરજોડી રે. વિરતિ૦ ૧૫

૧. ઘાય-દોડીને

॥ કળશ ॥

ઇમ ત્રિજગભાસન અચલ શાસન, વર્ધમાન જિનેશ્વરૂં,
બુધ પ્રેમ ગુરુ સુપસાય પામી, સંથુણ્યો અલવેસરૂ,
જિન ગુણ પ્રસંગે ભણ્યો રંગે, સ્તવન એ આઠમતણો,
જે ભવિક ભાવે સુણે ગાવે, કાંતિ સુખ પાવે ઘણો.

અષ્ટમિનુ સ્તવન-૨

ઢાળ ૧ લી

શ્રી રાજગૃહી શુભ ઠામ, અધિક દીવાજે રે,
વિચરંતા વીર જિણંદ, અતિશય છાજે રે. ૧

તિહાં ચોત્રીશ ને પાત્રીશ, વાણી ગુણ લાવે રે,
પધાર્યા વધામણી જાય, શ્રેણિક આવે રે. ૨

તિહાં ચોસઠ સુરપતિ આવીને, ત્રિગડું બનાવે રે;
તેમાં બેસીને ઉપદેશ, પ્રભુજી સુણાવે રે. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તિહાં સુર નર ને તિર્યંચ, નિજ નિજ ભાષા રે;
તિહાં સમજીને ભવતીર, પામે સુખ ખાસા રે. ૪

તિહાં ઇન્દ્રભૂતિ ગણધાર, શ્રી ગુરુ વીરને રે;
પૂછે અષ્ટમીનો મહિમા, કહો પ્રભુ અમને રે. ૫

તવ ભાખે વીર જીણંદ, સુણો સહુ પ્રાણી રે;
આઠમદિન જિનના કલ્યાણ, ધરો ચિત્ત આણી રે. ૬

ઢાળ ૨જી

શ્રી ઋષભનું જન્મ કલ્યાણ રે, વળી ચારિત્ર લહ્યું ભલે વાન રે;
ત્રીજા સંભવનું ચ્યવન કલ્યાણ, ભવિ તુમે અષ્ટમી તિથિ સેવો રે,
એ છે શિવવધૂ વરવાનો મેવો. ભવિ૦ ૧

શ્રી અજિત સુમતિ નમિ જન્મ્યા રે, અભિનંદન શિવપદ પામ્યા રે,
જિન સાતમા ચ્યવન દિપાવ્યા. ભવિ૦ ૨

વીસમા મુનિસુવ્રતસ્વામી રે, જેનો જન્મ હોય ગુણધામી રે;
બાવીસમા શિવ વિશરામી. ૩

પારસજિન મોક્ષ મહંતા રે, ઇત્યાદિક જિન ગુણવંતા રે;
કલ્યાણક મુખ્ય કહંતા. ભવિ૦ ૪

આઠ કર્મ તે દૂર પલાય રે, તેથી અડસિદ્ધિ અડબુદ્ધિ થાય રે;
તે કારણ સેવો ચિત્ત લાય. ભવિ૦ ૫

એવી વીરજિણંદની વાણી રે, સુણી સમજ્યા બહુ ભવિ પ્રાણી રે;
આઠમ દિન અતિ ગુણખાણી. ભવિ૦ ૬

શ્રી ઉદયસાગરસૂરિ રાયા રે, ગુરુ શિષ્ય વિવેકે ધ્યાયા રે;
તસ ન્યાયસાગર ગુણ ગાયા ભવિ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મૌન એકાદશીનું ૪ ઢાળનું સ્તવન ૧

ઢાળ ૧ લી

જગપતિ નાયક નેમિ જિણંદ, દ્વારિકા નગરી સમોસર્યા,
જગપતિ વંદન કૃષ્ણ નરિંદ, જાદવ કોડશું પરિવર્યા... ૧

જગપતિ દ્વી ગુણ ફૂલ અમૂલ, ભક્તિ ગુણે માળા રચી,
જગપતિ પૂજી પૂછે કૃષ્ણ, ક્ષાયિક સમકિતશિવરૂચી.. ૨

જગ પતિ ચારિત્ર ધર્મ અશક્ત, રક્ત આરંભ પરિગ્રહે,
જગપતિ મુજ આતમ ઉદ્ધાર, કારણ તુમ વિણ કોણ કહે... ૩

જગપતિ તુમ સરિખો મુજ નાથ, માથે ગાજે ગુણ નિલો,
જગપતિ કોઈ ઉપાય બતાવ, જેમ વરે શિવવધૂકંતલો.. ૪

નરપતિ ઉજ્વલ માગસિર માસ, આરાધો એકાદશી,
નરપતિ એકશો ને પચાસ, કલ્યાણક તિથિ ઉલ્લસી... ૫

નરપતિ દશ ક્ષેત્રે ત્રણ કાળ, ચોવીસી ત્રીસે મળી,
નરપતિ નેવું જિનનાં કલ્યાણ, વિવરી કહું આગળ વળી.. ૬

નરપતિ અર દીક્ષા નમી નાણ, મલ્લી જન્મ વ્રત કેવલી,
નરપતિ વર્તમાન ચોવીસી, માંહે કલ્યાણ કહ્યાં વળી... ૭

નરપતિ મૌનપણે ઉપવાસ, દોઢસો જપમાળા ગણો,
નરપતિ મન વચ કાય પવિત્ર, ચરિત્ર સુણો સુવ્રત તણો... ૮

નરપતિ દાહિણ ઘાતકી ખંડ, પશ્ચિમ દિશી ઇક્ષુકારથી,
નરપતિ વિજય પાટણ અભિધાન, સાચો નૃપ પ્રજાપાળથી... ૯

નરપતિ નારી ચંદ્રાવતી તાસ, ચંદ્રમુખી ગજગામિની,
નરપતિ શ્રેષ્ઠી શૂર વિખ્યાત, શીયલ સલીલા કામિની.. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નરપતિ પુત્રાદિક પરિવાર, સાર ભૂષણ ચીવર ધરી,
નરપતિ જાયે નિત્યજિનગેહ, નમન સ્તવન પૂજા કરે... ૧૧

નરપતિ પોષે પાત્ર સુપાત્ર, સામાયિક પૌષધ કરે,
નરપતિ દેવવંદન આવશ્યક કાળ વેળાએ અનુસરે.. ૧૨

ઢાળ ૨

એકદિન પ્રણમી પાય, સુવ્રત સાધુ તણાં સ્ત્રી,
વિનયે વિનવે શેઠ, મુનિવર કરી કરૂણા સ્ત્રી... ૧

દાખો દિન મુજ એક, થોડો પુણ્યકીયો સ્ત્રી,
વાધે જિમ વડબીજ, શુભ અનુબંધી થયો સ્ત્રી... ૨

મુનિ ભાખે મહાભાગ્ય, પાવન પર્વ ઘણાં સ્ત્રી,
એકાદશી સુવિશેષ, તેહમાં સુણ સુમના સ્ત્રી... ૩

સિત એકાદશી સેવ, માસ અગ્યાર લગે સ્ત્રી,
અથવા વરસ અગ્યાર, ઉજવી તપસું વગે સ્ત્રી... ૪

સાંભળી સદ્‌ગુરુ વેણ, આનંદ અતિ ઉલ્લસ્યો સ્ત્રી,
તપ સેવી ઉજવિય, આરણ સ્વર્ગ વસ્યો સ્ત્રી... ૫

એકવીસ સાગર આય, પાલી પુણ્ય વસે સ્ત્રી,
સાંભળ કેશવરાય ! આગળ જેહ થશે સ્ત્રી... ૬

સૌરીપુરમા શેઠ, સમુદ્રદત્ત વડો સ્ત્રી,
પ્રીતિમતિ પ્રિયા તાસ, પુણ્યે જોગ જડ્યોસ્ત્રી... ૭

તસ કુખેં અવતાર, સૂચિત સુભ સ્વપ્ને સ્ત્રી,
જન્મ્યો પુત્ર પવિત્ર, ઉત્તમ ગ્રહ શકુને સ્ત્રી... ૮

નાલ નિક્ષેપ નિધાન, ભૂમિથી પ્રગટ્યો હવે સ્ત્રી,
ગર્ભદોહદ અનભાવ, સુવ્રત નામ ઠવ્યો સ્ત્રી... ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બુદ્ધિ ઉદ્યમ ગુરુ જોગ, શાસ્ત્ર અનેક ભણ્યો સી,
યૌવનવયે અગીયાર, રૂપવતી પરણ્યો સી...૧૦

જિનપૂજા મુનિદાન, સુવ્રત પચ્ચક્ખાણ ઘરે સી,
અગિયાર કંચન કોડ, નાયક પુણ્યે ભરે સી....૧૧

ધર્મ ઘોષ અણગાર,તિથિ અધિકાર કહે સી,
સાંભળી સુવ્રત શેઠ, જાતિસ્મરણ લહે સી....૧૨

જિન પ્રત્યય મુનિ સાખ, ભક્તે તપ ઉચ્ચરે સી,
એકાદશી દિન આઠ, પહોરો પોસો ઘરે સી....૧૩

ઢાળ 3 જી

(રાગ - સાંભળજો મુનિ સંય.મરાગે)

પત્ની સંયતે પોષહ લીધો, સુવ્રત શેઠ અન્યદાજી,
અવસર જાણી તસ્કર આવ્યા, ઘરમાં ઘન લૂંટે તદાજી... ૧

શાસન ભક્તે દેવી શક્તે, શંભાયા તે બાપડાજી,
કોલાહલ સુણી કોટવાલ આવ્યો, ભૂપ આગળ ધર્યા રાંકડાંજી... ૨

પોસહ પારી દેવજુહારી, દયાવંત લેઈ ભેટણાંજી,
રાયને પ્રણમી ચોર મૂકાવી, શેઠે કીધાં પારણાંજી... ૩

અન્ય દિવસ વૈશ્વાનર લાગો, સૌરીપુરમાં આકરોજી,
શેઠજી પોસહ સમરસ બેઠા, લોક કહે હઠ કાં કરોજી... ૪

પુણ્યે હાટ વખારો શેઠની, ઉગરી સૌ પ્રસંસા કરેજી,
હરખે શેઠજી તપ ઉજમણું, પ્રમદા સાથે આદરેજી... ૫

પુત્રને ઘરનો ભાર ચલાવી, સંવેગી શિર શેહરોજી,
ચઉનાણી વિજયશેખર સૂરિ, પાસેં તપવ્રત આદરેજી... ૬

એક ખટ માસીયાર ચૌમાસી, દોસય છટ્ટ સો અટ્ઠ કરેજી,
બીજા તપ પણ બહુશ્રુત સુવ્રત, મૌન એકાદશી વ્રત ધરેજી... ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક અધમ સુર મિથ્યાદ્રષ્ટિદેવતા સુવ્રત સાધુનેજી,
પૂર્વોપાર્જિત કર્મ ઉદેરી, અંગે વધારે વ્યાધિનેજી... ૮

કર્મે નડીયો પાપે જડીઓ સુર કહે જાઓ ઔષધ ભણીજી,
સાધુ ન જાચે રોષ ભરાયે, પાટુ પ્રહારે હણ્યો મુનિજી...૯

મુનિ મન વચન કાય ત્રિયોગે ધ્યાન [૧]અનલ દહે કર્મનેજી,
કેવલ પામી જિનપદ રામી, સુવ્રત નેમ કહે શ્યામનેજી...૧૦

ઢાળ ૪ થી

(રાગ - સિદ્ધારથ રાય કુલતિલોએ)

કાન પયંપે નેમને એ, ધન્યધન્ય યાદવવંશ, જિહાં પ્રભુ અવતર્યા એ,
મુજ મન માનસ હંસલો જ્યો જિન નેમને એ..... ૧

ધન્ય શિવાદેવી માવડીએ, સમુદ્ર વિજય ધન્ય તાત, જ્યો....
સુજાત જગતગુરૂએ, રત્નગર્ભા અવદાત ,જ્યો... ૨

ચરણ વિરોધી ઉપનોએ, હું નવમો વાસુદેવ, જ્યો.
તિણે મન નવિ ઉલ્લસેએ, ચરણ ધરમની સેવ, જ્યો... ૩

હાથી જેમ કાદવ ગલ્યોએ જાણું ઉપાદેય હેય,જ્યો.
તો પણ હું ન કરી શકું એ, દુષ્ટ કર્મનો ભેય,જ્યો... ૪

પણ શરણું બલિતાયણું એ, કીજે સીજે કાજ, જ્યો.
એહવાં વચનને સાંભળીએ, બાંહે ગ્રહ્યાની લાજ, જ્યો... ૫

નેમ કહે એકાદશીએ, સમકિત યુત આરાધ, જ્યો.
થાઈશ જિનવર બારમોએ, ભાવિ ચોવિશીએ લદ્ધ ,જ્યો... ૬

એમ નેમિ જિનવર, નિત્ય પુરંદર, રૈવતાચલ મંડણો,
બાણ નવ મુનિ ચંદ વરસે, રાજનગરે સંથુણ્યો... ૭

સંવેગ રંગ તરંગ જલનિધિ, સત્યવિજયગુરુ અનુસરી,
"કપુર વિજય કવિક્ષમાવિજય ગણિ, **જિનવિજય**" જયસિરિવરી...૮

---

૧. ચરણ-ચારિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિભાગ-૬

સજ્ઝાય સંગ્રહ

વિવિધ ચરિત્રોની સજ્ઝાય

૧. શ્રી શાલીભદ્રની સજ્ઝાય

બોલો બોલો રે શાલીભદ્ર દો વરીયા, દો વરીયા દો ચાર વરીયા. ૧
માય તુમારી ખડીય પૂકારે, વહુઅર સબ આગે ખડીયા. ૨
પોટચો પુત્ર શિલા પર પેખી, આંખે આંસુ ઝળહળીયા. ૩
ફૂલની શય્યા જેહને ખૂંચતી, તેણે સંથારો શીલા કરીયા. ૪
પૂરવ ભવ માડી આહિરણી, આહાર કરી અણસણ કરીયા. ૫
આજ પીછે ડુંગર ચડનેકી, સુંસ કરૂં હું ઇણ વરીયા. ૬
સનમુખ બોલ જોયો નહીં માકું, ધ્યાન નિરંજન મન ધરીયા. ૭
કાજ સરે ઉદયરત્ન ઉનહિ કે, જીણે પલકમેં શિવ વરીયા. ૮

૨. શ્રી શાલિભદ્રની સજ્ઝાય

(રાગ - છઠ્ઠો આરો એવો આવશે)

રાજગૃહી નયરી ભલી, શેઠજી ધન્નો ઉદાર રે
પત્ની પતિવ્રતા આઠ છે, રૂપે રંભા અવતાર રે,
સુખી રે જીવન શાલિભદ્રનું સુખી૦ ૧
તેહી જ ગામમાં ધનપતિ, શાલિભદ્ર કહેવાય રે
જેની ઋદ્ધિ જોવા કારણે, આવે શ્રેણિકરાય રે.સુખી૦ ૨

દેવલોકે થઈ દેવતા, પિતા ગોભદ્ર જીવ રે
પેટી નવાણું પહોંચાડતા, પુત્રના પ્રેમે સદૈવ રે. સુખી૦ ૩

સપ્તભૂમિકા ઉપરે, સાથે બત્રીસ નાર રે
દોગુંદક દેવની પરે, ભોગવે સુખ અપાર રે. સુખી૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાયને કરીયાણું ગણ્યું, માતાને આશ્ચર્ય થાય રે
શ્રેણિક ખોળે બેસાડતા, સ્વેદથી શરીર ભરાય રે. સુખી૦ ૫

મનમાં શાલિભદ્ર ચિંતવે, પુણ્યમાં રહી મુજ ખામી રે
ચારિત્ર પાળું જો નિર્મળુ, તો શિર પર નહિ સ્વામી રે. સુખી૦ ૬

સંપૂર્ણ સુખને પામવા, ત્યાગનું પકડ્યું નિમિત્ત રે
નારી એકેક નિત્ય પરિહરે, દીક્ષા લેવા ઉખચિત રે. સુખી૦ ૭

શેઠ ધન્નો તીણે અવસરે, તજે રમણીનો રાગ રે
ખેર ભરી કાયાએ આવીયો, જોવા શાલિભદ્ર ત્યાગ રે. સુખી૦ ૮

કથા સુણી ધન્ના શેઠની, કરી માતાને વાત રે
દીક્ષા લેવા મન દોડીયું. ધન્ના શેઠ સંગાથ રે. સુખી૦ ૯

રિદ્ધિ સિદ્ધિ તજી સામટી રે, તજી ભોગ વિલાસ રે
મહેલ ઝરૂખા ને માળીયા, છોડ્યાં દાસીને દાસ રે. સુખી૦ ૧૦

રડતી માતા મૂકીને, સાથે બત્રીશ નાર રે
પ્રેમના બંધન તોડીને, લીધો સંયમ ભાર રે. સુખી૦ ૧૧

હિરવિજય ગુરુ હિરલો રે, વીરવિજય ગુણ ગાય રે
લબ્ધિવિજય ગુરૂ રાજીયો, તેહના પ્રણમું પાય રે. સુખી૦ ૧૨

૩ શ્રી શાલિભદ્રની સજ્ઝાય

રાજગૃહી નગરી મોઝારો જી, વણઝારો દેશાવર સારો જી
ધણ વણજે જી, રત્નકંબલ લેઈ આવીયા જી. ૧

લાખ લાખની વસ્તુ લાખેણી, એ વસ્તુ છે અતિ ઝીણી
કાંઈ પરિમલ જી, ગટમટ મંદિર પરિહરિ જી. ૨

પૂછે ગામને ચોતરે, લોક મળ્યા વિધવિધ પરે
જઇ પૂછો જી, શાલિભદ્રને મંદિરીએ જી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠાણી સુભદ્રા નિરખે જી, રત્નકંબળ લેઈ પરખે જી;
પહોંચાડો જી, શાલિભદ્રને મંદિરીએ જી. ૪

તેડાવ્યો ભંડારી જી, વીશ લાખ નિરધારી જી;
ગણી દેજ્યો જી, એહને ઘેર પહોંચાડજો જી. ૫

રાણી કહે સુણો રાજાજી, આપણું રાજ શેં કાજ જી;
મુજ માટે જી, એક ન લીધી કાંબળી જી. ૬

સુણ હો ચેલણા રાણી જી, એ વાત મેં જાણી જી;
પીછાણી જી, એ વાતનો અચંબો ઘણો જી. ૭

દાતણ તો તબ કરશું જી, જબ શાલિભદ્ર મુખ જોશું જી;
શણગારો જી, ગજરથ ઘોડા પાલખી જી. ૮

આગળ કૂંતલ હીંચાવંતા, પાછળ પાત્ર નચાવંતા;
રાય શ્રેણીક જી, શાલીભદ્ર ઘેર આવિયા જી. ૯

પહેલે ભુવને પગ દીઓ, રાજા મનમાં ચમકિયો;
કાંઈ જોજ્યોજી, આ ઘર તો ચાકર તણાં જી. ૧૦

બીજે ભુવને પગ દીઓ, રાજા મનમાં ચમકિયો;
કાંઈ જોજ્યો જી, આ ઘર તો સેવક તણાં જી. ૧૧

ત્રીજે ભુવને પગ દીઓ, રાજા મનમાં ચમકિઓ;
કાંઈ જોજ્યો જી, આ ઘર તો દાસી તણાં જી. ૧૨

ચોથે ભુવને પગ દીઓ, રાજા મનમાં ચમકિઓ;
કાંઈ જોજ્યો જી, આ ઘર તો શ્રેષ્ઠિ તણાં જી. ૧૩

રાય શ્રેણીકની મુદ્રિકા, ખોવાઇ ખોળ કરે તિહાં;
માય ભદ્રા જી, થાળ ભરી તવ લાવિયા જી. ૧૪

જાગો જાગો મોરા નંદ જી, કેમ સુતા આણંદ જી;
કાંઈ આંગણે જી, શ્રેણીકરાય પધારીયા જી. ૧૫

હું નવિ જાણું માતા બોલમાં, હું નવિ જાણું માતા તોલમાં;
તુમે લેજ્યો જી, જેમ તમને સુખ ઉપજે જી. ૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂર્વે કદી પૂછતાં નહીં, તો આમાં શું પૂછો સહી;
મોરી માતા જી, હું નવિ જાણું વણઝમાં જી. ૧૭

રાય કરિયાણું લેજો જી, મુહ માંગ્યા દામ દેજ્યો જી;
નાણાં ચુકવી જી, રાય ભંડારે નંખાવી દીયો જી. ૧૮

વલતી માતા ઇમ કહે, સાચુ નંદન સદ્દહે;
કાંઇ સાચે જી, શ્રેણિકરાય પધારીયા જી. ૧૯

ક્ષણમાં કરે કાંઇ રાજીઓ, ક્ષણમાં કરે બેરાજીઓ;
કાંઇ ક્ષણમાં જી, ન્યાય અન્યાય કરે સહી જી. ૨૦

પૂર્વે સુકૃત નવિ કીધા, સુપાત્રે દાન જ નવિ દીધાં;
મુજ માથે જી, હજુ પણ એવા નાથ છે જી. ૨૧

અબતો કરણી કરશું જી, પંચ વિષય પરિહરશું જી;
પાળી સંયમ જી, નાથ સનાથ થશું સહી જી. ૨૨

ઇંદુવત્ અંગે તેજ જી, આવે સહુને હેજ જી;
નખ શીખ લગે જી, અંગો પાંગ શોભે ઘણાં જી. ૨૩

મુક્તાફળ જીમ ચળકે જી, કાને કુંડલ ઝલકે જી;
રાય શ્રેણિક જી, શાલિભદ્ર ખોળે લીઓ જી. ૨૪

રાજા કહે સુણો માતા જી, તુમ કુવંર સુખ શાતા જી;
હવે એહને જી, પાછો મંદિર મોકલો જી. ૨૫

શાલિભદ્ર નિજ ઘર આવિયા, રાય શ્રેણિક ઘેર સિધાવિયા;
પછી શાલિભદ્ર જી, ચિંતા કરે મનમાં ઘણી જી. ૨૬

શ્રી જૈનધર્મ હું આદરૂં, મોહ માયા ને પરિહરું;
હું છાંડુ જી, ગજ રથ ઘોડા પાલખી જી. ૨૭

સુણીને માતા વિલખે જી, નારીઓ સઘળી તલખે જી.
તેણી વેળાંજી, અશાતા પામ્યા ઘણી જી. ૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માત પિતાને ભ્રાતજી, સહુ આળ પંપાળની વાત જી;
ઇણ જગમાં જી, સ્વારથના સહુ કો સગાં જી. ૨૯

હંસ વિના શ્યા સરોવરીયાં, પિયુ વિના શ્યા મંદિરીયા;
મોહ વશ થકાંજી, ઉચાટ એમ કરે ઘણો જી. ૩૦

સર્વે નીર અમૂલ્ય જી, વાટકડે તેલ કૂલેલ જી;
શાહ ધન્નો જી, શરીર સમારણ માંડીયો જી. ૩૧

ધન્ના ઘેર સુભદ્રાનારી જી, બેઠી મહેલ મોઝારી જી;
શરીર સમારંતા જી, એક જ આંસુ ખેરીયું જી. ૩૨

ગૌભદ્ર શેઠની બેટડી, ભદ્રાબાઈ તોરી માવડી;
સુણ સુંદરી જી, તે કેમ આંસુ ખેંરીયું જી. ૩૩

શાલિભદ્રની બેનડી, બત્રીશ ભોજાઈની નણંદલી;
તવ તાહરે જી, શા માટે રોવું પડે જી. ૩૪

જગમાં એક જ ભાઈ માહરે, તે સંયમ લેવા મન કરે;
નારી એક એક જી, દિન દિન પ્રત્યે પરિહરે જી. ૩૫

એ તો મિત્રા કાયરું, શું સંયમ લેશે ભાયરું;
જીભલડી જી, મુખ માથાની જુદી જાણવી જી. ૩૬

કહેવું તો ઘણું સોહીલું, પણ કરવું અતિ દોહીલું;
સુણો સ્વામિ જી, એહવી ઋદ્ધિ કોણ પરિહરે જી. ૩૭

કહેવું તો ઘણું સોહીલું, પણ કરવું અતિ દોહીલું;
સુણ સુંદરી જી, આજથી ત્યાગી આઠને જી. ૩૮

હું તો હસતી મલકીને, તુમે કીયો તમાશો સલકીને;
સુણો સ્વામિ જી, અબ તો ચિંતા નવિ કરું જી. ૩૯

ચોટી અંબોડો વાળીને, શા ધન્નો ઉઠ્યાં ચાલીને;
કાંઈ આવ્યા જી, શાલિભદ્રને મંદિરીએ જી. ૪૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉઠો મિત્ર કાયરું, આપણે સંયમ લઇએ ભાયરું;
આપણ દોય જણ જી, સંયમ શુદ્ધ આરાધિયે જી. ૪૧

શાલિભદ્ર વૈરાગીયા, શા ધન્નો અતિ ત્યાગીઆ;
દોનું રાગીયાં જી, શ્રી વીર સમીપે આવીયાં જી. ૪૨

સંયમ મારગ લીનો જી, તપસ્યાએ મન ભીનો જી;
શાહ ધન્નો જી, માસખમણ કરે પારણાં જી. ૪૩

તપ કરી દેહને ગાળી જી, દુષણ સઘળાં ટાળી જી;
વૈભારગિરિ જી, ઉપરઅણસણ આદર્યા જી. ૪૪

ચટતે પરિણામે સોય જી, કાળ કરી જણ દોય જી;
દેવગતિયેં જી, અનુત્તર વિમાને ઉપન્યા જી, ૪૫

સુર સુખને તિંહા ભોગવી, તિહાંથી દેવ દોનું ચ્યવી;
વિદેહે જી, મનુષ્યપણું તેહ પામશે જી. ૪૬

શુદ્ધો સંયમ આદરી, સકલ કર્મનો ક્ષય કરી;
લહી કેવળ જી, મોક્ષ ગતિને પામશે જી. ૪૭

દાન તણાં ફલ દેખો જી, ધન્નો શાલિભદ્ર પેખો જી;
નહીં લેખો જી, અતુલ સુખને પામશે જી. ૪૮

ધમ જાણી સુપાત્રને પોષો જી, જેમ વેગે પામો મોક્ષો જી;
નહીં ધોખો જી, કદીય જીવને હોયશે જી. ૪૯

ઉત્તમ ના ગુણ ગાવો જી, મનવંછીત સુખ પાવોજી;
કહે **'કવિયણ'** જી, શ્રોતાજન તુમે સાંભળો જી. ૫૦

૪- શ્રી શાલિભદ્રની સજ્ઝાય

(રાગ-ધારણી મનાવે રે મેઘકુમારને)

શાલિભદ્ર મોહ્યો રે, શિવરમણી રસે રે, કામણગારી હો નાર;
ચિત્તડું ચોર્યું રે, એણે ધૂતારીએ રે, તેણે મેલી માય વિસાર. શા૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એકદિન પૂછે રે શાલિભદ્ર સાધુજી રે, ભાખો ભાખો ભગવન્ ! આજ;
પારણું હોશે રે પ્રભુ કેહને ઘરે રે, બોલ્યા વીર જિનરાજ. શા૦ ૨

માત તુમારી હાથે પારણું રે, સાંભળી શાલિભદ્ર ધન્ના;
વહોરવા પહોંતા રે ભદ્રા આંગણે રે, તપે કરી દુર્બળ તન્ન. શા૦ ૩

આંગણે આવ્યા કેણે નવિ ઓળખ્યા રે, વળીયા તે અણગાર;
દહીં વહોરાવ્યું પૂરવ ભવની માવડી રે, મન ઘરી હરખ અપાર. શા૦ ૪

વીરજિન વચને તેજ નિસુણી રે, મન ઘરી અતિ હી વૈરાગ;
ગિરિ વૈભારે અણસણ આદર્યું રે, પાદપોપગમન સાર. શા૦ ૫

ઇમ સુણીને ભદ્રા માવડી રે, અને વળી બત્રીશ નાર;
આવ્યા જીહાં તે મુનિવર પોઢીયા રે, વિલપે અતિ હી સંભાર શા૦ ૬

ભદ્રા કહે રે પુત્ર તું માહરો રે, કિહાં તે સુખ વિસ્તાર;
શ્રેણિક શું રે આવ્યો નવિ જાણ્યું રે, કાંઈ કરો કષ્ટ અપાર. સા૦ ૭

ભદ્રા કહે છે પુત્ર સોહામણો રે, તું મુજ જીવન આધાર;
મેં પાપિણીએ સુત નવિ ઓળખ્યો રે, સુઝતો ન દીધો આહાર શા૦ ૮

એકવાર સાહમુ જોને વાહલા રે, પુરો અમારી રે આશ;
અવગુણ પાંખે કાંઈ વિસારીયા રે, તુજ વિણ ઘડીય છ માસ. શા૦ ૯

ઇમ ઝૂરતી ભદ્રા માવડી રે, અંતેઉર પરિવાર;
દુઃખભર વંદી બેઉ સાધુને રે, આવ્યા નગર મોઝાર શા૦ ૧૦

સર્વાર્થ સિધ્ધે મહાસુખ ભોગવે રે, શાલિભદ્ર દોય સુસાધ;
મુનિ મેઘરાજ સ્તવે ગુણ તેહના રે, પામ્યા સુખ નિરાબાધ. શા૦ ૧૧

૫ શ્રી ધન્ના -શાલીભદ્રની સજ્ઝાય

(રાગ-રંગરસીયા રંગ બન્યો)

સરસ્વતી સ્વામીને વિનવું રે, રંગ રસીયા;
સુગુરુ લાગુ પાય, પ્રીતમ મન વસીયા. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધન્ના બેઠો નાવણ કરે રે. રંગ૦ વાંસો ચોળે છે તેમની નાર. પ્રી૦ ૨
વાંસો ચોળંતા ગોરી ઝુરતા રે, રંગ ૦ ગોરી તને શા આવડાં દુઃખ પ્રી૦ ૩
મારે તો દુઃખ મારા મહિયર તણું રે, રંગ૦ તે સાલે હૃદય મોઝાર. પ્રી૦ ૪
શાલિભદ્ર સરીખો તારે બંધવો રે, રંગ૦ ધન્ના સરખો ભરથાર. પ્રી૦ ૫
મારો વીરો તે સ્વામી ! ત્યાગી થયો રે, રંગ૦ દિન પ્રત્યે છંડે એક નાર રે. પ્રી૦ ૬
તારો વીરો તે ગોરી ! મૂરખો રે, રંગ૦ એક એક છંડે છે નાર.પ્રી૦ ૭
કહેવું તે સ્વામી ઘણું સોહિલું રે, રંગ૦ તે કેવી રીતે સહ્યું જાય. પ્રી૦ ૮
ખેર ભર્યા તે ધન્ના ઉઠીયા રે, રંગ૦ આઠેને મેલી નિરધાર. પ્રી૦ ૯
મેં રે કહ્યું તે સ્વામી સહેજમાં રે, રંગ૦ તાણી વાળો શું ગાંઠ પ્રી૦ ૧૦
મેં રે કહ્યું તે મને છંડજો રે, રંગ૦ સાત જોડે રાખો સંસાર. પ્રી૦ ૧૧
નારી તે મોહની વેલડી રે, રંગ૦ છે સ્વારથીયો સંસાર. પ્રી૦ ૧૨
ઝાંપે જઇ ધન્નાએ કહાવીયું, રંગ ૦ શાલિભદ્રે મેલી બત્રીશ નાર. પ્રી૦ ૧૩
શાલિભદ્રના માતાજી એમ વલવલે, રંગ૦ એકવાર પાછું વાળી જુઓ. પ્રી૦ ૧૪
ધન્નાની માતાજી એમ વલવલે,રંગ૦ એકવાર પાછું વાળી જુઓ પ્રી૦ ૧૫
શીલા ઉપર કર્યો રે સંથારો રે, રંગ૦ ચારે આહારના કર્યા પચ્ચક્ખાણ. પ્રી૦ ૧૬
અણસણ કરી એક માસનું રે, રંગ૦ પહોંચ્યા સર્વારથ સિદ્ધ મોઝાર પ્રી૦ ૧૭
હીરવિજય ગુરુ હીરલો રે, રંગ૦ **'માનવિજય'** ગુણ ગાય. પ્રી૦ ૧૮

૬ શ્રી સ્થૂલિભદ્રની સજઝાય

એક દિન કોશ્યા ચિત્ત રંગે, બેઠી છે મનને ઉમંગે,
પાંચ સાત સાહેલી સંગે રે, સ્થૂલિભદ્ર મુનિ ઘેર આવે;
આવે આવે લાછલદેનો નંદ રે, સ્થૂલિભદ્ર મુનિ ઘેર. આવે૦ ૧

આજ મારે મોતીડે મેહ વૂઠ્યાં, દેવ દેવી સર્વે મુજ તુઠ્યાં;
મેં તો જીવન નયણે દીઠા રે સ્થૂલિ૦ ૨

આવી ઉતર્યા ચિત્રશાલી, રૂડા રત્ને જડી રઢીયાળી;
માંહે મણીયા મોતીની જાલી રે. સ્થૂલિ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પકવાન જમ્યા બહુ ભાત, ઉપર ચોસઠ શાકની જાત;
તોયે ન ધરી વિષયની વાત રે. સ્થૂલિ૦ ૪

કોશ્યા સજતી સોળ શણગાર, કાજલ કુમકુમ ને ગળે હાર;
પગવટ અંગૂઠી વીછુંવા સાર રે. સ્થૂલિ૦ ૫

દ્વાદશ ધપમપ માદલ વાજે, ભેરી ભુંગલ વિણા ગાજે
એમ રૂપે અપ્સરા વિરાજે રે. સ્થૂલિ૦ ૬

કોશ્યાએ વાત વિષયની વખાણી, સ્થૂલિભદ્રે હૃદયે નવિ આણી;
હું તો પરણ્યો સંયમ પટરાણી રે. સ્થૂલિ૦ ૭

એહવા બહુવિધ નાટક કરીયા, સ્થૂલિભદ્રે હૃદયે નવિ ધરીયાં;
સાધુ સમતા રસના દરિયા રે. સ્થૂલિ૦ ૮

સુખ એણે જીવે અનુભવ્યો, કાળ અનંતો એમ ગયો;
તોયે તૃપ્તિ જીવ ન પામ્યો રે, સ્થૂલિ૦ ૯

વેશ્યાને કીધી સમકિતધારી, વિષયસુખના રસથી નિવારી;
એવા સાધુને જાઉં બલિહારી રે. સ્થૂલિ૦ ૧૦

એહવે પુરું થયું ચોમાસુ, સ્થૂલિભદ્ર આવ્યા ગુરુ પાસ;
દુષ્કર દુષ્કર વ્રત ઉલ્લાસ રે. સ્થૂલિ૦ ૧૧

નામ રાખ્યું છે જગમાંહે, ચોરાશી ચોવીશી માહે;
સાધુ પહોચ્યાં છે દેવલોકમાંહિ રે. સ્થૂલિ૦ ૧૨

પંન્યાસ હસ્તિવિજય કવિરાય, એવા સુગુરુતણે પસાય;
શિષ્ય **ખુશાલવિજય** ગુણ ગાય રે. સ્થૂલિ૦ ૧૩

૭ શ્રી સ્થૂલિભદ્રની સજ્ઝાય

(રાગ-સુણો ચંદાજી સીમંધર)

અહો મુનિવરજી માહરી ઉપર, મહેર કરી ભલે આવીયા;
હું વાટ તમારી જોતી'તી તુમ વિરહે નયણાં ભરતી'તી
વળી દેવને ઓલંભા દેતી'તી અહો૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુમે ચતુર ચોમાસું કરી ચાલ્યાં, તે ઉપર દિન મેં ગાળ્યાં;
હવે ભલું થયું નયણે ભાળ્યાં. અહો૦ ૨

હવે દુઃખડા મારા ગયા દૂરે, આનંદ નદી હરખે પૂરે;
હવે ચિત્ત ચિંતા સઘલી ચૂરે. અહો૦ ૩

મારા તાપ ટલ્યા સઘળા તનના, મારા વિલય ગયા વિકલ્પ મનના;
વલી વૂઠા નીર અમૃત ઘનના. અહો૦ ૪

એક ચોમાસુ ને ચિત્રશાલી, એ નાટક ગીત તણી તાલી;
મુજ સાથે રમીએ મન વાલી. અહો૦ ૫

તવ બોલ્યા સ્થૂલિભદ્ર સુણ બાળા, તુમ કરીશ ચિત્ત ચરિત્ર ચાળા,
એ વાત તણાં હવે ઘો તાળાં;
અહો મનહરણી ! તુમે મુજ ઉપર રાગ સરાગ ન રાખો;
અહો સુખકરણી ! સંયમ રસથી, રાગ હૈયામાં રાખો. અહો૦ ૬

હવે રસભરી વાત તિહાં રાખી, મેં સંયમ લીધું ગુરુ સાખી;
ચિત્ત ચોખે ચારિત્ર રસ ચાખી. અહો૦ ૭
હવે વિષય તૃષ્ણાથી મન વારો, હવે ધર્મ ધ્યાનને દિલ ધારો;
આ ભવોદધિથી આતમ તારો. અહો. ૮

કોશ્યા મુનિ વચને પ્રતિબોધી, આશ્રવ કરણી તે સવિ રોધી;
તે વ્રત ચોથું લઈ થઈ શુદ્ધિ. અહો૦ ૯

જે નર એહવી પ્રીત પાલે, જે વિષમ વિષયથી મન વાલે;
તે તો આતમ પરિણતિ અજુવાળે. અહો૦ ૧૦

જે એહવા ગુણીના ગુણ ગાવે, જે ધર્મરંગ અંતર ધ્યાવે;
તે તો મહાનંદ પદ નિશ્ચલ પાવે. અહો૦ ૧૧

૮ શ્રી સ્થૂલિભદ્રની સજ્ઝાય

શ્રી સ્થૂલિભદ્ર મુનિગણમાં શિરદાર જો, ચોમાસુ આવ્યા કોશ્યા આગાર જો;
ચિત્રામણ શાળાયે તપજપ આદર્યા જો. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આદરીયા વ્રત આવ્યા છો અમ ગેહ જો, સુંદરી સુંદર ચંપકવરણી દેહ જો;
અમ તુમ સરિખો મેળો આ સંસારમાં જો. ૨

સંસારે મેં જોયું સઘળુ સ્વરૂપ જો, દર્પણની છાયામાં જેવું રૂપ જો;
સુપનાની સુખલડી ભૂખ ભાંગે નહિ જો. ૩

ના કહેશો તો નાટક કરશું આજ જો, બાર વરસની માયા છે મુનિરાજ જો;
તે છોડી કેમ જાઉં હું આશા ભરી જો ૪

આશા ભરીયો ચેતન કાળ અનાદિ જો, ભૂલ્યો ધર્મને હીણ થયો પ્રમાદિ જો;
ન જાણી મેં સુખની કરણી જોગની જો. ૫

જોગી તો જંગલમાં વાસો વસીયા જો, વેશ્યાને મંદિરિયે ભોજન રસિયાજો;
તુમને દીઠાં એવા સંયમ સાધતા જો. ૬

સાધશું સંયમ ઇચ્છા રોધ વિચારી જો, કૂર્મા પુત્ર નાણી થયાં ઘરબારી જો;
પાણીમાંહે પંકજ કોરૂં જાણીએ જો. ૭

જાણીએ તો સઘળી તુમારી વાત જો, મેવા મીઠાઈ રસવંતા બહુ જાત જો;
અંબર ભૂષણ નવ નવલી ભાતે લાવતાં જો. ૮

લાવતા તો તું દેતી આદરમાન જો, કાયા જાણું રંગ પતંગ સમાન જો;
ઠાલી તે શી કરવી એવી પ્રીતડી જો. ૯

પ્રીતલડી કરતા તે રંગભર સેજ જો, રમતાંને દેખાડંતા ઘણું હેજ જો;
રીસાણી મનાવી મુજને સાંભરે જો. ૧૦

સાંભરે તો મુનિવર મનડું વાલે જો, ઢાંક્યો અગ્નિ ઉઘાડ્યો પરજાળે જો;
સંયમમાંહિ એ છે દૂષણ મોટકું જો. ૧૧

મોટકું આવ્યું'તું રાજા નન્દનું તેડું જો, જાતાં ન વહે કાંઈ તમારૂં મનડું જો;
મેં તુમને તિહાં કોલ કરીને મોકલ્યાં જો. ૧૨

મોકલ્યાં તો મારગ માંહિ મળીયા જો, સંભૂતિ આચારજ જ્ઞાને બળીયા જો;
સંયમ દીધું સમકિત તેણે શિખવ્યું જો. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિખવ્યું તો કહી દેખાડો અમને જો, ધર્મ કરંતા પુણ્ય વડેરૂં તમને જો;
સમતાને ઘેર આવી કોશ્યા એમ વદે જો. ૧૪

વદે મુનીશ્વર શંકાને પરિહાર જો, સમકિત મૂળે શ્રાવકનાં વ્રત બાર જો;
પ્રાણાતિપાતાદિક સ્થૂલથી ઉચ્ચરે જો. ૧૫

ઉચ્ચરે તો વીત્યું છે ચોમાસું જો, આણા લઇને આવ્યા ગુરુની પાસે જો;
શ્રુતનાણી કહેવાણા ચૌદે પૂર્વી જો. ૧૬

પૂર્વી થઈને તાર્યા પ્રાણી થોક જો, ઉજ્વલ ધ્યાને તેહ ગયા દેવલોક જો;
ઋષભ કહે નિત્ય કરીએ તેહને વંદના જો. ૧૭

૯ શ્રી સ્થૂલિભદ્ર-કોશ્યા સંવાદ

વેશ જોઈને સ્વામી આપનો, લાગી મારા તનડામાં લ્હાયજી;
અણધાર્યું સ્વામી આ શુ કર્યું, લાજે સુંદર કાયજી,
કોણે રે ધૂતારે તમને ભોળવ્યા. ૧

આવી ખબર જો હોત તો, જાવા દેત નહીં નાથજી;
છેતરી છેહ દીધો મને, પણ નહીં છોડું હું સાથજી. કોણે૦ ૨

બોધ સુણી સુગુરુતણો, લીધો સંજમ ભારજી
માતા પિતા પરિવાર સહુ, જુઠો આળ પંપાળજી,
નથી રે ધૂતારે મને ભોળવ્યો. ૩

એવું જાણી કોશ્યા સુંદરી, ધર્યો સાધુનો વેષજી;
આવ્યો ગુરુની આજ્ઞા લહી, દેવા તને ઉપદેશજી. નથી૦ ૪

કાલ સવારે ભેગા રહી, લીધાં સુખ અપારજી;
તે બોધ દેવા મને આવીયા, જોગ ધરી આ વારજી;
જોગ રે સ્વામી અહીં નહીં રહે. ૫

કપટ કરી મને છોડવા, આવ્યા તમે નિરધારજી;
પણ કદી નહીં છોડું હું નાથજી, નથી નારી ગમારજી. જોગ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છોડ્યાં માત પિતા વળી, છોડ્યો સહુ પરિવારજી;
ઋદ્ધિ સિદ્ધિ મેં તજી દીધી, જાણી સઘળું અસારજી,
છેટી રહીને કર વાત તું. ૭

જોગ ધર્યો મેં સાધુનો, છોડ્યો સઘળાનો પ્યારજી;
માત સમાન તને ગણું, સત્ય કહું નિરધારજી. છેટી૦ ૮

બાર વરસની પ્રીતડી, પલમાં તૂટી ન જાયજી;
પસ્તાવો પાછળથી થશે, કહું લાગીને પાયજી, જોગ૦ ૯

નારી ચરિત્ર જોઈ નાથજી, તુરત છોડશો જોગજી;
માટે ચેતો પ્રથમ તુમે, પછી હસસે સહુ લોકજી. જોગ૦ ૧૦

ચાળા જોઇને તારા સુંદરી, ડગું નહીં લગારજી;
કામશત્રુ મેં કબજે કર્યો, જાણી પાપ અપારજી. છેટી૦ ૧૧

છેટી રહી ગમે તે કરે, મારા માટે ઉપાયજી;
તો પણ સામું જોઉં નહીં, શાને કરે તું હાયજી. છેટી૦ ૧૨

માછી પકડે છે જાલમાં, જલમાંથી જેમ મીનજી;
તેમ મારા નેત્રના બાણથી, કરીશ હું તમને આધિનજી. જોગ૦ ૧૩

ઢોંગ કરવા તજી દેહ, પ્રીતે ગ્રહો મુજ હાથજી;
કાળજું કપાય છે માહરું, વચનો સુણીને નાથજી. જોગ૦ ૧૪

બાર વરસ તુજ આગળે, રહ્યો તુજ આવાસજી;
વિધવિધ વૈભવ ભોગવ્યાં, કીધાં ભોગ વિલાસજી,
આશા તજી દે હવે માહરી. ૧૫

ત્યારે હતો અજ્ઞાન હું, હતો કામનો અંધજી;
પણ હવે તે રસ મેં તજ્યો, સુણી શાસ્ત્ર પ્રબંધજી. આશા૦ ૧૬

જ્ઞાની મુનિ ને ઋષિયો, મોટા મુનિવર ભૂપજી;
તે પણ દાસ બની ગયા, જોઈ નારીનું રૂપજી. જોગ૦ ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધુપણું સ્વામી નહીં રહે, મિથ્યાવહૂ નહીં લેશજી;
દેખી રે નાટારંભ માહરો, તજશો સાધુનો વેષજી. જોગ૦ ૧૮

વિધવિધ આભૂષણો ધારીને, સજી રૂડા શણગારજી;
પ્રાણ કાઢી નાંખે તાહરો, કૂદી કૂદી આ વારજી. આશા૦ ૧૯

તો પણ સામું જોઉં નહિ, ગણું વિષ સમાનજી;
સૂર્ય ઉગે પશ્ચિમ કદી, તો પણ છોડું ન માનજી. આશા૦ ૨૦

વિધ વિધ નાટક મેં કર્યા, સ્વામી આપની પાસજી;
તો પણ સામું જોઈ તુમે, પૂરી નહિં મુજ આશજી;
હાથ રે ગ્રહો હવે માહરો. ૨૧

હસ્ત જોડી હવે વિનવું, પ્યારા પ્રાણ જીવનજી;
બાર વરસની પ્રીતડી, યાદ કરો તમે મનજી. હાથ૦ ૨૨

ચેત ચેત કોશ્યા સુંદરી, શું કહું વારંવારજી;
આ સંસાર અસાર છે, નથી સાર લગારજી
સાર્થક કરો હવે દેહનું. ૨૩

જન્મ ધરી આ સંસારમાં નવિ ઓળખ્યો ધર્મજી;
વિધ વિધ વૈભવ ભોગવ્યા, કીધા ઘણાં કુકર્મજી. સાર્થક૦ ૨૪

તે સહુ ભોગવવું પડે, મૂઆ પછી તમામજી;
અધર્મી પ્રાણીને મલે નહિ, શરણું કોઈ ઠામજી. સાર્થક૦ ૨૫

સિન્ધુ રૂપી સંસારમાં, માનવ મીન રૂપ ધારજી;
જંજાળ જાલ રૂપી ડગડગે, કાળરૂપી મચ્છીમારજી. સાર્થક ૦ ૨૬

વિષય રસ વ્હાલો ગણી, લીધાં સુખ અપારજી;
ધર્મના કાર્ય કર્યા નહીં, રાખી ભોગની આશજી,
ઉદ્ધાર કરો મુનિ હવે માહરો. ૨૭

વ્રત ચૂકાવવા આપનું, કીધાં નાચ ને ગાનજી;
છેડ કરી મુનિવર આપની, બની છેક અજ્ઞાનજી. ઉદ્ધાર૦ ૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાર વરસ સુખ ભોગવ્યાં, ખરચ્યાં ખૂબ દીનારજી;
તો પણ તૃપ્તિ થઈ નહિ, ધિક્ ધિક્ મુજ ધિક્કારજી. ઉદ્ધાર૦ ૨૯

શ્રેય કરો મુનિવર માહરું, બતાવી શુભ જ્ઞાનજી;
ધન્ય છે મુનિવર આપને, દિસો મેરૂ સમાનજી ઉદ્ધાર૦ ૩૦

છોડી મોહ સંસારનો, ધારો શિયલ વ્રત સારજી;
તો સુખ શાંતિ સદા મળે, પામો ભવજલ પારજી. સાર્થક૦ ૩૧

ધન્ય છે મુનિવર આપને, ધન્ય શકટાળ તાતજી;
ધન્ય સંભૂતિ વિજય મુનિ, ધન્ય લાછલદે માતજી,
મુક્ત કરી મોહજાળથી. ૩૨

આજ્ઞા આપો હવે મુજને, જાઉં મુજ ગુરુ પાસજી;
ચોમાસું પૂરું થયા પછી, સાધુ છાંડે આવાસજી,
રૂડી રીતે શિયલ વ્રત પાળજો. ૩૩

દર્શન આપજો મુજને, કરવા અમૃત પાનજી;
સૂરીન્દુ કહે સ્થૂલિભદ્રજી, થયા સિંહ સમાનજી,
ધન્ય છે મુનિવર આપને. ૩૪

૧૦. શ્રી જંબૂસ્વામીનીસજ્ઝાય

રાજગૃહી નગરી વસે, ઋષભદત્ત વ્યવહારી રે;
તસ સુત જંબૂકુમાર નમું, બાળપણે બ્રહ્મચારી રે. ૧

જંબૂ કહે જનની સુણો, સ્વામી સુધર્મા આયા રે;
દીક્ષા લેશું તે કને, અનુમતિ દો મોરી માયા રે જંબૂ૦ ૨

માય કહે સુણ બેટડા, વાત વિચારી કીજે રે;
તરૂણપણે તરૂણી વરી, છંડી કેમ છૂટીજે રે; ? માય૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગે અરણિક મુનિવરા, ફરી પાછા ઘરે આવ્યા રે;
નાટકણી નેહે કરી, આષાઢાભૂતિ ભોળાયા રે. માય૦ ૪

વેશ્યા વશ પડિયા પછી, નંદિષેણ નગીનો રે;
આર્દ્રદેશનો પાટવી, આર્દ્રકુમાર કાં કિનો રે. માય૦ ૫

સહસ વરસ સંજમ લીયો, તો હી પાર ન પાયા રે;
કંડરીક કરમે કરી, પછી ઘણું પસ્તાયા રે. માયા૦ ૬

મુનિવર શ્રી રહનેમીજી, નેમિજિણેસર ભાઈ રે;
રાજીમતી દેખી કરી, વિષયતણી મતિ આઈ રે. માય૦ ૭

દીક્ષા છે વચ્છ દોહિલી, પાળવી ખાંડાની ધાર રે;
અરસ નિરસ અન્ન જમવું, સુવું ડાભ સંથાર રે. માય૦ ૮

દીક્ષા છે વચ્છ ! દોહિલી, કહ્યું અમારું કીજે રે;
પરણો પનોતા પદ્મિણી, અમ મનોરથ પૂરીજે રે. માય૦ ૯

જંબૂ કહે જનની સુણો, ધન્ય ધન્નો અણગારો રે;
મેઘ મુનિસર મોટકો, શાલિભદ્ર સંભારો રે. જંબૂ૦ ૧૦

ગજસુકુમાલ ગુણે ભર્યો, આતમ સાધન કીધો રે;
ષટ્માસી તપને પારણે, ઢંઢણે કેવળ લીધો રે. જંબૂ૦ ૧૧

દશાર્ણભદ્ર સંયમ લહી, પાય લગાડ્યો ઇંદો રે;
પ્રસન્નચંદ્ર કેવલ લહી, પામ્યો છે પરમાનંદો રે. જંબૂ૦ ૧૨

એમ અનેક મુનિવર હુઆ, કહેતા પાર ન પાવે રે;
અનુમતિ દ્યો મોરી માવડી, ક્ષણ લાખીણો જાય રે. જંબૂ૦ ૧૩

પાંચસે સત્તાવીશ સાથે. જંબૂકુમાર પરિવરીઓ રે;
પંચ મહાવ્રત ઉચ્ચરી, ભવજલ સાયર તરીયો રે. જંબૂ૦ ૧૪

જંબૂ ચરમ જ કેવલી, તાસ તણાં ગુણ ગાયા રે;
પંડિત લલિતવિજય તણા, હેતવિજય સુપસાયા રે. જંબૂ૦ ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૧ શ્રી જંબૂસ્વામીની સજ્ઝાય

સરરસ્વતી સ્વામીને વિનવું, સદ્‌ગુરૂ લાગું છું પાય;
ગુણ રે ગાશું જંબુસ્વામીના, હરખ ધરી મનમાંય.
ધન ધન જંબૂસ્વામીને. ૧

ચારિત્ર છે વચ્છ દોહિલું,વ્રત છે ખાંડાની ધાર;
પાયે અડવાણેજી ચાલવું, કરવાજી ઉગ્ર વિહાર. ૨

મધ્યાહ્ન પછી કરવી ગૌચરી, દિનકર તપે રે નિલાડ;
વેળુ કવળ સમ કોળિયા, તે કિમ વાળ્યા એ જાય. ૩

કોડી નવ્વાણું સોવન તણી, તમારે છે આઠેજી નાર;
સંસારતણાં સુખ જાણ્યા નહીં, ભોગવો ભોગ ઉદાર. ૪

રામે સીતાને વિજોગડે, બહોત કીધા રે સંગ્રામ;
છતી રે નારી તુમે કાંઈ તજો, કાંઈ તજો ધન ને ધામ. ૫

પરણીને શું પરિહરો, હાથ મલ્યાના સંબંધ;
પછી તે કરશો સ્વામી ઓરતો, જિમ કીધો મેઘ મુણીંદ. ૬

જંબૂ કહે નારી સુણો, અમ મન સંયમ ભાવ;
સાચો સ્નેહ કરી લેખવો, તો સંયમ લો અમ સાથ. ૭

તેણે સમે પ્રભવોજી આવીયો, પાંચસે ચોર સંઘાત;
તેને પણ જંબૂસ્વામીએ બુઝવ્યો, બુઝવી માતને તાત. ૮

સાસુ સસરાને બુઝવ્યા, બુઝવી આઠે નાર;
પાંચશે સત્તાવીશસું, લીધોજી સંયમભાર. ૯

સુધર્માસ્વામી પાસે આવીયા, વિચરે છે મન ઉલ્લાસ;
કર્મ ખપાવી કેવળ પામીયા, પહોંત્યાજી મુક્તિ મોઝાર. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૨ શ્રી ગજસુકુમાલની સજઝાય

(રાગ- દિન દુઃખીયાનો તુ છે બેલી)

સંવેગરંગમાં ઝીલતો રે, મનશું કરે રે આલોચ;
પ્રભુવાણી સુણીને થયો રે, દીક્ષા લીયે સોલ વર્ષ.
યાદવરાય ! ધન ધન ગજસુકુમાલ, તેહને કરું વંદના ત્રણ કાળ. ૧

પ્રભુ પાસે સંયમ આદર્યો, તેના ચઢતા છે પરિણામ;
મન વચ કાયા વશ કરી રે, જો હું પામુ કેવળજ્ઞાન. ૨

મુક્તે જાવા મુનિ ઉતાવળો રે, પૂછે પ્રભુને એમ;
કેવલ ક્યારે આવશે રે, પ્રભુ ભાખે રાત્રે આજ. ૩

સ્મશાનમાં જઇ કાઉસગ્ગ રહ્યા રે, તેણે સાંજે ગજસુકુમાલ;
બીજા મુનિઓ એમ ચિંતવે રે, ધન બાલમુનિના ભાવ. ૪

મુજ પુત્રી વિણ અવગુણે તજી રે, સોમિલ બ્રામ્હણ થયો ક્રોધી;
સગડી રચે મસ્તક ઉપરે રે, ચઉ દિશિ બાંધી માટીની પાળ. ૫

વેદના જેમ અધિકી વધે રે, વધ્યા શુભ પરિણામ;
ચૌદમે ગુણઠાણે ચઢયાં રે, મુનિ પામ્યા કેવળજ્ઞાન. ૬

દેવકી રાણીને થઈ રે, રાગી તે વર્ષ હજાર;
વાંદવા આવી પ્રભાત સમે રે, પૂછે મારો પ્રાણ આધાર. ૭

પૂછતા પ્રભુ માંડી કહે રે, રાગીની વિગત વાત;
કૃષ્ણ દેખી હૈયુ ફુટશે રે,તેણે કર્યો ઋષિનો ઘાત. ૮

ઉપશમ સુધારસ સેવતા રે, પામ્યા અવિચલ રાજ;
મન રંગે સાધુ મહંતના રે, ગુણ ગાવે શ્રી જિનરાજ. ૯

૧૩ શ્રી ગજસુકુમાલની સજઝાય

ગજસુકુમાલ મહામુનિજી, સ્મશાને કાઉસ્સગ્ગ;
સોમીલ સસરે દેખીને જી, કીધો મહાઉપસર્ગ રે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાણી ધન ધન એહ અણગાર, વંદો વારંવાર રે. પ્રાણી૦ ૧

પાળ બાંધી શિર ઉપરે જી, ભર્યા અંગારા રે ત્યાંય;
ભડભડ જ્વાળા સળગતી જી, ઋષિ ચડિયા ઉત્સાહ રે. પ્રાણી૦ ૨

એ સસરો સાચો સગો જી, આપે મુક્તિની પાધ;
ઇણ અવસર ચુકું નહિ જી, ટાળું કર્મવિપાક રે. પ્રાણી૦ ૩

મારું કાંઈ બળતું નથી જી, બળે બીજાનું રે એહ;
પાડોશીની આગમાં જી, આપણો અળગો ગેહ રે. પ્રાણી૦ ૪

જન્માન્તરમાં જે કર્યા જી, આ જીવે અપરાધ;
ભોગવતાં ભલી ભાત શું જી, શુક્લ ધ્યાન આસ્વાદ રે. પ્રાણી૦ ૫

દ્રવ્યાનલ ભાવાનલે જી, કાચા કર્મ દહંત;
અંતગડ હુવા કેવળી જી, ધર્મરત્ન પ્રણમંત રે. પ્રાણી૦ ૬

૧૪ શ્રી ગજસુકુમાલની સજ્ઝાય

સોના કેરા કાંગરા ને રૂપા કેરા ગઢ રે;
કૃષ્ણજીની દ્વારીકામા, જોવાની લાગી રઢ રે,
ચિરંજીવો કુંવર તમે ગજસુકુમાલ રે, આ પુરાં પુન્યે પામીયા. ૧

નેમિજિણંદ આવ્યા, વંદન ચાલ્યા ભાઈ રે;
ગજસુકુમાલ વીરા, સાથે બોલાઈ રે. ચિરંજીવો૦૨

વાણી સુણી વૈરાગ્ય ઉપન્યો, મન મોહ્યું એમાં રે;
શ્રી જૈન ધર્મ વિના, સાર નથી શેમાં રે. ચિરંજીવો૦૩

ઘેર આવી એમ કહે, રજા દીયો માતા રે;
સંયમ સુખે લહું, જેહથી પામુ શાતા રે.ચિરંજીવો૦૪

મૂર્છાણી માડી કુંવર, સુણી તારી વાણી રે;
કુંવર કુંવર કેતાં આંખે, નથી માતા પાણી રે. ચિરંજીવો૦૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હૈયાનો હાર વીરા, તજ્યો કેમ જાય રે;
દેવનો દીધેલો તુમ વિણ, સુખ કેમ થાય રે. ચિરંજીવો૦ ૬

સોના સરિખા વાળ તારા, કંચન વરણી કાયા રે;
એહવી રે કાયા એક દિન, થાશે ધુળધાણી રે. ચિરંજીવો૦ ૭

સંયમ ખાંડા ધાર,તેમાં નથી સુખ રે;
બાવીસ પરિષહ જીતવા, છે અતિ દુષ્કર રે. ચિરંજીવો૦ ૮

દુઃખ થી બળેલો દેખું, સંસાર અટારો રે;
કાયાની માયા જાણે, પાણીનો પરપોટો રે. ચિરંજીવો૦ ૯

જાદવ કૃષ્ણ એમ કહે, રાજ્ય વીરા કરો રે;
હજારો હાજર ઉભાં, છત્ર શિર ધરો રે.ચિરંજીવો૦ ૧૦

સોનૈયાના થેલા કાઢો, ભંડારી બોલાવો રે;
ઓઘા પાત્રા લાવો વીરા, દીક્ષા દીયો ભાઈ રે. ચિરંજીવો૦ ૧૧

રાજપાટ વીરા તુમે, સુખે હવે કરો રે;
દીક્ષા આપો હવે મને, છત્ર તુમે ધરો રે.ચિરંજીવો૦ ૧૨

આજ્ઞા આપી ઓચ્છવ કીધો, સંયમ લીધો આપે રે;
દેવકી કહે ભાઈ, સંયમે ચિત્ત સ્થાપો રે.ચિરંજીવો૦ ૧૩

મુજને તજીને વીરા, અવર માત મત કીજે રે;
કર્મ ખપાવી ઇહભવે, વહેલી મુક્તિ લીજે રે. ચિરંજીવો૦ ૧૪

કુંવરે અંતેઉર મેલી, સાધુવેષ શીદ લીધો રે;
ગુરુ આજ્ઞા લઈને સ્મશાને કાઉસગ્ગ કીધો રે. ચિરંજીવો૦ ૧૫

જંગલે જમાઈ જોઇને, સોમીલ સસરા કોપ્યા રે;
ખેરના અંગારા લઈને, મસ્તકે સ્થાપ્યા રે. ચિરંજીવો૦ ૧૬

મોક્ષપાઘ બંધાવી સસરાને, દોષ નવિ દીધો રે;
વેદના અનંતી સહી, સમતા રસ પીધો રે.ચિરંજીવો૦ ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધન્ય જન્મ ધર્યો તુમે, ગજસુકુમાલ રે;
કર્મ ખપાવ્યા તુમે, હૈયે ધરી હામ રે. ચિરંજીવો૦ ૧૮

વિનયવિજય એમ કહે, એવા મુનિને ધન્ય રે;
કર્મના બીજ બાળી, જતી લીધું મન્ન રે. ચિરંજીવો૦ ૧૯

૧૫ શ્રી રહનેમિની સજ્ઝાય

કાઉસ્સગ્ગ ધ્યાને મુનિ રહનેમી નામે,રહ્યા છે ગુફામાં શુભ પરિણામ રે,
દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો, ધ્યાન થકી હોય ભવનો પાર રે; દેવ૦
વરસાદે ભીનાં ચીવર મોકળા કરવા રાજુલ આવ્યા તેણે ઠામ રે દેવ૦ ૧

રૂપે રતિ રે વસ્ત્રે વર્જીત બાળા, દેખી ખોલાણો તેણે કામ રે; દેવ૦
દિલડું લોભાણું જાણી રાજુલ ભાખે, રાખો સ્થિર મન ગુણના ધામ રે. દેવ૦ ૨

જાદવ કુળમાં જિનજી નેમ નગીનો, વમન કરી છે મુજને તેણ રે; દેવ૦
બંધવ તેહના તમે શિવાદેવી જાયા, એવડો પટંતર કારણ કેણ રે. દેવ૦ ૩

પરદારા સેવી પ્રાણી નરકમાં જાય, દુર્લભ બોધી હોય પ્રાય રે; દેવ૦
સાધ્વી સાથે ચૂકી પાપ જે બાંધે, તેહનો છૂટકારો કદીય ન થાય રે. દેવ૦ ૪

અશુચિ કાયા રે મળ મૂત્રની કચારી, તમને કેમ લાગી એવડી પ્યારી રે; દેવ૦
હું તે સંયમી તમે મહાવ્રત ધારી, કામે મહાવ્રત જાશો હારી રે. દેવ૦ ૫

ભોગ વમ્યા રે મુનિ મનથી ન ઇચ્છે, નાગ અગંધન કુલના જેમ રે; દેવ૦
ધિક્ કુળ નીચા થઈ નેહ નિહાળે, ન રહે સંયમ શોભા એમ રે. દેવ૦ ૬

એવા રસીલા રાજુલ વયણ સુણીને, બુઝ્યા રહનેમી પ્રભુજી પાસ રે; દેવ૦
પાપ આલોયણ કરી સંયમ લીધું, અનુક્રમે પામ્યા શિવ આવાસ રે. દેવ૦ ૭

ધન્ય ધન્ય જે નરનારી શિયળને પાળે, સમુદ્ર તર્યા સમ વ્રત છે એહ રે; દેવ૦
રૂપ કહે તેહના નામથી હોવે, અમ મન નિર્મળ સુંદર દેહ રે. દેવ૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૬ શ્રી રહનેમિની સજ્ઝાય

નાજી નાજી નાજી છેડો નાજી, દેવરીયા મુનિવર છેડો નાજી;
સંયમ વ્રત ભાંગે છેડો નાજી, યદુકુલ દુષણ લાગે. છેડો૦ ૧

અગ્નિકુંડમાં નિજ તનુ હોમે, વમ્યું વિષ નવિ લેવે;
જે અગંધન કુલના ભોગી, તે કેમ ફરી વિષ સેવે ? છેડો૦ ૨

લોક હસે ને ગુણ સવિ નિકસે, વિકસે દુર્ગતિ બારી;
એમ જાણીને કહો કોણ સેવે, પાપ પંક પરનારી. છેડો૦ ૩

વળી વિશેષે સંયતિની સંગે, બોધિબીજ બળી જાવે;
સાહિબ બાંધવ નામ ધરાવો, તો કેમ લાજ ન આવે ? છેડો૦ ૪

મૂરખ કોઈ દહી ગુણ ચંદન, છાર કોયલો લેવે;
વિષય હળાહળ પાન નિકંદન, કુણ જીવવાને સેવે. છેડો૦ ૫

રાજુલ બાળા વયન રસાળા, જેમ અંકુશે સૂંઢાળા;
એમ થિર કરી રહનેમિ પ્રગટ્યા, **જ્ઞાનવિમલ** ગુણમાળા છેડો૦ ૬

૧૭ શ્રી વિજયશેઠ-વિજયાશેઠાણીની સજ્ઝાય

(રાગ-દિન દુઃખીયાનો તુ છે બેલી)

શુક્લપક્ષ વિજયા વ્રત લીનો, શેઠ કૃષ્ણ પક્ષરો જાની,
ધન ધન શ્રાવક પુણ્ય પ્રભાવક, વિજયશેઠ શેઠાણી. ૧

સજી શણગાર ચઢી પિયુ મંદિર, હૈયે હર્ષ ઓર હુલસાણી,
ત્રણ દિવસ મુજ વ્રત તણા રે, શેઠ બોલે મધુરી વાણી. ધન૦ ૨

વયન સુણીને નેણ ઢળિયાં, વદન કમલ થઇ વિલકાણી,
પ્રેમ ધરી પદ્મીણીને પૂછે, ચિંતા મનમાં કેમ આણી ? ધન૦ ૩

શુક્લપક્ષ વ્રત ગુરુમુખ લીનો, થેં પરણોજી દુજી નારી,
દુજી નાર મારે બેન બરાબર, ધન ધીરજ તારી જાણી. ધન૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હૈયે હાર શણગાર સજી સબ, શ્યામ ઘટા હિયે હુલસાની,
વર્ષાકાલ અતિ ઘણો ગરજે, ચિંહુધારા હો વરસે પાણી. ઘન૦ ૫

એક શૈયાએ દોનું પ્રબલ, બેઉએ મન રાખ્યું તાણી,
ષટ્રસ ભોજન દ્વાદશ સંવત્સર, બીજી નારીઓ ભરશે પાણી. ઘન૦ ૬

મન વચન કાયા અખંડિત નિર્મલ, શીલ પાળ્યું ઉત્તમ પ્રાણી,
વિમલ કેવલી કરી પ્રશંસા, એ દોનું ઉત્તમ જાણી. ઘન૦ ૭

પ્રગટ હુવા સંયમ વ્રત લીનો, મોહ કર્મ કીયો ધુળધાણી,
રતનચંદ કરજોડી વિનવે, કેવલ લહિ ગયા નિર્વાણી. ઘન૦ ૮

૧૮ શ્રી વિજયશેઠ- વિજયાશેઠાણીની સજ્ઝાય

ઢાળ પહેલી

પ્રહ ઉઠી રે પંચ પરમેષ્ઠી સદા નમું, મન શુદ્ધે રે જેને ચરણે નિત્ય નમું,
ધુર તેહમાં રે અરિહંત સિદ્ધ વખાણીએ, તે પછી રે આચારજ મન આણીએ. ૧

આણીએ મન ભાવશુદ્ધે ઉપાધ્યાય મન રૂલી,
જે પન્નર કર્મભૂમિ માંહી સાધુ પ્રણમો તેહ વળી;
જેમ કૃષ્ણપક્ષે શુક્લપક્ષે શિયલ પાલ્યો તે સુણો,
ભરથારને સ્ત્રી બન્ને જેહનું ચારિત્ર ભાવે હું ભણું. ૨

ભરતક્ષેત્રે રે સમુદ્રતીરે દક્ષિણ દિસે, કચ્છ દેશે રે વિજયશેઠ શ્રાવક વસે;
શીયળ વ્રત રે અંધારા પક્ષનો લીયો, બાળપણામાં રે એવો નિશ્ચે મન કીયો. ૩

મન કીયો નિશ્ચય તેણે એહવો, પક્ષ અંધારો પાળશું,
ધરી શિયળ નિશ્ચે એહ રીતે, વિષય દૂષણ ટાળશું;
એક છે સુન્દર રૂપે વિજયા, નામે કન્યા તિહાં વળી,
તેણે શુક્લ પક્ષનો નિયમ લીધો, સુગુરુ જોગે મન રૂલી. ૪

કર્મજોગે રે માંહોમાંહે તે બેહું તણો, શુભ દિવસે રે હુઓ વિવાહ સોહામણો;
તવ વિજયા રે સોળ શણગાર સજી કરી, પિયુમન્દિર રે પહોંચી મન ઉલટ ધરી. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મન ઘરી ઉલટ અધિક પહોંચી, પિયુ પાસે સુન્દરી,
તે દેખી હરખી શેઠ ભાખે, આજ તો છે આખડી;
મુજ શિયળ નિયમ છે પક્ષ અંધારો, તેહના દિન ત્રણ છે,
તે નિયમ પાળી શુક્લપક્ષે, ભોગ ભોગવશું પછે. ૬

એમ સાંભળી રે તવ વિજયા વિલખી થાએ, પિયુ પૂછે રે કાં ચિંતા તુને થાએ;
તવ વિજયા રે કહે શુકલ પક્ષનો મેં લિયો, બાળપણમાં રે વ્રત ચોથો નિશ્ચે કિયો. ૭

કિયો નિશ્ચે બાળપણમાં, શુક્લપક્ષ વ્રત પાળશું.
ઉભય પક્ષ હવે શિયળ પાળી, નિયમ દૂષણ ટાળશું;
તો તમે અવર નારી પરણીને, હવે શુકલપક્ષ સુખ ભોગવો,
કૃષ્ણ પક્ષે નિયમ પાળી, અભિગ્રહ એમ જોગવો. ૮

તવ વળતો રે તસ ભરથાર કહે ઇસ્યું, વિષયારસ રે કાલકૂટ હોય જિસ્યું,
તેહ છાંડી રે શિયળ સબળ બેઉ પાળશું, એહ વારતા રે માત-પિતાને ન જણાવશું. ૯

માત-પિતા જબ જાણશે, તવ દીક્ષા લેશું ઘરી દયા,
એમ અભિગ્રહ લેઇને, તે ભાવ ચારિત્રીયા થયા;
એકત્ર શય્યા શયન કરતાં, ખડ્ગધારા વ્રત ઘરે,
મન વચન કાયાએ કરી, શુદ્ધ શિયળ બેઉ આચરે. ૧૦

ઢાળ બીજી

વિમળ કેવળી તામ, ચંપાનયરીએ, તતક્ષણ આવી સમોસર્યા એ;
આણી અધિક વિવેક, શ્રાવક જિનદાસ, કહે વિનય ગુણે પરવર્યો એ. ૧૧

સહસ ચોરાશી સાધુ, મુજ ઘર પારણો, કરે જો મનોરથ તો ફળે એ;
કેવળજ્ઞાની અગાધ, કહે શ્રાવક સુણો, એહ વાત તો નવિ બને એ. ૧૨

કિહાં એટલા સાધુ, કિહાં વળી સુઝતો, ભાત-પાણી એટલો એ;
તો હવે તેહ વિચાર, કરો તુમ જીમ તિમ, દીધાં ફળ હુવે એટલો એ. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે એક કચ્છદેશ, શેઠ વિજય વળી, વિજયા ભાર્યા તસ ઘરે એ;
ભાવયતિ ગૃહી ભેખ તેહને ભોજન, દીધે ફળ હુવે એટલો એ. ૧૪

જિનદાસ કહે ભગવંત, તિણ માંહે એટલા, ગુણ કુણ વ્રત છે ઘણા એ,
કેવળી કહે અનન્ત, ગુણ તસુ શિયળમાં, કૃષ્ણ શુકલ પક્ષ વ્રત તણા એ. ૧૫

ઢાળ ત્રીજી

કેવળી મુખે સાંભળી, શ્રાવક તે જિનદાસો રે;
કચ્છદેશે હવે આવીયો, પૂરે તે મનની આશો રે. ૧૬

ધન ધન શિયળ સોહામણો, શિયળ સમો નહીં કોઈ રે,
શિયળે સુર સાનિધ્ય કરે, શિયળે શિવસુખ હોય રે. ધન૦ ૧૭

શેઠ વિજય વિજયા ભણી, ભક્તિશું ભોજન દેઈ રે,
સહસ ચોરાશી સાધુના, પારણાનો ફલ લેઈ રે. ધન૦ ૧૮

માત પિતા જબ પૂછીયું, તેહનો શિયળ વખાણે રે,
કેવળી મુખે જિમ સુણ્યો, તિમ કહે ચતુર સુજાણ રે. ધન૦ ૧૯

કૃષ્ણ શુકલ પક્ષ દંપતી, ભોજન દે કોઈ ભાવે રે,
સહસ ચોરાશી સાધુના, પારણાનો ફળ પાવે રે. ધન૦ ૨૦
માતપિતા જબ જાણીયો, પ્રગટ એહ સંબંધ રે,
શેઠ વિજય વિજયા વળી, ચારિત્ર લે અપ્રતિબન્ધ રે. ધન૦ ૨૧

॥ કળશ ॥

કેવળી પાસે ચારિત્ર લેઇ ઉદાર, મન મમતા મૂકી પાળે નિરતિચાર,
અષ્ટકર્મ ખપાવી, પામ્યો કેવળજ્ઞાન, તે મુક્તિ પોતા દંપતિ સુગુણ સુજાણ. ૨૨

તેહના ગુણ ગાવે, ભાવે જે નરનાર, તે શિવસુખ પામે, પહોંચે ભવનો પાર,
નાગોરી તપગચ્છ, શ્રી ચન્દ્રકીર્તિસૂરિરાય, શ્રી હર્ષકીર્તિ સૂરિ, જંપે તાસ પસાય. ૨૩

જિમ કૃષ્ણપક્ષે શુકલપક્ષે, શીયળ પાળ્યો નિર્મળો,
તે દંપતીના ભાવ શુદ્ધે, સદા સદ્‌ગુરુ સાંભળો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિમ દુરિત દોહગ દૂર જાએ, સુખ થાએ બહુ પરે,
વળી ધવળ મંગળ આવે વંછિત,સુખ કુશળ ઘર અવતરે. ૨૪

૧૯ શ્રી સુદર્શન શેઠની સજ્ઝાય

મોહનગારી મનોરમા, શેઠ સુદર્શન નારી રે;
શીલ પ્રભાવે શાસન સુરી, થઇ જસ સાંનિધ્યકારી રે. મો૦ ૧

દધિવાહન નૃપની પ્રિયા, અભયા દીએ કલંક રે;
કોપ્યો ચંપાપતિ કહે, શુલી રોપણ વંક રે. મો૦ ૨

તે નિસુણીને મનોરમા, કરે કાઉસ્સગ્ગ ધરી ધ્યાન રે;
દંપતિ શીલ જો નિર્મળું, તો વધો શાસન મામ રે. મો૦ ૩

શૂલી સિંહાસન થઇ, શાસન દેવી હજુર રે;
સંજમ ગ્રહી થયાં કેવલી, દંપતી દોય સનુર રે. મો૦ ૪

જ્ઞાનવિમલ ગુણ શીલથી, શાસન શોભા ચટાવે રે;
સુરનર સવિ તસ કિંકરા, શુવસુંદરી તે પાવે રે. મો૦ ૫

૨૦ શ્રીસુદર્શનશેઠની સજ્ઝાય

(રાગ-એકદિન પુંડરિક ગણધરુ)

શીળરતન જતને ધરો રે લોલ, જેહથી સહુ સુખ થાય રે. સલુણા,
શેઠ સુદર્શનની પરે રે લો, સંકટ સહુ મીટ જાય રે. સ. ૧

અંગદેશ ચંપાપુરી રે લો, દધિવાહન ભૂપાળ રે; સ૦
અભયા પ્રમુખ અંતેઉરી રે લો, સુંદર લહે સુકુમાર રે. સ૦ ૨

શેઠ સુદર્શન તિહાં વસે રે લો, નારી મનોરમા કંત રે; સ૦
કામ સમો રૂપે કરી રે લો, વ્રતધારી ગુણવંત રે સ૦ ૩

અભયારાણી એકદા રે લોલ, કેળવી કૂડ મંડાણ રે; સ૦
કાઉસ્સગ્ગ કરતા શેઠજી રે લો, આણાવ્યા નિજ ઠાણ રે. સ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપસર્ગ કીધા આકરાં રે લોલ, પણ નવિ ચૂક્યા તેહ રે; સ૦
આળ અલીક દીયો તીણે રે લોલ, નૃપ નવિ સદ્દહે એહ રે., સ૦ ૫

શેઠ ભણી પૂછે ઇશો રે લોલ, કહો એ કવણ વૃત્તાંત રે; સ૦
શેઠ મુખે બોલે નહીં રે લોલ, રૂઠ્યો ભૂપ અત્યંત રે. સ૦ ૬

મારણ હુકમ કીયો તદા રે લોલ, કીધી વિટંબના ભૂર રે; સ૦
તસ ધરણી કાઉસ્સગ્ગ રહી રે લોલ, કષ્ટને કરવા દૂર રે સ૦ ૭

શાસન સુરી સાંનિધ્ય કરી રે લોલ, પ્રગટ્યો પુણ્ય પંડુર રે; સ૦
શૂળી સિંહાસન થયું રે લોલ, શીલ પ્રભાવ સનૂર રે. સ૦ ૮

રાજા બહુ આદર કરી રે લોલ, પહુંચાડ્યો નિજ ગેહ રે; સ૦
સબ અપરાધ ખમાવીઆ રે લોલ, વ્યાપ્યો સુજસ અછેહ રે સ૦ ૯

અનુક્રમે સંયમ આદર્યો રે લોલ, સાર્યા આતમ કામ રે; સ૦
કેવળ લહી મુગતે ગયા રે લોલ, શેઠ સુદર્શન સ્વામ રે. સ૦ ૧૦

મગધ દેશ પાટલી પુરી રે લોલ, વાંદે શ્રી મુનિ ભાણ રે સ૦
અમૃત ધર્મ સંયોગથી રે લોલ, શિષ્ય ક્ષમા કલ્યાણ રે. સ૦ ૧૧

૨૧ શ્રી ધન્ના અણગારની સજઝાય

ચરણ કમલ નમી વીરનાં રે, પૂછે શ્રેણિકરાય રે; મુનિ સ્યું મન માન્યો,
ચઉદ સહસ મુનિ તાહરે રે, અધિકો કોણ કહેવાય રે. મુનિ૦ ૧

જિન કહે અધિકો માહરે રે, ધન ધન્નો અણગાર રે; મુનિ૦
રિદ્ધિ છતી જેણે પરિહરી રે, તજી તરૂણી પરિવાર રે. મુનિ૦ ૨

સિંહ તણી પેરે નીકળી રે, પાળે વ્રત સિંહ સમાન રે; મુનિ૦
ક્રોધ લોભ માયા તજી રે, દૂર કર્યો અભિમાન રે. મુનિ૦ ૩

મુજ હાથે સંયમ ગ્રહી રે, પાળે નિરતિચાર રે; મનિ૦
છઠ્ઠ છઠ્ઠ આંબિલ પારણે રે, લીયે નિરસ આહાર રે. મુનિ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વંછે ન કોઈ માનવી રે, તેવો લીયે આહાર રે; મનિ૦
ચાલતાં હાડ ખડખડે રે, જેમ ખાખરાના પાન રે. મુનિ૦ ૫

શકટ ભર્યું જેમ કોચલે રે, તિમ ધન્ના મુનિનું વાન રે; મુનિ૦
પંચ સમિતિ ત્રણ ગુપ્તિશું રે, રંગે રમે નિશદિન રે. મુનિ૦ ૬

સર્વાર્થસિદ્ધ સુખ પામીયો રે, ધન ધન્નો અણગાર રે; મુનિ૦
નવમે અંગે જેહનો રે, વીરે કહ્યો અધિકાર રે. મુનિ૦ ૭

પંડિત **જિનવિજય** તણો રે નમે તેહને વારંવાર રે; મુનિ૦
પ્રાતઃ ઉઠીને તેહનું રે, નામ લીજે સુવિચાર રે. મુનિ૦ ૮

૨૨ શ્રી ધન્ના અણગારની સજઝાય

(રાગ- એકદિન પુંડરિક ગણધરૂ રે લાલ)

ધન ધન્નો મુનિ વંદીએ રે લાલ, શ્રીવીર તણો અણગાર રે મહામુનિ;
કાકંદીપુર માંહે વસે રે લાલ, ભદ્રા માત મલ્હાર રે; મ૦ ઘ૦ ૧

તૃણ જેમ છાંડી સંપદા રે લાલ, લીધો સંયમ ભાર રે. મ૦
તપ કરી કાયા શોષવી રે લાલ, કીધો ઉગ્ર વિહાર રે મ૦ ઘ૦ ૨

શુદ્ધ કિરિયા પાળે સદા રે લાલ, છંડી સર્વ પ્રમાદ રે; મ૦
વીર વખાણે એકદા રે લાલ,સુણીજે તસ સંવાદ રે. મ૦ ઘ૦ ૩

ચઉદ સહસમાં કો નહિ રે લાલ, ધન્ના સમો અણગાર રે; મ૦
તપ જપ સંયમ આદર્યો રે લાલ, પાળે શુદ્ધ આચાર રે. મ૦ ઘ૦ ૪

શીઘ્રથી શીવસુખ પામશે રે લાલ,જીહાં છે સુખ અનંત રે; મ૦
એહના ગુણ ગાતાં થકાં રે લાલ, ભવભવ દુઃખ નાસંત રે. મ૦ ઘ૦ ૫

સુરનર સુણી હરખ્યાં ઘણું રે લાલ, વાંદે મુનિવર પાય રે; મ૦
નિરાગી માંહે તે નીલો રે લાલ, દીઠા આવે દાય રે. મ૦ ઘ૦ ૬

અનુત્તર ઉવવાઈમાં કહ્યો રે લાલ, ધન્નાનો અધિકાર રે; મ૦
વિદ્યાકીર્તિ કહે સાધુના રે લાલ, નામ થકી નિસ્તાર રે. મ૦ ઘ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૩ શ્રી કૃષ્ણમહારાજાની સજ્ઝાય

(રાગ - વીર જીનેશ્વર સાહિબ મેરા)

નગરી દ્વારીકામાં નેમિ જિનેસર, વિચરંતા પ્રભુ આવે;
કૃષ્ણ નરેસર વધાઈ સુણીને, જિત નિશાન બજાવે,
હો પ્રભુજી ! નહિ જાઉં નરકની ગેહે.
નહિજાઉં નહિજાઉં હો પ્રભુજી, નહિ જાઉં નરકની ગેહે. ૧

અઢાર સહસ સાધુજીને, વિધિશું વાંદા અધિકે હરખે;
પછી નેમિ જિણેસર કેરાં, ઉભા મુખડાં નિરખે. હો પ્રભુજી૦ ૨

નેમિ કહે તુમે ચાર નિવારી, ત્રણ તણાં દુઃખ રહીયા;
કૃષ્ણ કહે હું ફરી ફરી વાંદુ, હર્ષ ધરી મન હઇયાં. હો પ્રભુજી૦ ૩

નેમિ કહે એહ ટાળ્યા ન ટળે, સો વાતે એક વાત;
કૃષ્ણ કહે મારા બાળ બ્રહ્મચારી, નેમિ જિણેસર ભ્રાત. હો પ્રભુજી૦ ૪

મ્હોટા રાજાની ચાકરી કરતાં, રાંક સેવક બહુ રળસે;
સુરતરૂ સરીખા અફળ જશે ત્યારે, વિષ વેલડી કેમ ફળશે.? હો પ્રભુજી૦ ૫

પેટે આવ્યો તેહ ભોરીંગ વેઠે, પુત્ર કપુત્ર જ જાયો;
ભલો ભૂંડો પણ જાદવ કુળનો, તુમ બાંધવ કહેવાય. હો પ્રભુજી૦ ૬

છપ્પન કોડ જાદવનો રે સાહિબો, કૃષ્ણ જો નરકે જાશે;
નેમિ જિનેસર કેરો રે બાંધવ, જગમાં અપજશ થાશે. હો પ્રભુજી૦ ૭

શુદ્ધ સમકિતની પરીક્ષા કરીને, બોલ્યા કેવળજ્ઞાની;
નેમિ જિનેસર દિયો રે દિલાસો, ખરો રૂપૈયો જાણી. હો પ્રભુજી૦ ૮

નેમિ કહે તુમે ચિંતા ન કરશો, તુમ પદવી અમ સરખી;
આવતી ચોવીશીમાં હોશો તીર્થંકર, હરિ પોતે મન હરખી. હો પ્રભુજી૦ ૯

જાદવકુળ અજવાળ્યું રે નેમિજી, સમુદ્રવિજય કુળ દીવો;
ઇંદ્ર કહે રે શિવાદેવીના નંદન કોડ દીવાળી જીવો. હો પ્રભુજી૦ ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૪ શ્રી કૃષ્ણવાસુદેવની સજ્ઝાય

દુહા

અરિહંત પદ પંકજ નમી, કર્મ તણી ગતિ જેહ;
વરણવશું ભલી રીતથી, સુણજો ભવિ સસનેહ. ૧

કર્મે સુખ દુઃખ પામીયે, કર્મે ભવ જંજાળ;
કર્મ સકલ દૂરે ટળે, વરીએ શિવ વરમાળ. ૨

દાધિ નગરી દ્વારિકા, નાઠાં હલી મોરાર;
વનમાં વસતાં દુઃખ સહ્યાં, ભાખું તે અધિકાર. ૩

ઢાળ ૧ લી

(પ્રભુ તુજ શાસન મીઠડું રે-એ દેશી)

ગ્રીષ્મ કાલના જોરથી રે, લાગી તરસ અપાર;
કૃષ્ણ કહે બળભદ્રને રે, ખોળી આણો તુમે વાર રે,
સુકે તાળવું આ વાર રે; નહિં ચાલી શકાય લગાર રે,
બળભદ્ર કહે તેણી વાર રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૧

લઈ આવશું પાણી અમે રે, તુમે રહેજો સાવધાન;
એમ કહીને ચાલીયા, જોવે પાણીના તે થાન રે,
હરિ સુતા તેહિ જ રાન રે, આવી નિદ્રા અસમાન રે,
એક પિતાંબર પરિધાન રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૨

બળભદ્ર બોલે એમ વળી રે. ઉંચું વદન નિહાળ;
બાંધવની રક્ષા કરો રે, વનદેવી તુમે રખવાળ રે,
તુમ શરણે છે એ બાળ રે,તેને જાળવજો સંભાળ રે,
હું આવું છું તત્કાળ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૩

હલી તો પાણી લેવા ગયા રે, આવ્યો જરાકુમાર;
ભાવિભાવ ના યોગથી, રહ્યો વૃક્ષાંતર અવિકાર રે,
હરિ પાદને મૃગલો ધાર રે, બાણ મુક્યું આકર્ષી ત્યાર રે;
વિંધાણો પાદ મોરાર રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહસા ઉઠી હરિ ભણે રે, કોણે કીધો છળ એહ;
મારી કોઈએ નવિ હણી, એટલા દિન પહેલા રેહ રે,
નામ ગોત્ર કહો તુમે કેહ રે, તવ બોલ્યો એણી પરે તેહ રે,
તું સાંભળ જે સસનેહ, રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૫

દુહા

જરાકુમાર ભાખે હવે, નિજ અવદાત તે વાર;
કૃષ્ણ નરેસર સાંભળે. પગમાં પીડા અપાર. ૧

ઢાળ-૨ જી

(રાગ-પ્રભુ તુજ શાસન મીઠડુ રે)

વસુદેવ રાય રાણી જરા રે, માય તાય મુજ જાણ;
રામ કૃષ્ણનો ભાઈ વડો રે, તે મુજ ભ્રાતા ગુણ ખાણ રે,
મેં સાંભળી જીનની વાણ રે,તસ રક્ષા હેતે ઇણ ઠાણ રે,
ભુખ્યો તરસ્યો રહું છું રાન રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૧
મુજને બાર વરસ ગયા રે,સહેતા બહુલા કલેશ;
નર નવિ દીઠો ઇણ વને રે, તું કોણ અછે શુભ વેષ રે,
તવ જલ્પે કૃષ્ણ નરેશ રે, ભાઈ આવ આવ સુવિશેષ રે,
તારો ફોક થયો સવિ કલેશ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૨

તેહી જ કૃષ્ણ હું જાણજે રે, તાહરો જે લઘુ ભ્રાત;
જસ અરથેં તું વન રહે રે, ભાવિ ભાવ તેહ આયાત રે,
જિન વયણ ન ફોગટ થાત રે, યદી' જગ પલટાઈ જાત રે,
જિન વયણ નવિ પલટાય રે,કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૩

જરાકુમાર નિસુણી ઇશ્યું રે, કહે શું કૃષ્ણ એ ભાય;
આવી દીઠા કૃષ્ણને રે, મુર્છાગત તે તિહાં થાય રે,
વળ્યુ ચેતના તો રૂદન કરાય રે, હા કૃષ્ણ કીહાંથી એ ઠાય રે,
જેહથી નાશીયે તેહ આય રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દોહા

પૂછે વાસુદેવને, દ્વારિકાનો અધિકાર;
જેમ જેમ જરાકુમાર સાંભળે તેમ તેમ દુઃખ અપાર. ૧

ઢાળ-૩ જી.

(રાગ-પ્રભુ તુજ શાસન મીઠડુ રે)

દુઃખભર હૈડે રોવતો રે, પૂછે કૃષ્ણને એમ;
દ્વારિકા શું દાધિ ખરી રે, યદુ કેરો ક્ષય થયો કેમ રે;
મળ્યું સર્વે કહ્યું જિન જેમ રે, તુજ દેખીને ચિંતુ હું એમ રે,
ભાઈ એહ બની ગયું કેમ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૧

કૃષ્ણે પણ માંડી કહ્યો રે, દ્વારિકા નગરીનો દાહ;
સાંભળી રૂદન કરે ઘણું રે, રોવરાવે વૃક્ષની સાહ રે,
તસ ઉપન્યું દુઃખ અથાહ રે, ભાઈ માર્યો વિણ અપરાધ રે;
મુજ હોશે નરકનો રાહ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ ૨

રૂડું કરતાં ભુંડુ થયું રે, પૃથ્વી આપો માર્ગ;
એહ શરીરે નરકમાં રે, અમને છે દુઃખનો ભાગ રે,
મુજ નરકથી અધિક દુઃખ લાગ રે, મુને કૃષ્ણ ઉપર બહુ રાગ રે,
તેહને માર્યો વિણ આગ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૩

પ્રભુએ જ્યારે ભાંખીયું રે, મરણ ન પામ્યો હું કેમ;?
મુજ મરતાં ઓછું કીશ્યું રે, તુજ જીવંતા જગ ખેમ રે,
તવ કૃષ્ણ કહે ઘરી પ્રેમ રે, મત શોક કરો તુમ એમ રે,
નીપજ્યું પ્રભુએ કહ્યું તેમ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૪

કૌસ્તુભ લેઇ જાઓ તુમે રે, વહેલા પાંડવ પાસ;
આગળ પાછળ જોવજો રે, કહેજો દ્વારિકાનો નાશ રે,
વ્હેલો તું ઇહાંથી નાશ રે, નહિ તો બળદેવની પાસ રે,
જમરાયને આધિન થાસ રે,કર્મતણી ગતિ એહવી મેરે લાલ રે. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિપરીત પગલાં થાપજો રે, જેમ નાવે પૂંઠે રામ;
પાંડવને ખમાવજો રે, અમયો અપરાધ તમામ રે,
રાજ્ય અંધગરવને ઘામ રે; અન્યાય કર્યો અમે તામ રે.
દૂરે આપ્યું રહેવા ઠામ રે; દ્રોપદી લઈ વળીયા જામ રે
કર્મ તણી ગતિ એહવી મેરે લાલ રે. ૬

દોહા

શિખ લેઈ વાસુદેવની જરાકુમાર હવે જાય;
પાછું વાળી જુવે બહુ,અંતરમાં અકળાય. ૧

ઢાળ-૪ થી

(દેશી ઉપર પ્રમાણે)

જરાકુમાર એમ સાંભળી રે, કાઢ્યું પગથી બાણ;
કૌસ્તુભ લેઇને ગયો રે, પગલાં વિપરિત મંડાણ રે,
વેદના હરિને અપ્રમાણ રે, તૃણ સંથારો કરી ઠાણરે,
બોલે એમ અવસરના જાણ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૧

જિનવરને નમું હર્ષથી રે, શક્રે પ્રણમિત પાય;
શાશ્વત સુખ પામ્યાજી કે રે, તે સિદ્ધ નમું: નિરમાય રે,
આચારજ ને ઉવજઝાય રે, વળી સાધુ તણા સમુદાય રે,
શિવ સાધન સાધે ઉપાય રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૨

નમીએ નેમિ જિનેશ્વરૂં, રે, મુજને જસ ઉપકાર;
ભવ્ય જીવ પ્રતિ બોધતાં રે, મુજને દેખો ઇણ ઠાણ રે,
તુમે જગતવત્સલ હિતકાર રે, જ્ઞાનાદિક ગુણ ભંડાર રે,
અતિશય વર ચોત્રીશ ધાર રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૩

જેહ કરી આશાતના રે, તેહ ખમાવું હું સ્વામ;
તુમ ઉપકાર ન વિસરૂં રે, વારંવાર નમું શિરનામ રે,
જીવડા સહુ જીવને ખામ રે, સહુ ગણજે મિત્રને ઠામ રે,
એમ પામીશ શાશ્વત ધામ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બેસી સંથારે ચિંતવે રે, ધન્ય શ્રી નેમિ જીણંદ;
વરદત્તાદિક રાજવી રે, તજી ગેહ થયા મુણિંદ રે,
જસ દૂર ટળ્યા દુઃખ દંદ રે, શાંબાદિક કુમરના વૃંદ રે,
ધન્ય ચિંતવે એમ ગોવિંદ રે, કર્મ તણી ગતિ એહવી મેરેલાલ. ૫

દોહા

કરતાં એમ અનુમોદના, ઉત્તમ ધર્મની સાર;
એહવે મનમાં આવતી, લેશ્યા દુષ્ટ તેણી વાર. ૧

ગતિ તેહવી મતિ સંપજે, જેણે અશુભાયુ બદ્ધ;
શુભ લેશ્યા દૂરે ગઈ, તીવ્ર વેદન પ્રતિબદ્ધ. ૨

ઢાળ ૫ મી

(દેશી ઉપર પ્રમાણે)

રાજીમતિ રૂક્મિણી પ્રમુહા રે, ધન્ય જાદવની નાર;
ગૃહવાસ છાંડીને જેણે રે, લીધો વર સંયમ ભાર, રે,
ઇમ ભાવે ભાવ ઉદાર રે, પણ વેદનાનો નહિ પાર રે,
થયો વાત પ્રકોપ પ્રચાર રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૧

તે દુઃખમાં વળી સાંભરી રે, દ્વારિકા નગરીની ઋદ્ધ;
સહસ વરસ મુજને થયાં રે, પણ એ મુજને કિણહી ન કીધ રે,
જેમ દ્વૈપાયને દુઃખ દીદ્ધ રે, હુ એકલ મલ્લ પ્રસિદ્ધ રે,
પણ એ દુઃખ દેવા ગીદ્ધ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ ૨

જો દેખું હવે તેહને રે, તો ક્ષયઆણું તાસ;
તાસ ઉદરથી હું સવિ રે, કાદું પુર ઋદ્ધિ ઉલ્લાસ રે,
ઇમ રૌદ્ર ધ્યાન અભ્યાસ રે, છુટે તિહાં આયુ પાસ રે,
મરી પહોંત્યા નરકાવાસ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ ૩

સોળ વરસ કુમર પણે રે, છપ્પન વળી મંડલીક;
નવસેં અઠ્ઠાવીશ જાણીએ રે, વાસુદેવ પણે તહસિક રે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તિહાં કર્મ કીધાં ઠીક ઠીક રે, ત્રીજે નરકે દુઃખ ભીક રે,
મરી પહોંચ્યાં તેહમાં ન અલીક રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૪

તપગચ્છ સિંહ સૂરીશના રે, સત્યવિજય ગુણમાલ;
કપુર ક્ષમાવિજયાભિધા રે, જિનવિજય ગુણ ઉજમાળ રે,
ગુરુ ઉત્તમ વિજય દયાળ રે, તસ **પદ્મ વિજય** કહે બાળ રે,
સુણતાં હોય મંગળ માળ રે, ભવિ છાંડો કર્મ જંજાળ રે,
કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૫

૨૫ શ્રી નંદિષેણમુનિની સજઝાય

(રાગ-એકદિન પુંડરિક ગણધર રે લાલ)

સાધુજી ન જઇએ રે પરઘર એકલાં રે, નારીનો કવણ વિશ્વાસ;
નંદિષેણ ગણિકા વચને રહ્યા રે, બાર વરસ ઘરવાસ. સા૦ ૧

સુકુલિની વર કામિની પાંચશે રે, સમરથ શ્રેણિક તાત;
પ્રતિબુઝ્યો વચને જિનરાજનાં રે, વ્રતની કાઢી રે વાત. સા૦ ૨

ભોગ કરમ પોતે વિણ ભોગવે રે, ન હોવે છુટક બાર;
વાત કરે છે શાસનદેવતા રે, લીધો સંજમ ભાર. સા૦ ૩

કંચન કોમલ કાયા શોષવી રે, વિરસ નિરસ આહાર;
સંવેગી મુનિવર શિર સેહરો રે, બહુ બુદ્ધિ અક્કલ ભંડાર. સા૦ ૪

વેશ્યા ઘર પહોંચ્યો અણજાણતો રે, ધર્મલાભ દીયે જામ;
ધર્મલાભનું કામ ઇહાં નહિ રે, અર્થ લાભનું કામ. સા૦ ૫

બોલ ખમી ન શક્યા ગરવે ચડ્યા રે, ખેંચ્યું તરણું રે નેવ;
દીઠું ઘર સારુ અરથે ભર્યું રે, જાણે પ્રત્યક્ષ દેવ. સા૦ ૬

હાવ ભાવ વિભ્રમ વસે આદરી રે, વેશ્યા શું ઘરવાસ;
પણ દિન પ્રતિ દસ દસ બુઝવી રે, મૂકે પ્રભુજીની પાસ. સા૦ ૭

એક દિવસ નવ તો આવી મલ્યા રે, દસમો ન બુઝે કોય;
આસંગાયત હાસ્ય મિષે કહે રે, પોતે દશમા રે હોય. સા૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંદિષેણ ફરી સંયમ લીયે રે, વિષય થકી મન વાળ;
ચૂકીને પણ જે પાછા વળે રે, તે વિરલા ઇણે કાળ. સા૦ ૯

વ્રત અકલંક જો રાખવા ખપ કરો રે, તો ઇણ જુઠે સંસાર;
કવિ જિન હર્ષ કહે તું એકલો રે, પરઘર ગમન નિવાર. સા૦ ૧૦

૨૬ શ્રી વજસ્વામીની સજ્ઝાય

સાંભળજો તુમે અદ્‌ભુત વાતો, વયર કુંવર મુનિવરની રે;
ષટ્ મહિનાના ગુરુ ઝોળીમાં, આવે કેલિ કરંતા રે,
ત્રણ વરસના સાધવી મુખથી, અંગ અગીયાર ભણંતા રે. સા૦ ૧

રાજસભામાં નહિ ક્ષોભાણા, માત સુખલડી દેખી રે;
ગુરુએ દીધાં ઓઘો મુહપત્તિ, લીધાં સર્વ ઉવેખી રે. સાં૦ ૨

ગુરુ સંગાથે વિહાર કરે મુનિ, પાળે શુદ્ધ આચાર રે;
બાળપણાથી મહા ઉપયોગી, સંવેગી શિરદાર રે. સાં૦ ૩

કોળા પાક ને ઘેબર ભિક્ષા, દોય ઠામેં નવિ લીધી રે;
ગગન ગામિની વૈક્રિય લબ્ધિ, દેવે જેહને દીધી રે. સાં૦ ૪

દશપૂરવ ભણિયા જે મુનિવર, ભદ્રગુપ્ત ગુરુ પાસે રે;
ક્ષીરાસવ પ્રમુખ જે લબ્ધિ, પરગટ જાસ પ્રકાશે રે. સાં૦ ૫

કોટિ સેંકડો ધનને સંચે, કન્યા રૂક્મિણિ નામે રે;
શેઠ ધનાવહ દિયે પણ ન લીયે, વધતે શુભ પરિણામે રે.સાં૦ ૬

દેઇ ઉપદેશ ને રૂક્મિણિ નારી, તારી દીક્ષા આપી રે;
યુગપ્રધાન જે વિચરે જગમાં, સૂરજ તેજ પ્રતાપી રે. સાં૦ ૭

સમકિત શિયળ તુંબ ધરી કરમાં, મોહ સાગર કર્યો છોટો રે;
તે કેમ બૂડે નારી નદીમાં, એ તો મુનિવર મોટો રે. સાં૦ ૯

બૌદ્ધરાયને પણ પ્રતિબોધ્યો, કીધો શાસન રાગી રે;
શાસન શોભા વિજય પતાકા, અંબર જઇને લાગી રે. સાં૦ ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિસર્યો સુંઠ ગાંઠિયો કાને, આવશ્યક વેળા જાણ્યો રે;
વિસરે નહીં પણ એ વિસરિયો, આયુ અલ્પ પિછાણ્યો રે. સાં૦ ૧૧

લાખ સોનૈયે હાંડી ચડે તિણે, બીજે દિન સુકાળ રે;
એમ સંભળાવી વયરસેનને, જાણી અણસણ કાળ રે. સાં૦ ૧૨

રથાવર્ત ગિરિ જઇ અણસણ કીધું,સોહમ હરિ તિહાં આવે રે;
પ્રદક્ષિણા પર્વતને દેઇને, મુનિવર વંદે ભાવે રે. સાં૦ ૧૩

ધન્ય સિંહગિરિ સૂરિ ઉત્તમ, જેહના એ પટધારી રે;
પદ્મવિજય કહે ગુરુપદ પંકજ નિત્ય નમિયે નરનારી રે. સાં૦ ૧૪

૨૭ શ્રી વજસ્વામીની સજઝાય

(રાગ- આતમ ધ્યાનથી રે સંતો)

શ્રી ધનગિરિ મુનિ ગોચરી જાતાં, ગુરુ ઉપદેશે જોય;
સચિત્ત અચિત્તરજ વ્હોરજો દોઉ, જો વ્હોરાવે કોય;
વંદો શ્રુતધર વયરકુમરને. ૧

ધનગિરિ ગોચરી ફરતાં ફરતાં, આયા પોતાને ઘેર;
બાળક છાનો ન રહે રાખ્યો, રૂદન કરે બહુ પેર.વંદો૦ ૨

તવ સુનંદા રીશ કરીને, બોલે એમ વચન;
રાત દિવસ સંતાપે છે બહુ, લ્યો એ તુમારો તન.વંદો ૦ 3

બાપે ઝોળીમાં વ્હોરીને લીધો, ધર્મલાભ કહી સોય;
આવ્યા ઉપાશ્રય ધનગિરિ મુનિવર, ભારે વજ સો હોય. વંદો૦ ૪

પારણે પોઢયા વયરકુમારને, હાલરૂઆ ગવાય;
મહાસતી સાધ્વી સૂત્ર ભણંતા, ધારે કુમર સુખદાય. વંદો૦ ૫

શ્રી આચારાંગ સુયગડાંગ ઠાણાંગ, સમવાયાંગ સોહાય;
ભગવતી જ્ઞાતા અંગ ઉપાસક, અંતગડ અનુતરોવાય. વંદો૦ ૬

પ્રશ્ન વ્યાકરણ વિપાકસૂત્ર એ, અંગ અગ્યાર કહેવાય;
પારણે સુતાં સહુ એ ભણીયા, પુણ્ય પૂરવ સહાય. વંદો ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોટા થયા જબ વયરકુમરજી, તીન વરસ જબ આય;
લઘુબાલકમેં રમતાં દેખી, માતાજી લેવાને આય. વંદો૦ ૮

લાવોને સ્વામીજી પુત્ર અમારો, ધનગિરિ કહે તવ વાણ;
આવે તો લઇ જાવો કુમરને, એવડી શી ખેંચતાણ. વંદો ૦૯

પુત્ર તુમારો, નહિ કાં અમારો, નિશ્ચે તુમારો જો હોય;
તો લઇ જાવ હાથ ગ્રહીને સાચી કહેવત સોય. વંદો ૦ ૧૦

માતા પુત્ર કને જબ આવી, પુત્ર ગયોતવ નાશી;
આવ્યો ધનગિરિ તાત સમીપે, રહી તવ વાત વિમાસી. વંદો૦ ૧૧

સુનંદા ગઈ રાજનદ્વારે, જઇ ફરીયાદ પુકારે;
મુનિવર તેડયો નૃપતિ હજુરે, પૂછે વિચારી સહુએ. વંદો૦ ૧૨

નૃપ કહે એહનો ન્યાય શું કહીએ, અમથી ન્યાય ન હોય;
માત-પિતાનો પુત્રનો કજીયો, સમજણ સમજે હોય. વંદો૦ ૧૩

તે કરતાં સુત રાજી થઈને, જાવે જેહની પાસે;
તેહનો પુત્રએ ન્યાય અમારો, જોવો વિમાસી હૈયે. વંદો૦ ૧૪

ફૂલડા રમકડા ને મીઠાઈ મેવા પુત્રને માત દિખાવે;
દેખાડે ગુરુ ઓઘો મુહપત્તિ, તુર્ત ગુરુ કને આવે વંદો૦ ૧૫

ઓઘો મુહપત્તિ મસ્તકે ઠવીને નૃત્ય કરે તવ બાલ;
દીપવિજય કવિરાજ બહાદૂર, વયરકુમર સુકુમાલ. વંદો૦ ૧૬

૨૮ શ્રી દેવાનંદાની સજઝાય

(રાગ- આતમ ધ્યાનથી રે સંતો)

જિનવર રૂપ દેખી મન હરખી, સ્તનસેં દૂધ ઝરાયા;
તવ ગૌતમકું ભયા અચંબા, પ્રશ્ન કરણકું આયા.
ગૌતમ ! એ તો મેરી અમ્મા.
તસ કૂખે તુમ કબહુ ન વસિયા, કવણ કિયા ઇણ કમ્મા. ગૌતમ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રિશલા દેવી દેરાણી હુંતી, દેવાનંદા જેઠાણી;
વિષય લોભ કરી કાંઈ ન જાણ્યો, કપટ વાત મન આણી ગૌતમ૦ ૨

દેરાણીની રત્ન ડાબલી, બહુલાં રતન ચોરાયા;
ઝઘડો કરતાં ન્યાય હુઓ જબ, તબ કચ્છુ નાણાં પાયાં. ગૌતમ૦ 3

ઐસા શ્રાપ દિયા દેરાણી, તુમ સંતાન મુજ હોજો;
કર્મ આગળ કોઈનું નહિ ચાલે, ઇન્દ્ર ચક્રવર્તિ જોજો. ગૌતમ૦ ૪

ભરતરાય જબ રૂષભને પૂછે, એહમેં કોઈ જિણંદા;
મરિચી પુત્ર ત્રિદંડી તેરો, ચોવીશમો જિણંદા. ગૌતમ૦ ૫

કુલનો ગર્વ કિયો મેં ગૌતમ, ભરતરાય જબ વંદ્યા;
મન વચન કાયાએ કરીને, હરખ્યો અતિ આણંદા. ગૌતમ૦ ૬

કર્મ સંયોગે ભિક્ષુ કુલ પાયા, જનમ ન હોવે તિહાં કબહું;
ઇન્દ્ર અવધિયે જોતાં અપહરિયો, દેવ ભૂજંગમ બાહુ. ગૌતમ૦ ૭

બ્યાશી દિન તિહાં કણે વસિયો, હરિણગમેષી જબ આયા;
સિદ્ધારથ રાય ત્રિશલાદે રાણી, તસ કૂખે છટકાયા. ગૌતમ૦ ૮

રૂષભદત્ત ને દેવાનંદા, જબ લેશે સંયમભારા;
તબ ગૌતમ એ મુક્તે જાશે, ભગવતી સૂત્ર વિચારા. ગૌતમ૦ ૯

સિદ્ધારથને ત્રિશલા રાણી, અચ્યુત દેવલોકે જાશે;
બીજે ખંધે આચારાંગે, તે સૂત્રે કહેવાશે. ગૌતમ૦ ૧૦

તપગચ્છ શ્રી હીરવિજયસૂરિ, દિયો મનોહર વાણી;
સકલચંદ પ્રભુ ગૌતમ પૂછે, ઉલટ મનમાં આણી. ગૌતમ૦ ૧૧

૨૯ શ્રી વંકચૂલની સજ્ઝાય

જંબુદ્વીપમાં દીપતુ રે લાલ, ક્ષેત્ર ભરત સુવિશાલ રે. વિવેકી૦
શ્રીપુર નગરનો રાજીયો રે લાલ, વિમલ જશા ભૂપાલ રે; વિ૦
આદરજો કાંઈ આખડી રે લાલ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુમંગલા પટરાણીએ રે લાલ, જન્મ્યા તે યુગલ અમૂલ રે; વિ૦
નામ ઠરાવ્યું દોય બાલનું રે લાલ, પુષ્પચૂલા વંકચૂલ રે. વિ૦ ૨

અનુક્રમે ઉદ્ધત થયો રે લાલ,લોક કહે વંકચૂલ રે; વિ૦
લોક વચનથી ભૂપતિ રે લાલ,કાઢયો સુત વંકચૂલ રે. વિ૦ ૩

પુષ્પચૂલા લઇ બેનડી રે લાલ, પલ્લીમાં ગયો વંકચૂલ રે; વિ૦
પલ્લીપતિ કીયો ભીલડો રે લાલ, ધર્મ થકી પ્રતિકુલ રે. વિ૦ ૪

સાત વ્યસન સરસો રમે રે લાલ, ન ગમે ધર્મની વાત રે; વિ૦
વાટ પાડે ને ચોરી કરે રે લાલ, પાંચસો તેણી સંગાથ રે. વિ૦ ૫

ગજપુરપતિ દીએ દીકરી રે લાલ, રાખવા નગરનું રાજ રે; વિ૦
સિંહગુફા તિણે પલ્લિમાં રે લાલ, નિર્ભય રહે ભીલ્લરાજ રે. વિ૦ ૬

સુસ્થિત સદ્‌ગુરુથી તિણે રે લાલ, પામ્યા નિયમ તે ચાર રે; વિ૦
ફલ અજાણ્યું માંસ કાગનું રે લાલ,પટરાણી પરિહાર રે. વિ૦ ૭

સાત ચરણ ઓસર્યા વિના રે લાલ, ન દેવો રિપુ શિર ઘાય રે; વિ૦
અનુક્રમે ચાર નિયમના રે લાલ, પારખા લહે ભિલ્લરાય રે. વિ૦ ૮

વંકચૂલે ચારે નિયમનાં રે લાલ, ફલ ભોગવ્યા પ્રત્યક્ષ રે; વિ૦
પરભવે સુરસુખ પામીયો રે લાલ, આગળ લેશે મોક્ષ રે. વિ૦ ૯

કષ્ટ પડે જે સાહસી રે લાલ, ન લોપે નિજ સીમ રે; વિ૦
જ્ઞાનવિમલ કહે તેહની રે લાલ, જેહ કરે ધર્મ નીમ રે. વિ૦ ૧૦

૩૦ શ્રી સુબાહુકુમારની સજ્ઝાય

હવે સુબાહુકુમાર એમ વિનવે, અમે લઇશું સંજમભાર, માડી મોરી રે;
મા મેં વીર પ્રભુની વાણી સાંભળી, તેણે મેં જાણ્યો અથિર સંસાર માડી મોરી રે.
હવે હું નહિ રહું આ સંસારમાં. ૧

હાંરે જાયા તુજ વિના સૂના મંદિર માળિયા, જાયા તુજ વિના સુનો સંસાર રે;
જાયા મોરા રે, માણેક મોતી ને મુદ્રિકા, કાંઇ ઋદ્ધિ તણો નહિ પાર જાયા મોરા રે.
તુજ વિના ઘડી એક ન નિસરે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાંરે માજી તનધન જોબનકારમું, કારમો કુટુંબ પરિવાર માડી મોરી રે;
કારમા સગપણમાં કુણ રહે, તેથી મેં જાણ્યો અથિર સંસાર
માડી મોરીરે હવે હું૦ ૩

હાંરે જાયા સંજમ પંથ ઘણો આકરો, જાયા વ્રત છે ખાંડાની ધાર, જાયા મોરા રે;
બાવીશ પરિસહ જીતવા, જાયા રહેવું છે વનવાસ જાયા મોરા રે. તુજ૦ ૪

હાંરે માજી વનમાં તે રહે છે મૃગલાં, તેની કોણ કરે છે સંભાળ, માડી મોરી રે;
વન મૃગની પરે ચાલશું, અમે એકલડા નિરધાર માડી મોરી રે. હવે હું૦ ૫

હાંરે જાયા શિયાળે શીત બહુ પડે, જાયા ઉનાલે લૂ વાય જાયા મોરા રે;
જાયા વરસાલો અતિ આકરો, કાંઇ ઘડીયે વરસ સો જાય જાયા મોરા રે.તુજ૦ ૬

હાંરે માજી નરક નિગોદમાં હું ભમ્યો, ભમ્યો અનંતી અનંતી વાર માડી મોરી રે;
છેદન ભેદન મેં સહ્યાં, તે કહેતાં ન આવે પાર માડી મોરી રે. હવે હું૦ ૭

હાંરે જાયા પાંચશે પાંચશે નારીઓ, રૂપે અપ્સરા સમાન જાયા મોરા રે;
ઊંચા તે કુલની ઉપની, રહેવા પાંચસે પાંચસે મહેલ જાયા મોરા રે. તુજ૦ ૮

હાંરે માજી ઘરમાં જો નીકલે એક નાગણી, સુખે નિદ્રા ન આવે લગાર;
તો પાંચશે નાગણીયોમાં કેમ રહું, મારું મનડું આકુળ વ્યાકુળ થાય. માડી૦ હવે હુ૦ ૯

હારે જાયા આટલા દિવસ હું તો જાણતી, રમાડીશ વહુરોના બાળ જાયા મોરા રે;
દિવસ અટારો રે આવીયો, તું તો લે છે સંજમભાર જાયા મોરા રે. તુજ૦ ૧૦

હાંરે માજી મુસાફર આવ્યો કોઇ પરૂણલો, ફરી ભેગો થાય ન થાય માડી મોરી રે;
એમ માનવ ભવ પામવો દોહિલો, ધર્મ વિના દુર્ગતિમાં જાય માડી મોરી રે. હવે હું૦ ૧૧

હવે પાંચશે વહુરો એમ વિનવે, તેમાં વડેરી કરે રે જવાબ વાલમ મોરા રે;
સ્વામી તમે તો સંજમ લેવા સંચર્યા, સ્વામી અમને કવણ આધાર વાલમ મોરા રે.
વાલમ વિના કેમ રહી શકું. ૧૨

હાંરે માજી માત-પિતા ને ભાઇ બેનડી, નારી કુટુંબને પરિવાર માડી મોરી રે;
અંત સમય અલગા રહે, એક જિન ધર્મ તારણહાર. માડી૦ હવે હું૦ ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાંરે માજી કાયી તે કાયા કારમી, સડી પડી વિણસી જાય માડી મોરી રે;
જીવડો જાય ને કાયા પડી રહે. મૂઆ પછી બાળી કરે રાખ. માડી ૦ હવે હું૦ ૧૪
હવે ધારણી માતા એમ ચિંતવે, આ પુત્ર નહીં રહે આ સંસાર ભવિકજનો રે
એક દિવસનું રાજય ભોગવી સંજમ લીધું મહાવીર સ્વામી પાસ.
ભવિકજનો રે, સોભાગી કુંવરે સંજમ આદર્યો. ૧૫

હારે તપ-જપ કરી કાયા શોષવી, આરાધી ગયા દેવલોક ભવિકજનો રે;
પંદર ભવ પૂરા કરી, મહાવિદેહ ક્ષેત્રમાં જાશે મોક્ષ.
ભવિકજનો રે સોભાગી કુંવરે સંજમ આદર્યો. ૧૬

હાંરે એ તો વિપાકસૂત્રમાં ભાખીયું, બીજા સૂત્ર અખંડ મોઝાર ભવિકજનો રે;
પ્રથમ અધ્યયને પ્રરૂપીઓ, સૂત્રવિપાકમાં અધિકાર, ભવિકજનો રે.
સૌભાગ્યવિજય ગુરુ એમ કહે. ૧૭

૩૧ શ્રી મેતારજમુનિની સજઝાય

શમદમ ગુણના આગરુજી, પંચ મહાવ્રત ધાર,
માસક્ષમણને પારણેજી, રાજગૃહી નગરી મોઝાર;
મેતારજ મુનિવર ધન ધન તુમ અવતાર. ૧

સોનીને ઘેર આવીયાજી, મેતારજ ઋષિરાય;
જવલા ઘડતો ઉઠીયોજી, વંદે મુનિનો પાય, મેતારજ૦ ૨

આજ ફળ્યો ઘર આંગણેજી, વિણ કાળે સહકાર;
લ્યો ભિક્ષા છે સુઝતીજી, મોદકતણો એ આહાર. મેતારજ૦ ૩

ક્રોંચ જીવ જવલા ચણ્યોજી, વહોરી વળ્યા ઋષિરાય;
સોની મન શંકા થઈ જી, સાધુ તણા એ કાજ. મેતારજ૦ ૪

રીસ કરી ઋષિને કહેજી, ઘો જવલા મુજ આજ;
વાઘર શિર્ષે, વીંટીયુંજી, તડકે રાખ્યા મુનિરાજ, મેતારજ૦ ૫

ફટ ફટ ફૂટે હાડકાંજી ગટ ગટ તૂટે છે ચામ;
સોનીડે પરિષહ દીયોજી, મુનિ રાખ્યો મન ઠામ. મેતારજ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એવા પણ મોટા યતિજી, મન ન આણે રે રોષ;
આતમ નિંદે આપણો જી, સોનીનો શો દોષ ? મેતારજ૦ ૭

ગજસુકુમાલ સંતાપીયાજી, બાંધી માટીની પાળ;
ખેર અંગારા શિરે ધર્યાજી, મુગતે ગયા તત્કાળ. મેતારજ૦ ૮

વાઘણે શરીર વલુરીયું જી, સાધુ સુકોશલ સાર;
કેવલ લહી મુગતે ગયાજી, ઇમ અરણિક અણગાર. મેતારજ૦ ૯

પાપી પાલકે પીલીયાજી, ખંધકસૂરિના રે શિષ્ય;
અંબડ ચેલા સાતશેજી, નમો નમો તે નિશદિન. મેતારજ૦ ૧૦

એવા ઋષિ સંભારતાજી, મેતારજ ઋષિરાય;
અંતગડ હુઆ કેવલીજી, વંદો મુનિના પાય. મેતારજ૦ ૧૧

ભારી કાષ્ટની સ્ત્રીએ તિહાંજી લાવી નાંખી તેણીવાર;
ઘબકે પંખી જાગીયોજી, જવલા કાઢ્યા તેણે સાર. મેતારજ૦ ૧૨

દેખી જવલા વિષ્ટામાંજી, મન લાજ્યો સોનાર;
ઓઘો મુહપત્તિ સાધુનાજી, લેઈ થયો અણગાર. મેતારજ૦ ૧૩

આતમ તાર્યો આપણોજી, સ્થિર કરી મન વચ કાય;
રાજવિજય રંગે ભણેજી, સાધુ તણી એ સજ્ઝાય. મેતારજ૦ ૧૪

૩૨ શ્રી ઇલાચીપુત્રની સજ્ઝાય

નામે ઇલાચી પુત્ર જાણીએ, ધનદત્ત શેઠનો પુત્ર,
નટડી દેખીને મોહીયો, નવિ રાખ્યું ઘર સૂત્ર;
કર્મ ન છૂટે રે પ્રાણીયા, પૂરવ સ્નેહ વિકાર,
નિજ કુલ છંડી રે નટ થયો, નાણી શરમ લગાર. કર્મ૦ ૧

માતાપિતા કહે પુત્રને, નટ નવિ થઈએ રે જાત;
પુત્ર પરણાવું રે પદ્મિણી, સુખ વિલસો તે સંઘાત. કર્મ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહેણ ન માન્યું રે તાતનું, પૂરવ કર્મ વિશેષ;
નટ થઈ શીખ્યો રે નાચવા, ન મટે લખ્યા રે લેખ. કર્મ૦ ૩

એકપૂર આવ્યો રે નાચવા, ઊંચો વાંસ વિશેષ;
તિહાં રાય જોવાને આવીયો, મલીયા લોક અનેક. કર્મ૦ ૪

ઢોલ બજાવે રે નટડી, ગાવે કિન્નર સાદ;
પાય તલ ઘુઘરા રે ઘમઘમે, ગાજે અંબર નાદ. કર્મ૦ ૫

દોય પગ પહેરી રે પાવડી, વંશ ચઢ્યો ગજ ગેલ;
નોંધારો થઈ નાચતો, ખેલે નવ નવા ખેલ. કર્મ૦ ૬

નટડી રંભા રે સારખી, નયણે દેખે રે જામ;
જો અંતેઉરમાં એ રહે, જન્મ સફળ મુજ તામ. કર્મ૦ ૭

તવ તિહાં ચિંતે રે ભૂપતિ, લુબ્ધો નટડીની સાથ;
જો નટ પડે રે નાચતો, તો નટડી કરું મુજ હાથ. કર્મ૦ ૮

કર્મ વશે રે હું નટ થયો, નાચું છું નિરાધાર;
મન નવિ માને રે રાયનું, તો શું કરવો વિચાર. કર્મ૦ ૯

દાન ન આપે રે ભૂપતિ, નટે જાણી તે વાત;
હું ધન વંછુ રે રાયનું, રાય વંછે મુજ ઘાત. કર્મ૦ ૧૦

દાન લહું જો હું રાયનું, તો મુજ જીવિત સાર;
એમ મનમાંહે રે ચિંતવી, ચઢીઓ ચોથી રે વાર. કર્મ૦ ૧૧

થાલ ભરી શુદ્ધ મોદકે, પદ્મિણી ઉભેલી બાર;
લ્યો લ્યો કહે છે લેતા નથી, ધન ધન મુનિ અવતાર. કર્મ૦ ૧૨

એમ તિંહા મુનિવર વહોરતા, નટે પેખ્યા મહાભાગ્ય;
ધિક્ ધિક્ વિષયા રે જીવને, એમ નટ પામ્યો વૈરાગ્ય કર્મ૦ ૧૩

સંવર ભાવે રે કેવલી, થયા તે કર્મ ખપાય;
કેવલ મહિમા રે સુર કરે, **લબ્ધિવિજય** ગુણ ગાય. કર્મ૦ ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

33. શ્રી ઇલાચીપુત્રની સજ્ઝાય

ઇલાચીકુમાર ચિત્ત ચિંતવે રે, ઇન્દ્રાણી અવતારો રે;
ધન્ય ધન્ય એ મુનિરાયને રે, નવી જુએ નયણે વિકારો રે. ૧

અહો અહો સમતા એહની રે, નિર્લોભી નિર્ગ્રન્થ રે,
નીરખે નહી એ નારીને રે, અહો અહો સાધુનો પંથ રે. ૨

એ કુલવંતી સુંદરી રે, કંચનવરણી કાયા રે;
અદ્‌ભુત રૂપે ઊભી અછે રે, પણ મુનિ મન ન ડગાયા રે. ૩

એક માયે એહને જણ્યો રે, એક જણ્યો મુજ માય;
સરસવ મેરૂનો આંતરો રે, કિહાં હું કિહાં મુનિરાય રે. ૪

ભારે કર્મી હું ઘણો રે, મેલી કુલ આચારો રે;
નીચ નાટકણીને કારણે રે, છોડી દીધો વ્યવહાર રે. ૫

એ નારીના સંગથી રે, વંશ ચટ્યો આકાશ રે;
જો ચ્યવું એહના ધ્યાનથી રે, તો પહોંચુ નરકાવાસ રે. ૬

દાન લેવાને કારણે રે, કોડ કરું ઉપાય રે;
તોયે પણ દેતા નથી રે, મોહ ફંદે એ રાય રે. ૭

સાધુને આપે શ્રાવિકા રે, મોદક મનને ઉલ્લાસ રે;
લ્યો લ્યો કહે છે લેતા નથી, તો ધન્ય એહને શાબાશ રે. ૮

ધન્ય વેળા ને ધન્ય ઘડી રે, મૂકું મોહની જાળ રે;
થઈએ મુનિવર સારીખો રે, છોડી આળ પંપાળ રે. ૯

મોહ તણે જોરે કરી રે, નાટક ફરી ફરી કીધ રે;
પાંચમી ઢાળ સોહામણી રે, મુનિ માન કહે સુપ્રસિદ્ધ રે. ૧૦

34 કોણિકની સજ્ઝાય

કિયા રે ભવનું પુત્ર તે વૈર, કપુત આ તે વાળ્યું
તારા જનકનો પિંજર નાંખી, પેટ જ મારૂં બાળ્યું રે. કિયા૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવું કરતાં તુજને પાપી, લાજ ન આવી કાંઈ;
બુદ્ધિકુબુદ્ધિ તે ઉપજાવી, રાજ્ય લોભે લલચાઈ રે. કિયા૦ ૨

ગર્ભે આવ્યો તું મુજ જ્યારે, તેની શું વાત જ કહેવી;
તારા પિતાનું માંસ જ માંગ્યું, બુદ્ધિ તે કીધી એવી રે કિયા૦ ૩

પાપીષ્ઠ તારો જનમ થાતાં, રીસ ચટેલ અપારી રે;
ઉકરડે તુજને નંખાવ્યો, દુષ્ટ પુત્ર મેં ધારી રે. કિયા૦ ૪

શ્રેણીકરાયે વાત જ જાણી, તુર્ત તુને મંગાવ્યો;
પુત્ર પ્રતિ અતિ હેત જ આણી, અતિ તને હુલરાવ્યો રે કિયા૦ ૫

સ્નેહ આવો તુજ ઉપર રાખ્યો, ત્યારે તે આવું કીધું;
ફીટ ફીટ હો પાપીષ્ઠ તુજને, કલંક કુળને દીધું રે. કિયા૦ ૬

આવું સમજી મેં તો તુજને, પહેલા નાંખી દીધો;
તુજ પિતાએ સ્નેહે તુજને, તોએ મોટો કીધો રે. કિયા૦ ૭

હર્ષ ધરે શું તું મુજ પાસે, તાત ને પિંજર નાખી;
લાજી મરૂં છું તુજ થકી હું, વાત સુણતાં આખી રે. કિયા૦ ૮

નિજ પિતાનો સ્નેહ ન જાણ્યો, રાજ લેવાને ધાયો રે;
સ્વાર્થ થકી તેં જગમાં પાપી, અપયશ અધિકો પાયો રે. કિયા૦ ૯

દુષ્ટ દુર્મુખ તું જા અહિંયાથી, શું તુજ મુખ બતાવે;?
અપકૃત્યો સહુ તારાં દેખી, દુઃખ જ મુજને થાએ રે. કિયા૦ ૧૦

અપ્રિય વાચા સુણી માતાની, કોણીક ત્યાંથી જાએ;
કરવા બંધન મુક્ત પિતાને, દોડતો તે તો આવે રે. કિયા૦ ૧૧

આવતો પાસે પુત્ર જ દેખી, શ્રેણીક મનમાં બીધો;
તાલકુટ મુદ્રિકા મુખે, ચૂસી કાળ જ કીધો રે. કિયા૦ ૧૨

સ્વાર્થ જુઓ આ દુનિયા કેરો, કોઈ તણું નવ કોઈ;
હર્ષ ધરી મન શોધો મુખને, જગની રચના જોઈ રે. કિયા૦ ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૫ ખંધકમુનિની સજ્ઝાય

ઢાળ પહેલી

નમો નમો ખંધક મહામુનિ, ખંધક ક્ષમા ભંડાર રે;
ઉગ્ર વિહારે મુનિ વિચરંતા, ચારિત્ર ખડ્ગની ધાર રે, નમો૦ ૧

સમિતિ ગુપ્તિને ધારતો, જિતશત્રુ રાજાનો નંદ રે;
ધારણી ઉદરે જનમિયો, દર્શન પરમાનંદ રે.નમો૦ ૨

ધર્મઘોષ મુનિ દેશના,પામીયો તેણે પ્રતિબોધ રે;
અનુમતિ લેઈ માય તાતની, કર્મ શું યુદ્ધ થઈ યોદ્ધ રે. નમો૦ ૩

છઠ અઠ્ઠમ આદે અતિ ઘણા, દુષ્કર તપ તનુ શોષ રે;
રાત દિવસ પરિષહ સહે, તો પણ મન નહિ રોષ રે. નમો૦ ૪

દવ દીધા ખીજડા દેહમાં, ચાલતાં ખડખડે હાડ રે;
તો પણ તપ તપે આકરા, જાણતાં અથિર સંસાર રે. નમો૦ ૫

એક સમે ભગિની પૂરી પ્રતે, આવીયા સાધુજી સોય રે;
ગોખે બેઠી ચિંતે બેનડી, એ મુજ બંધવ હોય રે. નમો૦ ૬

બેનને બાંધવ સાંભર્યો, ઉલટ્યો વિરહ અપાર રે;
છાતી લાગી છે ફાટવા, નયણે વહે આંસુડાની ધાર રે. નમો૦ ૭

રાય ચિંતે મનમાં ઇસ્યું, એ કોઈ નારીનો જાર રે;
સેવકને કહે સાધુની, લાવોજી ખાલ ઉતાર રે. નમો૦ ૮

ઢાળ બીજી

રાય સેવક તવ કહે સાધુને, ખાલડી જીવથી હણશું રે,
અમ ઠાકુરની એહ છે આણા, એ અમે આજ કરશું રે;
અહો અહો સાધુજી સમતાના દરિયા, મુનિ ધ્યાન થકી નવિ ચલિયા રે. ૧

મુનિવર મનમાંહિ આણંદ્યા, પરિષહ આવ્યો જાણી રે;
કર્મ ખપાવવાનો અવસર એહવો, ફરી નહીં આવે પ્રાણી રે. અહો૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એતો વળી સખાઈ મલીયો, ભાઈ થકી ભલેરો રે;
પ્રાણી તું કાયરતા પરિહરજે, જિમ ન થાયે ભવ ફેરો રે. અહો૦ ૩

રાય સેવકને તપ કહે મુનિવર, કઠણ ફરસ મુજ કાયા રે;
બાધા રખે તુમ હાથે થાયે, કહો તિમ રહીએ ભાયા રે. અહો૦ ૪

ચારે શરણાં ચતુર કરીને, ભવ ચરમ આવર્તે રે;
શુકલધ્યાનશું તાન લગાવ્યું, કાયાને વોસિરાવે રે. અહો૦ ૫

ચડચડ ચામડી તેહ ઉતારે, મુનિ સમતારસ ઝીલે રે;
ક્ષપકશ્રેણિ આરોહણ કરીને, કઠિણ કરમને પીલે રે. અહો૦ ૬

ચોથું ધ્યાન ધરંતા અંતે, કેવળ લઇ મુનિ સિધ્યા રે;
અજર અમરપદ મુનિવર પામ્યા, કારજ સઘળાં સિધ્યા રે. અહો૦ ૭

એહવે તે મુહપત્તિ લોહીએ ખરડી, પંખીડે આમિષ જાણી રે;
લેઇને નાંખી તે રાજદુવારે, સેવકે લીધી તાણી રે અહો૦ ૮

સેવક મુખથી વાત જ જાણી, બ્હેને મુહપત્તિ દીઠી રે;
નિશ્ચય ભાઈ હણાયો જાણી, હઇડે ઊઠી અંગીઠી રે. અહો૦ ૯

વિરહ વિલાપ કરે રાય રાણી, સાધુની સમતા વખાણી રે;
અથિર સંસાર સંવેગે જાણી, સંજમ લીયે રાય રાણી રે. અહો૦ ૧૦

આલોઈ પાતકને સવિ છંડી, કઠિન કર્મને નિંદી રે;
દુષ્કર તપ કરી કાયા ગાળી, શિવ સુખ લહે આણંદી રે અહો૦ ૧૧

ભવિયણ એહવા મુનિવર વંદી, માનવભવ ફળ લીજે રે;
કર જોડી મુની **મોહન** વિનવે, સેવક સુખિયા કીજે રે. અહો૦ ૧૨

૩૬ શ્રી કુરગડુમુનિ (ઉપશમ) ની સજ્ઝાય

ઉપશમ આણો ઉપશમ આણો, ઉપશમ તપ માંહી રાણો રે;
વિણ ઉપશમ જિન ધર્મ ન શોભે, જિમ જગ નરવર કાણો રે. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુરમિણી નયરી કુંભ નરેસર, રાજ કરે તિહાં સુરો રે;
તસ નંદન લલિતાંગ મહામતિ, ગુણમણી મંડિત પૂરો રે. ૨

સુગુરુ તણી વરવાણી શ્રવણે, સુણી સંવેગ ન માયો રે;
રાજઋદ્ધિ રમણી સહુ છંડી, ચારિત્ર નીરે ન્હાયો રે. ૩

દેશ વિદેશ ગુરુ સંઘાતે, વિહાર કરે મુનિ મોટો રે;
સહે પરિસહ દોષ નિવારે. ઋષિ ઉપશમ રસ લોટો રે. ૪

અન્ય દિવસ તસ ક્ષુધા વેદનીય, કરમે ન સહી જાય રે;
ઇંદ્ર ચંદ્ર વિદ્યાધર મુનિવર, કર્મ કરેતેમ થાય રે. ૫

કૂર ઘડો દિન પ્રત્યે લાવે, એષણા દોષ નિવારી રે;
કૂરગડુ તે માટે કહેવાયા, સંયમ શોભા વધારી રે. ૬

દિવસ પજુસણ ગુરૂ આદેશે, વોહરી કૂર સુસાધુ રે;
ચાર શ્રમણ ચઉમાસી તપીયા, દેખાડે નિરબાધ રે. ૭

તે ચારે તસ પાત્રમાં થુંકે, રોષે લવે તુ પાપી રે;
આજ પજુસણ કાં તું વિમાસે, દુરગતિશું મતિ થાપી રે. ૮

કૂરગડુ સમતા રસના ભરીયા, હૈયે વિમાસે રૂડું રે;
લુખો આહાર જાણી તે મુનિવર, ઘી નાંખ્યું નવિ કૂડું રે. ૯

આહાર કરી નિજ આતમ નિંદે, શુક્લધ્યાન લય લાગી રે;
ઘનઘાતી ચઉ કર્મ નિવારી, કેવલજ્ઞાની મહાભાગી રે. ૧૦

શાસનદેવી ક્ષપકને પૂછે, કૂરગડું કિહાં ધ્યાએ રે;
રોષ ભર્યા જલ્પે તે મુનિવર, ઓ જા ખુણે ખાય રે. ૧૧

દેવ દુંદુભી ગયણે વાજી, ક્ષપક ખમાવે જાણી રે;
કેવલ પામી મુક્તિ સિધાવે, વાત સિદ્ધાંતે લખાણી રે. ૧૨

શ્રી વિજયદાન સૂરીશ્વર રાજ્યે, વિમલ હર્ષ ઉવજ્ઝાયા રે;
આણંદ વિજય પંડિત વરશિષ્યે, **ઘનવિજય** ગુણ ગાયા રે. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૭ શ્રી ઝાંઝરીયામુનિની સજઝાય

(રાગ - ઢંઢણ ઋષિને કરુ વંદના રે લાલ)

ઝાંઝરીયા મુનિવર જગ જયો, બ્રહ્મચારી ભગવાન મેરે લાલ;
ગોચરી વહોરણ નીકળ્યા, પહોંચ્યા શેઠ મકાન મેરે લાલ. ૧

શેઠાણી સત્કારથી, લાવે મોદકના થાળ મેરે લાલ;
રૂપ પુરંદર દેખીને, ઉપની મોહજંજાળ મેરે લાલ. ૨

લઘુવયમાં આ કષ્ટથી, કિમ સંતાપો દેહ મેરે લાલ;
યૌવન વય સફલો કરો, શોભાવો અમ ગેહ મેરે લાલ. ૩

અમ ભાગ્યે તમે સાંપડ્યા, નિર્ભય વિલસો ભોગ મેરે લાલ;
મધુકર માલતી સંગ જ્યું, સફલ કરો સંજોગ મેરે લાલ. ૪

પણ મુનિ સન્મુખ નવિ જુવે, નારી કરે મનોહાર મેરે લાલ;
સામ દામ ઉપચારથી, ન ચળ્યો મહાવ્રત ધાર મેરે લાલ. ૫

પ્રેમ વિલુદ્ધિ પદ્મિની રુઠી મહાવિકરાલ મેરે લાલ;
મુનિ પગમાં ઝાંઝર ઘરી, મુનિ ઉપર ઘરે આળ મેરે લાલ. ૬

રાજા નિરખે ગોખમાં, જાણે મુનિ નિર્દોષ મેરે લાલ;
આવી પ્રણમે ભૂપતિ, મુનિવર પહોંત્યા મોક્ષ મેરે લાલ; ૭

એવા મુનિવર વંદતા, જીવ પામે વિશ્રામ મેરે લાલ;
મુજને હોજો ભવે ભવે, ધર્મરત્ન પરિણામ મેરે લાલ. ૮

૩૮ શ્રી મેઘકુમારની સજઝાય

ધારણી મનાવે રે મેઘકુમારને રે, તું મુજ એકજ પુત્ર;
તુજ વિણ જાયા રે સૂનાં મંદિર માળીયાં રે, રાખો રાખો ઘર તણાં સૂત્ર૦ ૧

તુજને પરણાવું રે આઠ કુમારિકા રે, સુંદર અતિ સુકુમાળ;
મલપતી ચાલે રે જેમ વન હાથણી રે, નયણ વયણ સુવિશાળ. ધારણી૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુજ મન આશા રે પુત્ર હતી ઘણી રે, રમાડીશ વહુના રે બાળ;
દૈવ અટારો રે દેખી નવિ શક્યો રે, ઉપાયો એહ જંજાળ ધારણી૦ ૩

ધન કણ કંચન રે ઋદ્ધિ ઘણી અછે રે, ભોગવો ભોગ સંસાર;
છતી ઋદ્ધિ વિલસો રે જાયા ઘર આપણે રે, પછી લેજો સંયમ ભાર. ધારણી૦ ૪

મેઘકુમારે રે માતા પ્રત્યે બૂઝવી રે, દીક્ષા લીધી વીરજીની પાસ;
પ્રીતિવિમળ રે ઇણિ પરે ઉચ્ચરે રે, પહોતી મ્હારા મનડાની આશ. ધારણી૦ ૫

૩૯ શ્રી મૃગાપુત્રની સજ્ઝાય

(રાગ - ધારણી મનાવે રે મેઘકુમારને રે)

ભવિ તુમે વંદો રે મૃગાપુત્ર સાધુને રે, બલભદ્ર રાયનો નંદ;
તરૂણ વયે વિલસે નિજ નારીશું રે, જિમ તે સુર દોગુંદ. ભવિ૦ ૧

એક દિન બેઠા મંદિર માળીયા રે, દીઠા શ્રી અણગાર;
પગ અડવાણે રે જયણાં પાલતાં રે, ષટ્કાય રાખણહાર. ભવિ૦ ૨

તે દેખી પુરવભવ સાંભર્યો રે, નારી મૂકી નિરાશ;
નિર્મોહી થઈ હેઠો ઉતર્યો રે, આવ્યો માયની પાસ ભવિ૦ ૩

માતાજી આપો રે અનુમતિ મુજને રે, લેશું સંજમ ભાર;
તન ધન જોબન એ સવિ કારમું, રે, કારમો એહ સંસાર. ભવિ૦ ૪

વચ્છ વચન સાંભળી ધરણી ઢળી રે, શીતલ કરી ઉપચાર;
ચેત વલ્યો તવ એણી પરે ઉચ્ચરે રે, નયણે વહે જલધાર. ભવિ૦ ૫

સુણ મુજ જાયા રે એ સવિ વાતડી રે, તુઝ વિણ ઘડીય છ માસ;
ખિણ ન ખમાયે રે વિરહો તાહરો રે, તું મુજ સાસ ઉસાસ. ભવિ૦ ૬

તુજને પરણાવી રે ઉત્તમ કુળ તણી રે, સુંદર વહુ સુકુમાળ;
વાંક વિહુણી રે કિમ ઉવેખીને રે, નાખે વિરહની ઝાળ. ભવિ૦ ૭

સુણ મુજ માડી રે મેં સુખ ભોગવ્યાં રે, અનંતી અનંતી વાર;
જિમ જિમ સેવે રે તિમ વાધે ઘણું રે, એ બહુ વિષય વિકાર. ભવિ૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુણ વચ્છ માહરા રે સંજમ દોહિલું રે, તું સુકુમાલ શરીર;
પરીસહ સહવા રે ભૂમી સંથારવું, પીવું ઊનું રે નીર. ભવિ૦ ૯

માતાજી સહ્યાં રે દુઃખ નરકે ઘણાં રે, તે મુખે કહ્યા નહિ જાય;
તો એ સંજમ દુઃખ હું નવિ ગણું રે,જેહથી શિવ સુખ થાય. ભવિ૦ ૧૦

વચ્છ તું રોગાંતકે પીડીયો રે, તવ કુણ કરશે રે સાર;?
સુણ તું માડી રે મૃગલાની કોણ લીયે રે, ખબર તે વન મોઝાર? ભવિ૦ ૧૧

વન મૃગ જિમ માતાજી વિચરશું રે, દ્યો અનુમતિ એણી વાર;
ઇમ બહુ વચને રે મનાવી માતને રે, લીધો સંજમ ભાર. ભવિ૦ ૧૨

સમિતિ ગુપ્તિ રૂડી પરે જાલવે રે, પાળે શુદ્ધ આચાર;
કર્મ ખપાવીને મુગતે ગયા રે, શ્રી મૃગાપુત્ર અણગાર. ભવિ૦ ૧૩

વાચક રામ કહે એ મુનિતણાં રે, ગુણ સમરો દિન રાત;
ધન ધન જે એહવી કરણી કરે રે, ધન તસ માત ને તાત. ભવિ૦ ૧૪

૪૦ શ્રી ભરતચક્રવર્તીની સજ્ઝાય

મન મેંહી વૈરાગી, ભરતજી મન મેંહી વૈરાગી
બત્રીશ સહસ મુગટબદ્ધરાજા સેવા કરે વડભાગી;
ચોસઠ સહસ અંતેઉરી જાકે, તોહી ન હુઆ અનુરાગી. ભરતજી૦ ૧

લાખ ચોરાશી તુરંગમ જાકે, છન્નુ ક્રોડ હે પાગી;
લાખ ચોરાશી ગજરથ સોહીયે, સૂરતા ધર્મ શું લાગી, ભરતજી૦ ૨

ચાર ક્રોડ મણ અન્ન નિત સીઝે, લૂણ દશ લાખ મણ લાગી;
તીન ક્રોડ ગોકુળ ઘર દૂઝે, એક ક્રોડ હળ સાગી, ભરતજી૦ ૩

સહસ બત્રીશ દેશ વડભાગી, ભયે સર્વકે ત્યાગી;
છન્નુક્રોડ ગ્રામ કે અધિપતિ, તોહી ન હુવા સરાગી. ભરતજી ૦ ૪

નવનિધિ રતન ચોઘડિયાં બાજે, મન ચિંતા સબ ભાગી;
કનકકીર્તિ મુનિવર વંદત હૈ, દેજો મુક્તિ મેં માંગી. ભરતજી૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪૧ શ્રી ભરતચક્રવર્તીની સજ્ઝાય

આભરણ અલંકાર સઘળાં ઉતારી, મસ્તક સેંતી પાગી;
આપોઆપ થઈને બેઠા, તવ દેહ દીસે છે નાગી,
ભૂપતિ થયો રે વૈરાગી. ભૂ૦ ૧

અનિત્ય ભાવના એસી રે ભાવી, ચાર કરમ ગયાં ભાગી;
દેવતાએ દીધો ઓઘો મુહપત્તિ, જેહ જિનશાસન રાગી. ભૂ૦ ૨

સ્વાંગ દેખી ભરતેશ્વરકેરો, સહીયરો હસવાને લાગી;
હસવાની અબ ખબર પડેગી, રહેજો અમશું અલગી. ભૂ૦ ૩

ચોરાશી લાખ હયવર-ગયવર, છન્નુ કોડ હે પાગી;
ચોરાશી લાખ રથસંગ્રામી, તતક્ષણ દીધા છે ત્યાગી. ભૂ૦ ૪

ચાર કોડ મણ અન્ન નિત્ય સિઝે, દશ લાખ મણ લુણ લાગી;
ચોસઠ સહસ અંતેઉરી ત્યાગી, સુરતા મોક્ષસેં લાગી. ભૂ૦ ૫

અડતાલીસ કોશમાં લશ્કર પડે છે, દુશ્મન જાય છે ભાગી;
ચૌદ રત્ન તો અનુમતિ માગે, મમતા સહુશું ત્યાગી. ભૂ૦ ૬

તીન કોડ ગોકુલ ઘણ દુઝે, એક કોડ હળ ત્યાગી;
આવી રિદ્ધિ સિદ્ધિ માટે ઝૂઝે, સમજણમાં આવે ત્યારે ત્યાગી ભૂ૦ ૭

ભરી સભામાં ભરતેશ્વર બોલ્યા, ઊઠો ખડા રહો જાગી;
આલોક ઉપર નજર ન દેશો, નજર દેજો તુમે આગી. ભૂ૦ ૮

વચન સુણી ભરતેશ્વરકેરાં, દશ સહસ ઉઠ્યા છે જાગી;
કુટુંબ કબીલો હાટ હવેલી તતક્ષણ દીધા છે ત્યાગી ભૂ૦ ૯

એક લાખ પુરવ લગે સંયમ, પાળી કેવલ સારી;
શેષ અઘાતી કર્મ ખપાવી, પહોંચ્યા છે મોક્ષ મોઝારી રે. ભૂ૦ ૧૦

વિમલવિજય ઉવજ્ઝાય સદ્‌ગુરુનો શિષ્ય તસ અણગાર;
ભરત મુનિવરના ગુણ ગાતાં, **રામવિજય** જયકાર ભૂ૦ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪૨ શ્રી બાહુબલીની સજ્ઝાય

(રાગ-ધારણી મનાવે રે મેઘકુ મારને રે)

બહેની બોલે હો બાહુબલ સાંભળોજી, રૂડા રૂડા રંગ નિધાન;
ગયવર ચઢીયા હો કેવળ કેમ હુવેજી, જાણ્યુ જાણ્યુ પુરુષ પ્રધાન. ૧

તુજ સમ ઉપશમ જગમાં કુણ ગણેજી, અકલ નિરંજન દેવ;
ભાઈ ભરતેસર વહાલા વિનવેજી, તુજ કરે સુરવર સેવ. ૨

ભર વરસાળો હો વનમાં વેઠીયો જી, જિહાં ઘણાં પાણીનાં પૂર;
ઝરમર ઝરમર વરસે મેહલો ઘણુંજી, પ્રગટ્યાં પુણ્ય અંકુર. ૩

ચિહુ દિશિ વીંટ્યો હો વેલડીએ ઘણું જી, જેમ વાદળ છાયો સૂર;
શ્રીઆદિનાથે હો અમને મોકલ્યાજી, તુમ પ્રતિબોધન નૂર. ૪

વર સંવેગરસે હો મુનિવર ભર્યાજી, પામ્યા પામ્યા કેવળનાણ;
માણેકમુનિ જસ નામે હો હરખ્યો ઘણું જી, દિન દિન ચઢતે વાન. ૫

૪૩ બાહુબલીની સજ્ઝાય

વીરાજી માનો મુજ વિનંતી, કહે બેન સુકોમળ વાણી રે;
સુણ બાહુબલી ગુણવંત તુ, મન મ કરો તાણાતાણી રે,
પધારો,તેડે તાતજી. ૧

ગજ ચડીયા કેવલ નવિ ઉપજે, માનો વચન બ્હેન મુનિરાય રે;
વીરાજી ગજ થકી ઉતરો, કહે તાતજી કેવલ થાય રે. ૨

ઇમ ભાખે બ્રાહ્મી સુંદરી, વનમાંહી જાણી વીર;
વયણ સલુણા સાંભળી, ચિત્ત ચિંતવે સાહસ ધીર. ૩

મેં તો ગજરથ સવિ વોસિરાવ્યા તીણે અહી નથી ગજ કોય;
જુહુ તે જિન બોલે નહી, સહી માન ગયંદ જ હોય. ૪

ઋષી કોમલ પરિણામે કરી, પારીને કાઉસ્સગ્ગ તામ;
જઇ વાંદુ સઘળા સાધુને, માહરે છે મુગતિનું કામ. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પગ ઉપાડ્યો જેટલે, મુનિ બાહુબલી ગુણવંત;
તવ ઝળહળ કેવલ ઉપન્યો થયા અક્ષય પ્રભુતાવંત. ૬

સમવસરણે શુભભાવથી, જઇ વાંદ્યા શ્રી જિનરાજ;
ઘણા પૂરવ કેવલ પાળીને,મુનિ સારે આતમ કાજ. ૭

અષ્ટાપદ અણસણ લીયો, ઋષભ જિનેશ્વર સાથ;
આઠ કરમને દૂર કરી, મુનિ મુગતિ રમણી ગ્રહે હાથ. ૮

અજરામર પદ પામીયા, સુખ શાશ્વતા લીલ વિલાસ;
જ્ઞાનસાગર કહે સાધુને, મુજ વંદના હોજો ખાસ. ૯

૪૪ શ્રી બળદેવ મુનિની સજઝાય

માસખમણને મુનિવર પારણેજી, આવી ઉતર્યા સરોવરિયા પાળજી,
મન મોહ્યું તુંગીયાપૂર નગર સોહામણુંજી.....
આરે નગરીમાં જઈશું ગોચરીજી, આ રે નગરીમાં કરશું આહારજી. મન૦ ૧

કૂવાને કાંઠે પાણીડા સંચર્યાજી, પાછળ બાલુડો જાયજી, મન૦
રૂપે સ્વરૂપે મુનિવર કૂટડાજી, દેખી મનડું થયું અધીરજી. મન૦ ૨

ઘડાને બદલે બાલુડો ફાંસીયોજી, ગયો છે કૂવા મોઝારજી મન૦
આ રે નગરીમાં નહિ જાવું ગોચરીજી, આરે નગરીમાં નહિ કરું આહારજી મન૦ ૩

સુકા તે વનમાં મુનિવર સંચર્યાજી, મૃગે કર્યો છે નમસ્કારજી. મન૦
ખત્રી વહેરે છે વનમાં લાકડાજી, ખતરાણી લાવી છે ભાતજી મન૦ ૪

ખત્રીએ મુનિવરને વાંદીયાજી લ્યો મુનિ સુઝતો આહારજી. મન૦
દોષ બેંતાલીસ ટાળીનેજી, લીધો છે સુઝતો આહારજી. મન૦ ૫

ખત્રી ખત્રાણી મુનિવર મૃગલોજી, જઇ બેઠા તરુવરની છાંયજી મન૦
કેઈ દીસેથી પવન આવીઓજી, ભાંગી છે તરુવરની ડાળજી મન૦ ૬

ખત્રી ખત્રાણી મુનિવર મૃગલોજી, ચારે જીવ સ્વર્ગમાં જાયજી મન૦
મુનિ **સત્યવિજયની** શિખડીજી, ધર્મમાં ખરચી લેજો દામજી. મન૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪૫ શ્રીપાલ-મયણાની સજ્ઝાય

(રાગ-કડવા ફળ છે ક્રોધના)

સરસ્વતી માતા મયા કરો, આપો વચન વિલાસો રે,
મયણા સુંદરી સતી ગાઈશું, આણી હઈડે ભાવો રે. નવ૦ ૧

નવપદ મહિમાં સાંભલો, મનમાં ધરી ઉલ્લાસો રે
મયણાસુંદરી શ્રીપાલને, ફલીયો ધરમ ઉદારો રે. નવ૦ ૨

માલવ દેશમાહે વળી, ઉજેણી નયરી જામ રે
રાજ કરે તિહાં રાજીયો, પ્રજાપાલ નરીંદ રે. નવ૦ ૩

રાય તણી મનમોહની, ધરણી અનોપમ દોય રે
તાસ કુખે સુતા અવતરી, સુરસુંદરી-મયણા જોડ રે. નવ૦ ૪

સુરસુંદરી પંડિત કને, શાસ્ત્ર ભણી મિથ્યાતો રે
મયણાસુંદરી સિદ્ધાન્તનો, અરથ લીયો સુવિચારો રે. નવ૦ ૫

રાય કહે પુત્રી પ્રત્યે, હું તુઠો તુમ જેહ રે
વંછિત વર માંગો તદા, આપું અનોપમ તેહ રે. નવ૦ ૬

સુરસુંદરી વર માગીયો, પરણાવી શુચિ ઠામો રે
મયણાસુંદરી વચણ કહે, કર્મ કરે તે હોવે રે. નવ૦ ૭

કર્મે તુમારે આવીયો, વર વરો બેટી જેહ રે
તાત આદેશે કર ગ્રહી, વરીયો કુષ્ઠી તેહ રે. નવ૦ ૮

આયંબિલનો તપ આદરી, કોઢ અઢાર તે કાઢે રે;
સદ્‌ગુરુ આજ્ઞા શિર ધરી, હુઓ રાય શ્રીપાલ રે. નવ૦ ૯

દેશ-દેશાંતર ભમી કરી, આયો તે વર્ષ અંતે રે;
નવ રાણી પરણ્યો ભલી, રાજ્ય પામ્યો મનરંગ રે. નવ૦ ૧૦

તપ પસાય સુખ સંપદા, પ્રત્યક્ષ સ્વર્ગે પહોંચ્યો રે;
ઉપસર્ગ સવિ દૂરે ટલ્યો, પામ્યો સુખ આણંદો રે. નવ૦ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપગચ્છ દિનકર ઉગીયો, શ્રી વિજયસેન સૂરીંદો રે;
તાસ શિષ્ય વિમલહેમ વિનવે, સતી નામે આણંદો રે. નવ૦ ૧૨

૪૬ શ્રીપાલ-મયણાના પૂર્વભવની સજઝાય

(રાગ-શ્રી જીનવરને પ્રગટ થયુ રે ક્ષાયીક ભાવે જ્ઞાન)

હિરણ્યપુર નામે નયરમાં રે, રાય નામે શ્રીકાંત,
શ્રીમતી નામે રાણી તેહની રે, શુદ્ધ સમકિતવંત રે;
પ્રાણી ! આરાધો સિદ્ધચક, જિમ લહીયે સુખ અભંગ રે. પ્રાણી૦ ૧

રાજા મિથ્યામતિ અતિ ઘણો રે, સુણે ન રાણીની વાત;
આહેડક વ્યસની ઘણો રે, કરે હિંસા તે કુજાત રે. પ્રાણી૦ ૨

એક દિન શિકારે જાવતાં રે, સાતસેં ઉલ્લંઠ સાથ;
કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર રહ્યા રે, મુનિ દેખે નરનાથ રે. પ્રાણી૦ ૩

હાંસીથી શ્રીકાંત રાજા કહે રે, કુષ્ઠરોગે પીડ્યો એહ;
ઉલ્લંઠ સાતસેં એમ સુણી રે, પીડે મુનિવર દેહ રે. પ્રાણી૦ ૪

તાડના કરે મુનિને ઘણી રે, જેમ જેમ ઉલ્લંઠ લોક;
તેમ તેમ રાજા રાજી હુવે રે, બાંધે પાપના થોક રે. પ્રાણી૦ ૫

એક દિન શિકારે એકલો રે, ગયો રાજા ઘરી પ્યાર;
મૃગ આવ્યો એક હાથમા રે, ભુલ્યો મારગ તેણી વાર રે. પ્રાણી૦ ૬

નદી નજદીક આવતાં રે, દેખી મુનિવર એક;
કાને ઝાલી ને જળમાં બોળતો રે, પીડે પ્રકાર અનેક રે. પ્રાણી૦ ૭

એક દિન ઝરૂખે બેસીને રે, નગર નિહાળે રાય;
ભિક્ષાર્થે ભમતો મુનિ દેખીને રે, રાજા દિલ દુભાય રે. પ્રાણી૦ ૮

સેવકને કહે સાધુને રે, કાઢો નગરથી બહાર;
રાય હુકમ સુણી કરી રે, થયા સેવકો તૈયાર રે. પ્રાણી૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાત જાણી એહ રાણીયે રે, નૃપને ઓળંભો દીધ;
સુણી તેડી ઘર આણીયા રે, વિનય બહુલો કીધ રે. પ્રાણી ૧૦

ભાવી બે જણ ભાવથી રે, પાપ નિવારણ કાજ;
મારગ પૂછે મુનિરાજને રે, ભવજલધિમાં જહાજ રે.પ્રાણી૦ ૧૧

નવપદ આરાધન કરો રે, મુનિવર ભાખે એમ;
પાપ સકલ દૂરે ટળે રે, લહીયે વાંછિત એમ રે. પ્રાણી૦ ૧૨

રાજારાણી બેઉ તપ તપી રે, થયા મયણાને શ્રીપાળ;
પૂર્વ કૃત કર્મ યોગથી રે, આપદ-સંપદ આળ રે. પ્રાણી૦ ૧૩

નવપદ મહિમા અતિ ઘણો રે, કહેતાં ના'વે પાર;
ગુરૂ અમૃત એમ ઉચ્ચરે રે, ભાવે સેવો નરનાર રે. પ્રાણી૦ ૧૪

૪૭ શ્રી પ્રસન્નચંદ્રરાજર્ષિની સજ્ઝાય

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય;
રાજ છોડી રળીયામણું રે,જાણી અથીર સંસાર
વૈરાગે મન વાળીયું રે, લીધો સંયમ ભાર. પ્રસન્ન૦૧

સ્મશાને કાઉસ્સગ્ગ રહ્યા રે, પગ ઉપર પગ ચઢાય;
બાહુ બે ઉંચા કરી ને, સૂરજ સામી દૃષ્ટિ લગાય. પ્રસન્ન૦૨

દુર્મુખ દુત વચન સુણી ને, કોપ ચઢ્યો તત્કાળ;
મનશું સંગ્રામ માંડીયો રે, જીવ પડ્યો જંજાળ. પ્રસન્ન૦૩

શ્રેણીક પ્રશ્ન પૂછે તે સમે રે, સ્વામી એહની કુણ ગતિ થાય;?
ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય.પ્રસન્ન૦૪

ક્ષણ એક આંતરે પૂછીયુ રે, સર્વારથ સિદ્ધ વિમાન;
વાગી દેવની દુંદુભી રે, ઋષિ પામ્યા કેવળજ્ઞાન. પ્રસન્ન૦૫

પ્રસન્નચંદ્ર ઋષિ મુગતે ગયા રે, શ્રી મહાવીરના શિષ્યઃ
રૂપવિજય કહે ધન્ય ધન્ય, દીઠા એ પ્રત્યક્ષ. પ્રસન્ન૦૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪૮ શ્રી ટંઢણઋષિની સજઝાય

ટંઢણ ઋષિને કરૂં વંદના હું વારી લાલ, ઉત્કૃષ્ટો અણગાર રે હું૦
અભિગ્રહ લીધો આકરો હું૦ લબ્ધે લેશું આહાર રે હું૦ ૧

દિન પ્રત્યે જાવે ગોચરી હું૦ ન મળે શુધ્ધ આહાર રે હું૦
ન લીએ મૂળ અસુઝતો હું૦ પિંજર હુવો ગાત્ર રે હું૦ ૨

હરિ પૂછે શ્રી નેમને હું૦ મુનિવર સહસ અઢાર રે હું૦
ઉત્કૃષ્ટો કુણ એહમા, હું૦ મુજને કહો કૃપાળ રે હું૦ ૩

ટંઢણ અધિકો દાખીયો હું૦ શ્રી મુખ નેમિ જિણંદ રે હું૦
કૃષ્ણ ઉમાયો વાંદવા હું૦ ધન્ય જાદવ કુળચંદ રે હું૦ ૪

મારગમાંહે મુનિવર મલ્યાં હું૦ વાંદે કૃષ્ણ નરેશ રે હું૦
કિણહી મિથ્યાત્વીને દેખીને, હું૦ આવ્યો ભાવ વિશેષ રે હું૦ ૫

આવો અમ ઘર સાધુજી હું૦ લ્યો મોદક છે શુધ્ધ રે હું૦
ઋષિજી લેઈ આવીયા હું૦ પ્રભુજી પાસ વિશુધ્ધ રે હું૦ ૬

મુજ લબ્ધે મોદક મલ્યા હું૦ મુજને કહો કૃપાળ રે હું૦
લબ્ધિ નહી વત્સ તાહરી હું૦ શ્રીપતિ લબ્ધિ નિહાળ રે હું૦ ૭

તો મુજને લેવો નહિ હું૦ ચાલ્યો પરઠણ કાજ રે હું૦
ઇંટ નિભાડે જઇને હું૦ ચૂર્યા કર્મસમાજ[૧] રે હું૦ ૮

આવી શુદ્ધ ભાવના હું૦ પામ્યા કેવળ નાણ રે હું૦
ટંઢણઋષિ મુગતે ગયા હું૦ કહે જિન હર્ષ સુજાણ હું૦ ૯

---

૧ સમુહ

૪૯ શ્રી અનાથીમુનિની સજઝાય

બંભસારે વનમાં ભમતાં, ઋષિ દીઠો રયવાડી રમતાં;
રૂપ દેખીને મન રીઝ્યો, ભારે કર્મી પણ ભીંજ્યો. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર જોડીને એમ પૂછે, સંબંધ તમારો શું છે?
નરનાથ હું છું અનાથ, નથી માહરે કોઈ નાથ. ૨

હરખે જોડી કહે હાથ, હું થાઉં તમારો નાથ;
નરનાથ તું છે અનાથ, શું મુજને કરે છે સનાથ. ૩

મગધાધિપ હું છું મોટો, શું બોલે ભૂપ ખોટો;
તું નાથપણું નવિ જાણે, ફોગટ શું આપ વખાણે? ૪

નયરી કૌશામ્બીનો વાસી, રાજપુત્ર હું છું વિલાસી;
એક દિન મહારોગે ઘેર્યો, કેમે તે પાછો ન ફેર્યો. ૫

માતાપિતા છે મુજ બહુ મહિલા, વહેરાવે આંસુના વહેલા;
વડા વડા વૈદ્યો તેડાવે, પણ વેદના કોઈ ન હઠાવે. ૬

એહવું જાણી તવ શૂલ, મેં ધાર્યો ધર્મ અમૂલ;
રોગ જાય જો આજની રાત, તો સંયમ લઉં પ્રભાત. ૭

એમ ચિંતવતા વેદના નાઠી, આખર બાંધી મેં કાઠી;
બીજે દિન સંયમભાર, લીધો ન લગાડી વાર. ૮

અનાથ સનાથનો વહેરો, તુમને દાખ્યો કરી ચહેરો;
જિનધર્મ વિના નરનાથ, નથી કોઈ મુગતિનો સાથ. ૯

શ્રેણિક તિહાં સમકિત પામ્યો, અનાથીને શીર નામ્યો;
મુગતે ગયા મુનિરાય, ઉદયરત્ન વંદે ઉવજ્ઝાય. ૧૦

૫૦ શ્રી મનકમુનિની સજ્ઝાય

નમો નમો મનક મહામુનિ, બાળપણે વ્રત લીધો રે;
પ્રેમે પિતાશું રે પરઠીયો, માયશું મોહ ન કીધો રે, નમો૦ ૧

પૂરણ ચૌદપૂરવ ધણી, સિજ્જંભવ જસ તાતો રે;
ચોથો પટધર શ્રી વીરનો, મહિયલ માંહી વિખ્યાતો રે. નમો૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સિજજંભવ ગણધરે, ઉદ્દેશી નિજ પુત્રો રે;
સયળ સિદ્ધાંતથી ઉદ્ધરી, દશવૈકાલિક સૂત્રો રે. નમો૦ ૩

માસ છ એ પૂરવ ભણ્યો, દશ અધ્યયન રસાળો રે;
આળસ અંગથી પરીહરી, ધન ધન એ મુનિ બાળો રે. નમો૦ ૪

ચારિત્ર ષટ માસ વાહલે, પાળી પુણ્ય પવિત્રો રે;
સ્વર્ગે સમાધિએ સિધાવીઓ, કરી જગ જનને મિત્રો રે. નમો૦ ૫

પુત્ર મરણ પામ્યા પછી, સિજજંભવ ગણધારો રે;
બહુશ્રુત દુઃખ મનમાં ધરે, તેમ નયણે જળધારો રે. નમો૦ ૬

પ્રભુ તુમે બહુ પ્રતિબોધિયા, સમ સંવેગીયા સાધ રે;
અમે આંસુ નવિ દીઠડાં, તુમ નયણે નિરાબાધ રે. નમો૦ ૭

અમને એ મુનિ મનકલો, સુત સંબંધથી મળીયો રે;
વિણસે અર્થ કહ્યા થકાં, પણ કેણે નવિ કળીયો રે. નમો૦ ૮

શું કહીએ રે સંસારીને, એ એહવી સ્થિતિ દીસે રે;
તન દીઠે મન ઉલ્લસે, જોતાં હિયડલું હીસે રે. નમો૦ ૯

લબ્ધિ કહે ભવિયણ તુમે, મ કરો મોહ વિકારો રે;
તો તુમે મનક તણી પરે, પામો સદ્‌ગતિ સારો રે નમો૦ ૧૦

૫૧ અરણિકમુનિની સજ્ઝાય

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શીશોજી;
પાય અડવાણે રે વેળુ પરજળે, તન સુકુમાળ મુનિશોજી. અરણીક૦ ૧

મુખ કરમાણું રે માલતી ફૂલ જયુ, ઉભો ગોખની હેઠોજી;
ખરે બપોરે રે દીઠો એકલો, મોહી માનિની દીઠોજી. અરણિક૦ ૨

વચણ રંગીલી રે નયણે વીંધીયો, ઋષિ થંભ્યા તેણે ઠાણોજી;
દાસીને કહે જારે ઉતાવળી, ઋષિ તેડી ઘર આણોજી. અરણિક૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાવન કીજે રે ઋષિ ઘર આંગણું, વોહરો મોદક સારોજી;
નવ જોબન રસ કાયા કાં દહો ? સફળ કરો અવતારોજી. અરણિક૦ ૪

ચંદ્ર વદનીયે રે ચારિત્રથી ચૂકવ્યો, સુખ વિલસે દિન રાતોજી;
બેઠો ગોખે રે રમતો સોગઠે, તવ દીઠી નિજ માતોજી. અરણિક૦ ૫

અરણિક અરણિક કરતી મા ફીરે, ગલિયે ગલિયે બજારોજી;
કહો કોણે દીઠો રે માહરો અરણિકો, પૂંઠે લોક હજારોજી. અરણિક૦ ૬

હું કાયર છું રે માહરી માવડી, ચારિત્ર ખાંડાની ધારોજી;
ધિગ્ ધિગ્ વિષયા રે માહરા જીવને, મેં કીધો અવિચારોજી. અરણિક૦ ૭

ગોખથી ઉતરી રે જનનીને પાય પડ્યો, મનશું લાજ્યો અપારોજી;
વત્સ તુજ ન ઘટે રે ચારિત્રથી ચૂકવું, જેહથી શિવસુખ સારોજી. અરણિક૦ ૮

એમ સમજાવી રે પાછો વાળીયો, આણ્યો ગુરુની પાસોજી;
સદ્ગુરુ દીયે રે શીખ ભલી પરે, વૈરાગે મન વાસોજી, અરણિક૦ ૯

અગ્નિ ધખંતી રે શીલા ઉપરે, અરણિકે અણસણ કીધુંજી;
રૂપવિજય કહે ધન્ય તે મુનિવરુ,જેણે મનવાંછિત લીધુંજી. અરણિક૦ ૧૦

૫૨ શ્રી સનતકુમાર ચક્રવર્તિની સજઝાય

સરસતિ સરસ વચન માગું, તોરે પાયે લાગું,
સનત્ કુમાર ચકી ગુણ ગાઉં, જિમ હું નિર્મળ થાઉં,
રંગીલા રાણા રહો, જીવન રહો રહો,
મેરે સનત્કુમાર વિનવે સવિ પરિવાર ૧

રૂપ અનોપમ ઇન્દ્રે વખાણ્યું, સુર એ જાણે માયા,
બ્રાહ્મણરૂપ કરી દોય આયા, ફરી ફરી નિરખત કાયા. ૨

જેહવો વખાણ્યો તેહવો દીઠો, રૂપ અનોપમ ભારી,
સ્તવના સાંભળી મનમાં હરખ્યો, આણ્યો ગર્વ અપારી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અબ શું નિરખો લાલ રંગીલે, ખેળ ભરી મુજ કાયા,
નાહી ધોઈ જબ છત્ર ધરાવું, તબ જોજ્યો મોરી કાયા. ૪

મુગટ કુણ્ડલ હાર મોતી, કરી શણગાર બનાયા,
છત્ર ધરાવિ સિંહાસન બેઠા, તબ ફરી બ્રાહ્મણ આયા. ૫

દેખી જોતાં રૂપ પલટાણું, સુણ હો ચક્રી રાયા,
સોળ રોગ તેરી દેહમેં ઉપન્યા, ગર્વ મા કર કૂડી કાયા. ૬

કળમળીયો ઘણું ચક્રી મનમાં, સાંભળી દેવની વાણી,
તુરત તંબોળ નાંખીને જોવે, રંગભરી કાયા પલટાણી. ૭

ગઢ મઢ મન્દિર માળિયાં મેલ્યાં, મેલી તે સવિ ઠકુરાઈ,
નવનિધિ ચૌદ રતન સવિ મેલ્યાં, મેલી તે સયલ સજાઈ. ૮

હય ગય રથ અન્તેઉરિ મેલી, મેલી તે મમતા માયા,
એકલડા સંયમ લેઇ વિચરે, કેડ ન મેલે રાણા રાયા. ૯

પાયે ઘુઘરી ઘમઘમ વાજે, ઠમઠમ કરતી આવે,
દશ આંગળિયે બે કર જોડી, વિનતી ઘણીય કરાવે ૧૦

તુમ પાખેં મોરૂં દિલડું દાઝે, દિન કેની પરે જાશે ?
એક લાખને સહસ બાણું, નયણે કરી નિરખીજે ૧૧

માત પિતા હેતે કરી ઝુરે, અન્તેઉર સવિ રોવે,
એકવાર સન્મુખ જુઓ ચક્રી, સનત્કુમાર નવિ જોવે. ૧૨

ચામર ધરાવો છત્ર ધરાવો, રાજ્યમેં પ્રતપો રૂડા,
છખંડ પૃથ્વી આણ મનાવો, તે કિમ જાણ્યાં કુડાં ? ૧૩

છત્રધરે શિર ચામર ઢાળે, રાજન પ્રતપો રૂડે,
છખંડ પૃથ્વી રાજ્ય ભોગવો, છમાસ લગે ફરે કેડે ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તવ ફરી દેવ છળવા કારણ, વૈદ્ય રૂપ લહી આવે,
તપ શક્તિયે કરી લબ્ધિ ઉપની, થુંકે કરી રોગ સમાવે. ૧૫

બે લાખ વરસ મંડળિક ચક્રી, લાખ વરસની દિક્ષા,
પંદરમાં જિનવરને વારે, નરદેવ કરે જીવરક્ષા ૧૭

શ્રી વિજયસેન સુરીશ્વર વાણી, તપગચ્છ રાજે જાણી
વિનયકુશળ પંડિત વર ખાણી, તસ ચરણે ચિત્ત આણી. ૧૭

સાતસેં વરશે રોગ સમાયો, કંચન સરખી કાયા,
શાન્તિકુશળમુનિ એમ પયંપે, દેવ લોક ત્રીજા પાયા. ૧૮

૫૩ શ્રી સનતકુમારની સજ્ઝાય

(રાગ-છઠ્ઠો આરો એવો આવશે)

ધન્ય ધન્ય સનતકુમારને, ઇન્દ્ર સભામાં પ્રશંસે રે;
કર્મ અહીયાસે આપણાં પણ, પરિગ્રહશું ન પ્રેમ રે. ધન્ય૦ ૧

ઇન્દ્ર વચન અણમાનતો, વૈદ્ય રૂપે આવ્યો દેવ કોય રે;
પણ છળે ન પડ્યાં સાધુજી, અનેક ઉપાય કરી થાક્યો સોય રે. ધન્ય૦ ૨

થુંક અડાડ્યું જેને થાન કે, સોનાવરણી થાય દેહ રે;
લબ્ધિ દેખી ઋષિરાયની, દેવલોકે દેવ ગયો તેહ રે. ધન્ય૦ ૩

ષટ ખંડ પૃથ્વી ભોગવી, ચક્રીપણે વરસ દોય લાખ રે;
લાખ વરસ દીક્ષા વહી, પાળી તે શાસ્ત્રની શાખ રે. ધન્ય૦ ૪

સાતસેં વરસ લગે જેણે, રોગ પરિષહ સહ્યા રંગ રે;
પણ ઉપચાર કીધો નહિ, સમતાશું રાખ્યો મન સંગ રે. ધન્ય૦ ૫

પહોત્યો દેવલોક ત્રીજે એ, ચારિત્ર પાળી નિરતિચાર રે;
એક ભવને આંતરે, મુક્તિ જશે તે નિરધાર રે. ધન્ય૦ ૬

શ્રી ધર્મનાથના શાસને, ઉદ્યોતકારી થયો ઋષિરાય રે;
ઉદયરત્ન ઋષિરાયના, કર જોડીને વંદે પાય રે. ધન્ય૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫૪ શ્રી સીતાસતીની સજ્ઝાય

(રાગ-છઠ્ઠો આરો એવો આવશે)

જનક સુતા સીતા સતી રે, રામચંદ્રની ઘરનારી રે;
કૈકેયી વર અનુભાવથી રે, પહોંત્યા વન મોઝારી રે,
શીલવંતી સીતા વંદીયે રે. શીલ૦ ૧

અતિરૂપથી રાવણે હરી રે, તિહાં રાખ્યું શીલ અખંડ રે;
રાવણ હણી લંકા ગ્રહી રે, લક્ષ્મણ રામ પ્રચંડ રે. શીલ૦ ૨

અનુક્રમે અયોધ્યાએ આવીયા રે, કર્મ વશે થયો દોષ રે;
ગર્ભવતી વને એકલી રે, મૂકી પણ થયું સુખ રે. શીલ૦ ૩

લવ ને કુશ સુત પરગડા રે, વિદ્યાવંત વિશાલ રે;
અનુક્રમે ધીજે ઉતર્યા રે, અગ્નિઝાળ થયું પાણી રે. શીલ૦ ૪

દીક્ષા ગ્રહી સુરપતિ થયાં રે, અચ્યુત કલ્પે તેહ રે;
તિહાંથી ચવી ભવ અંતરે રે, શિવ લહેશે ગુણ ગેહ રે. શીલ૦ ૫

લવને કુશ હનુમાનજી રે, રામ લહ્યાં શિવ વાસ રે;
રાવણ લક્ષ્મણ પામશે રે, જિન ગણધર પદ ખાસ રે. શીલ૦ ૬

પદ્મ ચરિત્રે એહના રે, વિસ્તારે અધિકાર રે;
જ્ઞાનવિમલ ગુરુથી લહ્યો રે, સુખ સંપત્તિ જયકાર રે. શીલ૦ ૭

૫૫ શ્રી સીતાસતીની સજ્ઝાય

(રાગ-આતમ ધ્યાનથી રે)

જનક સુતા હું નામ ધરાવું, રામ છે અંતર જામી;
પાલવ મારો મેલ ને પાપી, કુળને લાગે છે ખામી.
અડશો માંજો, માંજો માંજો માંજો માંજો અડશો૦,
મ્હારો નાવલીયો દુહવાય, મને સંગ કેનો ન સુહાય;
મ્હારું મન માંહેથી અકળાય. અ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેરૂ મહીધર ઠામ તજે જો, પત્થર પંકજ ઉગે;
જો જળધિ મર્યાદા મૂકે, પાંગળો અંબર પૂગે. અ૦ ૨

તો પણ તું સાંભળ રે રાવણ, નિશ્ચય શીલ ન ખંડું;
પ્રાણ હમારા પરલોક જાએ, તો પણ સત્ય ન છંડું. અ૦ ૩

કુણ મણિધરનો મણિ લેવાને, હેડે ઘાલે હામ;
સતી સંગાથે સ્નેહ કરીને, કહો કુણ સાધે કામ. અ૦ ૪

પરદારાનો સંગ કરીને, આખર કોણ ઉગરીયો;
ઊંડું તો તું જોને આલોચી, સહી તુજ દહાડો ફરિયો. અ૦ ૫

જનક સુતા હું જગ સહુ જાણે, ભામંડળ છે ભાઈ;
દશરથ નંદન શિર છે સ્વામી, લક્ષ્મણ કરશે લડાઈ. અ૦ ૬

હું ઘણીયાતી પિયુગુણ રાતી, હાથ છે માહરે છાતી;
રહે અળગો તુજ વયણે ન ચળું, કાં કુળે વાહે છે કાતી. અ૦ ૭

ઉદયરત્ન કહે ધન્ય એ અબળા, સીતા જેહનું નામ;
સતીયોમાંહે શિરોમણિ કહીયે, નિત્ય નિત્ય હોજો પ્રણામ. અ૦ ૮

૫૬ શ્રી સીતાસતીની સજ્ઝાય

(રાગ આતમ ધ્યાનથી રે સંતોસદા સ્વરૂપે રહેવું)

છળે કરી સીતાને ઝાલી, લંકા એને લાવે;
કામે રાવણ દેખી રાતો, સીતા એને સમજાવે,
પરહો રહેને, મારો પાલવ શાને તાણે,
તને કંટક સહુ કો'જાણે. મારા પ્રાણ જાશે આ ટાણે ૫૦ ૧

જનક સુતા હું રામની રાણી, તું પડ્યો મારી આલે;
શીલવ્રતથી જો કદી ચૂકું તો, પૃથ્વી જાએ પાતાલે. ૫૦ ૨

ખાઈશ ગાળો તું ભૂંડો દિસીશ, કહું છું રહેને સખણો;
કુળખંપણ કુળમાં અંગારો, કોણે જાયો કુલખણો? ૫૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂપ ઋદ્ધિ તારી ઠકુરાઈ, હું જાણું સવિ લાલા;
જ્યાં મર્યાદા કાંઈ ન દીસે, ચૂકત તારા ચાલા. ૫૦ ૪

હું વ્યભિચાર કદીએ ન સેવું, સિંહણી ચાર ન ખાય;
સમુદ્રની વેલ ચટે આકાશે, પણ પુઢવી ન પલાય. ૫૦ ૫

શીલ સંઘાતે પિંડ બંધાણું, તેણે ન હું જાઉં વાહી;
વાહી જાય એ સ્ત્રી બીજી, શાને આણી તેં આંહી. ૫૦ ૬

પરસ્ત્રીશું પ્રાર્થના કરતો, તું તરણાથી હલકો;
દરિયાનો જેમ ગર્વ ઉતરીયો, કર્યો અગત્સ્યે ચુલુકો. ૫૦ ૭

વાંકી નજરે ક્યાં રે જુએ છે, કહું છું તુજને વાણી;
મારો દિયર એક અટારો, પાશે તુજને પાણી. ૫૦ ૮

સતી સતાવ્યા શા દુઃખ હોવે, પૂછ મંદોદરી રાણી;
શીખામણ તું કાંઈ ન માને, કરતો એહવી કરણી. ૫૦ ૯

મૂક સીતાને કહે મંદોદરી, મૂકતી મૂખ નિઃસાસા;
રામ અવાજે થરકી લંકા, શી ચુડાની આશા. ૫૦ ૧૦

વૈરી જીતી સીતાને લઈ, રામ અયોધ્યા આવે;
લોકની આળે વળી સીતાને, અટવીમાં મૂકાવે. ૫૦ ૧૧

ધીજ કર્યું અંતે સીતાએ, અગ્નિ થયું સવિ પાણી;
સુરનર ઠાઠ મલ્યા તિહાં જોવા, શિયળ શુધ્ધે વખાણી. ૫૦ ૧૨

ધન્ય અખંડિત શિયળ જે રાખ્યું, પાળ્યું રૂડી રીતે;
શ્રીભાવપ્રભસૂરિ સતી સીતાના, ગુણ ગાવે બહુ રીતે ૫૦ ૧૩

૫૭ શ્રી પૃથ્વીચંદ્ર અને ગુણસાગરની સજ્ઝાય

દુહા

શાસન નાયક સુખકરૂં, વંદી વીર જિણંદ;
પૃથ્વીચંદ્ર મુનિ ગાયશું, ગુણસાગર સુખકંદ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તમના ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
વાત ઘણી વૈરાગ્યની, સાંભળજો મન રંગ ૨

શંખ કલાવતી ભવ થકી, ભવ એકવીશ સંબંધ;
ઉત્તારોત્તર સુખ ભોગવી, એકવીશમે ભવે સિદ્ધ ૩

પણ એકવીશમા ભવ તણો, અલ્પ કહું અધિકાર;
સાંભળજો સનમુખ થઈ, આતમને હિતકાર ૪

ઢાળ પહેલી

(રાગ-નાણ નમો પદ સાતમે)

નગરી અયોધ્યા અતિ ભલી, રાજ્ય કરે હરિસિંહ; મેરે લાલ
પ્રિયા પદ્માવતી તેહને, સુખવિલસે ગુણ ગેહ. મેરે લાલ
ચતુર સનેહી સાંભળો ૧

સર્વારથથી સુર ચવી, તસ કુખે અવતાર; મેરે લાલ
રૂપકળા ગુણ આગળો, પૃથ્વીચંદ્ર કુમાર મેરે લાલ ચતુર૦ ૨

સમ પરિણામી મુનિ સમો, નિરાગી નિરધાર; મેરે૦
પિતા પરણાવે આગ્રહે, કન્યા આઠ ઉદાર. મેરે૦ ચતુર૦ ૩

ગીત વિલાપની સમ ગણે, નાટક કાય કલેશ; મેરે૦
આભૂષણ તનુ ભાર છે, ભોગને રોગ ગણેશ. મેરે૦ ચતુર૦ ૪

હું નિજ તાતને આગ્રહે, સંકટ પડીયો જેમ; મેરે૦
પણ પ્રતિબોધું એ પ્રિયા, માત પિતા પણ એમ. મેરે૦ ચતુર૦ ૫

જો સવિ સંયમ આદરે, તો થાયે ઉપકાર; મેરે૦
એમ શુભધ્યાને ગુણનિલો, પહોંત્યો ભવન મોઝાર મેરે૦ ચતુર૦ ૬

નારી આઠને ઇમ કહે, સાંભળો ગુણની ખાણ; મેરે૦
ભોગવતાં સુખ ભોગ છે, વિપાક કડવાં જાણ. મેરે૦ ચતુર૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કિંપાક ફળ અતિ મધુર છે, ખાધે છંડે પ્રાણ; મેરે૦
તેમ વિષય સુખ જાણજો, એહવી જિનની વાણ. મેરે૦ ચતુર૦ ૮

અગ્નિ જો તૃપ્તો ઇંધણે, નદીએ જલધિ પૂરાય; મેરે૦
તો વિષયસુખ ભોગથી, જીવ એ તૃમો થાય. મેરે૦ ચતુર૦ ૯

ભવ ભવ ભમતાં જીવડે, જેહ આરોગ્યાં ધાન; મેરે૦
તે સવિ એકઠાં જો કરે, તો સવિ ગિરિવર માન. મેરે૦ ચતુર૦ ૧૦

વિષયસુખ સુરલોકમેં, ભોગવીયાં ઇણ જીવ; મેરે૦
તો પણ તૃમ જ નવિ થયો, કાળ અસંખ્ય અતીવ. મેરે૦ ચતુર૦ ૧૧

ચતુરાં સમજો સુંદરી, મુંઝો મત વિષયને કાજ; મેરે૦
સંસાર અટવી ઉતરી, લહિયે શિવપુર રાજ. મેરે૦ ચતુર૦ ૧૨

કુમરની વાણી સાંભળી, બુઝી ચતુર સુજાણ; મેરે૦
લઘુકર્મી કહે સાહિબા, ઉપાય કહો ગુણખાણ મેરે૦ ચતુર૦ ૧૩

કુમર કહે સંયમ ગ્રહો, અદ્‌ભુત એહ ઉપાય; મેરે૦
નારી કહે અમ વિસરજો, સંયમે વાર ન થાય. મેરે૦ ચતુર૦ ૧૪

કુમર કહે પડખો તુમે, હમણાં નહિ ગુરૂ જોગ; મેરે૦
સદ્‌ગુરૂ જોગે સાધશું, સંયમ છંડી ભોગ મેરે૦ ચતુર૦ ૧૫

માત પિતા મન ચિંતવે, નારીને વશ નવિ થાય; મેરે૦
ઉલટી નારી વશ કરી, કુમરનું ગાયું ગાય. મેરે૦ ચતુર૦ ૧૬

જો હવે રાજા કીજીએ, તો ભળશે રાજ્યને કાજ; મેરે૦
નરપતિ ઇમ મન ચિંતવી, થાપે કુમરને રાજ. મેરે૦ ચતુર૦ ૧૭

પિતા ઉપરોધે આદરે, ચિંતે મોહના ઘાટ; મેરે૦
પાળે રાજ્ય વૈરાગિયો, જોતો ગુરૂની વાટ મેરે૦ ચતુર૦ ૧૮

રાજ્યસભાએ અન્યદા, પૃથ્વીચંદ્ર સોહંત; મેર૦
ઇણ અવસર વ્યવહારીયો, સુધન નામે આવંત. મેરે૦ ચતુર૦ ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજા પૂછે તેહને, કુણ કુણ જોયા દેશ; મેરે૦
આશ્ચર્ય દીઠું જે તમે, ભાંખો તેહ વિશેષ. મેરે૦ ચતુર૦ ૨૦

શેઠ કહે સુણ સાહિબા, એક વિનોદની વાત; મેરે૦
સાંભળતાં સુખ ઉપજે, ભાખું તે અવદાત. મેરે૦ ચતુર૦ ૨૧

દુહા

કૌતુક જોતાં બહુ ગયો, કાળ અનાદિ અનંત;
પણ તે કૌતુક જગ વડું, સુણતાં આતમ શાંત ૧

કૌતુક સુણતાં જે હુવે, આતમનો ઉપકાર;
વક્તા શ્રોતા મન ગહગહે, કૌતુક તેહ ઉદાર. ૨

ઢાળ બીજી

(રાગ- ગિરિ વૈતાઢ્યની ઉપરે)

આવ્યા ગજપુર નયરથી, તિહાં વસે વ્યવહારી રે લો;
અહો તિહાં વસે વ્યવહારી રે લો.
રત્નસંચય તસ નામ છે, સુમંગળા તસ નારી રે લો;
અહો સુમંગળા તસ નારી રે લો. ૧

ગુણસાગર તસ નંદનો, વિદ્યા ગુણનો દરીયો રે લો; અ૦વિ૦
ગોખે બેઠો અન્યદા, જુએ તે સુખ ભરીયો રે લો. અ૦જુ૦ ૨

રાજપંથે મુનિ મલપતો, દીઠો સમતા ભરીયો રે લો; અ૦દી૦
તે દેખી શુભ ચિંતને, પૂરવ ચરણ સાંભરીયો રે લો. અ૦પૂ૦ ૩

માતપિતાને એમ કહે, સુખીયો મુજકીજે રે લો; અ૦સુ૦
સંયમ લેશું હું સહી, આજ્ઞા મુજ દીજે રે લો. અ૦આ૦ ૪

માતપિતા કહે નાનડા, સંયમે ઉમાહો રે લો; અ૦સં૦
તો પણ પરણો પદમણી, અમ મન હરખાવો રે લો અ૦અ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંયમ લેજો તે પછી, અંતરાય ન કરશું રે લો; અ૦અં૦
વિનયે વાત અંગીકરી, પછે સંયમ વરશું રે લો. અ૦૫૦ ૬

આઠ કન્યાના તાતને, ઇમ ભાખે વ્યવહારી રે લો; અ૦ઇ૦
અમ સુત પરણવા માત્રથી, થાશે સંયમધારી રે લો. અ૦થા૦ ૭

ઇમ સુણી મન ચમકિયા, વર બીજો કરશું રે લો;અ૦વ૦
કન્યા કહે નિજ તાતને, આ ભવ અવર ન વરશું રે લો; અ૦અ૦ ૮

જે કરશે એ ગુણનિધિ, અમો તેહ આદરશું રે લો; અ૦અ૦
રાગી વૈરાગી દોયમેં, તસ આણા શિરે ધરશું રે લો જ૦ત૦ ૯

કન્યા આઠના વચનથી, હરખ્યા તે વ્યવહારી રે લો; અ૦હ૦
વિવાહ મહોત્સવ માંડીયા, ધવળ મંગળ ગાવે નારી રે લો અ૦ધ૦ ૧૦

ગુણસાગર ગિરૂઓ હવે, વરઘોડે વર સોહે રે લો; અ૦વ૦
ચોરી માંહે આવીયા, કન્યાનાં મન મોહે રે લો. અ૦ક૦ ૧૧

હાથ મેળાવો હર્ષ શું, સાજન જન સહુ મળિયા રે લો; અ૦સા૦
હવે કુમર શુભ ચિત્તમેં, ધર્મધ્યાન સાંભળીયારે લો અ૦ધ૦ ૧૨

સંયમ લેઇ સદ્‌ગુરૂ કને, શ્રુત ભણસું સુખકારી રે લો; અ૦શ્રુ૦
સમતા રસમાં ઝીલશું, કામ કષાયને વારી રે લો. અ૦કા૦ ૧૩

ગુરૂ વિનય નિત્ય સેવશું, તપ તપશું મનોહારી રે લો; અ૦ત૦
દોષ બેંતાલીશ ટાળશું, માયા લોભ નિવારી રે લો. અ૦મા૦ ૧૪

જીવિત મરણે સમપણું, સમ તૃણ મણિ ગણશું રે લો; અ૦સ૦
સંયમ યોગે થિર થઈ, મોહરિપુને હણશું રે લો. અ૦મો૦ ૧૫

ગુણસાગર ગુણશ્રેણિયે, થયા કેવળનાણી રે લો; અ૦ઘ૦
નારી પણ મન ચિંતવે, વરીયે અમે ગુણખાણી રે લો. અ૦વ૦ ૧૬

અમે પણ સંયમ સાધશું, નાથ નગીનાની સાથે રે લો; અ૦ના૦
એમ આઠે થઈ કેવળી, કર પિયુડા હાથે રે લો. અ૦ક૦ ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંબર ગાજે દુંદુભિ, જય જયરવ કરતા રે લો; અ૦જ૦
સાધુવેષ તે સુરવરા, સેવાને અનુસરતા રે; અ૦સે૦ ૧૮

ગુણસાગર મુનિરાજના, માતપિતા તે દેખી રે લો; અ૦મા૦
શુભ સંવેગે કેવળી, ઘાતી ચાર ઉવેખી રે લો. અ૦ઘા૦ ૧૯

નરપતિ આવે વાંદવા, મન આશ્ચર્ય આણી રે લો; અ૦મ૦
શંખકલાવતિ ભવ થકી, નિજ ચરિત્ર વખાણી રે લો. અ૦નિ૦ ૨૦

ભવએકવીશ તે સાંભળી, બુઝ્યા કેઈ પ્રાણી રે લો; અ૦બુ૦
સુધન કહેસુણો સાહિબા, અત્ર આવ્યો ઉમાહી રે લો. અ૦અ૦ ૨૧

પણ તે કૌતુક દેખવા, મનડો મુજ હરખાયો રે લો; અ૦મ૦
કેવલજ્ઞાની મુઝ કહે, શું કૌતુક ઉલ્લાસે રે લો. અ૦શું૦ ૨૨

એહથી અધિકુ દેખશો, અયોધ્યા નામે ગ્રામે રે લો; અ૦અ૦
તે નિસુણી મુનિ પાય નમી, આવ્યો ઇણ ઠામે રે લો. અ૦આ૦ ૨૩

કૌતુક તુમ પ્રાસાદથી, જોશું સુજશકામી રે લો; અ૦સુ૦
એમ કહીને સુધન તિહાં, ઊભો શિર નામી રે લો. અ૦ઊ૦ ૨૪

દુહા

પૃથ્વીચંદ્ર તે સાંભળી, વાધ્યો મન વૈરાગ;
ધનધન તે ગુણસાગરૂ, પામ્યો ભવજલ તાગ. ૧

હું નિજ તાતને દાક્ષિણ્યે, પડિયો રાજ્ય મોઝાર;
પણ હવે નીસરશું કદા, થાશું કબ અણગાર ૨

ઢાળ ત્રીજી

(રાગ - પૂજ્ય પધારો હો નગરી અમ તણી, ધર્મ જીનેસર ગાઉ)
ધન ધન જે મુનિવર ધ્યાને રમે કરતાં આતમ શુદ્ધ; મુનીસર
રાજા ચિંતે સદ્‌ગુરૂ સેવના, કરશું નિર્મળ બુદ્ધ. ધનધન૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કબહુ શમ દમ સમિતિ સેવશું, ધરશું આતમધ્યાન; મુની૦
ધ્યમ ચિંતવતાં અપૂરવ ગુણ ચઢે, શ્રેણિએ શુક્લધ્યાન મુ૦ ધન૦ ૨

ધ્યાનબળે સવિ આવરણ ક્ષય કરી, પામ્યા કેવળજ્ઞાન; મુની૦
હર્ષ ધરી સોહમપતિ આવીયા, દઇ વેશ વંદે બહુમાન મુ૦ ધન૦ ૩

સાંભળી માતપિતા મન સંભ્રમે, આવ્યા પુત્રની પાસ; મુની૦
એ શું એ શું એણી પરે બોલતાં, હરિસિંહ હર્ષ ઉલ્લાસ. મુ૦ ધન૦ ૪

દયિતા આઠ સુણી મન હર્ષથી, ઉલટ અંગ ન માય; મુની૦
સંવેગ રંગ તરંગમેં ઝીલતી, આઠે કેવળી થાય. મુ૦ ધન૦ ૫

સારથ સુધન પણ મન ચિંતવે, કૌતુક અદ્‌ભુત દીઠ; મુની૦
નરપતિ પૂછે મુનિ ચરણે નમી, સ્નેહનું કારણ જિઠ્ઠ મુ૦ ધન૦ ૬

કેવળી કહે પૂરવભવ સાંભળો, નયરી ચંપા જયરાય; મુની૦
સુંદરી પ્રિયમતિ નામે તેહને, કુસુમાયુધ સુત થાય. મુ૦ ધન૦ ૭

દંપતિ સંયમ પાળી શુભ મના, વિજય વિમાન તે જાય; મુની૦
અનુત્તર સુખ વિલસી સુર તે ચવ્યાં, થયાં તુમે રાણી ને રાય મુ૦ ધન૦ ૮

કુસુમાયુધ પણ સંયમ સુર ચવી, થયો તુમ સુત તણે નેહ; મુની૦
માતપિતા પણ પૃથ્વીચંદ્રનાં, સુણી થયાં કેવળી તેહ. મુ૦ ધન૦ ૯

સારથ પૂછે પૃથ્વીચંદ્રને, ગુણસાગર તુમ કેમ; ? મુનીસર૦
મુનિ કહે પૂરવ ભવ અમ નંદનો, કુસુમકેતુ તસ નામ મુ૦ ધન૦ ૧૦

એહિ જ દયિતા દોયને તે ભવે, સંયમ પાળી તે સાર; મુની૦
સમ ધર્મે સવિ અનુત્તર ઉપન્યા, આ ભવ પણ થઈ નાર. મુ૦ ધન૦ ૧૧

સાંભળી સુધન શ્રાવક વ્રત લહે, બીજા પણ બહુ બોધ; મુની૦
પૃથ્વી વિચરે પૃથ્વીચંદ્રજી, સાદિ અનંત થયા સિદ્ધ મુ૦ ધન૦ ૧૨

નિતનિત ઉઠી હું તસ વંદન કરું, જેણે જગ જિત્યોરે મોહ; મુની૦
ચડતે રંગે હો સમ સુખ સાગરૂ, કરતો શ્રેણિ આરોહ. મુ૦ ધન૦૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જગ ઉપકારી હો જગહિત વત્સલુ દીઠે પરમ કલ્યાણ; મુની૦
વિરહ મ પડશો હો એહવા મુનિ તણો, જાવ લહું નિરવાણ મુ૦ ધ૦ ૧૪

મુનિવર ધ્યાને હો જન ઉત્તમપદ વરે, રૂપ કળા ગુણ જ્ઞાન; મુની૦
કીર્તિ કમલા હો વિમલા વિસ્તરે, જીવવિજય ઘરે ધ્યાન મુ૦ ધ૦૧૫

૫૮ શ્રી મરૂદેવીમાતાની સજઝાય

તુજ સાથે નહીં બોલું રિખવજી, તેં મુજને વિસારી જી;
અનંત જ્ઞાનની ઋદ્ધિ તું પામ્યો, તો જનની ન સંભારી જી. તુજ૦ ૧

મુજને મોહ હતો તુજ ઉપરે, ઋષભ ઋષભ કરી જપતી જી;
અન્ન ઉદક મુજને નવિ રુચતું, તુજ મુખ જોવા તલપતી જી. તુજ૦ ૨

તું બેઠો શિરછત્ર ધરાવે, સેવે સુરનર કોટી જી;
તો જનનીને કેમ સંભારે,? જોઈ જોઈ તારી પ્રીતિજી. તુજ૦ ૩

તું નથી કેનો ને હું નથી કેની, ઇહાં નથી કોઇ કેનું જી;
મમતા મોહ ધરે જે મનમાં, મૂર્ખપણું સવિ તેહનું જી. તુજ૦ ૪

અનિત્ય ભાવે ચડ્યા મરૂદેવા, બેઠા ગજવર ખંધે જી;
અંતગડ કેવળી થઈ ગયા મુગતે, રિખવને મન આણંદ જી. તુજ૦ ૫

૫૯ શ્રી મરૂદેવીમાતાની સજઝાય

મરૂદેવી માતા રે એમ ભણે, ઋષભજી આવોને ઘેર;
હવે મુજ ઘડપણ છે ઘણું, મળવા પુગ વિશેષ. મરૂદેવી૦ ૧

વત્સ તુમે વનમાં જઈ શું વસ્યા, તમારે ઓછું શું આજ;
ઇન્દ્રાદિક સાથે શોભતાં, સાધ્યા ષટ્ ખંડ રાજ. મરૂદેવી૦ ૨

સાચું સગપણ માતા તણું, બીજો કારમો લોક;
રડતાં પડતાં મેલો નહિ, હૃદય વિચારીને જોય. મરૂદેવી૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઋષભજી આવી સમોસર્યા, વિનીતા નગરી મોઝાર;
હરખે દેઉં રે વધામણા, ઉઠી કરું રે ઉલ્લાસ. મરૂદેવી૦ ૪

આઈ બેઠા ગજ ઉપરે, ભરતજી વાંદવા જાય;
દૂરથી વાજાં રે વાગીયાં, હૈડે હરખ ન માય. મરૂદેવી૦ ૫

હરખના આંસુ રે આવીયા, પડલ તે દૂરે પલાય;
પર્ષદા દીઠી રે પુત્રની, ઉપન્યું કેવળ જ્ઞાન. મરૂદેવી૦ ૬

ધન્ય માતા ધન્ય બેટડો, ધન્ય તેહનો પરિવાર;
વિનયવિજય ઉવજ્ઝાયનો, વર્ત્યો છે જય જયકાર. મરૂદેવી૦ ૭

૬૦ શ્રી દ્રૌપદી (કડવા તુંબડા)ની સજ્ઝાય

સાધુજીને તુંબડું વહોરાવીયુંજી, કરમે હલાહલ થાય રે;
વિપરીત આહાર વહોરાવીયોજી, વધાર્યો અનંત સંસાર રે. ૧

આહાર લેઈ મુનિ પાછા વળ્યાંજી, આવ્યા આવ્યા ગુરુજીની પાસ રે;
ભાત પાણી આલોવીયાજી, એ આહાર નહિ તુજ યોગ રે. ૨

નિરવદ્ય ઠામે જઇને પરઠવોજી, તુમે છો દયાના જાણ રે;
બીજો આહાર આણી કરીજી, તુમે કરો નિરધાર રે. ૩

ગુરુવચન શ્રવણે સુણીજી, પહોંચ્યા પહોંચ્યા વન મોઝાર રે;
એક જ બિંદુ તિહાં પરઠવ્યોજી, દીઠા દીઠા જીવના સંહાર રે. ૪

જીવ દયા મનમાં વસીજી, આવી આવી કરૂણા સાર રે;
માસક્ષમણને પારણેજી, પડિવજ્યાં શરણાં ચાર રે. ૫

સંથારે બેસી મુનિ આહાર કર્યોજી, ઉપજી ઉપજી દાહજ્વાળ રે;
કાળ કરી સર્વાર્થ સિદ્ધેજી, પહોંચ્યા પહોંચ્યા સ્વર્ગ મોઝાર રે. ૬

દુઃખીણી દુર્ભાગિણી બ્રાહ્મણીજી, તુંબડા તણે અનુસાર રે,
કાળ અનંતો તે ભમીજી, રૂલી રૂલી તિર્યંચ મોઝાર રે. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાતે નરકે તે ભમીજી, પામી પામી મનુષ્યની દેહ રે;
ચારિત્ર લઈ તપસ્યા કરીજી, બાંધ્યું બાંધ્યું નિયાણું તેહ રે. ૮

દ્રુપદ રાજા ઘેર ઉપનીજી, પામી પામી યૌવન વેષ રે;
પાંચ પાંડવને તે વરીજી, હુઈ હુઈ દ્રૌપદી એહ રે. ૯

તે મનુષ્ય જન્મ પામી કરીજી, લેશે લેશે ચારિત્ર નિરધાર રે;
કેવલજ્ઞાન પામી કરીજી, જસ કહે જાશે જાશે મુક્તિ મોઝાર રે. ૧૦

૬૧ દ્રૌપદીસતીની સજ્ઝાય

લજ્જા મોરી રાખો રે દેવ ખરી, દ્રૌપદી રાણી યું કર વિનવે;
કર દોય શીશ ધરી, ધૂત રસે પ્રીતમ મુજ હાર્યો, વાત કરી ન ખરી. ૧

દેવર દુર્યોધન દુઃશાસન, એહની બુદ્ધિ ફરી;
ચીવર ખેંચે મોટી સભામેં, મનમેં દ્વેષ ધરી રે. લજ્જા૦ ૨

ભીષ્મ દ્રૌણ કર્ણાદિક સર્વે, કૌરવ ભીક ભરી;
પાંડવ પ્રેમ તજી મુજ બેઠા, જે હતા જીવ જૂરી રે. લજ્જા૦ ૩

અરિહંત એક આધાર અમારે, શીયલ શું સંગ ધરી;
પત રાખો પ્રભુજી ઇણ વેળા, સમકિતવંત સૂરિ. લજ્જા૦૪

તતખિણ અષ્ટોત્તર શત ચીવર, પૂર્યા પ્રેમ ધરી;
શાસનદેવી જય જય રવ બોલે, કુસુમની વૃષ્ટિ કરી. લજ્જા૦ ૫

શીયલ પ્રભાવે દ્રૌપદી રાણી, લજ્જા લીલ વરી;
પાંડવ કુંતાદિક સહું હરખ્યા, કહે ધન્ય ધીર ધરી. લજ્જા૦ ૬

સત્ય શીલ પ્રભાવે કૃષ્ણા, ભવજલ પાર તરી;
જિન કહે શીયલ ધરે તસ જનને, નમીયે પાય પડી રે. લજ્જા૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬૨ શ્રી સુલસાની સજ્ઝાય

(રાગ-અરણીક મુનિવર ચાલ્યા ગોચરી)

શીલ સુરંગીરે સુલસા મહાસતી, વર સમકિત ગુણ ધારીજી;
રાજગૃહી પૂરે નાગ રથિક તણી, સુલસા નામે નારીજી. શી૦ ૧

નેહ નિવિડ ગુણ તેહ દંપતિ તણો, સમકિત ગુણ થિર પેખીજી;
ઇન્દ્રપ્રશંસે રે તસ સત કારણે, આવ્યો હરિણગમેષીજી. શી૦ ૨

ગ્લાન મુનિને કાજે યાચીયા, ઔષધ કુંપા ચારજી;
ભગ્ન દેખાડ્યાં પણ નવિ ભાવથી, ઉણિમ ઘરીય લગારજી. શી૦ ૩

પ્રગટ થઈ સુર સુત હેતે દીયે, ગુટિકા તિહાં બત્રીશજી;
તસ સંયોગે રે બત્રીસ સુત થયા, સકલકલા સુજગીશજી. શી૦ ૪

ચેલણા હરણે ચેટક નૃપ શરે, તે પહોંતા પરલોકજી;
સામાયિકમાં તેહજ સાંભળી, પણ થિર મન નહિં શોકજી. શી૦ ૫

એક દિન વીર ચંપાપુરી થકી, ધર્મશીષ કહાવેજી;
અંબડ સાથે રે પરીક્ષા તે કરે, પણ સમકિત દૃઢ ભાવેજી. શી૦ ૬

દેશવિરતિનો રે ધર્મ સમાચરી, સુરલોકે ગઈ તેહજી;
નિર્મમ નામે રે ભાવિ જિન હોશે, પંદરમા ગુણ ગેહજી. શી૦ ૭

ઇણિ પરે દૃઢ મન સમકિત ગુણે, **જ્ઞાનવિમલ** સુપસાયજી;
તે ધનધન જગમાંહિ જાણીયે, નામે નવનિધિ થાયજી. શી૦ ૮

૬૩ શ્રી સુલસાની સજ્ઝાય

ધન ધન સુલસા સાચી શ્રાવિકાજી, જેહને નિશ્ચળધર્મનું ધ્યાન રે;
સમકિતધારી નારી જે સતીજી, જેહને વીરે દીયો બહુમાન રે. ૧

એક દિન અંબડ તાપસ પ્રતિબોધવાજી, જંપે એહવું વીર જિણેશ રે;
નયરી રાજગૃહી સુલસા ભણીજી, કહેજો અમારો ધર્મ સંદેશ રે. ધન૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાંભળી અંબડ મનમાં ચિંતવેજી, ધર્મલાભ ઇશોજી વયણ રે;
એહવું કહાવે જિનવર જે ભણીજી, કેવું રૂડું દૃઢ તસ સમકિત રયણ રે. ધન૦ ૩

અંબડ તાપસ પરીક્ષા કારણેજી, આવ્યા રજગૃહીને બાર રે;
પહેલું બ્રહ્મારૂપ વિકુર્વ્યુજી વૈક્રિય શક્તિ તણે અનુસારે રે. ધન૦ ૪

પહેલી પોળે પ્રગટ્યો પેખીનેજી, ચૌમુખ બ્રહ્મા વંદન કોડ રે;
સઘળી રાજ પ્રજા સુલસા વિનાજી, તેને આવી નમે કરજોડ રે. ધન૦ ૫

બીજે દિન દક્ષિણ પોળે જઇજી, ધરિયો કૃષ્ણ તણો અવતાર રે;
આવ્યા પુરજન તિંહા સઘળાં મળીજી, નાવી સુલસા સમકિત ધારી રે.ધન૦ ૬

ત્રીજે દિવસે પશ્ચિમ બારણેજી, ધરિયું ઇશ્વર રૂપ મહંત રે;
તિમહી જ ચોથે થઈ પચવીસમો જી, આવી સમવસર્યો અરિહંત રે. ધન૦ ૭

તો પણ સુલસા નાવી વાંદવા જી, તેહનું જાણી સમકિત સાચ રે;
અંબડ સુલસાને પ્રણમી કરીજી, કરજોડી કહે એહવી વાચ રે. ધન૦ ૮

ધન્ય તું સમકિત ધારી શિરોમણીજી, ધન્ય તુજ સમકિત વિશવાવીશ રે;
એમ પ્રશંસી કહે સુલસા ભણીજી, જિનજીએ કહી છે ધર્મ આશીષ રે. ધન૦ ૯

નિશ્ચળ સમકિત દેખી સતી તણુંજી, તે પણ હુઓ દઢ મન માંય રે;.
ઇણી પરે શાંતિ વિમળ કવિરાયનોજી,બુધ કલ્યાણવિમળ ગુણ ગાય રે. ૧૦

૬૪ શ્રી ચંદનબાળાની સજઝાય

(રાગ-આતમ ધ્યાનથી રે સંતો)

વીર પ્રભુજી પધારો નાથ, વીર પ્રભુજી પધારો,
વિનંતી મુજ અવધારો નાથ, વીર પ્રભુજી પધારો;
ચંદનબાળા સતી સુકુમાળા, બોલે વચન રસાળા,
હાથ અને પગમાં જડ દીયા તાળા, સાંભળો દીનદયાળા. નાથ વીર૦ ૧

કઠણ છે મુજ કર્મની કહાણી, સુણો પ્રભુજી મુજ વાણી;
રાજકુવંરી હું ચોટેં વેચાણી, દુઃખ તણી નથી ખામી. નાથ વીર૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તાત જ મારો બંધન પડીયો, માતા મરણ જ પામી;
મસ્તકની વેણી કતરાણી, ભોગવી મેં દુઃખ ખાણી. નાથ વીર૦ ૩

મોંઘી હતી હું રાજ કુટુંબમાં, આજે હું ત્રણ ઉપવાસી;
સુપડાને ખૂણે અડદના બાકુલા, શું કહું દુઃખની રાશિ. નાથ વીર૦ ૪

શ્રાવણ ભાદરવા માસની પેરે, વરસે આંસુડાની ધારા;
ગદ્‌ગદ્ કંઠે ચંદનબાળા, બોલે વચન કરૂણા નાથ વીર૦ ૫

દુઃખ એ સઘળું ભુલું પૂર્વનું આપના દર્શન થાતા;
દુઃખ એ સઘળું હૈયે જ આવે, પ્રભુ તુમ પાછા જાતા. નાથ વીર૦ ૬

ચંદનબાળાની અરજ સુણીને, નીર નયનમાં નિહાળે;
બાકુળા લઈ વીર પ્રભુજી પધારે, દયા કરી દીનદયાળે. નાથ વીર૦ ૭

સોવન કેરી ત્યાં થઈ વૃષ્ટિ, સાડી બાર કોડી સારી;
પંચ દિવ્ય તત્કાલે પ્રગટ્યા, બંધન સર્વ વિદારી. નાથ વીર૦ ૮

સંજમ લઇને કાજ સુધાર્યા, ચંદનબાળા કુમારી;
વીર પ્રભુની શિષ્યા પહેલી, પંચમહાવ્રત ધારી. નાથ વીર૦ ૯

કર્મ ખપાવી મુક્તિ સીધાવ્યા, ધન્ય સતી શિરદાર;
વિનયવિજય કહે ભાવ ધરીને, વંદું હું વારંવાર. નાથ વીર૦ ૧૦

૬૫ શ્રી ચંદનબાળાની સજ્ઝાય

(વીર પ્રભુનો ચૂડો)

(રાગ - ઓલી ચંદનબાળાને બારણે)

તારા મુખડા ઉપર જાઉં વારી રે,વીર મારાં મન માન્યા,
તારા દર્શનની બલિહારી રે વીર, મુઠી બાકુળા માટે આવ્યા રે;
મને હેત ધરી બોલાવ્યા રે. વીર. ૧

પાયે કીધી ઝાંઝરની ઝેણ વીર, માથે કીધી મુગટની વેણ રે; વીર.
પ્રભુ શાસનનો એક રૂડો રે વીર. મેં તો પહેર્યો તારા નામનો ચૂડો રે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ ચૂડો સદાકાળ છાજે રે, વીર. મારા માથે વીર ઘણી ગાજે રે; વીર
મને આપી જ્ઞાનની હેલી રે વીર. પહેલા થયા ચંદનબાળા ચેલી રે. ૩

એને ઓઘો મુહપત્તિ આલ્યા રે વીર. તિહાં મહાવીર વિચરતાં આવ્યા રે;
મને આપી જ્ઞાનની હેલી રે, વીર. બીજા થયાં મૃગાવતી ચેલી રે. ૪

તિહાં દેશના અમૃત ધારા રે, વીર ભવિ જીવનો કીધો ઉપકાર રે; વીર.
ચંદ્ર સૂર્ય મૂળ વિમાને આવ્યા રે વીર. ચંદનબાળા ઉપાશ્રયે આવ્યા રે. ૫

ચંદ્ર સૂર્ય સ્વસ્થાને જાય રે વીર. મૃગાવતી ઉપાશ્રયે આવ્યા રે; વીર.
ગુરુણીજી બાર ઉઘાડો રે વીર. ગુરુણીએ કીધો તાડો રે. ૬

ગુરુણીને ખમાવવા લાગ્યા રે,વીર.કેવળ પામ્યા ને કર્મ ભાગ્યા રે;
એણે આવતાં સર્પને દીઠો રે, વીર. ગુરુણીજીનો હાથ ઊંચો લીધો રે. ૭

ગુરુણીજી ઝબકીને જાગ્યારે, વીર. સાધ્વીને પૂછવા લાગ્યા રે; વીર.
તને એ શું કેવળ થાય રે, વીર. ગુરુણીજી તમારે પસાય રે. ૮

ચંદનબાળા ચેલીને ખમાવ્યા રે,વીર. તિહાં ખામતાં તે કેવળ પામ્યા રે; વીર.
ગુરુણીને ચેલી મોક્ષ પાયા રે, વીર. તેમ **પદ્મવિજય** ગુણ ગાયા રે. ૯

૬૬ શ્રી અંજનાસતીની સજ્ઝાય

અંજના વાત કરે છે મારી સખી રે, મને મેલી ગયા છે મારા પતિ રે;
અંતે રંગમહેલમાં મેલી રોતી, સાહેલી મોરી કર્મે મળ્યો વનવાસ,
સાહેલી મોરી પુણ્ય યોગે તુમ પાસ. સાહેલી૦ ૧

લશ્કર ચઢતા મેં શુકન જ દીધાં, તે તો નાથે મારે નવિ લીધા;
ટીંકા પાટુ પોતે મને દીધાં.સાહેલી૦ ૨

સખી ચકવાનો સુણી પોકાર, રાતે આવ્યા પવનજી દરબાર;
બાર વર્ષે લીધી છે સંભાળ. સાહેલી૦ ૩

સખી કલંક ચઢાવ્યું મારે માથે, મારી સાસુએ રાખી નહિ પાસે;
મારા સસરાએ મેલી વનવાસે.સાહેલી૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંચસે સખીઓ દીધી મ્હારા બાપે, તેમાં નથી એક મારી પાસે;
એક વસંતબાળા મારી સાથે. સાહેલી૦ ૫

કાળો ચાંદલો રાખડી કાળી, રથ મેલ્યો છે વન મોઝારી;
હવે સહાય કરો દેવ મારી. સાહેલી૦ ૬

મારી માતાએ લીધી નહિ સાર, મારા પિતાએ કાઢી ઘર બાર;
સખી ન મલ્યો પાણીનો પાનાર. સાહેલી૦ ૭

મને વાત ન પૂછી મારા વીરે, મ્હારા મનમાં રહેતી નથી ધીરે;
મારા અંગે ફાટી ગયા ચીરે. સાહેલી૦ ૮

મને દિશા લાગે છે કાળી, મ્હારી છાતી જાય છે ફાટી;
અંતે અંધારી અટવીમાં કર્મે નાંખી. સાહેલી૦ ૯

મારું જમણું ફરકે છે અંગ, નથી બેઠી હું કોઈની સંગ;
આ તે રંગમાં શ્યો પડ્યો ભંગ. સાહેલી૦ ૧૦

સખી ધાવતાં છોડાવ્યા હશે બાળ, નહિતર કાપી હશે કુંપળ ડાળ;
તેના કર્મે પામી ખોટી આળ. સાહેલી૦ ૧૧

વનમાં ભમતાં દીઠાં મુનિ આજ, પૂરવ ભવની પૂછે છે વાત;
જીવે શ્યારે કર્યા હશે પાપ ? સાહેલી૦ ૧૨

બેની હસતાં રજોહરણ તુમે લીધાં, મુનિરાજને દુઃખ બહું દીધા;
તેના કર્મે વનવાસ તમે લીધા. સાહેલી૦ ૧૩

પૂર્વે હતો શોક્યનો બાળ, દેખી મનમાં ઉછળતી ઝાળ;
તેના કરમે જોયા વનમાં ઝાડ. સાહેલી૦ ૧૪

સખી વનમાં જન્મ્યો છે બાળ, ક્યારે ઉતરશે મારી આળ;
ઓચ્છવ કરશું માને મોસાળ. સાહેલી૦ ૧૫

વનમાં ભમતાં મુનિ દીઠા આજ, અમને ધર્મ બતાવો ગુરુરાજ;
ક્યારે સરશે અમારા કાજ. સાહેલી૦ ૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વનમાં મળશે મામા મામી આજ,ત્યાં પવનજી કરશે સાજ;
પછી સરસે તમારા કાજ.સાહેલી૦ ૧૭

મુનિરાજની શીખ જ સારી, સર્વે લેજો ઉરમાં અવધારી;
માણેકવિજયને જાઉં બલિહારી. સાહેલી૦ ૧૮

૬૭ શ્રી રૂક્ષ્મણીની સજઝાય

વિચરંતા ગામોગામ, નેમિજિનેશ્વર સ્વામ; આ છે લાલ, નયરી દ્વારામતિ આવિયા જી. ૧
વનપાલક સુખદાય, દીયે વધામણી આય; આછે લાલ, નેમિ જિણંદ પધારીયાજી. ૨
કૃષ્ણાદિક નરનાર, સહુ મલી પર્ષદા બાર; આ છે લાલ, નેમિ વંદન તિહાં આવિયા જી. ૩
દેશના દીએ જિનરાય, આવે સહુને દાય; આ છે લાલ, રૂક્ષ્મણી પૂછે શ્રી નેમને જી. ૪
પુત્રને મ્હારે વિયોગ, શ્યો હશે કર્મ સંયોગ; આ છે લાલ, ભગવંત ! મુજને તે કહો જી. ૫
તવ ભાખે ભગવંત, પૂરવભવ વિરતંત; આ છે લાલ, કીધા કર્મ ન છૂટીયે જી. ૬
પૂરવભવ કોઈવાર, તું હતી નૃપની નાર; આ છે લાલ, ઉપવન રમવા સંચર્યા જી. ૭
ફરતા વન મોઝાર, દીઠો એક સહકાર; આ છે લાલ, મોરલી વિયાંણી તિહા કણે જી. ૮
સાથે હતો તુમ નાથ, ઇંડા ઝાલ્યા તેણે હાથ; આ છે લાલ કુંકુમ વરણાં તે થયાં જી. ૯
નવિ ઓળખે તિંહા મોર, કરવા લાગી શોર; આ છે લાલ, સોળ ઘડી નવિ સેવિયાં જી. ૧૦
તિણ અવસર ઘમઘોર, મોરલી કરે છે શોર; આ છે લાલ ચિહુ દિશિ ચમકે વિજળી જી. ૧૧
પછી વુઠ્યો તિહાં મેહ, ઇંડા ધોવાણા તેહ; આ છે લાલ, સોળ ઘડી પછી સેવિયાં જી. ૧૨
હસતાં તે બાંધ્યા કર્મ, નવિ ઓળખ્યો જિનધર્મ; આ છે લાલ, રોતા ન છૂટે પ્રાણિયાં જી. ૧૩
તિહાં બાંધ્યો અંતરાય, ભાખે શ્રી જિનરાય; આ છે લાલ, સોળ ઘડીના વર્ષ સોળ થયાં જી. ૧૪
દેશના સુણી અભિરામ, રૂક્ષ્મણી રાણી તામ; આ છે લાલ, શુદ્ધો સંયમ આદર્યો જી. ૧૫
સ્થિર કરી મન વચ કાય, કેવળનાણ ઉપાય; આ છે લાલ, કર્મ ખપાવી મુગતે ગયાં જી. ૧૬
તેહનો છે અધિકાર, અંતગડ સૂત્ર મોઝાર; આ છે લાલ, **રાજવિજય** રંગે ભણે જી. ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬૮ સુભદ્રાસતીની સજ્ઝાય

(રાગ- આતમ ધ્યાનથી રે)

ધન ધન જિનદત્ત અંગજા, ધન તેહનો અવતારજી;
નામે સુભદ્રા જાણીયે, સતીઓમાં શીરદારજી. ૧

સુભદ્રાજીને વરવા કાજે, આવ્યાં વર અનેક;
પણ શ્રાવક વિણ નહીં દઉં, એવી શેઠની ટેક. ૨

એક દિન ચંપાથી આવીયો, બૌદ્ધ ઋદ્ધિ બુદ્ધિદાસ;
સુશ્રાવિકાના રૂપથી, થયો મોહ મન જાશ. ૩

કરી કપટ શ્રાવક થઈ, સુણે ધર્મ સદાય;
અનુક્રમે સાચો શ્રાવક થયો, જાણી તત્ત્વ હિતદાય. ૪

ધર્મ પ્રભાવે પામીયો, સતી સુભદ્રા નાર;
પતિ સહ ચંપાએ આવી, કરે જિનધર્મ સદાય. ૫

બુદ્ધ ધર્મ ધર્મી સાસુથી, મહાસતી પામી આળ;
શાસનદેવી સહાયથી, ભાંગી સવિ જંજાળ. ૬

શીલવ્રતના પ્રભાવથી, ખોલ્યા ચંપાના દ્વાર;
શાસન પ્રભાવના કરી, કર્યા સફલ અવતાર. ૭

ભૂપાદિક બોધ પામીયા, વર્ત્યો જયજયકાર;
રોજ સ્મરે તેહ પામશે, અમૃતપદ શ્રીકાર. ૮

૬૯ શ્રી કામલતાની સજ્ઝાય

(રાગ-આતમ ધ્યાનથી રે સંતો)

શી કહું કથની મારી રાજ, શી કહું કથની મારી,
મને કર્મે કરી મહિયારી રાજ. શી૦ ૧

શિવપુરના માધવદ્વિજની, હું કામલતાભિધ નારી;
રૂપ કલા ભરયૌવન ભારી, ઉરવશી રંભા હારી. રાજ શી૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પારણે કેશવ પુત્ર પોઢાડી, હું ભરવા ગઈ પાણી;
શિવપુરી દુશ્મન રાયે ઘેરી, હું પાણિયારી લુંટાણી. રાજ શી૦ ૩

સુભટોએ નિજ રાયને સોંપી, રાયે કરી પટરાણી;
સ્વર્ગના સુખથી પણ પતિ માધવ, વિસરી નહિ ગુણ ખાણી. રાજ શી૦ ૪

વરસ પંદરનો પુત્ર થયો તવ, માધવ દ્વિજ મુજ માટે;
ભમતો યોગી સમ ગોખેથી, દીઠો જાતાં વાટે. રાજ શી૦ ૫

દાસી દ્વારા દ્વિજને બોલાવી, દ્રવ્ય દેઈ દુઃખ કાપ્યું;
ચૌદસ દિન મહાકાળી મંદિરમાં, મળશું વચન મેં આપ્યું. રાજ શી૦ ૬

કારમી ચુંકે ચીસ પોકારી, મહિપતિને મેં કીધું;
એકાકી મહાકાળી જાવા, તુમ દુઃખે મેં વ્રત લીધું. રાજ શી૦ ૭

વિસરી બાધા કોપી કાળી, પેટમાં પીડા થઈ ભારી;
રાય કહે એ બાધા કરશું, તતક્ષણ ચૂંક મટી મારી.રાજ શી૦ ૮

ચૌદશને દિન રાજા રાણી, એકાકી પગપાળે;
મહિપતિ આગળ ને હું પાછળ, પહોંચ્યા બેઉ મહાકાળી. રાજ શી૦ ૯

રાજાએ નિજ ખડ્ગ વિશ્વાસે, મારા કરમાં આપ્યું;
જબ નૃપ મંદિર માંહિ પેસે, તવ મેં તસ શિર કાપ્યું. રાજ શી૦ ૧૦

રાયને મારીને પતિને જગાડું, ઢંઢોલતાં નવિ જાગે;
નાગ ડસ્યો પતિ મરણ થયો તવ, ઉભય ભ્રષ્ટ થઈ ભાગી.રાજ શી૦ ૧૧

નાઠી વનમાં ચોરે લૂંટી, ગણિકાને ઘેર વેચી;
જાર પુરુષથી જારી રમતાં, કર્મની વેલ મેં સિંચી. રાજ શી૦ ૧૨

માધવ સુત કેશવ પિતૃ શોધે, ભમી ગણિકાને ઘેર આવે;
ધન દેખી જેમ દુગ્ધ મંજારી, ગણિકાને મન ભાવે રાજ શી૦ ૧૩

ગણિકાએ દ્વિજ મુજને સોંપ્યો, જાણ્યું ન મેં લલચાવ્યો;
ધિક્ ધિક્ પુત્રથી જારી ખેલું, કર્મે નાચ નચાવ્યો. રાજ શી૦ ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જારી રમતાં કાલ વીત્યો બહું, એક દિન કીધી મેં હાંસી;
ક્યાના વાસી ક્યાં જવાના, તવ તેણે અથ ઇતિ પ્રકાશી. રાજ શી૦ ૧૫

દૃઢ મન રાખી વાત સુણી મેં, ગુહા મેં રાખી મારી;
પુત્રને કહ્યું તુમે દેશ સિધાવો, મેં દુનિયા વિસારી. રાજ શી૦ ૧૬

પુત્ર વળાવી કહ્યું ગણિકાને, હા-હા ધિક્ તુજ મુજને;
મહા પાતિકની શુદ્ધિ માટે, અગ્નિનું શરણ હો મુજને. રાજ શી૦ ૧૭

સરિતા કાંઠે ચેં સળગાવી, અગ્નિ પ્રવેશ મેં કીધો;
કર્મે નદીના પુરમાં તણાણી, અગ્નિએ ભોગ ન લીધો. રાજ શી૦ ૧૮

જલમાં તણાતી કાંઠે આવી, આહિરે બહાર કાઢી;
મુજ પાપીણીને નદીએ ન સંઘરી, આહિરે કરી ભરવાડી. રાજ શી૦ ૧૯

તે ભરવાડણ દહીં દૂધ લઇને, વેચવા પુરમાં પેઠી;
ગજ છૂટયો કોલાહલ સુણીને, પાણીયારી ને હું નાઠી. રાજ શી૦ ૨૦

પાણીયારીનું બેડું ફુટયું, ઘુસકે રોવા લાગી;
દહી દૂધની મમ મટકી ફૂટી, હું તો હસવા લાગી. રાજ શી૦ ૨૧

હસવાનું કારણ તે પૂછયું, વીરા ! મેં અથ ઇતિ કીધું;
કેને જોવું ને કેને રોવું હું, દૈવે દુઃખ મને દીધું. રાજ શી૦ ૨૨

મહિયારીની દુઃખની કહાણી, સુણી મૂર્છા થઇ દ્વિજને;
મૂર્છા વળી તવ હા,હા ઉચ્ચરે, દ્વિજ કહે ધિક્ ધિક્ મુજને. રાજ શી૦ ૨૩

મા-દીકરો બેહું પસ્તાવો કરતાં, જ્ઞાની ગુરુ તવ મળીયા;
ગુરુની દીક્ષા શિક્ષા પામી, ભવના ફેરા ટળિયા. રાજ શી૦ ૨૪

એક ભવે ભવ બાજી રમતાં, ઉલટ સુલટ પડે પાસા;
નાનાવિધ ભવોભવ સાકળચંદ, ખેલે કર્મ તમાસા રાજ શી૦ ૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૭૦ શ્રી હરિચંદ્ર નૃપની સજ્ઝાય

દુહો

શ્રી ગુરુપદપંકજ નમી, સમરી શારદા માય;
સત્યવાદી હરિશ્ચંદ્રની, ઉત્તમ કહું સજ્ઝાય.

ઢાળ

સત્યશિરોમણિ હરિશ્ચંદ્ર, પૃથ્વીપતિ, નગરી અયોધ્યા જેની સ્વર્ગ સમાન જો;
સુરગુરુ સમ વસુભૂતિ મંત્રી જેહનો, રાણી સુતારા ને કુમાર દેવ સમાન જો. સ૦ ૧

અવસર જાણી સુરપતિ એક દિન ઉચ્ચરે, હરિશ્ચંદ્રના ગુણ દેવને કરે જાણ જો;
પ્રાણ જતાં પણ સત્યપણું છોડે નહિ, મનુષ્ય છતાં પણ કેટલા કરુ વખાણ જો ? સ૦ ૨
સ્વામીવચને શ્રદ્ધા નહિં બે દેવને, તેણે વિકુર્વ્યા તાપસો પુરની બાહ્ય જો;
સુપર થઈને નાશ કર્યો આરામનો, પોકાર કરતો ગયો તાપસ પુરમાંહ્ય જો. સ૦ ૩

સાંભળી નૃપતિ ચાલ્યો તાપસ આશ્રમે, હાથમાં લઈને ખેંચ્યું તાણી તીર જો;
ગર્ભિણી હરણીને વચમાં લાગી ગયું, હરણી મરતાં કુળપતિ કૂટે શિર જો. સ૦ ૪

પશ્ચાતાપની સીમા ન રહી રાયને, કુળપતિ પાસે નૃપ નમાવી કાય જો;
પ્રાયશ્ચિત્ત માટે રાજપાટ દઉં આપને, પાપ હત્યા જો લાગેલી મુજ જાય જો. સ૦ ૫

ઉપર લાખ સોનૈયા આપું પુત્રીને, પોષેલી મૃગલી જેણે દિવસ ને રાત જો;
કુળપતિ કહે હું રાજા આજથી પુરનો, લાખ સોનૈયા દો વેચી તુમ જાત જો. સ૦ ૬

રાજ્યને ત્યજતાં આડો મંત્રી આવિયો, ત્યારે તાપસે કીધો મંત્રી ફિર જો;
કપિંજલ અંગરક્ષક વચમાં બોલિયો, તેને પણ કીધો જંબુક છાંડી નીર જો. સ૦ ૭

કસોટી કીધી દેવે રાજ્ય તજાવિયું, તો પણ સત્યમાં અડગ રહ્યો છે ભૂપ જો;
કાશી નગરીમાં જઈ ચૌટામાં રહી, વેચાણ માટે ત્રણે ઊભા ચૂપ જો. સ૦ ૮

વેચાણ લીધી રાણીને એક બ્રાહ્મણે; કુમારને પણ વેચ્યો બ્રાહ્મણ ઘેર જો;
પોતે પણ વેચાણો ભંગીને ઘરે, કર્મરાજાએ કીધો કાળો કેર જો. સ૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જળ વહન કર્યું બાર વરસ લગે નીચનુ, નોકર થઈને વર્ત્યો ચંડાળ ઘેર જો;
દુઃખ સહન કરવામાં મણા રાખી નહિ, તો પણ કર્મે જરા ન કીધી મ્હેર જો. સ૦૧૦

રાક્ષસી રૂપ કરાવી કીધી વિટંબના, તારામતીને ભરી સભાની માંહ્ય જો;
નાગ ડસાવી મરણ પમાડ્યો રોહિતાશ્વને, વિખૂટો કર્યો તારામતીથી રાય જો. સ૦ ૧૧

મૃતક અંબર લેવા પ્રેતવને ગયો, ચંડાળના કહેવાથી નોકર રાય જો;
આવી સુતારા કુમાર મૃતકને ઊંચકી, દહનક્રિયા કરવા મૂકી કાય જો. સ૦ ૧૨

રુદન કરતી છાતી ફાટ ને ફૂટતી, ખોળામાં લઈને બાળક ઉપર પ્રેમ જો;
એટલામાં હરિ આવ્યો દોડતો આગળે, ઓળખી રાણીને પૂછે કુશળક્ષેમ જો. સ૦ ૧૩

સુતારા કહે પુત્રમરણની આ દશા ! ચંડાળ થઈને મને વેચી દ્વિજ ઘેર જો;
રાજપાટ ગયું કુટુંબ-કબીલો વેગળો, પુત્ર મરણથી વર્ત્યો કાળો કેર જો. સ૦ ૧૪

બાર વરસ લગે ભંગીપણું આપે કર્યું, ચાકરડી પણું થયું મારે શિર તેમ જો;
કુંવર ડસાડ્યો વનમાં કાષ્ઠ લેવા જતાં, સ્વામી ! હવે શું પૂછો છો કુશળક્ષેમ જો ? સ૦ ૧૫

પ્રભુ ! હવે તો દુઃખની હદ આવી રહી, શિર પર ઊગવા બાકી છે હવે તૃણ જો;
દુઃખ લખ્યું હશે કેટલું આપણા ભાગ્યમાં ? નાથ ! હવે તો માગું છું હું મરણ જો. સ૦ ૧૬

ગભરાયો નૃપ રાણીની વાતને સાંભળી, ધીરજ ધારી કર્યું હૃદય કઠિન જો;
સહન કરીશ હું જેટલું જે દુઃખ આવશે, પણ સૂર્યવંશી થાશે નહિ કદી દીન જો. સ૦ ૧૭

આટલું બોલી પ્રેમનું બંધન તોડીને, મુખ ફેરવીને માગ્યું મૃતકનું વસ્ત્ર જો;
રાયની સમસ્યા સુતારા સમજી નહિ, ફરી ફરી નૃપના હાથમાં દે છે પુત્ર જો. સ૦ ૧૮

પુત્રના શબનું કામ નથી હવે માહરે, ત્યારે શું કહો છો બોલો થઈ સન્મુખ જો;
લજ્જા મૂકી અશ્રુથી નેત્રો ભરી નૃપે, માગ્યું અંબર મૃતકનું કરી ઉન્મુખ જો. સ૦ ૧૯

એટલામાં તો દેવે વૃષ્ટિ કરી પુષ્પની, સત્યવાદી તમો જય પામો મહારાજ જો;
કસોટી કીધી દુઃખમાં નાખી આપને, ક્ષમાકરો તે સત્પતણા શિરતાજ જો. સ૦ ૨૦

દીધું વરદાન દેવે રાજ્ય આબાદીનું, સજીવન કરી પુર ગયા દેવલોક જો;
અંગરક્ષક મંત્રીશ્વર બન્ને આવીયા, શ્લાઘા થઈ છે નૃપની ત્રણે લોક જો. સ૦ ૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધન્ય ધન્ય છે સત્ત્વશિરોમણિ રાયને, જેમ જેમ કસીએ તેમ તેમ કંચનવાન જો;
સુરપતિ આગળ સ્તુતિ કરે હરિશ્ચંદ્રની, દીઠો ન જગમાં ધૈર્યમાં મેરુ સમાન જો. સ૦ ૨૨

વિચરંતા પ્રભુ શાંતિ જિનેશ્વર આવીયા, રાયને રાણી વંદન અર્થે જાય જો;
દેશનાંતે હરિશ્ચંદ્રે પૂર્વભવ પૂછીયો, શા કારણથી ભંગીપણું મુજ થાય જો? સ૦ ૨૩

બાર વરસ લગે દુઃખના ડુંગર દેખીઆ, સુતારા શિર પર આવ્યું મહાન કલંક જો;
વિખૂટો કર્યો પુત્રને રાણીથી મુજને, કારણ વિણ કદી કાર્ય બને ન નિઃશંક જો. સ૦ ૨૪

પ્રભુ કહે તમે રાય-રાણી પૂર્વે હતા, સાર્થ સાથે બે મુનિ આવ્યા તુમ ગામ જો;
રૂપ દેખીને રાણી વીંધાણી કામથી, બોલાવે મુનિને દાસી દ્વારા ભીડી હામ જો. સ૦૨૫

હાવભાવ દેખાડ્યા બહુ એકાન્તમાં, પણ મુનિ કહે છે ભસ્મ થયો છે અમ કામ જો;
તેથી કામ અમારો હવે નથી જાગતો, વળી મળ-મૂત્રની કૂડી કાયા છે ઉદ્દામ જો. સ૦ ૨૬

નિરાશ થઈને રાણી નૃપ કને જઈ, આળ ચઢાવ્યું મુનિ ઉપર નિરધાર જો;
તાડના પૂર્વક બંદીખાને નંખાવીયા, માસાંતે રાય કરે પસ્તાવો અપાર જો. સ૦ ૨૭

દોષ ખમાવી મુનિથી સમકિત પામીયા, મુનિવર બન્ને કાળ કરી પહોતા દેવલોક જો;
કસોટી મિષથી વેર પૂર્વ તેણે વાળીયું, સુખ-દુઃખ નિમિત્ત કર્મ જાણી તજો શોક જો. સ૦ ૨૮

રાય ને રાણી જાતિસ્મરણ પામીયા. અલ્પ નિદાન ને દીઠો મહાવિપાક જો;
જગતની વિચિત્રતા સર્વે અનુભવી, કર્મ-બંધના છોડ્યા સકળ નિદાન જો. સ૦ ૨૯

સાકેતપુરનું રાજ્ય દઈ રોહિતાશ્વને, દીક્ષા લીધી સોળમા જિનવર પાસ જો;
કેવળ પામી શિવપુરમાં સિધાવીયા, **'નીતિ ઉદયનો'** કરજો શિવપુર વાસ જો સ૦ ૩૦

૭૧ અમરકુમારની સજ્ઝાય

રાજગૃહી નગરી ભલી, તીહાં શ્રેણિક રાજા રે;
જિનધર્મનો પરિચય નહીં, મિથ્યામતમાંહે રાચ્યા રે,
કર્મતણી ગતિ સાંભળો. કર્મ૦ ૧

કર્મ તણી ગતિ સાંભળો, કર્મ કરે તે હોય રે;
સ્વાર્થના સહુ કો સગાં, વિણ સ્વારથ નહીં કોય રે. કર્મ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજા શ્રેણીક એકદા, ચિત્રશાળા કરાવે રે;
અનેક પ્રકારે મંડણી, દેખંતાં મન મોહેરે. કર્મ૦ ૩

દરવાજો ગિર ગિર પડે, રાજા મન પસ્તાવે રે;
પૂછે જોષી પંડિતા, બ્રાહ્મણ એમ બતાવે રે. કર્મ૦ ૪

બાળક બત્રીસ લક્ષણો, હોમી જે ઇણ ઠાણે રે;
તો એ મહેલ પડે નહીં, ઇમ ભાખે વયણા અજાણો રે. કર્મ૦ ૫

રાજા ઢંઢેરો ફેરવે, જે આપે બાળ કુંવારો રે;
તોળી આપું બરોબરી, સોનૈયા ધન સારો રે. કર્મ૦ ૬

ઋષભદત્ત બ્રાહ્મણ તિહાં વસે, ભદ્રા તસ ઘરણી જાણો રે;
પુત્ર ચાર સોહામણા, નિર્ધનિયો પુણ્ય હીણો રે. કર્મ૦ ૭

ઋષભદત્તા કહે નારને, આપો એક કુંવારો રે;
ધન આવે ઘર આપણે, થઈએ સુખિયાં સારો રે. કર્મ૦ ૮

નારી કહે વેગે કરો, આપો અમર કુમારો રે;
મ્હારે મન અણભાવતો, આંખ થકી કરો અળગો રે. કર્મ૦ ૯

વાત જણાવી રાયને, રાજા મનમાં હરખ્યો રે;
કહે માગે તે આપીને, લાવો બાળ કુંવારો રે. કર્મ૦ ૧૦

સેવક પાછા આવીયા, ધન આપ્યો મન માન્યો રે;
અમર કહે મોરી માતજી, મુને તમે મત આપજો રે. કર્મ૦ ૧૧

માતા કહે તુને શું કરું, મ્હારે મન તું મૂવો રે;
કામ કાજ કરે નહીં, ખાવાને જોઇએ સારો રે. કર્મ૦ ૧૨

આંખે આંસુ નાખતો, બોલે બાળ કુંવારો રે;
સાંભળો મોરા તાતજી, તુમે મુજને રાખો રે. કર્મ૦ ૫૩

તાત કહે હું શું કરું, મુજને તો તું પ્યારો રે;
માતા વેચે તાહરી, મ્હારો નહિ ઉપાયો રે. કર્મ૦ ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાકો પણ પાસે હતો, કાકી મુજને રાખો રે;
કાકી કહે હું શું જાણું, મ્હારે તું શું લાગે રે. કર્મ૦ ૧૫

બાળક રોતો સાંભળી, માસી કુવા તે આવે રે;
બ્હેન પણ બેઠી હતી, કોઇ મુજને રાખો રે. કર્મ૦ ૧૬

જોજો ધન અનર્થ કરે, ધન પડાવે વાટો રે;
ચોરી કરે ધન લોભીયો, મરીને દુર્ગતિ જાય રે. કર્મ૦ ૧૭

હાથ પકડીને લઈ ચાલ્યા, કુંવર રોવણ લાગે રે;
મુજને રાજા હોમશે, ઇમ બાલક બહુ બહુ ઝુરે રે. કર્મ૦ ૧૮

બાળકને તવ લેઈ ચાલ્યા, આવ્યા ભરબજાર રે;
લોક સહુ હાં હાં કરે, વેચ્યો બાલ ચંડાલ રે.કર્મ૦ ૧૯

લોક તિહાં બહુલાં મળ્યાં, જૂએ બાલ કુંવારો રે;
બાળક કહે મુજ રાખી લ્યો, થાસું દાસ તુમારો રે. કર્મ૦ ૨૦

શેઠ કહે રાખું સહી, ધન આપી મુખ માગ્યો રે;
રાયે મંગાવ્યો હોમવા, તે તો નહીં રખાયે રે. કર્મ૦ ૨૧

બાળકને તે લઈ ગયા, રાજાજીની પાસ રે;
ભટ્ટજી પણ બેઠા હતા, વેદ શાસ્ત્રના જાણ રે. કર્મ૦ ૨૨

ભટ્ટજીને રાજા કહે, દેખો બાલ કુંવારો રે;
બાળકને શું દેખવો, કામ કરો મહારાજા રે. કર્મ૦ ૨૩

બાળક કહે કરજોડીને, સાંભળો શ્રી મહારાજા રે;
પ્રજાના પ્રિય છો તુમે, મુજને કેમ હોમીજે રે. કર્મ૦ ૨૪

રાજા કહે મેં મૂલ દીયો મ્હારો નહીં અન્યાયો રે;
માતાપિતાએ તુને વેચીયો, મેં હોમવા કાજ આણ્યો રે.કર્મ૦ ૨૫

ગંગોદકે નવરાવીને, ગળે ઘાલી ફુલની માળા રે;
કેશર ચંદન અરચીને, બ્રાહ્મણ ભણતાં તવ વેદો રે. કર્મ૦ ૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમર કુમાર મન ચિંતવે, મુજને શીખવીઓ સાધુ રે,
નવકાર મંત્ર છે મોટકો, સંકટ સહુ ટળી જાશે રે.કર્મ૦ ૨૭

નવપદ ધ્યાન ધરતાં થકાં, દેવ સિંહાસન કંપ્યો રે;
ચાલી આવ્યો ઉતાવળો, જીહાં છે બાલ કુંવારો રે. કર્મ૦ ૨૮

અગ્નિ જવાળા ઠંડી કરી, દીધો સિંહાસન ચંગો રે;
અમર કુંવરને બેસાડીને, દેવ કરે ગુણ ગાનો રે. કર્મ૦ ૨૯

રાજાને ઊંધો નાંખીયો, મુખે છુટ્યાં લોહી રે;
બ્રાહ્મણ સહુ લાંબા પડ્યા, જાણે સુકાં કાષ્ઠ રે કર્મ૦ ૩૦

રાજસભા અચરિજ થઈ, એ બાળક કોઈ મ્હોટો રે;
પગ પૂજીજે એહના, તો એ મૂવા ઉઠે રે.કર્મ૦ ૩૧

બાળકે છાંટો નાંખીયો, ઉઠ્યા શ્રેણિક રાજા રે;
અચરિજ દીઠો મોટકો, એ શું હુવો કાજો રે.કર્મ૦ ૩૨

બ્રાહ્મણ પડિયા દેખીને, લોક કહે પાપ જુઓ રે;
બાળ હત્યા કરતા હતા, તેહના ફળ છે એહો રે. કર્મ૦ ૩૩

બ્રાહ્મણ સહુ ભેળા થયા, દેખે એમ તમાસો રે;
કનક સિંહાસન ઉપરે, બેઠો અમર કુમારો રે.કર્મ૦ ૩૪

રાજા સહુ પરિવાર શું, ઉઠ્યો તે તત્કાળ રે;
કર જોડી કહે કુમારને, એ રાજ્યઋધ્ધિ સહુ તારી રે.કર્મ૦ ૩૫

અમર કહે સુણો રાજવી, રાજશું નહીં મુજ કાજો રે;
સંયમ લેશું સાધુનો, સાંભલો શ્રી મહારાજા રે.કર્મ૦ ૩૬

રાય લોક સહુ એમ કહે, ધન ધન બાળ કુમારો રે;
ભટ્ટજી પણ સાજા હુવા, લાજ્યા તે મન અપારો રે. કર્મ૦ ૩૭

જય જયકાર હુઓ ઘણો, ધર્મ તણે પરસાદે રે;
અમરકુમાર મન સોચતો, જાતિસ્મરણ જ્ઞાનો રે. કર્મ૦ ૩૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમરકુમાર સંયમ લીયો, કરે પંચમુષ્ઠિ લોચ રે;
બાહિર જઈ સ્મસાણ મેં,કાઉસ્ગ્ગ રહ્યો શુભ ધ્યાને રે. કર્મ૦ ૩૯

માતા-પિતા બાહિર જઈને, ધન ધરતી માંહી ઘાલ્યો રે;
કાંઇક ધન વ્હેંચી લીયો, જાણે વિવાહ મંડાણો રે. કર્મ૦ ૪૦

એટલે દોડતો આવીને, કોઈક બાળ કુંવારો રે;
માત પિતાને ઇમ કહે, આ અમરકુમારની વાતો રે. કર્મ૦ ૪૧

માત પિતા વિલખાં થયાં, ભૂંડો થયો એ કામો રે;
ધન રાજા લેશે સહુ, કાંઈક કરીએ ઉપાયો રે કર્મ૦ ૪૨

ચિંતાતુર થઈ અતિ ઘણી, રાત નિંદ ન આવે રે;
પૂરવ વૈર સંભાળતી, પાપિણી ઉઠી તિણ વારો રે. કર્મ૦ ૪૩

શસ્ત્ર હાથ લેઈ કરી, આવી બાળક પાસે રે;
પાળીયે કરીને પાપિણી, માર્યો બાળ કુંવારો રે, કર્મ૦ ૪૪

શુક્લ ધ્યાન સાધુએ કર્યું, શુભ મન આણી ભાવો રે;
કાળ કરીને અવતર્યા, બારમા સ્વર્ગ મોઝારો રે કર્મ૦ ૪૫

બાવીશ સાગર આઉખો, ભોગવી વાંછિત ભોગો રે;
મહાવિદેહમાં સીઝશે, પામશે કેવળ નાણો રે. કર્મ૦ ૪૬

હવે તે માતા પાપિણી, મનમાંહિ હરખી અપાર રે;
ચાલી જાય આનંદ મેં, વાઘણી મળી તે વારો રે. કર્મ૦ ૪૭

ફંફેડી નાખી તિહાં, પાપિણી મુઈ તિણ વારો રે;
છઠ્ઠી નરકે ઉપની, બાવીશ સાગર આયુ રે. કર્મ૦ ૪૮

જો જો મંત્ર નવકારથી , અમર કુમાર શુભ ધ્યાનો રે;
સુર પદવી લહી મોટકી, ધરમ તણે પરસાદે રે.કર્મ૦ ૪૯

નરભવ પામી જીવડા, ધરમ કરો શુભ ધ્યાનો રે;
તો તુમે અમર તણી પરે, સિદ્ધિ ગતિ લેશો સારી રે. કર્મ૦ ૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર જોડી 'કવિયણ' ભણે, સાંભલો ભવિજન લોકો રે;
વૈર વિરોધ કોઈ મત કરો, જિમ પામો ભવપારો રે. કર્મ૦ ૫૧

શ્રી જિનધર્મ સુરતરુ સમો, જેહની શીતળ છાંયા રે;
જેહ આરાધે ભાવશું, થાશે મુક્તિના રાયા રે.કર્મ૦ ૫૨

૭૨ શ્રી અઇમુત્તા મુનીની સજઝાય

(રાગ - દિનદુઃખીયાનો તુ છે બેલી)

સંયમ રંગે રંગ્યુ જીવન, નાનો બાલકુમાર
વંદો અઇમુત્તા અણગાર.....૧

ગૌતમ સ્વામી ગોચરી જાવે, નાના બાલકને મન ભાવે,
પ્રેમ થકી નિજ ઘેર બોલાવે, ભાવ ધરી મોદક વહોરાવે.
મારે પણ ગૌતમ સમ થાવું, એમ કરે વિચાર. વંદો. ૨

મન ઇચ્છાઓ પૂર્ણ કીધી, માતપિતાની આજ્ઞા લીધી,
રાજ તણી ઋદ્ધિને છોડી, ગૌતમ પાસે દીક્ષા લીધી,
રહે ઉમંગે ગુરુને સંગે વહેતા સંયમ ભાર. વંદો. ૩

તલાવડી જલની એક આવી, બાલમુનિને મન બહુ ભાવી,
પાત્ર તણી નૌકા ખેલાવી, ગુરુને દેખી લજ્જા આવી,
અણઘટતું કારજ કીધુ તે, પામ્યા ક્ષોભ અપાર. વંદો. ૪

સમવસરણમાં પ્રભુજી સામે, ઇરિયાવહી પડિક્કમીય પ્રમાણે,
ચાર કર્મની ગતિ વિષામે,કેવલ જ્ઞાન તિહાં મુનિ પામે,
દેવ દેવી સહુ ઉત્સવ કરતા, વરતે જયજયકાર. વંદો. ૫

ક્ષણમાં સઘલા કર્મ ખપાવ્યા, એવા અઇમુત્તા મુનિરાયા
ભવ્યજીવોને બોધ પમાડી, અંતે મુક્તિપુરી સીધાયા
જ્ઞાન વિમલ કહે મુનિને વંદે, થાયે બેડો પાર. વંદો. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૭૩ શ્રી અઈમુત્તા મુનિની સજ્ઝાય

(રાગ - સમરો મંત્ર ભલો નવકાર)

વીર જિણંદ વાંદીને ગૌતમ, ગોચરિયે સંચરિયા,
પોલાસપુર નગરીમાં મુનિવર, ઘર ઘર આંગણ ફરિયા,
આઘા આમ પધારો પૂજ્ય, મુજ ઘર વહોરણ વેળા. આઘા...૧

ઇણ અવસરે અઇમુત્તો રમતાં, મન ગમતાં મુનિ દીઠા,
કંચન વરણી કાયા નિરખી, મનમાં લાગ્યા મીઠા. આઘા...૨
બોલે કુમાર અમીરસ વાણી, એક કહો અભિરામ,
ખરે બપોરે પાય અડવાણે ભમવો તે કિણ કામ. આઘા...૩

સાંભલ રાજકુમાર સૌભાગી, શુદ્ધ ગવેષણા કીજે,
નિર્દુષણને નિરતિયારે, ઘરઘર ભિક્ષા લીજે. આઘા...૪

આવો આજ અમારે મંદિરે, કહેશો તે વિધ કરશું,
જે જોઈએ તે જુગતે કરીને, ભાવશુ ભિક્ષા દેશું. આઘા...૫

એમ કહી ઘેર તેડી ચાલ્યો, આવ્યો મન આણંદે,
અઇમુત્તાશું ગૌતમ દેખી, શ્રી દેવી પય વંદે. આઘા...૬

આજ અમારે રત્નચિંતામણિ, મેહ અમીરસ વૂઠ્યા,
આજ અમ આંગણ સુરતરુ ફળિયા, અમ પર ગૌતમ તૂઠ્યા. આઘા...૭

રે બાલુડા બહુ બુધ્ધિવંતા, ગણધર ગૌતમ આવ્યા,
થાળ ભરીને મોદક મીઠા, ભાવ સહિત વહોરાવ્યા. આઘા...૮

પય પ્રણમી અઇમુત્તો પૂછે કિંહા વસો કિરપાળ,
વીર સમીપે વસીએ સુણીને, સાથે ચાલ્યો સુકુમાળ. આઘા...૯

કુમાર કહે એક ભાજન આપો, ભાર ઘણો તુમ પાસે,
ગૌતમ કહે અમે એહને દેઇએ, ચારિત્ર લે પ્રભુ પાસે. આઘા...૧૦

ચારિત્ર લેઇશ હું પ્રભુ પાસે, ઝોલી દિયો મુજ હાથે,
ગૌતમ પૂછે અનુમતિ કેહની માયે મોકલ્યા અમ સાથે. આઘા...૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીર વાંદી જિનવાણી સુણીને, આવ્યા ઘર ઉલ્લાસે,
અનુમતિ આપો માતા મુજને દીક્ષા લેઉ પ્રભુ પાસે. આધા...૧૨

શ્રી દેવી કહે સુણ નાનડિયા, સંયમની શી વાતો ?
શું જાણે તું બાળપણામાં, આગમના અવદાતો. ? આધા...૧૩

વિનય કરીને માત પિતાને, કહે કુમાર કુળભાનુ,
જે જાણું તે હું નવિ જાણુ, નવિ જાણુ તે જાણુ. આધા...૧૪

એકદિવસનું રાજ્ય કરીને, માય મનોરથ પૂરે,
સંયમ લીધો વીર જિન પાસે દુર્ગતિ કરવા દૂરે. આધા...૧૫

સ્થવિર સાથે સ્થંડીલે પહોત્યાં, નીર વહંતો દીઠો
પાળ બાંધીને પડઘો મ્હેલ્યો, કૌતુક લાગ્યો મીઠો. આધા...૧૬

ન્હાનું સરોવર ન્હાનું ભાજન, નાવ કર્યું અઇમુત્તો,
રઢિયાળી રમત દેખીને બાળક્રીડા કરી રમતે. આધા...૧૭

મધુર વચને મુનિવર બોલ્યા, નાવ તરતી જોઈ,
રમતા દેખી ઋષિવર બોલે, હિંસા જીવની હોઈ. આધા...૧૮

બોલાવી કહે મુનિ બાળકને, એ આપણ નવિ કીજે,
છકાય જીવ વિરાધના કરતાં, દુર્ગતિના ફળ લીજે. આધા...૧૯

લાજ ઘણી મનમાંહે ઉપની સમવસરણ બિચ આયા,
ઇરિયાવહીને તિહાં પડિક્કમતા, ધ્યાન શુક્લ મન ધ્યાયા. આધા...૨૦

સ્થવિર જઇ ભગવંતને પૂછે, ભવ કેટલા હવે કરશે ?
ચરમ શરીરી છે અઇમુત્તો, ઇણ ભવ મુગતિ વરશે. આધા...૨૧

પંચ આચાર શુદ્ધ મન પાળી, અંગ અગીઆર મુખ કીધા,
ગુણરત્ન સંવચ્છર તપકીધો, અંતગડ કેવળી સિધ્યા. આધા...૨૨

અંતગડ ભગવતી સૂત્ર મધ્યે, એહ કહ્યો અધિકાર,
રત્નસાગર કહે એહ મુનિ વંદુ, અઇમુત્તો અણગાર. આધા...૨૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૈરાગ્ય પોષક સજ્ઝાયો

૭૪ કાયામેવાસની સજ્ઝાય

(રાગ-આતમ ધ્યાનથી રે)

યા મેવાસ મેં બે, મરદો મગનભયા મેવાસી.
કાયારૂપ મેવાસ બન્યો હૈ, માયા જયું મેવાસી;
સાહેબકી શીર આણ ન માને, આખર ક્યા લે જાસી? યા૦ ૧

ખાઈ અતિ દુર્ગંધ ખજાના, કોટમે બહુંતેર કોઠા;
વિણસી જાતાં વાર ન લાગે, જેસા જલ પરપોટા યા૦ ૨

નવ દરવાજા વહે નિરંતર, દુઃખદાયી દુર્ગંધા;
ક્યા ઉસમેં તલ્લીન ભયા હે, રે રે આતમ અંધા. યા૦ ૩

છિનમેં છોટા છિનમેં મ્હોટાં, છિનમેં છેહ દિયાસી
જબ જમડેકી નજર લગેગી, તબ છિનમેં ઉડ જાસી યા૦ ૪

મુલક મુલકકી મલી લોકાઈ, બહોત કરે ફરીયાદી;
પણ મુજરો માને નહિ પાપી, અતિ છાક્યો ઉન્માદી. યા૦ ૫

સારા મુલક મેલ્યા સંતાપી, કામ કિરાડી ખોટો;
લોભ તલાટી લોચા વાળે, તો કિંમ નાવે તોટો યા૦ ૬

ઉદયરતન કહે આતમ મેરા, મેવાસીપણું મેલો;
ભગવંતને ભેટો ભલી ભાતે, મુક્તિપુરીમાં ખેલો. યા૦ ૭

૭૫ વૈરાગ્યની સજ્ઝાય

(રાગ-સમદમ ગુણના આગરૂજી)

સુરતરૂની પરે દોહિલો રે, લાધ્યો નર અવતાર;
લહી એળે મત હારજો રે, કાંઈ કરજો મનમાંહી વિચાર કે;
પ્રાણી ! મત રાચો રમણીને સંગ, માચો રે જિનવાણી કે પ્રાણી ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે કારણ તુમે સદ્દહો રે, જે ભાખ્યો જગનાથ;
પાંચે આશ્રવ પરિહરો રે, કાંઈ દુલ્લહો માનવભવ સાથ કે પ્રાણી ૨

જીવવાને વાંછે સહુ રે, મરણ ન વાંછે કોય;
આપણની પેરે પાળવા રે, ત્રસ થાવર હણવા નવિ કોય કે પ્રાણી ૩

અપજશ કીરતિ ઇણ ભવે રે, પરભવ દુઃખ અનેક;
કૂડ કરતાં પામીયે રે, જેણે નાણ્યો મનમાંહી વિવેક કે પ્રાણી ૪

માતપિતા બાંધવ સહુ રે, પુત્ર કલત્ર પરિવાર;
સ્વારથ લગે એ સહુ સગું રે, કોઈ પરભવ નહિ રાખણહાર કે પ્રાણી ૫

પુત્ર-કલત્ર-ઘર-હાટની રે, મમ કરો મમતા ફોક;
જે પરિગ્રહમાંહી હતા રે, તે છાંડી ગયા બહુલા લોક કે પ્રાણી ૬

અલ્પ દિવસનો પાહુણો રે, સહુ કોઈ ઇણે સંસાર;
એક દિન ઊઠી જાયવો રે, કુણ જાણે કેહવો અવતાર કે પ્રાણી ૭

અંજલિગત જલની પરે રે, ખિણ ખિણ ખૂટે આય;
જાવે તે નવિ બાહુડે રે, જરાસું ધુરે યૌવનને ઘાય. કે પ્રાણી ૮

આરંભ છંડી આતમા રે, પીઓ સંજમ રસ ભરપૂર;
સિદ્ધિ વધૂને કારણે રે, ઇમ બોલે **શ્રી વિજયદેવ સુર,** કે પ્રાણી ૯

૭૬ વૈરાગ્યની સજઝાય

મુસાફર જીવડા ! કાયાનો મહેલ નથી તારો;
માને શું મોહે મારો મારો રે... મુસા૦
લાખ ચોરાશીમાં દેહ ધર્યા બહું, જન્મ જરા દુઃખ પામી;
માનવભવ એળે ચૂક ન જીવડા, ભજી લેને અંતરયામી. ૧

કાયા મહેલનો કાંઈ ન ભરોસો, જળમાં ઉઠેલ પરપોટો;
અમૂલ્ય શ્વાસોશ્વાસ વહે છે મૂરખ, વાળ નહીં ગોટો રે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કળા કરો કાયા માટે કરોડ પણ, તારી ન થાય કોઈ કાળે;
ચેતો ચેતનજી સમજી સ્વરૂપ નીજ, પડ નહી મોહ જંજાળે રે. ૩

આ રે જગતમાં જન્મીને જીવડા શું, ધર્મ સાધન તે તો સાધ્યું;?
ક્ષણ ક્ષણમાં ભૂલ્યો ભાન પોતાનું, મનડું તો મોહ માંહી વાધ્યું રે. ૪

વિષય વાસનાના અવળા જે ઘાટો, ઓળંગી ચાલજે રે વાટે;
ચિદાનંદ ઘન ખેલ નથી બાળકનો, શિવશુખ છે શિર સાટે રે. ૫

૭૭ વૈરાગ્યની સજઝાય

રે... નર ! જગ સપને કી માયા.....
સપનેમેં રાજ પાય કોક રંક જ્યું, કરત કાજ મન ભાયા;
ઉઘડત નયન હાથ લગ ખપ્પર, મન હું મન પસ્તાયા રે નર૦ ૧

ચપલા ચમકારા જીમ ચંચલ, નરભવ સૂત્ર બતાયા,
અંજલી જલ સમ જગપતિ, જિનવર આયુ અથિર દરસાયા. રે નર ૦ ૨

યૌવન સંધ્યા રાગ રૂપ ફૂની, મલ મલીન અતિકાયા,
વિણસત જાસ વિલંબ ન રંચક, જિમ તરૂવરકી છાયા. રે નર૦ ૩

સરિતવેગ સમાન જ્યું સંપત્તિ, સ્વારથ સૂત મિત્ત જાયા,
આમિષ લુબ્ધ મીન જિમ તીમ સંગ, મોહ જાલ બંધાયા. રે નર૦ ૪

એ સંસાર અસાર સાર પણ, યાંમેં ઇતના પાયા,
ચિદાનંદ પ્રભુ સુમરન સેંતિ, ધરિયે નેહ સવાયા. રે નર૦ ૫

૭૮ વૈરાગ્યની સજઝાય

શી કહું કથની મારી વીર, શી કહું કથની મારી,
જન્મ પહેલા મેં આપની પાસે, કીધો કોલ કરારી,
અનંત જન્મના કર્મ મીટાવવા, મનુષ્ય જન્મ દિલધારી હો.વીર ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસાર વાયરાની લહેર થકી હું, વિસર્યો આજ્ઞા તુમારી;
બાલપણામાં રહ્યો અજ્ઞાની, મનુષ્યજન્મ ગયો હારી હો.વીર૦ ૨

જોબનવયમાં વિષયવિકારી, રાચી રહ્યો દિલ ધારી;
ધર્મ ન પામ્યો ધર્મ ન સાધ્યો, ધર્મને મેલ્યો વિસારી હો.વીર ૦ ૩

જોતજોતામાં ઘડપણ આવ્યું, શક્તિ ગઈ સહુ મારી;
ધનદોલતની આશાએ વળગ્યો, ગયો મનુષ્ય ભવ હારી હો.વીર ૦ ૪

ભરતેભૂમિમાં પંચમ કાળે, નહીં કોઈ કેવળ ધારી ;
સંદેહ સઘળા કોણ નિવારે,? મતિ મુંઝાય છે મારી હો.વીર૦ ૫

ઉદયરત્ન કરજોડી કહે છે, કરો હો મહેર મોઝારી;
ભક્તવત્સલ બહુ સહાય કરીને, લેજો મુજને ઉગારી હો.વીર ૦ ૬

૭૯ વૈરાગ્યની સજઝાય

તે તરીયા ભાઈ તે તરીયા, જે નારી સંગથી ડરીયા રે;
તે ભવસમુદ્રને પાર ઉતરીયા, જઇ શિવ-રમણી વરીયા રે. ૧

સ્થૂલભદ્રને ધન્ય જે જઇને, વેશ્યાને ઘર રહીયા રે;
સરસ ભોજન ને વેશ્યા રાગિણી, પણ શીલે નવિ ચલીયા રે. ૨

સીતા દેખી રાવણ ચલીયા,પણ સીંતા નવિ ફરીયા રે;
રહનેમિ રાજુલને મલીયા, પણ રાજુલ નવિ પડીયા રે. ૩

રાજુલે તેહને ઉદ્ધરીયા, તે પણ શિવઘર મલીયા રે;
રાણીએ કોડ ઉપાય તે કરીયા, સુદર્શન નવિ ચલીયા રે. ૪

ક્ષપકશ્રેણીમાંહે તે ચઢીયા, કેવલ જ્ઞાન વરીયા રે;
ઉત્તમ પદ પદ્મને અનુસરીયા, તેના ભવ ફેરા ટળીયા રે. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૮૦ વૈરાગ્યની સજઝાય

હતું બાળકપણું પછી નિશાળે ભણવું;
પંડિતપણું મેલી, મુરખપણું લેવું,
આ સંસાર સુકુડો રે સુજ્ઞાની સુધર્મી..... ૧

આવ્યો શાળો ને શાળી, વચ્ચે મેલો ને થાળી;
ભાઈએ બેન જ ટાળી, જો જો હૃદય વિચારી. આ૦ ૨

દીકરે દગો જ દીધો, વહુએ દાવો જ કીધો;
ઓરડો જુદો લીધો, પીયુ પોતાનો કીધો. આ૦ ૩

પિતા વિચારી જોજો, ભાગ વેંચીને દેજો;
ન્યાય ચૂકવીને આલો, નઇતર કોરટે ચાલો. આ૦ ૪

ડોસી ખાટે બેસી ખાય, ડોસો કાંઈ ન કમાય;
ભૂંડો મરીય ન જાય, ઘરમા મોકળું ન થવાય આ૦ ૫

એવી **હીરવિજયની** વાણી, સમજો સહું ભવિ પ્રાણી;
ધર્મ કરશે તે તરશે, નહિતર સંસારે રઝળશે. આ૦ ૬

૮૧ વૈરાગ્યની સજઝાય

અમે તો આજ તમારા રે બે દિનના મહેમાન;
સફલ કરો સહજ સમાગમ, સુખનું એહી જ નિદાન. અમે૦ ૧

આવ્યા જેમ જાશું તે રીતે, સર્વે એમ સમાન;
પાછા કોઈ દિન નહિ મળીયે, ક્યાં કરશો સન્માન? અમે૦ ૨

સાચવજો સંબંધ પરસ્પર, ધર્મે રાખી ધ્યાન;
સંપી સદ્‌ગુણ લેજો દેજો, દૂર કરી અભિમાન. અમે૦ ૩

લેશ નથી અમને અંતરમાં, માન અને અપમાન;
હોય કશી કડવાશ અમારી, તો પ્રિય કરજો પાન. અમે૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શીવસુખની ઇચ્છા હોય તો, સંવરમાં કરજો પ્રયાણ;
પરંપરાએ કર્મ રહિત થઈ, પામો પદ નિરવાણ. અમે૦ ૫

સંસાર તજી તમે સંયમે મ્હાલો, ભાંગી જગ જંજાલ;
જિન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે, રૂપ ભજે સમભાવ. અમે૦ ૬

૮૨ વૈરાગ્યની સજઝાય

તન ધન જોબન કારમુંજી રે, કોના માત ને તાત;
કોના મંદિર માળિયાંજી રે, જૈસી સ્વપ્નની વાત.
સૌભાગી શ્રાવક ! સાંભળો ધર્મ સજઝાય.....૧

ફોગટ ફાંફાં મારવાજી, અંતે સગું નહિ કોઈ;
ઘેબર જમાઈ ખાઈ ગયોજી, કુટાઈ ગયો કંદોઈ. સૌ૦ ૨

પાપ અઢાર સેવીનેજી, લાવે પૈસો એક;
પાપના ભાગી કો નહીંજી, ખાવાવાળા છે અનેક સૌ૦ ૩

જીવતા જસ લીધો નહીંજી, મુવા પછી શી વાત;
ચાર ઘડીનું ચાંદણુંજી, પછી અંધારી રાત સૌ૦ ૪

ધન્ય તે મોટા શ્રાવકોજી, આણંદ ને કામદેવ;
ઘરનો બોજો છોડીને જી, વીર પ્રભુની કરે સેવ સૌ૦ ૫

બાપ દાદા ચાલ્યા ગયાજી, પૂરા થયા નહિ કામ;
કરવી દૈવની વેઠડીજી, શેખચિલ્લીના પરિણામ. સૌ૦ ૬

જો સમજો તો શાનમાંજી, સદ્‌ગુરુ આપે છે જ્ઞાન;
જો સુખ ચાહો મોક્ષનાજી, ધર્મરત્ન કરો ધ્યાન. સૌ૦ ૭

૮૩ વૈરાગ્યની સજઝાય

મારું મારું મ કર જીવ તું, જગમાં તાહરૂં નહિ કોય રે;
આપ સ્વારથે સહુ મિલ્યાં, હૃદય વિચારીને જોય રે. મા૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિન દિન આયુ ઘટે તાહરૂં, જિમ જલ અંજલિ હોય રે;
ધર્મની વેળા નાવે ઢુંકડો, કવણ ગતિ તાહરી હોય રે. મા૦ ૨

રમણી સંગે રાચ્યો રમે, કેમ દીયે બાઉલે બાથ રે;
તન ધન જોબન સ્થિર નહીં, પરભવ નાવે તુજ સાથ રે. મા૦ ૩

એક ઘરે ધવલ મંગલ હુવે, એક ઘરે રુવે બહુ નાર રે;
એક રામા રમે કંતશું, એક છંડે સકલ શણગાર રે. મા૦ ૪

એક ઘરે સહુ મલી બેસતાં, નિત નિત કરતા વિલાસ રે;
તે રે સાજનીયાં ઉઠી ગયાં, સ્થિર ન રહ્યો એક વાસ રે. મા૦ ૫

એહવું સ્વરૂપ સંસારનું, ચેત ચેત જીવ ગમાર રે;
દશ દૃષ્ટાંતે દોહીલો, પામવો મનુષ્ય અવતાર રે. મા૦ ૬

હર્ષવિજય કહે એહવું, જે ભજે જિનપદ રંગ રે;
તે નરનારી વેગે વરે, મુક્તિવધુ કેરો સંગ રે. મા૦ ૭

૮૪ વૈરાગ્યની સજ્ઝાય

(રાગ - સાંભળજો મુનિ સંજમ રાગે) (ઉપશમ આણો)

તે ગિરુઆ ભાઈ તે ગિરુઆ, જે બોલ ન બોલે વિરુઆ રે;
તસ ઘરે આવે સોવન ચરૂઆ, ફલવંતા સુરતરુઆ રે તે૦ ૧

છતી શક્તે જે દીયે ધન દાતા, પરરમણી નવિ રાતા રે;
અહર્નિશ તે પામે સુખશાતા, ધન ધન તેહની માતા રે. તે૦ ૨

જે મન શુદ્ધે કરશે કિરિયા, તે તરશે ભવ દરિયા રે;
શીયલ ગુણે કરી જે નર ભરીયા, પાપ થકી ઓસરીયા રે. તે૦ ૩

જે નર જિનવરને આરાધે, મુનિજનને ન વિરાધે રે;
અહર્નિશ નિજ આતમ હિત સાધે, તેહ તણા ગુણ વાધે રે. તે૦ ૪

જે મન મદ મત્સર નવિ આણે, જે પરવેદન જાણે રે;
તે પહોંચે ઉત્તમ ગુણઠાણે, કવિજન તાસ વખાણે રે. તે૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે નર ખીજાવ્યા નવિ ખીજે, ઉપશમ રસમાં ભીંજે રે;
લબ્ધિ કહે તસ સેવા કીજે, તેહના પાય પ્રણમીજે રે. તે૦ ૬

૮૫ વૈરાગ્યની સજઝાય

(રાગ - વિમલાચલ નિતુ વંદીયે)

આપ અજવાળજો આતમા, એનો મહાતમ જાણી;
ખાણી પુન્ય રયણ તણી, એહવી જિનવર વાણી. આપ૦ ૧

સ્ફટિક રયણ જિમ રંગથી, ધરે નવ નવ રૂપ;
તિમ એ અષ્ટ કરમથકી, થાયે વિવિહ સ્વરૂપ આપ૦ ૨

આદિ ઉત્પત્તિ નહિ એહની, નહિ કોઈનો એહ;
દેહ એ કારમો કરમથી, ધરે થઈ નિસ્નેહ આપ૦ ૩

નિરમલ આતમ આપણો, રમે રંગ નિઃશંક;
નાણરયણ તણો સાયરૂં, પ્રભુએ નિષ્કલંક. આપ૦ ૪

દેહથી દુઃખ પરંપરા, પામે એ ભગવંત;
લોહ કુસંગતે તાડીયે, જેમ અગ્નિ અત્યંત. આપ૦ ૫

કારમો દેહ પામી કરી, કરો પર ઉપકાર;
સાર અસારમાં એ અછે, કહે **લબ્ધિ** વિચાર. આપ૦ ૬

૮૬ વૈરાગ્યની સજઝાય

પુણ્યસંયોગે પામીયોજી રે, નરભવ આરજ ક્ષેત્ર
શ્રાવકકુળ ચિંતામણિ જી રે, ચેતી શકે તો ચેત રે.
જીવડા ! આ સંસાર અસાર,.....
સાર માત્ર જિનધર્મ છે જીરે, આપણું ઘર સંભાળ રે. જીવડા૦ ૧

માતપિતા સુત બાંધવા જીરે, દાસ દાસી પરિવાર;
સ્વાર્થ સાધે સહુ આપણો જીરે, સહુ મતલબના યાર રે. જીવડા૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સરોવર જળનો દેડકો જીરે, તાકે આપણો ભક્ષ;
સાપ તાકે છે દેડકો જીરે, સહુને આપણો લક્ષ રે. જીવડા૦ ૩

મયૂર તાકે છે સાપને જીરે, આહેડી તાકે છે મોર;
મચ્છ ગળાગળ ન્યાય છે જીરે, નિર્ભય નહિ કોઈ ઠોર રે. જીવડા૦ ૪

કર્મે નાટક માંડીયો જીરે, જીવડો નાચણહાર;
નવા નવા લેબાશમાં જીરે, ખેલે વિવિધ પ્રકાર રે. જીવડા૦ ૫

ચોરાશી ચોગાનમાં જીરે, રૂપ રંગના રે ઠાઠ;
તમાશા ત્રણ લોકમાં જીરે, બાજીગરના પાઠ રે. જીવડા૦ ૬

બહોત ગઈ થોડી રહી જીરે, પરભવ ભાતું રે બાંધ;
સમતાસુખની વેલડી જીરે, ધર્મરત્ન પદ સાધ રે. જીવડા૦ ૭

૮૭ વૈરાગ્યની સજઝાય

(રાગ - નિરખ્યોનેમિ જિણંદને)

આ સંસાર અસાર છે ચિત્ત ચેતો રે, જૂઠો સકલ સંસાર ચતુર ચિત્ત ચેતો રે. ૧
સંધ્યા રંગ સમાન છે ચિત્તા૦ ખાલી આ ઇન્દ્રજાળ. ચતુર૦ ૨
એકલો આવ્યો જીવડો ચિત્તા૦ જાશે એકલો આપ. ચતુર૦ ૩
સઘળું અહીં મૂકી જશે ચિત્તા૦ સાથે પુણ્ય ને પાપ. ચતુર૦ ૪
કરણી પાર ઉતારશે ચિત્તા૦ કોણ બેટો કોણ બાપ. ચતુર૦ ૫
રાજ નહિ પોપાબાઇનું ચિત્તા૦ જમડો લેશે જવાબ. ચતુર૦ ૬
સુખમાં સજ્જન સહુ મળ્યા ચિત્તા૦ દુઃખમાં દૂર પલાય. ચતુર૦ ૭
અવસર સાધો આપણો ચિત્તા૦ છંડો દૂર બલાય. ચતુર૦ ૮
ફરી અવસર મળતો નથી ચિત્તા૦ હીરો સાંપડ્યો હાથ. ચતુર૦ ૯
રંકને રત્નચિંતામણિ ચિત્તા૦ રણમાં સજ્જન સાથ. ચતુર૦ ૧૦
સમતાના ફલ મીઠડાં ચિત્તા૦ સંતોષ શિવતરૂ મૂળ ચતુર૦ ૧૧
બે ઘડી સાધો આપણી ચિત્તા૦ ધર્મરત્ન અનુકૂળ ચતુર૦ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૮૮ વૈરાગ્યની સજ્ઝાય

(રાગ - સાંભળજો તમે અદ્‌ભૂત વાતો મુનિશ્રી વયરકુવરની)

સાર નહિ રે સંસારમાં, કરો મનમાં વિચારજી;
નેત્ર ઉઘાડીને જોઈએ, કરીએ દૃષ્ટિ પસારજી. સાર૦ ૧

જાગ જાગ ભવિ પ્રાણીઆ, આયુ ઝટપટ જાય જી;
ગયો વખત નહિ આવશે, કારજ કાંઇ ન થાય જી. સાર૦ ૨

દશ દૃષ્ટાંતે રે દોહિલો, પામી નર અવતાર જી;
દેવ ગુરુનો જોગ પામીને, કરીએ ધર્મશું રાગ જી. સાર૦ ૩

મારું મારું કરી જીવ તું, ફરીઓ સઘળે ઠાણ જી;
આશા કોઈ ફળી નહીં, પામ્યો સંકટ ખાણ જી. સાર૦ ૪

માત-પિતા સુત બાંધવા, ચડતી સમે આવે પાસજી;
પડતી સમે કોઈ નવિ રહે, દેખો સ્વારથી સંસાર જી. સાર૦ ૫

રાવણ સરિખો રે રાજવી, લંકાપતિ જે કહાય જી;
ત્રણ જગતમાંહિ ગાજતો, ધરતો મન અભિમાન જી સાર૦ ૬

અંત સમય ગયો એકલો, નહિ ગયું કોઈ તેની સાથ જી;
એહવું જાણીને ધર્મ કીજીએ, હોશે ભવજલ પાર જી. સાર૦ ૭

મોહ નિદ્રાથી જાગીને, કરો ધર્મશું પ્રેમ જી;
એવી સૌભાગ્યની વાણીને, ધારો મનશું પ્રેમ જી. સાર૦ ૮

૮૯ વૈરાગ્યની સજ્ઝાય

(રાગ - આવ્યો ત્યારે મુઠી વાળી)

જોને તું પાટણ જેવા, સારા હતા શહેર કેવા; આજ તો ઉજ્જડ જેવા રે,
આ જીવ જોને, જાય છે જગત ચાલ્યું રે..... આ૦૧
વળી સિદ્ધપુર વાળો, મોટો જોને રૂદ્ર મહાલો, કિહાં ગયો તે રૂપાળો રે આ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂડા રૂડા રાણી જાયા, મેળવી અથાગ માયા, કાલે તેની પડી કાયા રે. આ૦ ૩
છત્ર જેને છાયા થતી, રૂડી જેની રીતી હતી કિહા ગયો ક્રોડપતિ રે. આ૦ ૪
કોઈ તો કે'વાતા કેવા, આભના આધાર જેવા, ઉઠી ગયા હેવા હેવા રે. આ૦ ૫
જોબનીયાને જાતું જોઈ, રોકી શક્યાં નહિ કોઈ, સગા સર્વે રહ્યા રોઈ રે. આ૦ ૬
હુકમે હાજર થાતા, ખમાખમા મુખે કહેતા, વિશ્વમાંથી થયા વહેતા રે આ૦ ૭
મુઆ જન જેની સાથે,હેતથી પોતાને હાથે, મરણ ન મૂકે માથે રે આ૦ ૮
જસ લીધો શત્રુ જીતી, નવીન ચલાવી રીતિ, વેળા તેની ગઈ વીતી રે. આ૦ ૯
જગમાંહી ખૂબ જામ્યો, પૈર વારી વિસરામ્યો, પણ તે મરણ પામ્યો રે. આ૦ ૧૦
નેક નામદાર નામે, જઇ વસ્યા સ્મશાન ઠામે, **રત્નવિજય** કહે નવિ કામે રે. ૧૧

૯૦ વૈરાગ્યની સજઝાય

ઊંચા તે મંદિર માળીયા, સોડ વાળીને સૂતો;
કાઢો કાઢો રે એને સહુ કહે, જાણે જન્મ્યો જ નહોતો,
એક રે દિવસ એવો આવશે,..... ૧

અબુધપણામાં હું રહ્યો મન સબળો જી સાલે.
મંત્રી મળ્યા સવિ કારમાં, તેનું કાંઈ નવ ચાલે એક૦ ૨

સાવ સોનાનાં રે સાંકળા, પહેરણ નવનવા વાઘા;
ધોળું વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા.એક૦ ૩

ચરૂ કટાઈઆ અતિ ઘણા, બીજાનું નહિ લેખું;
ખોખરી હાંડી એના કર્મની, તે તો આગળ દેખું. એક૦ ૪

કેના છોરૂં ને કેના વાછરૂં, કેના માય ને બાપ;
અંતકાળે જાવું જીવને એકલું, સાથે પુણ્ય ને પાપ. એક૦ ૫

સગી રે નારી એની કામિની, ઊભી ટગમગ જુવે;
તેનું પણ કાંઈ ચાલે નહીં, બેઠી ઘુસકે રૂવે.એક૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્હાલા તે વ્હાલા શું કરો, વ્હાલાં વોળાવી વળશે;
વ્હાલા તે વનના લાકડાં, તે તો સાથે જ બળશે. એક૦ ૭

નહીં ત્રાપો નહીં તુંબડી, નથી તરવાનો આરો;
ઉદયરત્ન મુનિ ઇમ ભણે, મને પાર ઉતારો. એક૦ ૮

૯૧ વૈરાગ્યની સજ્ઝાય

જાઉં બલિહારી વૈરાગ્યની રે, જેના મનમાં એ ગુણ આયો રે,
મોક્ષના મોતી એ જીવ નરભવ, સફલ તેણે પાયો રે. જાઉ૦ ૧

જેમ ભિખારીને ભાંગ્યો ઠીકરો, તેને તજ્યો દોહિલો હોય રે,
ષટખંડ તજવા સોહિલા રે, જો વૈરાગ્ય મનમાં હોય રે. જાઉ૦ ૨

સંસારમાં નથી કોઈ કોઇનું રે, સૌ સ્વારથીયા સગા વહાલા રે,
કર્મ ધર્મ સંયોગે સહુ સાંપડ્યાં રે, અંતે જાશે સહુ ઠાલા રે. જાઉ૦ ૩

મારૂં મારૂં મ કરો પ્રાણીયા રે, તારૂં નથી કોઈ એણી વેળા રે,
ખાલી પાપના પોટલા બાંધવા રે, નરકમાં થાશે ઠેલમઠેલા રે. જાઉ૦ ૪

ગરજ સરે જો એહથી તો, સંસાર મુનિ કેમ છોડે રે,?
પણ જુઠી બાજી છે સંસારની રે, ઇન્દ્રજાળની બાજી તોલે રે. જાઉ૦ ૫

નગારા વાગે માથે મોતના રે, કેમ નિશ્ચિંત થઇને સૂતો રે,
મધુબિંદુ સુખની લાલચે રે, ખાલી કિચડમાં કેમ ખૂંતો રે. જાઉ૦ ૬

લાખ ચોરાસી જીવાયોનિમાં, નથી છૂટવાનો કોઈ આરો રે,
એક જ મલ્લ વૈરાગ્ય છે રે, તમે ધર્મરત્ન સંભારો રે. જાઉ૦ ૭

૯૨ વૈરાગ્યની સજ્ઝાય

માનમાં માનમાં માનમાં રે, જીવ મારું કરીને માનમાં,
અંતકાળે તો સર્વ મૂકીને, ઠરવું છે જઇ સ્મશાનમાં રે જીવ૦ ૧
વૈભવ વિલાસી પાપ કરો છો, મરી તિર્યંચ થાશો રાનમાં રે. જીવ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાગના રંગમાં ભૂલા ભમો છો, પડશો ચોરાશીની ખાણમાં રે જીવ૦ ૩
જગતમાં તારું કોઈ નથી રે, મન રાખને ભગવાનમાં રે જીવ૦ ૪
વૃદ્ધાવસ્થા આવશે ત્યારે, ધાકો પડશે તારા કાનમાં રે. જીવ૦ ૫
કોક દિન જાનમાં તો કોક દિન કાણમાં, મિથ્યા ફરે અભિમાનમાં રે જીવ૦ ૬
કોક દિન સુખમાં તો કોક દિન દુઃખમાં, સઘળા તે દિન સરખા જાણમાં રે જીવ૦ ૭
સુત્ત વિત્ત દારા પુત્રી ને ભૃત્યો, અંતે તે તારા જાણ માં રે જીવ૦ ૮
આયુ અસ્થિરને ધન ચપળ છે, ફોગટ મોહ્યો તેના તાનમાં રે. જીવ૦ ૯
છેલ બટુક થઈ શાને ફરો છો, અધિક ગુમાન માન તાનમાં રે જીવ૦ ૧૦
મુનિ કેવળ કહે સુણો સજ્જન સહુ, ચિત્ત રાખો ને પ્રભુ ધ્યાનમાં રે જીવ૦ ૧૧

૯૩ વૈરાગ્યની સજ્ઝાય

(રાગ- છઠ્ઠો આરો એવો આવશે)

મરણ ન છૂટે રે પ્રાણીયા, કરતાં કોટી ઉપાય રે;
સુર નર અસુર વિદ્યાધરા, સહુ એક મારગ જાય રે. મરણ૦ ૧

ઇન્દ્ર ચંદ્ર રવિ હરિ વળી, ગણપતિ કામ કુમાર રે;
સુરગુરુ સુરવૈદ્ય સારીખા, પહોંચ્યા જમ દરબાર રે મરણ૦ ૨

મંત્ર જંત્ર મણિ ઔષધિ, વિદ્યા હુન્નર[૧] હજાર રે;
ચતુરાઈ કેરા રે ચોકમાં, જમડો લૂંટે બજાર રે. મરણ૦ ૩

ગર્વ કરી નર ગાજતાં, કરતાં વિવિધ તોફાન રે;
માથે મેરૂ ઉપાડતાં, પહોંચ્યા તે શ્મશાન રે. મરણ૦ ૪

કપડાં ઘરેણાં ઉતારશે, બાંધશે ઠાઠડી માંય રે;
ખોખલી હાંડલી આગળે, રોતા રોતા સહુ જાય રે. મરણ૦ ૫

કાયા માયા સહુ કારમી, કારમો સહુ ઘરબાર રે;
રંક ને રાય છે કારમો, કારમો સકળ સંસાર રે. મરણ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાંધી મુઠી લઈ અવતર્યો, મરતાં ખાલી છે હાથ રે;
જીવડા જોને તું જગતમાં, કોઈ ન આવે છે સાથ રે. મરણ૦ ૭

નાના મોટા સહુ સંચર્યા, કોઈ નહિ સ્થિર વાસ રે;
નામ રૂપ સહુ નાશ છે, ધર્મરત્ન અવિનાશ રે. મરણ૦ ૮

૧. કળા

૯૪ વૈરાગ્યની સજ્ઝાય

કેના રે સગપણ કેની રે માયા, જીવ રહ્યો છે લોભાઈ રે;
અથિર સંસારમાં કોઈ નથી તારૂં, સાચી ધર્મ સગાઈ રે. કેના૦ ૧

શ્રેણિકરાયને પિંજરે પૂર્યો, કોણીકે રાજ્ય લોભાઈ રે;
પુત્રે પિતાને અતિ દુઃખ દીધું, ક્યાં ગઈ પુત્ર સગાઈ રે ? કેના૦ ૨

ભરત બાહુબલી રાજ્યને માટે, માંડી મોટી લડાઈ રે;
ચક્ર મૂક્યું નિજ ભાઈની ઉપરે, ક્યાં ગઈ ભ્રાતૃ સગાઈ રે ? કેના૦ ૩

મયણરેહા વશે મોહ્યો મણિરથ, માર્યો યુગબાહુ ભાઈ રે;
વિષય-કષાયમાં મસ્ત બનીને, ક્યાં ગઈ ભ્રાતૃ સગાઈ રે ? કેના૦ ૪

બ્રાહ્મણી નિજ પુત્રને વેચે, ધનને અર્થે લોભાઈ રે;
અમરકુમારને મારણ કાજે, ક્યાં ગઈ પુત્ર સગાઈ રે ? કેના૦ ૫

સૂરીકાન્તાએ પરદેશીને માર્યો, ગળે અંગુઠો દબાઈ રે;
રાયપસેણીમાં ભગવંતે ભાખ્યું, ક્યાં ગઈ પત્ની સગાઈ રે ? કેના૦ ૬

શેઠાણી નિજ શેઠને નાંખે, ઊંડા કૂવાની માંહી રે;
કર્મ તણી જો જો વિચિત્રતા, ક્યાં ગઈ પત્ની સગાઈ રે ?કેના૦ ૭

ચુલણી માતા નિજ પુત્રને બાળે, લાખનું ઘર બનાઈ રે;
વિષયમાં અતિ લંપટ થઇને, ક્યાં ગઈ માતૃસગાઈ રે ? કેના૦ ૮

કેની રે માતા ને કેના રે પિતા, કેના ભાઈ ભોજાઈ રે;
વિનયવિજય પંડિત એમ બોલે, સાચી ધર્મસગાઈ રે ? કેના૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯૫ વૈરાગ્યની સજઝાય

આવ્યો ત્યારે મુઠી વાળી, જાતી વેળા ખાલી રે;
જીવડા ! સમય સુધાર,.....
બહુ ફાલ્યો બહુ ફુલ્યો, અંતે દેશે બાળી રે. જી૦ ૧

ઉહાં ઉહાં તું તો કરતો, જનમતા તે વારે રે,
સઘળું તે રહી ગયું, પ્રભુને દરબારે રે. જી૦ ૨

આવ્યો ત્યારે સાકર વહેંચી , હરખ ન માય રે;
જાતી વેળા રોવા લાગ્યા, કરે હાય હાય રે. જી૦ ૩

આવ્યો ત્યારે પહેરવાના, ખાવાના અપાર રે;
જાતી વેળા તારૂં બધું, લૂંટી લેવાય રે. જી૦ ૪

આવ્યો ત્યારે પારણામાં, ઝુલાવે અપાર રે;
જાતી વેળા વાંસ લાવશે, સાડા ત્રણ હાથ રે. જી૦ ૫

જીવવું ટુંકું જગતમાં, આશા બહુ લંબાય રે;
રાત થોડી વેશ ઝાઝા, વખત વહી જાય રે. જી૦ ૬

ખાશે તે તો ઘરાશે ને, બીજા ભૂખ્યા જાશે રે;
માટે ભજી લેને પ્રભુ તું, થાય બેડો પાર રે. જી૦ ૭

મોહ માયા છોડી ભજ, નિરાગી પ્રભુ આજ રે;
ધર્મ કેરો સંગ કરી, છોડી દે તું કાજ રે. જી૦ ૮

મારૂં તારૂં છોડી દેને, કરી લે ભલાઈ રે;
ઉદયરત્ન કહે ભલા, સાધી લે તું કાજ રે જી૦ ૯

૯૬ વૈરાગ્યની સજઝાય

(રાગ - કરમતારી કળાન્યારી)

ભરોસે શું રહ્યાં ભૂલી, પલકમાં પ્રાણ જાવાના,
જુઓ છો અન્યના એવા, નક્કી નિજ હાલ થાવાના. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાળેલી મુઠીએ આવ્યા, નથી સાથે કશું લાવ્યા,
ઘરા ધન ધામને મેલી, સ્મશાને સૌ સમાવાના. ૨

સુખેથી શું હજી સૂતાં, ખરેખર ખાણમાં ખૂંતા,
સમય વીત્યા પછી પ્યારા, કુશળ કયાંથી કમાવાના. ૩

રહોને સર્વદા સંપી, જગત ઝંઝાળમાં જંપી,
મમત્વે મોહ થવાથી, વિના મોતે મરાવાના. ૪

તમારૂં શું તમે લેખો, કરી ઝીણી નજરે દેખો,
ઘરા ધન ધામને કામે, નથી નિશ્ચે ધરાવાના. ૫

ભમાઈ ભૂલ કીધાથી, વિષયની વાત લીધાથી,
પરાયા પાપને યોગે, ભવે ભાંઠે ભરાવાના. ૬

ખબર પડતી નથી એ તો, નથી ગુણ દોષની ગણત્રી,
ચડેલા કાળની કાંટે, ચડી ચૌંટે ચડાવાના. ૭

સદા સત્સંગને સાધી, શુભવિજય વાતને બાંધી,
કૃપા ગુરુદેવની થાતા, નથી દુઃખે દબાવાના. ૮

૯૭ વૈરાગ્યની સજઝાય

ખબર નહીં આ જગમેં પલકી,
સુકૃત કરનાં હોય સો કરલે, કોણ જાણે કલકી;
યા દોસ્તી હે જગત વાસકી, કાયા મંડલકી,
સાસ ઉસાસ સમર લે સાહિબ, આયુ ઘટે પલકી. ખબર૦ ૧

તારા મંડલ રવિ ચંદ્રમાં, સબ હે ચલને કી,
દિવસ ચારકા ચમત્કાર જ્યું, વીજલી આભલકી. ખબર૦ ૨

કુડ કપટ કર માયા જોડી, કરી બાંતાં છલકી,
પાપકી પોટલી બાંધી શીર પર, કૈસે હોય હલકી. ખબર ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યા જગ હે સુપનેકી માયા, જૈસે બુંદ જલકી,
વિણસંતા તો વાર ન લાગે, દુનિયા જાય ખલકી. ખબર૦ ૪

માત તાત પ્રિયા સુત બાંધવ, સબ જગ મતલબકી,
કાયા માયા નાર હવેલી, એ તેરી ઉબકી ખબર૦ ૫

મન માનવ તન ચંચલ હસ્તી, મસ્તી હે બલકી,
સદ્‌ગુરુ અંકુશ ધરો શીરપર, ચલો માર્ગ સતકી. ખબર૦ ૬

જબ લગ હંસા રહે દેહમેં, ખુશીયા મંગલકી,
હંસા છોડ ચલ્યા જબ દેહી, મિટીયા જંગલકી ખબર૦ ૭

પર ઉપકાર સમો નહી સુકૃત, ઘર સમતાં સુખકી,
પાપ વળી પર પ્રાણી પીડન, હર હિંસા દુઃખકી ખબર૦ ૮

કોઈ ગોરા કોઈ કાળા પીળા, નયણે નિરખનકી,
એ દેખી મત રાચો પ્રાણી, રચના પુદ્‌ગલકી. ખબર૦ ૯

અનુભવ જ્ઞાને આતમ બૂઝી, કર બાતા ઘરકી,
અમરપદ અરિહંતકુ ધ્યાતાં, પદવી અવિચલકી. ખબર૦ ૧૦

૯૮ વૈરાગ્યની સજ્ઝાય

(રાગ - તન ધન જોબન કારમુજી)

એ સંસાર અસાર છે રે જીવડા, બુઝે તે વિરલો કોય,
એ સંસાર તજી ગયા રે જીવડાં, તે નર સુખીયા હોય;
રે જીવડા એ સંસાર અસાર ચતુરનર ! ચેતો રે ચિત્તમાંહી ૧

ડાભ અણી જલ બિંદુઓ રે જીવડા, જેહવો સંધ્યાનો રાગ;
એણી પરે ચંચલ આઉખું રે જીવડા, જાગી શકે તો જાગ રે. ૨

ધન ધાન્ય રામા કાંઈ કરે રે જીવડા, કારમો એહ સંસાર;
સોવનમય નવ ડુંગરી રે જીવડા, નંદે તજી નિરધાર. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માતો મયગલ[૧]ની પરે રે જીવડા, મન્મથ થયો રે અપાર;
નરક નિગોદમાં જાયશો રે જીવડા, તેહવો જાણી સંસાર. ૪

યૌવન વય વહ જાશે રે જીવડા, ઘરડપણું નિવાર;
ખૂણે ઘાલ્યો ખાટલો રે જીવડા, કોઈ ન પૂછે સાર. ૫

અંગ ગળે ને માથું ફરતું રે જીવડા , જર્જરી હુએ દેહ;
સગાં અંગજા ઇમ ભણે રે જીવડા, ડોસો કરાવે વેઠ. ૬

મગધ દેશનો રાજીયો રે જીવડા, શ્રેણીક નામે નરેશ;
કાષ્ટ પિંજર કોણીકે દીયો રે જીવડા, જો જો પૂર્વના વેર રે. ૭

આદીશ્વર અંગજ ઉપન્યા રે જીવડા, ભરત બાહુબલ ભાઈ;
માંહોમાંહે ઝુઝીયા રે જીવડા, એ સંસારની સગાઈ. ૮

પરમેશ્વર નિત પુજીએ રે જીવડા, નિત્ય જપીએ નવકાર;
સુગુરુ શિખામણ મન ધરો રે જીવડા, જિમ પામો ભવપાર. ૯

અરિહંત નિશદિન ધ્યાઈએ રે જીવડા, પુગે[૨] મનના કોડ;
પંડિત શિયલવિજય તણો રે જીવડા, શિષ્ય (સિદ્ધિ) કહે કરજોડ ૧૦

૧ હાથી ૨ પહોંચ

૯૯ વૈરાગ્યની સજઝાય

(રાગ-સુણો શાંતિ જિણંદ)

નચી સાર જગતમાં ભાઈ, હવે કરી લે સુકૃત કમાઈ,
જીવ ! જોવું જરૂર તપાસી, બહુ ભટક્યો લાખ ચોરાશી;
મલ્યો માનવ તન સરસાઈ. નથી૦ ૧

તું માતા ઉદરે આવ્યો, નવ માસ કેદ પુરાયો;
તિહાં ભોગવી બહુ દુઃખ દાઈ. નથી૦ ૨

તું ઊંધે શીર લટકાયો, તું ઉંચો નીચો પછડાયો;
આડો આવે તો જાય કપાઈ. નથી૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જન્મ પ્રસંગની પીડા, જાણે જીવતા નારકીના કીડા;
કાંઈ પત્તો ન પામે ભાઈ . નથી૦ ૪

સહી આધિ વ્યાધિને ઉપાધિ, તેં પાપની ગાંઠડી બાંધી;
કેમ છૂટે કહો છોડાઈ. નથી૦ ૫

માત પિતા સુત ને દારા, સઘળા તુજથી છે ન્યારા;
સહુ સ્વાર્થની છે સગાઈ નથી૦ ૬

સંસાર સ્વપ્ના જેવો છે, વળી ફોગટ પાણી વલોવો;
ઠાલી શી કરે ઠકુરાઈ. નથી૦ ૭

ઘરે મેરૂ જેવો અભિમાન પલમાંહે જઇશ સ્મશાન;
ડુબી જશે સબ ચતુરાઈ. નથી૦ ૮

સદ્‌ગુરૂ શીખડી દે છે, જેવું દેખે તેવું જ કહે છે;
જો માને તો તારી ભલાઈ નથી૦ ૯

લાગ્યા પાપ કરમના ગોદા, છે હાર જીતના સોદા;
બધી અસ્થિર બાજી રચાઈ. નથી૦ ૧૦

મલ્યો માનવનો અવતાર, હવે લગારીક ભાર ઉતાર;
સવા ક્રોડની કરી લે કમાઈ. નથી૦ ૧૧

મન કે સર મંત્રી મનાવો, શુભ સમુતિ સોહાગણ લાવો;
છે ધર્મરત્ન સુખદાઈ. નથી૦ ૧૨

૧૦૦ વૈરાગ્યની સજ્ઝાય

ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો, ભમીયો દિવસ ને રાત;
માયાનો બાંધ્યો રે પ્રાણીઓ, ભમે પરિમલ જાત. ભૂલ્યો૦ ૧

કુંભ કાચો રે કાયા કારમી, તેહના કરો રે જતન[૧];
વિણસતા વાર લાગે નહિ, નિર્મળ રાખો રે મન. ભૂલ્યો૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેનાં છોરૂ ને કેનાં વાછરૂં, કેના માય ને બાપ;
અંતે જાવું જીવને એકલું, સાથે પૂણ્ય ને પાપ. ભૂલ્યો ૦ ૩

જીવને આશા ડુંગર જેવડી, મરવું પગલાં રે હેઠ;
ધન સંચી સંચી રે કાંઈ કરો, કરો દેવની વેઠ. ભૂલ્યો ૦ ૪

ધંધો કરી ધન મેળવ્યું, લાખ ઉપર ક્રોડ;
મરણની વેળા રે માનવી, લીધો કંદોરો છોડ. ભૂલ્યો ૦ ૫

મૂરખ કહે ધન માહરૂં, ધોખે ધાન ન ખાય;
વસ્ત્ર વિના જઇ પોઢવું, લખપતિ લાકડાં માંય. ભૂલ્યો૦ ૬

ભવસાગર દુઃખ જળ ભર્યો, તરવો છે રે તેહ;
વચમાં ભય સબળો થયો, કર્મ વાયરો ને મેહ. ભૂલ્યો૦ ૭

લખપતિ છત્રપતિ સવિ ગયા, ગયા લાખ બે લાખ;
ગર્વ કરી ગોખે બેસતાં, સર્વે થયા બળી રાખ. ભૂલ્યો૦ ૮

ઘમણ ઘખંતી રે રહી ગઈ, બુઝ ગઈ લાલ અંગાર;
એરણકો ઠબકો મીટ્યો, ઉઠ ચાલ્યો રે લુહાર. ભૂલ્યો૦ ૯

ઉવટ મારગ ચાલતા, જાવું પેલે રે પાર;
આગળ હાટ ન વાણીયો, શંબલ લેજો રે સાર. ભૂલ્યો૦ ૧૦

પરદેશી પરદેશમાં, કુણશું કરો રે સનેહ;
આયા કાગળ ઉઠ ચાલ્યા, ન ગણે આંધી ને મેહ. ભૂલ્યો૦ ૧૧

કેઈ ચાલ્યા રે કેઈ ચાલશે, કેઈ ચાલણહાર;
કેઈ બેઠાં રે બુદ્દા બાપડા, જાયે નરક મોઝાર. ભૂલ્યો૦ ૧૨

જે ઘર નોબત વાગતી, થાતાં છત્રીસ રાગ;
ખંડેર થઈ ખાલી પડ્યા, બેસણ લાગ્યા છે કાગ. ભૂલ્યો૦ ૧૩

ભમરો આવ્યો રે કમળમાં, લેવા પરિમલ પૂર;
કમળ મીંચાયે માંહે રહ્યો, જબ આથમતે સૂર. ભૂલ્યો૦ ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાતનો ભૂલ્યો રે માનવી, દિવસે મારગ આય;
દિવસનો ભૂલ્યો રે માનવી, ફિર ફિર ગોથાં ખાય. ભૂલ્યો૦ ૧૫

સદ્‌ગુરુ કહે વસ્તુ વોરીયે, જે કાંઈ આવે રે સાથ;
આપણો લાભ ઉગારીયે, લેખું સાહિબ હાથ. ભૂલ્યો૦ ૧૬

---

૧ જાળવણી

આત્મશિખામણની સજઝાયો

૧૦૧ સ્વાર્થની સજઝાય

જગત હે સ્વાર્થકા સાથી, સમજ લે કૌન હૈ અપના;
યે કાચા કાચકા કુંભા, નાહક તું દેખકે ફુલતા,
પલકમેં ફુટ જાવેગા, પતા જ્યું ડાલસે ગિરતા. જગત૦ ૧

મનુષ્યકી એસી જીંદગાની, અબી તું ચેત અભિમાની;
જીવનકા ક્યાં ભરોસા હે, કરી લે ધર્મ કી કરણી. જગત૦ ૨

ખજાના માલ ને મિલકત,તું ક્યું કહેતા મેરા મેરા;
ઇહાં સબ છોડ જાના હૈ, ન આવે સાથ અબ તેરા. જગત૦ ૩

કુટુંબ પરિવાર સુત દારા, સુપન સમ દેખ જગ સારા;
નીકલ જબ હંસ જાવેગા, ઉસી દિન હૈ સભી ન્યારા. જગત૦ ૪

ઇસી સંસાર સાગર મેં, જપે જો નામ જિનવરકો;
કહે ખાન્તિ વહી પ્રાણી, હઠાવે કર્મ જંજીર કો. જગત૦ ૫

૧૦૨ સંસારના ખોટા સગપણની સજઝાય

સગુ તારૂં કોણ સાચું રે, સંસારીયામાં,
પાપનો તો નાખ્યો પાયો, ઘરમમાં તું નહિ ઘાયો;
ડાહ્યો થઈને તું દબાયો રે, સંસારીયામાં. સગુ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કુડું કુડું હેત કીધું, તેને સાચુ માની લીધું;
અંત કાલે દુઃખ દીધું રે, સંસારીયામાં. સગુ૦ ૨

વિશ્વાસે વહાલા કીધાં, ઝેરના તે પ્યાલા પીધા;
પ્રભુને વિસારી દીધા રે, સંસારીયામાં. સગુ૦ ૩

મનગમતામાં મહાલ્યો, ચોરને મારગે ચાલ્યો;
પાપીઓનો સંગ ઝાલ્યો રે, સંસારીયામાં. સગુ૦ ૪

મુખે બોલ્યો મીઠી વાણી, ઘન કીધું ધુળધાણી;
જીતી બાજી ગયો હારી રે, સંસારીયામાં. સગુ૦ ૫

ઘરને ધંધે ઘેરી લીધો, કામિનીયે વશ કીધો;
ઋષભદાસ કહે દગો દીધો રે, સંસારીયામાં. સગુ૦ ૬

૧૦૩ આત્માની સજઝાય

ક્યાં તન માંજતાં રે, એક દિન મીટ્ટીમે મીલ જાના;
મીટ્ટીમે મીલ જાના બંદે, ખાખમેં ખપ જાના, ક્યાં૦ ૧

મીટ્ટીયા ચૂન ચૂન મહેલ બનાયા, બંદા કહે ઘર મેરા;
એક દિન બંદે ઉઠ ચલેંગે, યહ ઘર તેરા ન મેરા. ક્યાં૦ ૨

મીટ્ટીયા ઓઢણ મીટ્ટીયા બીછાવણ, મીટ્ટીકા સીરાના;
ઇસ મીટ્ટીકા એક ભૂત બનાયા, અમર જાલ લુભાના. ક્યાં૦ ૩

મીટ્ટીયા કહે કુંભારને રે, તું ક્યાં ખુંદે મોય;
એક દિન ઐસા આવેગા પ્યારે, મેં ખુદુંગી તોય. ક્યાં૦ ૪

લકડી કહે સુથારને રે, તું ક્યાં છોલે મોય;
એક દિન ઐસા આવેગા પ્યારે, મે ભુંજુંગી તોય. ક્યાં૦ ૫

દાન શીયલ તપ ભાવના રે, શિવપુર મારગ ચાર;
આનંદઘન કહે ચેતલો પ્યારે, આખર જાના ગમાર. ક્યાં૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૦૪ શિખામણની સજ્ઝાય

(રાગ - જનારૂં જાય છે જીવન...) (દયાસિન્ધુ)

મોંઘેરો દેહ આ પામી, જુવાની જોરમાં જામી;
ભજ્યાં ભાવે ના જગસ્વામી, વધારો શું કર્યો સારો. ૧

પડીને શોખમાં પૂરાં, બની શૃંગારમાં શુરા;
કર્યા કૃત્યો બહુ બુરા, પછી ત્યાં શી રીતે વારો. ૨

ભલાઈ ના જરા કીધી, સુપાત્રે પાઈ ના દીધી;
કમાણી ના ખરી કીધી, કહો કેમ આવશે આરો ? ૩

ગુમાને જીંદગી ગાળી, ન આણા વીરની પાળી;
જશો અંતે અરે ખાલી, લઇ બસ પાપનો ભારો. ૪

નકામાં શોખને ત્યાગો, કરો ઉપકારના કામો;
અચળ રાખો રૂડા નામો, વિવેકી વાત વિચારો. ૫

સદા જિનધર્મને ધરજો, ગુરુભક્તિ સદા કરજો;
ચિદાનંદ સુખને વરજો, વિવેકી મુક્તિને વરજો. ૬

૧૦૫ શ્રી આપ સ્વભાવની સજ્ઝાય

આપ સ્વભાવમાં રે અવધૂ સદા મગનમેં રહેના;
જગત જીવ હે કરમાધીના, અચરિજ કછુઅ ન લીના. આ૦ ૧

તુ નહિ કેરા કોઈ નહિ તેરા ક્યાં કરે મેરા મેરા ?
તેરા હે સો તેરી પાસે, અવર સબ અનેરા. આ૦ ૨

વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઇનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આ૦ ૩

રાગ ને રીસા દોય ખવિસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઇસા, આ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરકી આશા સદા નિરાશા, એ હૈ જગજન પાસા;
વો કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખ વાસા, આ૦ ૫

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી. આ૦ ૬

શુદ્ધ ઉપયોગ ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકુ દૂર નિવારી, જીવ વરે શિવનારી. આ૦ ૭

૧૦૬ ઉપદેશની સજ્ઝાય

આતમધ્યાનથી રે, સંતો સદા સ્વરૂપે રહેવું;
કર્માધીન છે સહુ સંસારી, કોઈને કાંઈ ન કહેવું. આતમ૦ ૧

કોઈ જન નાચે, કોઈ જન ખેલે, કોઈ જન યુદ્ધ કરંતાં;
કોઈ જન જન્મે, કોઈ જન રૂવે, દેશાટન કોઈ કરતાં. આતમ૦ ૨

વેળુ પીલી તેલની આશા, મૂરખ જન મન રાખે;
બાવળીઓ વાવીને કેરી આંબા રસ શું ચાખે ? આતમ૦ ૩

રાગીથી તો રાગ ન કીજે, દ્વેષીથી નહિ દ્વેષ;
સમભાવે સહુ જીવને ગણીએ, તો શિવસુખનો લેશ. આતમ૦ ૪

જૂઠી જગની પુદ્‌ગલબાજી, ત્યાં નવિ થઇએ રાજી;
તન ધન જોબન સાથ ન આવે, આવે ન માતપિતાજી. આતમ૦ ૫

લક્ષ્મી સત્તાથી શું થાયે ? જોજો મનમાં વિચારી;
એક દીન ઉઠી જાઉં આ, દુનિયા સહું વિસારી. આતમ૦ ૬

ભલા ભલા પણ ઉઠી ચાલ્યા, જોને કેઇક ચાલે;
બિલાડીની દોટે ચડીયો, ઉંદરડો શું મહાલે ? આતમ૦ ૭

કાળઝપાટા સહુને વાગે, યોગીજન ઝટ જાગે;
ચિદાનંદઘન આતમ અર્થી, રહેજો સૌ વૈરાગે. આતમ૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૦૭ સુકૃતની સજઝાય

જુવડા સુકૃત કરજે સાર, નહિતર સ્વપ્નું છે સંસાર;
પલકતણો નિશ્ચય નથી ને, નથી બાંધી તે ધર્મની પાળ. જુવડા૦ ૧

ઉંચી મેડી ને અજબ ઝરૂખા, ગોખ તણો નહિ પાર;
લખપતિ છત્રપતિ ચાલ્યા ગયા તેના, બંધ રહ્યા છે બાર. જુવડા૦ ૨

ઉપર ફૂલડાં ફરફરે ને, બાંધ્યા તે શ્રીફળ ચાર;
ઠાકઠીક કરી એને ઠાઠડીમાં બાંધ્યો, પછી પૂંઠે તે લોકનો પોકાર જુવડા૦ 3

શેરી લગે સબ સાથે ચલેંગી, નારી તણો પરિવાર;
કુટુંબ કબીલો પાછો ફરીને, સૌ કરશે ખાનપાન સાર. જુવડા૦ ૪

સેજ તલાઈ વિના નવિ સુતો, કરતો ઠાઠ હજાર;
સ્મશાને જઈ ચેહમાં સુવું, ઉપર કાષ્ટના ભાર. જુવડા૦ ૫

અગ્નિ મૂકીને અળગા રહેશે, ત્યારે વરસસે અંગે અંગાર;
ખોળી ખોળીને બાળશે જેમ, લોટું ગાળે લુહાર. જુવડા૦ ૬

સ્નાન કરીને ચાલીયા સઉ, સાથે મીલી નરનાર;
દશ દિવસ રોઈ રોઈને રહેશે, પછી તે મૂકીયા વિસાર. જુવડા૦ ૭

એવું જાણીને ધર્મ કરી લે, કરી લે પર ઉપકાર;
સત્ય શિયળથી પામી લે જુવડા, શિવતરૂ ફળ સહકાર. જુવડા૦ ૮

૧૦૮ શિખામણની સજઝાય

(રાગ - પુણ્ય સંયોગે પામીયોજી)

ગરભાવાસમાં ચિંતવે રે, હવે ન કરશું પાપ;
જબ આયો તબ વિસર્યો રે માંડ્યો માંડ્યો ઘણો રે સંતાપ કે,
(સુણ રે ચંચળ) જુવડા ! તું તો પરભવ કૈસો લઈશ ? ૧

જો નવકાર ગણાવીયે તો, નયણે નીંદ ભરાય;
નાટક ચેટક નિરખતા તો, જાયે રયણી વિહાય કે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જો સામાયિક કરાવીયે તો, લાગે થાક અપાર;
વાતો સાથે જો મીલે તો, કરે કરે પહોર દો ચાર કે. ૩

ઉભા કાઉસ્સગ્ગ કરાવીએ તો, કહે દુઃખે મોરા પાય;
માથે પોટકું મૂકીએ તો, દોડ્યો દોડ્યો મારગે જાય કે. ૪

જો ઉપવાસ કરાવીએ તો, લાગે ભૂખ અપાર;
લેણા કારણ રોકીએ તો,લાંઘે લાંઘે દો દિન ચાર કે. ૫

ધર્મને કાંજ માગીએ તો, એક બદામ ન દેય;
રાજ્ય કે વૈદ્યક રોકી લે તો, ખૂણે બેસી ગણી ગણી દેય કે. ૬

લોભને વશ થઇ પ્રાણીયો રે, મેળવે ઘણેરી રે આશ;
દાન સુપાત્રે દેવતાં તો, થર થર ધ્રુજે છે હાથ કે. ૭

ત્રણ તત્ત્વ આરાધીયે રે, જપીએ શ્રી નવકાર;
ખિમાવિજય ગુણ આણીએ તો, પહોંચે મુક્તિ મોઝાર કે ૮

૧૦૯ અધ્યાત્મની સજ્ઝાય

(રાગ - દયાસિન્ધુ દયાસિન્ધુ...)

અરે કિસ્મત તું ઘેલું, હસાવે તું રડાવે તું;
ઘડી ફંદે ફસાવીને, સતાવે તું રીબાવે તું. અરે૦ ૧

ઘડી આશામહી વહે તું, ઘડી અંતે નીરાશા છે;
વિવિધ રંગો બતાવે તું, હસે તેને રડાવે તું. અરે૦ ૨

કોઈની લાખ આશાઓ, ઘડીમાં ધુળધાણી થઈ;
પછી પાછી સજીવન થઈ, રડેલાને હસાવે તું. અરે૦ ૩

રહી મશગુલ અભિમાને, સદા મોટાઈ મન ધરતાં;
નિડરને પણ ડરાવે તું, ન ધાર્યું કોઈનું થાતું. અરે૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિકટ રસ્તા અરે તારા, અતિ ગંભીર ને ઊંડા;
ન તને કોઈ શકે જાણી, અતિ તું ગુઢ અભિમાની. અરે૦ ૫

સદાચારી ને સંતોને, ફસાવે તું રડાવે તું;
કરે ધાર્યું અરે તારું, બધી આલમ ફના કરે તું. અરે૦ ૬

અરે આ નાવ જિંદગીનું, ધર્યું મેં હાથ એ તારે;
ડુબાડે તું ઉગારે તું, શુભવીરની આવ વ્હારે તું. અરે૦ ૭

૧૧૦ ઉત્તરાધ્યયનના દશમા અધ્યયની સજ્ઝાય

(રાગ-શ્રી જીનવરને પ્રગટ થયુ રે)

સમવસરણ સિંહાસનેજી, વીરજી કરે રે વખાણ;
દશમે ઉત્તરાધ્યયનમેંજી, દીયે ઉપદેશ સુજાણ,
સમયમેં રે ગોયમ મ કર પ્રમાદ...
વીર જિનેશ્વર શીખવેજી, પરિહર મદ વિખવાદ. સમયમેં૦ ૧

જિમ તરૂ પંડુર[૧] પાંદડુંજી, પડતા ન લાગેજી વાર;
તિમ એ ચંચળ જીવડોજી, સ્થિર ન રહે સંસાર. સમયમેં૦ ૨

ડાભ અણી જલ ઉસ[૨]નોજી, ક્ષણ એક રહે જલબિંદુ;
તિમ એ ચંચલ જીવડો જી, ન રહે ઇન્દ્ર નરેન્દ્ર. સમયમેં૦ ૩

સૂક્ષ્મ નિગોદ ભમી કરીજી રે, રાશી ચટ્યો વ્યવહાર;
લાખ ચોરાશી જીવાયોનિમાંજી, લાધ્યો નરભવ સાર. સમયમેં૦ ૪

શરીર જરાએ જર્જર્યુંજી, શિરપર પળીયા રે કેશ;
ઇન્દ્રિય બળ હીણા પડ્યાજી, પગ પગ પેખે કલેશ. સમયમેં૦ ૫

ભવસાયર તરવા ભણીજી, ચારિત્ર પ્રવહણ પૂર;
તપ જપ સંયમ આકરાજી, મોક્ષ નગર છે દૂર. સમયમેં૦ ૬

ઇમ નિસુણી પ્રભુ દેશનાજી ગણધર થયા સાવધાન;
પાપ પડલ પાછા પડ્યાજી, પામ્યા કેવલજ્ઞાન. સમયમેં૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગૌતમના ગુણ ગાવતાજી, ઘર સંપત્તિની કોડ;
વાચક શ્રીકરણ ઇમ ભણેજી, વંદુ બે કરજોડ. સમયમેં૦ ૮

૧ પાકેલુ ૨ ઝાકળ

૧૧૧ ભવિષ્યની સજઝાય

(રાગ-આતમ ધ્યાનથી રે સંતો)

ભવિષ્યમાં લખ્યું હોય તે થાય,
ડહાપણ કોઈનું કામ ન આવે, કોડ કરોને ઉપાય. ભ૦ ૧

રાજાને મન રઢ જ લાગી, ત્યારે મૃગયા રમવા જાય;
સાધુ મુનિ સંતાપ્યા ત્યારે, સર્પ ડશે શું થાય. ભ૦ ૨

મંગલ મુહૂરત શુભ ચોઘડીયું, પ્રથમ ગ્રહ પૂજાય;
જાણ જોશી જાણતાં છતાં, રંગભેર શીદને રંડાય. ભ૦ ૩

રામચંદ્રજી જાણતાં છતાં, વનમાં શીદને જાય;
સતી સીતાને કલંક આવ્યું, ત્યારે રાવણ રણમાં રોલાય. ભ૦ ૪

અર્જુન - ભીમ- નકુલ --સહદેવ, રાજા ધર્મી કહેવાય;
પાંચ પાંડવ જાણતાં છતાં, દ્રૌપદી શીદને લુંટાય ? ભ૦ ૫

ચંદનબાળા ચૌટે વેચાણી, રાખ્યા છે મૂળાને ઘેર;
હાથે પગે બેડી ડસકલાં એમને, રાખ્યાં છે ગુપ્ત ભંડાર ભ૦ ૬

સતી સુભદ્રાને કલંક આવ્યું ત્યારે, સાસુએ દીધી છે આળ;
જીહ્વાએ કરી તરણું કાઢયું ત્યારે મુનિને કપાળે ટીલું થાય ભ૦ ૭

સતી અંજનાને કલંક આવ્યું ત્યારે, સાસુએ દીધી છે આળ;
માબાપે પણ પાણી ન પાયુ, કાઢયા છે ઉજજડ વનવાસ ભ૦ ૮

હીરવિજય ગુરુ હીરલો, લબ્ધિવિજય ગુણ ગાય;
માણેકવિજય ગુરુ ઇમ ભણે, તમે સાંભળી લેજો સાર. ભ૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૧૨ મનુષ્યભવની સજઝાય

મનુષ્ય ભવનું ટાણું રે, કાલે વહી જશે રે, અરિહંતના ગુણ ગાવો નર નાર;
રત્ન ચિંતામણિ આવ્યો હાથમાં રે, ભગવંતના ગુણ ગાવો નર નાર. ૧

બળદ થઈને ચીલાએ ચાલશો રે, ચઢશો વળી ચોરાશીની ચાલ;
ચોકડું બાંધીને ઘાણીએ ફેરવશે રે, ઉપર બેસી મૂરખ દેશે માર. ૨

કૂતરા થઈને ઘર ઘર ભટકશો રે, ઘરમાં નહી પેસવા દે કોય;
કાનમાં કીડા રે પડશે અતિ ઘણાં રે, ઉપર પડશે લાકડીઓના માર. ૩

ગધેડા થઈને ગલીઓમાં ભટકશો રે, ઉપાડશો અણતોલ ભાર;
ઉકરડાની ઓથે રે જઇને ભૂંકશો રે, સાંજ પડે ઘણી ન લીએ સંભાળ. ૪

ભુંડ થઇને પાદર ભટકશો રે, કરશો વળી અશુચિ આહાર;
નજરે દીઠા રે કોઈને નવિ ગમો રે, ઉપર પડશે પત્થરના પ્રહાર. ૫

ઊંટ થઈને બોજો ઉપાડશો રે, ચરશો વળી કાંટા ને કંથાર;
હાથને હડશેલે ઘર ભેગા થાશો રે, ઉપર પડશે પાટુના પ્રહાર. ૬

ઘોડા થઈને ગાડીઓ ખેંચશો રે, ઉપર પડશે ચાબૂકના પ્રહાર;
ચોકડું બાંધીને ઉપર બેસશે રે, રાયજાદા થઈ અસવાર. ૭

ઝાડ થઈને વનમાં ઘૂજશો રે, સહેશો વળી તડકોને ટાઢ;
ડાળે ને પાંદડે પંખી માળા ઘાલશે રે, ઉપર પડશે કુહાડાના ઘા. ૮

ઉત્તમ નરભવ ફરી ફરી આતમા રે, મેળવવો અતિ મુશ્કેલ;
હીરવિજયની એણી પેરે શિખડી રે, તુમે સાંભળજો અમૃત વેલ. ૯

૧૧૩ ઉપદેશની સજઝાય

વૃથા કરે તું ગુમાન મનવા, વૃથા કરે તું ગુમાન;
ઇન્દ્ર ચન્દ્ર ચકી મહારાજા, મળ્યા માટીમાં જાણ,
આગમાં ખાખ થશે તુજ કાયા, જાશે એકલડી જાણ. મનવા૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કુડ કપટ કરી જિંદગી કાઢી, મિથ્યા કરે અભિમાન,
કાળરાજાની ફાળ જ્યાં પડશે, બનીશ તું બેભાન મનવા૦ ૨

ચંચળ લક્ષ્મી ચંચળ આયુ, જાય પલકમાં પ્રાણ,
લટપટ ખટપટ સઘળું છોડી, ભજી લેને ભગવાન. મનવા૦ ૩

વિષય કષાયના પાસમાં પડીયો, ભૂલી ગયો તું ભાન,
નરક નિગોદમાં રુળી રઝળી, પામ્યો તું દુઃખ અમાન. મનવા૦ ૪

લાખ ચોરાશિ યોનિ ભટક્યોં, ભટક્યોં તું ભવરાન,
મહા પુન્યે માનવ ભવ લાધ્યો, સમજ સમજ ઇન્સાન. મનવા૦ ૫

પ્રિયતમ પુત્રો પ્રિયતમા નારી, સ્વારથના સહુ જાન,
એકલો આવ્યો એકલો જાશે, તારૂ તે કોઈ ના માન. મનવા૦ ૬

અક્કડ થઈને ફક્કડ ફરતો, કરતો ન કાંઈ દાન,
ચોરી દારીને પરનિંદામાં, સદા રહ્યો મસ્તાન. મનવા૦ ૭

આશા મોટી મોટી રાખે, ચાહે તું દેવવિમાન,
કર્મરાજા જો કોપે ચડશે, કરી દેશે હેરાન. મનવા૦ ૮

હાટ હવેલીને માણેક મોતી ક્ષણમાં વિનાશી જાણ,
લાડી વાડી, ગાડીને મોજો, મૂકી જાવું છે સ્મશાન. મનવા૦ ૯

દાન શિયળ તપ ભાવના ભાવો, કરવા જિનગુણ ગાન,
અમી સમી જિનવાણી જાણી, કરો ઘુંટ ઘુંટ પાન. મનવા૦ ૧૦

વિતરાગનું શાસન પામ્યો, જ્ઞાનમાં બન ગુલતાન,
અધ્યાતમમાં મસ્ત બનેથી, શિવપુરીમાં પ્રયાણ મનવા૦ ૧૧

અનંત ચતુષ્ટ કેરો ખજાનો, તેને તું લે પિછાન,
અધ્યાતમ નયનોને ખોલી દે તું, પ્રગટે જ્ઞાન નિધાન. મનવા૦ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૧૪ ઉપદેશની સજઝાય

(રાગ - સગુ તારૂં કોણ સાચું રે)

ચેતે તો ચેતાવું તને રે, પામર પ્રાણી,
તારે હાથે વપરાશે, તેટલુ જ તારું થાશે બીજું તો બીજાને જાશે રે, પા૦ ૧
સજી ઘરબાર સારું, મિથ્યા કહે છે મારું મારું, તેમાં નથી કશું તારું રે. પા૦ ૨
માખીએ મધ ભેળું કીધું, ન ખાધું ન ખાવા દીધું, લૂંટનારે લૂંટી લીધું રે. પા૦ ૩
ખંખેરીને હાથ ખાલી, ઓચીંતુ જવું છે ચાલી, કરે માથાફોડ ઠાલી રે. પા૦ ૪
શાહુકારીમાં સવાયો, લાખોપતિ તું લેખાયો, કહે સાચું શું કમાયો રે ? પા૦ ૫
કમાયો તું માલ કેવો, તારી સાથે આવે એવો, કરજે તપાસ એવો રે. પા૦ ૬
હજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી, તારી મૂડી થાશે તાજી રે. પા૦ ૭
હાથમાંથી બાજી જાશે, પછીથી પસ્તાવો થાશે, કશું ન કરી શકાશે રે. પા૦ ૮
ખોળામાંથી ધન ખોયું, ધૂળથી કપાળ ધોયું, જાણપણું તારું જોયું રે.પા૦ ૯

૧૧૫ વણઝારાની સજઝાય

નરભવ નગર સોહામણું વણઝારા રે, ...
પામીને કરજે વ્યાપાર અહો મોરા નાયક રે.
સત્તાવન સંવર તણી વ૦, પોઠી ભરજે ઉદાર અહો૦ ૧

શુભ પરિણામ વિચિત્રતા વ૦, કરીયાણાં બહુ મૂલ; અહો૦
મોક્ષ નગર જાવા ભણી વ૦, કરજે ચિત્ત અનુકુલ. અહો૦ ૨

ક્રોધ દાવાનલ ઓલવી વ૦, માન વિષમ ગિરિરાજ; અહો૦
ઓલંઘજે હળવે કરી વ૦ સાવધાન કરજે કાજ. અહો૦ ૩

વંશજાલ માયા તણી વ૦, નવિ કરજે વિશ્રામ; અહો૦
ખાડી મનોરથ ભટ તણી વ૦ પૂરણનું નહીં કામ. અહો૦ ૪

રાગદ્વેષ દોય ચોરટા વ૦ વાટમાં કરશે હેરાન; અહો૦
વિવિધ વીર્ય ઉલ્લાસથી વ૦ તુ હણજે તસ સ્થાન અહો૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમ સવિ વિઘન વિદારીને વ૦, પહોંચજે શિવપુરવાસ; અહો૦
ક્ષય ઉપશમ જે ભાવના વ૦, પોઠી ભર્યા ગુણરાશ. અહો૦ ૬

ક્ષાયિક ભાવે તે થશે વ૦ લાભ હોશે તે અપાર; અહો૦
ઉત્તમ વણજ જે એમ કરે વ૦ પદ્મ નમે વારંવાર. અહો૦ ૭

૧૧૬ મનુષ્યભવ દુર્લભતાની સજ્ઝાય

(રાગ-વીર જિણંદ જગત ઉપકારી)

પૂરવ પુણ્ય ઉદય કરી ચેતન, નીકા નરભવ પાયા હૈ. પૂ૦
દીનાનાથ દયાલ દયાનિધિ, દુર્લભ અધિક બતાયા હૈ;
દશ દૃષ્ટાંતે દોહિલો જાકું, ઉત્તરાધ્યયને ગાયા હૈ. પૂ૦ ૧

અવસર પાકે વિષય રસ રાચત, તે તો મૂઢ કહાયા હૈ;
કાગ ઉડાવણ કાજ વિપ્ર જ્યું, ડાર મણિ પછતાયા હૈ. પૂ૦ ૨

નદી ઘોળ પાષાણ ન્યાય કર, અર્ધવાટ તું આયા હૈ;
અર્ધ સુગમ આગલ રહી તિનકું, જિન કછું મોહ ઘટાયા હૈ. પૂ૦ ૩

ચેતન ચાર ગતિમાં નિશ્ચે, મોક્ષ દ્વાર એ કાયા હૈ;
કરત કામના સુર પણ યાકિ, જિનકો અનર્ગલ માયા હૈ. પૂ૦ ૪

રોહણગિરિ જિમ રતન ખાણ તિમ, ગુણ સહૂ યામેં સમાયા હૈ;
મહિમા મુખથી વરણત જાકિ, સુરપતિ મન શંકાયા હૈ. પૂ૦ ૫

કલ્પવૃક્ષ સમ સંયમ કેરી, અતિ શીતલ જિહાં છાયા હૈ;
ચરણ કરણ ગુણધરત મહામુનિ, મધુકર મન લોભાયા હૈ પૂ૦ ૬

યા તન વિનુ તિહું કાલ કહો કિણ, સચ્ચા સુખ નીપજાયા હૈ;
અવસર પાય ન ચૂક ચિદાનંદ, સદ્ગુરુ યોં બતલાયા હૈ. પૂ૦ ૭

૧૧૭ ઉપદેશની સજ્ઝાય

તુંને સંસાર સુખ કેમ સાંભરે રે લોલ, દુઃખ વિસર્યો શું ગર્ભાવાસ જો;
નવ માસ રહ્યો તું માને ઉદરે રે લોલ, મળ મૂત્ર અશૂચિ વિશરામ જો. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તિહાં હવા પાણી નહિ સંચરે રે લોલ, નહિ સેજ તલાઈ પલંગ જો;
તિહાં લટકી રહ્યો ઉંધે શિરે રે લોલ, દુઃખ સહત અપાર અનંત જો. ૨

ઉંઠ[૧] કોડી સૂઈ તાતી કરી રે લોલ, સમ કાળે ચાંપે કોય રાય જો;
તેથી અષ્ટગણું તિહાં કને રે લોલ, દુઃખ સહેતાં વિચાર તે થાય જો. ૩

હવે પ્રસવે જો મુજને માવડી રે લોલ, તો કરું હું તપ જપ ધ્યાન જો;
હવે સેવું સદા જિનધર્મને રે લોલ, મૂકું કુગુરુનો સંગ અજ્ઞાન જો. ૪

જ્યારે જન્મ્યો ત્યારે ભૂલી ગયો રે લોલ, 'ઉંઆં ઉઆં' રહ્યો દમ કહેવાય જો;
તિહાં લાગી લાલચ રમવા તણી રે લોલ, આયુ અંજલી જળ સમ જાય જો. ૫

દમ બાળક વય રમતાં ગઈ રે લોલ, થયો યૌવને મકરધ્વજ સહાય જો;
ચિત્ત લાગ્યો તદા રમણી સુખે રે લોલ, પુત્ર પૌત્ર દેખી હરખાય જો. ૬

થઇ ચિંતા વિવાહ વાજમ તણી રે લોલ, ધન કારણે ધાવે દેશોદેશ જો;
પુણ્યહીણો થઈ પામે નહિ રે લોલ, ચિંતે ચોરી કરું કે લૂંટું દેશ જો. ૭

ગયું યૌવન આવી જરા ડાકણી રે લોલ ધ્રૂજે કર પગ શિર ને શરીર જો;
ઘરે કહ્યું કોઈ માને નહિ રે લોલ, પડ્યો કરે પોકાર નહિ ધીર જો. ૮

દમ કાળ અનંતો વહી ગયો રે લોલ, અબ ચેત મૂરખ સરદાર જો;
આવો જોગ મળવો મુશ્કેલ છે રે લોલ, સેવો શ્રી જિન શિવ સંકેત જો. ૯

કવિ દાસ કહે મુજ સાહિબા રે લોલ, કૂડો કપટી કુશીલ શિર મોડ જો;
મેં તો દીઠો નહિ કોઈ દેશમાં રે લોલ, મોટો ધર્મનો ઠગ ઠાકોર જો. ૧૦

મુનિ તત્ત્વસાગરના પસાયથી રે લોલ, ધર્મધ્યાને થયો ઉજમાળ જો;
સંઘ સેવા કરે શાંતિનાથની રે લોલ, તેથી મંગળ માળ વરતાય જો. ૧૧

ઓગણીશે ત્રીશ અષાઢની રે લોલ, શુદ એકમને બુધવાર જો;
પ્રભુ કરો કૃપા કવિદાસ પર રે લોલ, ઘનઘાતીયા ચાર નિવાર જો. ૧૨

---

૧ સાડાત્રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૧૮ રત્ન ચિંતામણીની સજ્ઝાય

આ ભવ રત્ન ચિંતામણી સરિખો, વારોવાર ન મળશે જી;
ચેતી શકે તો ચેતજે જીવડા, આવો સમય નહીં મળશે જી. આ૦ ૧

ચાર ગતિ ચોરાશી યોનિ, તેમાં તું ભમી આવ્યો જી;
પુણ્ય સંયોગે સ્વપ્નની સંગતે, માનવનો ભવ પાયો જી, આ૦ ૨

વહેલો થા તું વહેલો જીવડા, લે જિનવરનું નામ જી;
કુગુરુ કુદેવ કુધર્મને છંડી, કીજે આતમ કાજ જી. આ૦ ૩

જેમ કઠિયારે ચિંતામણી લાધો, પુણ્ય તણે સંયોગ જી;
કાંકરાની પરે નાંખી દીધો, ફરી નહીં મળવા જોગ જી. આ૦ ૪

તેહની વચ્ચે તું બેઠો જીવડા, કાળ આહેડી નિકાશે જી;
એક કાળે તું આવ્યો જીવડા, એક કાળે તું જાશે જી. આ૦ ૫

ધન્ય સાધુ જે સંયમ પાળે, સુધો મારગ દાખે જી;
સાચું નાણું ગાંઠે બાંધે, ખોટે દૃષ્ટિ ન રાખે જી. આ૦ ૬

માત પિતા દારા સુત બાંધવ, બહુવિધમાં વિરતી જોડે જી;
તે માંહેથી જો કાજ સરે તો, સાધુ ઘર કેમ છોડે જી ? આ૦ ૭

માયા મમતા વિષય સહુ છંડી, સંવર ક્ષમા એક કીજે જી;
ગુરુ ઉપદેશ સદા સુખકારી, સુણી અમૃતરસ પીજે જી. આ૦ ૮

જેમ અંજલીમાં નીર ભરાણું, ક્ષણ ક્ષણ ઓછું થાય જી;
ઘડી ઘડીએ ઘડીયાળા વાજે, ક્ષણ લાખેણી જાય જી. આ૦ ૯

સામાયિક મન શુદ્ધે કીજે, શિવરમણી ફળ પામીજે જી;
માનવભવ મુક્તિનો કામી, તેમાં ભરોશો શાનો લીજે જી ? આ૦ ૧૦

દેવગુરુ તમે દૃઢ કરી ધારો, સમકિત શુદ્ધ આરાધો જી;
છક્કાય જીવની રક્ષા કરીને, મુક્તિનો પંથ જ સાધો જી. આ૦ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હેડા ભીતર સમતા રાખો, જન્મ ફરી નવિ મળશે જી;
કાયર તો કાદવમાં ખુંતા, શૂરા પાર ઉતરશે જી. આ૦ ૧૨

ગુરુ કંચન ગુરુ હીરા સરિખા, ગુરુ જ્ઞાનના દરિયા જી;
કહે **અભય** સદ્‌ગુરુ ઉપદેશે, જીવ અનંતા તરીયા જી. આ૦ ૧૩

૧૧૯ સ્ત્રીને શિખામણની સજઝાય

નાથ કહે તું સુણને નારી, શિખામણ છે સારી જી;
વચન તે સઘલાં વીણી લેશે, તેહના કારજ સરશે, શાણી થઈએ જી. ૧

જાત્રા જાગરણ ને વિવાહમાં, માતા સાથે રહીએ જી;
સાસરિયામાં જળ ભરવાને, સાસુ સાથે જઇએ. શા૦ ૨

દિશા અંધારી ને એકલડાં, માર્ગમાં નવિ જઇએ જી;
એકલી જાણી આળ ચઢાવે, એવું શાને કરીએ. શા૦ ૩

વ્હાણામાં વ્હેલેરા ઉઠી, ઘરનો ધંધો કરીએ જી;
નણંદ જેઠાણી પાસે જઇને, સુખ દુઃખ વાત ન કરીએ. શા૦ ૪

ચોકમાં ચતુરાઈએ રહીએ, રાંધતા નવિ રમીએ જી;
સહુકો'ને પ્રસાદ કરાવી, પાછલ પોતે જમીયે. શા૦ ૫

ગાંઠે પહેરી ઘરમાં રહીએ, બહાર પગ નવિ ભરીએ જી;
સસરા-જેઠની લાજ કરીને, મ્હોં આગળથી ખસીએ. શા૦ ૬

છૂટે કેશે શિર ઉઘાડે, આંગણામાં નવિ જઇએ જી;
પુરુષ તણો પડછાયો દેખી, મ્હોં આગળ નવિ રહીએ. શા૦ ૭

એકાંતે દિયરીયા સાથે, હાથે ન તાળી લઈએ જી;
પ્રેમ તણી જો વાત કરે તો, મ્હોં આગળથી ખસીયે. શા૦ ૮

આભરણ પહેરી અંગ શોભાવી, હાથે દર્પણ ન લઈએ જી;
પિયુડો જો પરદેશ સિધાવે તો, કાજળ રેખ ન દઇએ. શા૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પિયુડા સાથે ક્રોધ ન કરીએ, રિસાયેલા નવિ રહીયે જી;
છૈયાં-છોરૂ-છોકરડાંને, તાડન કદીય ન કરીયે. શા૦ ૧૦

ઉજ્જડ મંદિરમાંહિ ક્યારે, એકલડાં નવિ જઇએ જી;
એકલી જાણી આળ ચઢાવે, એવું શાને સહીએ. શા૦ ૧૧

ફિરિયલ[૧] નારીનો સંગ ન કરીએ, તસ સંગે નવ ફરીયે જી;
મારગ જાતાં વિચાર કરીને, ઊંડો પાવ ન ધરીયે. શા૦ ૧૨

ઉદયરત્ન વાચક એમ બોલે, જે નરનારી ભણશે જી;
તેહના પાતક દૂરે ટળશે, મુક્તિપુરીમાં જઇ મળશે. શા૦ ૧૩

૧ લજ્જા વિનાની

૧૨૦ ઉત્તમ મનોરથની સજ્ઝાય

ધન ધન તે દિન ક્યારે આવશે, જપશું જિનવર નામ;
કર્મ ખપાવી રે જે થયા કેવળી, કરશું તાસ પ્રણામ. ધન૦ ૧

મન વચ કાયા રે આપણા વશ કરી, લેશું સંયમ યોગ;
સમતા ધરશું રે સંયમ યોગમાં, રહેશું છંડી રે ભોગ. ધન૦ ૨

વિનય વૈયાવચ્ચ ગુરુ ચરણે કરી, કરશું જ્ઞાન અભ્યાસ;
પ્રવચન માતા રે આઠે આદરી, ચાલશું પંથ વિકાસ. ધન૦ ૩

પરિગ્રહ વસતી રે વસ્ત્ર ને પાત્રમાં, આડંબર અહંકાર;
મૂકી મમતા રે લોકની વાંછના, પાલશું શુદ્ધ આચાર. ધન૦ ૪

તપ તપી દુર્લભ દેહ કસી ઘણું, સહીશું શીત ને તાપ;
પુદ્ગલ પરિણતિ રંગ નિવારીને, રમશું નિજગુણ આપ. ધન૦ ૫

સસલા સાબર મૃગને રોઝડા, સૂંઘે તનુ મુખ નાસ;
ખોળે મસ્તક મૂકી ઊંઘસે, આણી મન વિશ્વાસ. ધન૦ ૬

પદ્માસન ઘરી નિશ્ચળ બેસશું, ધરશું આતમધ્યાન;
ગુણઠાણાની રે શ્રેણી ચઢી કરી, સાધશું મોક્ષનું ઠામ. ધન૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરી સંલેખણ અણસણ આદરી, યોનિ ચોરાશી રે લાખ;
મિચ્છામિ દુક્કડં સર્વ જીવો પ્રતિ, દઇશું સદ્‌ગુરુ સાખ. ઘન૦ ૮

મોટા મુનિવર આગે જે હુઆ, સમરી તસ અવદાત;
પરિષહ સહશું રે ધીરપણું ધરી, કરશું કર્મનો ઘાત. ઘન૦ ૯

વાઘર વીંટી રે ડોળા નીસર્યા, ધન્ય મેતારજ સાધુ;
ખંધક શિષ્યો રે ઘાણી પીલીયા, રાખી સમતા અગાધ. ઘન૦ ૧૦

માથે પાળી કરી સગડી ભરી, ભરીયાં માંહી અંગાર;
ગજસુકુમાલે રે શીર બળતું સહ્યું, તે પામ્યા ભવ પાર. ઘન૦ ૧૧

સિંહ તણી પરે સામા ચાલીયા, સુકોશલ મુનીરાય;
વિરૂઇ વાઘણ ઘસતી ખાવા, વોસિરાવી નિજ કાય. ઘન૦ ૧૨

દેવ પરીક્ષા રે કરતાં વળી વળી, ચકી સનત કુમાર;
રોગે પીડિયો રે વરસ તે સાતસે, ન કરી દેહની સાર. ઘન૦ ૧૩

નિશદિન એહવી રે ભાવના ભાવતા, સરે નિજ આતમકાજ;
મુનિવિજય બુધ બોલે પ્રેમશું, ભાવના ભવોદધિ જહાજ. ઘન૦ ૧૪

૧૨૧ સટોડીયાની સજ્ઝાય

સુણ સટોડીયા ! સટ્ટાના કુસંગે બટ્ટો લાગશે
તજ ટેવ બુરી, બાવળીયો વાવ્યાથી શૂળો લાગશે
એ ધંધો પાપી પાકો છે, એ જુગારનો પણ કાકો છે,
એ ફોગટ ફાંફાનો ફાંકો છે. સુણ૦ ૧

છે દ્વાર દુરાચારી જનનું, ભક્ષણ કરતું કીર્તિ ધનનું,
રક્ષણ નવ રહેતું તન મનનું. સુણ૦ ૨

વ્યવહાર નથી જગમાં એનો, વિશ્વાસ ન કરે કોઈ એનો,
ચિંતાતુર રહે જીવડો જેનો... સુણ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાંદી પેટી ને જોટાનો, ધંધો એ મોટો ટોટાનો,
રસ્તો છે દોરી લોટાનો... સુણ૦ ૪

સજ્જન કો સંગ નહિ કરતું, ચકડોલ સમું રે મન ફરતું,
મળતા સંગી ત્યાં મન ઠરતું... સુણ૦ ૫

એ વગર મહેનતના ધંધાથી, તારાજ થયા લક્ષાધિપતિ,
મડદાં ને ખાંપણ મળતું નથી... સુણ૦ ૬

પળમાં ધનવાન બને તું તો, પળ એક પછી આંસુ લૂંછતો,
ટીલા લમણે દેખ્યો સૂતો રે...સુણ૦ ૭

મીઠો એ મારગ લાગ્યાથી, બકરી સમ બન્યા બહુ હાથી,
ભીખ માંગીને ભાગ્યા ત્યાંથી.... સુણ૦ ૮

ઘરબાર ઘરેણાને મેલી, ખત લખી આપે જુગટું ખેલી,
બેરી બાળકનો કુણ બેલી... સુણ૦ ૯

વ્યસનો વધશે એથી ઝાઝા, નિજ કુળ તણી જાશે માઝા,
ફીટકાર તણાં વાગે વાજાં... સુણ૦ ૧૦

છે સટ્ટામાંહી પાપ અતિ, મૃત્યુથી પામે માઠી ગતિ,
નરકાદિક પણ સંઘરતું નથી... સુણ૦ ૧૧

ઉદયરત્ન શીખ ઘરજો સારી, તજ સટ્ટાને શત્રુ ધારી,
હારી બેઠા કેઈ જખ મારી... સુણ૦ ૧૨

૧૨૨ અનુભવની સજ્ઝાય

અનુભવિયાના ભવિયા રે. જાગીને જોજો; આગળ સુખ છે કેવા રે, જીવો તે જોજો. ૧
બાલપણે ધર્મ ન જાણ્યો રે, તે રમતાં ખોયો; જોબન મેં મદ માતો રે, વિષયમાં મોહ્યો. ૨
ધર્મની વાત ન જાણી રે, ખોટી લાગી માયા; જોબન જાશે જરા આવશે રે, ત્યારે કંપશે રે કાયા. ૩
મોહ માયામાં માચ્યો રે, સમકિત કિમ વરશે; ક્રોધ વ્યાપ્યો સબલો રે, બોલતો નવિ ખલસે. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધનને કાજે ધમમસતો રે, હિંડે હલફલતો,; પાસે પૈસા પુર છે રે, ધર્મ નથી કરતો. ૫
નેત્ર ને નાસિકા ગળશે રે, વળી વળશો વાંકા; બોલ્યું કોઈ ન માનશે રે, ત્યારે પડશો ઝાંખા. ૬
દાંત પડીયા મુખ ખાલી રે, ત્યારે કેને કહેશો; ધર્મની વાત ન જાણી રે, પ્રભુજીને કેમ મલશો. ૭
ઉંબર ડુંગર થાશે રે, ગોળી થાશે ગંગા; પ્રભુજીનું નામ સંભારો રે, હોવે જિમ રંગા. ૮
શેરી પર શેરી થાશે રે, ત્યારે બેસી રહેશો; લોભ ને લલુતા વધશે રે, બેઠાં કચ-કચ કરશો. ૯
દિકરડાની વહુરો રે, રીસડીએ બળશે; એ ઘરડા ઘરમાંથી રે, કે દહાડે ટળશે. ૧૦
પીપળ પાન ખરંતા રે, હસતી કુંપળીયા; અમ વીતી તુમ વીતશે રે, ધીરી બાપડીયા. ૧૧
રાવણ સરીખા રાજવી રે, ગયા જનમારો ખોતાં; પાપી હાથ ઘસંતાં રે, જાણે જન્યા નોતા. ૧૨
ધન તે જીહાં તિહાં વેરી રે, એકાકી જાવું; લોભ ને લલુતા મૂકી રે, અરિહંતને ધ્યાવો. ૧૩
શિવરમણી સુખ ચાખો રે, અનુભવનો મેવો; ચેતવું હોય તો ચેતજો રે, સંસાર છે એવો. ૧૪
કવિ ઋષભની શીખડી રે, હૃદયમાં ધારો; જુતી બાજી હાથથી રે, તમે કેમ વિસારો. ૧૫

૧૨૩ ઉપદેશની સજઝાય

આપે આપ સદા સમજાવે, મનમાં દુઃખ મત પાવો રે
કોઈ કીસીકે કામ ન આવે, આપ કિયા ફલ પાવે રે આપે ૧
જિમ પંખી તરુએ મિલી આવે, રયણી બીતે જાવે રે
જિમ તીરથ મેલી સાથી સંઘો, કરી કરી નિજ ઘર જાવે રે... આપે ૨

આપ થકી જે કર્તવ્ય હુવા, ભોગવે તે એકીલો રે,
માહરું માહરું કરતો અહોનિશ, મુદ્દપણે હોય ઘેલો રે... આપે ૩

સ્થિર નહી એ સંસારી પ્રાણી, તન ધન યૌવન વાન રે
જિમ સંધ્યા વાદળના રંગ, જિમ ચંચળ ગજ કાન રે... આપે ૪

એમ જાણી તમે ધર્મ આરાધો, આપે આપ સખા હો રે
જ્ઞાન વિમલ પ્રભુને ચિત્ત ધ્યાવો, જિમ શિવસુખ તુમે પાવો રે..આપે ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મના વિપાકની સજઝાયો

૧૨૪ કર્મ વિડંબનાની સજઝાય

સુખ દુઃખ સરજ્યા પામીયે રે, આપદ સંપદ હોય;
લીલા દેખી પરતણી રે, રોષ મ ધરજો કોય રે;
પ્રાણી ! મન ન આણો વિખવાદ, એતો કર્મ તણો પ્રસાદ રે. પ્રા૦ ૧

ફળને આહારે જીવીયા રે, બાર વરસ વન રામ;
સીતા રાવણ લઈ ગયો રે, કર્મ તણા એ કામ રે. પ્રા૦ ૨

નીર પાખે વન એકલો રે, મરણ પામ્યો મુકુંદ
નીચ તણે ઘર જળ વહ્યો રે, શીર ધરી હરિશ્ચંદ્ર રે. પ્રા૦ ૩

નળે દમયંતી પરીહરી રે, રાત્રિ સમય વનમાંય;
નામ- ઠામ - કૂળ ગોપવી રે, નળે નિરવાહ્યો કાળ રે. પ્રા૦ ૪

રૂપ અધિક જગ જાણીએ રે, ચક્રી સનત કુમાર;
વરસ સાતશે ભોગવી રે, વેદના સાત પ્રકાર રે. પ્રા૦ ૫

રૂપે વળી સૂર સારીખા રે, પાંડવ પાંચ વિચાર;
તે વનવાસે રડવડ્યા રે, પામ્યા દુઃખ અપાર રે. પ્રા૦ ૬

સુરનર જસ સેવા કરે રે, ત્રિભુવન પતિ વિખ્યાત;
તે પણ કર્મે વિટંબીયા રે, તો માણસ કેઈ માત રે. પ્રા૦ ૭

દોષ ન દીજે કેહને રે, કર્મ વિડંબણહાર;
દાન મુનિ કહે જીવને રે, ધર્મ સદા સુખકાર રે. પ્રા૦ ૮

૧૨૫ આઠ કર્મની સજઝાય

(રાગ - દ્વારાપુરીનો નેમ રાજીયો...)

પ્રભુજી મારા કર્મો લાગ્યાં છે મારા કેડલે;
ઘડીએ ઘડીએ આતમરામ મુંઝાય રે, પ્રભુજી મારા... ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનાવરણીએ જ્ઞાન રોકીયું, દર્શનાવરણીયે રોક્યો છે દર્શનનો પ્રવાહ રે. પ્ર૦ ૨
વેદની કર્મે વેદના મોકલી, મોહનીય કર્મે ખવરાવ્યો રે માર રે. પ્ર૦ ૩
આયુ કર્મે રે તાણી બાંધીયો, નામ કર્મે નચાવ્યો છે નાચ રે. પ્ર૦ ૪
ગોત્ર કર્મે બહુ રઝળાવીઓ, અંતરાય કર્મે આડો વાળ્યો આંક રે. પ્ર૦ ૫
આઠે કર્મોનો રાજા મોહ છે, મુંઝવી મારે ચોવીશે કલાક રે. પ્ર૦ ૬
આઠે કર્મોને જે જીતશે, તેનો હોશે મુક્તિપુરીમાં વાસ રે. પ્ર૦ ૮
હીરવિજય ગુરુ હીરલો, સ્નેહી રત્નવિજય ગુણ ગાય રે. પ્ર૦ ૯

૧૨૬ શ્રી કર્મ પચ્ચીસીની સજઝાય

(રાગ-આતમ ધ્યાનથી રે સંતો)

દેવ દાનવ તીર્થંકર ગણધર, હરિહર નરવર સબળા;
કર્મસંયોગે સુખદુઃખ પામ્યા, સબળા હુવા મહા નબળા રે.
પ્રાણી ! કર્મ સમો નહીં કોઈ,.....
કિધા કર્મ વિના ભોગવીઆ, છૂટકબારો ન હોય રે. પ્રાણી૦ ૧

આદીશ્વરને અંતરાયે વિંટબ્યો, વરસ દિવસ રહ્યા ભૂખે;
વીરને બાર વરસ દુઃખ દીધું, ઉપન્યા બ્રાહ્મણી કૂખે રે. પ્રાણી૦ ૨

સાઠ સહસ સુત એક દિન મૂવા, સુરા સામંત જૈસા;
સગર હુવો મહા પુત્રે દુઃખીયો, કર્મતણા ફલ ઐસા રે. પ્રાણી૦ ૩

બત્રીસ સહસ દેશનો સાહિબ, ચકી સનતકુમાર;
સોલ રોગ શરીરે ઉપન્યા, કરમે કીધો તસ ખૂવાર રે. પ્રાણી૦ ૪

સુભૂમ નામે આઠમો ચકી, કર્મે સાયર નાખ્યો;
સોલ સહસ યક્ષે ઉભા દીઠો, પણ કિણહી નવિ રાખ્યો રે. પ્રાણી૦ ૫

બ્રહ્મદત્ત નામે બારમો ચકી, કર્મે કીધો અંધો;
એમ જાણી પ્રાણી વિણ કામે, કોઈ કરમ મત બાંધો રે. પ્રાણી૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીશ ભુજા દશ મસ્તક હુંતા, લક્ષ્મણે રાવણ માર્યો;
એકલડે જગ સહુને જીત્યો, કર્મથી તે પણ હાર્યો રે. પ્રાણી૦ ૭

લક્ષ્મણ રામ મહાબલવંતા, વળી સત્યવંતી સીતા;
બાર વરસ લગે વનમાંહે ભમીયા, વિતક તસ બહુ વિત્યા રે. પ્રાણી૦ ૮

છપ્પન્ન કોડી જાદવનો સાહિબ, કૃષ્ણ મહાબળી જાણી;
અટવીમાંહિ એકલડો મૂવો, વલવલતો વિણ પાણી રે. પ્રાણી૦૯

પાંડવ પાંચ મહા ઝુઝારા, હારી દ્રૌપદી નારી;
બાર વરસ લગે વન દુઃખ દીઠાં, ભમિયાં જેમ ભિખારી રે. પ્રાણી૦ ૧૦

સતિય શિરોમણી દ્રૌપદી કહીએ, પાંચ પુરુષની નારી;
સુકુમાલિકા ભવે બાંધ્યું નિયાણું, પામી પંચ ભરતાર રે. પ્રાણી૦ ૧૧

કર્મે હલકો કીધો હરિશ્ચંદ્રને, વેચી સુતારા રાણી;
બાર વરસ લગે માથે આણ્યું, ડુંબ તણે ઘર પાણી રે. પ્રાણી૦ ૧૨

દધિવાહન રાજાની બેટી. ચારૂ ચંદન બાળા;
ચૌપદની પેરે ચૌટે વેચાણી, કર્મતણાં એ ચાળા રે. પ્રાણી૦ ૧૩

સમકિતધારી શ્રેણિક રાજા, બેટે બાંધ્યો મૂશકે;
ધર્મી નરપતિ કર્મે દબાણા, કર્મથી જોર ન કિસકા રે.પ્રાણી૦ ૧૪

ઇશ્વર દેવને પાર્વતી રાણી, કર્તા પુરુષ કહેવાય;
અહોનિશ શ્મશાન માંહે વાસો, ભિક્ષા ભોજન ખાય રે. પ્રાણી૦ ૧૫

સહસ કિરણ સૂરજ પ્રતાપી, રાત દિવસ રહે ભમતો;;
સોલ કલા શશહર જગ ચાવો, દિન દિન જાએ ઘટતો રે. પ્રાણી૦ ૧૬

નળરાજા પણ જુગટે રમતાં, અરથ ગરથ રાજ્ય હાર્યો;
બાર વરસ લગે વન દુઃખ દીઠા, તેને પણ કર્મે ભમાડ્યો રે. પ્રાણી૦ ૧૭

સુદર્શનને શૂળીએ દીધો, મુંજ રાજે માગી ભીખ;
તમસ ગુફા મુખ કોણીક બળીયો, માની ન કોઈની શિખ રે. પ્રાણી૦ ૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગજસુકુમાલ શીર સગડી મૂકી, સોમિલે બાળ્યું શિશ;
મેતારજ મુનિ વાઘરે વીંટાણા, ક્ષણ ન આણી રીશ રે. પ્રાણી૦ ૧૯

પાંચસે સાધુ ઘાણીમાં પીલ્યા, રોષ ન આણ્યો લગાર;
પૂર્વ કર્મે ઢંઢણઋષિને, ષટ્માસ ન મળ્યો આહાર રે. પ્રાણી૦ ૨૦

ચૌદ પૂર્વધર કર્મ તણે વશ, પડીયા નિગોદ મોઝાર;
આર્દ્રકુમારને નંદીષેણે, ફરી વાસ્યો ઘરવાસ રે. પ્રાણી૦ ૨૧

કલાવતીના કર છેદાણાં, સુભદ્રા પામી કલંક;
મહાબળ મુનિનું ગાત્ર પ્રજાળ્યું, કર્મતણા એ વંક રે. પ્રાણી૦ ૨૨

દ્રૌપદી હેતે પદ્મનાભનું, ફોડ્યું કૃષ્ણે ઠામ;
વીરના કાને ખીલા ઠોકાણા, પગે રાંધી ખીર તામ રે. પ્રાણી૦ ૨૩

કર્મથી નાઠા જાય પાતાળે, પેસે અગ્નિ મોઝાર;
મેરૂશિખર ઉપર ચઢે પણ, કર્મ ન મૂકે લગાર રે પ્રાણી૦ ૨૪

એહવા કર્મ જીત્યાં નરનારી, પહોંચ્યા શિવપુર ઠામ;
પ્રભાતે ઉઠી નિત્ય નિત્ય વંદો, ભક્તિએ તેહના પાય રે. પ્રાણી૦ ૨૫

એમ અનેક નર ખંડ્યા કર્મે, ભલ ભલેરા જેસા;
ઋષિ હર્ષ કર જોડીને કહે, નમો નમો કર્મ મહારાજ રે પ્રાણી૦ ૨૬

૧૨૭ નરકદુઃખની સજ્ઝાય

(રાગ-સુણો ચંદાજી)

સુણ ગોયમજી, વીર પયંપે નરક તણી દુઃખ વાર્તા;
પરનારી સંગત જે કરતા, વળી પાપ થકી પણ નહી ડરતાં,
જમરાયની શંકા નવિ ધરતાં, સુણ૦ ૧

હે શ્રોતાજનો, નરકનાં દુઃખ સુણતા હૈયા થરથરે;
હે ગુણવંતા, વીરવાણી સાંભળી ધર્મધ્યજાનો ભરો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોહની પૂતળીને તપાવે છે, અતિ અગ્નિમય બનાવે છે;
તસ આલિંગન દેવરાવે છે, સુણ૦ ૨

પાંચસો જોજન ઉછાળે છે, પછી પટકી ભોંય પછાડે છે;
પછી તેહના દેહને બાળે છે. સુણ૦ ૩

શ્વાન થઈને તેહને કરડે છે, ઝાલી પરમાધામી મરડે છે;
વળી તેહની પાછળ દોડે છે. સુણ૦ ૪

મૃગની જેમ પાસમાં પકડે છે, કરવતથી તેહને ફાડે છે;
વળી પકડી પકડી ભમાવે છે. સુણ૦ ૫

વળી તેહને શૂળીએ ચડાવે છે, કાન નાક પણ તેહના કાપે છે;
વળી ભરસાડમાં તેહને ભારે છે. સુણ૦ ૬

વળી ખાલ ઉતારી જલાવે છે, તાતા તેલમાં પણ ઘાલે છે;
વિરૂઆ વિપાકોને દેખાડે છે.સુણ૦ ૭

માંસ કાપીને ખવડાવે છે, એમ જીવ ઘણા દુઃખ પાવે છે;
અતિ ત્રાસમાં સમય વિતાવે છે. સુણ૦ ૮

વળી શરીરમાં ખાર મિલાવે છે, એમ પરમાધામી દુઃખ દેખાડે છે;
શુભવીરની વાણીથી શીતલ થાવે છે. સુણ૦ ૯

૧૨૮ કરમચંદની સજ્ઝાય

કેઈ કેઈ નાચ નચાવે કરમચંદ, કેઈ કેઈ નાચ નચાવે;
એ અચરિજ મન પાવે કરમચંદ, કેઈ કેઈ નાચ નચાવે. ૧

આદિ જિનેશ્વર અંતરયામી હુઆ આદિના કર્તા;
તુમ પસાયે આહારને કાજે, રહ્યા વરસ લગે ફીરતા. ૨

સગરચકી સાઠહજાર, સુત પુત્ર મહાપરાકમી
તુમ પસાયે એકી સાથે, હુવા પલકમાં ભસ્મી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અતુલબળી મહાવીર સરિખા, અંગુઠે મેરૂ કંપાવ્યો;
તુમ પસાયે અનાર્યદેશે, સંગમ ચાલીને આવ્યો. ૪

દધિવાહન રાજાની બેટી, ચંદનબાલા કહાઇ;
તુમ પસાયે રાજગૃહીકે, ચૌટે મેલી વેચાઈ. ૫

હરિશ્ચંદ્રરાજા તારારાણી, પુત્ર લઇને નિસરતા;
સુભંગી કુલકી કરી ચાકરી, પાણી વહન કરતા. ૬

ઇત્યાદિક મોટા પુરૂષોત્તમ, કરણી કરી ઠામ પાયા;
આનંદઘન ઇમ બોલે કર્મથી, મેરા પાર ન આયા. ૭

૧૨૯ પુણ્યફળની સજઝાય

(રાગ - પુણ્યસંયોગે પામીયોજી)

સરસ્વતિ સામિણી પાય નમીજી રે, પ્રણમી સદ્‌ગુરૂ પાય,
દાન તણાં ગુણ હું ભણુંજી, સાંભળતા સુખ થાય.
રે જીવડા ! દીધાના ફલ જોય.....
વિણ દીધાં કેમ પામીએજી, હૃદયે વિચારી જોય રે. જીવડા૦ ૧

એક ઘેર ઘોડા હાથીયાજી, પાયક સંખ્યા ન પાર;
મ્હોટા મંદિર માળીયાજી, વિશ્વ તણો આધાર રે. જીવડા૦ ૨

ભરીયાને સહુકો ભરેજી, વૂઠ્યા વરસે મેહ;
સુખીયાના સહુ કો સગાજી, દુઃખીયાશું નહીં નેહ રે. જીવડા૦ ૩

બેઉ નર સાથે જનમીયાજી, એવડો અંતર આજ;
એક માથે ભારો વહેજી, એક તણે ઘેર રાજ રે. જીવડા૦ ૪

એક સુખીયા દીસે સદાજી, દુઃખીયા એક જ હોય;
સુખ દુઃખ બેઉ આંતરૂજી, પુણ્ય તણાં ફલ જોય રે. જીવડા૦ ૫

સેવ સુંવાળી લાપસીજી, ભોજન કુર કપૂર;
એકને કુકશ ઢોકળાંજી, પેટ ન પહોંચે પૂર રે. જીવડા૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક ઘર આંગણ મલપતીજી, મીઠા બોલી રે નાર;
એક ઘર કાળી કુબડીજી, કોઈ ન ચડે ઘર દ્વાર રે. જીવડા૦ ૭

એક ચઢી ઘોડે હાલતાજી, એક આગળ ઉભાય;
એક નર પોટે પાલખીજી, એક ઉવાણે પાય રે. જીવડા૦ ૮

એક ઘર બેટા સુંદરૂજી, રાખે ઘરના સૂગ;
એક ઘર દીસે વાંઝીયાજી, એક કુળ ખાંપણ કુપુત્ર રે. જીવડા૦ ૯

એક પાય પટોળી પહેરેજી, પહેરણ ઝાકઝમાળ;
એક તણે નહીં પહેરવાજી, ફાટેલ-તૂટેલ ચીર રે.જીવડા૦ ૧૦

એક ચિહું માંહે જાણીયેજી, વિશ્વમાંહે ચોસાળ;[૧]
એક નામ ન જાણીયેજી, નામ હોયે ધનપાળ રે. જીવડા૦ ૧૧

રોષ ન ધરજ્યો માનવીજી, દૈવ ન દેજો રે ગાળ;
જો કર વાવ્યા કોદરાજી, તો કેમ લણશો શાળ[૨] રે જીવડા૦ ૧૨

દત્તાવિણ[૩] ગર્વ ન કીજીયેજી, ભોળા મૂરખ લોક,
જિમ દીપક તેલ જ વિનાજી, ક્ષણમાં થાએ ફોક રે. જીવડા૦ ૧૩

પાત્ર કુપાત્રનો આંતરોજી, જોજો કરીને વિચાર;
શાલિભદ્ર સુખ ભોગવેજી, પાત્ર તણે અનુસાર રે. જીવડા૦ ૧૪

આણ મ ખંડો જિનતણીજી, શુભ-અશુભ ફળ જાણ;
મુનિ **લાવણ્યસમય** ભણેજી, એ સવિ પુણ્ય પ્રમાણ રે. જીવડા૦ ૧૫

૧-ચારે બાજુ. ૨-ચોખા. ૩-દાન વિના.

૧૩૦ શ્રી અધ્યાત્મપદ સજ્ઝાય

નાવમે નદીયાં ડૂબી જાય, મુજ મન અચરિજ થાય;
નાવમે નદીયા ડૂબી જાય.
કીડી ચાલી સાસરે મેં, સો મણ ચૂરમો સાથ;
હાથી ધરીયો ગોદમેં, ઉંટ લપેટ્યો જાય. નાવ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કચ્ચા ઇંડા બોલતાં, બચ્ચા બોલે નાય
ષડ્દર્શનમેં સંશય પડીયો, તો જ મુક્તિ મીલ જાય. નાવ. ૨

એક અચંબો ઐસો દીઠો, માછલી ચાવે પાન;
ઉંટ બજાવે બંસરીને, મેંઢક જોડે તાન. નાવ. ૩

એક અચંબો ઐસો દીઠો, મડદો રોટી ખાય;
મુખસે તો બોલે નહિ, ડગડગ હસતો જાય. નાવ. ૪

બેટી બોલે બાપને, વિણ જાયો વર લાય;
વિણ જાયો વર ના મિલે તો, મુજ શું ફેરા ખાય. નાવ. ૫

સાસુ કુંવારી વહુ પરણેલી, નણદલ ફેરા ખાય;
દેખણ વાલી હુલર જાયો, પાડોસણ હુલરાય. નાવ. ૬

એક અચંબો ઐસો દીઠો, કૂવામાં લાગી આગ;
કચરો કરબટ સબહી બલ ગયો, પણ ઘટ ભરભર આય. નાવ. ૭

આનંદઘન કહે સુણ ભાઈ સાધુ, એ પદસેં નિરવાણ;
ઇસ પદકા કોઈ અર્થ કરેંગા, શીઘ્ર હોવે કલ્યાણ; નાવ. ૮

૧૩૧ નાણાવટીની સજ્ઝાય

(હે સુખકારી ! આ સંસાર થકી જો મુજને ઉધ્ધરે-દેશી)

હે નાણાવટી, નાણું નિરભય ખરું પરખાવી લેજે,
તને ધૂતી જશે, પારખસરનું નિરમળ નજરે જોજે,
આ શહેરમાં ઠગ બહુ આવે છે, તે તો ખોટા રૂપૈયા લાવે છે,
સહુ સંસારને મન ભાવે છે. હો નાણાવટી૦...૧

ચૌટે બેસી લેજે નાણું, ખરું ખોટું પરખી સવિ જાણું,
તારે આ અવસરે રળવા ટાણું. હો નાણાવટી ૦...૨

હાટે બેસી વેપાર કરજે, કોથળીમાં નાણું ખરું ભરજે,
કપટીની સંગત પરિહરજે. હો નાણાવટી૦...૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહી રૂપૈયો સિક્કા સહી ચાલે, તાતું પારખું હોય તો પારખી લે,
જો ખોટા હશે તો નહી ચાલે. હો નાણાવટી૦...૪

તું તો લોભી શહેરનો છે રાજા, તને લોભે મળીયા ઠગ ઝાઝા,
જેહવો રાજા તેહવી પ્રજા. હો નાણાવટી ૦...૫

તું તો માઝમ રાતનો વેપારી, તારી પરદેશે ચીઠ્ઠીઓ ચાલી,
તારા નામની હુંડીઓ સ્વીકારી. હો નાણાવટી ૦...૬

નવિ જાણે કપટીની વાતો, ખોટે નાણે રખે લલચાતો,
તું તો સુરત શહેરનો વટવાતો. હો નાણાવટી ૦...૭

ઇમ બોલે વિવેક વાણી, કવિ **રૂપવિજય** દિલમાં આણી,
તમે સાંભળજો ભવિયણ પ્રાણી... હો નાણાવટી ૦...૮

૧૩૨ શ્રી આત્મોપદેશની સજઝાય

હું તો પ્રણમું સદ્‌ગુરુ રાયા રે, માતા સરસ્વતી વંદુ પાયા રે,
હું તો ગાઉં આતમરાયા, જીવનજી બારણે મત જાજો રે,
તમે ઘર બેઠા કમાવો, ચેતનજી બારણે મત જાજો રે ૧
તારે બાહિર દુર્મતિ રાણી રે, કેતાં સુ કુમતિ કહેવાણી રે,
તને ભોળવી બાંધશે તાણી જીવનજી બારણે મત જાજો ...૨
તારાં ઘરમાં છે ત્રણ રતન રે,તેનું કરજે તુ જતન રે,
એ તો અખૂટ ખજાનો છે ઘન, જીવનજી બારણે મત જાજો ...૩
તારા ઘરમાં પેઠા ધુતારા રે, તેને કાઢો ને પ્રિતમ પ્યારા રે,
તમે તેહથી રહો ને ન્યારા, જીવનજી. બારણે મત જાજો ...૪
સત્તાવનને કાઢો ઘરમાંથી રે, ત્રેવીશને કહો જાયે ઇહાંથી રે,
પછી અનુભવ જાગશે માહેથી, જીવનજી બારણે મત જાજો ...૫
સોળ કષાયને દીયો શીખ રે, અઢાર પાપ સ્થાનકને મંગાવો ભીખ રે,
પછી આઠ કરમની શી બીક, જીવનજી બારણે મત જાજો ...૬
ચારને કરી ચકચુર રે, પાંચમી શું થાઓ હજુર રે,
પછે પામો આનંદ ભરપૂર રે જીવનજી બારણે મત જાજો ...૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિવેક દીવે કરો અજુવાલો રે, મિથ્યાત્વ અંધકારને ટાલો રે,
પછી અનુભવ સાથે મહાલો, જીવનજી બારણે મત જાજો ...૮
સુમતિ સાહેલી શું ખેલો રે, દુર્મતિનો છેડો મેલો રે,
પછી પામો મુક્તિ ગઢ હેલો જીવનજી બારણે મત જાજો ...૯
મમતાને કેમ ન મારો રે ? જીતી બાજી કાંઈ હારો રે, ?
કેમ પામો ભવનો પારો ? જીવનજી બારણે મત જાજો ...૧૦
શુદ્ધ દેવગુરુ સુપસાય રે, મારો જીવ આવે કાંઈ ઠાય રે,
પછી **આનંદઘનમય** થાય, જીવનજી બારણે મત જાજો ...૧૧

આત્મગુણ પોષક સજ્ઝાય

૧૩૩ વિનયની સજ્ઝાય

(રાગ - રે જીવ માન ન કીજીએ)

વિનય કરો ચેલા ગુરુ તણો, જિમ લહો સુખ અપારો રે;
વિનય થકી વિદ્યા ભણો, તપ જપ સૂત્ર આચારો રે. વિનય૦ ૧

ગુરુ વચન નવિ લોપીયે, નવિ કરીયે વચન વિઘાતો રે;
ઊંચે આસન નવિ બેસીયે, વચ્ચે વચ્ચે નવિ કરીએ વાતો રે. વિનય૦ ૨

ગુરુ આગળ નવિ ચાલીએ, નવિ રહીયે પાછળ દૂર રે;
બરોબર ઉભા નવિ રહીએ, ગુરુને શાતા દીજે ભરપૂર રે. વિનય૦ ૩

વસ્ત્રપાત્ર નિત્ય ગુરુતણાં, પડિલેહીએ દોય વારો રે;
આસન બેસણ પુંજીએ, પાથરીએ સુખકારો રે. વિનય૦ ૪

અસન વસનાદિ સુખ દીએ, ગુરુ આણાએ મુખ નિરખો રે;
વિબુધવિમલસૂરિ ઇમ કહે, શિષ્ય થાયે ગુરુ સરખો રે. વિનય૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩૪ વિનયની સજ્ઝાય

(રાગ-ચતુરનર સમજો વિનય પ્રકાર)

પવયણ દેવી ચિત્ત ધરી જી, વિનય વખાણીશ સાર;
જંબૂને પૂછે કહોજી, શ્રી સોહમ ગણધાર;
ભવિક જન !, વિનય વહો સુખકાર..... ભ૦ ૧

પહેલે અધ્યયને કહોજી, ઉત્તરાધ્યયન મોઝાર;
સઘળા ગુણમાં મૂળગોજી, જે જિનશાસન સાર. ભ૦ ૨

નાણ વિનયથી પામીયે જી, નાણે દરિસણ શુદ્ધ;
ચારિત્ર દરિસણથી હુવે જી, ચારિત્રથી પુણ સિદ્ધ. ભ૦ ૩

ગુરુની આણ સદા ધરે જી, જાણે ગુરુનો ભાવ;
વિનયવંત ગુરુ રાગીયા જી,તે મુનિ સરળ સ્વભાવ. ભ૦ ૪

કણનું કુંડું પરિહરી જી, વિષ્ઠાશું મન રાગ;
ગુરુદ્રોહી તે જાણવાજી, સૂઅર ઉપમ લાગ. ભ૦ ૫

કોહ્યા કાનની કુતરી જી, ઠામ ન પામે રે જેમ;
શિલ હીણ અકહ્યાગરા જી, આદર ન લહે તેમ. ભ૦ ૬

ચંદ્ર તણી પરે ઉજળી જી, કીરતિ તેહ લહંત;
વિષય કષાય જીતી કરીજી, જે નર વિનય વહંત. ભ૦ ૭

વિજયદેવ ગુરુ પાટવી જી, શ્રી વિજયસિંહ સૂરીંદ;
શિષ્ય ઉદયવાચક ભણે જી, વિનય સયળ સુખકંદ. ભ૦ ૮

૧૩૫ શ્રી વિનયની સજ્ઝાય

(રાગ - પુણ્ય સંયોગે પામીઓજી)

શ્રી જંબૂમુનિ વિનવ્યા રે, શ્રી સોહમ ગણધાર;
ભાખે ઉત્તરાધ્યયનમાં રે, પહેલું વિનય વિચાર રે,
પ્રાણી ! વિનય ધરો ગુણ અંગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેથી ઉપજે જ્ઞાન તરંગ રે પ્રાણી, તેથી દર્શન ચરણ પ્રસંગ રે;
પ્રાણી ! તે શિવસુખ હેતુ અભંગ રે. પ્રાણી૦ ૧

ગુરુ આજ્ઞા નિત્ય ધારવી રે,પાળવી ગુરુની શિખ;
નિજ છંદે નવિ વર્તવું રે, તો હોય સફળી દીક્ષ રે. પ્રાણી૦ ૨

શિષ્ય વિનિતની ઉપરે રે, ગુરુ મન હોય સુપ્રસન્ન;
આપે તેહને ઉજમે રે. આગમ વચન રતન રે. પ્રાણી૦ ૩

ગુરુ દ્રોહી મસ્તર ભર્યા રે, ન કરે ગુરુ બહુમાન;
તે અપમાન લહે ઘણું રે, જિમ કોહ્યા કાનનો શ્વાન રે. પ્રાણી૦ ૪

શુકર જેમ તજી શાળને રે, અશુચિ કરે આહાર;
તેમ અવિનિતને વાલહો રે, અવિનયનો આચાર રે. પ્રાણી૦ ૫

ગુરુ અવિનયી કુલવાલુઓ રે, પડીયો ગણિકા પાસ;
ભવમાંહે ભમશે ઘણું રે, બાંધી કર્મની રાશ રે. પ્રાણી૦ ૬

ગુરુ વચને રૂસે નહિ રે,જાણે આપણો વાંક;
તે નવ દીક્ષિતની પરે રે, સાધે સાધ્ય નિશંક રે. પ્રાણી૦ ૭

વિનયથી ગુણ વધે ઘણાં રે, જગમાં લહે જસવાદ;
ધર્મનું મૂળ વિનય કહ્યો રે, સેવો તજી પ્રમાદ રે. પ્રાણી૦ ૮

વિનયથી રીઝે દેવતા રે, વિનયથી દાનવ વશ થાય;
વિનયથી ઇહભવ પરભવે રે, કાર્ય સિદ્ધિ સવિ થાય રે. પ્રાણી૦ ૯

વિનયને વશ છે ગુણ સવે રે, તે માર્દવથી થાય;
માટે વિનિત સરલાશયી રે, પામે સુજસ સવાઈ રે.પ્રાણી૦ ૧૦

વાચક **રામવિજય** કહે રે, વિનય કરે તે ધન્ય;
અધ્યયને પહેલે કહ્યાં રે, સાચા વીરના વચન રે. પ્રાણી૦ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩૬ શીયલની સજઝાય

શીયલ સમું વ્રત કો નહિ, શ્રી જિનવર એમ ભાખે રે;
સુખ આપે જે શાશ્વતા, દુર્ગતિ પડતા રાખે રે.શીયલ૦ ૧

વ્રત પચ્ચક્ખાણ વિના જુઓ, નવ નારદ જેહ રે;
એકજ શિયલ તણે બલે, ગયા મુક્તે તેહ રે. શીયલ૦ ૨

સાધુ અને શ્રાવક તણાં, વ્રત છે સુખદાયી રે;
શિયલ વિના વ્રત જાણજો, કુશકા સમ ભાઈ રે. શીયલ૦ ૩

તરૂવર મૂળ વિના જિસ્યો, ગુણ વિણ લાલ કમાન રે;
શીયલ વિના વ્રત એહવું, કહે વીર ભગવાન રે. શીયલ૦ ૪

નવ વાડે કરી નિર્મળું, પહેલું શીયલ જ ધરજો રે;
ઉદયરત્ન કહે તે પછી, વ્રતનો ખપ કરજો રે. શીયલ૦ ૫

૧૩૭ શીયલની સજઝાય

(રાગ - અસુણો શાંતિ જિણંદ)

ગીરૂઆરે ગુણ શીયલના, જે પાલે નરનારી રે;
જગમાં કીર્તિ તેહની, મળી ગાવે દેવકુમારી રે. ૧

શીલે નવનિધિ પામીયે, શીલે ગરથ ભંડાર રે;
શીલે નારદ ઉધ્ધર્યા રે, શીલે શીવકુમાર રે. ૨

શીલે સુદર્શન જાણીયે, શીલે જંબુકુમાર રે;
શીલે સીતા રામની, વળી સુભદ્રા નાર રે. ૩

શીલે દ્રોપદી ગહગહી, લેઈ સંયમ સુરગતિ જાય રે;
ઇણી પરે શીલ ગાવતા, મુજ રસના પાવન થાય રે. ૪

શ્રી વિજયરાજ સૂરીશ્વર, તપગચ્છપતિ ગુણખાણી રે;
દયાવિજય વિબુધ તણો, વંદે સુખવિજય શુભવાણી રે. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩૮ શીયલવ્રતની સજઝાય

(રાગ- શ્રી જીનભાષીત વચન વિચારીએ)

શ્રી જિનવાણી હો ભવિયણ ચિત્ત ધરો, છંડો વિષય વિરૂપ ચતુરનર;
નારી દેખી હો નયન ન જોડીયે, નવિ પડિયે ભવકૂપ ચતુરનર નવિ૰ ૧
સજ્જન સ્નેહી હો શીયળથી સુખ લહે, આતમ નિર્મળ થાય, ચતુરનર;
વ્રત સકળમાં જેહ શિરોમણિ, જસ ગુણ સુરનર ગાય ચતુરનર નવિ૰ ૨

ચક્ષુ કુશીલે હો જેહ સુખ માણતા, વિણસાડે નિજ કાજ ચતુરનર;
કાચને કટકે હો રત્નચિંતામણિ, હારે નિજકુલ લાજ ચતુરનર નવિ૰ ૩

રૂપને જોવે હો રાગ વધે સહી, વિષય વધે મન કાય ચતુરનર;
મનને પાપે હો મચ્છતંદુલીયો, જુઓ મરી સાતમીએ જાય ચતુરનર નવિ ૪

ધિગ્ ધિગ્ સરસવ સુખને કારણે, દુઃખ લહે મેરૂ સમાન ચતુરનર;
અણ ભોગવતાં હો ભવસાયર રૂલે, કરતાં યુવતિનું ધ્યાન ચુતરનર; નવિ ૫

રાજા રૂપ્પી હો નયન કુશીલથી, લક્ષ્મણા મનને રે પાપ ચતુરનર;
કાયાને જોગે હો સત્યકી પ્રમુખ બહુ, પામ્યા ભવદવ તાપ ચતુરનર; નવિ૰ ૬

સંયમ પાળ્યું હો સહસ્ર વરસ લગે, રાજઋષિ કંડરીક ચતુરનર;
ઉત્તરાધ્યયને હો ભોગને ચાખતો, પામ્યો નરકની ભીક ચતુરનર નવિ૰૭

સામગ્રી જોગે હો જે નથી સાધતા, લહેશે ભવની રે વાટ ચતુરનર;
ભાંગ્યો ઘટ તે મીલવો દોહિલો, કામનું મુખડું રે દાટ ચતુરનર નવિ૰૮

દીવો પકડી હો જે કુવે પડે, હરખે જે વિષ ખાય ચતુરનર
અગ્નિ મૂકે હો નિજ આવાસમાં, તસ કુણ વારવા જાય? ચુતરનર; નવિ૰ ૯

કાયા અુશચિ હો મળ મૂત્રે ભરી, નરકની દીવી રે નાર ચતુરનર;
એહવું જાણી હો શિયલને પાળજો, જિમ પામશો ભવ પાર ચુતરનર; નવિ૰૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શીલ થકી હો જિન ઉત્તમ પદ લહે, વાધે રૂપ કલા જ્ઞાન ચતુરનર;
કીર્તિ વાધે હો ઇહભવ પરભવે, જીવ લહે બહુ માન ચતુરનર; નવિ૦ ૧૧

૧૩૯ પહેલા મહાવ્રતની સજ્ઝાય

(રાગ-પુણ્ય સંયોગે પામીયો રે)

સકલ મનોરથ પૂરવેરે, શંખેશ્વર જિનરાય;
તેહ તણા સુપસાયથી રે, કરુ પંચ મહાવ્રત સજ્ઝાય રે;
મુનિ જન એહ પહેલું વ્રત સાર, એહથી લહિયે ભવનો પાર રે. મુનિ૦ ૧

પ્રાણાતિપાત વિરમણ કહ્યું રે, પહેલું વ્રત સુવિચાર;
ત્રસ થાવર બેહુ જીવની રે, રક્ષા કરે અણગાર રે. મુનિ૦ ૨

પ્રાણાતિપાત કરે નહીં રે, ન કરાવે કોઈની પાસ;
કરતા અનુમોદે નહી રે, તેહનો મુગતિમાં વાસ રે. મુનિ૦ ૩

જયણાએ મુનિ ચાલતા રે, જયણાએ બેસંત,
જયણાએ ઉભા રહે રે, જયણાએ સુવંત રે. મુનિ૦ ૪

જયણાએ ભોજન કરે રે, જયણાએ બોલંત;
પાપ કરમ બાંધે નહિ રે, તે મુનિ મોટા મહંત રે. મુનિ૦ ૫

પાંચે વ્રતની ભાવના રે જે ભાવે ઋષિરાય;
કાંતિવિજય મુનિ તેહના રે, પ્રેમે પ્રણમે પાય રે. મુનિ૦ ૬

૧૪૦ બીજા મહાવ્રતની સજ્ઝાય

(રાગ-ધન ધન શાશન મંડન મુનિવરા)

અસત્ય વચન મુખથી નવિ બોલીયે, જિમ નાવે રે સંતાપ;
મહાવ્રત બીજે રે જિનવર ઇમ ભણે, મૃષા સમુ નહિ પાપ. અ૦૧

ખારા જળથી રે તૃપ્તિ ન પામિયે, તિમ ખોટાની રે વાત;
સુણતાં શાતારે કિમહી ન ઉપજે, વળી હોય ધરમનો ઘાત. અ૦૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસત્ય વચનથી રે વયર પરંપરા, કો ન કરે વિશ્વાસ;
સાચા માણસ સાથે ગોઠડી,મુજ મન કરવાની આસ. અ૦ ૩

સાચા નરને રે સહુ આદર કરે, લોક ભણે જશવાદ;
ખોટા માણસ સાથે ગોઠડી, પગે પગે હોય વિખવાદ. અ૦૪

પાળી ન શકે રે ધરમ વીતરાગનો, કર્મ તણે અનુસાર;
કાંતિવિજય કહે તે પરશંસીએ, જે કહે શુદ્ધ આચાર. અ૦ ૫

૧૪૧ ત્રીજા મહાવ્રતની સજ્ઝાય

ત્રીજું મહાવ્રત સાંભળો, જે અદત્તાદાન;
દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી, ત્રિવિધે ત્રિવિધે પચ્ચક્ખાણ. ૧

તે મુનિવર તારે તરે, નહી લોભનો લેશ;
કર્મ ક્ષય કરવા ભણી, પહેર્યો સાધુનો વેશ. તે મુનિ૦ ૨

ગામ નગરપુર વિચરતા, જયણા માત્ર સાર;
સાધુ હોય તો નવિ લીયે, અણ આપ્યું લગાર. મુનિ૦ ૩

ચોરી કરતાં ઇહ ભવે, વધ બંધન પામંત;
રૌરવ નરકે પડે, ઇમ શાસ્ત્ર બોલંત. તે મુનિ૦ ૪

પરધન લેતા પરતણાં, લીધા બાહા જ પ્રાણ.
પરધન પરનારી તજે, તેહના કરું રે વખાણ. તે મુનિ૦ ૫

ત્રીજું મહાવ્રત પાળતાં, મોક્ષે ગયા કેઈ કોડી;
કાંતિવિજય મુનિ તેહના, પાય નમેં કર જોડી. તે મુનિ૦ ૬

૧૪૨ ચોથા મહાવ્રતની સજ્ઝાય

સરસ્વતી કેરા રે ચરણ કમળ નમી, મહાવ્રત ચોથું રે સાર;
કહીશું ભાવે રે ભવિયણ સાંભળો, સુણતાં જય જયકાર. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એવા મુનિવરને પાયે નમું, પાળે શિયળ ઉદાર;
અઢાર સહસ શીલાંગરથના ધણી, ઉતારે ભવપાર. એ૦ ૨

ચોથા વ્રતને રે સમુદ્રની ઉપમા, બીજા નદીઓ સમાન;
ઉત્તરાધ્યયને રે તે બત્રીસમેં, ભાખે જિન વર્ધમાન. એ૦ ૩

કોશા મંદિરે ચોમાસું રહ્યા, ન ચળે શિયળે લગાર;
તે સ્થુલભદ્રને જાઉં ભામણે, નમો નમો રે સોવાર. એ૦ ૪

સીતા દેખી રે રાવણ મોહિયો, કીધા કોડી ઉપાય;
સીતા માતા રે શીયલે નવિ ચળ્યાં, જગમાં સહુ ગુણ ગાય. એ૦ ૫

શીયળ વિહુણા રે માણસ ફુટડા, જેહવા આઉલ ફુલ;
શીયળ ગુણે કરી જેહ સોહામણા, તે માણસ બહુ મૂલ. એ૦ ૬

નિત ઉઠીને રે તસ સ્મરણ કરું, જેણે જગ જીત્યો રે કામ;
વ્રત લેઇને રે જે પાળે નહિ, તેહનું ન લીજે રે નામ. એ૦ ૭

દશમા અંગમાં રે શીયળ વખાણીયો, સકલ ધરમ માંહે સાર;
કાંતિવિજય મુનિ એણિ પરે ભણે, શીયળ પાળો નરનાર. એ૦ ૮

૧૪૩ પાંચમા મહાવ્રતની સજ્ઝાય

આજ મનહ મનોરથ અતિ ઘણો, મહાવ્રત ગાવા પાંચમા તણો
જિહાં સર્વ થકી પરિગ્રહ તજે, તેહને સંયમરમણી અતિ ભજે. આ૦ ૧

જેથી સંયમયાત્રા નિરવહીયે, તે તો પરિગ્રહમાં નવિ કહીયે;
જે ઉપરે મુર્ચ્છા હોયે ઘણી, તેહને પરિગ્રહ ભાખે જગધણી. આ૦ ૨

જે તૃષ્ણા તરુણીસું મોહિયા, તેણે વિશે વસા ખોઇયા;
તૃષ્ણા તરુણી જસ ઘર બાળા, તે જગ સઘળાના ઓશીયાળા. આ૦ ૩

તૃષ્ણા તરુણી જેણે પરિહરી, તેણે સંયમશ્રી પોતે વરી;
સંયમ રમણી જસ પટરાણી, તેહને પાય નમે ઇન્દ્ર ઇન્દ્રાણી આ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંયમ રમણીશું જે છે રાતા, તેહને ઇહ ભવ પરભવે સુખશાતા.
પાંચે વ્રતની ભાવના કહી, તે આચારાંગસૂત્રથી લહી. આ૦ ૫

શ્રી કીર્તિવિજય ઉવજ્ઝાયનો, જગમાંહે જસ મહિમા ઘણો;
તેહનો શિષ્ય **કાંતિવિજય** કહે, એ સજ્ઝાય ભણતાં સુખ લહે. આ૦ ૬

૧૪૪ જીવદયાની સજ્ઝાય

(રાગ-ચતુરનર સમજો વિનયપ્રકાર)

ગજભવે સસલો ઉગારીયો રે, કરૂણા આણી અપાર;
શ્રેણીકને ઘેર ઉપન્યો રે, અંગજ મેઘકુમાર ચતુરનર !
જીવદયા ધર્મસાર, જેથી પામીયે ભવનો પાર. ચતુર૦ ૧

વીર વાંદી વાણી સુણી રે, લીધો સંયમ ભાર;
વિજય વિમાને ઊપન્યો રે, સિઝશે મહાવિદેહ મોઝાર. ચતુર૦ ૨

નેમિ પ્રભુ ગયા પરણવા રે, સુણી પશુડાનો પોકાર;
પશુડાની કરૂણા ઉપની રે, તજ્યા રાજીમતી નાર. ચતુર૦ ૩

શરણે પારેવો ઉગારીયો રે, જુઓને મેઘરથ રાય;
શાંતિનાથ ચક્રી થયા રે, દયા તણે સુપસાય. ચતુર૦ ૪

માસખમણને પારણે રે, ધર્મરૂચિ અણગાર;
કીડીઓની કરૂણાએ કર્યો રે, કડવા તુંબડાનો આહાર. ચતુર૦ ૫

સર્વાર્થસિદ્ધમાં ઉપન્યા રે, સિદ્ધ્યાં વિદેહ મોઝાર;
ધર્મઘોષના શિષ્ય થયા રે, રૂડી દયા તણા એ પસાય. ચતુર૦ ૬

અર્જુનમાલી જાણજો રે, લીધો સંયમ ભાર;
કર્મ છ માસે ક્ષય કરી રે, પહોંતા મુગતી મોઝાર. ચતુર૦ ૭

દેવકીનંદન સોહામણા રે, નામે તે ગજસુકુમાલ;
ધગધગતી સગડી સહી રે, આણી દયા રે અપાર. ચતુર૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મરત્ન સુરતરૂ સમો રે, જેહની શીતલ છાંય;
સેવક જન નીત સેવજો રે, એહ છે મુક્તિનો દાય. ચતુર૦ ૯

૧૪૫ જીવદયાની સજ્ઝાય

(રાગ-રઘુપતિ રાઘવ રાજારામ)

આદિ જિનેશ્વર પાય પ્રણમેવ, સરસ્વતી સ્વામિની મન ધરેવ;
જીવદયા પાળો નરનાર, તો તરશો નિશ્ચય સંસાર ૧

પાણી ગળતાં જયણા કરો, ખારાં મીઠાં જુદાં ધરો;
જેહને મન દયા પ્રધાન, તે ઘર હોશે બહુ સંતાન. ૨

મારે જૂ ને ફોડે લીખ, નર નારીને એહિજ શીખ;
તેહને ઘરે નહીં સંતાન, દુઃખ દેખે તે મેરુ સમાન. ૩

પક્ષી ઉંદર માણસના બાલ, જે પાપી મારે ચિરકાલ;
તેને પરભવે એહી જ દુઃખ, છોરુ તણાં નવિ હોવે સુખ. ૪

માખણ મધ બોલઅથાણ, આદૂ સૂરણ વર્જે જાણ;
ગાજર મૂળા રતાળુ જેહ, શુદ્ધ શ્રાવક છંડે તેહ. ૫

ફોગટ ફૂલે ને માયા કરે, કહો કેમ તે ભવ સાયર તરે;?
જેહને દેવ-ગુરુશું દ્વેષ, સુખ નવિ પામે તે લવલેશ. ૬

બહુ દહાડાનું ભેગુ કરી, માખણ તાવે અગ્નિએ ધરી;
તેહ મરીને નરકે જાય, માનવ હોય તો દાહજ્વર થાય. ૭

દૂધ તણે વળી લોભે જેહ, પાડા ભૂખે મારે તેહ;
ફરતાં ઢોરમાં તે જાય વળી, ભૂખે તરશે મરે ટળવળી. ૮

'આંખ ફૂટે' દીયે જે ગાળ, પરભવ અંધો થાયે બાલ;
'મરો ફીટો' દિયે જે ગાળ, પરભવ સુખ ન પામે તે લગાર. ૯

પાટ પાટલા ને વસ્ત્રદાન, સુવિવેકે વળી રાંધ્યું ધાન;
મુનિવરને દેઈ કરે ઉલ્લાસ, તસ ઘરે લક્ષ્મી કરે ચિરવાસ. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેતાં દાન વિમાસણ કરે, દેઈ દાન મન ચિંતા ધરે;
સુખ સંપત્તિ પામે અભિરામ, છેડે ન હોયે વસવા ઠામ. ૧૧

ધન થોડું ને દીયે દાન, મહિયલ તેહને વાધે વાન;
ઋષિને દેઈ કરે રંગરોલ, તસ ઘરે લક્ષ્મી કરે કલ્લોલ. ૧૨

સુખ સંપત્તિ જો આવે મળી, ડોસાને દેવા મતિ ટળી;
ધન ઉપર જે રાખે સ્નેહ, પરભવ સાપપણે થાયે તેહ. ૧૩

અધિકો ઓછો બાંધે તોલ, દે વાચા નવિ પાળે બોલ;
તેહની લોકમાં ન હોય લાજ, પરભવ તેહના ન સરે કાજ. ૧૪

'પોથી બાળો' બોલે જેહ, પરભવ મૂરખ થાયે તેહ;
ભણે ગુણે દે પોથી દાન, પરભવ નર તે વિદ્યાવાન. ૧૫

નાના મોટાં કુંપલા હરી, ખાંતે ચૂંટે લીલા કરી;
કીધા કર્મ નવિ ઠેલાય, મરીને નર તે કોટીયો થાય. ૧૬

પાંખ પંખીની કાઢે જેહ, પરભવ ઠુંઠો થાયે તેહ;
પગ કાપે ને કરે ગલગલો, મરીને નર તે થાય પાંગલો. ૧૭

પાડોશીસું વઢે દિન રાત, પરભવ ન તે પામે સંગાથ;
માત પિતા સુત દિયર ઘણી, પરભવે તેહને વઢાવઢ ઘણી. ૧૮

અણદીઠું અણસાંભલ્યું કહે જેહ, પરભવ બહેરો થાયે તેહ
પારકી નિંદા કરે નરનાર, જશ નહીં પામે તેહ લગાર. ૧૯

પરના અવગુણ ટાંકે જેહ, નરનારી જશ પામે તેહ;
નિંદા કરે ને દિયે જે ગાળ,પરભવ નર તે પામે આળ. ૨૦

રાત્રિ ભોજન કરે નરનાર, તે પામે ઘુવડ અવતાર;
રાત્રે પંખી ન ખાયે ધાન, માણસ હૈયે ન દીસે સાન. ૨૧

સૂરજ સરીખો આથમે દેવ, માણસને ખાવાની ટેવ;
ધર્મી લોક જ હોયે જેહ, રાત્રિ ભોજન ન કરે તેહ. ૨૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગૌતમ પૃચ્છાને અનસાર, એહ સજઝાય કરી શ્રીકાર;
પંડિત હર્ષસાગર શિષ્યસાર, શિવસાગર કહે ધર્મ વિચાર. ૨૩

૧૪૬ સમતાની સજઝાય

(રાગ-આશાવરી)

જબ લગ સમતા ક્ષણ નહિ આવે, જબ લગ સમતા ક્ષણ નહિ આવે,
જબ લગ કોધ વ્યાપક હે અંતર, તબ લગ જોગ ન સુહાવે જબ૦ ૧

બાહ્ય ક્રિયા કરે કપટ કેળવે, ફીરકે મહંત કહાવે;
પક્ષપાત નહીં છોડે કબહુ, ઉનકું કુગતિ બુલાવે. જબ૦ ૨

જિન જોગીને કોધ કિયા તે, ઉનકું સુગુરુ બતાવે;
નામ ધારક ભિન્ન ભિન્ન બતાવે, ઉપશમ વિન દુઃખ પાવે. જબ૦ ૩

કોધ કરી ખંધક આચારજ, હુઓ અગ્નિકુમાર;
દંડકી નૃપનો દેશ પ્રજાલ્યો, ભમીયો ભવ મોઝાર. જબ૦ ૪

શાંબ-પ્રદ્યુમ્નકુમારે સંતાપ્યો, કષ્ટ દ્વૈપાયન પાય;
કોધ કરી તપનો ફળ હાર્યો, કીધો દ્વારિકા દાહ. જબ૦ ૫

કાઉસ્સગ્ગમાં ચઢીયો અતિ કોધે, પ્રસન્નચંદ્ર ઋષિરાય;
સાતમી નરકતણાં દલ મેલી, કડવા તે ન ખમાય. જબ૦ ૬

પાર્શ્વનાથને ઉપસર્ગ કીધો, કમઠ ભવાંતર ધીઠ;
નરક તિર્યચ તણાં દુઃખ પામી, કોધ તણાં ફલ દીઠ. જબ૦ ૭

એમ અનેક સાધુ પૂરવધર, તપીયા તપકરી જેહ;
કારજ પડે પણ તે નવિ ટકીયા, કોધ તણા બલ એહ. જબ૦ ૮

સમતા ભાવે જે મુનિ વરીયા, તેહનો ધન્ય અવતાર;
ખંધકઋષિની ખાલ ઉતારી, ઉપશમે ઉતર્યા પાર. જબ૦ ૯

ચંડરૂદ્ર આચારજ ચાલતાં, મસ્તકે કીધાં પ્રહાર;
સમતા કરતા કેવળ પામ્યાં, નવદીક્ષિત અણગાર. જબ૦ ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાગરચંદનું શીર પ્રજાળ્યું, ઋષભસેન નરિંદ;
સમતાભાવ ધરી સુરલોકે, પહોંચ્યા પરમાનંદ. જબ૦ ૧૧

ક્ષમા કરતા ખરચ ન લાગે, ભાંગે કોડ કલેશ;
અરિહંત દેવનો આરાધક થાયે, વાધે સુજસ પ્રવેશ જબ૦ ૧૨

૧૪૭ શ્રાવક કરણીની સજ્ઝાય

(રાગ - આદિ જિનેશ્વર પાય પ્રણમેવ)

શ્રાવક તું ઉઠે પરભાત, ચાર ઘડી રહે પાછલી રાત;
મનમાં સમરે શ્રી નવકાર, જેમ પામે ભવસાયર પાર. ૧

કવણ દેવ કવણ ગુરુ ધર્મ,કવણ અમારું છે કુલ કર્મ;
કવણ અમારો છે વ્યવસાય, એવું ચિંતવજે મનમાંય. ૨

સામાયિક લેજે મનશુદ્ધ, ધર્મતણી હિયડે ધરજે બુદ્ધ;
પડિક્કમણું કરે રયણિતણુ, પાતિક આલોઇએ આપણું. ૩

કાયા શક્તે કરે પચ્ચક્ખાણ, સુધિ પાલે જિનની આણ;
ભણજે ગણજે સ્તવન સજ્ઝાય, જિણ હુંતી નિસ્તારો થાય. ૪

ચિંતે નિત્ય ચૌદહ નીમ, પાળે દયા જીવોની સીમ;
દેહરે જાઈ જુહારે દેવ, દ્રવ્ય ભાવથી કરજે સેવ. ૫

પૂજા કરતા લાભ અપાર, પ્રભુજી મોટા મુક્તિ દાતાર;
જે ઉત્થાપે જિનવર દેવ, તેહને નવ દંડકની ટેવ. ૬

પોશાળે ગુરુવંદને જાય, સુણે વખાણ સદા ચિત્ત લાય;
નિર્દૂષણ સૂઝતો આહાર, સાધુને દેજે સુવિચાર. ૭

સામી વચ્છલ કરજે ઘણું, સગપણ મ્હોટું સામી તણું;
દુઃખીયા હીણા દીના દેખ, કરજે તાસ દયા સુવિશેષ. ૮

ઘર અનુસારે દેજે દાન, મોટાશું મ કરે અભિમાન;
ગુરુને મુખ લેજે આખડી, ધર્મ ન મૂકીશ એકે ઘડી. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વારૂ શુદ્ધ કરે વ્યાપાર, ઓછા અધિકાનો પરિહાર;
મ ભરજે કોઈની કૂડી સાખ, કૂડા જનશું કથન મ ભાખ. ૧૦

અનંતકાય કહ્યા બત્રીશ, અભક્ષ્ય બાવીશે વિશ્વાવીશ;
તે ભક્ષણ નવિ કીજે કિમે, કાચા કુણાં ફલ મત જિમે. ૧૧

રાત્રી ભોજનનાં બહુ દોષ, જાણીને કરજે સંતોષ;
સાજી સાબુ લોહ ને ગળી, મધુ ઘાવડીયા મત વેચીશ વળી. ૧૨

વળી મ કરાવે રંગણ પાસ, દૂષણ ઘણાં કહ્યાં છે તાસ;
પાણી ગળજે બે બે વાર, અળગણ પીતાં દોષ અપાર. ૧૩

જીવાણીના કરજે યત્ન, પાતક છંડી કરજે પુણ્ય;
છાણાં ઇંધણ ચૂલો જોય, વાવરજે જિમ પાપ ન હોય. ૧૪

ઘૃતની પેરે વાવરજે નીર, અણગળ નીર મ ધોઈશ ચીર;
બ્રહ્મવ્રત સુધા પાળજે, અતિચાર સઘલાં ટાળજે. ૧૫

કહીયાં પન્નર કર્માદાન, પાપ તણી પરહરજે ખાણ;
માથે મ લેજે અનર્થદંડ, મિથ્યા મેલ મ ભરજે પિંડ. ૧૬

સમકિત શુદ્ધ હૈડે રાખજે, બોલ વિચારીને ભાખજે;
પાંચતિથિ મ કરે આરંભ, પાળે શિયળ તજી મન દંભ. ૧૭

તેલ તક ઘૃત દૂધ અને દહીં, ઉઘાડા મત મેલો સહી;
ઉત્તમ ઠામે ખરચે વિત્ત, પરઉપગાર ધરે શુભ ચિત્ત. ૧૮

દિવસ ચરિમ કરજે ચોવિહાર, ચારે આહાર તણો પરિહાર;
દિવસ તણાં આલોવે પાપ, જિમ ભાંજે સઘળા સંતાપ. ૧૯

સંધ્યા આવશ્યક સાચવે; જિનવર ચરણ શરણ ભવભવે;
ચારે શરણ કરી દૃઢ હોવે, સાગારી અણસણ લઈ સૂવે. ૨૦

કરે મનોરથ મન એહવા, તીરથ શેગુંજે જાયવા;
સમેતશિખર-આબૂ-ગિરનાર, ભેટીશ હું ધન્ય ધન્ય અવતાર. ૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રાવકની કરણી છે એહ, એહથી થાયે ભવનો છેહ;
આઠે કર્મ પડે પાતળા, પાપ તણાં છૂટે આમળા. ૨૨

વારૂ લહીએ અમર વિમાન, અનુક્રમે પામે શિવપુર ધામ;
કહેજિન હર્ષ ઘણે સસનેહ, કરણી દુઃખ હરણી છે એહ. ૨૩

૧૪૮ દાન-શીલ-તપ ભાવની સજ્ઝાય

(રાગ - અહો અહો સાધુજી સમતાના દરીયા)

શ્રી મહાવીરે ભાખીયા, સખી ધર્મના ચાર પ્રકાર રે;
દાન-શીયલ-તપ ભાવના, સખી પંચમી ગતિ દાતાર રે. શ્રીમહા૦ ૧

દાને દોલત પામીયે સખી દાને કોડ કલ્યાણ રે;
દાન સુપાત્ર પ્રભાવથી, સખી કયવન્ના શાલિભદ્ર જાણ રે. શ્રીમહા૦ ૨

શિયળે સંકટ સવિ ટળે, સખી શિયળે વાંછિત સિદ્ધ રે;
શિયળે સુર સેવા કરે, સખી સોળ સતી પ્રસિદ્ધ રે. શ્રીમહા૦ ૩

તપ તપો ભવિ ભાવશું, સખી તપથી નિર્મળ તન્ન રે;
વરસ ઉપવાસી ઋષભજી, સખી ધન્નાદિક ધન્ય ધન્ય રે. શ્રીમહા૦ ૪

ભરતાદિક શુભ ભાવથી, સખી પામ્યા પંચમ ઠામ રે;
ઉદયરત્ન મુનિ તેહને, સખી નિત્ય કરે પ્રણામ રે. શ્રીમહા૦ ૫

૧૪૯ દાનધર્મની સજ્ઝાય

યોગીશ અતિશયવંત, સમવસરણે બેસી હો જગગુરુ;
ઉપદેશ અરિહંત, દાનતણા ગુણ હો પહેલે સુખકરૂ. ૧

દાન દોલત દાતાર, દાન ભાંજે હો ભવનો આમળો;
દાનના પાંચ પ્રકાર, ઉલટ આણી હો ભવિયણ સાંભળો. ૨

પહેલું અભય સુદાન, દયા હેતે હો નિજ તનુ દીજીએ;
જિમ મેઘરથ રાજન, જીવ સર્વને હો નિરભય કીજીએ. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજું દાન સુપાત્ર, સત્તાર ભેદે હો સંજમ જે ધરે;
નિર્મલ વ્રત ગુણ ગાત્ર, તૃણ મણિ કંચન હો અદત્ત જે પરિહરે. ૪

અશનાદિક જે આહાર, હેજે દીજે હો હાજર જે હોવે;
જિમ શાલિભદ્રકુમાર, સુપાત્ર દાને હો મહા સુખ ભોગવે. ૫

અનુકંપા દાન વિશેષ, ત્રીજું દેતાં હો પાત્ર ન જોઇએ;
અન્નનો અરથી દેખી, તેહને આપી હો પુણ્યવંતા હોઈએ. ૬

ધન પામી સસનેહ, અવસર આવે હો જ્ઞાતિ જે પોષીએ;
ઉચિત ચોથું એહ, સ્વજન કુટુંબ હો જેહથી સંતોષીએ. ૭

પાંચમું કીરતી દાન, યાચક જનને હો જે કાંઈ આપીએ;
વાધે તેણે યશ વાત, જગમાં સઘળે હો, ભલપણ થાપીએ. ૮

પામી ચિત્ત વિત્ત પાત્ર, જેહથી પ્રાણીઓ હો, અવિચલ સુખ લહે;
ધન દેતાં ક્ષણ માત્ર, વિલંબ ન કીજે હો, **ઉદયરત્ન** કહે. ૯

૧૫૦ સુપાત્રદાનની સજઝાય

(રાગ-આદિજીનેશ્વર પાયપ્રણમેવ)

પ્રણમી શ્રી ગોયમ ગણધર, જેહને નામે જયજયકાર;
સુપાત્રદાન તણાં ફલ કહું, શ્રીજિનવરના મુખથી લહું. ૧

સાર્થવાહ ધનાવહ સાર, વંદી મુનિને હરખ અપાર;
ઘૃતનું દાન દીધું ગહગહી, તીર્થંકરની પદવી લહી. ૨

ખીરદાન ભવ પહેલે દીધ, શાલિભદ્ર પામ્યા બહુ ઋદ્ધ;
જિનવર હાથે સંયમ લીધ, પહોંતા તે સર્વારથસિદ્ધ. ૩

ભવ પહેલે ગંગદત્તકુમાર, ભાવે પડિલાભે અણગાર;
ભવ બીજે કચવન્નો હોઈ, બહુ સોભાગી ધનવંત સોઈ. ૪

ચંદનબાળા કેવળ વરી, અડદબાકુળાં આપ્યા મન ધરી;
વીરજિનવરને હરખ અપાર, સોવનવૃષ્ટિ થઈ તિણે વાર. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધુ દાનનો મહિમા જોય, મૂલદેવ મહારાજા હોય;
ભાવસહિત જે દીયે દાન, એણિપેરે પામે નવનિધાન. ૬

ઉત્તમના નીત લીજે નામ, જિમ મનવંછિત સીઝે કામ;
માનવિજય પંડિતનો શિષ્ય, દીપવિજયની પૂરો જગીશ. ૭

૧૫૧ તપની સજઝાય

કીધા કર્મ નિકંદવા રે, લેવા મુક્તિનું દાન;
હત્યા પાતિક છૂટવા રે, નહિ કોઈ તપ સમાન.
ભવિકજન ! તપ કરજો મન શુદ્ધ..... ભવિક૦ ૧

ઉત્તમ તપના યોગથી રે, સેવે સુરનર પાય;
લબ્ધિ અઠ્ઠાવીશ ઉપજે રે, મનવાંછિત ફળ થાય. ભવિક૦ ૨

તીર્થંકર પદ પામીયે રે, નાશે સઘળા રોગ;
રૂપ લીલા સુખ સાહિબી રે, લહીયે તપ સંયોગ. ભવિક૦ ૩

તે શું છે સંસારમાં રે, તપથી જે નવિ હોય;?
જે જે મનમાં કામીયે રે, સફળ ફળે સવિ તેહ. ભવિક૦ ૪

અષ્ટ કરમના ઓઘને રે, તપ ટાળે તત્કાળ;
અવસર લહીને તેહનો રે, ખપ કરજો ઉજમાળ. ભવિક૦ ૫

બાહ્ય અભ્યંતર જે કહ્યા રે, તપના બાર પ્રકાર;
હોજો તેહની ચાલમાં રે, જેમ ધન્નો અણગાર. ભવિક૦ ૬

ઉદયરત્ન કહે તપ થકી રે, વાધે સુજસ સુનુર;
સ્વર્ગ હોવે ઘર આંગણે રે, દુર્ગતિ જાવે દૂર. ભવિક૦ ૭

૧૫૨ સત્સંગની સજઝાય

(રાગ - પુણ્ય સંયોગે પામીઓજી)

સત્સંગનો રસ ચાખ, પ્રાણી ! તુ તો સત્સંગનો રસ ચાખ;
પ્રથમ લાગે તીખો ને કડવો, અંતે આંબા કેરી સાખ. પ્રા૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેડી મંદિર માલ ખજાના, પડ્યા રહેશે ઘરબાર. પ્રા૦ ૨
આ રે કાયાનો ગર્વ ન કરશો, અંતે થવાની છે રાખ. પ્રા૦ ૩
યુવતિ જોઇને રાચ મા જરીયે, ખોટો બધો છે આ ખેલ. પ્રા૦ ૪
ચાર ગતિમાં જીવ તું ભમીયો, પંચમી ગતિ સંભાળ. પ્રા૦ ૫
તન ધન જોબન તે નથી તારા, અંતે માટીમાં મળનાર. પ્રા૦ ૬
મારું મારું કરી દાન ન દીધું, સાથે આવે ના તલભાર. પ્રા૦ ૭
રાયપ્રદેશી રાજ્યમાં ખુંચ્યો, ગુરુ સંગત જુવો સાર. પ્રા૦ ૮
ગુરુ ઉપદેશથી રાય પ્રદેશી, પામશે મોક્ષ દુવાર પ્રા૦ ૯
શ્રેણિક રાજા સમકિત પામ્યા, ગુરુ અનાથી મુનિરાય. પ્રા૦ ૧૦
જ્ઞાનવિમલ કહે સત્સંગનું ફલ, રત્નચિંતામણી ભાઈ. પ્રા૦ ૧૧

પાપસ્થાનકની સજ્ઝાયો

૧૫૩ ક્રોધની સજ્ઝાય

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે; રીસતણો રસ જાણીએ, હળાહળ તોલે. ૧
ક્રોધે ક્રોડ પૂરવતણું, સંયમફળ જાય; ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. ૨
સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ; શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીયો નાગ. ૩
આગ ઊઠે જે ઘરથકી, તે પહેલું ઘર બાળે; જળનો જોગ જો નવિ મળે તો, પાસેનું પરજાળે. ૪
ક્રોધતણી ગતિ એહવી, કહે કેવળનાણી; હાણ કરે જે હિતની, જાળવજો એમ જાણી. ૫
ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી; કાયા કરજો નિર્મળી, ઉપશમરસે નાહી. ૬

૧૫૪ ક્રોધની સજ્ઝાય

ક્રોધ તે બોધ નિરોધ છે, ક્રોધ તે સંયમઘાતી રે;
ક્રોધ તે નરકનું બારણું, ક્રોધ દુરિત પક્ષપાતી રે. પાપ૦ ૧
પાપસ્થાનકં છઠ્ઠું પરિહરો, મન ધરી ઉત્તમ ખંતી રે;
ક્રોધભુજંગીની જાંગુલી, એહ કહી જયવંતી રે. પાપ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂરવ કોડિ ચરમ ગુણે, ભાવ્યો છે આતમા જેણે રે;
કોધ વિવશ હુંતાં દોય ઘડી, હારે સવિ ફળ તેણે રે. પાપ૦ ૩

બાળે તે આશ્રમ આપણો, ભજના અન્યને દાહે રે;
કોધ કૃશાનું સમાન છે, ટાળે પ્રશમ પ્રવાહેં રે. પાપ૦ ૪

આકોશ-તર્જના-ઘાતના, ધર્મભ્રંશને ભાવે રે;
અગ્રિમ અગ્રિમ વિરહથી, લાભ તે શુદ્ધ સ્વભાવે રે. પાપ૦ ૫

ન હોય ને હોય તો ચિર નહિ, ચિર રહે તો ફલ છેહો રે;
સજ્જન કોધ તે એહવો, જેહવો દુરજન નેહો રે.પાપ૦ ૬

કોધી મુખે કટું બોલણા, કંટકીઆ કુટ સાખી રે;
અદીઠ કલ્યાણકરા કહ્યાં, દોષ તરૂં શત શાખી રે. પાપ૦ ૭

કુરગડું ચઉતપ કરા, ચરિત સુણી શમ આણો રે;
ઉપશમ સાર છે પ્રવચને, સુજશ વચન એ પ્રમાણો રે. પાપ૦ ૮

૧૫૫ કોધની સજ્ઝાય

(રાગ-સાંભળજો મુનિ સંજમ રાગે)

કોધ ન કરીએ ભલા પ્રાણી, કોધે દુરગતિ ખાણી રે;
કોધે તપ જપ હોયે હાણી, ઇમ વદે જિનવાણી રે. કો૦ ૧

કોધે દૂરે શિવ પટરાણી, જાયે જિમ રીસાણી રે;
કોધ ચંડાલતણી નિસાણી,કાય લતા કુમલાણી રે. કો૦ ૨

કોધે નવલાં વેર બંધાયે, પ્રેમ પૂરવલો જાય રે;
કોધે નવલી પ્રીતિ ન થાયે, કોધે આપ મરાય રે. કો૦ ૩

આપ તપે પરને સંતાપે, જે નર કોધે વ્યાપે રે;
કોધે નરનારીને શ્રાપે, પિંડ ભરાયે પાપે રે.કો૦ ૪

કોધ લજ્જાના તંતુને ત્રોડે, પુણ્ય તરુવર મોડે રે;
સદ્‌ગતિ કેરાં સુખ સંકોડે, દુરગતિ સામો દોડે રે. કો૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માતપિતા સુત બાંધવ છોડે, ક્રોધે મૂછને મરડે રે;
રાજા દંડે દૈવ વખાડે, અપજશના ફલ જોડે રે. ક્રો૦ ૬

ક્રોધે સઘલા કાજ વિણાસે, પરના મર્મ પ્રકાશે રે;
સજ્જન તે પણ અળગા નાસે, કોઈ ન રાખે પાસે રે. ક્રો૦ ૭

આતમ શુભ શિખલડી આ છે, જો તું શિવપુર વાંછે રે;
પરનિંદાથી રહીને પાછે, મિચ્છામિ દુક્કડં માંગે રે. ક્રો૦ ૮

શ્રી જિન આગમને અભ્યાસે, **ભાવસાગર** ઇમ ભાખે રે;
ધર્મ કરો મનને ઉલ્લાસે, ઉપશમ આણો પાસે રે. ક્રો૦ ૯

૧૫૬ માનની સજ્ઝાય

(રાગ-પુણ્ય સંયોગે પામીઓજી)

માન ન કીજે માનવી રે, માન તે દુઃખ નિદાન,
માને હોય મલીનતા રે, જિમ જગ કોહ્યું પાન;
સુગુણનર ! ગર્વપણે ગુણ જાય, ગર્વપણું દુઃખદાય સુ૦ ૧

અતિ અભિમાની આકરો રે, ન નમે દેવગુરુ પાય,
હુંહુંકારો કરે ખર પરે રે, સાધુ સંગે નવિ જાય. સુ૦ ૨

માની મનમાં ચિંતવે રે, હું એક ચતુર સુજાણ,
અમે કામ મોટા કર્યા રે, શું જાણે લોક અજાણ. સુ૦ ૩

શેલ ખંભ જીમ સદા રહે રે, વંકો વયરી અભિમાન,
નમાવ્યો નમે નહિ રે, દૂરે તસ ધર્મ ધ્યાન. સુ૦ ૪

શું જઇએ ઉપાશ્રયે રે, કોઈ નવિ દીયે બહુમાન,
ધર્મલાભ ગુરુ નવિ દીયે રે, એમ બોલે અભિમાન. સુ૦ ૫

મૂરખ મનમાં નવિ લહે રે, તુજમાં હોશ્યે જો ગુણ,
આદરે આઘો બેસાડશે રે, કહેવા જાશે કુણ. સુ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માનીનું મન રાખવા રે, બોલાવી દીયે માન,
તિમ તિમ ફૂલી દડો હુએ રે, અધિક ઘરે અભિમાન. સુ૦ ૭

સન્નિપાત એક સહજનો રે, સાકર દૂધ વળી સંગ,
વિણ ઉદ્યમ વધતો હોવે રે, જિમ ગળીનો રે રંગ. સુ૦ ૮

વરસ વને કાઉસગ્ગ રહ્યા રે, બાહુબલી બલવંત,
માન મેલી મુગતે ગયા રે,. આપ થયા અરિહંત. સુ૦ ૯

ચોથો ચંડાલ કાઠીયો રે, દૂરે તજો અભિમાન,
વીર વિશુદ્ધે આદરો રે, શિવરમણી કરી શાન. સુ૦ ૧૦

૧૫૭ માનની સજ્ઝાય

રે જીવ ! માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહીં; તો કિમ સમકિત પાવે રે ? રે૦ ૧

સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે;
મુક્તિના સુખ છે શાશ્વતાં, તે કેમ લહીએ જુક્તિ રે. રે૦ ૨

વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે;
માને ગુણ જાયે ગળી, પ્રાણી જોજો વિચારી રે. રે૦ ૩

માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગરવે કરી, અંતે સવિ હાર્યો રે. રે૦ ૪

સૂકાં લાકડાં સારિખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે. રે૦ ૫

૧૫૮ માયાની સજ્ઝાય

(રાગ-શમદમ ગુણના આગરુજી)

સમકિતનું મૂળ જાણીએજી, સત્ય વચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસે જી, માયામાં મિથ્યાત્વ રે,
પ્રાણી ! મ કરીશ માયા લગાર ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુખ મીઠો જૂઠો મને જી, કૂડ કપટનો રે કોટ;
જુભે તો જીજી કરે જી, ચિત્તમાં તાકે ચોટ રે. પ્રા૦ ૨

આપ ગરજે આઘો પડે જી, પણ ન ધરે વિશ્વાસ;
મનશું રાખે આંતરો જી; એ માયાનો પાસ રે. પ્રા૦ ૩

જેહશું બાંધે પ્રીતડીજી, તેહ શું રહે પ્રતિકૂળ;
મેલ ન છંડે મન તણો જી, એ માયાનુ મૂળ રે પ્રા૦ ૪

તપ કીધો માયા કરી જી, મિત્રશું રાખ્યો રે ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજો જી, તો પામ્યા સ્ત્રીવેદ રે. પ્રા૦ ૫

ઉદયરત્ન કહે સાંભળો જી, મૂકો માયાની બુદ્ધ;
મુક્તિપુરી જાવા તણો જી, એ મારગ છે શુદ્ધ રે. પ્રા૦ ૬

૧૫૯ માયાની સજ્ઝાય

(રાગ - વંદો કેવળજ્ઞાન)

માયા મનથી પરિહરો રે, માયા આળપંપાળ,
માયાવી જગ જીવની રે, કોઈ ન કરે સંભાળ રે,
પ્રાણી ! માયા શલ્ય નિવાર, એહ છે દુર્ગતિ દ્વાર રે. પ્રાણી૦ ૧

માયા વિષની વેલડી રે, માયા દુઃખની ખાણ,
માયા દોષ પ્રગટ કરે રે, માયા હલાહલ જાણ રે. પ્રાણી૦ ૨

માયામાં મોહિત થઈ રે, અંધો જીવ ગમાર,
કૂડ-કપટ બહુ કેળવે રે,આણે ન શરમ લગાર રે. પ્રાણી૦ ૩

માયાવીને નિદ્રા નહિં રે, નહિં સુખનો લવલેશ,
માયાવી ધર્મ ન ચિંતવે રે, પગ-પગ પામે કલેશ રે. પ્રાણી૦ ૪

રાત-દિવસ રહે ઝુરતો રે, માયા સેવનથી જીવ,
દુર્ગતિમાં જઇ ઉપજે રે, પાડે નિરંતર રીવ રે. પ્રાણી૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માયાવી નર ફીટીને રે, પામે સ્ત્રીનો અવતાર,
સ્ત્રી મરીને નપુંસક હોવે રે, એહી જ માયાનો સાર રે. પ્રાણી૦ ૬

મણિવિજય કહે માયાને રે, વર્જે ધન્ય નર જેહ,
સંતોષે સુખી થઈ રે, શિવસુખ પામે તેહ રે.પ્રાણી૦ ૭

૧૬૦ લોભની સજઝાય

(રાગ - પુણ્ય સંયોગે પામીઓજી)

લોભ ન કરીએ પ્રાણીયા રે, લોભ બૂરો સંસાર,
લોભ સમો જગ કો નહીં રે, દુર્ગતિનો દાતાર;
ભવિકજન ! લોભ બૂરો સંસાર, વરજો તુમે નિરધાર;
જિમ પામો ભવપાર ભવિકજન ! લોભ બૂરો સંસાર.....૧

અતિ લોભે લક્ષ્મીપતિ રે, સાગર નામે શેઠ;
પુર પયોનિધિમાં પડ્યો રે, જઇ બેઠો તસ હેઠ. ભવિક૦૨

સોવન મૃગના લોભથી રે, દશરથ સુત શ્રીરામ;
સીતા નારી ગુમાવીને રે, ભમિયો ઠામો ઠામ. ભવિક૦૩

દશમા ગુણઠાણા લગે રે, લોભ તણું છે જોર;
શિવપુર જાતાં જીવને રે, એહિ જ મોટો ચોર. ભવિક૦૪

નવવિધ પરિગ્રહ લોભથી રે, દુર્ગતિ પામે જીવ;
પરવશ પડીયો બાપડો રે, અહોનિશ પાડે રીવ. ભવિક૦૫

પરિગ્રહના પરિહારથી રે, લહિયે શિવ સુખ સાર;
દેવદાનવ નરપતિ થઈ રે, જાશો મુક્તિ મોઝાર. ભવિક૦૬

ભાવસાગર પંડિત ભણે રે, વીરસાગર બુધ શિષ્ય;
લોભ તણે ત્યાગે કરી રે, પહોંચે સયલ જગીશ. ભવિક૦૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૬૧ લોભની સજઝાય

આશા દાસી વશ પડ્યા, જડ્યા કર્મ જંજીર;
પરિગ્રહ ભાર ભરે નડ્યા, સહે નરકની પીર.
પરિગ્રહ ભાર ભર્યા પ્રાણી, પામે અધોગતિ દુઃખ ખાણી;
જસ મતિ લોભે લલચાણી રે,
ચેતન ચતુર સુણો ભાઈ, લોભ દશા તજો દુઃખદાઈ રે. ૧

લોભે લાલચ જાસ ઘણી, પરિણતિ નીચી તેહ તણી,
લટપટ કરે બહુ લોક ભણી રે. ચેતન૦ ૨

લોભી દેશ વિદેશ ભમે, ધન કારણ નિજ દેહ દમે,
તડકા ટાઢનાં દુઃખ ખમે રે. ચેતન૦ ૩

લોભે પુત્ર પિતા ઝઘડે, લોભે નરપતિ રહે વગડે;
લોભે બાંધવ જોર લડે રે; ચેતન૦ ૪

હાર હાથી લોભે લીનો, કોણીકે સંગર બહુ કીનો;
માતા મહને દુઃખ દીનો રે. ચેતન૦ ૫

લોભારંભે બહુ નડીઆ, કાલાદિક નરકે પડીયા;
નિરયાવલી પાઠે ચટીયા રે. ચેતન૦ ૬

લોભ તજી સંવર કરજો, ગુરુ પદ પદ્મને અનુસરજો;
રૂપવિજય પદને વરજો રે. ચેતન૦ ૭

૧૬૨ હિંસા પાપસ્થાનકની સજઝાય

(રાગ-શ્રીજીનવરન પ્રગટ થયુ)

પાપ સ્થાનક પહેલું કહ્યું રે, હિંસા નામે દુરંત,
મારે જે જગ જીવને રે, તે લહે મરણ અનંત રે,
પ્રાણી ! જિનવાણી ઘરો ચિત્ત ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માતપિતાદિ અનન્તના રે, પામે વિયોગ તે મંદ;
દારિદ્ર દોહગ નવિ ટલે રે, મિલે ન વલ્લભવૃંદ રે. ૨

હોએ વિપાકે દશગણું રે, એકવાર કીયું કર્મ;
શત સહસ કોડી ગમે રે તીવ્ર ભાવના મર્મ રે. ૩

'મર' કહેતા પણ દુઃખ હુવે રે, મારે કિમ નહિ હોય;
હિંસા ભગિની અતિ બૂરી રે, વૈશ્વાનરની જોય રે. ૪

તેહને જોરે જે હુઆ રે, રૌદ્રધ્યાન પ્રમત્ત;
નરક અતિથિ તે નૃપ હુઆ રે, જિમ સુભમ બ્રહ્મદત્ત રે. ૫

રાય વિવેક કન્યા ક્ષમા રે, પરણાવે જસ સાંય;
તેહ થકી દૂરે ટલે રે, હિંસા નામે બલાય રે. ૬

૧૬૩ મૈથુન પાપસ્થાનકની સજ્ઝાય

(રાગ-છટકો આરો એવી આવશે)

પાપસ્થાનક ચોથું વર્જીએ, દુર્ગતિ મૂલ અબંભ,
જગ સવિ મુંઝ્યો છે એહમાં, છાંડે તેહ અચંભ. ૧

રૂડું લાગે રે એ ધુરે, પરિણામે અતિ અતિ કુર;
ફલ કિંપાકની સારિખું, વરજે સજજન દૂર. ૨

અધર વિદ્રુમ સ્મિત ફૂલડા, કુચ ફલ કઠિન વિશાલ,
રામા દેખી ન રાચીએ, એ વિષવેલી રસાલ. ૩

પ્રબલ જ્વલિત અયપૂતલી, આલિંગન ભલું તંત,
નરક દ્વાર નિતંબિની, જઘન સેવન તે દુરંત. ૪

દાવાનલ ગુણ વન તણો, કુલ મશી કૂર્ચક એહ,
રાજધાની મોહરાયની, પાતક-કાનન મેહ. ૫

પ્રભુતાએ હરિ સારીખો, રૂપે મયણ અવતાર,
સીતાએ રે રાવણ થયા, છાંડો પર નર નાર. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દશ શિર રજમાંહે રોળિયા, રાવણ વિવશ અબંભ,
રામે ન્યાયે રે આપણો, રોપ્યો જગ જય થંભ. ૭

પાપ બંધાએ રે અતિઘણાં, સુકૃત સકલ ક્ષય જાય,
અબ્રહ્મચારીનું ચિંતવ્યું, કદિય સફલ નવિ થાય. ૮

મંત્ર ફલે જગ જસ વધે, દેવ કરે રે સાનિધ્ધ,
બ્રહ્મચર્ય ઘરે જે નરા, તે પામે નવનિધ. ૯

શેઠ સુદર્શનને ટલી, શુલિ સિંહાસન હોય,
ગુણ ગાયે ગગને દેવતા, મહિમા શિયળનો જોય. ૧૦

મૂલ ચારિત્રનું એ ભલું, સમકિત વૃદ્ધિ નિદાન,
શીલ સલિલ ઘરે જિ કે, તસ હુએ સુજશ વખાણ. ૧૧

૧૬૪ પરિગ્રહ પાપસ્થાનકની સજ્ઝાય

(રાગ-છક્કો આરો એવો આવશે)

પરિગ્રહ મમતા પરિહરો, પરિગ્રહ દોષનું મૂલ, સલૂણે
પરિગ્રહ જેહ ઘરે ઘણો, તસ તપ-જપ પ્રતિકૂલ. સલૂણે. ૧

પરિગ્રહ મમતા પરિહરો.....
નવિ પલટે મૂલ રાશિથી, માર્ગી કદિય ન હોય; સલૂણે,
પરિગ્રહ ગ્રહ છે અભિનવો, સહુને દિએ દુઃખ સોય. સલૂણે. પરિ૦ ૨

પરિગ્રહ મદ ગુરૂઅત્તાણે, ભવમાંહિ પડે જંત; સલૂણે,
યાનપાત્ર જિમ સાયરે, ભારાકાંત અત્યંત. સલૂણે. પરિ૦ ૩

જ્ઞાન-ધ્યાન હય-ગયવરે, તપ-જપ-શ્રુત પરિતંત; સલૂણે,
છોડે શમ પ્રભુતા લહે, મુનિ પણ પરિગ્રહવંત. સલૂણે. પરિ૦ ૪

પરિગ્રહગ્રહ વશે લિંગિયા, લેઇ કુમતિરજ સીસ; સલૂણે,
જિમ તિમ જગ લવતા ફિરે, ઉન્મત્ત હુએ નિશદીસ. સલૂણે. પરિ૦ ૫

તૃપતો ન જીવ પરિગ્રહે, ઇંધણથી જિમ આગ; સલૂણે,
તૃષ્ણાદાહ તે ઉપશમે, જલ સમ જ્ઞાન વૈરાગ. સલૂણે. પરિ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૃપતો સગર સુતેં નહિ, ગોધનથી કૂચીકર્ણ; સલૂણે,
તિલકશેઠ વળી ધાન્યથી, કનકે નંદ સકર્ણ. સૂલણે. પરિ૦ ૭

અસંતુષ્ટ પરિગ્રહ ભર્યા, સુખીયા ન ઇંદનરિંદ; સલૂણે,
સુખી એક અપરિગ્રહી, સાધુ સુજસ સમકંદ. સૂલણે. પરિ૦ ૮

૧૬૫ રાગ પાપસ્થાનકની સજ્ઝાય

(રાગ- એકરે પંખી આવીને ઉડી ગયો) તથા
(લઘુ પણ હું તુમ મન નવિ માવું રે-એ દેશી)

પાપસ્થાનક દશમું કહ્યું રાગ રે, કુણહી ન પામ્યો તેહનો તાગ રે;
રાગે વાહ્યા હરિ હર બંભા રે, રાચે નાચે કરેય અચંભા રે. ૧

રાગ કેશરી છે વડ રાજા રે, વિષયાભિલાષ તે મંત્રી તાજા રે;
જેહના છોરૂ ઇંદ્રિય પંચો રે, તેહનો કીધો એ સકલ પ્રપંચો રે. ૨

જેહ સદાગમવશ હુઈ જાશે રે, અપ્રજાત્તાતા શિખરે વાસે રે;
ચરણ ધરમ નૃપ શૈલ વિવેકે રે, તેહશું ન ચલે રાગી ટેકે રે. ૩

બીજા તો સવિ રાગે વાહ્યા રે, એકાદશ ગુણઠાણે ઉમાહ્યા રે;
રાગે પાડ્યા તે નર ખુત્તા રે, નરકનિગોદે મહાદુઃખ જુત્તા રે ૪

રાગહરણ તપ જપ શ્રુત ભાખ્યા રે; તેહથી પણ જિણે ભવફલ ચાખ્યા રે;
તેહનો કોઈ ન છે પ્રતિકારો રે, અમીય હોય વિષ ત્યાં શ્યો ચારો રે ? ૫

તપબલે છૂટ્યા તરણું તાણી રે, કંચન કોડિ આષાઢભૂતિ નાણી રે
નંદિષેણ પણ રાગે નડિયા રે, શ્રુતનિધિ પણ વેશ્યાવશ પડિયા રે. ૬

બાવીશ જિન પણ રહી ઘરવાસે રે, વરત્યા પૂરવ રાગ અભ્યાસે રે;
વજબંધ પણ જસ બલ તૂટે રે, નેહતંતુથી તેહ ન છૂટે રે. ૭

દેહઉચ્ચાટન અગ્નિનું દહવું રે; ઘણ-કુટ્ટન એ સવિ દુઃખ સહવું રે;
અતિ ઘણું રાતી જે હોય મજીઠ રે, રાગતણો ગુણ એહજ દીઠ રે. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાગ ન કરજો કોઈ નર કોઈશું રે, નવિ રહેવાય તો કરજો મુનિશું રે;
મણિ જિમ ફણિનો વિષનો તિમ તેહો રે, રાગનું ભેષજ સુજસ સનેહો રે. ૯

૧૬૬ અભ્યાખ્યાન પાપસ્થાનકની સજ્ઝાય

(રાગ-અરણિક મુનિવર ચાલ્યા ગોચરી)

પાપસ્થાનક તે તેરમું છાંડીએ, અભ્યાખ્યાન દુરંતોજી,
અછતા આળ જે પરના ઉચ્ચરે, દુઃખ પામે તે અનંતોજી.
ધન ! ધન ! તે નર જે જિનમત ધરે ૧

અછતે દોષે રે અભ્યાખ્યાન જે, કરે ન પૂરે ઠાણોજી;
તે તે દોષેરે તેહને દૂષિયે, ઇમ ભાખે જિનભાણોજી. ધન૦ ૨

જે બહુ મુખરી રે વળી ગુણ-મત્સરી, અભ્યાખ્યાની તે હોયજી;
પાતક લાગેરે અણકીધાં સહી, તે કીધું સવિ ખોયજી. ધન૦ ૩

મિથ્યામતિની રે દશ સંજ્ઞા જિકે, અભ્યાખ્યાનના ભેદોજી;
ગુણ અવગુણનોરે જે કરે પાલટો, તે પામે બહુ ખેદોજી. ધન૦ ૪

પરને દોષ ન અછતા દીજીએ, પીજીએ જો જિનવાણીજી;
ઉપશમરસશું રે ચિત્તમાં ભીંજીએ, કીજીએ સુજસ કમાણીજી. ધન૦ ૫

૧૬૭ પરપરિવાદ પાપસ્થાકની સજ્ઝાય

સુંદર ! પાપસ્થાનક તજો સોલમું. પરનિંદા અસરાલ હો;
સુંદર ! નિંદક જે મુખરી હુવે, તે ચોથો ચંડાલ હો. ૧

સુંદર ! જેહને નિંદાનો ટાળ છે. તપ કિરિયા તસ ફોક હો,
સુંદર ! દેવ કિલ્બિષ તે ઉપજે, એહ ફલ રોકા રોક હો. ૨

સુંદર ! ક્રોધ અજીરણતપ તણું, જ્ઞાન તણું અહંકાર હો,
સુંદર ! પરનિંદા કિરિયાતણું, વમન અજીર્ણ આહાર હો. ૩

સુંદર ! નિંદકનો જેહ સ્વભાવ છે, તાસ કથન નવિ નિંદ હો;
સુંદર ! નામ ધરી જે નિંદા કરે, તેહ મહા મતિમંદ હો. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુંદર ! રૂપ ન કોઈનું ધારીયે, દાખીએ નિજ નિજ રંગ હો;
સુંદર ! તેહમાંહિ કોઈ નિંદા નહી, બોલે બીજું અંગ હો. ૫

સુંદર ! 'એ કુશીલણી' ઇમ કહે, કોપ હુઓ જેહ ભાખે હો,
સુંદર ! તેહ વચન નિંદા તણું, દશવૈકાલિક સાખે હો. ૬

સુંદર ! દોષ નજરથી નિંદા હુવે, ગુણ નજરે હુવે રાગ હો;
સુંદર ! જગ સવિ ચાલે માદલ મટ્યો, સર્વ ગુણી વીતરાગ હો. ૭

સુંદર ! નિજ મુખ કનક કચોલડે, નિંદક પરમલ લેઈ હો,
સુંદર ! જેહ ઘણા પરગુણ ગ્રહે, સંત તે વિરલા કોઈ હો. ૮

સુંદર ! પરપરિવાદ વ્યસન તજો, મ કરો નિજ ઉત્કર્ષ હો,
સુંદર ! પાપ કરમ ઇમ સવિ ટલે, પામે સુજસ તે હર્ષ હો. ૯

૧૬૮ આઠ મદની સજ્ઝાય

મદ આઠ મહામુનિ વારીયે, જે દુર્ગતિના દાતારો રે;
શ્રી વીર જિનેસર ઉપદિશે, ભાખે સોહમ ગણધારો રે. મદ૦ ૧

હાંજી જાતિનો મદ પહેલો કહ્યો, પૂર્વે હરિકેશીયે કીધો રે;
ચંડાળતણે કુળ ઉપન્યો, તપથી સવિ કારજ સીધો રે. મદ૦ ૨

હાંજી કુળ મદ બીજો દાખીયો, મરિચી ભવે કીધો પ્રાણી રે;
કોડાકોડી સાગર ભવમાં ભમ્યો, મદ મ કરો ઇમ મન જાણી રે. મદ૦ 3

હાંજી બળ મદથી દુઃખ પામીયા, શ્રેણીક વસુભૂતિ જીવો રે;
જઇ ભોગવે દુઃખ નરકતણાં, મુખે પાડંતા નીત રીવો રે. મદ૦ ૪

હાંજી સનતકુમાર નરેસરૂં, સુર આગળ રૂપ વખાણ્યું રે;
રોમ રોમ કાયા બગડી ગઈ, મદ ચોથાનું એ ટાણું રે. મદ૦ ૫

હાંજી મુનિવર સંયમ પાળતાં, તપનો મદ મનમાં આયો રે;
થયા કૂરગડુ ઋષિરાજીયા, પામ્યા તપનો અંતરાયો રે. મદ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાંજી દેશ દશારણનો ધણી, રાયદશાર્ણભદ્ર અભિમાની રે;
ઇંદ્રની ઋદ્ધિ દેખી બૂઝીયો, સંસાર તજી થયો જ્ઞાની રે. મદ૦ ૭

હાંજી સ્થૂલિભદ્રે વિદ્યાનો કર્યો, મદ સાતમો જે દુઃખદાઇ રે;
શ્રુત પુરણ અર્થ ન પામિયા, જુઓ માન તણી અધિકાઇ રે. મદ૦ ૮

રાય સુભૂમ ષટ્ ખંડનો ધણી, લાભનો મદ કીધો અપાર રે;
હય ગય રથ સબ સાયર ગયું, ગયો સાતમી નરક મોઝાર રે. મદ૦ ૯

ઇમ તન ધન જોબન રાજ્યનો, મ ધરો મનમાં અહંકારો રે;
એ અસ્થિર અસત્ય સવિ કારમું, ક્ષણમાં વિણસે બહુ વારો રે. મદ૦ ૧૦

મદ આઠ નિવારો વ્રતધારી, પાળો સંયમ સુખકારી રે;
કહે **માનવિજય** તે પામશે, અવિચળ પદવી નર નારી રે. મદ૦ ૧૧

૧૬૯ કૃપણ કાઠીયાની સજ્ઝાય

(રાગ - પુણ્ય સંયોગે)

કૃપણપણાથી બીહતો રે, નાવે ધર્મ સુઠામ,
યાચકજન આવે થકે રે, ઉઠી જાએ કામ રે,
પ્રાણી ! જિનવાણી ધરો ચિત્ત.....૧

દર્શન દૂરે તેહનું રે, નામ જપે ન કોઇ,
દર્શન ચાહે ન તેહનું રે, ચાલે શુકન ન જોય રે. પ્રાણી૦ ૨

કૃપણ તે કુગતિ વરે રે, સંબલ ન લહે સાથ,
પૂણ્ય કાજે એક પાઇકો રે, હરખે ન આપે હાથ રે. પ્રાણી૦ ૩

સજ્જન લોક આવ્યા આંગણે રે, થર થર ધ્રુજે હાથ,
પરજન દેખી પીરસતાં રે, આંખો નીચી અનાથ રે. પ્રાણી૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બેટાબેટી પરણાવતા રે, હરખે ખરચે હજાર;
ધર્મઠામે લેખુ ગણે રે, કરે તે વીસ વિચાર રે. પ્રાણી૦ ૫

ભુંજીને ભૂંઈ વાવીયે રે, ઉખર ક્ષેત્ર બીજ.
સિદ્ધક્ષેત્રે હોય સોગણું રે, અધિક હોયે રસ રીઝ રે. પ્રાણી૦ ૬

શાલિભદ્ર સુખ ભોગવે રે,દેતાં દાન પસાય;
શ્રેણીક સરીખો રાજીઓ રે, જોવા આવ્યો ઉલ્લાસ રે. પ્રાણી૦ ૭

મૂરખનર જાણે નહીં રે, દાને દારિદ્ર જાય,
જગ જસવાદ હોયે ઘણો રે, દાન તે શીવ ઉપાય રે. પ્રાણી૦ ૮

કૃપણપણું ભવિ પરિહરો રે, દીયો સુપાત્રે દાન;
વીર વિશુદ્ધ પદ એહ છે રે, ઇમ ભાખે ભગવાન રે. પ્રાણી૦ ૯

૧૭૦ ચેતનને ઉપદેશની સજ્ઝાય

(રાગ-પુણ્યસંયોગે પામીયો રે)

સદ્‌ગુરુ ચરણ પસાઉલે, કહીશુ શિખામણ સાર;
મન સમજાવો આપણું, જિમ પામો ભવપાર. ૧

રે ભાઈ ! રૂડું તે શું કર્યું, આતમને હિતકાર;
ઇહભવ પરભવ સુખ ઘણા, લહીયે જય જયકાર. ભાઈ૦ ૨

લાખ ચોરાસી યોનિ ભમી, પામ્યો નર અવતાર;
દેવગુરુધર્મ ન ઓળખ્યા, ન જપ્યો મન નવકાર. ભાઈ૦ ૩

નવ માસ માતાએ ઉદરે ધર્યો પાળી મોટો રે કીધ;
માય તાય સેવા કીધી નહિ, ન્યાયે મન નવિ દીધ. ભાઈ૦ ૪

ચાડી કીધી રે ચૌતરે દંડાવ્યા ભલા લોક;
સાધુજનને સંતાપીયા આળ ચઢાવ્યા તેં ફોક. ભાઈ૦ ૫

લોભે લાગ્યો રે પ્રાણીઓ, ન ગણે રાત્રિને દીહ;
હા હો કરતા એકીલો રે, જઇને હાથ ઘસીસ. ભાઈ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કપટ છળ ભેદ તે કર્યા, ભાખ્યા પરના રે મર્મ;
સાત વ્યસનને સેવીયા, નવિ કીધો જિનધર્મ. ભાઈ૦ ૭

ક્ષમા ન કીધી તે વળી, દયા ન કીધી રેખ;
પરવેદન તે જાણી નહીં તો, શું લીધો તે ભેખ. ભાઈ૦ ૮

સન્ધ્યા રાગ સમ આઉખું, જળ પરપોટો રે જેમ;
ડાભ અણી જળ બિંદુઓ અથિર સંસાર છે એમ. ભાઈ૦ ૯

અભક્ષ્ય અનંતકાય તે વાપર્યા, પીધા અળગણ નીર;
રાત્રીભોજન તેં કર્યા, કિમ પામીશ ભવતીર. ભાઈ૦ ૧૦

દાન શીયલ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર;
તે તેં ભાવે ન આદર્યા, રઝળીશ અનંતો સંસાર. ભાઈ૦ ૧૧

પાંચે ઇન્દ્રિય રે પાપિણી, દુર્ગતિ ઘાલે છે જેહ;
તે તો મૂકી તેં મોકળી કિમ પામીશ શિવગેહ. ભાઈ૦ ૧૨

ક્રોધ વિંટ્યો રે પ્રાણીઓ, માન ન મૂકે રે કેડ;
માયા સાપણીને સંગ્રહી, લોભને તે તેડ ભાઈ૦ ૧૩

પર રમણી રસ મોહીયો, પરનિંદાનો રે ટાળ;
પર દ્રવ્ય તે નવિ પરિહર્યું, પરને દીધિરે ગાળ. ભાઈ૦ ૧૪

ધર્મની વેળા તું આળસું, પાપ વેળા ઉજમાળ;
સંચ્યું ધન કોઈ ખાઈ જશે, જીમ મધમાખી મહુઆળ. ભાઈ૦ ૧૫

મેલી મેલી મૂકી ગયા, જેહ ઉપાર્જી રે હાથ;
સંચય કીજે રે પુણ્યનો, જે આવે તુજ સાથ ભાઈ૦ ૧૬

સંવત સત્તાર ચઉદોત્તારે ભાખી એહ સજઝાય;
ધર્મ મુનિ કહે ધ્યાનશુ સાંભળો ચિત્ત લાય. ભાઈ૦ ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવપદની સજ્ઝાયો

૧૭૧ નવપદની સજ્ઝાય

રાજગ્રહી ઉદ્યાન, સમોસર્યા ભગવંત, આ છે લાલ; શ્રેણિક વંદન આવિયાજી. ૧
હયગય રથ પરિવાર, મંત્રી અભયકુમાર, આ છે લાલ; બહુ પરિવાર સુપરિવર્યાજી. ૨
વાંદ્યા પ્રભુજીના પાય, બેઠી પરષદા બાર, આ છે લાલ; જિનવાણી સુણવા ભણીજી. ૩
દેશના દિયે જિનરાય, સાંભળે સહુ નરનાર, આ છે લાલ; નવપદ મહિમા વરણવેજી. ૪
આસો-ચૈતર માસ, કીજે ઓળી ઉલ્લાસ, આ છે લાલ; સુદિ સાતમથી માંડીયેજી. ૫
પંચ વિષય પરિહાર, કેવળ ભુમી સંથાર, આ છે લાલ; જુગતે જિનવર પુજીએજી. ૬
ગણિએ શ્રી નવકાર, દેવવંદન ત્રણ કાલ, આ છે લાલ; અઢાર હજાર ગણણું ગણોજી. ૭
નવ આંબીલ નિરમાય, કીજે ઓળી ઉદાર, આ છે લાલ; દંપતિ સુખ લિયે સ્વર્ગનાજી. ૮
મયણાં ને શ્રીપાલ, જપતાં નવપદ જાપ, આ છે લાલ; અનુક્રમે શિવરમણી વર્યાજી. ૯
ઉત્તમસાગર શિષ્ય, પ્રણમે તે નિશદિશ, આ છે લાલ; નવપદ મહિમા જાણીએજી. ૧૦

૧૭૨ અરિહંતપદની સજ્ઝાય

(રાગ-કડવા ફળ છે ક્રોધના)

વારી જાઉં શ્રી અરિહંતની, જેહના ગુણ છે બાર; મોહન૦
પ્રાતિહારજ આઠ છે, મૂલ અતિશય ચાર. મો૦ વા૦ ૧

વૃક્ષ અશોક સુર કુસુમની, વૃષ્ટિ દિવ્ય ધ્વનિ વાણ; મો૦
ચામર-સિંહાસન-દુંદુભિ, ભામંડલ છત્ર વખાણ. મો૦ વા૦ ૨

પૂજા અતિશય છે ભલો, ત્રિભુવન જનને માન; મો૦
વચનાતિશય જોજન ગામી, સમજે ભવિઅ સમાન. મો૦ વા૦ ૩

જ્ઞાનાતિશય અનુત્તર તણા, સંશય છેદજહાર; મો૦
લોકાલોક પ્રકાશતાં, કેવલજ્ઞાન ભંડાર. મો૦ વા૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાગાદિક અંતરરિપુ, તેહનો કીધો અંત; મો૦
જિહાં વિચરે જગદીશ્વરૂ, તિહાં સાતે ઇતિ સમંત. મો૦ વા૦ ૫

એહવા અપાયાપગમનો, અતિશય અતિ અદ્‌ભુત; મો૦
અહર્નિશ સેવા સારતા, કોડી ગમે સુર હુંત. મો૦ વા૦ ૬

માર્ગ શ્રી અરિહંતનો, આદરીયે ધરી નેહ; મો૦
ચાર નિક્ષેપે વાંદીયે, જ્ઞાનવિમલ ગુણ ગેહ. મો૦ વા૦ ૭

૧૭૩ સિદ્ધપદની સજ્ઝાય

(રાગ-ઢંઢણ ઋષીને કરૂં વંદના હુવારી લાલ)

નમો સિદ્ધાણં બીજે પદે રે લાલ, જેહના ગુણ છે આઠ રે; હું વારી લાલ;
શુકલધ્યાન અનલે કરી રે લાલ, બાળ્યા કર્મ કઠોર રે. હું૦ ન૦ ૧

જ્ઞાનાવરણી ક્ષયે લહ્યું રે લાલ, કેવલ જ્ઞાન અનંત રે; હું;
દર્શનાવરણીય ક્ષયથી થયા રે લાલ, કેવલ દર્શન કંત રે. હું૦ ન૦ ૨

અક્ષય અનંત સુખ સહજથી રે લાલ, વેદની કર્મનો નાશ રે; હું૦
મોહનીય ક્ષયે નિર્મલો રે લાલ, ક્ષાયિક સમકિત વાસ રે. હું૦ ન૦ ૩

અક્ષય સ્થિતિ ગુણ ઉપન્યો રે લાલ, આયુ કર્મ અભાવ રે; હું૦
નામકર્મ ક્ષયે નિપન્યો રે લાલ, રૂપાદિક ગત ભાવ રે હું૦ ન૦ ૪

અગુરૂલઘુ ગુણ ઉપન્યો રે લાલ, ન રહ્યો કોઈ વિભાવ રે; હું૦
ગોત્રકર્મના નાશથી રે લાલ, નિજ પ્રગટ્યા જસ ભાવ રે હું૦ ન૦ ૫

અનંતવીર્ય આતમતણું રે લાલ, પ્રગટ્યું અંતરાય નાસ રે. હું૦
આઠે કર્મ નાશી ગયા રે લાલ, અનંત અક્ષય ગુણવાસ રે. હું૦ ન૦ ૬

ભેદ પંદર ઉપચારથી રે લાલ, અનંતર પરંપર ભેદ રે. હુ૦
નિશ્ચયથી વીતરાગના રે લાલ, ત્રિકરણ કર્મ ઉચ્છેદ રે. હું૦ ન૦ ૭

જ્ઞાનવિમલની જ્યોતિમાં રે લાલ, ભાસિત લોકાલોક રે; હું૦
તેહના ધ્યાન થકી થશે રે લાલ, સુખીયા સઘલાં લોક રે. હું૦ ન૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૭૪ આચાર્યપદની સજ્ઝાય

(રાગ-પુણ્ય સંયોગે પામીયોજી)

આચારી આચાર્યનુંજી, ત્રીજે પદે ધરો ધ્યાન;
શુભ ઉપદેશ પ્રરૂપતાંજી, કહ્યા અરિહંત સમાન.
સૂરીશ્વરનમતા શિવસુખ થાય, ભવોભવનાં પાતિક જાય ૧

પંચાચાર પલાવતાંજી, આપણ પણ પાલંત;
છત્રીશ છત્રીશી ગુણે કરીજી, અલંકૃત તનું વિલસંત. સૂ૦ ૨

દર્શન જ્ઞાન ચારિત્રનાજી, એકેક આઠ આચાર;
બારહ તપ આચારનાજી, ઇમ છત્રીશ ઉદાર. સૂ૦ ૩

પડિ રૂપાદિક ચૌદ છેજી, વલિ દશવિધ યતિ ધર્મ;
બારહ ભાવના ભાવતાંજી, એ છત્રીશ મર્મ. સૂ૦ ૪

પંચેન્દ્રિય દમે વિષયથીજી, ધારે નવવિધ બ્રહ્મ;
પંચ મહાવ્રત પોષતાંજી, પંચાચાર સમર્થ. સૂ૦ ૫

સમિતિ-ગુપ્તિ શુદ્ધિ ધરેજી, ટાળે ચાર કષાય;
એ છત્રીશી આદરેજી, ધન્ય ધન્ય તેહની માય સૂ૦ ૬

અપ્રમત્તો અર્થ ભાખતાંજી, ગણિ સંપદ જે આઠ;
છત્રીશ ચઉ વિનયાદિકેજી, એમ છત્રીશે પાઠ. સૂ૦ ૭

ગણધર ઉપમા દીજીએજી, યુગ પ્રધાન કહાય;
ભાવ ચારિત્રી એહવાજી, જિહાં જિન માર્ગ ઠરાય સૂ૦ ૮

જ્ઞાનવિમલ ગુણ ગાવતાંજી, ગાજે શાસન માંહી;
તે વાંદી નિર્મળ કરોજી, બોધિ બીજ ઉચ્છાંહી સૂ૦ ૯

૧૭૫ ઉપાધ્યાયપદની સજ્ઝાય

ચોથે પદે ઉવજ્ઝાયનું, ગુણવંતનું ધરો ધ્યાન રે;
યુવરાજ સમ તે કહ્યા, પદ સૂરિ ને સમાન રે. ચોથે૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે સૂરિસમાન વ્યાખ્યાન કરે, પણ મન ન ધરે અભિમાન રે;
વળી સૂત્ર અર્થનો પાઠ દીયે, ભવિજીવને સાવધાન રે. ચોયે૦ ૨

અંગ અગિયાર ચૌદ પૂર્વ જે, વલી ભણે ભણાવે જેહ રે;
ગુણ પચવીશ અલંકર્યા, દૃષ્ટીવાદે અર્થના ગેહ રે. ચોયે ૦૩

બહુ નેહે અર્થ અભ્યાસે સદા, મન ધરતા ધર્મ ધ્યાન રે;
કરે ગચ્છ નિશ્ચિંત પ્રવર્તક,દીયે સ્થવિરને બહુ માન રે. ચોયે૦ ૪

અથવા અંગ અગ્યાર જે વલી, તેહના બાર ઉપાંગ રે;
ચરણ કરણની સિત્તરી, જે ધારે આપણે અંગ રે. ચોયે૦ ૫

વલી ધારે આપણે અંગે, પંચાંગી મતે શુદ્ધ વાણ રે;
નય ગમ ભંગ પ્રમાણ વિચારને, દાખતા જિન આણ રે. ચોયે ૦ ૬

સંઘ સકલ હિત કારીયા, રત્નાધિક મુનિ હિતકાર રે;
પણ વ્યવહાર પ્રરૂપતાં,કહે દશ સામાચારી આચાર રે. ચોયે૦ ૭

ઇન્દ્રિય પંચથી વિષય વિકારને, વારતાં ગુણ ગેહ રે;
શ્રી જિનશાસન ધર્મધૂરા, નિર્વહેતા શુચિ દેહ રે. ચોયે૦ ૮

પચવીશી પચવીશ ગુણ તણી, જે ભાખી પ્રવચન માંહી રે;
મુક્તાફલ શુક્તિ પરે, દીપે જસ અંગ ઉચ્છાંહી રે. ચોયે૦ ૯

જસદીપે અતિ ઉચ્છાંહે, અધિક ગુણે જિનથી એકતાન રે;
એહવા વાચકનું ઉપમાન શું કહું, જેહથી શુભ ધ્યાન રે ચોયે ૧૦

૧૭૬ સાધુપદની સજઝાય

તે મુનિને કરૂં વંદન ભાવે, જે ષટકાય વ્રત રાખે રે;
ઇન્દ્રિય પણ દમે વિષય વિકારથી, વળી શાન્ત સુધારસ ચાખે રે. તે૦ ૧

લોભ તણા નિગ્રહ ને કરતા, વલી પડિલેહણાદિક કિરિયા રે;
નિરાશંસ યતનાયે બહુ દીપે, વળી કરણ શુદ્ધિ ગુણદરિયા રે તે૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહર્નિશ સંયમ યોગશું યુક્તા, દુર્ધર પરિષહ સહેતા રે;
મન-વચ-કાય કુશલતાં યોગે, વરતાવે ગુણ અનુસરતા રે. તે૦ ૩

છંડે નિજ તનું ધર્મને કાજે, વલી ઉપસાર્ગાદિક આવે રે;
સત્તાવીશ ગુણે કરી સોહે, સૂત્રાચાર ને ભાવે રે. તે૦ ૪

જ્ઞાન-દર્શન-ચારિત્ર તણા જે, ત્રિકરણ યોગ આચાર રે;
અંગે ધરે નિસ્પૃહતા શુદ્ધિ, તે સત્તાવીશ ગુણ સાર રે. તે૦ ૫

અરિહંત ભક્તિ સદા ઉપદેશે, વાચક સૂરિના સહાઈ રે;
મુનિ વિના સર્વ ક્રિયા નવિ સુઝે, તીર્થ સકલ સુખદાઈ રે. તે૦ ૬

પદ પાંચમે ઇણીપરે ધ્યાવો, પંચમી ગતિને સાધો રે;
સુખી કરજો શાસનનાયક, **જ્ઞાનવિમલ** ગુણ વાધો રે. તે૦ ૭

૧૭૭ મુનિગુણની સજ્ઝાય

સમતા સુખના જે ભોગી, અષ્ટાંગ ધરણ જે જોગી;
સદાનંદ રહે જે અસોગી, શ્રદ્ધાવંત જે શુદ્ધોપયોગી રે.
ભવિજન ! એહવા મુનિ વંદો,.....
જેહથી ટળે સવિ દુઃખ દંદો, જે સમકિત સુરતરૂ કંદો. ૧

જ્ઞાનામૃત જે રસ ચાખે, જિન આણા હિયડેરાખે;
સાવદ્ય વચન નવિ ભાંખે, ભાખ્યું જિનજીનું ભાખે રે. ભવિ૦ ૨

આહાર લીયે નિરદોષ, ન ધરે મન રાગ ને રોશ;
ન કરે વળી ઇન્દ્રિય પોષ, ન ચિકિત્સે ન જૂએ જોષ રે. ભવિ૦ ૩

બાહ્યાંતર પરિગ્રહ ત્યાગી, ત્રિકરણથી જિનમત રાગી;
જસ શિવરમણી રઢ લાગી, વિનયી ગુણવંત વૈરાગી રે. ભવિ૦ ૪

મદ આઠ તણા માન ગાળે, એક ઠામે રહે વરસાળે;
પંચાચાર તે સૂધા પાળે, વળી જિનશાસન અજુઆળે રે. ભવિ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચાશ્રવ પાપ નિરોધે, જ્ઞાનદર્શન ચારિત્ર શોધે;
નવિ રાચે ન કોઈથી ક્રોધે, ઉપગાર ભણી ભવિ બોધે રે. ભવિ૦ ૬

ભિક્ષા લે ભ્રમર પરે ભમતાં, મનમાં ન ધરે કાંઈ મમતા;
રાગદ્વેષ સુભટને દમતા, રહે જ્ઞાનયોગાનમાં રમતા રે. ભવિ૦ ૭

સુધા પંચ મહાવ્રત વહેતા, ઉપશમ ધરી પરિષહ સહેતા;
વળી મોહ ગહન વન દહતા, વિચરે ગુરુ આણાએ રહેતા રે. ભવિ૦ ૮

જે જ્ઞાન ક્રિયા ગુણ પાત્ર, અણદીધું ન લે તૃણ માત્ર;
સદા શીલે સોહાવે ગાત્ર, જાણે જંગમ તીરથ જાત્ર રે. ભવિ૦ ૯

દયા પાળે વીશવાવીશ, ધરે ધ્યાન ધર્મ નિશદિશ;
જગજંતુ તણા જે ઇશ, જશ ઇંદ્ર નમાવે શીશ રે. ભવિ૦ ૧૦

ક્રોધ લોભ-અભિમાન ને માયા, તજીયા જેણે ચાર કષાયા;
બુધ ખિમાવિજય ગુરૂરાયા, શિષ્ય **જિનવિજય** ગુણ ગાયા રે. ભવિ ૦૧૧

૧૭૮ શ્રી દશમા અધ્યયનની સજ્ઝાય

તે મુનિ વંદો તે મુનિ વંદો, ઉપશમ રસનો કંદો રે;
નિર્મળ જ્ઞાન ક્રિયાનો ચંદો, તપ તેજે જેહવો દિણંદો રે. તે૦ ૧

પંચાશ્રવનો કરી પરિહાર,પંચ મહાવ્રતધારો રે;
ષટ્કાયજીવ તણો આધાર, કરતો ઉગ્ર વિહારો રે. તે૦ ૨

પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મ ધ્યાન નિરાબાધ રે;
પંચમ ગતિનો મારગ સાધે, શુભ ગુણ તો ઇમ વાધે રે. તે૦ ૩

ક્રય વિક્રય ન કરે વ્યાપાર, નિર્મમ નિરહંકાર રે;
ચારિત્ર પાળે નિરતિચારે, ચાલતો ખડ્ગની ધાર રે. તે૦ ૪

ભોગને રોગ કરી જે જાણે, આપે પુણ્ય વખાણે રે;
તપ-શ્રુતનો મદ નવિ આણે, ગોપવી અંગ ઠેકાણે રે. તે૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છાંડી ધન-કણ-કંચન-ગેહ, થઈ નિઃસ્નેહી નિરિહ રે;
ખેળ સમાણો જાણી દેહ, નવિ પોષે પાપે જેહ રે. તે૦ ૬

દોષ રહિત આહાર જે પામે, જે લુખે પરિણામે રે;
લેતો દેહનું સુખ નવિ કામે, જાગતો આઠે જામે રે. તે૦ ૭

રસના રસ રસીયો નવિ થાવે, નિર્લોભી નિર્માય રે;
સહે પરિષહ સ્થિર કરી કાયા, અવિચલ જિમ ગિરિરાયા રે તે૦ ૮

રાતે કાઉસ્સગ્ગ કરી સ્મશાને, જો તિહાં પરિષહ જાણે રે;
તો નવિ ચૂકે તેહવે ટાણે, ભય મનમાં નવિ આણે રે. તે૦ ૯

કોઈ ઉપર ન ધરે ક્રોધ, દિયે સહુને પ્રતિબોધ રે;
કર્મ આઠ ઝીંપવા જોદ્ધ, કરતો સંયમ શોધ રે. તે૦ ૧૦

દશવૈકાલિક દશમાઅધ્યયને, એમ ભાખ્યો આચાર રે;
તે ગુરુ લાભવિજયથી પામે,વૃદ્ધિવિજય જયકાર રે. તે૦ ૧૧

૧૭૯ શ્રી મુનિવંદનની સજ્ઝાય

(રાગ-તીરથની આશાતના નવિ કરીયે)

શ્રી મુનિરાજને વંદના નિત કરીયે, હાંરે તપસી મુનિવર અનુસરિયે;
હાંરે ભવસાગર સહેજે તરીયે, હાંરે જેનો ધન્ય અવતાર શ્રી મુનિ..૧

નિંદક પૂજક ઉપરે સમભાવે, હાંરે પૂજક પર રાગ ન આવે;
હાંરે નિંદક પર દ્વેષ ન લાવે, હાંરે તેહથી વીતરાગ શ્રી મુનિ..૨

સંજમધર ઋષિરાજજી મહાભાગી, હાંરે જેની સંજમે શુભમતિ જાગી;
હાંરે થયા કંચન કામિની ત્યાગી, હાંરે કરવા ભવ તાગ શ્રી મુનિ..૩

તીન ચોકડી ટાળીને વ્રત ધરીયા, હાંરે જાણું સંજમ રસના દરિયા;
હાંરે અજુવાળ્યા છે આપણા પરીયા, હાંરે ધન્ય ધન્ય ઋષિરાજ શ્રી મુનિ..૪

ચરણ કરણની સિત્તરી દોય પાળે, હાંરે વળી જિન શાશન અજુઆળે;
હાંરે મુનિ દોષ બેંતાલીશ ટાળે, હાંરે લેતા શુદ્ધ આહાર, શ્રી મુનિ..૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચિત્ર સંભૂતિ ને વળી હરિકેશી, હાંરે અનાથી મુનિ શુભલેશી;
હાંરે ગૌતમ ગણધર વળી કેશી, હાંરે બેહુના અણગાર શ્રી મુનિ..૬

દશચક્રી પ્રત્યેક બુદ્ધને જગ જાણે, હાંરે નમિરાજને ઇન્દ્ર સન્માણે;
હાંરે ઉત્તરાધ્યયને તે વખાણે, હાંરે શ્રી દશાર્ણભદ્ર શ્રી મુનિ..૭

છવ્વીશ કોટી ઝાઝેરા અઢીદ્વીપે, હાંરે તપ સંજમ ગુણથી દીપે;
હાંરે ચાર સોળ પચીશને જપે, હાંરે કીજે ગુણગ્રામ. શ્રી મુનિ..૮

દીપવિજય કવિરાજના ગુણ ગાવો, હાંરે ગુણ ગાઈને ભાવના ભાવો;
હાંરે ગાતા પરમ મહોદય પાવો, હાંરે માનવભવ સાર. શ્રી મુનિ..૯

૧૮૦ સાધુ સમુદાયની સજ્ઝાય

(રાગ - રઘુપતિ રાઘવ) (રાગ-આદિ જિનેશ્વર પાય પ્રણમે છે)

પ્રણમુ શાશનપતિ શ્રી વીર, લબ્ધિવંત ગૌતમ ગણિ ધીર;
જિનશાસનમાં જે મહાશૂર, નામ લેઉ તસ ઉગતે સૂર. ૧

નેમિનાથ જિન બાવીશમાં,વિકટ કામકટક જેણે દમ્યા;
તજી નારી પશુ ઉગારીયા, જઈ રૈવતગિરિ ચઢી તરીયા. ૨

સ્થુલીભદ્રની મોટી મામ, રાખ્યું ચૌરાશી ચોવીશી નામ;
કામ ગેહ કોશ્યા બની ધર્મી, થાપી કીધી ઉત્તમ કર્મી. ૩

કંચન કોડી નવાણું છોડી, નારી આઠ તણો નેહ તોડી;
સોલ વરસે સંયમ લીધ, જંબૂ સ્વામી થયા સુપ્રસિદ્ધ. ૪

કપિલા-અભયા બેઉ સુંદરી, કામકદર્થના બહુ પરે કરી;
શૂલી ફીટી સિંહાસન થયો, શેઠ સુદર્શન જગમાં જોયો. ૫

દેખી નટવી લાગ્યો મોહ, રાય દુર્બુદ્ધિ ન તજે લોહ;
મુનિ દેખી અનિત્યભાવનાએ સિદ્ધ, પુત્ર ઇલાચી કેવલ લીધ. ૬

ધન્ના શાલીભદ્રના અવદાત્ત, રમણી બુદ્ધિ સુખના સુગાત;
કેટલાં કીજે તાસ વખાણ, પામ્યા સર્વાર્થ સિદ્ધ વિમાન. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંદિષેણ મોટા અણગાર, લબ્ધિવંત ને પૂરવધાર;
સહસ્ત્ર ત્રેતાલીસ એકસો જાવાણું, પ્રતિબોધ્યા દેશનાથી જાણું. ૮

ક્ષમાવંત માંહી જે લીહ, ગયસુકુમાલ મુનિ માંહિ સિંહ;
સસરે શિર બાંધી માટીની પાળ, ભરીયા રીસ કરી અંગાર. ૯

બાળી કર્મને અંતગડ થયા, કીર્તિધર સુકોશલ વલી લહ્યા;
વાઘણ કેરા સહી ઉપસર્ગ, બાલ્યા સઘળા કર્મના વર્ગ. ૧૦

ખંધક સૂરીનાં પાંચસે શિષ્ય, ઘાણી ઘાલ્યા પણ ન લહી રીસ;
થયા અંતગડ જે કેવલી, મુક્તિ ગયા પહોંત્યા મન રૂલી. ૧૧

અહંકારી ને કેવલ લીધ,બાહુબલી અભિમાન પ્રસિદ્ધ;
લેઈ ચારિત્ર નૃપ દશાર્ણ ભદ્ર, પાય લગાડ્યો જેણે ઇન્દ્ર. ૧૨

પનર સયા ત્રણ ગૌતમ શિષ્ય, તાપસ ઋષીને દીધી દીખ;
કવલ ભરંતા કેવલ લહ્યાં, દુઃખ માત્ર જેણે નવિ સહ્યા. ૧૩

ભરત ભૂપની મતિ નિરમલી, આરિસા ઘરે જે કેવલી;
સુખે સુખે જેણે લહીયું મોક્ષ, તે જિન શાસનનો રસ પોષ. ૧૪

મમતા તજી નિરાસક્તિ ભજે, તે હળુકર્મી જીવ શિવ ભજે;
રાયે હળ ઉપરી જે નીમીયો, આવ્યો ભાતે અંતરાય કીયો. ૧૫

પનરસેં જીવને કર્યો અંતરાય, બાંધત કર્મ પુરા બહુ ભવ થાય;
અનુક્રમે કૃષ્ણ તણો સુત થાય, ઢંઢણ નામે ઢંઢણા માય. ૧૬

નેમી હાથે જેણે સંયમ લીધો, પૂર્વ કર્મે અભિગ્રહ કીધો;
અન્નઉદક વિણ રહ્યા છ માસ કેવલ પામ્યા પહોંચી આશ. ૧૭

ઇમ જિનશાસનમાં થયાં અનેક, શમદમ સંયમ તપે વિવેક;
તે મુનિવરના સેવો ચરણ, જિમ તુમે છુટો જન્મ મરણ. ૧૮

નામ સમરતાં કોડી કલ્યાણ, જે ભણે પ્રહ ઉગમતે ભાણ;
ધીરવિમલ કવિરાય પસાય, **નયવિમલ** કવિ ભણે સજ્ઝાય. ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૈવિધ્યસભર સજઝાય

૧૮૧ સુખીયાની સજઝાય

(રાગ તે મુનિવંદો તે મુનિ વંદો)

તે સુખીયા ભાઈ તે સુખીયા, જે પર દુઃખે દુઃખીયાજી;
પરસુખ દેખી જે સંતોષીયા, જેને જિનધર્મ ઓળખીયાજી. ૧

જ્ઞાનાદિક બહુ ગુણના દરિયા, ઉપશમ રસજળ ભરીયાજી;
જે પાળે નિત સુધી કિરીયા, ભવસાયર તે તરીયાજી. ૨

દાન તણે રંગે જે રાતા, શીલગુણે કરી માતા રે;
સવિ જગજીવને દિએ જે શાતા, પર વનિતાના ભ્રાતા રે. ૩

જેણે છાંડ્યા ઘરના ધંધા, જે પરધન લેવા અંધા રે;
જે નવિ બોલે બોલ નિબંધા, તપ તપવે જે જોદ્ધા રે. ૪

પરમેશ્વર આગળ જે સાચા, જે પાળે સુધી વાચાજી,;
ધર્મકામે કબહી નહી પાછા, જિનગુણ ગાવે જાચા રે. ૫

પાપ તણાં દુષણ સવિ ટાળે, નિજ વ્રત નિત સંભાળેજી;
કામ કોધ વૈરીને ગાળે, તે આતમકુળ અજુવાળેજી. ૬

નિશદિન ઇર્યાસમિતિએ ચાલે, નારી અંગ ન ભાળે જી;
શુક્લધ્યાન માંહે જે મ્હાલે, તપ તપી કર્મ ગાળે જી. ૭

જે નવિ બોલે પરની નિંદા, જે અમીરસ કંદાજી;
જેણે ત્રોડ્યા ભવના ફંદા, તસ દેખત પરમ આનંદાજી. ૮

જે પૂજે ભાવે જિન ઇંદા, સૌમ્ય ગુણે જિમ ચંદાજી;
ધર્મે ધીર ગુરુ ચિરનંદા, નય કહે હું તસ બંદાજી. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૮૨ સાધુમહિમાની સજ્ઝાય

અવધૂ નિરપક્ષ વિરલા કોઈ દેખ્યા જગત સહુ જોઈ.
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉત્થાપ ન હોઈ;
અવિનાશી કે ઘરકી બાતાં, જાનેંગે નર સોઈ. અવ૦ ૧

રાય રંકમેં ભેદ ન જાણે, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણીનો નહી પરિચય, તે શિવમંદિર દેખે. અવ૦ ૨

નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;
તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે. અવ૦ ૩

ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર સમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડ પરે નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા. અવ૦ ૪

પંકજ નામ ધરાય પંકશું, રહત કમળ જ્યું ન્યારા;
ચિદાનંદ એસા જન ઉત્તમ, સો સાહિબ કા પ્યારા. અવ૦ ૫

૧૮૩ ધર્મદૃઢતાની સજ્ઝાય

જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી, કેવા વ્રતધારી આગે થયા નરનારી રે;
થયા નરનારી તેને વંદના હમારી. વંદના હમારી તેને વંદના હમારી ૧

જુઓ જુઓ જંબુસ્વામી, બાળ વયે બોધ પામી; તજી ભોગ રિદ્ધિ જેણે, તજી આઠ નારી. ૨

ગજસુકુમાલ મુનિ, ધખે શિર પર ધૂણી; અડગ રહ્યા તે ધ્યાને, ડગ્યા ના લગારી. ૩

કોશ્યાના મંદિર મધ્યે, રહ્યા મુનિ સ્થૂલીભદ્ર; વેશ્યા સંગ વાસો તોયે, થયા ના વિકારી. ૪

સતી તે રાજુલ નારી, જગમાં ન જોડી એની; પતિવ્રતા કાજે કન્યા, રહી તે કુંવારી. ૫

જનક સુતા તે સીતા, બાર વર્ષ વનમાં વીત્યા; ઘણું કષ્ટ વેઠ્યું તોયે, ડગ્યા ના લગારી. ૬

ધન્ય ધન્ય નરનારી, એવી દૃઢ ટેક ધારી; જીવિત સુધાર્યું જેણે, પામ્યા ભવ પારી. ૭

એવું જાણી સુજ્ઞજનો, એવા ઉત્તમ આપ બનો; વીરવિજય ધર્મ પ્રેમે, દીએ ગતિ સારી. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૮૪ શ્રી પડિક્કમણાની સજ્ઝાય

(રાગ-શમદમ ગુણના આગરૂજી)

કર પડિક્કમણું ભાવશુંજી, સમભાવે ચિત્ત લાય;
અવિધિ દોષ જો સેવશોજી, તો નહિ પાતક જાય,
ચેતનજી ! એમ કેમ તરશોજી. ૧

સામાયિકમાં સામટીજી, નિદ્રા નયણે ભરાય;
વિકથા કરતા પારકીજી, અતિ ઉલ્લસિત મન થાય. ચેતનજી૦ ૨

કાઉસ્સગ્ગમાં ઉભા થકા, કરતાં દુઃખે રે પાય;
નાટક પ્રેક્ષણ જોવતાંજી, ઉભા રયણી જાય. ચેતનજી૦ ૩

સંવરમાં મન નવિ રૂચેજી, આશ્રવમાં હુંશિયાર;
સૂત્ર સુણે નહિ શુભ મનેજી, વાત સુણે ઘરી પ્યાર. ચેતનજી૦ ૪

સાધુજનથી વેગળોજી, નીચશું ધારે નેહ;
કપટ કરે કોડો ગમેજી, ધર્મમાં ધ્રુજે દેહ. ચેતનજી૦ ૫

ધર્મની વેળા નવિ દીએજી, ફૂટી કોડી રે એક;
રાજાએ રૂંધ્યો થકોજી, ખૂણે ગણી દીએ છેક. ચેતનજી૦ ૬

જિનપૂજા ગુરુ વંદનાજી, સામાયિક પચ્ચક્ખાણ;
નવકારવાલી નવિ રૂચેજી, કરે મન આર્તધ્યાન. ચેતનજી૦ ૭

ક્ષમા-દયા મન આણીયેજી, કરીયે વ્રત પચ્ચક્ખાણ;
ધરીયે મનમાંહિ સદાજી, ધર્મ-શુક્લ દોય ધ્યાન. ચેતનજી૦ ૮

શુદ્ધ મને આરાધશોજી, જો ગુરુના પદપદ્મ;
રૂપવિજય કહે પામશોજી, તો સુર શિવસુખ સદ્મ. ચેતનજી૦ ૯

૧૮૫ શ્રી પડિક્કમણાના ફલની સજ્ઝાય

ગોયમ પૂછે શ્રી મહાવીરને રે, ભાખો ભાખો પ્રભુજી સંબંધ રે;
પ્રતિક્રમણથી શ્યું ફલ પામીયે રે, શું શું થાયે પ્રાણીને બંધ રે. ગો૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાંભળો ગોયમ જે કહું પુન્યથી રે, કરણી કરતાં પુન્યનો બંધ રે;
પુન્યથી બીજો અધિકો કો નહિ રે, જેથી થાયે સુખ સંબંધ રે. ગો૦ ૨

ઇરછા પડિક્કમણું કરી પામીએ રે, પ્રાણી પુન્યનો બંધ રે;
પુન્યની કરણી જે ઉવેખશે રે, પરભવ થાશે અંધોઅંધ રે. ગો૦ ૩

પાંચ હજાર ઉપર પાંચશે રે, દ્રવ્ય ખરચી લખાવે જેહ રે;
જીવાભિગમ ભગવઈ પન્નવણા રે, મૂકે ભંડારે પુન્યની રેહ રે. ગો૦ ૪

પાંચ હજાર ઉપર પાંચશે રે, ગાયો ગર્ભવતી જેહ રે;
તેહને અભયદાન દેતાં થકાં રે, મુહપત્તિ આપ્યાનું પુન્ય એહ રે. ગો૦ ૫

દસ હજાર ગોકુલ ગાયો તણી રે, એકે કો દશ હજાર પ્રમાણ રે;
તેહને અભયદાન દેતાં થકાં રે, ઉપજે પ્રાણીને નિરવાણ રે. ગો૦ ૬

તેથી અધિકું ઉત્તમફળ પામીએ રે, પરને ઉપદેશ દીધાનું જાણ રે;
ઉપદેશ થકી સંસારી તરે રે, ઉપદેશે પામે પરિમલ નાણ રે. ગો૦ ૭

શ્રી જિનમંદિર અભિનવ શોભતાં રે, શિખરનું ખરચ કરાવે જેહ રે;
એકે કો મંડપ બાવન ચૈત્યનો રે, ચરવળો આપ્યાનું પુન્ય એહ રે. ગો૦ ૮

માસખમણની તપસ્યા કરે રે, અથવા પંજર કરાવે જેહ રે;
એહવા કોડ પંજર કરતાં થકાં રે, કાંબળીયું આપ્યાનું ફળ એહ રે. ગો૦ ૯

સહસ અઠ્યાસી દાનશાળા તણો રે, ઉપજે પ્રાણીને પુન્યનો બંધ રે;
સ્વામી સંઘાતે ગુરુ સ્થાનકે રે, પ્રવેશે થાએ પુન્યનો બંધ રે ગો૦ ૧૦

શ્રી જિનપ્રતિમા સોવનમય કરે રે, સહસ અઠ્યાસી પ્રમાણ રે;
એકેકી પ્રતિમા પાંચશે ધનુષ્યની રે, ઇરિયાવહી પડિક્કમતા ફલ જાણ રે. ગો૦ ૧૧

આવશ્યક પન્નવણા જુગતે ગ્રંથમાં રે, ભાખ્યો એ પડિક્કમણાનો સબંધ રે;
જીવા ભગવઈ આવશ્યક જોઇને રે, સ્વમુખ ભાખે વીરજિણંદ રે. ગો૦ ૧૨

વાચક જસ કહે શ્રદ્ધા ધરો રે, પાળે શુદ્ધ પડિક્કમણાનો વ્યવહાર રે;
અનુત્તર સમ સુખ પામે મોટકું રે, પામશે ભવિજન ભવજલ પાર રે. ગો૦ ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૮૬ સામાયિક લાભની સજ્ઝાય

(રાગ-એક દિન પુંડરીક)

કર પડિક્કમણું ભાવશું, દોય ઘડી શુભ ધ્યાન લાલ રે;
પરભવ જાતાં જીવને, સંબળ સાચું જાણ લાલ રે. કર૦ ૧

શ્રી મુખ વીર ઇમ ઉચ્ચરે, શ્રેણિકરાય પ્રતે જાણ લાલ રે;
લાખ ખાંડી સોના તણી; દીયે દિન પ્રત્યે દાન લાલ રે. કર૦ ૨

લાખ વર્ષ લગે ને વળી, એમ દીયે દ્રવ્ય અપાર લાલ રે;
એક સામાયિકને તોલે, નાવે તેહ લગાર લાલ રે. કર૦ ૩

સામાયિક ચઉવીસત્થો ભલું, વંદન દોય દોય વાર લાલ રે;
વ્રત સંભારો રે આપણા, તે ભવ કર્મ નિવાર લાલ રે. કર૦ ૪

કર કાઉસ્સગ્ગ શુભ ધ્યાનથી, પચ્ચક્ખાણ સુધુ વિચાર લાલ રે;
દોય સજ્ઝાયે તે વળી, ટાળો ટાળો અતિચાર લાલ રે. કર૦ ૫

શ્રી સામાયિક પ્રસાદથી, લહીયે અમર વિમાન લાલ રે;
ધર્મસિંહ મુનિ એમ ભણે, એ છે મુક્તિ નિદાન લાલ રે કર૦ ૬

૧૮૭ શ્રી નમસ્કાર મહામંત્રની સજ્ઝાય

(રાગ - ઋષભ જિનરાજ મુજ...)

સમર જીવ એક નવકાર નિજ હેજ શું, અવર કાં આળ-પંપાળ દાખે;
વર્ણ અડસઠ નવકારના નવ પદ, સંપદા આઠ અરિહંત ભાખે. ૧

આદિ અક્ષર નવકારના સ્મરણથી, સાત સાગર ટળી જાય દૂરા;
એક પદ ઉચ્ચરે દુરિત દુઃખડા હરે, સાગર આયુ પચાશ પૂરા. ૨

સર્વ પદ ઉચ્ચરતા પાંચશે સાગરા, સહસ ચોપન નવકારવાળી;
સ્નેહે મન સંવરી હર્ષભરી હેજ ધરી, લાખ નવ જાપથી કુગતિ ટાળી. ૩

લાખ એક જાપ જિન પૂજી પૂરા જપે, પદવી પામે અરિહંત કેરી,
અશોક તરૂવર તળે બાર પર્ષદા મળે, ગડગડે દુંદુભિ નાદ ભેરી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અષ્ટવલી અષ્ટસય અષ્ટ સહસાવલી , અષ્ટ લાખ જપે અષ્ટ કોડી;
કીર્તિવિમલ કહે મુક્તિ લીલા લહે, આપણા આઠ કર્મ વિછોડી. ૫

૧૮૮ સાચા જૈનત્વની સજઝાય

જૈન કહો કયું હોવે, પરમગુરુ ! જૈન કહો કયું હોવે ?
ગુરુ ઉપદેશ બિના જન મૂઢા, દર્શન જૈન વિગોવે. પરમ૦ ૧

કહત કૃપાનિધિ શમ-જલ ઝીલે, કર્મ-મેલ જો ધોવે.
બહુલ પાપ-મલ અંગ ન ધારે, શુદ્ધ રૂપ નિજ જોવે. પરમ૦ ૨

સ્યાદ્વાદ પૂરણ જો જાણે, નયગર્ભિત જસ વાચા;
ગુણ પર્યાય દ્રવ્ય જો બૂઝે, સોઈ જૈન હૈ સાચા. પરમ૦ ૩

ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચલત ચાલ અપૂંઠી;
જૈન દશા ઉનમેં હી નાહી, કહે સો સબહી જુઠી. પરમ૦ ૪

પરપરિણતિ અપની કર માને, કિરિયા ગર્વે ગહિલો;
ઉનકું જૈન કહો કયું કહિયે ?, સો મૂરખમેં પહિલો. પરમ૦ ૫

જૈનભાવ જ્ઞાને સબમાંહી, શિવ સાધન સદ્‌હિએ;
નામ ધેશણું કામ ન સીઝે, ભાવ-ઉદાસે રહીએ. પરમ૦ ૬

જ્ઞાન સકળ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી,
ક્રિયા કરત હે ધરત હે મમતા, યાહી ગલેમેં ફાંસી. પરમ૦ ૭

ક્રિયા બિના જ્ઞાન નહિ કબહું, ક્રિયા જ્ઞાન બિનુ નાહી;
ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહત હૈ, જ્યોં જલ-રસ જલમાંહી. પરમ૦ ૮

ક્રિયા મગનતા બાહિર દીસત, જ્ઞાન શક્તિ જસ ભાંજે,
સદ્‌ગુરુ શીખ સુને નહી કબહું, સો જન જનમેં લાજે. પરમ૦ ૯

તત્ત્વ-બુદ્ધિ જિનકી પરિણતિ હૈ, સકલ સૂત્ર કી કૂંચી,
જગ જસવાદ વદે ઉનહી કા, જૈન દશા જસ ઊંચી. પરમ ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૮૯ મોક્ષની સજ્ઝાય

મોક્ષનગર મારૂં સાસરૂં અવિચલ સદા સુખવાસ રે;
આપણા જિનવર ભેટીયે, તિહાં કરો લીલ વિલાસ રે. મો૦ ૧

જ્ઞાન દર્શન આણા આવીયા, કરો કરો ભક્તિ અપાર રે;
શીયળ શણગાર પહેરો શોભતાં, ઉઠી ઉઠી જિન સમરંત રે. મો૦ ૨

વિવેક સોવન ટીલું તપ તપે, જીવદયા કુમકુમ રોલ રે;
સમકિત કાજલ નયણરો, સાચું સાચું વચન તંબોલ રે. મો૦ ૩

સમતા વાટ સોહામણી, ચારિત્ર વેલ જોડાવ રે;
તપ જપ બળદ ધોરી જોતરો, ભાવના ભાવો રસાળ રે. મો૦ ૪

કારમું સાસરૂં પરિહરો, ચેતો ચેતો ચતુર સુજાણ રે;
જ્ઞાનવિમળ મુનિ ઇમ ભણે, તિહાં છે મુગતિનું ઠામ રે. મો૦ ૫

૧૯૦ આગમ આશાતનાની સજ્ઝાય

(રાગ - વીરકુંવરની વાતડી કેને કહિયે)

આગમની આશાતના નવિ કરીયે, હારે નવિ કરીયે રે નવિ કરીયે;
હારે શ્રુતભક્તિ સદા અનુસરીયે, હારે શક્તિ અનુસાર. આ૦ ૧

જ્ઞાનવિરાધક પ્રાણિયા મતિહીના, હારે તે તો પરભવ દુઃખીયા દીના;
હારે ભરે પેટ તે પર આધીના, હારે નીચ કુળ અવતાર. આ૦ ૨

અંધા લૂલા પાંગુલા પિંડ રોગી. હારે જન્મ્યા ને માત વિયોગી;
હારે સંતાપ ઘણો ને શોગી, હારે યોગી અવતાર. આ૦ ૩

મૂંગા ને વળી બોબડા ધન હીના, હારે પ્રિયા પુત્ર વિયોગે લીના;
હારે મૂરખ અવિવેકે ભીના, હારે જાણે રણનું રોઝ. આ૦ ૪

જ્ઞાનતણી આશાતના કરી દૂરે, હારે જિનભક્તિ કરો ભરપૂરે;
હારે રહો શ્રી શુભવીર હજુરે, હારે સુખમાંહે મગન. આ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૯૧ છઠ્ઠા આરાની સજ્ઝાય

છઠ્ઠો આરો એવો આવશે, જણાવે શ્રી જિનવરદેવ;
પૃથ્વી પ્રલય થાયશે, વરસશે વિરૂવા મેહ રે,
રે જીવ ! જિન ધર્મ કીજીએ..... ૧

તાવડે ડુંગર તરડશે, વાએ ઉડી ઉડી જાય;
ત્યાં પ્રભુ ગૌતમે પૂછીયું, પૃથ્વી બીજ કેમ થાય રે.? રે જીવ૦ ૨

વૈતાઢ્ય ગિરિ ઠામે શાશ્વતી, ગંગા સિંધુ નદી નામ;
તેણે બે કેડે બેહુ ભેખડો, બ્હોતેર બીલની ખાણ રે. રે જીવ૦ ૩

સર્વે મનુષ્ય તિહાં રહેશે, મનખા કેરી રે ખાણ;
સોળ વરસનું આઉખું, મુંઢા હાથની કાય રે. રે જીવ૦ ૪

છ વરસની સ્ત્રી ગર્ભ ધરશે, દુઃખી મહાદુઃખી થાય;
રાતે ચરવા નીકળે, દિવસે બીલમાંહે જાય રે. રે જીવ૦ ૫

સર્વ ભક્ષી સર્વે માછલા, મરી મરી દુર્ગતિ જાય;
નરનારી હોશે બહુ, દુર્ગંધી તસ કાય રે.રે જીવ૦ ૬

પ્રભુ બાલની પેરે વિનવું,, છઠ્ઠે આરે જન્મ નિવાર;
કાંતિવિજય કવિરાયનો, મેઘ ભણે સુખમાલ રે. રે જીવ૦ ૭

૧૯૨ નટવાની સજ્ઝાય

હું નટવો થઈને નાટક એવા નાચ્યો હો જિનવરીયાં;
પહેલા નાચ્યો પેટમાં, માતાના બહુવાર,
ઘોર અંધારી કોટડી, કોણ સુણે પોકાર;
જીહાં માથું નીચું ને, છાતી મારી ઊંચી હો જિનવરીયા. ૧

હાડમાંસનો પીંજરો, ઉપર મઢીયો ચામ;
મળમૂત્રમાંહે ભર્યો, માન્યો સુખનો ધામ,
જીહાં નવ નવ મહિના ઉંધે મસ્તકે લટકયો હો જિનવરીયા. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઊંટ કોડ રોમરોમમાં, કરી ધગધગતી સોય,
કોઈ ભોંકે જો સામટી, કષ્ટ અષ્ટગણું હોય
પછી માતાને મેં જમના દ્વાર દેખાડ્યા હો જિનવરીયા. ૩

બાંધી મુઠી દોયમાં, લાવ્યો પુણ્ય ને પાપ
ઉંવા ઉંવા કરી હું રડું, જગમાં હરખ ન માય.
પછી પડદામાંથી રંગભૂમિ પર આવ્યો હો જિનવરીયા. ૪

પારણીયામાં પોઢીયો, માતા હાલો ગાય,
ખરડાયો મળમૂત્રમાં, અંગુલી મુખમાં જાય,
પછી ભીનામાંથી સૂકામાં સુવડાવ્યો હો જિનવરીયા. ૫

છોટાનો મોટો થયો, રમતો ધુળીમાંય
પિતાએ પરણાવીયો, માતા હરખ ન માય.
પછી નારીનો નચાવ્યો થૈ થૈ નાચ્યો હો જિનવરીયા. ૬

કુટુંબ ચિંતા કારમી, ચુંટ કલેજા ખાય
તેથી તો ભલી ડાકીણી, મનડું માંહી મુંઝાય
જાણે કોશેટાનો કીડો જાળ ગુંથાણો હો જિનવરીયા. ૭

દાઢો ને દાંતો પડ્યા, નીચા ઢળીયા નેણ,
ગાલોની લાલી ગઈ, ખું ખું થઈ ગઈ રેણ,
પછી ડોસો થઇને ડગમગ ડગમગ ચાલ્યો હો જિન૦ ૮

ચારગતિના ચોકમાં, નાચ્યો નાચ અપાર
ન્યાયસાગર નાચ્યો નહીં, રત્નત્રયી મોઝાર
જાણે કુમતિનો ભરમાવ્યો કાંઈ નહી સમજ્યો હો જિન. ૯

૧૯૩ મન વશ કરવાની સજઝાય

મનાજી તું તો જિન ચરણે ચિત્ત લાય, તેરો અવસર વિત્યો જાય,
ઉદર ભરણ કે કારણે રે, ગૌઆ વનમેં જાય;
ચારો ચરે ચિહું દિશિ ફરે રે, વાંકુ ચિત્તડું વાછરીયામાંય. મનાજી૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાર પાંચ સાહેલી ભેગી મળીને, હીલમીલ પાણી જાય;
તાળી દિયે ખડ ખડ હસે રે, વાંકુ ચિત્તડું ગાગરીયા માય મનાજી૦ ૨

નટવો નાચે ચોકમાં રે લખ આવે લખ જાય;
વંસ ચટી નાટક કરે રે, વાંકું ચિત્તડું દોરડીયા માય. મનાજી૦ ૩

સોની સોનાના ઘાટ ઘડે રે, વળી ઘડે રૂપાના ઘાટ;
ઘાટ ઘડે મન રીઝવે રે, વાંકું ચિત્તડું સૌનેયા માય. મનાજી૦ ૪

જુગટીયા મન જુગટું રે, કામિને મન કામ;
આનંદઘન એમ વિનવે રે, ઐસો પ્રભુકો ઘર ધ્યાન. મનાજી૦ ૫

૧૯૪ મનની સજઝાય

ક્યાં કરૂં મન સ્થિર નહીં રહતા, અધર ફીરે મન મેરા રે;
યહ મનકો બેરબેર સમજાયા, સમજ સમજ મન મેરા રે. ૧

બૈઠ કહું તો ઉઠ ચલત હૈ, મન દોડે મન ધીરા રે;
પાઉ પલક મન સ્થિર નહીં રહેતા, કોણ પનીયારા મન મેરા રે. ૨

કુડ કપટે મહા વિષ ભરીયો, પરનારી સંગ કેરા રે;
ભવભવમાં જીવ કાલ ભટકતો, ફોગટ ફરીયા ફેરા રે. ૩

કુટુંબ કબીલા માલ ખજાના, ઇસમેં નહિ કોઈ તેરા રે;
સાંજ ભઈ જબ ઉઠ ચલેગા, જંગલ હોગા ડેરા રે. ૪

કહત **આનંદઘન** મન સમજાયા, મન કાયર મન સુરા રે;
મનકા ખેલ અજબકા પ્યાલા, પીવે સો પાવન હારા રે. ૫

૧૯૫ મુરખાની (જીવનગાડીની) સજઝાય

મુરખો ગાડી દેખી મલકાએ, ઉંમર તારી રેલ તણી પરે જાએ,
સંસાર રૂપી ગાડી બનાવી, રાગ દ્વેષ દોનું પાટા,
દેહ ડબ્બાને પળ પળ પૈંડા, એમ ફરે આઉખાનાં આંટા. મુરખો૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મ એન્જિનમાં કષાય અગ્નિ, વિષયવારિ માંહિ ભરીયું,
તૃષ્ણા ભુંગળું આગળ કરીને, ચાર ગતિ માંહિ ફરીયું. મુરખો૦ ૨

પ્રેમરૂપી અંકોડા વળગાડ્યા, ડબ્બે ડબ્બે જોડ્યા ભાઈ,
પૂરવભવની ખરચી લઈને, ચેતન બેસારૂં બેઠા માંહી. મુરખો૦ ૩

કોઈએ ટીકીટ લીધી નરક તિર્યંચની, કોઈએ લીધી મનુષ્ય દેવા,
કોઈએ ટીકીટ લીધી સિદ્ધિગતિની, તેણે પામ્યા છે અમૃતમેવા. મુરખો૦ ૪

ઘડી ઘડી ઘડીયાળા જ વાગે, નિશદિન એમ વહી જાય.
વાગે સીટી ને ઉપડે ગાડી, આડા અવળા મહેલ થાય. મુરખો૦ ૫

જાણી નરકમાં યમરાજ પાસે, જઇને સોંપ્યો તત્કાળ;
આરામ કરીને આવ્યો પરોણો, તેને ખાંભીએ પાકમાંહી ઘાલ્યો. મુરખો૦૬

લાખચોરાશી જીવાયોનીમાં, જીવડો રૂલે વારંવાર
સદ્‌ગુરુ શીખે ધર્મ આરાધે, તે પામે છે મુક્તિના દ્વાર મુરખો૦ ૭

સંવત અઢાર છ્યાંસી ના વરસે, આતમ ધ્યાન લગાઈ,
ગોપાળ ગુરુના પુણ્ય પસાયે, **મોહન** ગાયે ભવ ગાડી. મુરખો૦ ૮

૧૯૬ ઋતુવંતીની સજ્ઝાય

પવયણ દેવી સમરી માત, કહીશું મધુરી શાસન વાત;
ધર્મ આશાતન વર્જી કરો, પૂણ્ય ખજાનો પોતે ભરો. ૧

આશાતન કહિયે મિથ્યાત્વ, તસ વર્જન સમકિત અવદાત;
આશાતન કરવા મન કરે, દીર્ઘ ભવ દુઃખ પોતે વરે. ૨

અપવિત્રતા આશાતના મૂળ, તેહનું ઘર ઋતુવંતી પ્રતિકૂળ;
તે ઋતુવંતી રાખો દૂર, જો તુમે વાંછો સુખ ભરપૂર. ૩

દર્શન પૂજા અનુક્રમે ઘટે, ચારે સાતે દિવસે મટે;
પરશાસન પણ એમ સદ્‌દહે,ચારે શુદ્ધ હોયે તે કહે. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પહેલે દિન ચંડાલણી કહી, બીજે દિન બ્રહ્મઘાતીની સહી;
ત્રીજે દિન ધોબણ સમ જાણ, ચોથે શુદ્ધ હોય ગુણ ખાણ. ૫

ઋતુવંતી કરે ઘરનું કામ, ખાંડણ પીસંણ રાંધણ કામ;
તે અન્ને પ્રતિલાભ્યા મુનિ, સદ્‌ગતિ સઘળી પોતે હણી. ૬

તેહ જ અન્ન ભર્તાદિક જમે, તેણે પાપે ધન દૂરે ગમે;
અન્ન સ્વાદ ન હોય લવલેશ, શુભ કરણી જાયે પરદેશ. ૭

પાપડ વડી ખેરાદિક સ્વાદ, ઋતુવંતી સંગતિથી લાદ;
બુંડણ ભુંડણ ને સાપિણી, પરભવે તે થાય પાપિણી. ૮

ઋતુવંતી ઘરે પાણી ભરે, તે પાણી દેરાસર ચડે;
બોધિબીજ નવિ પામે કિમે, આશાતનાથી બહુ ભવ ભમે. ૯

અસજ્ઝાયમાં જમવા ઘસે, વિચે બેસીને મનમાં હસે;
પોતે સર્વે અભડાવી જમે, તેણે પાપે દુર્ગતિ દુઃખ ખમે. ૧૦

સામાયિક પડિક્કમણું ધ્યાન, અસજ્ઝાઈએ નવિ સુઝે દાન;
અસજ્ઝાઈએ જો પુરુષ આભડે, તેણે ફરસે રોગાદિક નડે. ૧૧

ઋતુવંતી એક જિનવર નમી, તેણે કર્મે તે બહુ ભવ ભમી;
ચંડાલણી થઈ તે વલી, જિન આશાતના તેહને ફલી. ૧૨

એમ જાણી ચોખાઈ ભજો, અવિધિ આશાતના દૂરે તજો;
જિનશાસન કિરિયા અનુસરો, જિમ ભવસાયર વહેલા તરો. ૧૩

શ્રદ્ધાલુ સેવા વિધિ સાર, અનુષ્ઠાન નિજ શક્તિ અપાર;
દ્રવ્યાદિક દૂષણ પરિહરો, પક્ષપાત પણ તેહનો કરો. ૧૪

ધન્ય પુરુષને હોય વિધિજોગ, વિધિ પક્ષારાધક સવિ ભોગ;
વિધિ બહુમાની ધન્ય જે નરા, તેમ વિધિપક્ષ અદૂષક ખરા. ૧૫

આસન સિદ્ધિ તે હોવે જીવ, વિધિ પરિણામી હોય તસ પ્રીત;
અવિધિ આશાતના જે પરિહરે, ન્યાય શિવ લચ્છી તસ વરે. ૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૯૭ સંગતની સજઝાય

લોઢું લાલ બને અગ્નિ સંગથી, એતો રાતું રહે ક્ષણવાર,
નીકળે જો બહાર, સંગત એને શું કરે ?,
જેનુ અંતર જાણો કઠોર, સંગત એને શું કરે ?. ૦ ૧

બારે મેઘ વરસે બહુ જોરથી, પણ મગશેલીયો ન ભીંજાય,
બીજા ગળી જાય. સંગત ૦ ૨

દૂધસાકર ઘીથી સીંચો સદા, પણ લીંબડાની કડવાશ ન જાય.
મધુર નવિ થાય સંગત ૦ ૩

ચંદન વૃક્ષના મૂલે વસી રહ્યો, પણ ફણીધરે છોડ્યો ન સ્વભાવ,
જાણ્યો ન પ્રભાવ. સંગત૦ ૪

પાણીમાંહે પડ્યો રહે સદા, કાલમિંઢ તણું એવું જોર,
ભીંજાય ન કોર. સંગત ૦ ૫

આંધણ ઉકળતાં માંહે ઓરીયે, પણ કોરડું તે ના રંધાય,
બીજા ચટી જાય. સંગત ૦ ૬

સો મણ સાબૂએ સાફ કર્યા છતાં, કોલસાની કાળાશ ના જાય,
ઉજ્વલ નવિ થાય સંગત૦ ૭

ખરને નિર્મલ જલે નવરાવીએ, પણ રાખ દેખી તત્કાલ,
ઘરે બહુ વ્હાલ. સંગત૦ ૮

કાળા રંગનું કપડું લઈ કદી, રાતા રંગમાં બોળે ઝબોળ,
મટે નહીં ડોળ. સંગત ૦ ૯

ઝરમર ઝરમર મેહુલો વરસી રહ્યો, વનસ્પતિઓ લીલી થાય,
પણ જવાસો સૂકાય. સંગત૦ ૧૦

કાગે હંસ તણી સોબત કરી, પણ ચૂક્યો ના પોતાનું ચરિત્ર,
જો જો એની રીત. સંગત૦ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કસ્તૂરી ને કપુરના ગંજમાં, દાટે કદી ડુંગળીને કોય,
સુગંધી ન હોય, સંગત૦ ૧૨

કસ્તુરીના ક્યારાં માંહે રોપતાં, નવિ જાયે લસણ કેરી વાસ,
દુષ્ટ જેનો પાસ. સંગત ૦ ૧૩

સતી સદ્‌ગુણવંતના સંગથી, નવિ આવે કુભારજાને રંગ;
ખોટા જેના ઢંગ. સંગત૦ ૧૪

દુર્જને સજ્જનની સોબત કરી, પણ કપટપણું નવિ જાય,
સીધો નવિ થાય. સંગત૦ ૧૫

ગાઢ અજ્ઞાની જ્ઞાન પામે નહી, પામે જો સંત સમાગમ,
કહે મુનિ રામ. સંગત૦ ૧૬

૧૯૮ શ્રી પર્યુષણપર્વની સજઝાય

પર્વપજુસણ આવીયાં રે લાલ, કીજે ઘણું ધર્મધ્યાન રે ભવિકજન !
આરંભ સકળ નિવારીએ રે લાલ, જીવોને દીજે અભયદાન રે. ભ૦ ૧

સઘળા માસમાં માસ વડો રે લાલ, ભાદ્રવ માસ સુમાસ રે ભ૦
તેહમાં આઠ દિન રૂઅડા રે લાલ, કીજે સુકૃત ઉલ્લાસ રે. ભ૦ ૨

ખાંડણ પીસણ ગારના રે લાલ, નાવણ ધોવણ જેહ રે; ભ૦
એહવા આરંભને ટાળીએ રે લાલ, વાંછો સુખ અછેહ રે. ભ૦ ૩

પુસ્તક વાસી ન રાખીએ રે લાલ, ઓચ્છવ કરીએ અનેક રે; ભ૦
ધર્મ સારૂ વિત્ત વાવરો રે લાલ, હઇડે આણી વિવેક રે. ભ૦ ૪

પૂજી અર્ચીને આણીએ રે લાલ, શ્રી સદ્‌ગુરુની પાસ રે; ભ૦
ઢોલ દદામાં ફેરિયા રે લાલ, માંગલિક ગાવો ગીત રે. ભ૦ ૫

શ્રીફલ સરસ સોપારીયો રે લાલ, દીજે સાહમ્મીને હાથ રે; ભ૦
લાભ અનંતા બતાવીયા રે લાલ, શ્રીમુખ ત્રિભુવન નાથ રે. ભ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવ વાંચના કલ્પ સૂત્રની રે લાલ, સાંભળો શુદ્ધ ભાવ રે; ભ૦
સાહમ્મિવચ્છલ્લ કીજીયે રે લાલ ભવજળ તરવા નાવ રે. ભ૦ ૭

ચિત્તે ચૈત્ય જુહારીએ રે લાલ, પૂજા સત્તર પ્રકાર રે, ભ૦
અંગપૂજા સદ્‌ગુરુ તણી રે લાલ, કીજીયે હર્ષ અપાર રે. ભ૦ ૮

જીવ અમારિ પળાવીએ રે લાલ, તેહથી શિવસુખ હોય રે; ભ૦
દાન સંવત્સરી દીજીયે રે લાલ, ઇણ સમો પર્વ ન કોય રે. ભ૦ ૯

કાઉસ્સગ્ગ કરીને સાંભળો રે લાલ, આગમ આપણે કાન રે; ભ૦
છઠ્ઠ અઠ્ઠમ તપસ્યા કરો રે લાલ, કીજે ઉજ્વલ ધ્યાન રે. ભ૦ ૧૦

ઇણવિધ પર્વ આરાધશે રે લાલ, લેશે સુખની કોડ રે; ભ૦
મુક્તિ મંદિરમાં મહાલશે રે લાલ, મતિ હંસ નમે કરજોડ રે. ભ૦ ૧૧

૧૯૯ અનિત્ય ભાવનાની સજ્ઝાય

(રાગ- ઋષભ જીનરાજ મુજ)

મુંઝ મા મુંઝ મા મોહમાં જીવ તું, શબ્દ વર રૂપ રસ ગંધ દેખી;
અથિર તે અથિર તૂં અથિર તનુ જીવિતં, સમજ મન ગગન હરિયાપ પેખી. મુંઝ૦ ૧

લચ્છિ સરિય ગતિ પરે એક ઘર નવિ રહે, દેખતાં જાય પ્રભુ જીવ લેતી;
અથિર સબ વસ્તુને કાજ મૂઢો કરે, જીવડો પાપની કોડી કેતી. મુંઝ૦ ૨

ઉપની વસ્તુ સવિ કારિમી નવિ રહે, જ્ઞાન શું ધ્યાનમાં જો વિચારી;
ભાવ ઉત્તમ ધર્યા અધમ સબ ઉદ્ધર્યા, સંહરે કાલ દિન રાતિ ચારી. મુંઝ૦ ૩

દેખ કલિ કૂતરો સર્વ જગને ભખે, સંહરી ભૂપ નર કોટિ કોટી;
અથિર સંસારને થિરપણે જે ગણે, જાણી તસ મૂઢની બુદ્ધિ ખોટી. મુંઝ૦ ૪

રાચ મા રાજની ઋદ્ધિ શું પરિવર્યો, અંતે સબ ઋદ્ધિ વિસરાલ હોશે;
ઋદ્ધિ સાથે સવિ વસ્તુ મૂકી જતે, દિવસ દો તીન પરિવાર રોશે મુંઝ૦ ૫

કુસુમપરે યૌવનં જલબિંદુ સમ જીવિતં; ચંચલ નરસુખં દેવભોગો;
અવધિ મન કેવલી સુકવિ વિદ્યાપરા, કલિયુગે તેહનો પણ વિયોગો. મુંઝ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધન્ય અનિકાસુતો ભાવના ભાવતાં, કેવલી સુરનદીમાંહે સિદ્ધો;
ભાવના સુરલતા જેણે મન રોપવી, તેણે શિવનારી પરિવાર રૂદ્ધો. મુંઝ૦ ૭

૨૦૦ અશરણ ભાવનાની સજ્ઝાય

કો નવિ શરણં કો નવિ શરણં, મરતાં કોઇને પ્રાણી રે,
બ્રહ્મદત્ત મરતો નવિ રાખ્યો, જસ હય ગય બહુરાણી રે.
તસ નવનિધિ ઘન ખાણી રે કો નવિ૦ ૧

માતપિતાદિક ટગમગ જોતાં, યમ લે જનને તાણી રે,
મરણ થકી સૂરપતિ નવિ છૂટે, નવિ છૂટે ઇન્દ્રાણી રે. કો નવિ૦ ૨

હય ગય પય રથ કોડે વિંટયા, રહે નિતરાણા રાય રે,
બહુ ઉપાય તે જીવન કાજે, કરતાં અશરણ જાય રે. કો નવિ૦ ૩

મરણ ભીતિથી કદાચિત જીવો, જો પેસે પાયાલે રે,
ગિરિ દરિ વન અંબુધિમાં જાવે, તો ભી હરિયે કાળે રે. કો નવિ૦ ૪

અષ્ટાપદ જેણે બળે ઉપાડ્યો, સો દશમુખ સંહરીયો રે,
કો જગ ધર્મ વિના નવિ તરીયો, પાપે કો નવિ તરીયો રે. કો નવિ૦ ૫

અશરણ અનાથ જીવજીવન, શાંતિનાથ જગ જાણો રે,
પારેવો જેણે શરણે રાખ્યો, મુનિ તસ ચરિત્તે વખાણ્યો રે કો નવિ૦ ૬

મેઘકુમાર જીવ ગજગતિમાં, સસલો શરણે રાખ્યો રે,
વીર પાસે જેણે ભવભય કચર્યો, તપ સંયમ કરી નાખ્યો રે. કો નવિ૦ ૭

મત્સ્યપરે રોગે તડફડતો, કોણે નવિ સુખી કરીયો રે,
અશરણ અનાથ ભાવના ભરીયો, અનાથી મુનિ નિસરિયો રે. કો નવિ૦ ૮

૨૦૧ એકત્વભાવનાની સજ્ઝાય

(રાગ - પુણ્ય સંયોગે પામીઓજી)

આવ્યો પ્રાણી એકલો રે, પરભવ એકલો જાય,
પુણ્ય પાપ સાથે ચલે રે, સ્વજન ન સાથી થાય રે;
પ્રાણી ! ધર જિનધર્મસું રંગ, પામો સુખ અભંગ રે, પ્રાણી૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માલ રહે ઘર રુગી વળે રે પોળે વળાવીકંથ,
સ્વજન વળે સમશાનથી રે, પ્રાણ ચલે પરપંથ રે. પ્રાણી૦ ૨

સ્વારથીયો મેળાવડો રે, સ્વજન કુટુંબ સમુદાય,
સુખદુઃખ સહે જીવ એકલો રે, કૂળમાં નહી વહેંચાય રે. પ્રાણી૦ ૩

પ્રાણ ભોગ લખ આપીને રે, વસુમતિ કરી નિજ હાથ,
ચક્રી-હરિ ગયા એકલા રે, પૃથ્વી ન ગઈ તસ સાથ રે. પ્રાણી૦ ૪

લખપતિ છત્રપતિ સૌ ગયા રે, રિદ્ધિ ન ગઈ તસ સાથ,
હાક સુણી જન થરથરે રે, તે ગયા ઠાલે હાથ રે. પ્રાણી૦ ૫

અભિમાની રાવણ ગયો રે, જગ જશ લેઈ ગયો રામ,
આખર જાવું એકલું રે, અવસર પહોંચે જામ રે. પ્રાણી૦ ૬

એકાકીપણું આદર્યું રે, મૂક્યું મિથિલા રાજ,
વલય દૃષ્ટાંતે બૂઝીયો રે, ત્યાગી થયો નમિ રાજ રે. પ્રાણી૦ ૭

૨૦૨ અન્યત્વભાવનાની સજઝાય

(રાગ - શ્રીજીનવરને પ્રગટ થયુરે)

પાંચમી ભાવના ભાવીયે રે, જીવ અન્યત્વ વિચાર;
આપ સ્વાર્થી એ સહુ રે, મળીયો તુજ પરિવાર.
સંવેગી સુંદર બુઝ, મા મુંઝ ગમાર;
તારું કો નહીં ઇણ સંસાર , તું કેહનો નહી નિરધાર. સં૦ ૧

પંથ શિરે પંથી મળ્યા રે, કીજે કિણહીશું પ્રેમ;
રાતિ વસે પ્રહ ઊઠી ચલે રે, નેહ નિર્વાહ કેમ ? સં૦ ૨

જિમ મેળો તીરથે મળે રે, જન જન વણજની ચાહ;
કે ત્રોટો કે ફાયદો રે,લેઇ લેઇ નિજ ઘર જાય. સં૦ ૩

જિહાં કારજ જેહનાં સરે રે, તિહાં લગે દાખે નેહ;
સૂરિકાંતા નારી પરે રે, છટકી દેખાડે છેહ સં૦ ૪

ચૂલણી અંગજ મારવા રે,કૂડુ કરે જતુગેહ;
ભરત બાહુબલી ઝુઝીયા રે, જો જો નિજના નેહ. સં૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રેણિક પુત્રે બાંધીયો રે, લીધું વહેંચી રાજય;
દુઃખ દીધું બહુ તાતને રે, દેખો સુતના કાજ. સં૦ ૬

એ ભાવનાએ શિવપુર લહે રે, શ્રી મરૂદેવી માય;
વીર શિષ્યે કેવળ લહ્યું રે, શ્રી ગૌતમ ગણરાય. સં૦ ૭

૨૦૩ પાંચમની સજઝાય

(રાગ-એકદિન પુંડરિક)

શ્રી ગુરૂ ચરણ પસાઉલે રે લોલ, પંચમીનો મહિમાય આત્મા,
વિવરીને કહેશું અમે રે લોલ, સુણતાં પાતક જાય આત્મા;
પંચમી તપ પ્રેમે કરો રે લોલ..... ૧

મન શુદ્ધે આરાધીએ રે લોલ, તુટે કર્મ નિદાન આત્મા,
ઇહ ભવ સુખ પામે ઘણો રે લોલ, પરભવ અમર વિમાન. આત્મા ૨

સકલ સૂત્ર રચ્યા થકી રે લોલ, ગણધર હુઆ વિખ્યાત આત્મા;
જ્ઞાન ગુણે કરી જાણતા રે લોલ, સ્વર્ગ નરકની વાત આત્મા. ૩

જે ગુરૂ જ્ઞાને દીપતા રે લોલ, તે તરીયા સંસાર આત્મા;
જ્ઞાનવંતને સહુ નમે રે લોલ, ઉતારે ભવપાર. આત્મા૦ ૪

અજવાળી પક્ષ પંચમી રે લોલ, કરો ઉપવાસ જગદીશ આત્મા;
ૐ હ્રીં નમો નાણસ્સ ગણણું ગણો રે લોલ,
નવકારવાળી વીશ આત્મા. ૫

પાંચ વરસ એમ કીજીએ રે લોલ, ઉપર વળી પાંચ માસ આત્મા;
યથા શક્તિ કરી ઉજવો રે લોલ, જેમ હોય મનને ઉલ્લાસ. આત્મા૦ ૬

વરદત્તને ગુણમંજરી રે લોલ, તપથી નિર્મળ થાય આત્મા;
કીર્તિવિજય ઉવજ્ઝાયનો રે લોલ, કાંતિવિજય ગુણગાય આત્મા૦ ૭

૨૦૪ આઠમની સજઝાય

(રાગ એક દિન પુંડરિક ગણધર)

અષ્ટ કર્મ ચુરણ કરી રે લાલ, આઠ ગુણે પ્રસિદ્ધ મેરે પ્યારે;
ક્ષાયિક સમકિતના ધણી રે લાલ, વંદુ વંદુ એવા સિદ્ધ મેરે. પ્યારે રે ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનંતજ્ઞાન દર્શન ધરા રે લાલ, ચોથુ વીર્ય અનંત મેરે;
અગુરૂ લઘુ સુક્ષ્મ કહ્યા રે લાલ, અવ્યાબાધ મહંત મેરે. ૨

જેહની કાયા જેહવી રે લાલ, ઉણી ત્રીજે ભાગ મેરે;
સિદ્ધ શિલાથી જોયણે રે લાલ, અવગાહન વીતરાગ. મેરે૦ ૩

સાદી અનંતા તિહા ઘણા રે લાલ, સમય સમય તેહ જાય મેરે;
મંદિર માંહી દીપાલીકા રે લાલ, સઘળા તેજ સમાય. મેરે૦ ૪

માનવ ભવથી પામીયે રે લાલ, સિદ્ધ તણા સુખ સંગ મેરે;
એહનું ધ્યાન સદા ધરો રે લાલ, એમ બોલે ભગવતી અંગ મેરે. ૫

શ્રી વિજયદેવ પટ્ટધરૂ રે લાલ, શ્રી વિજયસેન સૂરિશ મેરે;
સિદ્ધ તણા ગુણ એ કહ્યા રે લાલ, દેવ દીયે, આશિષ મેરે. ૬

૨૦૫ એકાદશીની સજ્ઝાય

આજ મારે એકાદશી રે, નણદલ મૌન કરી મુખ રહીએ;
પૂછ્યાનો પડિઉત્તર પાછો, કેહને કાંઈ ન કહીએ. આજ૦ ૧

મારો નણદોઈ તુજને વહાલો, મુજને તારો વીરો;
ઘૂમાડાના બાચકા ભરતાં, હાથ ન આવે હીરો. આજ૦ ૨

ઘરનો ધંધો ઘણો કર્યો પણ, એકે ન આવ્યો આડો;
પરભવ જાતા પાલવ ઝાલે, તે મુજને દેખાડો. આજ૦ ૩

માગશર સુદિ અગીયારસ મોટી, નેવું જિનના નિરખો;
દોઢસો કલ્યાણક મોટા, પોથી જોઈ જોઈ હરખો. આજ૦ ૪

સુવ્રત શેઠ થયો શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીયો;
પાવકે પુર સઘળો પરજાળ્યો, એહનો કાંઈ ન દહીયો. આજ ૦૫

આઠ પહોરનો પોસહ કરીએ, ધ્યાન પ્રભુનું ધરીએ;
મન વચ કાયા જો વશ કરીએ, તો ભવસાગર તરીએ. આજ૦ ૬

ઇર્યાસમિતિ ભાષા ન બોલે, આડું અવળું પેખે;
પડિક્કમણાશું પ્રેમ ન રાખે, કહો કેમ લાગે લેખે? આજ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર ઉપર તો માળા ફિરતી, જીવ ફરે વનમાંહી;
ચિત્તડું તો ચિહું દિશિયે ડોલે, ઇણ ભજને સુખ નાહિં. આજ૦ ૮

પૌષધશાળે ભેગા થઈને, ચાર કથા વળી સાધે;
કાંઈક પાપ મિટાવણ આવે, બાર ગણું વળી બાંધે. આજ૦ ૯

એક ઉઠંતી આળસ મોડે, બીજી ઉંઘે બેઠી;
નદીઓમાંથી કાંઈક નિસરતી, જઇ દરિયામાં પેઠી. આજ૦ ૧૦

આઈ બાઈ નણંદ ભોજાઈ, ન્હાની મ્હોટી વહુને;
સાસુ સસરો મા ને માસી, શિખામણ છે સહુને. આજ૦ ૧૧

ઉદયરત્ન વાચક ઉપદેશે, જે નરનારી રહેશે;
પોષહમાંહે પ્રેમ ધરીને, અવિચળ લીલા લહેશે. આજ૦ ૧૨

૨૦૬ વાણીયાની સજ્ઝાય

(રાગ - સમરો મંત્ર ભલો)

વાણિયો વણજ કરે છે રાજ, ઓછું આપીને મલકાય,
ઘરાક દેખીને ઘેલો થાય, આવો બેસો કરે ત્યાંય,
ગ્રાજુડીને ટક્કર મારી, પૈસા લુંટી લુંટી ખાય. વાણિયો ૦ ૧

વિવાહે ધન વાપરે વાણિયો, પાલખી લેવા જાય,
એક બદામને કાજે વાણિયો, સો સો ગાળો ખાય. વાણિયો ૦ ૨

દોઢા સવાયા કરે વાણિયો, ઘરમાં ભેલું થાય,
કરમીનું કંઈ કામ ન આવે, બારે વાટે જાય. વાણિયો ૦ ૩

વાણિયો દીસંતો વહેપારીઓ, કોઠે સોવન કંઠી,
લૂંટવાનો જેને ટાલ પડ્યો છે, તેની વેળા હવે વંઠી, વાણિયો ૦ ૪

આઈ માઈ કાકો મામો, બોલાવે બહું માને,
મુખનો મીઠો મનનો મેલો, જુવે છે એ બગ ધ્યાને. રે વાણિયો ૦ ૫

ગરાક દેખી ઘેલો થાય, હલ બલ થઈને હરખે,
લુંબે આવ્યું લૂંટી લીયે, પાપ કરમ નવિ પરખે. રે વાણિયો ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસંખ્યાતા જીવને ઘાતે, એક બદામ કમાય,
આરંભે અભિમાને ખરચે, મહુર મહુર પોમાય, વાણિયો ૦ ૭

પાપ કરતાં પાછું ન જુએ, સો સો સોગન ખાય,
કરહો કાઢે જુહુ બોલે, જિમ તિમ ભેળું થાય. વાણિયો ૦ ૮

વહાણવટુ કરંતા તે વ્હાણીયા, હવે દુકાનો હોય,
નાત-જાતનો સંબંધ નથી ઇહાં, રોષ મ કરજો કોઈ. વાણીયો ૦ ૯
પાપ કર્યું તે સાથે રહેશે, સ્વજનો ખાશે આપ,
વિશુદ્ધ વિમળ કહે વીરજીની વાણી, આવે કમાઈ સાથ વાણિયો ૦ ૧૦

૨૦૭ સાડા ત્રણસો ગાથાનું ઢાળ પહેલી

શ્રીસીમંધરસાહિબ આગે, વીનતડી એક કીજે;
'મારગ શુદ્ધ મયા કરી મુઝને, મોહનમૂરતિ ! દીજે રે.'
જિનજી ! વિનતડી અવધારો..... ૧

ચાલે સૂત્ર વિરુદ્ધાચારે, ભાખે સૂત્ર વિરૂદ્ધ;
એક કહે અમ મારગ રાખું, તે કિમ માનું શુદ્ધરે ? જિનજી!૦ ૨

આલંબન કૂડાં દેખાડી, મુગ્ધ લોકને પાડે;
આણાભંગ તિલક તે કાળું, થાપે આપ નિલાડે રે. જિનજી!૦ ૩

'વિધિ જોતાં કલિયુગમાં હોવે, તીરથનો ઉચ્છેદ;
જિમ ચાલે તિમ ચલવે જઇએ, એહ ઘરે મતિભેદ રે.' જિનજી!૦ ૪

ઇમ ભાખી તે મારગ લોપે, સૂત્રક્રિયા સવિ પીસી;
આચરણા-શુદ્ધિ આચરીએ, જોઈ યોગની વીસી રે. જિનજી!૦ ૫

પંચમ આરે જિમ વિષ મારે, અવિધિ દોષ તિમ લાગે;
ઇમ ઉપદેશ પદાદિક દેખી, વિધિરસિયો જન જાગે રે. જિનજી!૦ ૬

કોઈ કહે 'જિમ બહુ જન ચાલે, તિમ ચલીએ શી ચર્ચા ?
મારગ મહાજનયાલેં ભાષ્યો, તેહમાં લહીએ અર્ચા રે. જિનજી!૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ પણ બોલ મૃષા મન ધરીએ, બહુજનમત આદરતાં;
છેહ ન આવે બહુલ અનારય, મિથ્યામતમાં ફિરતાં રે. જિનજી!૦ ૮

થોડા આર્ય અનારય જનથી, જૈન આર્યમાં થોડા;
તેહમાં પણ પરિણત જન થોડા, શ્રમણ અલ્પ બહુ મુંડા જિનજી!૦ ૯

ભદ્રબાહુગુરુ વદનવચન એ, આવશ્યકમાં લહીએ;
આણાશુદ્ધ મહાજન જાણી, તેહને સંગે રહીએ રે. જિનજી!૦ ૧૦

અજ્ઞાની નવિ હોવે મહાજન, જો પણ ચલવે ટોળું;
ધર્મદાસગણી વચન વિચારી, મન નવિ કીજે ભોળું રે. જિનજી!૦ ૧૧

અજ્ઞાની નિજછંદે ચાલે, તસ નિશ્રાએ વિહારી;
અજ્ઞાની જે ગચ્છને ચલવે, તે તો અનંત સંસારી રે. જિનજી!૦ ૧૨

ખંડ ખંડ પણ્ડિત જે હોવે, તે નવિ કહીએ નાણી;
નિશ્ચિંત સમય લહે તે નાણી, સંમતિની સહિનાણી રે. જિનજી!૦ ૧૩

જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત, બહુશિષ્યે પરિવરિયો;
તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ નિશ્ચયદરિયો. જિનજી!૦ ૧૪

કોઈ કહે "લોચાદિક કષ્ટે, મારગ ભિક્ષાવૃત્તિ;"
તે મિથ્યા નવિ મારગ હોવે, જનમનની અનુવૃત્તિ રે. જિનજી !૦ ૧૫

જો કષ્ટે મુનિમારગ પાવે, બળદ થાએ તો સારો;
ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢપ્રહારો રે. જિનજી!૦ ૧૬

લહે પાપઅનુબંધી પાપે, બલહરણી જનભિક્ષા;
પૂરવભવ વ્રતખંડન ફળ એ, પંચવસ્તુની શિક્ષા રે. જિનજી!૦ ૧૭

કોઈ કહે 'અમે લિંગે તરશું, જૈનલિંગ છે વારુ;'
તે મિથ્યા નવિ ગુણ વિણ તરીએ, ભુજ વિણ ન તરે તારૂ રે જિનજી!૦ ૧૮

કૂટલિંગ જિમ પ્રગટ વિડંબક, જાણી નમતાં દોષ;
નિર્ધ્વંધસ જાણીને નમતાં, તિમજ કહ્યો તસ પોષ રે. જિનજી!૦ ૧૯

શિષ્ય કહે 'જિમ જિન પ્રતિમાને, જિનવર થાપી નમીએ;
સાધુ વેષ થાપી અતિસુંદર, તિમ અસાધુને નમીએ રે.' જિનજી!૦ ૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભદ્રબાહુગુરુ બોલે 'પ્રતિમા, ગુણવંતી નહિ દુષ્ટ;
લિંગ માંહે બે વાનાં દીસે, તે તું માન અદુષ્ટ રે.' જિનજી!૦ ૨૧

કોઈ કહે 'જિન આગે માગી, મુક્તિ મારગ અમે લહિશું;
નિરગુણને પણ સાહિબ તારે, તસ ભક્તે ગહગહિશું રે.' જિનજી! ૦૨૨

પામી બોધ ન પાલે મૂરખ, માગે બોધ વિચાલે;
લહીએ તેહ કહો કુણ મૂલે ? બોલ્યું ઉપદેશમાલે રે. જિનજી!૦ ૨૩

આણા પાલે સાહેબ તૂસે, સકલ આપદા કાપે;
આણાકારી જે જન માગે,તસ જસલીલા આપે રે. જિનજી!૦ ૨૪

૨૦૮ સાડા ત્રણસોગાથાની ઢાળ પંદરમી

(રાગ-આજ મારે એકાદશી રે)

ધન્ય તે મુનિવરા રે, જે ચાલે સમભાવેં,
ભવસાયર લીલાએ ઊતરે, સંયમ કિરિયા નાવેં. ધન્ય૦ ૧

ભોગપંક ત્યજી ઉપર બેઠા, પંકજ પરે જે ન્યારા;
સિંહપરે નિજવિક્રમ-શૂરા, ત્રિભુવનજન આધારા. ધન્ય૦ ૨

જ્ઞાનવંત જ્ઞાનીશુ મળતાં, તનમનવચને સાચા;
દ્રવ્ય ભાવ સૂધા જે ભાખે, સાચી જિનની વાચા. ધન્ય૦ ૩

મૂલ ઉત્તર ગુણ સંગ્રહ કરતા, તજતા ભિક્ષાદોષો;
પગ પગ વ્રતદૂષણ પરિહરતા, કરતાં સંયમપોષો. ધન્ય૦ ૪

મોહ પ્રતેં હણતાં નિત્ય આગમ, ભણતાં સદ્‌ગુરૂ પાસે;
દૂષમકાલે પણ ગુણવન્તા, વરતે શુભઅભ્યાસેં. ધન્ય૦ ૫

છઠ્ઠું ગુણઠાણું ભવઅડવી, ઉલ્લંઘણ જેણે લહિઉ;
તસ સોભાગ સકલ મુખ એકે, કિમ કરી જાએ કહિઉં ? ધન્ય૦ ૬

ગુણઠાણાની પરિણતિ જેહની, ન છિપે ભવજંજાલે;
રહે શેલડી ઢાંકી રાખી, કેતો કાલ પરાલેં ? ધન્ય૦ ૭

તેહવા ગુણ ધરવા અણધીરા, જો પણ સુધું ભાખી;
જિનશાસન શોભાવે તે પણ, સુધા સંવેગપાખી. ધન્ય૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સદ્દહણા અનુમોદન કારણ, ગુણથી સંયમકિરિયા;
વ્યવહારે રહિયા તે ફરસે, જે નિશ્ચયનયદરિયા. ધન્ય૦ ૯

દુષ્કરકારથકી પણ અધિકા, જ્ઞાનગુણે ઇમ તેહો;
ધર્મદાસગણિવચને લહીએ, જેહને પ્રવચન નેહો. ધન્ય૦ ૧૦

સુવિહિત ગચ્છ કિરિયાનો ધોરી, શ્રીહરિભદ્ર કહાય;
એહ ભાવ ધરતો તે કારણ, મુજ મન તેહ સુહાય ધન્ય૦ ૧૧

સંયમઠાણ વિચારી જોતાં, જો ન લહે નિજસાખેં;
તો જૂઠું બોલીને દુરમતિ, શું સાધે ગુણ પાખે. ધન્ય૦ ૧૨

નવિ માયા ધર્મે નવિ કહેવું, પરજનની અનુવૃત્તિ;
ધર્મવચન આગમમાં કહીએ, કપટ રહિત મનવૃત્તિ. ધન્ય૦ ૧૩

સંયમ વિણ સંયતતા થાપે, પાપશ્રમણ તે ભાખ્યો;
ઉત્તરાધ્યયને સરલસ્વભાવે, શુદ્ધપ્રરૂપક દાખ્યો. ધન્ય૦ ૧૪

એક બાલ પણ કિરિયાનયે તે, જ્ઞાનનયે નવિ બાલા;
સેવા યોગ્ય સુસંયતને તે, બોલે ઉપદેશમાલા. ધન્ય૦ ૧૫

કિરિયાનયે પણ એક બાલ તે, જે લિંગી મુનિરાગી;
જ્ઞાનયોગમાં જસ મન વરતે, તે કિરિયા સોભાગી ધન્ય૦ ૧૬

બાલાદિક અનુકૂલ કિયાથી, આપે ઇચ્છાયોગી;
અધ્યાતમમુખ યોગે અભ્યાસે, કિમ નવિ કહીએ યોગી ? ધન્ય૦ ૧૭

ઉચિતકિયા નિજશક્તિ છાંડી, જે અતિવેગે ચઢતો;
તે ભવથિતિપરિપાક થયા વિણ, જગમાં દીસે પડતો. ધન્ય૦ ૧૮

માયે મોટાઈમાં જે મુનિ, ચલવે ડાકડમાલા;
શુદ્ધપ્રરૂપક ગુણ વિણ ન ઘટે, તસ ભવ અરહટમાલા. ધન્ય૦ ૧૯

નિજ ગણ સંચે મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તો વ્રત ન રહે પંચે. ધન્ય૦ ૨૦

યોગ ગ્રંથના ભાવ ન જાણે, જાણે તોન પ્રકાશે;
ફોકટ મોટાઈ મન રાખે, તસ ગુણ દૂરે નાસે. ધન્ય૦ ૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેલે વેશે મહીયલ મ્હાલે, બક પરે નીચો ચાલે;
જ્ઞાન વિના જગ ધંધે ઘાલે, તે કિમ મારગ ચાલે ? ધન્ય૦ ૨૨

પરપરિણતિ પોતાની માને, વરતે આરતધ્યાને;
બન્ધમોક્ષ કારણ ન પિછાણે, તે પહિલે ગુણઠાણે. ધન્ય૦ ૨૩

કિરિયા લવ પણ જે જ્ઞાનીનો, દ્રષ્ટિ ચિરાદિક લાગે,
તેહથી સુજશ લહીજે સાહિબ, સીમંધર ! તુજ રાગે. ધન્ય ૨૪

૨૦૯ ભાવશ્રાવકના ૧૭ ગુણની

(રાગ-છઠ્ઠી ભાવના મન ધરો - એ દેશી)

ભાવશ્રાવકનાં ભાવીએ હવે સત્તર ભાવગત તે હો રે;
નેહોરે, પ્રભુ ! તુજ વચને અવિચલ હોજો એ. ૧

ઇત્થી ચંચલ ચિત્તાથી, જે વાટ નરકની મોટી રે;
ખોટી રે; છાંડે એ ગુણ ધુરે ગણો એ. ૨

ઇંદ્રિયચપલતુરંગને, જે રૂંધે જ્ઞાનની રાશે રે;
પાસે રે, તે બીજો ગુણશ્રાવક ધરે એ. ૩

ક્લેશતણું કારણ ઘણું, એ અર્થ અસારજ જાણે રે;
આણે રે, તે ત્રીજો ગુણ સંનિધિ એ. ૪

ભવ વિડંબનામય અછે, વળી દુઃખરૂપી દુઃખ હેતો રે;
ચેતો રે, ઇમ ચોથો ગુણ અંગીકરે એ. ૫

ખિણસુખ વિષય વિષોપમા, ઇમ જાણી નવિ બહુ ઇહે રે;
બીહે રે, તેહથી પંચમગુણ વર્યો એ. ૬

તીવ્રારંભ ત્યજે સદા, ગુણ છઠ્ઠાનો સંભાગી રે;
રાગી રે, નિરારંભજનનો ઘણું એ. ૭

માને સત્તમગુણ વર્યો, જન પાસસદૃશ ગૃહવાસો રે;
અભ્યાસો રે, મોહ જીતવાનો કરે એ. ૮

અષ્ટમ દંસણ ગુણ ભર્યો, બહુભાતેં કરે ગુરૂભક્તિ રે;
શક્તિરે, નિજ સદ્દહણાની ફોરવે એ. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકસન્ના સવિ પરિહરે, જાણે ગાડરિયો પ્રવાહો રે;
લાહો રે, ઇમ નવમા ગુણનો સંપજે એ. ૧૦

આગમને આગળ કરે, તે વિણ કુણ મારગ સાખી રે;
ભાખી રે, ઇમ કિરિયા દશમા ગુણ થકી એ ૧૧

આપ અબાધાએ કરે, દાનાદિક ચાર શક્તિ રે;
વ્યક્તિ રે, ઇમ આવે ગુણ ઇગ્યારમો એ. ૧૨

ચિંતામણિ સરિખો લહી, નવિ મુગ્ધ હસ્યો પણ લાજે રે;
ગાજે રે, નિજ ધર્મે એ ગુણ બારમો એ. ૧૩

ધનભવનાદિકભાવમાં, જે નવિ રાગી નવિ દ્વેષી રે;
સમપેષી રે, તે વિલસે ગુણ તેરમે એ. ૧૪

રાગદ્વેષમધ્યસ્થનો, સમગુણ ચઉદમે ન બાધે રે;
સાધે રે, તે હઠ છાંડી મારગ ભલો એ. ૧૫

ક્ષણભંગુરતા ભાવતો, ગુણ પન્નરમે સેવંતો રે;
સંતો રે, ન ધનાદિ સંગતિ કરે એ. ૧૬

ભાવવિરતિ સેવે મને, ભોગાદિક પર અનુરોધે રે;
બોધે રે, ઇમ ઉલ્લસે ગુણ સોલમે એ. ૧૭

આજ કાલ એ છાંડશું, ઇમ વેશ્યા પરેં નિસ્નેહો રે;
ગેહો રે, પર માને ગુણ સત્તરમેં એ. ૧૮

એ ગુણવૃંદે જે ભર્યા, તે શ્રાવક કહીએ ભાવે રે;
પાવે રે, સુજશ પૂર તુજ ભક્તિથી એ. ૧૯

૨૧૦ સમકિતના ૬૭ બોલની સજ્ઝાય

દોહા

સુકૃતવલ્લિ કાદંબિની, સમરી સરસ્વતિ માત;
સમકિત સડસઠ બોલની, કહિશું મધુરી વાત. ૧

સમકિત દાયક ગુરૂ તણો, પચ્ચુપચાર ન થાય;
ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાનાદિક કિરિયા ન દિયે, સમકિત વિણ શિવ શર્મ;
તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ. ૩
દર્શન મોહ વિનાશથી જે નિર્મળ ગુણઠાણ
તે નિશ્ચય સમકિત કહ્યું, તેહના એ અહિઠાણ. ૪

ઢાળ-૧ લી

(રાગ - વીર જિનેશ્વર ઉપદિશે)

ચઉ સદ્દહણા તિલિંગ છે, દશવિધ વિનય વિચારો રે;
ત્રણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે. ૫

ત્રોટક છંદ

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણિયે,
ષટ જયણા ષટ આગાર ભાવના, છવ્વિહા મન આણિયે;
ષટ ઠાણ સમકિત તણા સડસઠ ભેદ એહ ઉદાર એ,
એહનો તત્ત્વ વિચાર કરતાં, લહીજે ભવપાર એ. ૬

ઢાળ

ચઉવિહ સદ્દહણાં તિહાં, જીવાદિક પરમત્થો રે;
પ્રવચનમાંહિ જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે. ૭

હરિગીતછંદ

તેહનો અર્થ વિચાર કરિયે, પ્રથમ સદ્દહણા ખરી,
બીજી સદ્દહણા તેહના જે, જાણ મુનિ ગુણ જવહરી;
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા,
તેહની સેવા કીજિયે જિમ, પીજિયે, સમતા સુધા. ૮

ઢાળ

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવ ને અહછંદા રે;
પાસત્થા ને કુશીલિયા, વેષ વિડંબક મંદા રે. ૯

હરિગીતછંદ

મંદા અનાણી દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી,
પરદર્શનીનો સંગ તજિયે, ચોથી સદ્દહણા કહી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જ્યું જલધિ જલમાં ભળ્યું ગંગા, નીર લૂણપણું લહે ૧૦

ઢાળ ૨જી

(રાગ-જંબુદ્વિપના ભરતમાં રે)

ત્રણ લિંગ સમકિત તણાં રે, પહિલો શ્રુત અભિલાષ;
જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાખ રે,
પ્રાણી ! ધરીયે સમકિત રંગ, જિમ લહિયે સુખ અભંગ રે. પ્રા૦ ૧૧

તરૂણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુર ગીત;
તેહથી રાગે અતિ ઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે. પ્રા૦ ૧૨

ભૂખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ;
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહી જ બીજુ લિંગ રે પ્રા૦ ૧૩

વૈયાવચ્ચ ગુરૂ-દેવનું રે ત્રીજું લિંગ ઉદાર;
વિધાસાધક તણી પરે રે, આળસ નવિ ય લગાર રે. પ્રા૦ ૧૪

ઢાળ ૩જી

(રાગ - સમકિતનું મૂલ જાણીએજી)

અરિહંત તે જિન વિચરતાંજી, કર્મ ખપી હુઆ સિદ્ધ;
ચેઇય જિન પડિમા કહીજી, સૂગ સિદ્ધાંત પ્રસિદ્ધ.
ચતુર નર ! સમજો વિનય પ્રકાર.....
જિમ લહિયે સમકિત સાર ચ૦ ૧૫

ધર્મકથામાદિક ભાખિઓજી, સાધુ તેહના રે ગેહ;
આચારજ આચારનાજી, દાયક નાયક જેહ ચ૦ ૧૬

ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂગ ભણાવણહાર;
પ્રવચન સંઘ વખાણિયેંજી, દરિસણ સમકિત સાર. ચ૦ ૧૭

ભગતિ બાહા પ્રતિપત્તિથીજી, હૃદય પ્રેમ બહુમાન;
ગુણ થુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનાની હાણ ચ૦ ૧૮

પાંચ ભેદે એ દશ તણોજી, વિનય કરે અનુકૂળ;
સીંચે તેહ સુધારસેજી, ધર્મવૃક્ષનું મૂળ ચ૦ ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઢાળ ૪-થી

(રાગ - ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે)

ત્રણ શુદ્ધિ સમકિત તણી રે, તિહાં પહેલી મન શુદ્ધિ રે;
શ્રીજિનને જિનમત વિના રે, જૂઠ સકલ એ બુદ્ધિ રે.
ચતુર વિચારો ચિત્તામાં રે..... ૨૦

જિન ભગતેં જે નવિ થયું રે, તે બીજાથી કેમ થાય રે?
એવું જે મુખે ભાખિયે રે, તેહની વચન શુદ્ધિ કહેવાય રે ચ૦ ૨૧

છેદો ભેદો વેદના રે, જે સહતો અનેક પ્રકાર રે;
જિન વિણ પરસુર નવિ નમે રે, તેહની કાયા શુદ્ધિ ઉદાર રે. ચ૦ ૨૨

ઢાળ ૫-મી

(રાગ -કડવાં ફલ છે કોધનાં)

સમકિત દૂષણ પરિહરો, જેહમાં પહેલી છે શંકા રે;
તે જિનવચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકા રે.
સમકિત દૂષણ પરિહરો..... ૨૩

કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજિયે;
પામી સુરતરૂ પરગડો, કિમ બાઉલ ભજિયે.? સ૦ ૨૪

સંશય ધર્મનાં ફળ તણો, વિતિગિચ્છા નામે;
ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામે. સ૦ ૨૫

મિથ્યામતિ ગુણ વર્ણનો ટાળો ચોથો દોષ;
ઉન્માર્ગી થુણતાં હુવે, ઉન્માર્ગ પોષ સ૦ ૨૬

પાંચમો દોષ મિથ્યામતિ, પરિચય નવિ કીજે;
ઇમ શુભ મતિ અરવિંદની, ભલી વાસના લીજે. સ૦ ૨૭

ઢાળ-૬ઠ્ઠી

(રાગ -અભિનંદન જિ.ા દરિશણ તરીસીએ)

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ;
વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણ ખાણ.
ધન ધન શાશન મંડન મુનિવરા..... ૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મકથી તે બીજો જાણિયે નંદિષેણ પરે જેહ;
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ. ધન૦ ૨૯

વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ;
રાજદ્વારે રે જય કમલા વરે, ગાજંતો જિમ મેહ. ધન૦ ૩૦

ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પર મત જીપણ કાજ;
તેહ નિમિત્તિ રે ચોથો જાણિયે, શ્રીજિનશાશન રાજ. ધન૦ ૩૧

તપ ગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ;
આશ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ. ધન૦ ૩૨

છઠ્ઠો વિદ્યા રે મંત્ર તણો બલિ, જિમ શ્રીવયર મુણિંદ;
સિદ્ધ સાતમો રે અંજન યોગથી, જિમ કાલિક મુનિ ચંદ. ધન૦ ૩૩

કાવ્ય સુધારસ મધુર અર્થે ભર્યા, ધર્મ હેતુ કરે જેહ;
સિદ્ધસેન પરે રાજા રીઝવે, અકબર વર કવિ તેહ. ધન૦ ૩૪

જબ નવિ હોવે પ્રભાવક એહવા, તબ વિધિ પૂર્વ અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ધન૦ ૩૫

ઢાળ ૭-મી

સોહે સમકિત જેહથી, સખિ ! જિમ આભરણે દેહ;
ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખિ મન વસ્યાં,
તેહમાં નહિ સંદેહ, મુજ સમકિત રંગ અચલ હોજો. મુ૦ ૩૬

પહેલું કુશલપણું તિહાં, સખિ વંદનને પચ્ચક્ખાણ;
કિરિયાનો વિધિ અતિ ઘણો, સખિ અતિ ઘણો આયરે તેહ સુજાણ મુ૦ ૩૭

બીજુ તીરથ સેવના, સખિ તીરથ તારે જેહ;
તે ગીતારથ મુનિવરા, સખિ તેહશું કીજે નેહ. મુ૦ ૩૮

ભગતિ કરે ગુરૂ દેવની, સખિ ત્રીજું ભૂષણ હોય;
કિણહી ચલાવ્યો નવિ ચલે, સખિ ચોથું ભૂષણ જોય. મુ૦ ૩૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનશાસન અનુમોદના, સખિ જેહથી બહુ જન હુંત;
કીજે તેહ પ્રભાવના, સખી પાંચમું ભૂષણ ખંત. મુ૦ ૪૦

ઢાળ ૮-મી

(રાગ - ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું)

લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં, ધૂર ઉપશમ અનુકૂળ સુગુણ નર.
અપરાધીશું પણ નવિ ચિત્ત થકી, ચિંતવીયે પ્રતિકૂળ.
સુગુણનર ! શ્રી જિનભાષિત વયન વિચારીએ.....સુ૦ ૪૧

સુર-નર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક; સુ૦
બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગ શું ટેક. સુ૦ ૪૨

નારક ચારક સમ ભવ ઊભગ્યો, તારક જાણીને ધર્મ; સુ૦
ચાહે નિકલવું નિર્વેદ તે ત્રીજું લક્ષણ મર્મ. સુ૦ ૪૩

દ્રવ્ય થકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાની રે ભાવ; સુ૦
ચોથું લક્ષણ અનુકંપા કહ્યું નિજ શક્તે મન લાવ.સુ૦ ૪૪

જે જિન ભાખ્યું તે નહીં અન્યથા, એહવો જે દૃઢ રંગ; સુ૦
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો ભંગ. સુ૦ ૪૫

ઢાળ ૯-મી

(રાગ - ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી)

પરતીર્થી પરના સુર જેણે, ચૈત્ય ગ્રહ્યા વળી જેહ,
વંદન પ્રમુખ તિહા નવિ કરવું, તે જયણા ષટ્ ભેદ રે
ભવિકા ! સમકિત યતના કીજે..... ભ૦ ૪૬

વંદન તે કરયોજન કહિયે, નમન તે શીશ નમાડે;
દાન ઇષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભગતિ દેખાડે રે. ભ૦ ૪૭

અનુપ્રદાન તે તેહને કહિયે વારવાર જે દાન;
દોષ કુપાત્રે પાત્ર મતિયે, નહિ અનુકંપા માન રે ભ૦ ૪૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અણબોલાવે જેહ બોલવું, તે કહિયે આલાપ;
વાર વાર આલાપ જે કરવો, તે કહિયે સંલાપ રે. ભ૦ ૪૯

એ જયણાથી સમકિત દીપે, વળી દીપે વ્યવહાર;
એહમાં પણ કારણથી જયણા, તેહના અનેક પ્રકાર રે. ભ૦ ૫૦

ઢાળ ૧૦-મી

શુદ્ધ ધર્મથી નવિ ચલે, અતિ દૃઢ ગુણ આધાર લલના,
તો પણ જે નવિ એહવા તેહને એ આગાર લલના. બો૦ ૫૧

બોલ્યું તેહવું પાલિયે, દંતિ દંત સમ બોલ લલના;
સજ્જન ને દુર્જન તણા, કચ્છપ કોટિને તોલ લલના. બો૦ ૫૨

રાજા નગરાદિક ઘણી, તસ શાસન અભિયોગ લલના;
તેહથી કાર્તિકની પરે, નહિ મિથ્યાત્વ સંયોગ લલના બો૦ ૫૩

મેળો જનનો ગણ કહ્યો, બલ ચોરાદિક જાણ લલના;
ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરુ ઠાણ લલના બો૦ ૫૪

વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ કાંતાર લલના;
તે હેતે દૂષણ નહીં, કરતાં અન્ય આચાર લલના. બો૦ ૫૫

ઢાળ ૧૧-મી

(રાગ-જિનજનમ્યાજી, જિણ વેલા જનની ઘરે)

ભાવિજે રે સમકિત જેહથી રૂઅડું,
તે ભાવના રે ભાવો કરી મન પરવડું;
જો સમકિત રે તાજુ સાજું મૂળ રે.
તો વ્રતતરૂ રે દીયે શિવફળ અનુકૂળ રે. ૫૬

ત્રોટકછંદ

અનુકૂળ મૂળ રસાળ સમકિત, તેહ વિણ મતિ અંધ રે,
જે કરે કિરિયા ગર્વ ભરિયા, તેહ જૂઠો ધંધરે;
એ પ્રથમ ભાવના ગુણે રૂડી, સુણો બીજી ભાવના,
બારણું સમકિત ધર્મપુરનું, એહવી તે પાવના. ૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઢાળ

ત્રીજી ભાવના રે સમકિત પીઠ જો દૃઢ સહી,
તો મોટો રે ધર્મ પ્રાસાદ ડગે નહી;
પાયે ખોટે રે મોટે મંડાણ ન શોભીયે,
તેણે કારણ રે સમકિતશું ચિત્ત થોભીયે. ૫૮

ત્રોટકછંદ

થોભીયે ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવિયેં,
સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન લાવિયે;
તે વિના છૂટા રત્ન સરિખા, મૂલ ઉત્તર ગુણ સવે,
કિમ રહે તાકે જેહ હરવા, ચોર જોર ભવે ભવે. ૫૯

ઢાળ

ભાવો પાંચમી રે ભાવના શમ દમ સાર રે,
પૃથ્વી પરે રે સમકિત તસ આધાર રે;
છઠ્ઠી ભાવના રે સમકિત ભાજન જો મળે,
શ્રુત શીલનો રે તો રસ તેહથી નવિ ટળે ૬૦

ત્રોટકછંદ

નવિ ટળે સમકિત ભાવના રસ, અમિય સમ સંવર તણો,
ષટ્ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો;
ઇમ ભાવતાં પરમાર્થ જલનિધિ, હોય નિત્ય ઝકઝોલ એ,
ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનંદ કલ્લોલ એ. ૬૧

ઢાળ ૧૨-મી

(રાગ-આતમ ભક્તિ મલ્યો કેઇ દેવા)

ઠરે જિહાં સમકિત તે થાનક તેહના ષટવિધ કહિયે રે,
તિહાં પહેલું સ્થાનક છે ચેતન, લક્ષણ આતમ લહિયે રે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખીર નીર પરે પુદ્‌ગલ મિશ્રિત, પણ એહથી છે અળગો રે,
અનુભવ હંસચંચૂ જો લાગે, તો નવિ દીસે વળગો રે. ૬૨

બીજું સ્થાનક "નિત્ય આતમા," જે અનુભૂત સંભારે રે,
બાળકને સ્તનપાન વાસના, પૂરવ ભવ અનુસારે રે;
દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાય રે,
દ્રવ્ય થકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમરાય રે. ૬૩

ત્રીજું સ્થાનક "ચેતન કર્તા" કર્મ તણે છે યોગે રે,
કુંભકાર જિમ કુંભ તણો જગ, દંડાદિક સંયોગે રે;
નિશ્ચયથી નિજ ગુણનો કર્તા, અનુપચરિત વ્યવહારે રે,
દ્રવ્ય કર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે. ૬૪

ચોથું સ્થાનક 'ચેતન ભોક્તા' પુણ્ય પાપ ફળ કેરો રે,
વ્યવહારે નિશ્ચયનય દૃષ્ટે ભુંજે નિજ ગુણ નેરો રે;
પાંચમુ સ્થાનક 'છે પરમપદ,' અચલ અનંત સુખ વાસો રે,
આધિ વ્યાધિ તન મનથી લહિએ, તસ અભાવે સુખ ખાસો રે. ૬૫

છઠું સ્થાનક 'મોક્ષ તણો છે, સંજમ જ્ઞાન ઉપાયો' રે,
જો સહેજે લહિયે તો સઘળે, કારણ નિષ્ફળ થાયો રે,
કહે જ્ઞાનનય જ્ઞાન જ સાચું, તે વિણ જૂઠી કીરિયા રે,
ન લહે રૂપું રૂપું જાણી, છીપ ભણી જે ફિરીયા રે. ૬૬

કહે કિરિયાનય કિરિયા વિણ જે, જ્ઞાન તેહ શું કરશે રે,?
જલ પેસી કર પદ ન હલાવે, તારૂં તે કિમ તરશે રે;?
દૂષણ ભૂષણ છે ઇહાં બહુલા, નય એકેકને વાદે રે,
સિદ્ધાંતી તે બેહુ પખ સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે. ૬૭

ઇણિ પરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહે રે,
રાગદ્વેષ ટાળી મન વાળી, તે સમ સુખ અવગાહે રે;
જેહનું મન સમકિતમાં નિશ્ચલ, નહી કોઈ તસ તોલે રે,
શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક જસ ઇમ બોલે રે. ૬૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિભાગ-૭

સમાધિમરણની ચાવી

૧ શ્રી પુણ્યપ્રકાશનું સ્તવન

દુહા

સકલ સિદ્ધિ દાયક સદા, ચોવીશે જિનરાય,
સદ્‌ગુરૂ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧

ત્રિભુવન પતિ ત્રિશલા તણો, નંદન ગુણ ગંભીર,
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨

એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ,
ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ. ૩

મુક્તિ મારગ આરાધીએ, કહો કિણ પરે અરિહંત,
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪

૧ અતિચાર આલોઇએ, ૨ વ્રત ધરીએ ગુરૂ સાખ,
૩ જીવ ખમાવો સયલ જે, ચોની ચોરાશી લાખ. ૫

૪ વિધિશું વળી વોસિરાવીએ, પાપ સ્થાનક અઢાર,
૫ ચાર શરણ નિત્ય અનુસરો, ૬ નિંદો દુરિત આચાર. ૬

૭ શુભ કરણી અનુમોદીએ, ૮ ભાવ ભલો મન આણ,
૯ અણસણ અવસર આદરી, ૧૦ નવપદ જપો સુજાણ. ૭

શુભ ગતિ આરાધન તણા, એ છે દશ અધિકાર,
ચિત્ત આણીને આદરો, જીમ પામો ભવપાર. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટાળ પહેલી

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર,
એહ તણા ઇહ ભવ પરભવના, ઓલોઇએ અતિચાર રે.
પ્રાણી જ્ઞાન ભણો ગુણ ખાણી, વીર વદે એમ વાણી રે. પ્રા૦ ૧

ગુરૂ ઓળવીએ નહીં ગુરૂ વિનયે, કાળે ધરી બહુમાન,
સૂત્ર અર્થ તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાન રે. પ્રા૦ ૨
જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાલી,
તેહ તણી કીધી આશાતના, જ્ઞાન ભક્તિ ન સંભાળી રે. પ્રા૦ ૩

ઇત્યાદિક વિપરીત પણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ,
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહરે,
પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણી રે. પ્રા૦ ૪

જિન વચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ,
સાધુ તણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખરે. પ્રા૦ ૫

મૂઢપણું છંડો પરશંશા, ગુણવંતને આદરીએ,
સાહમ્મીને ધર્મે કરી થીરતા, ભક્તિ પ્રભાવના કરીએ રે. પ્રા૦ ૬

સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે, અવર્ણવાદ મન લેખ્યો,
દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો, વિણસંતાં ઉવેખ્યો રે. પ્રા૦ ૭

ઇત્યાદીક વિપરીત પણાથી, સમકિત ખંડ્યું જેહ,
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહરે,
પ્રાણી ચારિત્ર લ્યો ચિત્ત આણી, વીર વદે એમ વાણી રે. પ્રા૦ ૮

પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય,
સાધુ તણે ધર્મે પ્રમાદે, અશુદ્ધ વચન મન કાય રે. પ્રા૦ ૯

શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી,
જે જયણા પૂર્વક એ આઠે, પ્રવચન માય ન પાળી રે. પ્રા૦ ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇત્યાદીક વિપરીતપણાથી, ચારિત્ર ડોહળ્યું જેહ,
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે. પ્રા૦ ૧૧

બારે ભેદે તપ નવિ કીધો, છતે યોગે નિજ શક્તે
ધર્મે મન વચ કાયા વિરજ, નવિ ફોરવીયું ભગતે રે. પ્રા૦ ૧૨

તપ વીરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યાં જેહ,
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે પ્રા૦ ૧૩
વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઇએ,
વીર જિણેસર વયણ સુણીને, પાપ મેલ સવિ ધોઇએ રે. પ્રા૦ ૧૪

ઢાળ બીજી

પૃથ્વી પાણી તેઉં, વાઉ વનસ્પતિ, એ પાંચે થાવર કહ્યાએ,
કરી કરસણ આરંભ, ખેત્ર જે ખેડીયાં, કુવા તળાવ ખણાવીયાંએ. ૧

ઘર આરંભ અનેક, ટાંકા ભોંયરા, મેડી માળ ચણાવીયાએ,
લીંપણ ગુંપણ કાજ, એણી પરે પરે, પૃથ્વીકાય વિરાધીયાએ. ૨

ધોયણ નાહણ પાણી, ઝીલણ અપકાય, છોતી ધોતી કરી દુહવ્યાએ,
ભાઠીગર કુંભાર, લોહ સોવનગરા, ભાડભુંજા લીહા લાંગરાએ. ૩

તાપણ સેકણ કાજ, વસ્ત્ર નિખારણ, રંગણ રાંધણ રસવતીએ,
એણી પરે કર્માદાન, પરે પરે કેલવી, તેઉ વાઉ વિરાધીયાએ. ૪

વાડી વન આરામ, વાવી વનસ્પતિ, પાન ફળ ફુલ ચુંટીયાએ,
પોંક પાપડી શાક, શેક્યાં સૂકવ્યાં, છેધાં છુંધાં આથીયાએ. ૫

અળશી ને એરંડ, ઘાણી ઘાલીને, ઘણા તિલાદિક પીલીયાએ,
ઘાલી કોલુ માંહે, પીલી સેલડી, કંદ મૂળ ફળ વેચીયાએ. ૬

એમ એકેન્દ્રિય જીવ, હણ્યા હણાવીયા, હણતા જે અનુમોદિયાએ,
આ ભવ પરભવ જેહ, વલીરે ભવોભવ, તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કૃમી કરમીયા કીડા, ગાડર ગંડોલા ઇયળ પોરા અળશીયાંએ,
વાળા જળો ચુડેલ, વિયલિત રસ તણા, વળી અથાણાં પ્રમુખનાએ. ૮

એમ બેઇન્દ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ,
ઉધેહી જુ લીખ, માંકડ મંકોડા, ચાચંડ કીડી કુંથુઆએ. ૯

ગદ્ધેહિઆ ધીમેલ, કાનખજુરડાં, ગીંગોડા ઘનેરીયાંએ,
એમ તેઇન્દ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૧૦

માખી મચ્છર ડાંસ, મસા પતંગીયાં, કંસારી કોલિયાવડાએ,
ટીંકણ વિછું તીડ, ભમરા ભમરીઓ, કોતાં બગ ખડમાંકડીએ ૧૧

એમ ચઉરેન્દ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ,
જળમાં નાખી જાળ, જળચર દુહવ્યા, વનમાં મૃગ સંતાપીયાએ. ૧૨

પીડ્યા પંખી જીવ, પાડી પાસમાં, પોપટ ઘાલ્યા પાંજરે એ,
એમ પંચેન્દ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૧૩

ઢાળ ત્રીજી

કોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યાં વચન અસત્ય,
કૂડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્ત રે, જિનજી,
મિચ્છામિ દુક્કડં આજ, તુમ સાખે મહારાજ રે જિનજી,
દેઇ સારૂં કાજરે, જિનજી મિચ્છામિ દુક્કડ આજ. જિનજી. ૧

દેવ મનુષ્ય તિર્યંચનાજી, મૈથુન સેવ્યાં જેહ,
વિષયારસ લંપટપણેજી, ઘણું વિડંબ્યો દેહ રે. જિનજી. ૨

પરિગ્રહની મમતા કરીજી, ભવભવ મેલી રે આથ,
જે જીહાંની તે તિહાં રહી જી, કોઈ ન આવે સાથ રે. જિનજી. 3

રયણીભોજન જે કર્યાજી, કીધાં ભક્ષા અભક્ષા,
રસના રસની લાલચેજી, પાપ કર્યા પ્રત્યક્ષા રે. જિનજી ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્રત લેઈ વિસારીયાંજી, વળી ભાંગ્યા પચ્ચક્ખાણ,
કપટ હેતુ કિરિયા કરીજી, કીધા આપ વખાણ રે. જિનજી. ૫

ત્રણ ટાળ આઠે દુહેજી, આલોયા અતિચાર,
શિવગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકાર રે. જિનજી. ૬

ઢાળ ચોથી

પંચ મહાવ્રત આદરો, સાહેલડી, અથવા લ્યો વ્રત બાર તો,
યથાશક્તિ વ્રત આદરી, સાહેલડી પાળો નિરતિચાર તો. ૧

વ્રત લીધાં સંભારીએ, સાહેલડી હૈડે ધરીય વિચાર તો,
શિવગતિ આરાધન તણો, સાહેલડી એ બીજો અધિકાર તો. ૨

જીવ સર્વે ખમાવીએ, સાહેલડી યોની ચોરાશી લાખ તો,
મન શુદ્ધે કરી ખામણાં, સાહેલડી કોઈશું રોષ ન રાખ તો. ૩

સર્વ મિત્ર કરી ચિંતવો, સાહેલડી કોઈ ન જાણો શત્રુ તો,
રાગ દ્વેષ એમ પરિહરો, સાહેલડી કીજે જન્મ પવિત્ર તો. ૪

સાહમ્મિ સંઘ ખમાવીએ, સાહેલડી જે ઉપની અપ્રીત તો,
સજ્જન કુટુંબ કરી ખામણાં, સાહેલડી એ જિન શાસન રીત તો. ૫

ખમીએ ને ખમાવીએ, સાહેલડી એહી જ ધર્મનો સાર તો,
શિવગતિ આરાધન તણો, સાહેલડી એ ત્રીજો અધિકાર તો. ૬

મૃષાવાદ હિંસા ચોરી, સાહેલડી ધન મૂર્છા મૈથુન તો,
ક્રોધ માન માયા તૃષ્ણા, સાહેલડી પ્રેમ દ્વેષ પૈશૂન્ય તો. ૭

નિંદા કલહ ન કીજીએ સાહેલડી કૂડાં ન દીજે આળ તો,
રતિ અરતિ મિથ્યા તજો, સાહેલડી માયામોસ જંજાળ તો. ૮

ત્રિવિધે ત્રિવિધે વોસિરાવિએ, સાહેલડી પાપસ્થાનક અઢાર તો,
શિવગતિ આરાધન તણો, સાહેલડી એ ચોથો અધિકાર તો. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઢાળ પાંચમી

જનમ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો,
કર્યા કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો. ૧

શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો,
શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨

અવર મોહ સવિ પરિહરીએ, ચાર શરણ ચિત્ત ધાર તો,
શિવગતિ આરાધન તણો એ, એ પાંચમો અધિકાર તો. ૩

આ ભવ પરભવ જે કર્યા એ, પાપ કર્મ કેઈ લાખ તો,
આત્મસાખે તે નિંદીએ એ, પડિક્કમિએ ગુરૂ સાખ તો. ૪

મિથ્યામતિ વર્તાવિયાએ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો,
કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉત્થાપ્યાં સૂત્ર તો. ૫

ઘડ્યા ઘડાવ્યાં જે ઘણાં એ, ઘરંટી હળ હથીયાર તો,
ભવ ભવ મેલી મૂકીયાં એ, કરતાં જીવ સંહાર તો. ૬

પાપ કરીને પોષીયા એ, જનમ જનમ પરિવાર તો,
જનમાંતર પહોત્યાં પછી એ, કોઈએ ન કીધી સાર તો. ૭

આ ભવ પરભવ જે કર્યા એ, એમ અધિકરણ અનેક તો,
ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ એ, આણી હૃદય વિવેક તો. ૮

દુષ્કૃતનિંદા એમ કરીએ, પાપ કર્યો પરિહાર તો,
શિવગતિ આરાધન તણો એ, એ છઠ્ઠો અધિકાર તો. ૯

ઢાળ છઠ્ઠી

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ,
દાન શીયળ તપ ભાવના, ટાળ્યા દુષ્કૃત કર્મ. ધન૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર,
જુગતે જિનવર પૂજીયા, વળી પોષ્યાં પાત્ર. ધન૦ ૨

પુસ્તક જ્ઞાન લખાવીયાં, જિણહર જિનચૈત્ય,
સંઘ ચતુર્વિધ સાચવ્યાં, એ સાતે ક્ષેત્ર. ધન૦ ૩

પડિક્કમણાં સુપરે કર્યા, અનુકંપા દાન,
સાધુ સૂરિ ઉવજઝાયને, દીધાં બહુમાન ધન૦ ૪

ધર્મ કાજ અનુમોદિએ, એમ વારંવાર,
શિવગતિ આરાધન તણો, એ સાતમો અધિકાર. ધન૦ ૫

ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ,
સમતા ભાવે ભાવીએ, એ આતમરામ. ધન૦ ૬

સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય,
કર્મ આપ જે આચર્યા, ભોગવીએ સોય, ધન૦ ૭

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યનું કામ,
છાર ઉપર તે લીંપણુ, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮

ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર,
શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર. ધન૦ ૯

ઢાળ સાતમી

હવે અવસર જાણી, કરી સંલેખન સાર,
અણસણ આદરીયે, પચ્ચક્ખી ચારે આહાર,
લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ,
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧

ગતિ ચારે કીધાં, આહાર અનંત નિશંક,
પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીયો રંક,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દુલહો એ વળી વળી, અણસણનો પરિણામ,
એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨

ધન ધન્ના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર,
અણસણ આરાધી, પામ્યા ભવનો પાર,
શિવમંદિર જાશે, કરી એક અવતાર,
આરાધન કેરો એ નવમો અધિકાર. ૩

દશમે અધિકારે, મહામંત્ર નવકાર,
મનથી નવિ મૂકો, શિવસુખ ફલ સહકાર,
એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર,
સુપરે એ સમરો, ચૌદ પુરવનો સાર. ૪

જનમાંતર જાતાં, જો પામે નવકાર,
તો પાતિક ગાળી, પામે સુર અવતાર,
એ નવપદ સરીખો, મંત્ર ન કોઈ સાર,
આ ભવને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫

જુઓ **ભીલ ભીલડી**, રાજા રાણી થાય,
નવ પદ મહિમાંથી, **રાજસિંહ મહારાય**,
રાણી રત્નવતી બેહું પામ્યા છે સુરભોગ,
એક ભવ પછી લેશે, શિવવધૂ સંજોગ. ૬

શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તત્કાળ,
ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફુલમાળ,
શિવકુમરે જોગી સોવન પુરિસો કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાના સિધ. ૭

એ દશ અધિકારે, વીર જિનેશ્વર ભાખ્યો,
આરાધન કેરો, વિધિ જેણે ચિત્ત માંહિ રાખ્યો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેણે પાપ પખાળી, ભવ ભય દૂરે નાખ્યો,
જિન વિનય કરંતાં, સુમતિ અમૃતરસ ચાખ્યો ૮

ઢાળ આઠમી

સિદ્ધારથ રાય કુળતિલો એ, ત્રિશલા માત મલ્હાર તો,
અવનિતળે તમે અવતર્યા એ, કરવા અમ ઉપગાર.
જયો જિન વીરજીએ. ..... જયો. ૧

મેં અપરાધ ઘણા કર્યા એ, કહેતાં ન લહું પાર તો,
તુમ ચરણે આવ્યા ભણીએ, જો તારે તો તાર. જયો. ૨

આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો,
આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ. જયો. ૩

કરમ અલુંજણ આકરાં એ, જન્મ મરણ જંજાળ તો,
હુ છું એહથી ઉભગ્યો એ, છોડાવ દેવ દયાળ. જયો. ૪

આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ તો,
તૂઠ્યો જિન ચોવિસમો એ, પ્રગટ્યાં પુન્ય કલ્લોલ. જયો. ૫

ભવે ભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો,
દેવ દયા કરી દીજીએ એ, બોધિ બીજ સુપસાય. જયો. ૬

કળશ

ઇમ તરણ તારણ, સુગતિ કારણ, દુઃખ નિવારણ, જગ જયો,
શ્રી વીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલટ થયો. ૧

શ્રી વિજયદેવસૂરીંદ પટધર, તીરથ જંગમ એણી જગે,
તપગચ્છપતિ શ્રી વિજયપ્રભસૂરિ, સૂરિ તેજે ઝગમગે. ૨

શ્રી હીરવિજય સૂરિ શિષ્યવાચક કીર્તિવિજય સુરગુરૂ સમો,
તસ શિષ્ય વાચક **વિનયવિજયે,** થુણ્યો જિન ચોવીશમો. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સયસત્તાર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાસ એ,
વિજયાદશમી વિજય કારણ, કીયો ગુણ અભ્યાસ એ. ૪

નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલ વિલાસ એ,
નિર્જરા હેતે સ્તવન રચીયું, નામે પુણ્ય પ્રકાશ એ. ૫

પુણ્ય પ્રકાશનું સ્તવન સમાપ્ત

૨ અમૃતવેલની સજ્ઝાય

ચેતન ! જ્ઞાન અજુવાળીયે, ટાળીયે મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોલતું વાળીએ, પાળીએ સહજ ગુણ આપ રે. ૧

ઉપશમ અમૃતરસ પીજીએ, કીજીએ સાધુ ગુણ ગાન રે;
અધમ વયણે નવિ ખીજીએ, દીજીએ સજ્જનને માન રે. ૨

કોધ અનુબંધ નવિ રાખીએ, ભાખીએ વયણ મુખ સાચ રે;
સમકિત રત્નરૂચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ કાચ રે. ૩

શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગ મિત્ત રે. ૪

જે સમવસરણમાં રાજતાં, ભાંજતા ભવિક સંદેહ રે;
ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે. ૫

શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ શિવ નગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે. ૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ પંથ રે;
મૂળ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે. ૭

શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયાભાવ રે;
જેહ સુખ હેતુ જિનવર કહ્યો, પાપ જલ તરવા નાવ રે. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણા નિંદિએ, જીમ હોય સંવર વૃદ્ધિ રે. ૯

ઇહભવ પરભવ આચર્યા, પાપ અધિકરણ મિથ્યાત્વ રે;
જે જિનાશાતનાદિક ઘણાં, નિંદિએ તેહ ગુણઘાત રે. ૧૦

ગુરુતણાં વચન જે અવગણી, ગુંથિયા આપ મત જાલ રે;
બહુપરે લોકને ભોળવ્યાં, નિંદિએ તેહ જંજાલ રે. ૧૧

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખીયાં, કીધલો કામ ઉન્માદ રે. ૧૨

જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવિયા ચાર કષાય રે;
રાગ ને દ્વેષને વશ હુઆ, જે કીયો કલહ ઉપાય રે. ૧૩

જૂઠ જે આળ પરને દિયા, જે કર્યા પિશુનતા પાપ રે;
રતિ અરતિ નિંદ માયા મૃષા, વળીય મિથ્યાત્વ સંતાપ રે. ૧૪

પાપ જે એહવા સેવિયાં, નિંદિએ તેહ ત્રિહું કાલ રે;
સુકૃત અનુમોદના કીજીએ, જિમ હોય કર્મ વિસરાલ રે. ૧૫

વિશ્વ ઉપકાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે;
તેહ ગુણ તાસ અનુમોદિએ, પુણ્ય અનુબંધ શુભયોગ રે. ૧૬

સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષાય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણ વન સિંચવા મેહ રે. ૧૭

જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે;
સાધુની જેહ વળી સાધુતા, મૂળ ઉત્તર ગુણ ધામ રે. ૧૮

જેહ વિરતિ દેશશ્રાવક તણી, જેહ સમકિત સદાચાર રે;
સમકિત દૃષ્ટિ સુરનર તણો, તેહ અનુમોદિએ સાર રે. ૧૯

અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદિએ, સમકિત બીજ નિરધાર રે ૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ રાગ રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે. ૨૧

થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજઆતમાં જાણ રે. ૨૨

ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધનય ભાવના, પાપનાશય તણું ઠામ રે. ૨૩

દેહ મન વચન પુદ્‌ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે. ૨૪

કર્મથી કલ્પના ઊપજે, પવનથી જેમ જલધિ વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે. ૨૫

ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહવડ ચોર રે;
જ્ઞાનરૂચિ વેલ વિસ્તારતા, વારતાં કર્મનું જોર રે. ૨૬

રાગ વિષ દોષ ઉતારતાં, ઝારતાં દ્વેષ રસ શેષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતાં, વારતાં કર્મ નિઃશેષ રે. ૨૭

દેખીએ માર્ગ શિવ નગરનો, જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણછોડતા ચાલીએ, પામીયે જિમ પરમધામ રે. ૨૮

શ્રી નયવિજય ગુરુ શિષ્યની શીખડી અમૃત વેલ રે;
એહ જે ચતુર નર આદરે,તે લહે સુયશ રંગ રેલ રે. ૨૯

૩. પદ્માવતી આરાધના

હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે; જાણપણું જુગતે ભલું,
ઇણ વેળા આવે. તે મુજ મિચ્છામિ દુક્કડમ્, તે૦ ૧

ભવઅનંતાએ કરી, અરિહંતની સાખ;
જે મેં જીવ વિરાધિયા, ચઉરાશી લાખ. તે૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાત લાખ પૃથ્વી તણા, સાતે અપ્ કાય;
સાત લાખ તેઉકાયના, સાતે વળી વાય. તે૦ ૩

દશ લાખ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ,
બિતિ ચઉરિંદિ જીવના; બે બે લાખ વિચાર. તે૦ ૪

દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર લાખ પ્રકાશી;
ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી. તે૦ ૫

ઘણ ભવ પરભવે સેવીયા, જે પાપ અઢાર;
ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરૂં, દુર્ગતિના દાતાર. તે૦ ૬

હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ;
દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ. તે૦ ૭

પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ;
માન માયા લોભ મેં કીયા, વળી રાગ ને દ્વેષ તે૦ ૮.

કલહ કરી જીવ દુહવ્યા, કીધાં કૂડાં કલંક,
નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક. તે૦ ૯

ચાડી કીધી ચોતરે, કીધો થાપણ મોસો,
કુગુરુ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો તે૦ ૧૦

ખાટકીને ભવે મેં કીધા, જીવ નાનાવિધ ઘાત,
ચાડીમાર ભવે ચરકલાં, માર્યા દિન ને રાત તે૦ ૧૧

કાજી મુલ્લાંને ભવે, પઢી મંત્ર કઠોર,
જીવ અનેક ઝબ્બે કીયા, કીધાં પાપ અઘોર તે૦ ૧૨

માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ,
ધીરવ ભીલ કોળી ભવે, મૃગ પાડ્યાં પાસ. તે૦ ૧૩

કોટવાળને ભવે મેં કીયા, આકરા કર દંડ,
બંદીવાન મરાવિયા, કોરડા છડી દંડ. તે૦ ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરમાધામીને ભવે, દીધાં નારકી દુઃખ,
છેદન ભેદન વેદના, તાડવ અતિ તિક્ખ. તે૦ ૧૫

કુંભારને ભવે મેં કીધા, નીભાડા પકાવ્યા,
તેલી ભવે તિલ પીલિયા, પાપે પિંડ ભરાવ્યા. તે૦ ૧૬

હાલી ભવે હળ ખેડિયાં, ફાડ્યાં પૃથ્વી પેટ,
સૂડ નિદાન ઘણાં કીયાં, દીધા બળદ ચપેટ. તે૦ ૧૭

માળીને ભવે રોપિયાં, નાનાવિધ વૃક્ષ,
મૂળ પગ ફળ ફૂલનાં, લાગ્યાં પાપ તે લક્ષ. તે૦ ૧૮

અધોવાઈઆને ભવે, ભર્યા, અધિકા ભાર,
પોઠી પૂંઠે કીડા પડ્યા, દયા નાણી લગાર, તે૦ ૧૯

છીપાને ભવે છેતર્યા, કીધા રંગણ પાસ,
અગ્નિ આરંભ કીધા ઘણાં, ધાતુર્વાદ અભ્યાસ. તે૦ ૨૦

શૂરપણે રણ ઝૂઝતાં, માર્યા માણસ વૃંદ,
મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂળ ને કંદ. તે૦ ૨૧

ખાણ ખણાવી ધાતુની, અળગણ પાણી ઉલેચ્યાં,
આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપ જ સંચ્યાં. તે૦ ૨૨

અંગાર કર્મ કીયાં વળી ઘરમે દવ જ દીધા,
સમ ખાધા વિતરાગના, કૂડાકોશ જ કીધા. તે૦ ૨૩

બિલ્લી ભવે ઉંદર ગળ્યા, ગીરોલી હત્યારી,
મૂઢ ગમારતણે ભવે, મેં જુ લીખ મારી. તે૦ ૨૪

ભાડભૂંજાતણે ભવે, એકેન્દ્રિય જીવ,
જવારી ચણા ગેહું શેકિયા, પાડંતા રીવ. તે૦ ૨૫

ખાંડણ પીસણ ગારના, આરંભ કીધાં અનેક,
રાંધણ ઇંધણ અગ્નિમાં, કીધાં પાપ ઉદ્રેક તે૦ ૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિકથા ચાર કીધી વળી, સેવ્યાં પાંચ પ્રમાદ,
ઇષ્ટ વિયોગ પાડ્યા ઘણાં, કીયા રૂદન વિષવાદ તે૦ ૨૭.

સાધુ અને શ્રાવકતણાં, વ્રત લેઇને ભાંગ્યાં,
મૂળ અને ઉત્તારતણાં, મુજ દૂષણ લાગ્યાં. તે૦ ૨૮

સાપ, વીંછી, સિંહ, ચીવરા, શૂકરા ને સમળી,
હિંસક જીવતણે ભવે, હિંસા કીધી સબળી. તે૦ ૨૯

સૂવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા,
જીવાણી ઢોળ્યાં ઘણાં, શીયળ વ્રત ભંજાવ્યાં. તે૦ ૩૦

ભવ અનંત ભમતાં થકાં, કીધા દેહ સંબંધ,
ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ તે૦ ૩૧

ભવ અનંત ભમતાં થકાં, કીધા પરિગ્રહ સંબંધ,
ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ તે૦ ૩૨

ભવ અનંત ભમતાં થકાં, કીધાં કુટુંબ સંબંધ,
ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરૂં તીણશું પ્રતિબંધ. તે૦ ૩૩

ઇણ પરે ઇહ ભવ પર ભવે, કીધા પાપ અખત્ર,
ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરૂં, કરૂં જન્મ પવિત્ર તે૦ ૩૪

એણિ વિધે એ આરાધના, ભવિ કરશે જેહ,
સમય સુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ. તે૦ ૩૫

રાગ વેરાડી જે સુણે, એહ ત્રીજી ઢાળ,
સમય સુંદર કહે પાપથી, છૂટે તે તતકાળ. તે૦ ૩૬

સમાપ્ત



For Private And Personal Use Only

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Printed by : Navneet Printers
Phone : 079-5625326 Mob. 98252 61177

For Private And Personal Use Only